بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

# નુઝ્હતુલ્ ક઼ારી
# શરહે સહીહ બુખારી

[ભાગ : ૮]

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી

હસ્બે ફ્રમાઈશ

હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી

અઝ : ફક઼ીહુલ્ હિંદ હઝરત અલ્લામા

**મુફ્તી મુહમ્મદશરીફુલ હક્ક઼ અમજદી** رحمۃ اللہ علیہ

(પૂર્વ સદર મુફ્તી જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## પ્રકાશકો


અંજૂમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/
Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા

GRWB/058/
Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا رَسُوۡلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصۡحَابِكَ يَا حَبِيۡبَ اللّٰهِ ﷺ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**


| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | નુઝ્હતુલ્ ક઼ારી શરહે સહીહ બુખારી (ભાગ : ૮) |
| અઝ | : | *ફક઼ીહુલ્ હિંદ હઝરત અલ્લામા મુફ્તી* |
| | | **મુહમ્મદશરીફુલ હક્ક઼ અમજદી** رحمۃ اللہ علیہ |
| | | *(પૂર્વ સદર મુફ્તી જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)* |
| અનુવાદક | : | **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* |
| | | મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com |
| કંપોઝિંગ & ડિઝાઈન | : | સાદિક઼ યાકૂબ પટેલ–દયાદરા (મો. ૯૪૨૭૮ ૧૭૩૯૯) |
| | : | મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ–ઈખર (૯૭૨૩૮ ૬૨૭૨૮) |
| પેજીસ | : | ૩૮૪ ★ કિંમત : ₹ 200/- ★ આવૃત્તિ : પ્રથમ |
| પ્રકાશન વર્ષ | : | ૧ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૮ ★ પ્રકાશન નં. : ૨૩૩ |
| | | અંગ્રેજી તા. ૨૮/મે/૨૦૧૭, રવિવાર |
| પ્રાપ્તિસ્થાન | : | **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** |
| | | મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, |
| | | ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧ |
| | | Email : anjuman2006@hotmail.com |
| | | www.barkatekhwaja.net |

**પ્રકાશકો**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** | **સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા)

★ નકલ : ૨૫૦૦ | ★ નકલ : ૧૦૦૦

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧


નોંધ : ડોનરો–મેમ્બરોને દરેક કિતાબની એક કોપી ફ્રીમાં મોકલવામાં આવે છે. **(મેમ્બર ફી રૂા. ૫૦૦/-)**

# અ....નુ....ક્ર....મ....ણિ....કા....


| વિષય | પેજ નં |
|---|---|
| **કલેમાતે ખૈર** | |
| *(અઝ :મુહમ્મદ શાકિર નૂરી રઝવી–મુંબઈ)* | 15 |
| **અનુવાદકની ક઼લમે...** | |
| *(અઝ :પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* | 17 |
| **ફઝાઈલે કુર્આન વિશે પ્રકરણો** | 21 |
| હ–૨૩૪૧ : નબીના દૌર પ્રમાણે મોજિઝા | 21 |
| હ–૨૩૪૨ : વફાત વેળા નબી પર સતત વહી | 22 |
| હ–૨૩૪૩ : કુર્આનને એકત્રિત કરવાનું બયાન | 22 |
| હ–૨૩૪૪ : નબી ﷺના અસ્હાબમાંથી ક઼ારીઓનું બયાન | 24 |
| હ–૨૩૪૫–૨૩૪૬ : અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ કિતાબુલ્લાહના સૌથી મહાન આલિમ | 24 |
| હ–૨૩૪૭ : (કુલ્હુવલ્લાહ)ની ફઝીલતનું બયાન | 26 |
| મુઅવ્વઝાતની ફઝીલતનું બયાન | 27 |
| હ–૨૩૪૮–૨૩૪૯–૨૩૫૦ | 27 |
| બીમાર પર દમ કરવા વિશે | 27 |
| કુર્આન મજીદની ફઝીલત સર્વ કલામ પર | 29 |
| હ–૨૩૫૧–૨૩૫૨ : કુર્આન સારા અવાજ તથા લહેજાથી પઢવામાં આવે | 29 |
| હ–૨૩૫૩–૨૩૫૪ : સાહિબે કુર્આન પર રશ્ક થવું | 31 |
| હ–૨૩૫૫ : તમારામાં સૌથી બેહતર તે છે | 33 |
| જેણે કુર્આનનો ઈલ્મ હાંસલ કર્યો | 33 |
| હ–૨૩૫૬–૨૩૫૭ : કુર્આનને યાદ કરતા રહેવું અને તેને પાબંદી સાથે પઢવું | 34 |
| હ–૨૩૫૮ : બાળકોને કુર્આનની તાલીમનું બયાન | 35 |
| હ–૨૩૫૯–૨૩૬૦ : કિરાઅતમાં મદનું બયાન | 35 |
| હ–૨૩૬૧ : કુર્આન પઢતી વખતે અવાજ સારો કરવો | 36 |
| હ–૨૩૬૨ : તે સમય સુધી કુર્આન પઢો જ્યાં સુધી દિલ જામેલુ રહે | 37 |
| **નિકાહ વિશે પ્રકરણ** | 38 |
| હ–૨૩૬૩ : નિકાહ માટે પ્રોત્સાહિત કરવાનું બયાન | 39 |
| કષરતિન્નિકાહ | 41 |
| હ–૨૩૬૪ | 41 |
| ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا | 41 |
| એકથી વધુ પત્નીઓને બુરુ સમજવું ગલત | 41 |
| હ–૨૩૬૫ : ઉમ્મતના સૌથી બેહતર સૌથી વધુ પત્નીવાળા | 42 |
| હ–૨૩૬૬–૨૩૬૭ ત–૬૧૮ : કુંવારા રહેવું તથા ખસ્સી થવું મકરૂહ છે | 42 |
| હ–૨૩૬૮ : કુંવારી સ્ત્રીઓથી નિકાહ કરવો | 43 |
| હ–૨૩૬૯ : નાની ઉમરવાળાઓનું મોટી ઉમરવાળાઓ સાથે શાદી કરવું | 45 |
| હ–૨૩૭૦ : નિકાહ માટે વંશમાં નહીં દીનમાં સમાનતા શર્ત | 46 |
| હ–૨૩૭૧–૨૩૭૨ : દીનવાળી સાથે નિકાહ કરો ! | 46 |
| હ–૨૩૭૩ : સ્ત્રીની નહૂસતથી બચવામાં આવે | 48 |
| હ–૨૩૭૪ : આઝાદ સ્ત્રી ગુલામના નિકાહમાં હોય | 48 |
| હ–૨૩૭૫ : તે માઓ હરામ છે જેમણે તમોને દૂધ પીવડાવ્યું છે | 49 |
| જહન્નમમાં અબૂલહબને ઈનામ ! | 51 |
| સ્ત્રીઓમાંથી કોણ હલાલ છે અને કોણ હરામ ? | 51 |
| બે બહેનોને નિકાહમાં ભેગી કરવી હરામ | 52 |
| ત–૬૧૯ : મુશ્રિકા સાથે નિકાહ હરામ | 52 |
| ત–૬૨૦ : ચારથી વધુ પત્નીઓ હરામ | 53 |
| હ–૨૩૭૬ : વંશથી સાત સાથે નિકાહ હરામ | 53 |
| ત–૬૨૧ : કોઈની પત્ની તથા તેની પુત્રીને નિકાહમાં ભેગી કરવી જાઈઝ | 54 |

| વિષય | પેજ નં |
| --- | --- |
| ત–૬૨૨–૬૨૩ : બે કાકાની પુત્રીઓને ભેગી કરવી જ | 54 |
| ત–૬૨૪–૬૨૫ પત્નીની બહેન સાથે ઝિના કરે તો ? | 55 |
| ત–૬૨૬ થી ૬૩૧ : પત્નીની મા સાથે ઝિના કરે તો ? | 55 |
| ત–૬૩૨ : મદખુલાની પુત્રીઓ હરામ | 56 |
| હ–૨૩૭૭ : ફોઈ ભત્રીજી નિકાહમાં ભેગી ન થશે | 58 |
| હ–૨૩૭૮ : પત્નીની ફોઈ તથા માસીને નિકાહ ભેગી કરવી હરામ | 58 |
| હ–૨૩૭૯ : શિગારનું બયાન | 59 |
| હ–૨૩૮૦–૨૩૮૧–૨૩૮૨ : મુત્અહથી (ટેમ્પરરી નિકાહ) આખિરમાં મના કરી આપ્યું | 60 |
| ત–૬૩૩ હ–૨૩૮૩ : કોઈ સ્ત્રીનું પોતે પોતાને કોઈ નેક શખ્સ પર પેશ કરવું | 61 |
| ત–૬૩૪ થી ૬૩૮ : સ્ત્રી ઈદ્દતમાં હોય ત્યારે નિકાહનો પૈગામ | 62 |
| વાલીના વિના નિકાહ નથી | 64 |
| હ–૨૩૮૪ : જાહિલિયતમાં નિકાહના તરીક઼ા | 65 |
| ત–૬૩૯–૬૪૦–૬૪૧ : જ્યારે વલી જ મંગની કરનાર હોય | 67 |
| પુરૂષનું પોતાની નાની ઔલાદના નિકાહ કરવું જાઈઝ છે | 68 |
| નાબાલિગ સ્ત્રીની ઈદ્દત | 69 |
| હ–૨૩૮૫ : નિકાહ એની રઝામંદી વિના નહીં કરે | 69 |
| હ–૨૩૮૬ : ખામોશી નિકાહની રઝામંદી છે | 69 |
| હ–૨૩૮૬ : તેણી પસંદ ન કરે તો નિકાહ રદ | 70 |
| યતીમ છોકરીના નિકાહના બારામાં | 70 |
| કોઈએ વલીને કહ્યું, મારી ફલાણીથી શાદી કરી આપ | 71 |
| **ખુત્બાનું બયાન** | 71 |
| હ–૨૩૮૮ : નિકાહમાં ખુત્બો સુન્નત છે, ફર્ઝ નથી | 72 |

| વિષય | પેજ નં |
| --- | --- |
| મહેરની અધિકતા તથા કમસે કમ મહેરનું વર્ણન | 72 |
| હ–૨૩૮૯ : ખજૂરના ઠળિયાના વજન જેટલી મહેર | 73 |
| નિકાહમાં ઓછામાં ઓછી મહેર | 73 |
| ત–૬૪૨ હ–૨૩૯૦ : તે શરતોનું વર્ણન જે નિકાહમાં હલાલ નથી | 73 |
| હ–૨૩૯૧ : જે પત્નીને પતિની તરફ સુહાગરાત માટે મોકલે | 74 |
| હ–૨૩૯૨ : જેણે એક બકરીથી ઓછાનો વલીમો કર્યો | 74 |
| હ–૨૩૯૩ : વલીમો અને દાવત ક઼બૂલ કરવું હક્ક઼ છે | 75 |
| હ–૨૩૯૪ : નબીઝ પીવું જાઈઝ જ્યારે એમાં નશો ન હોય | 75 |
| હ–૨૩૯૫ : જેણે દાવત છોડી તેણે અલ્લાહ વ રસૂલની નાફ઼ર્માની કરી | 76 |
| હ–૨૩૯૬ : દાવત આપનારની દાવત ક઼બૂલ કરવી શાદી વગેરેમાં | 77 |
| ત–૬૪૩–૬૪૪ : જો દાવતમાં કોઈ નાપસંદ વાત જુએ તો શું પરત થઈ શકે છે ? | 77 |
| હ–૨૩૯૭–૨૩૯૮ : સ્ત્રીઓની સાથે સદવર્તાવનું વર્ણન | 78 |
| હ–૨૩૯૯ : પત્ની સાથે સારો વહેવાર કરવાનું વર્ણન | 79 |
| હ–૨૪૦૦ : સ્ત્રીનું પોતાના પતિની રજાથી નફ઼લ રોઝો રાખવું | 86 |
| હ–૨૪૦૧ : સ્ત્રી પતિના ઘરમાં પતિની ઈજાઝત વિના કોઈને આવવાની ઈજાઝત ન આપે | 86 |
| હ–૨૪૦૨ : જન્નતમાં દાખલ થનાર અધિક ગરીબો તથા જહન્નમમાં અધિક સ્ત્રીઓ | 87 |
| ત–૬૪૫ : નબી ﷺનું પોતાની પત્નીઓ સાથે તેમના ઘરો સિવાય ક્યાંક અલગ રહેવું | 87 |
| હ–૨૪૦૩ : સ્ત્રી ગુનાહમાં પોતાના પતિનું આજ્ઞાપાલન ન કરે | 89 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ–૨૪૦૪ : અઝ્લનું બયાન | 89 |
| હ–૨૪૦૫ : જ્યારે સફરનો ઈરાદો કરે તો પત્નીઓ વચ્ચે કુર્રાઅંદાઝી (ડ્રો) કરે | 90 |
| હ–૨૪૦૬ : સ્ત્રી પોતાની વારી પોતાની શોક્યને બખ્શી આપે તો કેવી રીતે નિશ્ચિત કરવામાં આવે | 91 |
| હ–૨૪૦૭ : જ્યારે કુંવારીથી અકુંવારી પર નિકાહ કરે | 91 |
| હ–૨૪૦૮ : શોક્યને ચીડવવા ધોકો કરવું નાજાઈઝ | 92 |
| હ–૨૪૦૯–૨૪૧૦ : ગૈરતનું બયાન | 93 |
| હ–૨૪૧૧ : સ્ત્રીઓની ગૈરત અને તેમની નારાઝગીનું વર્ણન | 93 |
| હ–૨૪૧૨ : જે સ્ત્રીઓના પતિ ગાયબ હોય તેમની પાસે જવાનો હુકમ | 94 |
| **તલાક઼ વિશે પ્રકરણો** | 96 |
| હ–૨૪૧૩ : જૂનની પુત્રીનો કિસ્સો | 96 |
| ત–૬૪૬–૬૪૭ : તલાક઼ બે વાર છે પછી ભલાઈની સાથે રોકવું છે | 99 |
| હ–૨૪૧૫–૨૪૧૬ : સ્ત્રીઓને ઈખ્તિયાર આપવાનુ બયાન | 102 |
| તલાકે કિનાયાનું બયાન | 103 |
| જાહિલના ફત્વા પર અમલ કરનાર ગુમરાહ | 103 |
| ત–૬૪૮ : જેણે પોતાની પત્નીને કહ્યું કે તું મારા પર હરામ છે | 104 |
| ત–૬૪૯ : એક મજલિસમાં આપેલી ત્રણ તલાક઼ ત્રણ જ છે | 105 |
| હ–૨૪૧૮ : હલાલને હરામ કરવું | 106 |
| ત–૬૫૦–૬૫૧ : નિકાહથી પહેલાં તલાક઼ નથી | 109 |
| ઘરમાં બંધ કરવું અને બળપૂર્વક તલાક઼નું બયાન | 110 |
| ત–૬૫૨–૬૫૩ : પાગલ તથા નશાવાળાની તલાક઼ | 111 |
| ત–૬૫૪ : વસવસાવાળાની તલાક઼ દુરુસ્ત નથી | 112 |
| ત–૬૫૫–૬૫૬–૬૫૭ : તલાક઼ને શર્ત પર આધારિત કરવી | 112 |
| ત–૬૫૮ : કહ્યું, મને તારી હાજત નથી, તો...? | 113 |
| ત–૬૫૯–૬૬૦ : દરેક કૌમની તલાક઼ તેમની બોલીમાં | 114 |
| ત–૬૬૧ : આવું કહેવામાં નિય્યત પર દારોમદાર | 114 |
| ત–૬૬૨ : તલાક઼ જરૂરતથી છે | 115 |
| ત–૬૬૩ : કહ્યું, તું મારી પત્ની નથી ! તો ? | 115 |
| ત–૬૬૪ : ત્રણ શખ્સો પર હુકમ ન લાગશે ? | 115 |
| ત–૬૬૫ : મઅ્તૂહની તલાક઼ વિશે | 116 |
| હ–૨૪૧૮–૨૪૧૯ : પાગલનો ઈકરાર વિશ્વસનીય નથી | 116 |
| ત–૬૬૬–૬૬૭–૬૬૮ : ખુલઅ વિશે બયાન | 118 |
| હ–૨૪૨૦ : ષાબિત બિન કૈસની પત્નીનો કિસ્સો | 120 |
| પતિ પત્નીમાં અનબન થાય તો શું કરવું ? | 121 |
| હ–૨૪૨૧ : બીજી શાદી મતભેદનો સબબ બની શકે | 121 |
| હ–૨૪૨૨ : હઝરત બરીરાના પતિનો કિસ્સો | 122 |
| હ–૨૪૨૩ : મુશ્રિકા સ્ત્રી સાથે નિકાહ નાજાઈઝ | 123 |
| હ–૨૪૨૪ : મુશ્રિકા સ્ત્રીઓમાંથી જે મુસલમાન થાય તેમના નિકાહ તથા ઈદ્દતનું બયાન | 124 |
| ત–૬૬૯–૬૭૦ : જ્યારે મુશ્રિકા અથવા ઈસાઈ સ્ત્રી ઈસ્લામ સ્વીકારી લે | 126 |
| ત–૬૭૧ : કાફિરા સ્ત્રીઓ મુસલમાનને હલાલ નથી | 126 |
| ત–૬૭૨ : મજૂસી (અગ્નિપૂજક) પુરૂષ તથા સ્ત્રીના બારામાં | 127 |
| ત–૬૭૩–૬૭૪ : જો કોઈ મુશ્રિકની સ્ત્રી મુસલમાન પાસે આવે તો | 127 |
| હ–૨૪૨૫–૨૪૨૬ ત–૬૭૫ : ઈલાનું બયાન | 128 |
| ત–૬૭૬ થી ૬૭૯ : ગાયબ થયેલ પતિ વિશે | 130 |
| ત–૬૮૦ : ઝેહાર વિશે બયાન | 130 |
| ત–૬૮૧–૬૮૨ | 131 |
| ગુલામનો ઝેહાર આઝાદના સમાન છે | 134 |

| વિષય | પેજ નં |
|---|---|
| ઝેહાર વિશે બયાન | 132 |
| ત–૬૮૩ : બાંદીથી ઝેહાર કર્યો તો કાંઈ નથી | 134 |
| હ–૨૪૨૭ : તલાક઼ તથા અન્ય મામલાઓમાં ઈશારાનું બયાન | 135 |
| લિઆનનુ બયાન | 136 |
| ગુંગો પત્ની પર તોહમત લગાડે તો | 137 |
| ત–૬૮૪ | 139 |
| ત–૬૮૫ | 140 |
| ત–૬૮૬ : ગુંગો તથા બહેરો ઈશારો કરે તો | 140 |
| હ–૨૪૨૮ : યતીમની કફાલત કરનારને બશારત | 140 |
| હ–૨૪૨૯ : પુત્રના નસબથી ઈશારામાં ઈન્કાર કરે | 141 |
| હ–૨૪૩૦ : જો હું કોઈને વિના બય્યિના રજ્મ કરતો તો | 141 |
| હઝરત આસિમ બિન અદી رضی اللہ عنہ | 142 |
| હ–૨૪૩૧ : જે સ્ત્રી સાથે લિઆન કરવામાં આવ્યું એના મહેરનું વર્ણન | 143 |
| નાબાલિગા તથા આઈસાની ઈદ્દત ત્રણ મહિના | 144 |
| ત–૬૮૭ : તલાક઼વાળીની ઈદ્દત | 145 |
| કોઈ સ્ત્રીએ ઈદ્દતમાં નિકાહ કર્યા તો ? | 145 |
| ફાતિમા બિન્તે ક઼ૈસ رضی اللہ عنہاનો કિ઼સ્સો | 146 |
| હ–૨૪૩૨ થી ૨૪૩૪ : ઈદ્દતમાં સ્ત્રી ઘર બહાર ક્યારે જઈ શકે | 147 |
| હ–૨૪૩૫ : તલાક઼વાળીને પોતાના પતિના ઘરમાં રહેવામાં જ્યારે અંદેશો હોય | 149 |
| ત–૬૮૮ : જે સ્ત્રીના પતિનું મૃત્યુ થઈ ગયું હોય | 150 |
| હ–૨૪૩૬ : જાહિલિયત સમયમાં ઈદ્દતનું વર્ણન | 150 |
| ત–૬૮૯ : ઝાનિયા અને ફાસિદ નિકાહની મહેર | 152 |
| ત–૬૯૦ : લિઆન કરવામાં આવેલ સ્ત્રી માટે મોત્અહ નથી | 153 |
| **બીવી બચ્ચાં પર ખર્ચ કરવાનું બયાન** | 154 |
| ત–૬૯૧ : બીવી બચ્ચાં પર ખર્ચ કરવાની ફઝીલત | 154 |
| હ–૨૪૩૭ : વિધવા તથા ગરીબોને કમાયને ખવડાવનાર | 155 |
| હ–૨૪૩૮ : બીવી બચ્ચાં (ઘરવાળાઓ) માટે ભરણ પોષણનું વાજિબ હોવું | 156 |
| હ–૨૪૩૯ : માણસે પોતાનાં ઘરવાળાં માટે એક વરસના ખોરાકનું રોકવું | 156 |
| માઓ પોતાની ઔલાદને પૂરા બે વરસ દૂધ પીવડાવે. | 156 |
| પોતાના બાળકને દૂધ પીવડાવવું મા પર વાજિબ છે | 156 |
| ત–૬૯૨ : રઝાઅત (દૂધ પીવડાવવા)ના મસાઈલ | 157 |
| હ–૨૪૪૦ : જ્યારે પતિ ખર્ચો ન આપે તો ? | 159 |
| **ખાવાની ચીજોનું બયાન** | 160 |
| એ પાક ચીજોથી ખાવ જે અમે તમને આપી | 160 |
| હ–૨૪૪૧ : આલે મુહમ્મદ ﷺએ સતત ત્રણ દિવસ ભરપેટ નથી ખાધુ | 160 |
| હ–૨૪૪૨ : એક પ્યાલુ દૂધ સર્વ સૂફ઼ફ઼ાવાળાને પૂરત થયું | 160 |
| હ–૨૪૪૩ : ખાણા પર બિસ્મિલ્લાહ પઢવું અને જમણા હાથે ખાવું | 162 |
| હ–૨૪૪૪ : ખાવા વગેરેમાં જમણી બાજુથી શરૂ કરવું | 162 |
| હ–૨૪૪૫ : ક્યારે પેટ ભરીને ખાવા ખાધું. | 162 |
| ખાવાની હદના સાત દરજા | 163 |
| હ–૨૪૪૬ : પાતળી રોટલી અને ખ્વાન તથા સુફ઼રા (દસ્તરખાન) પર ખાવાનું પ્રકરણ | 163 |
| હુઝૂરે પાતળી રોટી, ભૂંજેલી બકરી નથી ખાધી | 163 |
| હ–૨૪૪૭ : હુઝૂર ﷺએ કદી નાની નાની પ્યાલીઓમાં નથી ખાધુ | 164 |

| વિષય | પેજ નં |
|---|---|
| ખ્વાન પર ખાવુ નાપસંદ શાથી ? | 164 |
| હ–૨૪૪૮ : હઝરત અસ્માનું ઝાતુન્નતાકૈન નામ હુઝૂરે રાખ્યું | 164 |
| હ–૨૪૪૯ : નબી ﷺ ત્યાં સુધી કોઈ ચીજ નથી ખાતા | 165 |
| હ–૨૪૫૦ : એકનું ખાણુ બે ને પૂરતુ છે. | 167 |
| હ–૨૪૫૧ : મો'મિન એક આંતરડામાં ખાય છે | 168 |
| હ–૨૪૫૨ | 168 |
| હ–૨૪૫૩ : કાફિર સાત આંતરડાંમાં ખાય છે | 168 |
| હ–૨૪૫૪ : ટેકો લગાડીને ખાવું | 169 |
| હ–૨૪૫૫ : ગોશ્તને દાંત વડે ચાવવો અને હાંડલીથી કાઢીને ખાવો. | 169 |
| હ–૨૪૫૬ જવમાં ફૂંક મારવી | 170 |
| હ–૨૪૫૭ : નબી ﷺએ ભરપેટ જવની રોટી નથી ખાધી | 170 |
| હ–૨૪૫૮ | 170 |
| હ–૨૪૫૯ : તલ્બીનાનું વર્ણન | 171 |
| હ–૨૪૬૦ : સોના ચાંદીના વાસણમાં ખાવું | 172 |
| હ–૨૪૬૧ : મીઠી ચીજ તથા મધ ખાવા વિશેનું બયાન | 173 |
| હ–૨૪૬૨ : સૂકાયેલા ગોશ્તનું બયાન | 173 |
| ત–૬૯૩ : જેણે દસ્તરખાનથી કાંઈક લીધું અથવા પોતાના સાથીની સામે દસ્તરખાન પર કાંઈક રાખ્યું | 174 |
| હ–૨૪૬૩ : તાજી ખજૂરો કાકડીની સાથે ખાવી તાજી તથા સૂકી ખજૂરનું વર્ણન | 175 |
| હ–૨૪૬૪ : હઝરત જાબિરની ખજૂરોમાં બરકત | 175 |
| હ–૨૪૬૫ : અજવહ્નું બયાન | 177 |
| હ–૨૪૬૬ : જેણે દસ દસ મહેમાનને અંદર બોલાવ્યા અને દસ દસ માણસોનું ખાવા માટે બેસવું | 177 |
| હ–૨૪૬૭ : આંગળીઓને ચાટવું અને તેને ચૂસવું રૂમાલથી લુછતા પહેલાં | 178 |
| હ–૨૪૬૮ : રૂમાલનું બયાન | 179 |
| હ–૨૪૬૯ : ખાવાથી ફારિગ થઈને શું પઢે ? | 179 |
| હ–૨૪૭૦ | 180 |
| ત–૬૯૪ : ખાયને શુક્ર કરનાર સબ્ર કરનાર રોઝાદાર જેમ છે | 180 |
| ત–૬૯૫ : એક શખ્સને ખાવા માટે બોલાવવામાં આવ્યો અને તેની સાથે કોઈ અન્ય થઈ ગયુ | 181 |
| હ–૨૪૭૧ : જ્યારે સાંજનું ખાવા મૌજૂદ હોય તો ખાણુ છોડીને નમાઝ પઢવામાં જલ્દી ન કરે | 181 |
| હ–૨૪૭૨ | 181 |
| **અક઼ીક઼ાનું બયાન** | 182 |
| હ–૨૪૭૩ : પેદાઈશના દિવસે એ બાળકનું નામ રાખવું | 182 |
| હ–૨૪૭૪ : અક઼ીક઼ામાં બાળકથી ગંદકી દૂર કરવી | 183 |
| હ–૨૪૭૫ : | 183 |
| હ–૨૪૭૬ : ફરઅનું બયાન | 184 |
| **ઝબીહા તથા શિકાર અને બિસ્મિલ્લાહ પઢવાનું બયાન** | 185 |
| ત–૬૯૬ : | 185 |
| ત–૬૯૭ : તીરની ડંડીથી થયેલ શિકાર | 186 |
| ત–૬૯૮–૬૯૯ : કમાનના શિકારનું વર્ણન | 187 |
| ત–૭૦૦ : શિકારના શરીરથી જે ભાગ છૂટો થઈ જાય.... | 187 |
| હ–૨૪૭૭ : કયુ શિકાર થયેલ હલાલ ? | 187 |
| હ–૨૪૭૮ : રોડુ અથવા ગુલ્લા મારવું | 188 |
| ત–૭૦૧ : જ્યારે શિકારને કૂતરો ખાય (તો તેને ન ખાવ) | 18 |
| ત–૭૦૨ | 189 |
| ત–૭૦૩ : જે માછલી ઉપર આવી જાય તે હલાલ | 191 |
| ત–૭૦૪ | 191 |
| ત–૭૦૫ : દરિયાઈ જાનવરને ઝબહ કરવાની કેમ જરૂર નથી ? | 192 |

| વિષય | પેજ નં |
|---|---|
| ત–૭૦૬ | 192 |
| ત–૭૦૭ | 192 |
| ત–૭૦૮ | 192 |
| દરેક ચામડુ પાક સિવાય સુવ્વરનું | 192 |
| ત–૭૦૯ : દેડકો ખાવુ જાઈઝ નથી | 193 |
| ત–૭૧૦ : કાચબો ખાવો હરામ | 193 |
| ત–૭૧૧ : દરિયાનો શિકાર ગમે તે કરે હલાલ છે | 193 |
| ત–૭૧૨ | 193 |
| હ–૨૪૭૯ : તીડ ખાવાનું બયાન | 194 |
| ત–૭૧૩ : ઝબીહા પર બિસ્મિલ્લાહ પઢવું અને જેણે જાણીબુઝીને બિસ્મિલ્લાહ પઢવાનું છોડયું | 194 |
| ત–૭૧૪ : અહલે કિતાબના ઝબીહા | 195 |
| ત–૭૧૫ | 196 |
| ત–૭૧૬ : ગૈર મખ્તૂનના ઝબહમાં વાંધો નથી | 196 |
| ત–૭૧૭ | 196 |
| ત–૭૧૮ : ચોપગાંઓમાંથી જે ભડકી જાય તે જંગલીના સ્થાને છે. | 196 |
| ત–૭૧૯ | 196 |
| ત–૭૨૦ | 197 |
| ત–૭૨૧ : નહર તથા ઝબહનું બયાન | 197 |
| ત–૭૨૨ | 198 |
| ત–૭૨૩ | 198 |
| હ–૨૪૮૦ : ઘોડો હલાલ છે પણ... | 198 |
| હ–૨૪૮૧ : ચોપગાને બાંધીને નિશાન બનાવવું મના | 199 |
| હ–૨૪૮૨ | 199 |
| હ–૨૪૮૩ | 200 |
| હ–૨૪૮૪ : નહોરવાળા દરિન્દાઓ (ફાડી ખાનાર જાનવરો)ના ખાવાનું બયાન | 200 |
| હ–૨૪૮૫ : ચહેરામાં ડામ દેવો તથા નિશાન લગાડવું | 201 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ–૨૪૮૬ : વહેંચણી પહેલાં માલે ગનીમતને ખાવુ હરામ | 202 |
| ત–૭૨૪ | 202 |
| મુઝતરનું ખાવું | 203 |
| મજબૂરીની હાલતમાં જાન બચાવવા જેટલુ હરામ ખાવાની ઈજાઝત | 204 |
| **કુર્બાની વિશેનું પ્રકરણ** | 205 |
| ત–૭૨૫ : કુર્બાનીનું સુન્નત હોવું | 205 |
| હ–૨૪૮૭ | 205 |
| હ–૨૪૮૮ : ઈમામનું કુર્બાનીના જાનવરને લોકો વચ્ચે ઝબહ કરવું | 206 |
| હ–૨૪૮૯ : કુર્બાની તથા નહર ઈદગાહમાં થવું જોઈએ | 206 |
| હ–૨૪૯૦ | 207 |
| ત–૭૨૬ : નબી ﷺનું બે સીંગવાળા અને બે મોટાં ઘેટાંની કુર્બાની કરવું | 207 |
| હ–૨૪૯૧ | 207 |
| હ–૨૪૯૨ | 207 |
| ત–૭૨૭ : જેણે બીજાની કુર્બાની ઝબહ કરી | 208 |
| ત–૭૨૮ | 208 |
| હ–૨૪૯૩ : કુર્બાનીના ગોશ્તમાંથી રાખી મૂકવાની ઈજાઝત | 209 |
| હ–૨૪૯૪ | 209 |
| હ–૨૪૯૫ | 210 |
| **પીવાની ચીજો વિશે પ્રકરણ** | 2 |
| હ–૨૪૯૬ : જે દુનિયામાં શરાબ પીશે તે આખેરતમાં નહીં પામે | 212 |
| હ–૨૪૯૭ : શરાબ દ્રાક્ષથી છે | 213 |
| હ–૨૪૯૮ : શરાબનું હરામ હોવું નાઝિલ થયું | 214 |
| ત–૭૨૯ | 214 |
| હ–૨૪૯૯ : જે નશો લાવે તે હરામ | 215 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ–૨૫૦૦ | 215 |
| હ–૨૫૦૧ : શરાબ બુદ્ધિને નષ્ટ કરી દે છે | 216 |
| હ–૨૫૦૨ : જે શખ્સ શરાબને હલાલ જાણે | 217 |
| હ–૨૫૦૩ : નબી ﷺનું ઈજાઝત આપવું અમુક વાસણોના વપરાશની મનાઈ પછી | 218 |
| હ–૨૫૦૪ | 218 |
| હ–૨૫૦૫ | 219 |
| હ–૨૫૦૬ | 219 |
| હ–૨૫૦૭ | 219 |
| બાઝિક઼ (એક પ્રકારની શરાબ)નું બયાન | 220 |
| ત–૭૩૧ : તિલાઅ વિશે વર્ણન | 220 |
| ત–૭૩૨ | 220 |
| ત–૭૩૩ | 221 |
| ત–૭૩૪ : મોઢામાં શરાબની ગંધ પામતાં હુકમ | 221 |
| હ–૨૫૦૮ : જે નશો લાવે તે હરામ | 222 |
| હ–૨૫૦૯ | 222 |
| હ–૨૫૧૦ | 222 |
| ખજૂર તથા સુકી દ્રાક્ષ એક પાત્રમમાં રાખી નબીઝ બનાવવાની મનાઈ | 223 |
| હ–૨૫૧૧ : દૂધ પીવાનું બયાન | 223 |
| હ–૨૫૧૨ : દૂધને પાણીની સાથે મિલાવીને પીવું | 224 |
| માણસોનો પેશાબ પીવો હલાલ નથી | 224 |
| હલ્વો તથા મધને પીવું | 225 |
| ત–૭૩૫ | 225 |
| ત–૭૩૬ : અલ્લાહે હરામમાં શિફા નથી રાખી | 226 |
| હ–૨૫૧૩ : ઉભા રહીને પીવાનો હુકમ | 226 |
| હ–૨૫૧૪ : મશકનું મુખ ફાડીને વાળીને એના મુખેથી પાણી પીવું | 227 |
| હ–૨૫૧૫ : મશકના મુખથી પીવું | 228 |
| હ–૨૫૧૬ | 228 |
| હ–૨૫૧૭ : બે કે ત્રણ શ્વાસમાં પીવું | 229 |
| હ–૨૫૧૮ : ચાંદીના વાસણોનું વર્ણન | 229 |
| ત–૭૩૭ : નબી ﷺના પ્યાલા અને હુઝૂરના વાસણો વડે પીવું સહાબાનો તરીક઼ો | 229 |
| હ–૨૫૧૯ | 230 |
| હ–૨૫૨૦ : હઝરત અનસ પાસે નબી ﷺનો પ્યાલો (તબુર્રક) | 231 |
| **બીમારી વિશે પ્રકરણ** | 232 |
| હ–૨૫૨૧ : તકલીફ મુસલમાન માટે કફ્ફારો છે | 232 |
| હ–૨૫૨૨ | 233 |
| હ–૨૫૨૩ : મો'મિન તથા મુનાફિક઼નું દષ્ટાંત | 233 |
| હ–૨૫૨૪ : મો'મિન છોડની જેમ છે | 234 |
| હ–૨૫૨૫ : અલ્લાહ જેની સાથે ભલાઈનો ઈરાદો કરે છે | 235 |
| હ–૨૫૨૬ : બીમારીની સખ્તી | 235 |
| હ–૨૫૨૭ : મુસલમાનને તકલીફ પહોંચે તો.... | 235 |
| સૌથી સખત બલા કોના પર છે ? | 236 |
| મિર્ગી (ખેંચ)ની બીમારીની ફઝીલત | 236 |
| હ–૨૫૨૮ : ખેંચની બીમારીમાં પણ સતરની વધુ ફિકર ! | 236 |
| હ–૨૫૨૯ : બીમારીમાં પણ સહાબિયાએ શું દુઆ કરાવી ? | 237 |
| હ–૨૫૩૦ : એની ફઝીલત જેની આંખ જતી રહે | 238 |
| હ–૨૫૩૧ : બીમારની ખબર પૂછવા જવું | 238 |
| હ–૨૫૩૨ : મરીઝનું મૌતની તમન્ના કરવાની મનાઈ | 239 |
| હ–૨૫૩૩ | 239 |
| હ–૨૫૩૪ : તમારામાંથી કોઈ કદાપિ મૌતની તમન્ના ન કરે | 240 |
| હ–૨૫૩૫ : ફર્માવ્યું : મને રફીક઼ે આ'લાથી મિલાવી દે | 241 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ–૨૫૩૬ : ખબર લેવા આવનારનું | |
| બીમારના માટે દુઆ કરવું | 241 |
| હુઝૂર જ્યારે કોઈની ખબર લેવા જતા તો... | 242 |
| ત–૭૩૭ | 242 |
| **દવા (મેડિકલ) વિશેનું પ્રકરણ** | 243 |
| હ–૨૫૩૭ : અલ્લાહે જે બીમારી પણ | |
| ઉતારી છે એના માટે શિફા પણ ઉતારી છે | 243 |
| હ–૨૫૩૮ : ત્રણ ચીજોમાં શિફા છે | 243 |
| મધ વડે દવા કરવી | 244 |
| હ–૨૫૩૯ : સેંગી (હિજામા)માં ભલાઈ છે | 244 |
| હ–૨૫૪૦ : અલ્લાહે સાચુ ફર્માવ્યું | |
| અને તારા ભાઈનું પેટ જૂઠુ છે ! | 245 |
| હ–૨૫૪૧ : કલુંજીમાં મૌત સિવાય દરેક | |
| બીમારીથી શિફા | 245 |
| હ–૨૫૪૨ | 246 |
| હ–૨૫૪૩ : બીમારના માટે તલ્બીના પીવડાવવું | 247 |
| કુસ્તહિંદી અને બહરીને નાકમાં નાખવું | 247 |
| હ–૨૫૪૪ : ન્યુમોનિયાનો ઈલાજ | 247 |
| હ–૨૫૪૫ : બીમારીથી હિજામા લગાડવું | 248 |
| હ–૨૫૪૬ | 248 |
| ત–૭૩૯ : જુઝામ (કોઢ)નું બયાન | 249 |
| બીમારથી ચેપ નથી, તથા અન્ય વહેમોનું ખંડન | 249 |
| ઘુવડ વિશે ગલત માન્યતાનું ખંડન | 249 |
| હ–૨૫૪૭ : ન્યૂમોનિયાનું વર્ણન | 250 |
| હ–૨૫૪૮ : પ્લેગના બારામાં શું વર્ણવવામાં | |
| આવે છે ? | 251 |
| હ–૨૫૪૯ : દમ કરવા પર બકરીના એક | |
| ટોળાની શર્ત | 254 |
| હ–૨૫૫૦ : નજર લાગવા પર દમ કરવાનું | |
| બયાન | 255 |
| હ–૨૫૫૧ | 255 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ–૨૫૫૨ : નજરનું લાગવું સાચુ છે | 256 |
| હ–૨૫૫૩ : સાપ તથા વીછીના ડંખ | |
| મારવા પર દમ કરવાનુ બયાન | 256 |
| હ–૨૫૫૪ : નબી ﷺની દુઆ | 257 |
| હ–૨૫૫૫ : બીમાર પર દમ કરવું | 258 |
| હ–૨૫૫૬ | 258 |
| હ–૨૫૫૭ : અપશુકનનું બયાન | 258 |
| હ–૨૫૫૮ : સારો શુકન (શગૂન) લેવો | 259 |
| હ–૨૫૫૯ : કહાનતનું બયાન | 260 |
| ત–૭૪૦ : શું જાદૂ કાઢવામાં આવશે ? | 261 |
| હ–૨૫૬૦ : 'હામ્મા' કાંઈ નથી | 262 |
| બીમારીને ચેપ નથી | 262 |
| **લિબાસ વિશે પ્રકરણ** | 263 |
| ત–૭૪૧ | 263 |
| ત–૭૪૨ : ફુઝૂલખર્ચી તથા ઘમંડથી મના કર્યું | 263 |
| હ–૨૫૬૧ : ઘૂંટીથી જે કપડુ નીચે હોય તે | |
| આગમાં છે | 264 |
| હ–૨૫૬૨ : જે પોતાના કપડાને ઘમંડભેર ઘસેડે | 264 |
| હ–૨૫૬૩ : ક઼યામત સુધી જમીનમાં ધસશે ! | 265 |
| હ–૨૫૬૪ : અલ્લાહ રહમતની નજર નહીં કરે | 266 |
| ત–૭૪૩ : હાશિયાવાળી ઈજાર | 267 |
| ત–૭૪૪ : બરાનિસ (એક જાતની ટોપી)નું વર્ણન | 267 |
| હ–૨૫૬૫ : ધારીદાર કંબલ અને યમની | |
| ચાદર અને કંબલ પહેરવાનું બયાન | 268 |
| હ–૨૫૬૬ | 268 |
| હ–૨૫૬૭ : લીલા કપડાંનું વર્ણન | 268 |
| હ–૨૫૬૮ : સફેદ કપડાંનું વર્ણન | 270 |
| હ–૨૫૬૯ : પુરૂષનું રેશમી કપડુ પહેરવું | |
| તથા બિછાવવું, અને એમાં કેટલુ જાઈઝ છે | 271 |
| હ–૨૫૭૦ | 272 |
| હ–૨૫૭૧ | 272 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ–૨૫૭૨ | 273 |
| ત–૭૪૫ : કુસ્સીનું પહેરવું | 274 |
| ત–૭૪૬ | 274 |
| હ–૨૫૭૩ : સ્ત્રીઓ માટે રેશમી કપડ | 275 |
| હ–૨૫૭૪ : મર્દો માટે જાફરાનથી રંગેલુ કપડુ | 275 |
| હ–૨૫૭૫ : પ્રથમ ડાબો જોડો કાઢે | 276 |
| હ–૨૫૭૬ : એક જોડા (ચપ્પલ)માં ન ચાલે | 276 |
| હ–૨૫૭૭ : સોનાની વીંટીઓનું બયાન | 277 |
| હ–૨૫૭૮ : ચાંદીની વીંટીનું બયાન | 277 |
| હ–૨૫૭૯ | 278 |
| હ–૨૫૮૦ : વીંટીના નંગનું વર્ણન | 279 |
| લોખંડની વીંટીનું બયાન | 279 |
| હ–૨૫૮૧ : વીંટી નાની આંગળીમાં | 280 |
| ત–૭૪૭ : સ્ત્રીઓ માટે વીંટી | 281 |
| હ–૨૫૮૨ : સ્ત્રીઓની મુશાબેહત કરવાવાળા પુરૂષો અને પુરૂષોથી મળતાપણુ કરવાવાળી સ્ત્રીઓ | 281 |
| હ–૨૫૮૩ : એવા લોકોને ઘરોએથી કાઢી મૂકવા | 281 |
| ત–૭૪૮ : મૂંછોને કાપવી | 282 |
| હ–૨૫૮૪, હ–૨૫૮૫, હ–૨૫૮૬ | 283 |
| હ–૨૫૮૭ : એક મુટ્ઠી સુધી દાઢી જરૂરી | 284 |
| હ–૨૫૮૮ : સફેદ વાળના બારામાં શું ઝિક્ર કરવામાં આવે છે | 285 |
| હ–૨૫૮૯ : વાંકળીયા વાળ | 286 |
| હ–૨૫૯૦ : સુન્નત પ્રમાણે વાળો ક્યાં સુધી રાખવા | 287 |
| હ–૨૫૯૧ : હુઝૂર ﷺના હુલિયા મુબારકની વિગતો | 287 |
| હ–૨૫૯૨ | 287 |
| હ–૨૫૯૩ | 288 |
| હ–૨૫૯૪ : વાળોને ગુંદર વગેરે વડે જમાવવા | 289 |
| હ–૨૫૯૫ : વાળોનું વર્ણન | 289 |
| હ–૨૫૯૬ : વાળોને નાના મોટા રાખવા | 290 |
| હ–૨૫૯૭ : પત્નીનું પોતાના પતિને પોતાના હાથો વડે ખુશ્બુ ઘસવુ | 291 |
| હ–૨૫૯૮ : માથુ તથા દાઢીમાં ખુશ્બુ લગાડવી | 291 |
| હ–૨૫૯૯ : વાળોમાં કાંસકી કરવી | 292 |
| હ–૨૬૦૦ : મિશ્ર ખુશ્બુનું બયાન | 292 |
| હ–૨૬૦૧ : વાળમાં વાળ મિલાવવા | 293 |
| હ–૨૬૦૨ | 293 |
| હ–૨૬૦૩ : ગુંદવાવાળીનું બયાન | 294 |
| તસ્વીરો (ફોટાઓ)નું વર્ણન | 294 |
| હ–૨૬૦૪ : કયામતના દિવસે તસ્વીર બનાવવાવાળાઓને અઝાબ | 295 |
| હ–૨૬૦૫ | 296 |
| હ–૨૬૦૬ : તસ્વીરોને મિટાવવી | 296 |
| ડોક્ટરના બોર્ડ પર ક્રોસની નિશાની ક્યાંથી જન્મી ? | 297 |
| હ–૨૬૦૭ | 297 |
| હ–૨૬૦૮ | 298 |
| ત–૭૪૯ : ચોપગાના માલિકનું પોતાની સામે બીજાને બેસાડવુ | 299 |
| હ–૨૬૦૯ | 299 |
| હ–૨૬૧૦ | 299 |
| **અદબ વિશે પ્રકરણ** | 301 |
| હ–૨૬૧૧ : સારા વર્તાવનો સૌ લોકો કરતાં કોણ અધિક પાત્ર છે ? | 301 |
| હ–૨૬૧૨ : કોઈ પોતાના બાપને બુરો ન કહે | 302 |
| હ–૨૬૧૩ : સગાઈ કાપનારનો ગુનોહ | 302 |
| હ–૨૬૧૪, હ–૨૬૧૫ : સગા સાથે સદ્વર્તાવના કારણે જેની રોજીમાં વૃદ્ધિ કરવામાં આવી | 302 |
| હ–૨૬૧૬, હ–૨૬૧૭ : સગાં સાથે સદ્વર્તાવ કરે અલ્લાહ તઆલા તેના પર ખાસ કરમ ફર્માવે છે | 303 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ–૨૬૧૮ : રિશ્તાને તેની તરીની સાથે તર રાખવામાં આવે | 304 |
| હ–૨૬૧૯ : સિલએ રહમી કરનાર બદલો આપનાર નથી | 305 |
| હ–૨૬૨૦ : બાળક પર મહેરબાની કરવી | 305 |
| હ–૨૬૨૧ | 306 |
| હ–૨૬૨૨ | 307 |
| હ–૨૬૨૩ | 307 |
| હ–૨૬૨૪ | 308 |
| હ–૨૬૨૫ : લોકો તથા ચોપગાં પર મહેરબાની કરવી | 308 |
| હ–૨૬૨૬ : | 309 |
| હ–૨૬૨૭ | 309 |
| હ–૨૬૨૮ : પડોશી સાથે સદ્‌વર્તાવની વસિયત | 310 |
| હ–૨૬૨૯ : એનો ગુનોહ જેના નુકસાનથી પડોસી મેહફૂઝ ન રહે | 310 |
| હ–૨૬૩૦ : જે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે તે પોતાના પડોસીને તકલીફ ન આપે | 311 |
| હ–૨૬૩૧ | 312 |
| હ–૨૬૩૨ : દરેક નેકી સદક઼ો છે | 312 |
| હ–૨૬૩૩ : નબી ﷺ ફુહશગો ન હતા | 313 |
| હ–૨૬૩૪ | 313 |
| હ–૨૬૩૫ : સારી આદત તથા સખાવત, અને કંજૂસાઈનું નાપસંદ હોવુ | 314 |
| હ–૨૬૩૫, હ–૨૬૩૭ : | 314 |
| હ–૨૬૩૮ | 316 |
| હ–૨૬૩૯ : ઈર્ષાળુની બુરાઈથી જ્યારે હસદ કરે, પનાહ માગું છું | 317 |
| હ–૨૬૪૦ | 317 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ–૨૬૪૧ : અને કયુ ગુમાન દુરુસ્ત છે | 318 |
| હ–૨૬૪૨ : મો'મિનની પોતાની પર્દાપોશી | 318 |
| હ–૨૬૪૩ : મુસલમાનથી સંબંધ કટ કરવો | 319 |
| હ–૨૬૪૪ : અલ્લાહથી ડરો અને સાચાઓની સાથે થઈ જાવ. અને જે જૂઠથી મના કરવામાં આવ્યો | 320 |
| હ–૨૬૪૫ | 320 |
| હ–૨૬૪૬ : જે લોકોની સામે ગુસ્સો ન કરે | 321 |
| હ–૨૬૪૭ : જેણે કોઈને વિના તાવીલે કાફિર કહ્યો | 321 |
| હ–૨૬૪૮ : જે શખ્સ એને કાફિર કહેવાનું જાઈઝ નથી જાણતો | 323 |
| હ–૨૬૪૯ : ગુસ્સાથી બચવું | 324 |
| હ–૨૬૫૦ | 324 |
| હ–૨૬૫૧ : હયાનું વર્ણન | 325 |
| ત–૭૫૦ : લોકોની સાથે હસ્તે મુખે મળવું | 325 |
| હ–૨૬૫૨ | 326 |
| હ–૨૬૫૩ | 326 |
| ત–૭૫૧ : લોકોની સાથે નમ્રતા કરવી | 327 |
| ત–૭૫૨ : મો'મિન એક કાણેથી કદી બે વાર નથી ડસવામાં આવતો | 327 |
| હ–૨૬૫૪ : શિઅ્ર તથા રજઝ તથા હદીમાં શું જાઈઝ અને શું મકરૂહ છે ? | 327 |
| ત–૭૫૩ | 328 |
| હ–૨૬૫૫ | 328 |
| હ–૨૬૫૬ | 329 |
| હ–૨૬૫૭ | 329 |
| હ–૨૬૫૮ | 330 |
| હ–૨૬૫૯ : અલ્લાહ તઆલાથી મહોબ્બતની નિશાની | 330 |

| વિષય | પેજ નં |
|---|---|
| હ-૨૬૬૦ : નબી ﷺનો ઈર્શાદ છે : | |
| કરમ મો'મિનનું દિલ છે | 331 |
| હ-૨૬૬૧ | 332 |
| હ-૨૬૬૨ : અલ્લાહ તઆલાને કયુ નામ | |
| સૌથી વધુ પસંદ છે ? | 332 |
| હ-૨૬૬૩ : હ઼ઝ્ન નામ રાખવાનું બયાન | 333 |
| હ-૨૬૬૪ : કોઈ નામ પહેલાં કરતાં | |
| સારા નામથી બદલવું | 333 |
| હ-૨૬૬૫ | 334 |
| હ-૨૬૬૬ : જેણે અંબિયાના નામ પર | |
| નામ રાખ્યું | 335 |
| હ-૨૬૬૭ | 335 |
| હ-૨૬૬૮ : અલ્લાહ તઆલાને સૌથી | |
| નાપસંદ નામ | 336 |
| હ-૨૬૬૯ : છીંકવાવાળાએ હમ્દ કરવું | 336 |
| હ-૨૬૭૦ : છીંક પસંદીદા છે અને | |
| બગાસુ નાપસંદીદા | 337 |
| હ-૨૬૭૧ : જ્યારે કોઈ છીંકે તો કેવી | |
| રીતે જવાબ આપવામાં આવે | 337 |
| **ઈજાઝત વિશે પ્રકરણ** | 338 |
| ત-૭૫૪ : તેણીઓથી તમારી નજરો ફેરવી લો | 339 |
| અલ્લાહ જાણે છે ચોરી છુપીની નજર | 339 |
| ત-૭૫૫ : નાબાલિગાનાં એ અંગો | |
| પ્રતિ જોવું નાજાઈઝ | 340 |
| ત-૭૫૬ : પુરૂષ અજનબી બાળકીને ગુસ્લ | |
| ન આપે | 340 |
| હ-૨૬૭૨ : થોડા લોકો વધારે લોકોને સલામ કરે | 340 |
| હ-૨૬૭૩ : સવાર પગપાળાને સલામ કરે | 340 |
| ઈસ્તીઝાન જોવાથી બચવાના કારણે છે | 341 |
| હ-૨૬૭૪ : એક શખ્સે નબી ﷺના | |
| હુજરાના કાંણામાંથી ઝાંક્યું ! | 341 |

| વિષય | પેજ નં |
|---|---|
| મરવાનનો બાપ કેવો હતો ? | 341 |
| હ-૨૬૭૫ : શર્મગાહ સિવાય અન્ય | |
| અંગોનો ઝિના | 341 |
| આંખનો ઝિના જોવું છે | 342 |
| ત-૭૫૭ : બોલાવવામાં આવવું જ રજા છે | 342 |
| હ-૨૬૭૬ : બોલાવવામાં આવેલા મોડા આવે તો | 343 |
| હ-૨૬૭૭ : બાળકોને સલામ કરવી | 343 |
| હ-૨૬૭૮ : જે ગુનાહમાં પડી જાય તેને | |
| કોઈ સલામ ન કરે | 343 |
| તૌબા સ્વીકારને પાત્ર કેટલા સમયમાં ગણાશે ? | 344 |
| ત-૭૫૮ | 345 |
| હ-૨૬૭૯ : ઝિમ્મીને સલામનો જવાબ | |
| કઈ રીતે આપવામાં આવે ? | 345 |
| હ-૨૬૮૦ | 345 |
| હ-૨૬૮૧ : મુસાફ઼ાનું બયાન | 345 |
| ત-૭૫૯ : મુસાફ઼ામાં બંનેવ હાથોને પકડવું | 346 |
| હ-૨૬૮૩ : મજલિસમાં જગા આપવા વિશે | 346 |
| હ-૨૬૮૪ : હાથ વડે ઈહ્તિબાનું વર્ણન | 347 |
| હ-૨૬૮૫ : ઉમ્મે સુલૈમ પસીના | |
| મુબારકને ભેગો કરતાં | 348 |
| હ-૨૬૮૬ : ચત્તાપાટ સૂવું | 349 |
| ત્રીજાની હાજરીમાં બે શખ્સો કાનમાં વાત ન કરે | 349 |
| હ-૨૬૮૭ : રાઝને સલામત રાખશો | 350 |
| હ-૨૬૮૮ : ત્રણ જણ હોય તો બે જણ | |
| કાનાફુસી ન કરે | 350 |
| હ-૨૬૮૯ : સૂતી વખતે ઘરમાં આગ | |
| ન છોડવામાં આવે | 351 |
| હ-૨૬૯૦ : આ આગ તમારી દુશ્મન છે ! | 351 |
| હ-૨૬૯૧ : મોટા થયા પછી ખત્ના કરવી | 351 |
| હ-૨૬૯૨, હ-૨૬૯૩ | |
| ઈમારત બનાવવાના બારામાં શું આવ્યું છે ? | 352 |

| વિષય | પેજ નં |
|---|---|
| **દા'વત વિશે પ્રકરણ** | 354 |
| મારાથી દુઆ કરો હું ક઼બૂલ કરીશ | 354 |
| દુઆ ન કરનારથી રબ નારાજ થાય છે | 354 |
| દુઆ કરવી ઈબાદત છે | 354 |
| હ–૨૬૯૪ : દરેક નબીના માટે એક દુઆ છે જે ક઼બૂલ થશે | 355 |
| હ–૨૬૯૫ : હુઝૂરે પોતાની દુઆ ક઼યામતના માટે મેહફૂઝ રાખી | 355 |
| અફઝલુલ ઈસ્તગ઼ફાર | 356 |
| ઈસ્તિગફારની ત્રણ ફઝીલતો | 356 |
| હ–૨૬૯૬ : સૈયદુલ ઈસ્તિગફાર અને તેની ફઝીલત | 356 |
| હ–૨૬૯૭ : નબી ﷺનું દિવસ રાતમાં ઈસ્તિગ઼ફાર કરવું | 357 |
| ત–૭૬૦ : તૌબાનું બયાન | 358 |
| તૌબાનો પાયો બે ચીજો પર | 358 |
| હ–૨૬૯૮ : મો'મિન પોતાના ગુનાહને કેવો જુએ છે ? | 358 |
| હ–૨૬૯૯ : તૌબા કરનારનું એક ઉત્તમ દષ્ટાંત | 359 |
| હ–૨૭૦ : સૂતી વખતે શું કહે ? | 359 |
| હ–૨૭૦૧ : સૂતી વખતે શું કરે ? | 360 |
| હ–૨૭૦૨ : નમાઝોમાં દુઆનું બયાન | 361 |
| હ–૨૭૦૩ : નમાઝ પછીની દુઆ | 361 |
| દરેક નમાઝ બાદની તસ્બીહ | 362 |
| હ–૨૭૦૪ : જેણે પોતાના ભાઈને દુઆની સાથે ખાસ કર્યો | 362 |
| હઝરત અનસ માટે થયેલ દુઆની બરકત | 362 |
| અને દુઆમાં સજ્અ (પ્રાસબંદી) મકરૂહ છે | 363 |
| હ–૨૭૦૫ : આ કુર્આનથી લોકોને ઉકતાવો નહીં | 363 |
| હ–૨૭૦૬, હ–૨૭૦૭ : અલ્લાહને કોઈ મજબૂર કરનાર નથી | 364 |
| હ–૨૭૦૮ : બંદાની દુઆ ક઼બૂલ થાય છે જ્યાં સુધી જલ્દી ન કરે | 365 |
| હ–૨૭૦૯ : બેચૈનીના સમયની દુઆ | 365 |
| હ–૨૭૧૦ : બલાની તકલીફથી પનાહ માગો | 366 |
| હ–૨૭૧૧ : હુઝૂર ﷺની દુઆ | 367 |
| હ–૨૭૧૨ : ફિત્નાઓથી પનાહ માગવી | 367 |
| યારે લોકોએ સવાલોની ભરમાર કરી દીધી તો ! | 368 |
| હ–૨૭૧૩ : અઝાબે ક઼બ્રથી પનાહ માગવી | 369 |
| ઉમ્મે ખાલિદ બિન્તે ખાલિદ | 369 |
| હ–૨૭૧૪ : ગુનાહ તથા કરજથી પનાહ માગવી | 369 |
| હ–૨૭૧૫ : હે અલ્લાહ ! મારા માટે બખ્શી આપ જે મેં આગળ કર્યું અને જે મેં બાદમાં કર્યું | 370 |
| હ–૨૭૧૬ : તહલીલની ફઝીલત | 372 |
| હ–૨૭૧૭ : સુબ્હ઼ાનલ્લાહ કહેવાની ફઝીલત | 373 |
| સુબ્હાન શબ્દની તેહક઼ીક઼ | 373 |
| મોઅતઝલાને રદિયો | 374 |
| અલ્લાહના ઝિક્રની ફઝીલત | 375 |
| મીઝાનની કૈફિયત | 375 |
| વિના હિસાબે જન્નતમાં ! | |
| વિના હિસાબે દોઝખમાં ! | 6 |
| હ–૨૭૧૯ : અલ્લાહ તઆલાના ઝિક્રની ફઝીલત | 376 |
| હ–૨૭૨૦ : અલ્લાહના કેટલાક ફરિશ્તા છે જેઓ ઝિક્ર કરનારાઓની શોધમાં રહે છે | 376 |
| હ–૨૭૨૧ : અલ્લાહ તઆલાનાં એક કમ સો નામ છે | 379 |
| હ–૨૭૨૨ : ક્રમે ક્રમે નસીહત કરવી | 379 |

# કલેમાતે ખૈર....

અઝ : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી
**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

**કામ વો લે લીજીએ તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળોં દુરૂદ**

اَلۡحَمۡدُ لِلّٰهِ નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી કી આઠવીં જિલ્દ કા તર્જમા આપ કે હાથોંમેં હૈ. મુહિબ્બે ગિરામી અલ્હાજ શબ્બીર પટેલ રઝવી સાહબને બળી અર્કરેઝી કે સાથ આઠવીં જિલ્દ કા ભી તર્જુમા કિયા ઉસે આપ કે હાથમેં પહુંચાતે હુએ અલ્લાહ ﷻ કા શુક્ર અદા કરતે હૈં. નુઝહતુલ કારી બુખારી શરીફ કી શરહ હૈ ઔર બુખારી શરીફ કુર્આને મુકદ્દસ કે બાદ સબસે સહીહતરીન કિતાબ હૈ. યકીનન ! કિસી કિતાબ કો લિખના આસાન હૈ લેકિન ઉસકા તર્જમા આસાન નહીં. લેકિન મુહિબ્બે ગિરામી ફખ્રે સહાફત જનાબ અલ્હાજ શબ્બીર પટેલ રઝવી સાહબને દિનો રાત એક કરકે આપકી ખિદમતમાં ઈસસે પહલે સાત જિલ્દેં પેશ કર દી હૈં ઔર અભી આઠવીં જિલ્દ આપ કે સામને પેશ કી જા રહી હૈ. મેરી ગુઝારિશ હૈ કે ઈસે ઝરૂર ગુજરાતી ઝબાન જાનનેવાલે હઝરાત પળ્હેં ઔર ઈસે દુસ્રોં તક પહુંચાનેકી કોશિશ ભી કરેં. ઔર આપ જો મુતાલા કરેંગે તો આપકો પતા ચલેગા કે ''નુઝહતુલ કારી'' યહ બુખારી શરીફ કી કિતની અઝીમ શરહ હૈ ઔર ઈસસે આપકો કિતની મા'લૂમાત હાસિલ હોતી હૈ.

ઈસ જિલ્દ કે અંદર ફઝાઈલુલ કુર્આન, કિતાબુન્નિકાહ, કિતાબુત્તલાક, કિતાબુન્નફકાત, કિતાબુલ અકીકા, કુર્બાની, કિતાબુલ અશ્રબા, કિતાબુલ મર્દા, તિબ્બ, લિબાસ, દા'વત....વગેરા અબવાબ કે અંદર બેશુમાર હદીષેં ઔર ફિર ફકીહુલ હિંદ અલ્લામા મુફતી શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ કી

શરહ પળ્હનેસે હમારે ઈલ્મમેં ઈઝાફા ઔર ઈમાનમેં પુખ્તગી પેદા હો જાતી હૈ ઔર દિલ કો એક અજીબ સુરૂર કી કૈફિયત મયસ્સર આતી હૈ.

મુઝે ઉમ્મીદ હૈ કે આપ ઝરૂર બિઝ્ઝરૂર ઈસ કિતાબ કો હાથોહાથ લેંગે ઔર અપને ઈલ્મમેં ઈઝાફા કરેંગે. ઔર સાથ હી સાથ મુહિબ્બે ગિરામી અલ્હાજ શબ્બીર પટેલ રઝવી સાહબ કે લિયે દુઆ કરેંગે કે અલ્લાહ ﷻ ઉન્કી ઉમ્રમેં બરકતેં અતા ફર્માએ ઔર શિફાએ આઝિલા કામિલા નસીબ ફર્માએ ઔર દરાઝગીએ ઉમ્ર બિલ્ખૈર અતા ફર્માએ. અલ્લાહ તઆલા ઉન્કી ઈસ કાવિશ કો કુબૂલ ફર્માકર દારૈનકી સઆદતોંસે ઉન્હેં માલામાલ ફર્માએ.

ઔર મુઆવિનીન કો ભી દોનોં જહાનમેં બેહતર સિલા અતા ફર્માએ.

اٰمِیْنَ بِجَاہِ حَبِیْبِہٖ سَیِّدِ الْمُرْسَلِیْنَ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

**–મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

૦૩–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તા. ૩૦–૦૫–૨૦૧૭, મંગળવાર



# અનુવાદકની કલમે....

**અર્ઝ :પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ          نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ     اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ     اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

**અય "રઝા" હર કામકા એક વક્ત હય**
**દિલકો ભી આરામ હો હી જાએગા**

આ નાચીઝ અલ્લાહ ﷻ નો આજે બેહદ શુક્ર અદા કરે છે કે ઘણા સમયથી જેનો ઈંતેઝાર થઈ રહ્યો હતો તે **"નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી (ભાગ : ૮)"** તો છપાવા જઈ જ રહી છે પણ સાથોસાથ (ભાગ–૯) નો અનુવાદ પણ લગભગ પૂર્ણતાના આરે છે અને તેનું પણ ૧/૩ જેવુ પ્રુફ ચેક થઈને કમ્પલિટ થઈ ગયું છે. اَلْحَمْدُ لِلّٰه એ પણ ટૂંક સમયમાં આપના હાથોમાં પેશ કરવામાં આવશે. ઈન્શાઅલ્લાહ !

મારી જેવા અજ્ઞાનીના વશની વાત જ ન હતી કે પ્રસ્તૂત કિતાબનો તર્જુમો કરું. આજથી વરસો પહેલાં પહેલી વાર મેં વિચાર્યું કે નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી (ભાગ–૧)નો અનુવાદ શરૂ કરું. પણ તેની ઈલ્મી બહષ વાંચીને માંડી વાળ્યું કે ક્યાં તું અજ્ઞાની અને ક્યાં આવી મહાન કિતાબ ! હિંમત હારી ગયો !

પણ થોડા સમય બાદ મને ફરીથી દાઈએ કબીર, વક઼ારે અહલે સુન્નત, ફખ્રે સુન્નિયત, અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પ્રોત્સાહિત કર્યો અને ફર્માવ્યું કે "જો ગુજરાતીમાં આ કિતાબનો અનુવાદ થઈ જાય તો એક ઘણુ જ સારું કામ સુન્નિયત માટે થઈ જશે." તો પાછી મારામાં હિંમત આવી અને મેં (ભાગ–૧)ના કામની શરૂઆત કરી દીધી અને **પીરો મુર્શિદ હુઝૂર તાજુશ્શરીઅહ** مدظلہ العالی ની તથા ઉસ્તાદે મોહતરમ **હઝરત મૌલાના ક઼ારી અબુલ કલામ રઝવી** *(ખલીફા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ* رحمۃ اللہ علیہ*)*ની દુઆ તથા **અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી**ની તવજ્જોહથી ઉલમાએ કિરામના માર્ગદર્શન હેઠળ કામ ચાલી પડયું તો ક્રમે ક્રમે એક પછી એક ભાગો ગુજરાતી થતા ગયા અને પબ્લિશ થતા રહ્યા અને હવે છેલ્લા ભાગો આઠ અને નવ પણ ટૂંકમાં પ્રસિધ્ધ થઈ જશે. ઈન્શાઅલ્લાહ !

આ કામે મને સાથ આપના **હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી** (હાલ–બ્લેકબર્ન, યુ.કે.) તેમજ **હઝરત મૌલાના કલીમુલ્લાહ નિઝામી** (માજી મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના સદરુલ મુદર્રિસીન **હઝરત મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** તથા **હઝરત મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી** તથા **હઝરત મૌલાના પીર અલી સાહબ** વગેરેએ ખૂબ જ સહકાર કર્યો છે અને અનુવાદને ચેક કરવાનુ તથા યોગ્ય માર્ગદર્શન આપવાનુ કામ તેઓએ કર્યુ છે. તેમનો સાથ જો ન હોત તો હું હજી ક્યાં રસ્તે અટવાયેલો પડયો હોત ! આ સૌ ઉલમાનો હું દિલના ઊંડાણથી આભાર માનુ છું. અલ્લાહ તેમને તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનમાં જઝાએ ખૈર આપે. (આમીન)

બીજુ કિતાબોના કંમ્પોઝિંગ, સેટિંગમાં મારો ભરપુર દિલપૂર્વક સાથ આપનાર જનાબ સાદિક઼ભાઈ યાકૂબ બરજી (દયાદરા) તથા મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ (ઈખર)નો પણ ખૂબ આભાર માનુ છું કે તેમણે કિતાબને અરબી સાથે ગુજરાતી સેટ કરીને ખૂબ જ દીપાવી છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં તેમની નેક જાઈઝ તમન્નાઓને પૂરી કરે. (આમીન)

વળી અનુવાદ પછી કંપોઝિંગ પછી છાપકામ માટે જેની જરૂરત છે તે આર્થિક મદદ ! કે જેના વિના કિતાબ વજૂદમાં આવી શકતી નથી.

તો કામમાં સાથ આપનાર માટે **'અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા'** ના મેમ્બરો ડોનરોને કઈ રીતે ભૂલી શકાય ?! લાખોનો ખર્ચ પૂરો પાડીને આ આઠ ભાગો છપાવવાની હિંમત તેમણે જ આપી અને ભાગ નવમો પણ એ જ રીતે છપાય જશે. ઈન્શાઅલ્લાહ ! સૌ સહાયકોને બંને દુનિયાને રબ્બે કરીમ તેના મહબૂબ علیہ الصلوٰۃ والسلامના સદકામાં આબાદ રાખે.

મોટાભાગની કિતાબો ડોનરો મેમ્બરોમાં મફત જ વહેંચવામાં આવતી રહી છે પણ અમુક બાકી રહેતી કિતાબો મફતમાં વેડફાય ન જાય માટે કિંમતથી આપવામાં આવે છે. તો જેઓ નુઝહતુલ કારી શરહે બુખારીના ભાગ–૧ થી ભાગ–૮/૯ સુધી મેળવવા ચાહતા હોય તેમણે હદિયો આપીને અમારા સરનામેથી મેળવી એક અણમોલ ખજાનો હદીષોને તે પણ શરહે સહીહ બુખારીનો પોતે મેળવીને ઘરની લાયબ્રેરીમાં અવશ્ય રાખવો. *ફિર મિલે ન મિલે ! આગે કા હાલ ખુદા જાને ! ખુદા હાફિઝ !*

اٰمِیْن بِجَاہِ حَبِیْبِہٖ سَیِّدِ الْمُرْسَلِیْنَ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન)*

૦૩–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તા. ૩૦–૦૫–૨૦૧૭, મંગળવાર

# હમ્દે
# બારી તઆલા

અઝ : **ઉસ્તાઝુલ ઉલમા, શૈખુલ હદીષ**
**હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા સાહબ આ'ઝમી** رحمۃ اللہ علیہ

પૂછા ગુલસે યે મૈંને કે અય ખૂબ રૂ !
તુઝમેં આઈ કહાંસે નઝાકત કી ખૂ ?
યાદમેં કિસકી હંસતા મહકતા હૈ તૂ ?
હંસકે બોલા કે અય તાલિબે રંગો બૂ !
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**

મૈંને કુમરીસે કી જાકે યે ગુફ્તગૂ
ગાતી રહતી હૈ 'કૂ કૂ' તૂં કયોં કૂ–બ–કૂ ?
ઢુંઢતી હૈ કિસે, કિસકી હૈ આરઝૂ ?
બોલી સુન મેરા નગ્મા હૈ 'હક્ક઼ સિર્રોહુ'
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**

અર્ઝ કી મૈંને સુમ્બુલસે અય મુશ્ક઼–બૂ !
સુબ્હ કો કર કે શબનમસે તાઝા વુઝૂ
ઝુમકર ક઼ૌન–સા ઝિક્ર કરતા હૈ તૂ ?
સુન કે કહને લગા દમ બદમ ઝિક્રે હૂ
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**

આકે જૂગ્નૂ જો ચમકા મેરે રૂ–બ–રૂ
અર્ઝ કી મૈંને અય શાહિદે શો'લા રૂ
કિસકી તલ્અત હૈ તૂ, કિસકા જલ્વા હૈ તૂ ?
યે કહા, જિસકા જલ્વા હૈ હર ચાર સૂ
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**

જબ કહા મૈંને બુલબુલસે અય ખુશ–ગુલૂ !
કયોં ચમનમેં ચહકતા હૈ તૂ ચારસૂ ?
દેખકર ગુલ કિસે યાદ કરતા હૈ તૂ ?
વજ્દમેં બોલ ઉઠા, 'વહ્દહૂ વહ્દહૂ'
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**

મૈંને પૂછા યે પરવાનેસે દૂ–બ–દૂ
કિસ લિયે શમ્અ કી લો પે જલતા હૈ તૂ ?
શો'લએ નારમેં કિસકી હૈ જુસ્તજૂ ?
જલતે–જલતે કહા ઉસને 'યા નૂરોહુ'
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**

જબ પપીહેસે પૂછા કે અય નીમ જાં !
યાદમેં કિસ્કી કરતા હૈ તૂ 'પી કહાં' ?
કૌન હૈ 'પી' તેરા કયા હૈ નામો નિશાં ?
બોલ ઉઠા, બસ વહી જિસપે શૈદા હૈ તૂ
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**

**'આ'ઝમી'** ગર–ચે બેહદ ગુનહગાર હૈ
મુજરિમોં બે–અમલ હૈ, ખતાકાર હૈ
હક્ક઼ તઆલા મગર ઐસા ગફ્ફાર હૈ
ઉસકી રહમત કા ના'રા હૈ 'લા તક઼–નતૂ'
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**
**અલ્લાહૂ ! અલ્લાહૂ !**

## કરોળોં દુરૂદ

કા'બે કે બદરુદુજા તુમ પે કરોળોં દુરૂદ
તયબહ કે શમ્સુદુહા તુમ પે કરોળોં દુરૂદ
શાફએ રૌઝે જઝા તુમ પે કરોળોં દુરૂદ
દાફએ જુમ્લા બલા તુમ પે કરોળોં દુરૂદ
ઔર કોઈ ગ઼યબ ક્યા તુમસે નિહાં હો ભલા
જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળોં દુરૂદ
દિલ કરો ઠંડા મેરા વહ કફે પા ચાંદ સા
સીને પે રખ દો ઝરા તુમ પે કરોળોં દુરૂદ
તુમ હો હ઼ફીઝો મુગીષ્ ક્યા હૈ વો દુશ્મન ખબીષ
તુમ હો તો ફિર ખૌફ ક્યા તુમ પે કરોળોં દુરૂદ
બે હુનરો બેતમીઝ કિસકો હૂએ હૈ અઝીઝ
એક તુમ્હારે સિવા તુમ પે કરોળોં દુરૂદ
સીના કે હૈ દાગ દાગ કહ દો કરે બાગ બાગ
તયબહસે આકર સબા તુમ પે કરોળોં દુરૂદ
ખલ્ક઼કે હાકિમ હો તુમ રિઝ્ક઼કે ક઼ાસિમ હો તુમ
તુમસે મિલા જો મિલા તુમ પે કરોળોં દુરૂદ
શાફી વ નાફી હો તુમ કાફી વ વાફી હો તુમ
દર્દ કો કર દો દવા તુમ પે કરોળોં દુરૂદ
જાએઁ ન જબ તક ગુલામ ખુલ્દ હૈ સબ પર હરામ
મુલ્ક તો હૈ આપકા તુમ પે કરોળોં દુરૂદ
એક તરફ અઅ્દાએ દીં એક તરફ હૈ હાસેદીન
બંદા હૈ તન્હા શહા તુમ પે કરોળોં દુરૂદ
ગંદે નિકમ્મે કમીન મહેંગે હોં કોળીકે તીન
કૌન હમેં પાલતા તુમ પે કરોળોં દુરૂદ
કરકે તુમ્હારે ગુનાહ માંગે તુમ્હારી પનાહ
તુમ કહો દામન મેં આ તુમ પે કરોળોં દુરૂદ
હમને ખતા મેં ન કી તુમને અ઼તા મેં ન કી
કોઈ કમી સરવરા તુમ પે કરોળોં દુરૂદ
આંખ અતા કીજિયે ઉસમેં ઝિયા દીજિયે
જલ્વા ક઼રીબ આ ગયા તુમ પે કરોળોં દુરૂદ
કામ વો લે લીજિયે તુમકે જો રાઝી કરે
ઠીક હો નામે **'રઝા'** તુમ પે કરોળોં દુરૂદ

## ચમક તુઝસે પાતે હૈં

ચમક તુઝસે પાતે હૈં સબ પાને વાલે
મેરા દિલ ભી ચમકા દે ચમકાને વાલે
બરસતા નહીં દેખ કર અબ્રે રહ઼મત
બદોં પર ભી બરસા દે બરસાનેવાલે
મદીને કે ખિત્તે ખુદા તુઝકો રખ્ખે
ગરીબોં ફક઼ીરો કે ઠહરાને વાલે
તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !
મેરે ચશ્મે આ઼લમ સે છુપ, જાને વાલે
મૈં મુજરિમ હૂં આક઼ા મુઝે સાથ લે લો
કે રસ્તેમેં હૈં જા બજા થાનેવાલે
હરમકી ઝમીં ઔર ક઼દમ રખકે ચલના
અરે સરકા મૌક઼ા હૈ ઓ જાને વાલે
રહેગા યૂંહી ઉનકા ચર્ચા રહેગા
પળે ખાક હો જાએ જલ જાને વાલે
**'રઝા'** નફસ દુશ્મન હૈ દમમેં ન આના
કહાં તુમને દેખે હૈં ચન્દરાને વાલે

# بسم الله الرحمن الرحيم

# كِتَابُ اَبْوَابِ فَضَائِلِ الْقُرْاٰنِ ٧٤٤

(કિતાબુલ્ અબ્વાબિ ફઝાઈલે કુર્આન) "ફઝાઈલે કુર્આન વિશે પ્રકરણો" –(૭૪૪)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## بَابٌ كَيْفَ نَزَلَ الْوَحْيُ وَاَوَّلُ مَا نَزَلَ ٧٤٤

**પ્રકરણ : એનું વર્ણન કે વહી કેવી રીતે નાઝિલ થઈ અને પ્રથમ શું નાઝિલ થયું** –(૭૪૪)

قَالَ ابْنُ عَبَّاسٍ اَلْمُهَيْمِنُ اَلْاَمِيْنُ اَلْقُرْآنُ اَمِيْنٌ عَلٰى كُلِّ كِتَابٍ قَبْلَهٗ મુહયમીનનો અર્થ અમીન છે. કુર્આન પોતાનાથી આગલી સર્વ કિતાબો માટે અમીન છે.

ઈર્શાદ હતો : وَاَنْزَلْنَا عَلَيْكَ الْكِتَابَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ الْكِتَابِ وَمُهَيْمِنًا عَلَيْهِ અને અમે તમારા પર કિતાબ ઉતારી હક્કની સાથે જે પોતાની સામેની સર્વ કિતાબોનું સમર્થન કરનારી છે અને તેમની રક્ષક છે.

حديث ٢٣٤١ حَدَّثَنَا سَعِيْدُ نِ الْمَقْبُرِيُّ عَنْ اَبِيْهِ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૩૪૧]**

اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَا مِنَ الْاَنْبِيَاءِ

*દરેક નબીને એના પ્રમાણે મોજિઝા આપવામાં આવ્યા જેટલા લોકો એના પર ઈમાન લાવ્યા, અને મને તે વહી*

نَبِيٌّ اِلَّا اُعْطِيَ مَا مِثْلُهٗ اٰمَنَ عَلَيْهِ الْبَشَرُ وَاِنَّمَا كَانَ الَّذِيْ اُوْتِيْتُ

*આપવામાં આવી જે અલ્લાહે મારી તરફ કરી, અને હું ઉમ્મીદ કરું છું કે કિયામતના દિવસે મારા અનુયાયીઓ*

وَحْيًا اَوْحَاهُ اللّٰهُ اِلَيَّ وَاَرْجُوْ اَنْ اَكُوْنَ اَكْثَرَهُمْ تَابِعًا يَوْمَ الْقِيٰمَةِ ع

*સૌથી વધારે હશે." (૨/૧૦૮૦ અલ્એઅ્તિસામ, મુસ્લિમ–ઈમાન, નિસાઈ–તફસીર તથા ફઝાઈલુલ કુર્આન)*

**હદીષ : ૨૩૪૧ની સમજૂતી** **★ નબીના દૌર પ્રમાણે મોજિઝા ★**

મુરાદ એ છે કે દરેક નબીને નબુવ્વતના દાવાની સાબિતીના માટે મોજિઝા આપવામાં આવ્યા અને એ મોજિઝાઓ નબીના દૌરના પ્રમાણે રહેતા હતા. જેમ કે હઝરત મૂસા علیہ السلامના જમાનામાં જાદૂગરોનું જોર હતું તો આપને અસા (સ્ટીક) આપવામાં આવ્યો જે અજગર બની જતો હતો, જેણે સર્વ જાદૂગરોના જાદૂને બાતિલ કરી દીધો. અને હઝરત ઈસા علیہ السلامના જમાનામાં તિબ્બ (ડોકટરી વિદ્યા)નું જોર હતું તો એમને મુડદાને જીવતુ કરવાનો મોજિઝો અતા કરવામાં આવ્યો, જેનાથી તમામ તબીબો લાચાર હતા. અને આપણા હુઝૂરે અકૃદસ ﷺના જમાનામાં બલાગત (ઉમદા વાણી)નું જોર હતું તો હુઝૂરે અકૃદસ ﷺને કુર્આને મજીદ આપવામાં આવ્યું જેથી નાની સરખી સૂરત સૂરએ કૌષરના જેવી સૂરત બનાવવાથી પૂરી દુનિયા આજિઝ રહી.

**★ વફાત વેળા નબી પર સતત વહી ★**

حدیث ۲۳۴۲ عَنِ ابْنِ شِهَابٍ قَالَ اَخْبَرَنِیْ اَنَسُ بْنُ مَالِكٍ قَالَ اِنَّ اللّٰهَ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ કહ્યું કે બેશક ! અલ્લાહ તઆલાએ* **[હદીષ : ૨૩૪૨]**

تَابَعَ عَلٰی رَسُوْلِهٖ قَبْلَ وَفَاتِهٖ حَتّٰی تَوَفَّاهُ اَكْثَرَ مَا كَانَ الْوَحْیُ ثُمَّ تُوُفِّیَ

*પોતાના રસૂલ પર વફાતની નજીક સતત વહી મોકલવું શરૂ કર્યું, પહેલાં કરતાં ખૂબ જ વધારે.*

رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ بَعْدُ عه

*પછી તેના બાદ રસૂલુલ્લાહ ﷺને ઉઠાવી લેવામાં આવ્યા." (મુસ્લિમ, નિસાઈ–ફઝાઈલુલ કુર્આન)*

**પ્રકરણ : "કુર્આનને એકત્રિત કરવાનું બયાન"** *–(૭૪૭)* بَابُ تَالِیْفِ الْقُرْاٰنِ ص۷۴۷

حدیث ۲۳۴۳ اَخْبَرَنِیْ یُوْسُفُ بْنُ مَاهَكَ قَالَ اِنِّیْ عِنْدَ عَائِشَةَ اُمِّ

*"યૂસુફ બિન માહકે કહ્યું, હું હઝરત આઈશા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર* **[હદીષ : ૨૩૪૩]**

الْمُؤْمِنِیْنَ اِذْ جَاءَهَا عِرَاقِیٌّ فَقَالَ اَیُّ الْكَفَنِ خَیْرٌ قَالَتْ وَیْحَكَ

*હતો એવામાં એક ઈરાકી આવ્યો અને તેણે પૂછયું, કયુ કફન બેહતર છે ? ફર્માવ્યું, તારા માટે ખરાબી થાય અને*

وَمَا یَضُرُّكَ قَالَ یَا اُمَّ الْمُؤْمِنِیْنَ اَرِیْنِیْ مُصْحَفَكِ قَالَتْ لِمَ قَالَ

*તને કઈ ચીજ નુકસાન આપશે ? તેણે કહ્યું, હે ઉમ્મુલ મોમિનીન ! તમારું મુસ્હફ (કુર્આન) મને દેખાડો. ફર્માવ્યું,*

لَعَلِّیْ اُؤَلِّفُ الْقُرْاٰنَ عَلَیْهِ فَاِنَّهٗ یُقْرَاُ غَیْرَ مُؤَلَّفٍ قَالَتْ وَمَا یَضُرُّكَ

*કેમ ? તેણે કહ્યું, જેથી હું એના પ્રમાણે કુર્આનની ગોઠવણી (ક્રમ) કરી લઉં, એટલા માટે કે કુર્આન ક્રમ વિના*

اٰیَۃٌ قَرَأْتَ قَبْلُ اِنَّمَا نَزَلَ اَوَّلُ مَا نَزَلَ مِنْهُ سُوْرَةٌ مِّنَ الْمُفَصَّلِ

પઢવામાં આવે છે. ફર્માવ્યું, તારું કોઈ નુકસાન નથી જે પણ પ્રથમ પઢે. પહેલાં કુર્આનથી સૂરએ મુફસ્સલ

فِیْهَا ذِكْرُ الْجَنَّةِ وَالنَّارِ حَتّٰی اِذَا ثَابَ النَّاسُ اِلَی الْاِسْلَامِ ثُمَّ

નાઝિલ થઈ જેમાં જન્નત તથા દોઝખનું વર્ણન છે, ત્યાં સુધી કે જ્યારે લોકો ઈસ્લામની તરફ વધ્યા તો હલાલ

نَزَلَ الْحَلَالُ وَالْحَرَامُ وَلَوْ نَزَلَ اَوَّلُ شَیْءٍ لَا تَشْرَبُوا الْخَمْرَ لَقَالُوْا

તથા હરામ નાઝિલ થયું. જો પ્રથમ જ નાઝિલ થઈ જાત કે શરાબ ન પીઓ તો લોકો કહેતા કે અમે કદાપિ શરાબ

لَا نَدَعُ الْخَمْرَ اَبَدًا وَلَوْ نَزَلَ لَا تَزْنُوْا لَقَالُوْا لَا نَدَعُ الزِّنَا اَبَدًا

છોડીશું નહીં. અને જો નાઝિલ થતું કે ઝિના ન કરો, તો લોકો કહેતા કે અમે ઝિના કદી છોડીશું નહીં. મક્કામાં

وَقَدْ نَزَلَ بِمَكَّةَ عَلٰی مُحَمَّدٍ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ وَاِنِّیْ لَجَارِیَةٌ

મુહમ્મદ ﷺ પર એ વખતે આ આયત નાઝિલ થઈ જ્યારે હું બાળકી હતી, રમ્યા કરતી હતી. બલ્કે કયામત

اَلْعَبُ بَلِ السَّاعَةُ مَوْعِدُهُمْ وَالسَّاعَةُ اَدْهٰی وَاَمَرُّ وَمَا

એમના વાયદાનો સમય છે. અને કયામત સખત ભયાનક તથા કડવી છે. અને સૂરએ બકરહ તથા નિસાઅ્ એ

نَزَلَتْ سُوْرَةُ الْبَقَرَةِ وَالنِّسَاءِ اِلَّا وَاَنَا عِنْدَهٗ قَالَ فَاَخْرَجَتْ

વખતે નાઝિલ થઈ કે હું હુઝૂરની પાસે હતી. ત્યાર બાદ ઉમ્મુલ મોમિનીને મુસ્હફ કાઢયું અને તેને સૂરતોની

لَهُ الْمُصْحَفَ فَاَمْلَتْ عَلَیْهِ اٰیَ السُّوَرِ ع‍ه

આયતો લખાવી.'' (નિસાઈ–તફસીરે ફઝાઈલુલ કુર્આન)

**હદીષ : ૨૩૪૩ની સમજૂતી** **યૂસુફ બિન માહક** : માહક ગૈર મુન્સરિફ છે ઉજમા અને અલમિયતના કારણે وَمَا یَضُرُّكَ એટલે કે જ્યારે તું મરી જાય તો તને ગમે તેવુ કફન આપવામાં આવે એમાં તને શું તકલીફ થવાની. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ જ્યારે પોતાના આયોજન હેઠળ મસાહિફ (કુર્આનના નુસ્ખાઓ) લખાવીને ઈસ્લામી શહેરોમાં મોકલ્યાં અને એવો હુકમ બહાર પાડયો કે એના પ્રમાણે કુર્આન પઢાવવામાં આવે અને લખવામાં આવે અને બાકીના અન્ય નુસ્ખાઓને દફેઅ કરી દેવામાં આવે. જ્યારે કૂફામાં આ મુસ્હફે ઉષ્માની પહોંચ્યો તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہએ તેને સમર્થન ન આપ્યું અને ન પોતાનું મુસ્હફ દૂર કર્યું અને ન પોતાની કિરાઅતથી રુજૂઅ કર્યું. લગભગ એ ઈરાકી પાસે એવું કોઈ મુસ્હફ હતું તે મુસ્હફે ઉષ્માનીના સંપાદનથી અલગ હતું. ઉમ્મુલ મો'મિનના ફર્માવવાનો મતલબ એ હતો કે તમારી પાસે જે મુસ્હફ હોય એના મુજબ પઢો. એમાં કોઈ વાંધો નથી. પરંતુ એના પર ઈજમાઅ નિશ્ચિત થઈ ગયો છે કે કુર્આન મજીદને મુસ્હફે ઉષ્માનીના પ્રમાણે લખવામાં આવે અને એના જ પ્રમાણે પઢવામાં આવે, અને એની વિરૂધ્ધ લખવું તથા પઢવું જાઈઝ નથી.

પ્રકરણ : "નબી ﷺના અસ્હાબમાંથી ફ઼ારીઓનું બયાન" –(૭૪૮)

بَابُ الْقُرَّاءِ مِنْ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ص ۷۴۸

حدیث ۲۳۴۴ حَدَّثَنَا شَقِيقُ بْنُ سَلَمَةَ قَالَ خَطَبَنَا عَبْدُ اللّٰهِ فَقَالَ وَاللّٰهِ

"શક઼ીક઼ બિન સલ્માએ કહ્યું, અબ્દુલ્લાહ બિન મસ્ઊદે અમને ખુત્બો આપ્યો અને [હદીષ : ૨૩૪૪]

لَقَدْ أَخَذْتُ مِنْ فِيْ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِضْعًا

ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺના મુખ મુબારકથી સિત્તેરથી કાંઈ વધુ સૂરતો શીખી છે.

وَسَبْعِيْنَ سُوْرَةً وَاللّٰهِ لَقَدْ عَلِمَ أَصْحَابُ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

બખુદા ! સહાબા જાણે છે હું એ સૌ કરતાં વધુ કિતાબુલ્લાહનો જાણકાર છું અને હું એમનાથી

عَلَيْهِ وَسَلَّمَ أَنِّيْ مِنْ أَعْلَمِهِمْ بِكِتَابِ اللّٰهِ وَمَا أَنَا بِخَيْرِهِمْ قَالَ

બેહતર નથી. શક઼ીકે કહ્યું, હું વૃંદમાં (હલકામાં) બેઠો હતો જેથી સાંભળું કે લોકો શું કહે છે,

شَقِيقٌ فَجَلَسْتُ فِي الْحِلَقِ أَسْمَعُ مَا يَقُولُونَ فَمَا سَمِعْتُ رَادًّا يَقُولُ

મેં નથી સાંભળ્યું કે કોઈ રદ કરવાવાળાએ

غَيْرَ ذٰلِكَ ع ه

એના સિવાય કાંઈ અન્ય કહ્યું." (મુસ્લિમ–ફઝાઈલ)

حدیث ۲۳۴۵ عَنْ عَلْقَمَةَ قَالَ كُنَّا بِحِمْصَ فَقَرَأَ ابْنُ مَسْعُودٍ سُورَةَ يُوسُفَ

"અલ્ક઼મહથી રિવાયત છે કે અમે હિમ્સમાં હતા. ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ સૂરએ યૂસુફ [હદીષ : ૨૩૪૫]

فَقَالَ رَجُلٌ مَا هٰكَذَا أُنْزِلَتْ قَالَ قَرَأْتُ عَلٰى رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ

પઢી. એક શખ્સે કહ્યું, આ પ્રમાણે નથી નાઝિલ કરવામાં આવી. ઈબ્ને મસ્ઊદે ફર્માવ્યું, મેં આ જ પ્રમાણે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ أَحْسَنْتَ وَوَجَدَ مِنْهُ رِيحَ الْخَمْرِ فَقَالَ

રસૂલુલ્લાહ ﷺ સામે પઢી છે. તેણે કહ્યું, સારું કર્યું, આપે તેના મોઢેથી શરાબની ગંધ મહેસૂસ કરી. ફર્માવ્યું, બે જુર્મો

أَتَجْمَعُ أَنْ تُكَذِّبَ بِكِتَابِ اللّٰهِ وَتَشْرَبَ الْخَمْرَ فَضَرَبَهُ الْحَدَّ ـ

તો એક સાથે કરે છે, કિતાબુલ્લાહને જૂઠલાવે છે અને શરાબ પીએ છે. પછી તેના પર હદ (શિક્ષા) મારી."

## હદીષ : ૨૩૪૫ની સમજૂતી

કહેવામાં આવ્યું છે કે એવું કહેનાર નહીક બિન સનાન હતા. આ હદીષ પર બે શંકાઓ છે. એના પર ઈજમાઅ છે કે જો કોઈએ કુર્આન મજીદના કોઈ એક હર્ફનો ઈન્કાર કર્યો તો તે કાફિર છે. એનો જવાબ એ આપવામાં આવ્યો કે તે શખ્સનો ઈન્કાર અજ્ઞાનતાના કારણે હતો. એ ન જાણતો હતો કે જે પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે પઢયું એ પ્રમાણે નાઝિલ થયું છે. એ દૌરમાં મુસ્હફોનો મતભેદ તથા ક઼િરાઅતોનો મતભેદ સૌને માલૂમ હતો. એની પણ સંભાવના છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે કોઈ ક઼િરાઅતે શાઝ઼્ઝહ પઢી હોય. બીજી શંકા એ છે કે કેવળ શરાબની ગંધ મોઢેથી આવવાના કારણે હદ ક઼ાયમ (શિક્ષા લાગુ) કરવી જાઈઝ નથી. કદી કદી અમુક ચીજો ખાધા પછી મોઢાથી શરાબની ગંધ આવે છે. હદ લાગુ કરવા માટે જરૂરી છે કે ક્યાં તો તે સ્વીકાર કરે અથવા ગવાહોથી સાબિત થાય. તેમજ હદ (શિક્ષા) લાગુ કરવાનું ઈસ્લામના હાકિમનું કામ છે. એનો જવાબ એ આપવામાં આવ્યો કે જ્યારે એને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ કહ્યું કે તું શરાબ પીએ છે તો તેણે ઈન્કાર નથી કર્યો. પોતાના ઈજતેહાદથી તેમણે એ મૌનને ઈકરાર સમજ્યો. અને એની સંભાવના છે કે અમીરના તરફથી તેમને હદ જારી કરવાની ઈજાઝત રહી હોય. વળી તે મુજતહિદ હતા તો શક્ય છે એમનો મઝહબ એ હોય કે જે અગ્રેસર આલિમ હોય તે હદ જારી કરી શકે છે.

### ★ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ કિતાબુલ્લાહના સૌથી મહાન આલિમ ★

حدیث ۲۳۴۶ عَنْ مَسْرُوْقٍ قَالَ عَبْدُ اللّٰهِ وَاللّٰهِ الَّذِیْ لَا اِلٰهَ غَیْرُہٗ مَا

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ કહ્યું, એ અલ્લાહની ક઼સમ ! **[હદીષ : ૨૩૪૬]**

اُنْزِلَتْ سُوْرَۃٌ مِّنْ کِتَابِ اللّٰهِ اِلَّا اَنَا اَعْلَمُ اَیْنَ اُنْزِلَتْ وَلَا اُنْزِلَتْ

*જેના સિવાય કોઈ મઅબૂદ નથી, કિતાબુલ્લાહની જે સૂરત પણ નાઝિલ થઈ એના બારામાં હું જાણું છું, ક્યાં*

آیَۃٌ مِّنْ کِتَابِ اللّٰهِ اِلَّا اَنَا اَعْلَمُ فِیْمَا اُنْزِلَتْ وَلَوْ اَعْلَمُ اَحَدًا

*નાઝિલ થઈ. અને કિતાબુલ્લાહની કોઈ આયત પણ નાઝિલ થઈ તો હું જાણુ છું, ક્યા બારામાં નાઝિલ થઈ.*

اَعْلَمَ مِنِّیْ بِکِتَابِ اللّٰهِ تُبَلِّغُہُ الْاِبِلُ لَرَکِبْتُ اِلَیْهِ -

*અને જો હું કોઈને જાણતો કે મારાથી વધુ કિતાબુલ્લાહનો ઈલ્મ ધરાવે છે અને તે દૂરદરાઝ હોત જ્યાં ઊંટ વડે*

*જવું પડતુ, હું સવાર થઈને તેની પાસે જાત."*

## હદીષ : ૨૩૪૬ની સમજૂતી

પ્રકરણ હતું સહાબાએ કિરામમાં ક઼ારીઓ કેટલા હતા ? એના અનુસંધાનમાં પહેલાં ઈમામ બુખારીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની એ હદીષ વર્ણવી કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે કુર્આન ચાર શખ્સો પાસેથી શીખો : ૧. અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ ૨. સાલિમ ૩. મઆઝ બિન જબલ ૪. ઉબય બિન કઅબ رضوان اللہ تعالٰی علیہم اجمعین. પરંતું આ સીમિત કરવા માટે નથી લખ્યું કેમ કે ચારેવ ખલીફાઓ પણ ક઼ારીઓમાં

સામેલ હતા. એ જ પ્રમાણે આ હદીષ પછી વર્ણન છે કે હઝરત અનસે ફર્માવ્યું કે કુર્આનને ચાર શખ્સો સિવાય અન્ય કોઈએ જમા નથી કર્યું : ૧. અબૂ દરદા ૨. મઆઝ બિન જબલ ૩. ઝયદ બિન ષાબિત અને ૪. અબૂ ઝયદ. એ પણ સીમિત કરવા માટે નથી, સારાંશ કે સંખ્યા નિર્દેશ હુજ્જત નથી. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે એમના ઉપરાંત ચારેવ ખલીફાઓ અને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ, ઓબાદા બિન સામિત, અબૂ ઐયૂબ અન્સારી, અબૂ મૂસા અશઅરી, કૈસ બિન અબી શઅષા, અમ્ર બિન ઝૈદ અન્સારી બદરી. તેમના ઉપરાંત અન્ય હઝરાતનાં નામો ગણાવ્યાં છે, ત્યાં સુધી કે ઉમ્મહાતુલ મોમિનીનમાંથી હઝરત આઈશા, હઝરત હફસા તથા હઝરત ઉમ્મે સલમા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને પણ ગણાવેલ છે.

**પ્રકરણ :"(કુલ્હુવલ્લાહ)ની ફઝીલતનું બયાન"** بَابُ فَضْلِ "قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ" صنه
–(પેજ : ૭૫૦)

حدیث ۲۳۴۷ عَنْ اَبِیْ سَعِیْدِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَجُلًا

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે એક સાહબે એક સાહબને સાંભળ્યા* **[હદીષ : ૨૩૪૭]**

سَمِعَ رَجُلًا يَقْرَأُ "قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ" يُرَدِّدُهَا فَلَمَّا اَصْبَحَ جَاءَ اِلٰى

*કે قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલ્હુવલ્લાહ) પઢી રહ્યા છે અને તેને વારંવાર દોહરાવી રહ્યા છે. તો જ્યારે સવાર થઈ*

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَ ذٰلِكَ لَهُ وَكَاَنَّ

*તો તેમણે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થઈને એનો ઉલ્લેખ કર્યો. તે સાહબ જાણે તેને ઓછુ*

الرَّجُلَ يَتَقَالُّهَا فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*સમજી રહ્યા હતા. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એ જાતની કસમ જેના કબજામાં મારી જાન છે !*

وَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ اِنَّهَا لَتَعْدِلُ ثُلُثَ الْقُرْاٰنِ ع‍ه

*એ ત્રીજા ભાગના કુર્આનના બરાબર છે."*

*(૨/૧૦૯૭ કિતાબુત્તૌહીદ, બાબુ દુઆઈન્નબી, ૨/૯૮૩ કિતાબુલ ઐમાન વન્નુઝૂર, બાબુ કૈફ કાનત યમીનુન્નબી)*

## હદીષ : ૨૩૪૭ની સમજૂતી

એના બાદવાળી રિવાયતમાં છે, તો એ સવાર સુધી કુલ્હુવલ્લાહ પઢતા રહ્યા, એના પર કાંઈ વધારો ન કર્યો, અને ત્રીજી રિવાયતમાં એ છે કે નબી ﷺએ પોતાના સહાબાથી ફર્માવ્યું કે શું તમે એનાથી લાચાર છો કે એક રાતમાં ૧/૩ કુર્આન પઢો ? એ લોકો પર ભારે લાગ્યું. લોકોએ અર્ઝ કરી, અમારામાંથી કોણ એની શક્તિ ધરાવે છે યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, اللّٰه الواحد الصمد (અલ્લાહુલ વાહિદુસ્સમદ) ત્રીજા ભાગનું કુર્આન છે. મુરાદ એ છે કે એનો સવાબ ૧/૩ કુર્આન પઢવાના બરાબર છે.

**પ્રકરણ : "મુઅવ્વઝાતની ફઝીલતનું બયાન" –(૭૫૦)** بَابُ فَضْلِ الْمُعَوِّذَاتِ صنٹ

મુઅવ્વઝાતમાં કુલ અઊઝુબિ રબ્બિલ ફલક઼, કુલ અઊબિરબ્બિન્નાસની સાથે કુલ્હુવલ્લાહુ અહ઼દ પણ સામેલ છે એટલા માટે બહુવચનનો સેગો છે.

### ★ બીમાર પર દમ કરવા વિશે ★

٢٣٤٨ حديث عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ رَسُوْلَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે **[હદીષ : ૨૩૪૮]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا اشْتَكٰى يَقْرَءُ عَلٰى نَفْسِهٖ

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم જ્યારે બીમાર પડતા તો મુઅવ્વઝાત પઢીને પોતાની ઉપર દમ કરતા. પછી જ્યારે

بِالْمُعَوِّذَاتِ وَيَنْفُثُ فَلَمَّا اشْتَدَّ وَجْعُهٗ كُنْتُ اَقْرَاُ عَلَيْهِ

હુઝૂરની બીમારી સખત થઈ તો મેં હુઝૂર પર પઢી અને હુઝૂરના હાથને હુઝૂરના શરીર પર

وَاَمْسَحُ بِيَدِهٖ رَجَاءَ بَرَكَتِهَا ع

ફેરવતી એની બરકતની ઉમ્મીદ છે." (મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ,ઈબ્ને માજહ–તિબ્બ)

٢٣٤٩ حديث عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે પોતાના બિછૌના **[હદીષ : ૨૩૪૯]**

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا اَوٰى إِلٰى فِرَاشِهٖ

પર તશરીફ લઈ જતા તો દર રાત્રે પોતાની હથેળીઓને ભેગી કરતા પછી એમાં ફૂંક મારતા

كُلَّ لَيْلَةٍ جَمَعَ كَفَّيْهِ ثُمَّ نَفَثَ فِيْهِمَا فَقَرَاَ فِيْهِمَا قُلْ هُوَ اللّٰهُ

પછી એમાં કુલહુવલ્લાહુ અહદ, કુલ અઊઝુ બિ રબ્બિલ ફલક઼ અને કુલ અઊઝુબિ રબ્બિન્નાસ પઢતા. પછી

اَحَدٌ وَقُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ وَقُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ثُمَّ يَمْسَحُ

જ્યાં સુધી હાથ પહોંચતો પોતાના શરીર પર હથેળીઓને ફેરવતા.

بِهِمَا مَا اسْتَطَاعَ مِنْ جَسَدِهٖ يَبْدَاُ بِهِمَا عَلٰى رَاْسِهٖ وَوَجْهِهٖ

શરૂ કરતા માથા તથા ચહેરાથી અને પોતાના શરીરના આગલા હિસ્સાથી,

**સમજૂતી : હદીષ : ૨૩૪૮–૨૩૪૯** કિતાબુત્તિબ્બની રિવાયતમાં છે કે ઉમ્મુલ મોમિનીને ફર્માવ્યું કે જ્યારે

وَمَا أَقْبَلَ مِنْ جَسَدِهٖ يَفْعَلُ ذٰلِكَ ثَلَاثَ مَرَّاتٍ عه

*ત્રણ વાર કરતા." (૨/૮૫૫ અત્તિબ્બ, ૨/૯૩૫ અદઅવાત)*

હુઝૂર ﷺ બીમાર પડતા તો મને હુકમ આપતા. હું એવું જ કરતી. યૂનુસે કહ્યું, હું જોતો હતો ઈબ્ને શહાબ પણ એવું જ કરતા હતા જ્યારે બિછૌના પર જતા.

મઝહરીએ શરહુલ મસાબીહમાં કહ્યું કે હદીષ એના માટે દલીલ પૂરી પાડે છે કે હુઝૂરે અક્દસ ﷺ પ્રથમ પોતાની હથેળીમાં ફૂંકતા, જ્યારે કે એવું કોઈએ નથી કહ્યું અને એમાં કોઈ ફાયદો નથી. લગભગ આ રાવીની સહ્વ (ભૂલ) છે. તિલાવત પછી ફૂંક મારવી જોઈએ જેથી કુર્આનની બરકત પહોંચે. અલ્લામા તયબીએ એના પર એ પકડ કરી કે જે રિવાયત સહીહ હોય એમાં તઅન (ટીકા) જાઈઝ નથી. વળી એ તાવીલ થઈ શકે છે કે فَقَرَأَ કિ્અર્તના ઈરાદાના અર્થમાં છે, જેમ કે આયતે કરીમા فَإِذَا قَرَأْتَ الْقُرْآنَ فَاسْتَعِذْ માં છે.

**અકૂલ** : હું કહું છું : આ તાવીલની પણ હાજત નથી જ્યારે રિવાયતમાં સ્પષ્ટતા છે કે હથેળીમાં ફૂંક મારવું કિ્રાઅતથી પહેલાં છે, એને સ્વીકારવામાં કોઈ વાંધો નથી, લગભગ એનાથી જાદૂગરોની મુખાલેફતનો હેતુ હશે કે તેઓ મંત્ર પઢીને પછી કોઈ ચીજને ફૂંક મારે છે.

**પ્રકરણ : "જેણે એવું કહ્યું કે નબી ﷺ એ દફ્ફતૈનની વચ્ચે જે કાંઈ છે એના સિવાય કાંઈ નથી છોડયું."** *–(૭૫૧)*

بَابُ مَنْ قَالَ لَمْ يَتْرُكِ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِلَّا مَا بَيْنَ الدَّفَّتَيْنِ ۷۵۱

**حدیث ۲۳۵۰** عَنْ عَبْدِ الْعَزِيْزِ بْنِ رُفَيْعٍ قَالَ دَخَلْتُ أَنَا وَشَدَّادُ بْنُ

*"અબ્દુલ અઝીઝ બિન રફીઅએ કહ્યું કે હું તથા શદ્દાદ બિન મઅકિલ,* **[હદીષ : ૨૩૫૦]**

مَعْقِلٍ عَلَى ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا فَقَالَ لَهٗ شَدَّادُ بْنُ

*ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની પાસે ગયા. તેમને શદ્દાદ બિન મઅકિ્લે પૂછ્યું, શું નબી ﷺ એ કાંઈ છોડયું*

مَعْقِلٍ أَتَرَكَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنْ شَيْءٍ قَالَ

*છે ? ફર્માવ્યું, દફ્ફતૈનની દરમિયાન જે કાંઈ છે તેના સિવાય કાંઈ નથી છોડયું. અબ્દુલ અઝીઝે કહ્યું,*

مَا تَرَكَ إِلَّا مَا بَيْنَ الدَّفَّتَيْنِ قَالَ وَدَخَلْنَا عَلٰى مُحَمَّدِ بْنِ الْحَنَفِيَّةِ

*અમે મુહમ્મદ બિન હનફિય્યહની પાસે ગયા અને એમને પણ પૂછ્યું તો તેમણે પણ એવું જ કહ્યું કે*

فَسَأَلْنَاهُ فَقَالَ مَا تَرَكَ إِلَّا مَا بَيْنَ الدَّفَّتَيْنِ ـ

*દફ્ફતૈનની દરમિયાન જે કાંઈ છે એના સિવાય અન્ય નથી છોડયું."*

**હદીષ : ૨૩૫૦ની સમજૂતી** **રાફઝીના ગલત અકી્દાની રદ** : રાફઝીઓ એવું કહે છે કે

કુર્આન મજીદ ૪૦ પારા હતા જેમાં એક સૂરએ ઈમામત પણ હતી. એ પારા સૂરએ ઈમામતની સાથે હુઝૂરે અક્દસ ﷺએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને અતા ફર્માવ્યા, એના ઉપરાંત અન્ય કાંઈ ખાસ પત્રો પણ અતા કર્યા હતા. એના અનુસંધાનમાં એ લોકોએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما અને હઝરત મુહમ્મદ બિન હનફિયા رحمۃ اللہ علیہથી પૂછયું, એ બંનેવ હઝરાતે રાફઝીઓના આ કૌલને રદિયો આપ્યો અને ફર્માવ્યું કે દફફતૈનના દરમિયાન જે કાંઈ છે તેના સિવાય કુર્આનનો કોઈ હિસ્સો કોઈની પાસે નથી.

## بَابُ فَضْلِ الْقُرْآنِ عَلٰى سَائِرِ الْكَلَامِ ص ۷۵۱

**પ્રકરણ : "કુર્આન મજીદની ફઝીલત સર્વ કલામ પર"** –(૭૫૧)

حدیث ۲۳۵۱ حَدَّثَنَا أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنْ أَبِي

**[હદીષ : ૨૩૫૧]** *"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે*

مُوسٰى رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*છે કે ફર્માવ્યું, એનો હાલ જે કુર્આન પઢે છે નારંગીના જેમ છે કે એનો સ્વાદ સારો છે અને એની*

قَالَ مَثَلُ الَّذِي يَقْرَأُ الْقُرْآنَ كَالْأُتْرُجَّةِ طَعْمُهَا طَيِّبٌ وَرِيحُهَا

*ગંધ પણ સારી છે. અને તે જે કુર્આન નથી પઢતો તે ખજૂરની જેમ છે કે તેનો સ્વાદ સારો છે અને*

طَيِّبٌ وَالَّذِي لَا يَقْرَأُ الْقُرْآنَ كَالتَّمْرَةِ طَعْمُهَا طَيِّبٌ وَلَا رِيحَ لَهَا

*એમાં ખુશ્બુ નથી. અને એ બદકારનું દષ્ટાંત જે કુર્આન પઢે છે ફૂલની જેમ છે, તેની ખૂશ્બુ સારી છે*

مَثَلُ الْفَاجِرِ الَّذِي يَقْرَأُ الْقُرْآنَ كَمَثَلِ الرَّيْحَانَةِ رِيحُهَا طَيِّبٌ

*પણ સ્વાદ કડવો છે. અને એ બદકારનું દષ્ટાંત કે જે કુર્આન નથી*

وَطَعْمُهَا مُرٌّ وَمَثَلُ الْفَاجِرِ الَّذِي لَا يَقْرَأُ الْقُرْآنَ كَمَثَلِ الْحَنْظَلَةِ

*પઢતો ઈન્દરાઈનના જેમ છે, એનો સ્વાદ કડવો છે*

طَعْمُهَا مُرٌّ وَلَا رِيحَ لَهَا ع

*અને એમાં કોઈ ખૂશ્બુ નથી."*

*(૨/૭૫૭ ફઝાઈલુલ કુર્આન, ૨/૮૧૬ બાબુ ઝિક્રિત્તઆમ, ૨/૧૧૨૮, તૌહીદ, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–અદબ, તિબ્રાની–ઈમ્બાલ, નિસાઈ–વલીમા, ઈબ્ને માજહ)*

**હદીષ : ૨૩૫૧ની સમજૂતી** પેજ ૭૫૭ પર જે રિવાયત છે એમાં એવું છે કે એ મોમિનનું દષ્ટાંત જે કુર્આન પઢે છે અને એના પર અમલ કરે છે નારંગીના જેમ છે તો એનો સ્વાદ પણ સારો છે અને ખુશ્બુ પણ સારી છે તેમજ કદમાં પણ જાડી હોય છે તેમજ જોવામાં સારી લાગે છે. તે જ પ્રમાણે જે મોમિન કુર્આન પઢે છે

તેના પર અમલ કરે છે તેનું જાહેર પણ સારું છે અને બાતિન પણ. અને તે મોમિન જે કુર્આન પઢતો નથી, પણ એના પર અમલ કરે છે તે ખજૂરના સમાન છે કે તેનો સ્વાદ સારો છે પણ તેમાં ખુશ્બુ નથી હોતી. અને આગળ ફાજિરને બદલે આ છે, એ મુનાફિક઼નું દષ્ટાંત જે કુર્આન પઢે છે ફૂલની જેમ છે. એનાથી જાહેર થયું કે ફાજિરથી મુરાદ મુનાફિક઼ છે. એની પણ શક્યતા છે કે ફાજિરથી મુરાદ આમ અર્થ છે અને મુનાફિક઼ પણ. એનો આમ અર્થ મુરાદ હોય એટલે કે અક઼ીદાની રૂએ મુનાફિક઼ અને અમલની રૂએ મુનાફિક઼. જાહેર છે કે જે મુસલમાન બદકાર હોય, કુર્આન પર અમલ નથી કરતો તો એનું કુર્આન પઢવું ફૂલની ખુશ્બુની જેમ છે અને બાતિન ફૂલના સ્વાદની જેમ કડવુ છે. ترجة નો તર્જુમો મિસ્બાહુલ લુગાતમાં لیموں કર્યો છે, પણ એ સહીહ નથી. મુન્જિદમાં છે કે لیموںના પ્રકારનું એક ફળ છે જેને લોકો كُبّاد કહે છે. અને كُبّادનો તર્જુમો મિસ્બાહમાં મોટુ લીંબુ છે.

بَابُ مَنْ لَمْ يَتَغَنَّ بِالْقُرْآنِ اَوَلَمْ يَكْفِهِمْ اِنَّا اَنْزَلْنَا عَلَيْكَ الْكِتَابَ ص٥١

**પ્રકરણ :** **"એનું વર્ણન જે કુર્આન ખુશઅવાઝીથી પઢે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદની તફસીર : શું એમને એ પૂરતુ નથી કે અમે એમના પર કિતાબ ઉતારી જે એમના પર પઢવામાં આવે છે."** *–અન્કબૂત–૫૧ (૭૫૧)*

## ★ કુર્આન સારા અવાજ તથા લહેજાથી પઢવામાં આવે ★

**પ્રકરણની સ્પષ્ટતા :** يتغنىથી શું મુરાદ છે એમાં બે ક઼ૌલ છે, એક એ કે કુર્આન એને બીજી કિતાબોથી બેનિયાઝ કરનાર છે. અને એક એ કે ખુશઆવાઝી કે સારા અવાજ તથા સારા લહેજાથી પઢવામાં આવે. ઈમામ બુખારીએ પ્રકરણમાં આયતે કરીમા વર્ણન કરીને એ ફાયદો કર્યો કે તેમની નજીક يتغنىથી મુરાદ "ગ઼િના" એટલે બેપરવા થવું છે. એટલે કે જે કુર્આન પર સંતોષ માને અને એના સિવાય બીજી કિતાબોની જરૂરત મેહસૂસ ન કરે. પરંતુ જમહૂરની નજીક સહીહ એ છે કે يتغنىથી મુરાદ સારા લહેજા અને ખુશ આવાઝીથી પઢવું છે. એનું સમર્થન આ હદીષથી પણ થાય છે જેમાં ઈમામ બુખારીએ કિતાબુત્તૌહીદમાં તઅલીકન વર્ણન કર્યું છે : زَيِّنُو الْقُرْآنَ بِاَصْوَاتِكُمْ કુર્આનને તમારા અવાજો વડે ઝીનત આપો (શણગારો). તેમજ એમાં જ આ હદીષ પણ વર્ણવી : مَا اَذِنَ اللّٰهُ لِشَيْءٍ مَا اذِنَ لِنَبِيِّ حُسْنَ الصَّوتِ بِالْقُرْآنِ يَجْهَرُبِهِ અલ્લાહ કોઈ ચીજને એટલી પસંદીદગીથી નથી સાંભળતો જેટલું કોઈ સારી અવાજવાળા નબીના બુલંદ અવાજથી કુર્આન પઢવાને સાંભળે છે.

حدیث ٢٣٥٢ اَخْبَرَنِيْ اَبُوْسَلَمَةَ بْنُ عَبْدِ الرَّحْمٰنِ عَنْ اَبِيْ هُرَيْرَةَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. તે કહેતા હતા કે* **[હદીષ : ૨૩૫૨]**

اَنَّهُ كَانَ يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહે કોઈ નબીનો ક઼ૌલ એટલી તવજ્જોહથી નથી સાંભળ્યો*

لَمْ يَاْذَنِ اللّٰهُ لِنَبِيِّ مَا اَذَنَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*જેટલો નબી ﷺના ખુશ અવાજથી કુર્આન પઢવાને સાંભળ્યું. તેમના એક સાથીએ કહ્યું કે*

يَتَغَنَّىٰ بِالْقُرْآنِ وَقَالَ صَاحِبٌ لَهُ يُرِيْدُ يَجْهَرُ بِهِ      قَالَ

*મુરાદ એ છે કે જ્યારે તે કુર્આન બુલંદ અવાજથી પઢે છે. સુફયાન ઈબ્ને ઓયૈનાએ કહ્યું,*

سُفْيَانُ تَفْسِيْرُهُ يَسْتَغْنِيْ بِهِ عنه

*એની તફસીર એ છે કે કુર્આન પર સંતોષ માને."*

*(૨/૧૧૧૫ તૌહીદ, બાબુ કૌલિહી વલા તન્ફઉશ્શફાઅતુ, ૨/૧૧૨૬ બાબુ કૌલિન્નબી ﷺ અલ્માહિરુ બિલ્કુર્આન)*

**હદીષ : ૨૩૫૨ની સમજૂતી**

**مَا اَذِنَ :** અઝન, ઝાલના ઝબર સાથે, એનો અર્થ છે, કોઈની વાતને ધ્યાનપૂર્વક સાંભળવી, કાન લગાડવા. અલ્લાહ તઆલા એનાથી પાક છે. આ પણ મુતશાબેહાતમાંથી છે. એનો અસલી અર્થ અલ્લાહ અને તેના રસૂલ જાણે. તાવીલમાં એવું કહેવામાં આવે છે કે મુરાદ ખાસ રહમતનો નુઝૂલ છે અને કારીનો ઈકરામ અને તેને વધુમાં વધુ સવાબ આપવું મુરાદ છે. અને એની પણ સંભાવના છે કે "અઝેન" ઝાલના ઝેરની સાથે હોય જેનો અર્થ ઈજાઝત આપવું છે. હવે એનો અર્થ એ થશે કે અલ્લાહ તઆલાએ કોઈ નબીને تَغَنِّى એટલે સારા લહેજા સાથે પઢવાની ઈજાઝત નથી આપી. હા ! નબી ﷺને એની ઈજાઝત આપી કે કુર્આન મજીદ સારા લહેજાની સાથે પઢે.

**صاحب له :** એની પણ સંભાવના છે કે સાહબથી મુરાદ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہના કોઈ શાગિર્દ હોય. પરંતુ ફત્હુલબારી તથા અયની વગેરેએ કહ્યું કે "લહૂ"ની ઝમીર અબૂ સલ્માની તરફ પલ્ટી રહી છે અને મુરાદ અબ્દુલહમીદ બિન અબ્દુર્રહમાન બિન ઝયદ બિન ખત્તાબ છે. જેવું કે ઝુબૈદીએ ઈબ્ને શહાબથી આ જ હદીષમાં રિવાયત કરી છે. يجهرથી મુરાદ એ છે કે અવાજને સારો બનાવીને, સારા લહેજામાં મોટા અવાજથી પઢે. અને સુફયાન ઈબ્ને ઓયૈનાએ يتغنى بالقرآنની તફસીર يستغنى به એટલે કુર્આનના હોવા છતાં અન્ય કિતાબોથી બેનિયાઝ થઈ જાય, પછી કુર્આન પર સંતોષ માને.

بَابُ اِغْتِبَاطِ صَاحِبِ الْقُرْآنِ ص٧٥١

**પ્રકરણ : "સાહિબે કુર્આન પર રશ્ક થવું"** *–(૭૫૧)*

٢٣٥٣ حديث      حَدَّثَنِيْ سَالِمُ بْنُ عَبْدِ اللّٰهِ اَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને*      **[હદીષ : ૨૩૫૩]**

رَضِيَ اللّٰهُ عَنْهُمَا قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*એવું ફર્માવતાં સાંભળ્યા, હસદ નથી પણ બે પર : એક તે શખ્સ જેને અલ્લાહે કિતાબ*

وَسَلَّمَ يَقُوْلُ لَا حَسَدَ اِلَّا عَلَى اثْنَتَيْنِ رَجُلٌ اٰتَاهُ اللّٰهُ الْكِتَابَ

*આપી તે તેના પર રાતભર કાયમ છે, અને તે શખ્સ જેને*

وَقَامَ بِهٖ اٰنَاءَ اللَّيْلِ وَرَجُلٌ اٰتَاهُ اللّٰهُ مَالًا فَهُوَ يَتَصَدَّقُ بِهٖ

*માલ આપ્યો અને તે રાત દિવસ*

اٰنَاءَ اللَّيْلِ وَالنَّهَارِ ؏

*સદક઼ો કરે છે." (૨/૧૧૨૩ તૌહીદ, ક઼ૌલુન્નબી રજુલુન્ આતાહુલ્લાહુલ કુર્આન)*

حدیث ۲۳۵۴ سَمِعْتُ ذَكْوَانَ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ* رضی اللہ عنہ *થી રિવાયત છે કે રસૂલુલ્લાહ* صلی اللہ علیہ وسلم *એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૩૫૪]**

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَاحَسَدَ اِلَّا فِيْ

*હસદ નથી પણ બે શખ્સો પર : એક તે જેને અલ્લાહે કુર્આનનો ઈલ્મ આપ્યો તો તે દિન રાત એની*

اثْنَتَيْنِ رَجُلٌ عَلَّمَهُ اللّٰهُ الْقُرْاٰنَ فَهُوَ يَتْلُوْهُ اٰنَاءَ اللَّيْلِ وَاٰنَاءَ النَّهَارِ

*તિલાવત કરે છે, જેને એના પડોસીએ સાંભળી તો કહ્યું, કાશ ! કે મને પણ એના જેવું આપવામાં આવ્યું હોત*

فَسَمِعَهٗ جَارٌ لَّهٗ فَقَالَ لَيْتَنِيْ اُوْتِيْتُ مِثْلَ مَا اُوْتِيَ فُلَانٌ فَعَمِلْتُ

*જે ફલાણાને આપવામાં આવ્યું છે, તો હું પણ એના જેવો અમલ કરત. અને તે શખ્સ જેને અલ્લાહે માલ*

مِثْلَ مَا يَعْمَلُ وَرَجُلٌ اٰتَاهُ اللّٰهُ مَالًا فَهُوَ مُهْلِكُهٗ فِي الْحَقِّ فَقَالَ

*આપ્યો જેને તે રાહે હક્ક઼માં વાપરે છે જેને જોઈને એક શખ્સે કહ્યું, કાશ ! મને પણ એના જેમ આપવામાં*

رَجُلٌ لَيْتَنِيْ اُوْتِيْتُ مِثْلَ مَا اُوْتِيَ فُلَانٌ فَعَمِلْتُ مِثْلَ مَا يَعْمَلُ ؏

*આવ્યું હોત તો જેવું ફલાણાને આપ્યું છે તો હું પણ એના જેવો જ અમલ કરત."*

*(૨/૧૦૭૪ કિતાબુત્તમન્ની, બાબુ તમન્નીયુલ કુર્આન વલ્ઈલ્મ, ૨/૧૧૨૩ તૌહીદ)*

**હદીષ : ૨૩૫૪ની સમજૂતી** આ હદીષની સંપૂર્ણ સમજૂતી કિતાબુલ ઈલ્મમાં વર્ણન થઈ ચૂકી છે. "હસદ"નો અર્થ છે કોઈના ફઝ્લો કમાલને જોઈને એ તમન્ના કરવી કે તેનાથી દૂર થઈ જાય અને મને મળી જાય, એ **હરામ** છે. એટલા માટે હદીષની તાવીલ એ કરવામાં આવશે કે અહીં હસદથી મુરાદ غِبْطَه એટલે "રશ્ક" છે, એનો અર્થ એ છે કે કોઈના ફઝ્લો કમાલને જોઈને એ આરઝૂ કરવી કે મને પણ એ ફઝ્લો કમાલ મળે, એનાથી દૂર થયા વિના, તો એ જાઈઝ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષ આ અર્થની છે કે ફર્માવવામાં આવ્યું કે પડોસીએ એ જોઈને એવી તમન્ના કરી કે કાશ ! મને પણ એના જેવું આપવામાં આવતું. મિષ્લે શય એ શયનું વિરોધાભાસી હોય છે એટલા માટે બારીક ઈશારો છે કે એને જે ફઝ્લો કમાલ મળ્યો છે તે તેની પાસે રહે અને મને પણ એના જેવું અતા કરવામાં આવતું.

**પ્રકરણ : ''તમારામાં સૌથી બેહતર તે છે જેણે કુર્આનનો ઈલ્મ હાંસલ કર્યો અને અન્યોને તાલીમ આપી.''** –(૭૫૨)

بَابُ خَيْرُكُمْ مَنْ تَعَلَّمَ الْقُرْآنَ وَعَلَّمَهُ

حديث ٢٣٥٥

عَنْ أَبِي عَبْدِ الرَّحْمٰنِ السُّلَمِيِّ عَنْ عُثْمَانَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

''હઝરત ઉષ્માન رضی اللہ عنہ નબી ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું **[હદીષ : ૨૩૫૫]**

عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ خَيْرُكُمْ مَنْ تَعَلَّمَ

કે તમારામાં સૌથી બેહતર તે છે જે કુર્આનનો ઈલ્મ હાંસલ કરે અને બીજાને શીખવાડે. સઅદ બિન

الْقُرْآنَ وَعَلَّمَهُ قَالَ وَأَقْرَأَنِي أَبُو عَبْدِ الرَّحْمٰنِ فِي إِمْرَةِ عُثْمَانَ

ઓબૈદાએ કહ્યું કે મને અબૂ અબ્દુર્રહમાને હઝરત ઉષ્માનની ખિલાફતમાં પઢાવ્યું ત્યાં સુધી કે હજ્જાજ થયો.

حَتّٰى كَانَ الْحَجَّاجُ قَالَ وَذَاكَ الَّذِي أَقْعَدَنِي مَقْعَدِي هٰذَا

તેમણે કહ્યું, એ જ ચીજે મને આ જગાએ બેસાડયો છે.''

(અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–ફઝાઈલે કુર્આન, નિસાઈ–ફઝાઈલે કુર્આન, ઈબ્ને માજહ–સુન્નત)

## હદીષ : ૨૩૫૫ની સમજૂતી

એના પછીની રિવાયતમાં છે : اِنَّ اَفْضَلَكُمْ مَنْ تَعَلَّمَ الْقُرْآنَ وَعَلَّمَهُ એટલે તમારામાં સૌથી અફઝલ તે છે જેણે કુર્આનનો ઈલ્મ હાંસલ કર્યો અને બીજાને તાલીમ આપી.

قَالَ وَاَقْرَأَنِي : એટલે કે મને અબૂ અબ્દુર્રહમાને હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની ખિલાફતના સમયમાં પઢાવ્યું, અને તે ત્યારથી લઈને આજ સુધી જ્યારે કે હજ્જાજની હુકૂમત કાયમ છે તે લોકોને કુર્આન પઢાવી રહ્યા છે. હઝરત ઉષ્માનની શહાદત અને હજ્જાજના વાલીપણાની શરૂઆતના વચ્ચે ૩૮ વરસોની મુદ્દત છે. મતલબ એ છે કે હઝરત અબૂ અબ્દુર્રહમાન સુલમી લોકોને એટલી મુદ્દતથી કુર્આનની તાલીમ આપી રહ્યા છે જે ૩૮ વરસથી વધુની છે. قَالَ وذاك الذى આ અબૂ અબ્દુર્રહમાન સુલમીનો કૌલ છે. એનો એક મતલબ એ છે કે તે એવું ફર્માવવા ચાહે છે કે કુર્આનની તાલીમની જે ફઝીલત વર્ણન થઈ એના કારણે હું આટલા લાંબા સમયથી કુર્આન પઢાવી રહ્યો છું. અને એક મતલબ એ પણ થઈ શકે છે કે 'ذا'નો ઈશારો આટલી લાંબી મુદ્દત સુધી કુર્આનની તાલીમ આપવાની પ્રતિ હોય, અને મુરાદ એ હોય કે આજે મારો જે મર્તબો છે તે એ કારણે છે કે હું આટલી મુદ્દતથી કુર્આનની તાલીમ આપી રહ્યો છું.

## بَابُ اِسْتِذْكَارِ الْقُرْآنِ وَتَعَاهُدِهٖ ص۲۵۳

**પ્રકરણ : "કુર્આનને યાદ કરતા રહેવું અને તેને પાબંદી સાથે પઢવું."** –(૭૫૨)

حدیث ۲۳۵۶ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ

**[હદીષ : ૨૩૫૬]** *"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ*

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّمَا مَثَلُ صَاحِبِ الْقُرْآنِ

*ફર્માવ્યું, કુર્આન યાદ કરનારાનું દષ્ટાંત બાંધેલા ઊંટની જેમ છે.*

كَمَثَلِ صَاحِبِ الْاِبِلِ الْمُعَقَّلَةِ اِنْ عَاهَدَ عَلَيْهَا اَمْسَكَهَا وَاِنْ اَطْلَقَهَا

*જો એની દેખભાળ કરતો રહેશે તો ઊંટને રોકેલ રહેશે અને*

ذَهَبَتْ ع

*જો છોડી મૂકશે તો ચાલ્યુ જશે." (મુસ્લિમ–સલાત, તિર્મિઝી–ફઝાઈલ)*

حدیث ۲۳۵۷ عَنْ اَبِيْ وَائِلٍ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

**[હદીષ : ૨૩૫૭]** *"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે*

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِئْسَ مَا لِاَحَدِهِمْ اَنْ يَّقُوْلَ

*નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બુરી વાત છે કે કોઈ એવું કહે કે હું ફલાણી ફલાણી આયત ભૂલી ગયો, બલ્કે તે*

نَسِيْتُ اٰيَةَ كَيْتَ وَكَيْتَ بَلْ نُسِّيَ فَاسْتَذْكِرُوا الْقُرْآنَ فَاِنَّهٗ

*ભૂલાવી દેવામાં આવી. એટલા માટે કુર્આનને યાદ કરતા રહો કેમ કે તે લોકોના સીનાઓએથી ઝડપભેર*

اَشَدُّ تَفَصِّيًا مِّنْ صُدُوْرِ الرِّجَالِ مِنَ النَّعَمِ ع

*નીકળી જનારું છે જાનવરોના કરતાં."*

*(બાબુ નિસ્યાનિલ કુર્આન, પેજ–૭૫૩, મુસ્લિમ સલાત, તિર્મિઝી–કુર્આન, નિસાઈ, સલાત–ફઝાઈલુલ કુર્આન)*

**હદીષ : ૨૩૫૭ની સમજૂતી** بِئْسَ مَا એટલે એવું કહેવું નાપસંદીદા છે, સારું નથી, કેમ કે કોઈ એવું કહે કે હું ફલાણી ફલાણી આયત ભૂલી ગયો. કેમ કે એ કુર્આનની તિલાવતમાં ગફલત તથા સુસ્તીના પરિણામે થશે. તો એવું કહેવાનો મતલબ એ થયો કે જાણે તે એલાન કરી રહ્યો છે કે હું કુર્આનની તિલાવત પાબંદી સાથે નથી કરતો. અને એ પણ મતલબ થઈ શકે છે કે બુરી હાલતની તરફ પલટે, એટલે એ શખ્સનો હાલ બુરો છે જે કુર્આન યાદ કરીને ભૂલી જાય પછી એવું કહે કે હું ફલાણી ફલાણી આયત ભૂલી ગયો.

## بَابُ تَعْلِيمِ الصِّبْيَانِ الْقُرْآنَ ۵۳ھ

**પ્રકરણ : "બાળકોને કુર્આનની તાલીમનું બયાન" –(૭૫૩)**

حدیث ۲۳۵۸ عَنْ سَعِيْدِ ابْنِ جُبَيْرٍ قَالَ اِنَّ الَّذِيْ تَدْعُوْنَهُ الْمُفَصَّلَ

**[હદીષ : ૨૩૫૮]** *"સઈદ બિન ઝુબૈર رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું, જેને તમે*

هُوَ الْمُحْكَمُ قَالَ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا تُوُفِّيَ

*લોકો મુફસ્સલ કહો છો તે જ મોહકમ છે. અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું*

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَأَنَا ابْنُ عَشْرِ سِنِيْنَ

*કે રસૂલુલ્લાહ ﷺ નો વિસાલ થયો અને હું દસ વરસનો હતો*

وَقَدْ قَرَأْتُ الْمُحْكَمَ۔

*અને હું મોહકમ પઢી ચૂક્યો હતો."*

**હદીષ : ૨૩૫૮ની સમજૂતી** અહીં મોહકમથી મુરાદ તે આયતો છે જે મન્સૂખ ન હોય. આ રિવાયતમાં મુફસ્સલની તફસીર મોહકમ સાથે હઝરત સઈદ બિન જુબૈરની છે. અને એના બાદવાળી રિવાયતોમાં મોહકમની તફસીર મુફસ્સલની સાથે હઝરત ઈબ્ને અબ્બાસથી નકલ થયેલી છે. એનો સાર એ નીકળ્યો કે હઝરત સઈદ બિન જુબૈરે જે તફસીર કરી છે તે હઝરત ઈબ્ને અબ્બાસથી સાંભળીને કરી છે. એ રિવાયતમાં એવું છે કે રસૂલુલ્લાહ ﷺની વફાતના સમયે ઈબ્ને અબ્બાસ કહે છે, હું દસ વરસનો હતો એ સહીહ નથી, લગભગ કોઈ રાવીનો વહેમ છે. હુઝૂરે અકદસ ﷺના વિસાલના સમયે સહીહ રિવાયત પ્રમાણે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہની ઉમર તેર વરસની હતી.

## بَابُ مَدِّ الْقِرَاءَةِ ۵۴ھ

**પ્રકરણ : "કિરાઅતમાં મદનું બયાન" –(૭૫૪)**

حدیث ۲۳۵۹ حَدَّثَنَا قَتَادَةُ قَالَ سَأَلْتُ أَنَسَ بْنَ مَالِكٍ رَضِيَ اللّٰهُ

**[હદીષ : ૨૩૫૯]** *"કતાદાએ કહ્યું કે મેં અનસ બિન માલિક رضی اللہ عنہ થી નબી ﷺ ની*

تَعَالٰى عَنْهُ عَنْ قِرَاءَةِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ

*કિરાઅતના બારામાં પૂછયું તો ફર્માવ્યું,*

كَانَ يَمُدُّ مَدًّا۔

*'મદ'ની સાથે પઢતા હતા."*

٢٣٦٠
حديث
عَنْ قَتَادَةَ قَالَ سُئِلَ أَنَسٌ كَيْفَ كَانَتْ قِرَاءَةُ النَّبِيِّ

''ક઼તાદાએ કહ્યું કે અનસ رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યું કે નબી صلی اللہ علیہ وسلم ની **[હદીષ : ૨૩૬૦]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ كَانَتْ مَدًّا ثُمَّ قَرَأَ

*ક઼િરાઅત કેવી હતી, તો ફર્માવ્યું કે 'મદ'ની સાથે હતી. પછી બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢ્યું અને*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَيَمُدُّ بِبِسْمِ اللّٰهِ وَيَمُدُّ بِالرَّحْمٰنِ وَيَمُدُّ بِالرَّحِيْمِ

*બિસ્મિલ્લાહ પર અવાજ ખેંચ્યો અને રહ઼માન પર પણ ખેંચ્યું અને રહીમ પર પણ અવાજ ખેંચ્યો.''*

**હદીષ : ૨૩૬૦ની સમજૂતી** મુરાદ એ છે કે દરેક હર્ફ (અક્ષર)ને અરબના તલફ્ફુઝ (ઉચ્ચાર)ના પ્રમાણે જેટલો ખેંચવો જોઈએ એટલો ખેંચીને અદા કરતા હતા. તે અવાજને વધુ ખેંચતા. ક઼ુર્રા (ક઼ારીઓ)ની નજીક 'મદ'ના બે પ્રકાર છે : તબઈ તથા સબબી. તબઈ ત્રણ જગા છે. હરફે ઈલ્લત સાકિન. જેના આગળની હરકત તેના પ્રમાણે હોય. વાવ કે અલિફ. એમને બીજા હર્ફો કરતાં ડબલ અદા કરવામાં આવશે. બીજા સબબી, એના બે પ્રકાર છે. મદ્દે લાઝિમ : હર્ફે, ઈલ્લત સાકિનના પહેલાં જેની હરકત એના પ્રમાણે હોય એના પછી હમ્ઝા હોય, જેમ કે جَآءَ. ગૈર લાઝિમ : જેમાં આવા હર્ફે ઈલ્લત પછી કોઈ હર્ફ સાકિન હોય, જેમ કે ضَآلِّيْنَ એવા મદને બીજા હર્ફો કરતાં ત્રણ ગણાથી પાંચ ગણા સુધી દરાઝ (લાંબુ) પઢવામાં આવે છે. ઈસ્મે જલાલત પર તાઝીમની રૂએ મદ પઢવામાં આવે છે. હદીષનો મતલબ એ છે કે જ્યાં જેવો મદ હોવો જોઈએ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એના પ્રમાણે મદ કર્યા કરતા હતા. દા.ત. બિસ્મિલ્લાહ પર ઈસ્મે જલાલતનો મદ અને રહ઼માનના અલિફ પર મદ્દે તબઈ અને રહીમમાં વક઼્ફની લીધે મદ્દે સબબી પેદા થઈ જતુ એમાં એ પ્રકારનો મદ કરતા.

بَابُ حُسْنِ الصَّوْتِ بِالْقِرَاءَةِ ۵۵۵

**પ્રકરણ : ''કુર્આન પઢતી વખતે અવાજ સારો કરવો.''** –*(૭૫૫)*

٢٣٦١
حديث
عَنْ أَبِيْ مُوْسٰى رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

''હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ તેમને ફર્માવ્યું, **[હદીષ : ૨૩૬૧]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَهٗ يَا أَبَا مُوْسٰى لَقَدْ أُوْتِيْتَ مِزْمَارًا مِنْ

*હે અબૂ મૂસા ! તમને દાઊદ علیہ السلام ના વાજિંત્રોમાંથી એક વાજિંત્ર આપવામાં*

مَزَامِيْرِ آلِ دَاوٗدَ عَلَيْهِ

*આવ્યું છે.'' (મુસ્લિમ–મુસાફિરીન, તિર્મિઝી–મનાક઼િબ, નિસાઈ–ઈફતેતાહ, ઈબ્ને માજહ–ઈક઼ામહ, મુસ્નદે અહમદ, ભાગ–૨)*

**હદીષ : ૨૩૬૧ની સમજૂતી** મિઝમારનો અર્થ વાંસળી છે, અહીં મુરાદ ખુશ આવાઝી (મધુર કંઠ) છે. અને આલે દાઊદમાં આલે મક઼્હમ છે, મુરાદ હઝરત દાઊદ علیہ السلام છે. એટલા માટે તેમની ઔલાદમાં

કોઈના બારામાં રિવાયત થઈ નથી કે એનો અવાજ આટલો સારો રહ્યો હોય. **હઝરત દાઊદ** علیہ السلام **ઝબૂરને ૭૦ લહેજામાં પઢતા હતા અને એવું ઉમદા પઢતા હતા કે ગમગીન માણસ પણ સાંભળીને ખુશીમાં ઝુમી ઉઠતો અને જ્યારે પઢતા તો એમના પર ગિર્યા (રૂદન) છવાઈ જતું તો જમીન તથા પાણીનાં સર્વ જાનવરો ખામોશ થઈ જતાં અને તેને ધ્યાનપૂર્વક સાંભળતાં અને રડતાં.**

## بَابٌ اِقْرَؤُا الْقُرْآنَ مَا ائْتَلَفَتْ قُلُوْبُكُمْ ص

**પ્રકરણ : "તે સમય સુધી કુર્આન પઢો જ્યાં સુધી દિલ જામેલુ રહે"** *–(૭૫૭)*

**حدیث ٢٣٦٢** عَنْ اَبِیْ عِمْرَانَ الْجُوْنِیِّ عَنْ جُنْدُبِ بْنِ عَبْدِ اللّٰهِ عَنِ

*"જુન્દુબ બિન અબ્દુલ્લાહ* رضی اللہ عنہ *નબી* صلی اللہ علیہ وسلم *થી રિવાયત કરે છે કે ફર્માવ્યું,* **[હદીષ : ૨૩૬૨]**

النَّبِیِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِقْرَؤُا الْقُرْآنَ مَا ائْتَلَفَتْ

*જ્યાં સુધી દિલ જામેલુ રહે કુર્આન પઢો અને જ્યારે દિલ ઉચાટ અનુભવે*

قُلُوْبُكُمْ فَاِذَا اخْتَلَفْتُمْ فَقُوْمُوْا عَنْهُ عـه

*(ઉકતાઈ જાય) તો ઉઠી જાવ." (એનાથી મુત્તસિલ અલ્એઅ્તિસામ બિલ્કિતાબ વસ્સુન્નહ, બાબુ કરાહિયતિલ ઈખ્તિલાફ, પેજ–૧૦૯૫ બે તરીકાથી, મુસ્લિમ–કદર, નિસાઈ–ફઝાઈલુલ કુર્આન)*

**હદીષ : ૨૩૬૨ની સમજૂતી** આ હદીષની સનદમાં બે મતભેદ છે. એક એ કે હઝરત જુન્દુબ બિન અબ્દુલ્લાહથી મરવી છે કે પછી હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ થી. મશહૂર તથા અધિક પ્રમાણમાં રિવાયત એ છે કે હઝરત જુન્દુબથી મરવી છે. જેમ કે ઈમામ બુખારીએ સલામ બિન અબૂ મુતીઅ, હારિષ બિન ઓબૈદ અને સઈદ બિન ઝૈદની મુતાબેઅત વર્ણવી કે આ સર્વ અબૂ ઈમરાનના તરીકાથી હઝરત જુન્દુબથી મરફુઅન રિવાયત કરે છે. તેમજ હમ્માદ બિન સલ્મા અને અબાન પણ હઝરત જુન્દુબથી રિવાયત કરે છે, પણ એ બંનેવ એને હઝરત જુન્દુબ પર મૌકૂફ બતાવે છે. અને ગુન્દુરે શુઅબાથી અબૂ ઈમરાનથી જ રિવાયત કર્યું કે મેં જુન્દુબથી આ સાંભળ્યું. એટલે ગુન્દુર પણ એને મૌકૂફ બતાવે છે. આ છ રાવીઓ એને જુન્દુબથી રિવાયત કરે છે, ત્રણ મરફુઅન બતાવે છે, ત્રણ મૌકૂફ બતાવે છે. અલ્બત્ત ઈબ્ને ઔન અન અબી ઈમરાન અન અબ્દુલ્લાહ બિન સામિત અન ઉમર રિવાયત કરે છે. ઈમામ બુખારીએ ફર્માવ્યું, અને જુન્દુબથી એની રિવાયત અધિક સહીહ તથા વધારે છે, એટલા માટે એ જ રાજેહ છે. અબૂ બક્ર બિન દાઊદે કહ્યું કે ઈબ્ને ઔને કદી ગલતી નથી કરી. પણ આ રિવાયતમાં સહીહ એ જ છે કે જુન્દુબથી મરવી છે. તેમજ સહીહ એ છે કે આ રિવાયત મરફૂઅ છે એટલા માટે કે એને મરફૂઅ બતાવવાવાળા ષિકહ તથા હાફિઝ છે. اِقْرَؤُا مَا ائْتَلَفَتْ એનો એક મતલબ એ છે કે જ્યાં સુધી તમને ખુશી હોય, દિલ તથા દિમાગ હાજર હોય એ સમય સુધી કુર્આન પઢો અને જ્યારે થાક લાગુ પડી જાય અને દિલ હાજર ન રહે તો પઢવાનુ છોડી દો. બીજો મતલબ એ છે કે જે કિરાઅત પર તમારા સાથીઓની એકમતિ હોય એને પઢો અને જો મતભેદ થઈ જાય તો ચૂપચાપ ત્યાંથી ઉઠી જાવ, ન તેનો ઈન્કાર કરો ન ઈકરાર. આ બીજી સંભાવનાના આધારે ઈમામ બુખારીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની તે હદીષ વર્ણન કરી જેમાં એવું છે કે તેમણે એક શખ્સને એક આયત પઢતાં સાંભળ્યો જેમને તેમણે ખુદ નબી صلی اللہ علیہ وسلم થી એનાથી વિરૂધ્ધ સાંભળી હતી, એને લઈને નબી صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા. હુઝૂર صلی اللہ علیہ وسلم એ બંનેની કિરાઅત સાંભળીને ફર્માવ્યું કે બંનેવ સહી છે.

بسم الله الرحمن الرحيم

# كتاب النكاح ص ٧٥٧

## (કિતાબુન્નિકાહ) ''નિકાહ વિશે પ્રકરણ'' –*(૭૫૭)*

માનવવંશની સલામતી જન્મ તથા પેદાઈશ પર છે અને દુનિયામાં સર્વ બુધ્ધિવાનો તથા સર્વ મઝહબોની સહમતિએ એનો પાયો નિકાહ પર છે. માનવી કોઈ પણ મઝહબનો હોય કોઈ પણ ક઼ૌમનો હોય તે પોતાની રીતે શાદી તથા વિવાહને જરૂરી ઠરાવે છે. વિના શાદી વિવાહ જો પુરૂષ તથા સ્ત્રી સંબંધ રાખે તો પૂરી દુનિયા એને ખરાબ સમજે છે. શાદી વિવાહ તથા નિકાહ માનવીની એક ફ઼િતરી (પ્રાકૃતિક) જરૂરત છે એટલા કારણે ઈસ્લામે નિકાહના નિયમો તથા ક઼ાનૂનો ઘણા જ વિગતવાર વર્ણન કર્યા છે. નિકાહની વિશિષ્ટતા એ છે કે સૌથી પ્રથમ ક઼રાર નિકાહનો ક઼રાર જ વજૂદમાં આવ્યો છે. હઝરત આદમ علیہ السلام તથા હઝરત હવ્વા આપસમાં અજનબી હતાં. નિકાહના ક઼રારના સબબે જ પતિ પત્નીના સંબંધમાં જોડાયાં. આ પ્રમાણે પ્રથમ ક઼રાર નિકાહનો ક઼રાર થયો, પ્રથમ સંબંધ જે અસ્તિત્વમાં આવ્યો તે પતિ પત્નીનો છે. અને નિકાહ એક પ્રકારે ઈબાદત છે અને એક પ્રકારે વહેવાર છે.

મધ્યમ સ્થિતિમાં એટલે કે ન વાસનાનો બહુ અધિક પ્રભાવ હોય ન નામર્દ હોય, અને મહેર તથા ભરણપોષણ પર શક્તિ ધરાવતો હોય તો નિકાહ કરવા **સુન્નતે મોઅક્કદા** છે. એ સ્થિતિમાં નિકાહ ન કરવા પર અડી રહેવું **ગુનોહ** છે. અને જો હરામથી બચવા અથવા સુન્નતના અનુસરણ તથા હુકમના પાલન અથવા ઔલાદ હાંસલ કરવાની નિય્યતથી નિકાહ કરશે તો સવાબ પણ મળશે. અને જો કેવળ લિજ્જત પામવા તથા વાસના સંતોષવા ખાતર હોય તો સવાબ નથી. વાસનાનો પ્રભાવ છે અને એનો ખાત્રીપૂર્વકનો અંદેશો છે કે જો નિકાહ નહીં કરે તો ઝિના અથવા હરામકારીમાં સપડાય જશે. અને મહેર તથા ભરણપોષણની શક્તિ પણ ધરાવતો હોય તો નિકાહ કરવા **વાજિબ** છે. અને જો એનું યક઼ીન હોય કે જો નિકાહ નહીં કરે તો હરામકારીમાં ચોક્કસ સપડાય જશે તો **નિકાહ કરવા ફ઼ર્ઝ** છે. અને જો એ અંદેશો છે કે જો નિકાહ કરશે તો ભરણ પોષણ આપી શકશે નહીં અથવા વાજિબ હક્કો અદા કરી શકશે નહીં, તો **મકરૂહ** છે. અને જો એ વાતોનું યક઼ીન હોય તો **હરામ** છે. **નિકાહ તથા એના હક઼ અદા કરવામાં અને ઔલાદની કેળવણીમાં મશગૂલ રહેવું નફ઼લોમાં મશગૂલ રહેવા કરતાં બેહતર છે.**

**પ્રકરણ : "નિકાહ માટે પ્રોત્સાહિત કરવાનું બયાન : અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે, સ્ત્રીઓમાંથી જે તમને પસંદ હોય તેમની સાથે નિકાહ કરો."** –(૭૫૭)

بَابُ التَّرْغِيبِ فِي النِّكَاحِ لِقَوْلِ اللَّهِ تَعَالَى فَانْكِحُوا مَا طَابَ لَكُمْ مِنَ النِّسَاءِ ص٧٥٧

**સમજૂતી :** અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું, આ આયતથી નિકાહ પ્રતિ આકર્ષણ આપવું એ રીતે સાબિત થાય છે કે فَانْكِحُوْا અમ્ર છે જે તલબ માટે દલીલ પૂરી પાડે છે. અને તલબનો અદના દરજો ઈસ્તિહબાબ (મુસ્તહબ હોવું) છે. અલ્લામા અયનીએ એના પર એ પીછો કર્યો કે અમને એ સ્વીકાર્ય નથી કે આ આયતમાં અમ્ર ઈસ્તિહબાબના માટે છે, એટલા માટે કે એનો સિયાક઼ (પૂર્વ વર્ણન) એ બયાન કરવાના માટે છે કે તમે એકથી અધિક સ્ત્રીઓ સાથે નિકાહ કરો અને એ એકમતિએ મુબાહ છે, મુસ્તહબ નથી. અને અમ્ર અધિકતર પ્રમાણમાં એબાહતના (મુબાહ હોવાના) માટે આવેલ છે. ઈર્શાદ છે : واذا حللتم فاصطادوا "જ્યારે એહરામ ખોલી દો તો શિકાર કરો." એના પર સૌની એકમતિ છે કે એ વખતે શિકાર મુસ્તહબ પણ નથી કેવળ મુબાહ છે.

حدیث ٢٣٦٣ أَخْبَرَنِي حُمَيْدُ بْنُ أَبِي حُمَيْدٍ الطَّوِيلُ أَنَّهُ سَمِعَ أَنَسَ ابْنَ

**[હદીષ : ૨૩૬૩]** *"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહે છે કે ત્રણ શખ્સો*

مَالِكٍ رَضِيَ اللَّهُ تَعَالَى عَنْهُ يَقُولُ جَاءَ ثَلَاثَةُ رَهْطٍ إِلَى بُيُوتِ أَزْوَاجِ

*નબી ﷺનાં અઝવાજ (બીવીઓ)નાં ઘરોની પાસે આવ્યા અને નબી ﷺની*

النَّبِيِّ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَسْأَلُونَ عَنْ عِبَادَةِ النَّبِيِّ صَلَّى

*ઈબાદત વિશે પૂછવા લાગ્યા. જ્યારે એમને બતાવવામાં આવ્યું તો એવું મુહસૂસ થયું કે*

اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا أُخْبِرُوا كَأَنَّهُمْ تَقَالُّوهَا فَقَالُوا وَأَيْنَ

*જાણે તેમણે હુઝૂરની ઈબાદતને ઓછી સમજી. અને તેમણે કહ્યું, હુઝૂરની સામે અમે લોકો શું છીએ !*

نَحْنُ مِنَ النَّبِيِّ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَدْ غُفِرَ لَهُ مَا تَقَدَّمَ

*એમને પાછલા જમાનામાં પણ અને ભાવિમાં પણ ગુનાહોથી બચાવી લેવામાં આવ્યા છે.*

مِنْ ذَنْبِهِ وَمَا تَأَخَّرَ قَالَ أَحَدُهُمْ أَمَّا أَنَا فَإِنِّي أُصَلِّي اللَّيْلَ أَبَدًا

*એમનામાંથી એકે કહ્યું, હું રાતભર નમાઝ પઢીશ ! બીજાએ કહ્યું, હું હમેશાં રોઝા રાખીશ,*

وَقَالَ آخَرُ أَنَا أَصُومُ الدَّهْرَ وَلَا أُفْطِرُ وَقَالَ آخَرُ وَأَنَا أَعْتَزِلُ

*કદી છોડીશ નહીં. ત્રીજાએ કહ્યું, હું સ્ત્રીઓથી અલગ રહીશ કદાપિ શાદી નહીં કરું. ત્યારબાદ*

النِّسَاءَ فَلَا أَتَزَوَّجُ أَبَدًا فَجَاءَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*રસૂલુલ્લાહ ﷺ તેમની પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, તમે લોકોએ આવું કહ્યું છે ?*

وَسَلَّمَ إِلَيْهِمْ فَقَالَ أَنْتُمُ الَّذِيْنَ قُلْتُمْ كَذَا وَكَذَا أَمَا وَاللّٰهِ إِنِّي

*સાંભળો ! હું તમારા લોકો કરતાં અધિક અલ્લાહથી ડરનારો છું, છતાં પણ હું રોઝા રાખુ છું*

لَأَخْشَاكُمْ لِلّٰهِ وَأَتْقَاكُمْ لَهُ لٰكِنِّيْ أَصُوْمُ وَأُفْطِرُ وَأُصَلِّيْ وَأَرْقُدُ

*અને છોડુ છું, અને નમાઝ પઢુ છું અને સૂવું છું, અને સ્ત્રીઓ સાથે નિકાહ કરું છું.*

وَأَتَزَوَّجُ النِّسَاءَ فَمَنْ رَغِبَ عَنْ سُنَّتِيْ فَلَيْسَ مِنِّيْ ۔

*જે મારી સુન્નતથી વિરૂધ્ધ વર્તે તે અમારામાંથી નથી.''*

## હદીષ : ૨૩૬૩ની સમજૂતી

એના જ સમાનાર્થી એક હદીષ કિતાબુલ ઈમાનના શરૂમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે ત્યાં એના પર વિગતવાર વર્ણન થઈ ચૂક્યું છે. غَفَرَ નો અર્થ سَتَرَ પણ છે. મુરાદ એ છે કે હુઝૂર મઅસૂમ છે. હુઝૂરથી ગુનોહ અસ્તિત્વમાં નથી આવી શક્તો એટલા માટે હુઝૂર ﷺ ઓછી ઈબાદત કરે છે. હુઝૂરે અક્દસ ﷺએ જે જવાબ ઈર્શાદ ફર્માવ્યો તે બલાગતના એજાઝની હદ સુધી પહોંચેલ છે. મતલબ એ છે કે ઈબાદત માટે પ્રોત્સાહિત કરનાર મઅબૂદની અઝમતનો અક઼ીદો અને તેનો ખૌફ છે. બંદાના દિલમાં મઅબૂદની જેટલા પ્રમાણમાં અધિક અઝમત (ઉચ્ચતા) હશે જેટલો અધિક ખૌફ હશે એટલો અધિક પ્રમાણમાં તેની ઈબાદત કરશે. કેમ કે હું તમારા સૌના કરતાં અલ્લાહની અધિક મઅરેફત ધરાવું છું જેમ કે ઉમ્મુલ મો'મિનીનની હદીષમાં અઅ્લમુકુમ બિલ્લાહ છે. અને તમારા કરતાં સૌથી વધુ ડર પણ મારા દિલમાં છે એટલા માટે હું તમારા સૌના કરતાં અધિક અલ્લાહની ઈબાદત કરું છું. અસલ ઈબાદત મારી ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) છે. હું રોઝો રાખુ પણ છું અને છોડુ પણ છું, રાત્રે નમાઝ પઢુ છું અને સૂવુ પણ છું, અને સ્ત્રીઓ સાથે નિકાહ કરેલ છું. એ સૌ ઈબાદત છે, જે મારા તરીક઼ાથી વિરૂધ્ધ કરે તે અમારામાંથી નથી.

**ફાયદો** : નિકાહના ખુત્બામાં આ હદીષ પઢવામાં આવે છે : اَلنِّكَاحُ مِنْ سُنَّتِيْ فَمَنْ رَغِبَ عَنْ سُنَّتِيْ فَلَيْسَ مِنِّيْ આ બંનેવ ટુકડા એકઠા શબ્દો સાથે મને ક્યાંય નથી મળ્યા. બંનેવ જગાએ અલગ અલગ છે. અહીં આ પ્રમાણે છે : فَمَنْ رَغِبَ عَنْ سُنَّتِيْ فَلَيْسَ مِنِّيْ હા ! ઈબ્ને માજામાં છે : اَلنِّكَاحُ مِنْ سُنَّتِيْ فَمَنْ لَمْ يَعْمَلْ بِسُنَّتِيْ فَلَيْسَ مِنِّيْ છે. *(અન્નિકાહ બાબુ માજાઅ ફી ફદ્‌લિન્નિકાહ, પેજ–૧૩૪)*

મુરાદ એ છે કે જે મારા તરીક઼ાથી એને હલકુ અને મામૂલી જાણીને વિમુખ થાય તે અમારા ગિરોહમાંથી નથી, અથવા મુરાદ એ છે કે મારા તરીક઼ાથી વિરૂધ્ધ જઈને કોઈ અન્ય તરીક઼ો અપનાવે. દા.ત. રહબાનિયત (સન્યાસ) અપનાવે એ અક઼ીદાની સાથે કે રહબાનિયત નિકાહથી બેહતર છે.

حديث ٢٣٦٤ أَخْبَرَنِي عَطَاءٌ قَالَ حَضَرْنَا مَعَ ابْنِ عَبَّاسٍ جَنَازَةَ

"અતાએ કહ્યું, હઝરત ઈબ્ને અબ્બાસની સાથે અમે લોકો હઝરત મૈમૂનાના **[હદીષ : ૨૩૬૪]**

مَيْمُونَةَ بِسَرِفَ فَقَالَ ابْنُ عَبَّاسٍ هٰذِهٖ زَوْجَةُ النَّبِيِّ صَلَّى اللّٰهُ

જનાઝા પર સરફમાં હાજર હતા. ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَاِذَا رَفَعْتُمْ نَعْشَهَا فَلَا تُزَعْزِعُوْهَا وَلَا تُزَلْزِلُوْهَا

આ નબી ﷺની ઝવજહ (પત્ની) છે. જ્યારે તમે એમના જનાઝાને ઉઠાવો તો એને

وَارْفُقُوْا فَاِنَّهٗ كَانَ عِنْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تِسْعٌ

હલાવશો નહીં, આહિસ્તાથી ઉઠાવશો. નબી ﷺની નવ પત્નીઓ હતી,

كَانَ يَقْسِمُ لِثَمَانٍ وَلَا يَقْسِمُ لِوَاحِدَةٍ ع

આઠની વારી નિશ્ચિત હતી અને એકની નહીં. (મુસ્લિમ–નિકાહ, નિસાઈ–નિકાહ)

## હદીષ : ૨૩૬૪ની સમજૂતી

### ★ ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا ★

سرف મક્કા મોઅઝ્ઝમાની નજીક બાર માઈલના અંતરે એક જગાનું નામ છે. આ જગાની વિશિષ્ટતા એ છે કે એ જ જગાએ હિ.સ. ૯માં હુઝૂરે અક્દસ ﷺએ એહરામની હાલતમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂનાથી નિકાહ કર્યો હતો અને પછી મક્કાથી વાપસી પછી એ જ જગાએ એમની સાથે સુહાગરાત કરી અને ત્યાં જ હિ.સ. ૫૧ અથવા ૫૩ અથવા હિ.સ. ૬૬માં એમનો વિસાલ થયો અને અહીં તે દફન થયેલ છે. એ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનાં માસી પણ હતાં.

تِسْعٌ એટલે કે વિસાલના સમયે હુઝૂરે અક્દસ ﷺની ઝવજિયતમાં (પત્નીપણામાં) નવ સ્ત્રીઓ હતી. હઝરત સૌદા, આઈશા, હફસા, ઉમ્મે સલ્મા, ઝૈનબ બિન્તે જહશ, ઉમ્મે હબીબા, જુવૈરિયા, સફિય્યા, મૈમૂના رضوان اللہ تعالیٰ علیہم اجمعین. એમનામાંથી ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદા رضی اللہ عنہاએ પોતાની વારી ખુશીભેર ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاને ભેટ ધરી દીધી હતી. એટલા માટે વારી કેવળ આઠ બીવીઓની હતી. અઝવાજે મુતહ્હરાતની કુલ સંખ્યા ૧૧ છે. નવ આ તથા ઉમ્મુલ મોમિનીન હઝરત ખદીજતુલ કુબરા અને ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا.

### ★ એકથી વધુ પત્નીઓને બુરુ સમજવું ગલત ★

હઝરત ખદીજાનો વિસાલ મક્કા મોઅઝ્ઝમામાં જ થયો હતો અને ઝયનબ બિન્તે ખુઝૈમાથી નિકાહ

મદીના તયબહમાં થયો અને હુઝૂરે અક્દસ ﷺની જાહેરી હયાતમાં મદીના તયબહમાં જ હિ.સ. ૪માં વિસાલ થઈ ગયો હતો. ચારથી અધિક સ્ત્રીઓ સાથે એક સાથે નિકાહ એ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. ઉમ્મતી માટે ચાર કરતાં વધુની ઈજાઝત નથી. કષરતે નિસાઅ (સ્ત્રીઓની સંખ્યા)નું પ્રકરણ રચીને ઈમામ બુખારીએ એ ફાયદો કર્યો કે સંખ્યા જેટલી શરીઅતે ઈજાઝત આપી છે એટલી બીવીઓ કરવી બુરુ નથી, બલ્કે સારી નિય્યત સાથે મુસ્તહસન છે, બલ્કે અમુકવાર એકથી વધુ સ્ત્રીઓ કરવી જરૂરી થઈ જાય છે. આપણા હિંદુસ્તાનના મુસલમાનો પર હિંદુ સંસ્કૃતિ સવાર છે એટલા માટે એકથી વધુ પત્નીઓને બુરુ સમજવામાં આવે છે, એટલું કે જો કોઈ એકથી વધુ પત્ની કરી લે તો એના પર જાત જાતની ટીકાઓ કરવામાં આવે છે, આવુ કરવું ઈસ્લામી તા'લીમાતની વિરૂધ્ધ છે. બલ્કે હિંદુસ્તાનમાં જે લોકોને શક્તિ હોય તેમના માટે મુનાસિબ છે કે એકથી વધુ પત્નીઓ કરે જેથી મુસલમાનોની સંખ્યા વધે. મારું માનવું એવું છે કે જો કોઈ મુસલમાનોની સંખ્યા વધારવાની નિય્યતથી એકથી વધુ સ્ત્રીઓ સાથે નિકાહ કરે અને તેમની વચ્ચે અદ્લ કરે તો તે સવાબનો હક્કદાર છે.

**★ ઉમ્મતના સૌથી બેહતર સૌથી વધુ પત્નીવાળા ★**

حدیث ۲۳۶۵ عَنْ سَعِيدِ ابْنِ جُبَيْرٍ قَالَ قَالَ لِي ابْنُ عَبَّاسٍ هَلْ تَزَوَّجْتَ

*"સઈદ બિન જુબૈર رضی اللہ عنہ થી રિવાયત છે કે મને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ* **[હદીષ : ૨૩૬૫]**

قُلْتُ لَا قَالَ فَتَزَوَّجْ فَإِنَّ خَيْرَ هٰذِهِ الْأُمَّةِ أَكْثَرُهَا نِسَاءً

*પૂછયું, શું તેં શાદી કરી છે ? મેં કહ્યું, નહીં ! ફર્માવ્યું, શાદી કરી લે એટલા માટે કે*

***આ ઉમ્મતના સૌથી બેહતર સૌથી વધુ પત્નીઓવાળા હતા."***

**હદીષ : ૨૩૬૫ની સમજૂતી** એનાથી મુરાદ હુઝૂરે અક્દસ ﷺ છે. هٰذِهِ الْأُمَّةِની કૈદથી હઝરત દાઉદ علیہ السلام નીકળી ગયા. કે એમની ૯૯ પત્નીઓ હતી. અને હઝરત સુલૈમાન علیہ السلام પણ જેમની એક હજાર પત્નીઓ હતી. ૩૦૦ આઝાદ અને ૭૦૦ લોંડીઓ. એની પણ સંભાવના છે કે ઉમ્મતથી મુરાદ ઉમ્મતે મુહમ્મદ ﷺ હોય. મતલબ એ છે કે આ ઉમ્મતમાં જેમની અધિક પત્નીઓ હશે તે સૌથી બેહતર હશે જ્યારે કે અન્ય કોઈ અગ્રતા આપવાનું કારણ ન હોય.

بَابُ مَا يُكْرَهُ مِنَ التَّبَتُّلِ وَالْخِصَاءِ ۷۵۹

**પ્રકરણ : "કુંવારા રહેવું તથા ખસ્સી થવું મકરૂહ છે."** –(૭૫૯)

حدیث ۲۳۶۶ سَمِعْتُ سَعْدَ ابْنَ أَبِي وَقَّاصٍ رَضِيَ اللّٰهُ عَنْهُ يَقُولُ رَدَّ

*"હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ* **[હદીષ : ૨૩૬૬]**

رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَلَى عُثْمَانَ ابْنِ مَظْعُونٍ

*ઉષ્માન ઈબ્ને મઅઝૂનની ગૈર શાદીશુદા રહેવાની દરખાસ્તને રદ કરી આપી,*

التبتل ولو اذن له لاختصينا۔

જો તેમને ઈજાઝત આપી દેત તો અમે ખસ્સી થઈ જાત."

حدیث ۲۳٦۷ قال عبد الله كنا نغزو مع رسول الله صلى الله تعالى

[હદીષ : ૨૩૬૭] "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે કહ્યું, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે

عليه وسلم وليس لنا شيئ فقلنا الا نستخصى فنهانا عن ذلك

રહીને ગઝવહ (જંગ જેમાં હુઝૂર હોય) કરતા હતા, અને અમારી પાસે કાંઈ ન હતું. તો અમે અર્ઝ કર્યું, શું

ثم رخص لنا ان ننكح المرأة بالثوب ثم قرأ علينا يا ايها الذين

અમે ખસ્સી ન થઈ જઈએ ? તો અમને એનાથી મના ફર્માવ્યું. પછી અમને રુખસત આપી કે અમે સ્ત્રી સાથે

آمنوا لا تحرموا طيبات ما احل الله لكم ولا تعتدوا ان الله

કપડાંના બદલામાં નિકાહ કરીએ. પછી અમારા સમક્ષ આ આયત તિલાવત કરી, ઈમાનવાળાઓ ! એ પાક

لا يحب المعتدين۔

ચીજોને હરામ ન કરો જે અલ્લાહે તમારા માટે હલાલ ફર્માવી છે અને હદથી આગળ ન વધો,

બેશક ! અલ્લાહ હદથી આગળ વધનારાઓને દોસ્ત નથી રાખતો."

**હદીષ : ૨૩૬૭ની સમજૂતી** بالثوب આ ઈશારો (નિર્દેશ) છે મોત્અહની તરફ, શક્ય છે એ વખતે મોત્અહ હરામ કરવામાં આવેલ ન હોય. અથવા આ રિવાયતના સમય સુધી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہને મોત્અહની હુર્મત (હરામ હોવા)નો ઈલ્મ ન રહ્યો હોય.

ت ٦١٨ وقال اصبغ الى ان قال عن ابى هريرة رضى الله تعالى

[તઅલીક઼ : ૬૧૮] "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ

عنه قال قلت يا رسول الله انى رجل شاب وانا اخاف على

હું યુવાન પુરૂષ છું અને હું મારા માટે ઝિનાથી ડરું છું. અને હું એ નથી ધરાવતો જેનાથી સ્ત્રીઓ સાથે

نفسى العنت ولا اجد ما اتزوج به النساء فسكت عنى ثم

શાદી કરું. તો હુઝૂર ખામોશ રહ્યા. પછી મેં તે જ અર્ઝ કર્યું, ફરી ખામોશ રહ્યા. ફરી મેં એ જ

**તઅલીક઼ : ૬૧૮ની સમજૂતી** اصبغ : એનાથી મુરાદ اصبغ بن فرج છે. اصبغ بن فرج અબ્દુલ્લાહ ઈબ્ને

قُلْتُ مِثْلَ ذٰلِكَ فَسَكَتَ عَنِّيْ ثُمَّ قُلْتُ مِثْلَ ذٰلِكَ فَسَكَتَ عَنِّيْ

*અર્ઝ કર્યું તો હુઝૂર ચૂપ રહ્યા. પછી મેં તે જ અર્ઝ કર્યું તો નબી ﷺ એ ફર્માવ્યું,*

ثُمَّ قُلْتُ مِثْلَ ذٰلِكَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَا اَبَا هُرَيْرَةَ

*હે અબૂ હુરૈરહ ! ક઼લમ સૂકાઈ ચૂક્યો એના પર જેનાથી તું મુલાકાત કરવાનો છે,*

جَفَّ الْقَلَمُ بِمَا اَنْتَ لَاقٍ فَاخْتَصِرْ عَلٰى ذٰلِكَ اَوْ ذَرْ۔

*હવે તું એના પર જ બસ કર અથવા છોડી દે."*

વહબના વર્રાક઼ છે. બુખારીના ઉસ્તાદોમાં કોઈ ઈસ્બગ નામના નથી. ઈસ્માઈલીએ એને આ પ્રમાણે રિવાયત કર્યું છે : حدثنا ابن الحار حدثنا اصبغ

فاختصر હિંદુસ્તાની નુસ્ખાઓમાં فاختصر છે પરંતુ ફત્હુલબારી અને ઉમ્દતુલ ક઼ારીમાં અહીં فاختصِ છે. અલ્લામા અયની વગેરે લખ્યું છે કે અમુક ઉસૂલમાં اقتصر છે. ઈખ્તસેની રિવાયત પર મતલબ એ થયો કે તમે જે કાંઈ કરવાવાળા છો સર્વ લોહે મહફૂઝમાં લખાય ચૂક્યું, તમે ખસ્સી બનો ચાહે ન બનો, તે થઈને રહેશે. અને اختصرا તથા اقتصرાનો મતલબ એ છે કે મેં જે કાંઈ વર્ણવી આપ્યું એના પર બસ કરો, અને અલ્લાહની ક઼ઝા પર રાજી રહો અથવા એને જવા દો અને તમે જે ચાહો તે કરો ચાહે ખસ્સી થઈ જાવ. આ એક પ્રકારની ચેતવણી છે. જેમ કે ફર્માવવામાં આવ્યું, من شاء فليومن ومن شاء فليكفر જેનો જીવ ચાહે મો'મિન બને જેનો જીવ ચાહે કાફિર થાય.

## بَابُ نِكَاحِ الْاَبْكَارِ ص۷۶۰

## પ્રકરણ : "કુંવારી સ્ત્રીઓથી નિકાહ કરવો" –(૭૬૦)

حديث ٢٣٦٨ عَنْ هِشَامِ ابْنِ عُرْوَةَ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !* **[હદીષ : ૨૩૬૮]**

تَعَالٰى عَنْهَا قَالَتْ قُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ اَرَأَيْتَ لَوْ نَزَلْتَ وَادِيًا وَفِيْهِ

*મને બતાવો, જો આપ કોઈ મેદાનમાં જાવ અને એમાં કેટલાક ઝાડો એવાં હોય જેમાંથી ખાવામાં આવ્યું*

شَجَرَةٌ قَدْ اُكِلَ مِنْهَا وَوَجَدْتَ شَجَرًا لَمْ يُؤْكَلْ مِنْهَا فِيْ اَيِّهَا كُنْتَ

*હોય. અને આપ એવાં ઝાડ પણ પામો જેમાંથી કાંઈ નથી ખાવામાં આવ્યું, એમાંથી ક્યાં આપ આપના*

تُرْتِعُ بَعِيْرَكَ قَالَ فِي الَّذِيْ لَمْ يُرْتَعْ مِنْهَا تَعْنِيْ اَنَّ رَسُوْلَ اللّٰهِ

*ઊંટને ચરાવશો ? ફર્માવ્યું, ત્યાં જેને ચરવામાં નથી આવ્યું. મતલબ એ છે કે રસૂલુલ્લાહ ﷺ એ*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَمْ يَتَزَوَّجْ بِكْرًا غَيْرَهَا ـ

*એમના સિવાય કોઈ અન્ય કુંવારી સ્ત્રીથી શાદી નથી કરી."*

بَابُ تَجْوِيْجِ الصِّغَارِ مِنَ الْكِبَارِ ص٧٦٠

**પ્રકરણ : "નાની ઉમરવાળાઓનું મોટી ઉમરવાળાઓ સાથે શાદી કરવું."**

حدیث ۲۳۶۹ عَنْ عِرَاكٍ عَنْ عُرْوَةَ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*"ઉરવાથી રિવાયત છે કે નબી ﷺ એ અબૂબક્રથી આઈશાની મંગની કરી.* **[હદીષ : ૨૩૬૯]**

خَطَبَ عَائِشَةَ اِلٰى اَبِيْ بَكْرٍ فَقَالَ لَهٗ اَبُوْ بَكْرٍ اِنَّمَا اَنَا اَخُوْكَ فَقَالَ

*તો અબૂબક્રએ અર્ઝ કરી, હું તો આપનો ભાઈ છું. ફર્માવ્યું, અલ્લાહના દીન અને એની કિતાબમાં*

اَنْتَ اَخِيْ فِيْ دِيْنِ اللّٰهِ وَكِتَابِهٖ وَهِيَ لِيْ حَلَالٌ ـ

*મારા ભાઈ છો અને તેણી મારા માટે હલાલ છે."*

**હદીષ : ૨૩૬૯ની સમજૂતી** એ સૌને માલૂમ તથા મશ્હૂર છે કે નિકાહના સમયે ઉમ્મુલ મો'મિનીનની ઉમર ૬ વરસની હતી અને હુઝૂરે અક્દસ ﷺની ઉમ્ર મુબારક એ વખતે પચાસથી ઉપર હતી. આ હદીષ જાહેરી રીતે મુરસલ છે, એટલા માટે કે ઉરવાએ નબી ﷺનો જમાનો નથી પામ્યો, પરંતુ હકીકતમાં મુત્તસિલ છે. ઉરવાએ આ હદીષ ઉમ્મુલ મો'મિનીનથી સાંભળી છે, જેવું કે અબુલ અબ્બાસ તુરફાએ પોતાની કિતાબમાં વર્ણવ્યું છે, હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہનો હુઝૂરે અકરમ ﷺ સાથે જે ખાસ સંબંધ હતો તે સગા ભાઈઓ કરતાંય વધીને હતો એના કારણે એમને ખયાલ થયો કે જેવી રીતે સગા ભાઈની દીકરી હલાલ નથી એ જ પ્રમાણે અહીં પણ હશે. પણ જ્યારે હુઝૂરે અક્દસ ﷺએ વાત સાફ કરી દીધી અને ફર્માવ્યું કે તમારી તથા મારી ભાઈચારગી દીની છે વંશિય નથી, એટલા માટે આઈશા મારા માટે હલાલ છે. તો સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ નિઃસંકોચ નિકાહ કરી આપ્યા.

بَابُ الْاَكْفَاءِ فِي الدِّيْنِ وَهُوَ الَّذِيْ خَلَقَ مِنَ الْمَاءِ بَشَرًا فَجَعَلَهٗ نَسَبًا وَّصِهْرًا وَكَانَ رَبُّكَ قَدِيْرًا ـ ص٧٦٢

**પ્રકરણ : "શાદી કરવાવાળાઓનું દીનમાં બરાબર હોવું. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અલ્લાહ તે જ છે જેણે નુત્ફાથી (વિર્ય)થી માનવ બનાવ્યો, પછી તેને ખાનદાન તથા સાસરીવાળો બનાવ્યો, અને તારો રબ કુદરતવાળો છે."** –(૭૬૨)

حدیث ۲۳۷۰ عَنْ هِشَامٍ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

*"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે તેમણે કહ્યું, કે* **[હદીષ : ૨૩૭૦]**

عَنْهَا قَالَتْ دَخَلَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى ضُبَاعَةَ

રસૂલુલ્લાહ ﷺ ઝુબાઆ બિન્તે ઝુબેરની પાસે તશરીફ લઈ ગયા અને તેમને ફર્માવ્યું, કદાચ તેં હજનો

بِنْتِ الزُّبَيْرِ فَقَالَ لَهَا لَعَلَّكِ اَرَدْتِ الْحَجَّ قَالَتْ وَاللّٰهِ لَا اَجِدُنِيْ

ઈરાદો કર્યો છે. તેમણે કહ્યું, બખુદા ! હું મને પોતાની જાતને બીમાર પામુ છું. હુઝૂરે તેમને ફર્માવ્યું, હજ કર અને

اِلَّا وَجِعَةً فَقَالَ لَهَا حُجِّيْ وَاشْتَرِطِيْ وَقُوْلِيْ اَللّٰهُمَّ مَحِلِّيْ حَيْثُ

શર્ત કરી દે અને કહે, હે અલ્લાહ ! મારો એહરામ ખોલવાની જગા તે જ છે જ્યાં તું મને રોકે. અને તે મિક્દાદ

حَبَسْتَنِيْ وَكَانَتْ تَحْتَ الْمِقْدَادِ بْنِ الْاَسْوَدِ۔

બિન અસ્વદના નિકાહમાં હતાં."

**હદીષ : ૨૩૭૦ની સમજૂતી**

## ★ નિકાહ માટે વંશમાં નહીં દીનમાં સમાનતા શર્ત ★

આ હદીષ કિતાબુલ હજ્જમાં વર્ણન થઈ ચૂકી છે. હજ્જના વિશે ચર્ચા કિતાબુલ હજ્જમાં થઈ ચૂકી છે. અહીં અમે એટલા માટે વર્ણન કર્યું કે પ્રકરણથી ઈમામ બુખારીનો આશય એ જણાય છે કે નિકાહના માટે નસબ (વંશ)માં સમાનતા શર્ત નથી. કેવળ દીનમાં સમાનતા શર્ત છે. એટલા માટે કે હઝરત ઝુબાઆ બિન્તે ઝુબૈર હુઝૂર ﷺના કાકા ઝુબૈર બિન અબ્દુલ મુત્તલિબનાં સાહબઝાદી કુરૈશિયા હાશમિયા હતાં અને હઝરત મિક્દાદ બિન અસ્વદ કુરૈશી ન હતા. તે અસલમાં કિન્દી હતા. અસ્વદ બિન અબ્દુલ યગૂષના હલીફ હતા. અને તેણે તેમને પોતાના મોં બોલ્યા પુત્ર બનાવી લીધા હતા. પરંતુ અહીં બે વાતો છે. આ ઈસ્લામના પ્રારંભની વાત છે, બલ્કે શક્ય છે એ નિકાહ ઈસ્લામથી પહેલાં થયો હોય. તેમજ હઝરત મિક્દાદ બિન અસ્વદ સાબેકીને અવ્વલીનમાંથી અગ્રગણ્ય તથા ફાઝિલ સહાબીઓમાંથી હતા. હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે સૌ પ્રથમ ઈસ્લામને સાત વ્યક્તિઓએ જાહેર કર્યો એમનામાંથી એક મિક્દાદ બિન અસ્વદ પણ હતા. અને એના પર ઈજમાઅ છે કે જો પુરૂષમાં ઈલ્મ, ફઝ્લ, તક્વો, વરઅ હોય તો તે પોતાનાથી આ'લા નસબનો કફૂ થઈ શકે છે.

## ★ દીનવાળી સાથે નિકાહ કરો ! ★

حديث ٢٣٧١ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, **[હદીષ : ૨૩૭૧]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ تُنْكَحُ الْمَرْاَةُ لِاَرْبَعٍ لِمَالِهَا وَلِحَسَبِهَا وَجَمَالِهَا

સ્ત્રી સાથે ચાર વાતોના કારણે નિકાહ કરવામાં આવે છે : તેના માલના કારણે, તેની ઈજ્જતના કારણે અને તેની

وَلِدِينِهَا فَاظْفَرْ بِذَاتِ الدِّيْنِ تَرِبَتْ يَدَاكَ -

ખૂબસૂરતીના કારણે અને તેણીના દીનના કારણે. તો દીનવાળીને પ્રાપ્ત કર, તારો હાથ ધૂળમાં મળે !''

٢٣٧٢ حديث عَنْ سَهْلٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ مَرَّ رَجُلٌ عَلٰى رَسُوْلِ

''હઝરત સહલ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની પાસે થઈને **[હદીષ : ૨૩૭૨]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ مَا تَقُوْلُوْنَ فِىْ هٰذَا؟ قَالُوْا

પસાર થયા તો હુઝૂરે પૂછ્યું, એમના બારામાં શું કહો છો ? લોકોએ કહ્યું, એના પાત્ર છે કે જો મંગની કરે તો

حَرِىٌّ اِنْ خَطَبَ اَنْ يُّنْكَحَ وَاِنْ شَفَعَ اَنْ يُّشَفَّعَ وَاِنْ قَالَ اَنْ

તેમની સાથે નિકાહ કરવામાં આવે, અને જો શફાઅત કરે તો તેમની શફાઅત ક઼બૂલ કરવામાં આવે, અને જો કાંઈ

يُّسْتَمَعَ قَالَ ثُمَّ سَكَتَ فَمَرَّ رَجُلٌ مِّنْ فُقَرَاءِ الْمُسْلِمِيْنَ فَقَالَ مَا

કહે તો એમની વાત ધ્યાનપૂર્વક સાંભળવામાં આવે. આ સાંભળીને હુઝૂર કેટલીકવાર ખામોશ રહ્યા. પછી ગરીબ

تَقُوْلُوْنَ فِىْ هٰذَا قَالُوْا حَرِىٌّ اِنْ خَطَبَ اَنْ لَّا يُنْكَحَ وَاِنْ شَفَعَ

મુસલમાનોમાંથી એક સાહબ પસાર થયા તો હુઝૂરે પૂછ્યું, એમના બારામાં શું કહો છો ? લોકોએ કહ્યું કે એ

اَنْ لَّا يُشَفَّعَ وَاِنْ قَالَ اَنْ لَّا يُسْتَمَعَ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

એવા છે કે જો મંગની કરે તો નિકાહ ન કરવામાં આવે, અને જો સિફારિશ કરે તો ક઼બૂલ ન કરવામાં આવે, અને

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هٰذَا خَيْرٌ مِّنْ مِلْءِ الْاَرْضِ مِثْلُ هٰذَا ع‍ه

જો કાંઈ કહે તો સાંભળવામાં ન આવે. એના પર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, આ તે શખ્સ (જેનું અગાઉ વર્ણન કર્યું) જેવા જમીનભર કરતાંય બેહતર છે.'' (૨/૯૯૪, અર્રિક઼ાક઼ બાબુ ફદ્‌લુલ ફિક્ર, ઈબ્ને માજહ–ઝુહદ)

بَابُ مَا يُتَّقٰى مِنْ شُؤْمِ الْمَرْأَةِ وَقَوْلِهٖ تَعَالٰى اِنَّ مِنْ اَزْوَاجِكُمْ وَاَوْلَادِكُمْ عَدُوًّا لَّكُمْ - ص ۷۶۳

**પ્રકરણ : "એનું વર્ણન કે સ્ત્રીની નહૂસતથી બચવામાં આવે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : બેશક ! તમારી પત્નીઓ તથા તમારી ઔલાદોમાંથી તમારા દુશ્મન છે."** –(૭૬૩)

**સ્પષ્ટતા** : તેહક઼ીક એ છે કે નહૂસત કોઈ ચીજમાં નથી, જેવું કે પ્રકરણમાં વર્ણવેલી બીજી હદીષથી જાહેર છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જો નહૂસત કોઈ ચીજમાં હોત તો ઘરમાં તથા પત્નીમાં તથા ઘોડામાં હોત. અમુક લોકોએ એવી તાવીલ કરી છે, સ્ત્રીની નહૂસત એ છે કે તે વાંઝણી હોય, એની મહેર ઘણી બધી હોય, કુટેવોવાળી હોય.

حدیث ۲۳۷۳ عَنْ اُسَامَةَ ابْنِ زَيْدٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*"ઓસામા બિન ઝયદ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું,* **[હદીષ : ૨૩૭૩]**

قَالَ مَا تَرَكْتُ بَعْدِيْ فِتْنَةً اَضَرَّ عَلَى الرِّجَالِ مِنَ النِّسَاءِ -

*મેં મારા બાદ કોઈ ફ઼િત્નો સ્ત્રીઓથી વધુ પુરૂષોને નુકસાન પહોંચાડનારો નથી છોડયો."*

بَابُ الْحُرَّةِ تَحْتَ الْعَبْدِ - ص ۷۶۳

**પ્રકરણ : "આઝાદ સ્ત્રી ગુલામના નિકાહમાં હોય."** –(૭૬૩)

حدیث ۲۳۷۴ عَنِ الْقَاسِمِ ابْنِ مُحَمَّدٍ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا

*"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે* **[હદીષ : ૨૩૭૪]**

قَالَتْ كَانَ فِيْ بَرِيْرَةَ ثَلَاثُ سُنَنٍ عَتَقَتْ فَخُيِّرَتْ وَقَالَ رَسُوْلُ

*બરીરાની જાતથી ત્રણ હુકમો માલૂમ પડયા, એ આઝાદ થયાં, તેમને ઈખ્તિયાર આપવામાં આવ્યો અને*

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَلْوَلَاءُ لِمَنْ اَعْتَقَ وَدَخَلَ رَسُوْلُ

*રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, વલા એના માટે છે જે આઝાદ કરે. અને રસૂલુલ્લાહ ﷺ ઘરમાં તશરીફ*

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَبُرْمَةٌ عَلَى النَّارِ فَقُرِّبَ اِلَيْهِ

*લાવ્યા અને હાંડલી આગ પર હતી. હુઝૂરની પાસે રોટી અને ઘરના સાલનોમાંથી કોઈ સાલન નજીક કરવામાં*

خُبْزٌ وَاُدْمٌ مِنْ اُدْمِ الْبَيْتِ فَقَالَ لَمْ اَرَ الْبُرْمَةَ فَقِيْلَ لَحْمٌ

*આવ્યું તો ફ઼ર્માવ્યું, શું મેં હાંડલીમાં નથી જોયું ? અર્ઝ કરવામાં આવ્યું, એ સદક઼ાનો ગોશ્ત છે જે બરીરાની*

تُصُدِّقَ عَلٰی بَرِیْرَةَ وَأَنْتَ لَا تَاْكُلُ الصَّدَقَةَ قَالَ هُوَ عَلَيْهَا

*પાસે આવ્યો હતો, અને આપ સદકો નથી ખાતા. ફર્માવ્યું,* **એ બરીરા માટે સદકો છે,**

صَدَقَةٌ وَّلَنَا هَدِيَّةٌ عه

**અમારા માટે હદિયો છે."** *(તલાક઼, ૨/૭૯૫, ૨/૮૧૬ અત્ઈમહ, બાબુ અલ્ઉદમ, મુસ્લિમ–ઝકાત, નિસાઈ–તલાક઼)*

**હદીષ : ૨૩૭૪ની સમજૂતી** આ હદીષ વર્ણન થઈ ચૂકી છે એના સંબંધી ચર્ચાઓ પણ વર્ણન થઈ ચૂકી છે અહીં કેવળ એ દર્શાવવા માટે મેં એને વર્ણવી છે કે હઝરત બરીરાના પતિનું નામ મુગીષ હતું, તે ગુલામ હતા કે આઝાદ, એના બારામાં બંને રિવાયતો આવી છે. અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, બયહક઼ીએ રિવાયત કરી છે કે તે આઝાદ હતા. પરંતું ખુદ અબૂ દાઊદમાં બીજી રિવાયતમાં એ છે કે એ ગુલામ હતા. અને એવું જ મુસ્લિમમાં પણ છે. વળી બુખારીમાં બાબુત્તલાક઼માં હઝરત ઈબ્ને અબ્બાસથી મરવી છે કે તે ગુલામ હતા જેમનું નામ મુગીષ હતું. આ રિવાયતોના વર્ગીકરણમાં શરહકર્તાઓએ ખૂબ જ કોશિશ કરી છે. અલ્લામા અયનીનું મંતવ્ય એ છે કે પહેલાં એ ગુલામ હતા. જ્યારે હુઝૂર ﷺએ હઝરત બરીરાને ઈખ્તિયાર આપ્યો એ વખતે આઝાદ હતા. અહીં એ દર્શાવવું છે કે બાંદી જો કોઈના નિકાહમાં હોય ચાહે તે આઝાદ હોય કે ગુલામ તો જ્યારે તે આઝાદ થઈ જાય તો તેણીને અધિકાર છે કે ચાહે તો માજી પતિના નિકાહમાં રહે ચાહે તેનાથી અલગ થઈ જાય.

ગોશ્તના બારામાં અત્ઈમહમાં આટલુ વધારે છે કે ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું કે બરીદાએ ગોશ્ત હદિયામાં આપી દીધો છે. પહેલાં જ ગોશ્ત હુઝૂરની ખિદમતમાં એટલા માટે પેશ કર્યો ન હતો કે ખરેખર તે સદક઼ો હતો. ઉમ્મુલ મો'મિનીને એવો ખયાલ કર્યો કે ભલે બરીદાએ અમને હદિયો કરી આપ્યો છે, પણ કદાચ હજી પણ હુઝૂર ન ખાય.

**પ્રકરણ :"એ વાતનું બયાન કે તમારા પર તમારી તે માઓ હરામ છે જેમણે તમોને દૂધ પીવડાવ્યું છે અને રઝાઅત (દૂધ મા થવાથી) પણ તે હરામ છે જે વંશથી હરામ છે."**

بَابُ أُمَّهَاتُكُمُ اللَّاتِي أَرْضَعْنَكُمْ وَيَحْرُمُ مِنَ الرَّضَاعَةِ مَا يَحْرُمُ مِنَ النَّسَبِ ص٧٦٤

حديث ٢٣٧٥ أَخْبَرَنِيْ عُرْوَةُ ابْنُ الزُّبَيْرِ أَنَّ زَيْنَبَ ابْنَةَ أَبِيْ سَلَمَةَ

*"ઝયનબ બિન્તે અબી સલ્માએ ખબર આપી કે ઉમ્મે હબીબા બિન્તે અબૂ સુફયાને* **[હદીષ : ૨૩૭૫]**

أَخْبَرَتْهُ أَنَّ أُمَّ حَبِيْبَةَ ابْنَةَ أَبِيْ سُفْيَانَ أَخْبَرَتْهَا أَنَّهَا قَالَتْ يَا

*તેમને ખબર આપી કે તેમણે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! મારી બહેન અબૂ સુફયાનની પુત્રી છે નિકાહ કરી*

رَسُوْلَ اللّٰهِ انْكِحْ أُخْتِيْ بِنْتَ أَبِيْ سُفْيَانَ فَقَالَ أَوَتُحِبِّيْنَ ذَالِكِ

*લો. તો હુઝૂરે ફર્માવ્યું, શું તમે એને પસંદ કરો છો ? મેં અર્ઝ કરી, હા ! આપના માટે એકલી હું જ નથી, અને*

فَقُلْتُ نَعَمْ لَسْتُ لَكَ بِمُخْلِيَةٍ وَاَحَبُّ مَنْ شَارَكَنِيْ فِيْ خَيْرٍ اُخْتِيْ

હું પસંદ કરું છું કે ખૈરમાં બહેન મારી શરીક થાય. તો નબી ﷺ એ ફર્માવ્યું કે તેણી મારા માટે હલાલ નથી.

فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ ذَالِكِ لَا يَحِلُّ لِيْ قُلْتُ

તો મેં અર્ઝ કરી, અમને જણાવવામાં આવ્યું છે કે હુઝૂર અબૂ સલ્માનાં પુત્રી છે નિકાહ કરવા ચાહે છે. ફર્માવ્યું,

فَاِنَّا نُحَدَّثُ اَنَّكَ تُرِيْدُ اَنْ تَنْكِحَ بِنْتَ اَبِيْ سَلَمَةَ قَالَ بِنْتَ

અબૂ સલ્માની પુત્રી સાથે ? મેં અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, જો તે મારી ગોદમાં મત્રાઈ પુત્રી ન હોત તો તેણી પણ

اُمِّ سَلَمَةَ قُلْتُ نَعَمْ فَقَالَ لَوْ اَنَّهَا لَمْ تَكُنْ رَبِيْبَتِيْ فِيْ حِجْرِيْ مَا حَلَّتْ

મારા માટે હલાલ ન હોત, એટલા માટે કે તે મારી રઝાઈ (દૂધ) ભત્રીજી છે, મને તથા અબૂ સલ્માને થૌબિયાએ

لِيْ اِنَّهَا لَابْنَةُ اَخِيْ مِنَ الرَّضَاعَةِ اَرْضَعَتْنِيْ وَاَبَا سَلَمَةَ ثُوَيْبَةُ

દૂધ પીવડાવ્યું છે. તમે લોકો હરગિઝ પોતાની બહેનો, પુત્રીઓને મારા પર પેશ ન કરો. ઉરવાએ કહ્યું, થૌબિયહ

فَلَا تَعْرِضْنَ عَلَيَّ بَنَاتِكُنَّ وَلَا اَخَوَاتِكُنَّ ۔ قَالَ عُرْوَةُ وَثُوَيْبَةُ

અબૂ લહબની આઝાદ કરેલી લૌંડી હતાં, અબૂ લહબે એમને આઝાદ કરી દીધા હતાં.

مَوْلَاةٌ لِاَبِيْ لَهَبٍ قَالَ اَبُوْ لَهَبٍ اَعْتَقَهَا فَاَرْضَعَتِ النَّبِيَّ صَلَّى

તેમણે નબી ﷺ ને દૂધ પીવડાવ્યું. જ્યારે અબૂ લહબ મરી ગયો તો તેને અમુક ઘરવાળાંને

اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا مَاتَ اَبُوْ لَهَبٍ اُرِيَهُ بَعْضُ اَهْلِهِ بِشَرِّ حِيْبَةٍ

ખ્વાબમાં દેખાડવામાં આવ્યો બદતરીન હાલતમાં. તેમણે અબૂ લહબને પૂછ્યું, શું મળ્યું ?

قَالَ لَهُ مَاذَا لَقِيْتَ قَالَ اَبُوْ لَهَبٍ لَمْ اَلْقَ بَعْدَكُمْ غَيْرَ اَنِّيْ سُقِيْتُ

તો અબૂ લહબે કહ્યું, તમારા બાદ મને ભલાઈ નથી મળી, એના

فِيْ هٰذِهٖ بِعَتَاقَتِيْ ثُوَيْبَةَ عـه

સિવાય કે આના વડે પીવડાવવામાં આવે છે, થૌબિયાને આઝાદ કરવાના કારણે.''

(૨/૭૬૫,૭૬૬ બાબુ રબાઈબુકુમ અલ્લાતી, ૨/૭૬૮ બાબુ અદ્દુલ્ઈન્સાન ઈબ્નતહુ, ૨/૮૦૯, કિતાબુન્ નફ્કાત, મુસ્લિમ–નિકાહ, નિસાઈ–નિકાહ)

**હદીષ : ૨૩૭૫ની સમજૂતી** **ઝયનબ બિન્તે અબૂ સલ્મા** : એ હઝરત ઉમ્મુલ મો'મિનીન

ઉમ્મે સલ્મા رضی اللہ عنہاનાં સાહબઝાદી હતાં જે એમના આગલા પતિ હઝરત અબૂ સલ્મા અબ્દુલ્લાહ બિન અબ્દુલ અસદથી હતાં. ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હ઼બીબા رضی اللہ عنہاનાં એ બહેનનું નામ કયાં તો ઈઝ્ઝા હતું અથવા હમ્ના અથવા દુર્રહ.

ان ذالك لا يحل لى يعنى زينب મારા માટે બે કારણે હરામ છે, એક તો એ કે તે મારી પત્ની ઉમ્મે સલ્માની પુત્રી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : وَرَبَائِبُكُمُ اللَّاتِي فِي حُجُوْرِكُمْ مِنْ نِسَائِكُمُ اللَّاتِي دَخَلْتُمْ بِهِنَّ "અને હરામ છે તમારા પર તેણીઓની તે પુત્રીઓ જે તમારી ગોદમાં છે એ પત્નીઓથી જેમની સાથે તમે સોહબત કરી ચૂકયા છો." બીજુ એ કારણે કે એ મારી રઝાઈ ભત્રીજી છે, મારી સાથે એના બાપ અબૂ સલ્માને અબૂ લહબની લોંડી ષૌબિયાએ દૂધ પીવડાવ્યું છે.

## ★ જહન્નમમાં અબૂલહબને ઈનામ ! ★

قال عروة આ તઅલીક઼ નથી, વર્ણવેલ સનદ સાથે મુત્તસિલ (સંલગ્ન) છે. બનાવ એવો બન્યો કે જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ પેદા થયા તો અબૂ લહબની લોંડી ષૌબિયાએ એને બશારત આપી, એના પર ખુશ થઈને અબૂ લહબે એને આઝાદ કરી દીધાં. જ્યારે તે મરી ગયો તો હઝરત અબ્બાસ رضی اللہ عنہએ વરસભર બાદ તેને ખ્વાબમાં જોયો. પૂછયું, શું હાલ છે ? તેણે કહ્યું કે બુરા હાલમાં છું, પણ સોમવારે અઝાબમાં ઘટાડો થાય છે. અને તેણે પોતાના અંગૂઠા તથા કલ્માની આંગળીની વચ્ચે એક કાણાની તરફ ઈશારો કરીને કહ્યું, એના વડે થોડુ સરખુ પાણી મળી જાય છે.

દીનના ઈમામોએ ખુલાસો કર્યો છે કે આ દલીલ (અસ્લ) છે તે લોકો માટે જેઓ મીલાદ શરીફનું આયોજન કરે છે, કે **જ્યારે એક કાફિરને જહન્નમમાં વિલાદતની ખુશી મનાવવા પર આ ઈનામ મળ્યું છે તો જો મુસલમાન સાચી નિય્યતની સાથે મીલાદ પાકની ખુશી મનાવશે તેને શું શું ઈનામ નહીં મળે !**

ઉમ્મતનો એના પર ઈજમાઅ છે કે કોઈ કાફિરને તેના કોઈ ભલાઈવાળા અમલ પર આખેરતમાં કોઈ બદલો મળશે નહીં, પરંતુ આ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે અબૂ તાલિબે હુઝૂરે અક઼દસ ﷺની ખિદમત કરી તો તેમને આખેરતમાં બદલો મળ્યો કે ફર્માવ્યું : لولا أنا لكن فى الدرك الاسفل "જો હું ન હોત તો અબૂ તાલિબ જહન્નમના નીચલા તબક઼ામાં હોત" એ જ પ્રમાણે અબૂ લહબને પણ મળ્યો.

بَابُ مَا يَحِلُّ مِنَ النِّسَاءِ وَمَا يَحْرُمُ وَقَوْلِهِ تَعَالَى حُرِّمَتْ عَلَيْكُمْ أُمَّهَاتُكُمْ وَبَنَاتُكُمْ وَأَخَوَاتُكُمْ وَعَمَّاتُكُمْ وَخَالَاتُكُمْ وَبَنَاتُ الْأَخِ وَبَنَاتُ الْأُخْتِ إِلَى آخِرِ الْآيَتَيْنِ.. ...إِلَى قَوْلِهِ إِنَّ اللَّهَ كَانَ عَلِيمًا حَكِيمًا

**પ્રકરણ : "સ્ત્રીઓમાંથી કોણ હલાલ છે અને કોણ હરામ ? અને અલ્લાહ તઆલાના આ ક઼ૌલનું વર્ણન : હરામ કરવામાં આવી તમારા પર તમારી માઓ અને તમારી પુત્રીઓ અને તમારી બહેનો અને તમારી ફોઈઓ અને તમારી માસીઓ અને ભત્રીજીઓ અને ભાણકીઓ ........ અલ્લાહ તઆલાના ક઼ૌલ** إِنَّ اللَّهَ كَانَ عَلِيمًا حَكِيمًا **સુધી."**

**સ્પષ્ટતા** : આ આયતમાં છે : "અને હરામ કરવામાં આવી તમારા પર તે માઓ જેમણે તમને દૂધ પીવડાવ્યું અને દૂધ બહેનો અને પત્નીઓની માઓ અને એમની પુત્રીઓ જે તમારી ગોદમાં છે એ પત્નીઓથી જેમની સાથે તમે સોહબત કરી ચૂકયા છો. પછી જો તમે એમની સાથે સોહબત ન કરી હોય તો એમની પુત્રીઓમાં

વાંધો નથી. અને તમારા સગા પુત્રોની પત્નીઓ અને બે બહેનોને ભેગી કરવી. પણ જે થઈ ગુજર્યું બેશક ! અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. અને હરામ છે પતિવાળી સ્ત્રીઓ પર કાફિરોની સ્ત્રીઓ જે તમારી માલિકીમાં આવી જાય. આ અલ્લાહનું લખાવેલું છે તમારા પર, અને એમના સિવાય જે સ્ત્રીઓ છે તમારા માટે હલાલ છે કે તમારા માલોના બદલામાં તલાશ કરો, કૈદ લાવતા ન પાણી ફેંકતા. તો જે સ્ત્રીઓને નિકાહમાં લાવવા ચાહો તેમાં નિશ્ચિત થયેલ મહેર તેણીઓને આપો કરારદાદ પછી જો તમારા આપસમાં કાંઈક રઝામંદી થઈ જાય તો એમાં ગુનોહ નથી. બેશક઼ ! અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે.''

## ★ બે બહેનોને નિકાહમાં ભેગી કરવી હરામ ★

આ આયતે કરીમામાં સ્પષ્ટપણે **૧૪ પ્રકારની સ્ત્રીઓના** બારામાં ફર્માવવામાં આવ્યું કે તેઓ **તમારા પર હરામ** છે. પણ એટલામાં જ સીમિત નથી, જેવી રીતે **બે બહેનો ભેગી કરવી હરામ** છે, એનો કાયદો મૂળ (કુલ્લિયા) એ છે કે દરેક એવી સ્ત્રીઓને ભેગી કરવી હરામ છે જેમાંથી કોઈ એકને જો મર્દ ફર્ઝ કરે (મર્દ ધારવામાં આવે) તો બીજી સાથે તેના નિકાહ હમેશાં હમેશાં માટે હરામ થાય. એ જ પ્રમાણે દૂધના સંબંધની ફોઈ, દૂધના સંબંધની માસી વગેરે પણ હરામ છે જેની વિગત ફિક઼હની કિતાબોમાં વર્ણવેલ છે.

**[તઅલીક઼ : ૬૧૯]**


٦١٩ وَقَالَ اَنَسٌ وَالْمُحْصَنٰتُ مِنَ النِّسَاءِ ذَوَاتُ الْاَزْوَاجِ الْحَرَائِرُ حَرَامٌ اِلَّا مَا مَلَكَتْ اَيْمَانُكُمْ لَا يَرٰى بَاْسًا اَنْ يَّنْزِعَ الرَّجُلُ جَارِيَتَهٗ مِنْ عَبْدِهٖ وَقَالَ وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ ۔ ٧٦٥

### ★ મુશ્રિકા સાથે નિકાહ હરામ ★

*અને હઝરત અનસે ફર્માવ્યું, આ આયતમાં ''મુહ્‌સનાત''થી મુરાદ તે સ્ત્રીઓ છે જે આઝાદ પતિઓના નિકાહમાં હોય. હા ! બાંદીઓ હલાલ છે. દા.ત. મુસલમાનોએ જેહાદમાં કાફિરોની સ્ત્રીઓ પર કબજો કરી લીધો અને તે બાંદી થઈ ગઈ તો તે હલાલ છે, ભલે તેમના પતિ જીવંત હોય જેમણે એમને તલાક઼ ન આપી હોય. એ જ પ્રમાણે એમાં પણ વાંધો નથી કે કોઈની બાંદી તેના ગુલામના નિકાહમાં હોય અને તેના માલિક તેના ગુલામ પતિના નિકાહથી અલગ કરીને પોતાની પાસે રાખે. અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અને મુશ્રિકા સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો ત્યાં સુધી કે તેણીઓ ઈમાન લાવે. –(પેજ : ૭૬૫)*

મતલબ **એ છે કે એ ૧૪ પ્રકારની સ્ત્રીઓ ઉપરાંત મુશ્રિકા સ્ત્રીઓ સાથે પણ નિકાહ હરામ છે.** આ આયતમાં મુશ્રિકા એ કાફિરાના અર્થમાં છે, અને યહૂદી તથા નસારા અહલે કિતાબ એનાથી અપવાદ છે, કે ફર્માવવામાં આવ્યું : وَ الْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتَابَ مِنْ قَبْلِكُمْ અને પવિત્ર સ્ત્રીઓ એમનામાંથી જેમને તમારાથી પહેલાં કિતાબ મળી. અને અહલે કિતાબ ખાસ યહૂદી તથા ઈસાઈની સાથે એ બેના સિવાય કોઈ પણ કાફિરા સ્ત્રી સાથે નિકાહ સહીહ નથી, ભલે તેણી મુશ્રિકા ન હોય.

★ ચારથી વધુ પત્નીઓ હરામ ★ [તઅલીક઼ : ૬૨૦]

ت ۶۲۰ وَقَالَ ابْنُ عَبَّاسٍ مَا زَادَ عَلَى أَرْبَعٍ فَهُوَ حَرَامٌ كَأُمِّهِ وَابْنَتِهِ وَأُخْتِهِ

*"ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, જે* ***ચારથી વધુ હોય*** *તે* ***પણ હરામ*** *છે, મા તથા પુત્રી તથા બહેનની જેમ."*

حدیث ۲۳۷۶ وَقَالَ لَنَا أَحْمَدُ بْنُ حَنْبَلٍ حَدَّثَنَا يَحْيَى بْنُ سَعِيدٍ عَنْ

[હદીષ : ૨૩૭૬]

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે વંશ (સગાઈ) થકી સાત*

سُفْيَانَ قَالَ حَدَّثَنِي حَبِيبٌ عَنْ سَعِيدٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ

*હરામ કરવામાં આવી અને સિહ્ર (સાસરી તરફ)થી સાત હરામ કરવામાં આવી.*

تَعَالَى عَنْهُمَا حَرُمَ مِنَ النَّسَبِ سَبْعٌ وَمِنَ الصِّهْرِ سَبْعٌ ثُمَّ قَرَأَ حُرِّمَتْ

*પછી તેમણે તિલાવત કરી કે હરામ કરવામાં આવી તમારા પર*

عَلَيْكُمْ أُمَّهَاتُكُمْ الآيَة

*તમારી માઓ .......... પૂરી આયત."*

**હદીષ : ૨૩૭૬ની સમજૂતી** ★ વંશથી સાત સાથે નિકાહ હરામ ★

قَالَ لَنَا أَحْمَدُ بْنُ حَنْبَلٍ આ હદીષને ઈમામ બુખારીએ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ થી મઝાકેરતન સાંભળી છે. صِهْر (સિહ્ર)થી મુરાદ સાસરી તરફના સંબંધવાળી, દા.ત. ઝયદે હિંદા સાથે નિકાહ કર્યો, તો હિંદાની મા, હિન્દાની દાદી, હિન્દાની નાની ઝયદ પર હરામ થઈ જાય છે. આયતમાં નબસ (વંશ)થી જે સાત સ્ત્રીઓ હરામ છે તે સ્પષ્ટતા સાથે વર્ણવવામાં આવે છે : (૧) માઓ (૨) પુત્રીઓ (૩) બહેનો (૪) ફોઈઓ (૫) માસીઓ (૬) ભત્રીજીઓ (૭) ભાણકીઓ. પરંતુ સિહ્ર (સાસરી પક્ષ તરફથી) જે સાત સ્ત્રીઓ હરામ છે તે સૌ સ્પષ્ટપણે વર્ણન થયેલ નથી, કેવળ ત્રણ વર્ણન થયેલી છે : (૧) પત્નીઓની માઓ સાસુઓ (૨) મદખૂલાની પુત્રીઓ (૩) પુત્રોની પત્નીઓ. એટલા માટે એની દલીલરૂપે આયતે કરીમાની તિલાવત દુરુસ્ત નથી. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે સિહ્રથી મુરાદ અહીં સબબ છે, તો હવે એમાં રઝાઈ (દૂધ) માઓ, દૂધ બહેનો તથા બે બહેનો એક સાથે નિકાહમાં રાખવી અને પતિવાળીઓ સામેલ થઈ જાય છે. આ રીતે સાત થઈ.

તિબ્રાનીએ હઝરત ઈબ્ને અબ્બાસથી જ આ હદીષના છેવટમાં આ પ્રમાણે રિવાયત કર્યું છે : પછી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે પઢયું : હરામ કરવામાં આવી તમારા પર તમારી માઓ, ત્યાં સુધી કે બનાતુલ અખ (ભાઈની પુત્રીઓ) અને બનાતુલ ઉખ્ત (બહેનની પુત્રીઓ) સુધી પહોંચ્યા. પછી ફર્માવ્યું, આ વંશ છે. પછી ફર્માવ્યું, અને તમારી તે માઓ જેમણે તમને દૂધ પીવડાવ્યું. ત્યાં સુધી કે પહોંચે : અને એ કે તમે બે બહેનોને ભેગી કરો. અને પઢયા : અને તેણીઓ સાથે નિકાહ ન કરો જે સ્ત્રીઓ સાથે તમારા બાપે નિકાહ કર્યા છે. ફર્માવ્યું, આ સિહ્ર (સાસરી પક્ષ તરફથી) છે.

આ રિવાયતમાં والمحصنٰت વર્ણન થયેલ નથી, એના બદલે ولا تُنكِحُوا مَا نَكَحَ آبَاؤُكُم مِنَ النِّسَاءِ વર્ણન

થયેલું છે. રઝાઅત (દૂધના સંબંધ) માટે સિહ્ર (સાસરી તરફી) કહેવું એ ક્યાં તો તગ્લીબન્ છે અથવા મજાઝન. મુસાહિરતના કારણે અધિક ચાર આ સ્ત્રીઓ હરામ છે : પત્નીની દાદીઓ, નાનીઓ, ઉસૂલ : બાપ દાદા વગેરેની પત્નીઓ, ફુરૂઅ : પુત્રી પૌત્ર વગેરેની પત્નીઓ.

**★ કોઈની પત્ની તથા તેની પુત્રીને નિકાહમાં ભેગી કરવી જાઈઝ ★ [તઅલીક઼ : ૬૨૧]**

ت ٦٢١ وَجَمَعَ عَبْدُ اللّٰهِ بْنُ جَعْفَرٍ بَيْنَ ابْنَتِ عَلِيٍّ وَامْرَأَةِ عَلِيٍّ - وَقَالَ ابْنُ سِيْرِيْنَ لَا بَأْسَ بِهٖ - وَكَرِهَهُ الْحَسَنُ مَرَّةً ثُمَّ قَالَ لَا بَأْسَ بِهٖ -

*"અને જમા કર્યા અબ્દુલ્લાહ બિન જઅફરે હઝરત અલીનાં સાહબઝાદી અને હઝરત અલીની બીવીની વચ્ચે. અને ઈબ્ને સીરીને કહ્યું, એમાં કોઈ વાંધો નથી. હસને તેને એકવાર મકરૂહ કહ્યું પછી કહ્યું, એમાં કાંઈ વાંધો નથી."*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہએ હઝરત અલી رضی اللہ عنہનાં સાહબઝાદી ઝયનબ સાથે નિકાહ કર્યા અને તેમની સાથે તેમનાં પત્ની લયલા બિન્તે મસ્ઊદની સાથે નિકાહ કર્યા. અને જ્યારે ઝયનબનો ઈન્તેક઼ાલ થઈ ગયો તો હઝરત અલીનાં બીજાં સાહબઝાદી હઝરત ઉમ્મે કુલ્સૂમથી નિકાહ કર્યો. આ નિકાહમાં કોઈ વાંધો નથી. એના જાઈઝ હોવા પર સૌની એકમતિ છે. હઝરત ઈમામ હસન બસરીથી કરાહત નકલ થયેલ છે, પણ રુજૂઅ પણ સાબિત છે. હા ! ઈબ્ને બત્તાલે કહ્યું, ઈબ્ને અબી લયલાએ કહ્યું, આ નિકાહ જાઈઝ નથી, પરંતુ પૂરી ઉમ્મતની એકમતિ છે કે એ દુરુસ્ત છે. અને ઉસૂલની રૂએ એમાં કોઈ વાંધો નથી.

**[તઅલીક઼ : ૬૨૨] ★ બે કાકાની પુત્રીઓને ભેગી કરવી ★**

ت ٦٢٢ وَجَمَعَ الْحَسَنُ بْنُ الْحَسَنِ بْنِ عَلِيٍّ بَيْنَ ابْنَتَيْ عَمٍّ فِيْ لَيْلَةٍ -

*"અને હસન ઈબ્ને હસન ઈબ્ને અલી (હસન મુષન્ના)એ કાકાની બે પુત્રીઓની દરમ્યાન એક રાતમાં જમઅ કર્યું."*

**તઅલીક઼ : ૬૨૨ની સમજૂતી** ઈમામ હસન મુસન્નાએ પોતાના કાકા મુહમ્મદ બિન અલીનાં સાહબઝાદી તથા બીજા કાકા ઉમર બિન અલીનાં સાહબઝાદી સાથે એક રાતમાં નિકાહ બાદ હમ બિસ્તરી કરી.

**[તઅલીક઼ : ૬૨૩]**

ت ٦٢٣ وَكَرِهَهُ جَابِرُ بْنُ زَيْدٍ لِلْقَطِيْعَةِ وَلَيْسَ فِيْهِ تَحْرِيْمٌ لِقَوْلِهٖ تَعَالٰى وَأُحِلَّ لَكُمْ مَا وَرَاءَ ذٰلِكُمْ -

*"જાબિર બિન ઝયદે એને મક઼રૂહ જાણ્યું ક઼તએ રહમી (સગાથી સંબંધ કટ)ના કારણે. અને એમાં તેહરીમ (હરામ હોવું) નથી, કેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તમારા માટે હલાલ કરવામાં આવી એના સિવાય."*

**તઅલીક઼ : ૬૨૩ની સમજૂતી**

ઈબ્ને બત્તાલે કહ્યું કે ઈમામ માલિકે પણ એને મકરૂહ જાણ્યું, હરામ નથી કહ્યું. અને એ જ અતાનો પણ ક઼ૌલ છે. એક હદીષ છે કે રસૂલુલ્લાહ ﷺએ એનાથી મના ફર્માવ્યું કે સ્ત્રીની કોઈ સગી સ્ત્રી સાથે નિકાહ ન કરવામાં આવે ક઼તએ રહમીના અંદેશાની, એટલા માટે કે સૌતનોમાં સામાન્યતઃ ઝઘડો થઈ જતો હોય છે જે ક઼તએ રહમી (સગાથી સંબંધ કટ)નો સબબ બનશે.

**[તઅલીક઼ : ૬૨૪]** **★ પત્નીની બહેન સાથે ઝિના કરે તો ? ★**

ت ٦٢٤ وَقَالَ ابْنُ عَبَّاسٍ إِذَا زَنَا بِأُخْتِ امْرَأَتِهِ لَمْ تَحْرُمْ عَلَيْهِ امْرَأَتُهُ

*"ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, જ્યારે પોતાની પત્નીની બહેનની સાથે ઝિના કરે તો તેના પર તેની પત્ની હરામ નથી."*

**[તઅલીક઼ : ૬૨૫]**

ت ٦٢٥ وَيُرْوٰى عَنْ يَحْيَى الْكِنْدِيِّ عَنِ الشَّعْبِيِّ وَأَبِي جَعْفَرٍ فِي مَنْ يَلْعَبُ بِالصَّبِيِّ إِنْ أَدْخَلَهُ فِيهِ فَلَا يَتَزَوَّجَنَّ أُمَّهُ ـ

*"યહયા કિન્દી, શઅબી તથા અબૂ જઅફરથી રિવાયત કરે છે કે જો કોઈ છોકરા સાથે દુષ્કૃત્ય (લવાતત) કરે તો તેની મા સાથે શાદી ન કરે."*

લવાતતથી હુર્મતે મુસાહરત સાબિત થાય છે કે નહીં, એના બારામાં ઉલમાની દરમ્યાન મતભેદ છે. અહનાફ (હનફીઓ) તથા ઈમામ માલિક, ઈમામ શાફઈ ફર્માવે છે કે એનાથી હુર્મતે મુસાહરત સાબિત નથી થતી. ઈમામ નવવી, ઈમામ અવઝાઈએ ફર્માવ્યું, એનાથી હુર્મતે મુસાહરત સાબિત થઈ જાય છે. અને એ જ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہનો ક઼ૌલ છે.

وَيَحْيٰى هٰذَا غَيْرُ مَعْرُوْفٍ لَمْ يُتَابِعْ عَلَيْهِ અને આ યહયા મઅરૂફ નથી એમની મુતાબેઅત નથી કરવામાં આવી.

ઈમામ બુખારીની મુરાદ એ છે કે એમની અદાલત મશહૂર નથી, નહીં તો એમનાથી ષૌરી, અબૂઅવાના અને શરીકે રિવાયત કરી છે. તેમજ ઈમામ બુખારીએ પોતાની તારીખમાં અને ઈબ્ને અબી હાતિમે એનો ઉલ્લેખ કર્યો છે. અને એમના બારામાં કોઈ વાંધો નથી વર્ણવ્યો. અને ઈબ્ને હબ્બાને ષિક઼ાતમાં એમનો ઉલ્લેખ કર્યો છે. અને યહયા કિન્દીનો આ ક઼ૌલ સુફયાન ષૌરી તથા અવઝાઈ તથા ઈમામ અહમદે પણ કર્યો છે.

**[તઅલીક઼ : ૬૨૬]** **★ પત્નીની મા સાથે ઝિના કરે તો ? ★**

ت ٦٢٦ وَقَالَ عِكْرِمَةُ عَنِ ابْنِ عَبَّاسٍ إِذَا زَنَا بِهَا لَا تَحْرُمُ عَلَيْهِ امْرَأَتُهُ ـ

*"અને ઈકરમાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરતાં કહ્યું, જ્યારે કોઈ પત્નીની માની સાથે ઝિના કરે તો એના પર એની પત્ની હરામ થશે નહીં."*

**[તઅલીક઼ : ૬૨૭]**

ت ٦٢٧ وَيُذْكَرُ عَنْ أَبِي نَصْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ حَرَّمَهُ ـ
وَأَبُو نَصْرٍ هٰذَا لَمْ يُعْرَفْ بِسَمَاعِهِ عَنِ ابْنِ عَبَّاسٍ ـ

*"અબૂ નસ્રથી રિવાયત કરતાં ઈબ્ને અબ્બાસથી વર્ણન કરવામાં આવે છે કે તેમણે ફર્માવ્યું કે હરામ થઈ જશે.*

*અને આ અબૂ નસ્રનું ઈબ્ને અબ્બાસથી સાંભળવું સાબિત નથી."*

પરંતુ અબૂ ઝરઆએ કહ્યું કે આ અસદી છે અને ષિક઼હ છે અને તેમણે ઈબ્ને અબ્બાસથી રિવાયત પણ કરી છે કે તેમણે ઈબ્ને અબ્બાસથી અલ્લાહ ﷻના આ ક઼ૌલનો અર્થ પૂછયો : وَالْفَجْرِ وَلَيَالٍ عَشْرٍ

| | |
|---|---|
| **[તઅલીક઼ : ૬૨૮]**<br>*ઈમરાન ઈબ્ને હુસૈન અને જાબિર બિન ઝયદ અને હસન બસરી અને અમુક ઈરાક઼વાળાઓથી મરવી છે કે, એના પર હરામ થઈ જશે.* | ٦٢٨ وَيُرْوٰى عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ وَجَابِرِ بْنِ زَيْدٍ وَالْحَسَنِ وَبَعْضِ اَهْلِ الْعِرَاقِ تَحْرُمُ عَلَيْهِ ۔ |
| **[તઅલીક઼ : ૬૨૯]**<br>*"અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે એના પર હરામ ન થશે ત્યાં સુધી કે જમીન સાથે ચિપકાવી દે એટલે હમબિસ્તરી કરી લે."* | ٦٢٩ وَقَالَ اَبُوْهُرَيْرَةَ لَا تَحْرُمُ عَلَيْهِ حَتّٰى يُلْزِقَ بِالْاَرْضِ يَعْنِىْ يُجَامِعَ |
| **[તઅલીક઼ : ૬૩૦]**<br>*"ઈબ્ને મુસૈયબ ઉરવા તથા ઝુહ્‌રી પણ એવું જ કહે છે કે હરામ નથી."* | ٦٣٠ وَجَوَّزَهُ ابْنُ الْمُسَيَّبِ وَعُرْوَةُ وَالزُّهْرِىُّ |
| **[તઅલીક઼ : ૬૩૧]**<br>*"અને ઝુહરીએ કહ્યું કે હઝરત અલીએ ફર્માવ્યું કે એ હરામ નથી."* | ٦٣١ وَقَالَ الزُّهْرِىُّ قَالَ عَلِىٌّ لَا تَحْرُمُ وَهٰذَا مُرْسَلٌ ۔ |

**તઅલીક઼ : ૬૩૧ની સમજૂતી** જો કોઈ મઆઝલ્લાહ ! પોતાની સાસુની સાથે ઝિના કરે તો તેની પત્ની તેના પર હરામ થશે કે નહીં એ ફરઅ છે એ વાતની કે ઝિનાથી હુર્મતે મુસાહરત સાબિત થાય છે કે નહીં. સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો એમાં મતભેદ રહ્યો. આપણે ત્યાં સાબિત થાય છે એટલા માટે **જો કોઈ શખ્સ કોઈ સ્ત્રી સાથે ઝિના કરે તો ઝાનીના ઉસૂલ તથા ફ઼ુરૂઅ મુઝનિય્યહ (જેનાથી ઝિના કરવામાં આવ્યો હોય તેનો ઉપર નીચેનો વંશ) પર અને મુઝનિય્યહના ઉસૂલ તથા ફ઼ુરૂઅ ઝાની પર હરામ થઈ જશે.** જે લોકો કહે છે કે ઝિનાથી હુર્મતે મુસાહરત સાબિત નથી થતી, એમનો ક઼યાસ એ છે કે હુર્મત એક નેઅમત છે અને હરામથી નેઅમત નથી સાબિત થતી. જેમ કે હઝરત અલી, ઉરવા બિન ઝુબૈર અને સઈદ બિન મુસૈયબે ફર્માવ્યું કે હરામ કોઈ હલાલને હરામ નથી કરતું.

### ★ મદખુલાની પુત્રીઓ હરામ ★

| | |
|---|---|
| **પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદની તફ઼સીર : અને જે પત્નીઓથી સોહબત કરી ચૂક્યા છો તેમની તે પુત્રીઓ જે તમારી ગોદમાં છે તે તમારા પર હરામ છે."** *–(૭૬૫)* | بَابُ قَوْلِهٖ وَرَبَآئِبُكُمُ اللّٰتِىْ فِىْ حُجُوْرِكُمْ مِنْ نِّسَآئِكُمُ اللّٰتِىْ دَخَلْتُمْ بِهِنَّ ٧٦٥ |
| **[તઅલીક઼ : ૬૩૨]** *અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે કુર્આન મજીદમાં દખૂલ તથા મસીસ તથા લમાસ (વાસના સાથે સ્પર્શ) સૌથી મુરાદ સંભોગ છે.* | ٦٣٢ وَقَالَ ابْنُ عَبَّاسٍ اَلدُّخُوْلُ وَ الْمَسِيْسُ وَاللِّمَاسُ هُوَ الْجِمَاعُ ۔ |

| | |
|---|---|
| *અને જેણે કહ્યું, પત્નીની ઔલાદની પુત્રીઓ એની પુત્રીઓ છે. તહરીમના મામલામાં નબી ﷺના ઈર્શાદના કારણે કે ઉમ્મે હબીબાથી ફર્માવ્યું, મારા પર પોતાની પુત્રીઓ તથા બહેનોને ન પેશ કરો.* | وَمَنْ قَالَ بَنَاتُ وَلَدِهَا هُنَّ بَنَاتُهُ فِي التَّحْرِيْمِ لِقَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لِأُمِّ حَبِيْبَةَ لَا تَعْرِضْنَ عَلَيَّ بَنَاتِكُنَّ وَ لَا أَخَوَاتِكُنَّ ۔ |

હેતુ એ છે કે રબાઈબથી મુરાદ કેવળ પોતાની પત્નીની પુત્રીઓ જ નહીં બલ્કે પૌત્રીઓ તથા નવાસીઓ પણ મુરાદ છે. અને હદીષથી દલીલ પુરવાર કરવાનો પાયો શબ્દ બનાતનો ઉમૂમ (સામાન્યપણુ) છે કે એનાથી મુરાદ પુત્રીઓ પણ છે અને પૌત્રીઓ તથા નવાસીઓ પણ છે.

| | |
|---|---|
| *અને એ પ્રમાણે પૌત્રોની પત્નીઓ, પુત્રોની પત્નીઓના હુકમમાં છે.* | وَكَذَالِكَ حَلَائِلُ وَلَدِ الْأَبْنَاءِ هُنَّ حَلَائِلُ الْأَبْنَاءِ ۔ |

સાર એ નીકળ્યો કે પત્નીઓની ફુરૂઅ (શાખો) એ જ પ્રમાણે ફુરૂઅની પત્નીઓ સૌ હરામ છે.

وَهَلْ تُسَمَّى الرَّبِيْبَةَ وَإِنْ لَّمْ تَكُنْ فِيْ حِجْرِهِ ۔ અને શું પત્નીની એ પુત્રીને પણ રબીબા કહીશું જે પતિની પરવરિશમાં ન હોય ?

જમ્હૂરનો મસ્લક આ ખાસ બાબતમાં એ છે કે فِى حُجُوْرِكُمْની કૈદ વાકૈઈ છે એહતેરાઝી નથી. જેમ કે મોટાભાગે એવું જ થાય છે કે સ્ત્રી બીજા પતિની નાની બાળકીને બીજા નિકાહ પછી પણ પોતાની પાસે રાખે છે. જેથી પત્નીની પુત્રી મુત્લકન (કોઈ શર્ત વિના) હરામ છે ભલે પતિની પરવરિશમાં ન હોય.

ظاهريه (ઝાહિરિયહ)એ કહે છે કે જો પતિની પરવરિશમાં નથી તો હરામ નથી. તેમની નજીક આ શર્ત એહતેરાઝી છે.

| | |
|---|---|
| *અને નબી ﷺએ પોતાની એક રબીબા એ શખ્સના હવાલે કરી જે એની કફાલત કરે.* | وَدَفَعَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ رَبِيْبَةً لَهُ إِلٰى مَنْ يَّكْفُلُهَا ۔ |

**મત્રાઈ (રબીબા) પુત્રી હરામ ! :** બઝ્ઝાર તથા હાકિમે અબૂ ઈસ્હાકના તરીકાથી ફરવહ ઈબ્ને નુફલ અશજઈ અન અબિહીથી રિવાયત કરી કે નબી ﷺએ ઝયનબ બિન્તે ઉમ્મે સલમાને તેમને આપ્યાં અને ફર્માવ્યું કે તમે મારી દાયા છો. તે લઈ ગયાં પછી આવ્યાં તો હુઝૂરે પૂછયું, બાળકીનું શું કર્યુ ? તો તેમણે અર્ઝ કરી તે તેની દૂધમાની પાસે છે. ચર્ચા એ ચાલી રહી હતી કે રબીબા જો કોઈની પરવરિશમાં ન હોય તો તે હરામ છે કે નહીં ? ઈમામ બુખારીએ એ ફાયદો કર્યો કે ઝયનબ બિન્તે ઉમ્મે સલ્મા હુઝૂરે અકદસ ﷺની પરવરિશમાં ન હતાં છતાં પણ હમણા હદીષ વર્ણન થઈ કે હુઝૂરે ફર્માવ્યું કે જો તે મારી રબીબા મારી પરવરિશમાં ન હોત ........ છેવટ સુધી. એનાથી જાણવા મળ્યું કે ઝયનબ બિન્તે ઉમ્મે સલમા હુઝૂરની પરવરિશમાં ન હતાં છતાં તે હુઝૂરના માટે હલાલ ન હતાં રબીબા હોવાના કારણે. આ પરથી જાણવા મળ્યું કે પરવરિશ હોવાની શર્ત ટેમ્પરરી નથી પણ ખરેખર જ છે, એના માટે વિરોધાર્થી અર્થ નથી.

وَسَمَّى النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِبْنَ بِنْتِهٖ اِبْنًا અને નબી ﷺએ પોતાના નવાસાને પુત્ર કહ્યો.

મનાકિબમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની હદીષ વર્ણન થઈ કે હુઝૂરે અકદસ ﷺએ હઝરત હસન મુજતબા رضی اللہ عنہના બારામાં ફર્માવ્યું, આ મારો પુત્ર સરદાર છે.

## بَابٌ لَا تُنْكَحُ الْمَرْأَةُ عَلٰى عَمَّتِهَا ص٧٦٦

**પ્રકરણ : "ફોઈના નિકાહમાં હોય તો તેની ભત્રીજી સાથે નિકાહ ન કરવામાં આવે."** –(૭૬૬)

**★ ફોઈ ભત્રીજી નિકાહમાં ભેગી ન થશે ★**

حدیث ۲۳۷۷

عَنِ الشَّعْبِيِّ سَمِعَ جَابِرًا رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

**[હદીષ : ૨૩૭૭]** *"હઝરત જાબિર رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ*

نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنْ تُنْكَحَ الْمَرْأَةُ عَلٰى

*એનાથી મના ફર્માવ્યું કે પત્ની તથા તેની ફોઈ અથવા તેની માસીને નિકાહમાં*

عَمَّتِهَا اَوْ خَالَتِهَا عله

*ભેગી કરવામાં આવે." (નિસાઈ નિકાહ)*

**હદીષ : ૨૩૭૭ની સમજૂતી**

હદીષમાં કેવળ ફોઈ તથા માસીનું વર્ણન છે, પરંતુ એ જ ખાસ નથી, દરેક બે તેવી સ્ત્રીઓને ભેગી કરવી જાઈઝ નથી કે જો એમાંથી એકને મર્દ ધારી લેવામાં આવે તો એમના આપસમાં હમેશાં હમેશાં માટે નિકાહ હરામ હોતા. અને આ સ્થિતિમાં હુર્મત (હરામ હોવું) ટેમ્પરરી છે કાયમી નથી. દા.ત. **પત્નીને તલાક઼ આપી દીધી અથવા મરી ગઈ તો ઈદ્દત પછી તેની બહેન ફોઈ કે માસી વગેરે સાથે નિકાહ હરામ નથી.**

**★ પત્નીની ફોઈ તથા માસીને નિકાહ ભેગી કરવી હરામ ★**

حدیث ۲۳۷۸

حَدَّثَنِيْ قَبِيْصَةُ ابْنُ ذُوَيْبٍ اَنَّهُ سَمِعَ اَبَا هُرَيْرَةَ رَضِيَ

**[હદીષ : ૨૩૭૮]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم એ મના ફર્માવ્યું કે*

اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ نَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنْ

*પત્નીની સાથે તેની ફોઈ સાથે તથા તેની માસી સાથે નિકાહ કરવામાં આવે. (ઝુહ્‌રીએ કહ્યું) આપણે જાણીએ*

تُنْكَحَ الْمَرْأَةُ عَلٰى عَمَّتِهَا وَالْمَرْأَةُ وَخَالَتُهَا فَنُرٰى خَالَةَ اَبِيْهَا

*છીએ કે એના બાપની માસી પણ એ જ મર્તબામાં છે એટલા માટે કે ઉરવાએ મને હદીષ બયાન કરી કે*

بِتِلْكَ الْمَنْزِلَةِ لِاَنَّ عُرْوَةَ حَدَّثَنِيْ عَنْ عَائِشَةَ قَالَتْ حَرِّمُوْا

*ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરતાં તેમણે ફર્માવ્યું કે રઝાઅત (દૂધના સંબંધ)થી*

مِنَ الرَّضَاعَةِ مَا يَحْرُمُ مِنَ النَّسَبِ -

*તેને હરામ જાણો જે નસબ (વંશ)થી હરામ છે."*

**હદીષ : ૨૩૭૮ની સમજૂતી** એ તો સહીહ છે કે પત્નીના પિતાની માસી પત્ની નિકાહમાં હોવાની સ્થિતિમાં હરામ છે, એટલા માટે કે જો એમનામાં પત્નીને મર્દ ધારવામાં આવે તો એના નિકાહ પિતાની માસી સાથે દુરુસ્ત નથી. પરંતુ ઝુહરીએ આ હદીષ પર રઝાઅતથી (દૂધના સંબંધથી) જે દલીલ કરી છે તે વાંધા પાત્ર છે.

**પ્રકરણ : "શિગારનું બયાન"** –(૭૬૬) بَابُ الشِّغَارِ

حدیث ۲۳۷۹ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ શિગારવાળા* **[હદીષ : ૨૩૭૯]**

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنِ الشِّغَارِ وَالشِّغَارُ

*નિકાહથી મના ફર્માવ્યું અને શિગાર એ છે કે એક શખ્સ પોતાની પુત્રીની શાદી કોઈની સાથે એ શર્ત પર*

اَنْ يُّزَوِّجَ الرَّجُلُ اِبْنَتَهٗ عَلٰى اَنْ يُّزَوِّجَهُ الْاٰخَرُ اِبْنَتَهٗ لَيْسَ بَيْنَهُمَا

*કરે કે તે પોતાની પુત્રીની શાદી તેની સાથે કરી આપે અને મહેર કાંઈ*

صَدَاقٌ عله

*જ ન હોય. (૨/૧૦૨૯ હિયલ, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–નિકાહ)*

**હદીષ : ૨૩૭૯ની સમજૂતી**

શિગારની જે તફસીર વર્ણન થઈ એ હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ થી મરવી છે. પરંતુ કિતાબુલ હિયલમાં એ સ્પષ્ટતા છે કે ઓબૈદુલ્લાહે નાફેઅને પૂછ્યું કે શિગાર શું છે ? તો તેમણે ઉપરોક્ત તફસીર વર્ણન કરી આપી અને વધારો એ કર્યો કે કોઈ શખ્સ પોતાની બહેનના નિકાહ કોઈનાથી કરે એ શર્ત પર કે તે પોતાની બહેનના નિકાહ તેની સાથે કરે વિના મહેર. ઈમામ શાફઈએ ફર્માવ્યું કે હું નથી જાણતો કે હદીષમાં શિગારની તફસીર નબી صلی اللہ علیہ وسلم થી અથવા ઈબ્ને ઉમરથી છે કે નાફેઅથી કે માલિકથી છે. ભલે એ તફસીર કોઈની પણ હોય શિગારનો એ જ અર્થ છે કે કોઈ શખ્સ પોતાની કોઈ સ્ત્રીના નિકાહ કોઈ અન્ય સાથે કરે જે એના વલિય્યહ (વાલીપણામાં) હોય એ શર્ત પર કે બીજો પોતાની વલિય્યહના નિકાહ તેની સાથે કરી આપે અને મહેર કાંઈ ન હોય. આ નિકાહ મના છે, એટલે કરવાવાળો ગુનાહગાર થશે. પરંતુ જો કોઈ કરશે તો નિકાહ થઈ જશે અને બંને પર મહેર મિષ્લ વાજિબ થશે.

**પ્રકરણ : "રસૂલુલ્લાહ ﷺ એ મુત્અહથી (ટેમ્પરરી નિકાહ) આખિરમાં મના કરી આપ્યું હતું." –(૭૬૬)**

**بَابُ نَهَى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ نِكَاحِ الْمُتْعَةِ أَخِيْرًا ص ۷۶۶**

حدیث ۲۳۸۰ أَخْبَرَنِي الْحَسَنُ ابْنُ مُحَمَّدِ بْنِ عَلِيٍّ وَأَخُوْهُ عَبْدُ اللّٰهِ

*"હસન ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અલી અને તેમના ભાઈ અબ્દુલ્લાહ પોતાના* **[હદીષ : ૨૩૮૦]**

عَنْ أَبِيْهِمَا أَنَّ عَلِيًّا قَالَ لِابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا

*વાલિદ (મુહમ્મદ ઈબ્ને હનફિયા)થી રિવાયત કરે છે કે અલી رضی اللہ عنہ એ ઈબ્ને અબ્બાસથી*

إِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنِ الْمُتْعَةِ وَعَنْ لُحُوْمِ

*ફર્માવ્યું કે નબી ﷺ એ મુત્અહ તથા દેશી ગધેડાના ગોશ્તથી ખયબરના*

الْحُمُرِ الْأَهْلِيَّةِ زَمَنَ خَيْبَرَ۔

*જમાનામાં મના ફર્માવ્યું."*

حدیث ۲۳۸۱ عَنْ أَبِي جَمْرَةَ سَمِعْتُ ابْنَ عَبَّاسٍ سُئِلَ عَنْ مُتْعَةِ

*"અબૂ ઝમરહથી રિવાયત છે કે મેં સાભળ્યું, ઈબ્ને અબ્બાસથી મુત્અહ ના બારામાં* **[હદીષ : ૨૩૮૧]**

النِّسَاءِ فَرَخَّصَ فَقَالَ لَهُ مَوْلًى لَهُ إِنَّمَا ذَالِكَ فِي الْحَالِ الشَّدِيْدِ

*પૂછવામાં આવ્યું તો તેમણે ઈજાઝત આપી. એના પર એમના ગુલામે કહ્યું કે આ ઈજાઝત સખ્ત હાલતમાં*

وَفِي النِّسَاءِ قِلَّةٌ أَوْ نَحْوُهُ فَقَالَ ابْنُ عَبَّاسٍ نَعَمْ۔

*હતી અને સ્ત્રીઓમાં કમી હતી અથવા અન્ય કોઈ જરૂરતથી ? ઈબ્ને અબ્બાસે કહ્યું, હા !"*

حدیث ۲۳۸۲ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ وَسَلِمَةَ بْنِ الْأَكْوَعِ قَالَ كُنَّا

*"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ તથા હઝરત સલમા બિન અક્વઅ رضی اللہ عنہما થી* **[હદીષ : ૨૩૮૨]**

فِي جَيْشٍ فَأَتَانَا رَسُوْلُ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَدْ أُذِنَ

*રિવાયત છે કે અમે લોકો એક લશ્કરમાં હતા એવામાં અમારી પાસે રસૂલુલ્લાહ ﷺ નો કાસિદ (દૂત)*

لَكُمْ أَنْ تَسْتَمْتِعُوْا فَاسْتَمْتِعُوْا۔

*આવ્યો કે તમને લોકોને મુત્અહ ની ઈજાઝત આપવામાં આવી છે તો મુત્અહ કરો."*

| | |
|---|---|
| **[તઅલીક઼ : ૬૩૩]**<br>ઈબ્ને અબી ઝિઅબે સલ્મા બિન અક્વઅ رضی اللہ عنہ થી જ રિવાયત કરતાં કહ્યું, અને તેમણે રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરી કે ફ઼ર્માવ્યું, જે સ્ત્રી તથા પુરૂષ આપસમાં નક્કી કરી લે તે ત્રણ રાત આપસમાં ગુજારી લે અને જો ચાહે તો અધિક કરી લે અથવા ચાહે તો છોડી આપે, તો છોડી આપે. તો હું નથી જાણતો કે અમારા માટે ખાસ હતું અથવા સર્વ માટે સર્વ સામાન્ય.<br>અને અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું કે હઝરત અલી رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરતાં વર્ણવ્યું કે એ મન્સૂખ છે. | ت ٦٣٣ وَقَالَ ابْنُ اَبِيْ ذِئْبٍ حَدَّثَنِيْ اِيَاسُ بْنُ سَلَمَةَ بْنِ الْاَكْوَعِ عَنْ اَبِيْهِ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَيُّمَا رَجُلٍ وَّامْرَاَةٍ تَوَافَقَا فَعِشْرَةُ مَا بَيْنَهُمَا ثَلٰثُ لَيَالٍ فَاِنْ اَحَبَّا اَنْ يَّتَزَايَدَا اَوْ يَتَتَارَكَا تَتَارَكَا فَمَا اَدْرِيْ اَشَيْءٌ كَانَ لَنَا خَاصَّةً اَمْ لِلنَّاسِ عَامَّةً قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ وَبَيَّنَهٗ عَلِيٌّ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ مَنْسُوْخٌ ۔ |

**તઅલીક઼ : ૬૩૩ની સમજૂતી**

મુત્અહના બારામાં જરૂરત મુજબ પહેલાં ચર્ચા થઈ ચૂકી છે જેનો સાર એ છે કે શરૂમાં મુત્અહની ઈજાઝત હતી પણ ગઝવએ ખૈબરના મોક઼ા પર એને હરામ ફ઼ર્માવ્યું. પછી જરૂરત પૂરતી ગઝવએ અવતાસમાં ઈજાઝત આપી, પછી હમેશાં માટે હરામ કરી આપ્યું.

بَابُ عَرْضِ الْمَرْاَةِ نَفْسَهَا عَلَى الرَّجُلِ الصَّالِحِ

**પ્રકરણ : "કોઈ સ્ત્રીનું પોતે પોતાને કોઈ નેક શખ્સ પર પેશ કરવું."** –(૭૬૭)

حديث ٢٣٨٣ حَدَّثَنَا مَرْحُوْمٌ قَالَ سَمِعْتُ ثَابِتًا الْبُنَانِيَّ قَالَ كُنْتُ عِنْدَ

"ષાબિત બુનાનીએ કહ્યું કે હું હઝરત અનસને ત્યાં બેઠો હતો અને ત્યાં તેમનાં **[હદીષ : ૨૩૮૩]**

اَنَسٍ وَّعِنْدَهٗ اِبْنَةٌ لَّهٗ قَالَ اَنَسٌ جَاءَتْ اِمْرَاَةٌ اِلٰى رَسُوْلِ اللّٰهِ

એક સાહબઝાદી પણ હતાં. હઝરત અનસે આ હદીષ વર્ણવી કે એક સ્ત્રી રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ تَعْرِضُ عَلَيْهِ نَفْسَهَا قَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ

હાજર થઈ અને હુઝૂર પર પોતે પોતાને પેશ કરી અને અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ ! શું હુઝૂરને

اَلَكَ بِيْ حَاجَةٌ فَقَالَتْ بِنْتُ اَنَسٍ مَا اَقَلَّ حَيَاءَهَا وَاسَوْءَتَاهُ

મારી હાજત છે ? એના પર હઝરત અનસની સાહબઝાદીએ કહ્યું, કેટલી બેહયા હતી તે !

وَاسَوْءَتَاهُ قَالَ هِيَ خَيْرٌ مِّنْكِ رَغِبَتْ فِي النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

હાય ! બુરાઈ ! હાય ! બુરાઈ ! એના પર હઝરત અનસે ફ઼ર્માવ્યું, તે તારા કરતાં બેહતર હતી. તેણીએ

وَسَلَّمَ فَعَرَضَتْ عَلَيْهِ نَفْسَهَا ء

*નબી ﷺ ની તરફ રગબત (આકર્ષણ) કરી અને પોતે પોતાને હુઝૂર ﷺ પર પેશ કરી."*

*(૨/૯૦૪ અદબ, બાબુ માલા યસ્તહ્યી મિનલ હક્ક, નિસાઈ ઈબ્ને માજહ–નિકાહ)*

**હદીષ : ૨૩૮૩ની સમજૂતી**

એ સ્ત્રી કોણ હતાં એમનું નામ જાણી નથી શકાયું. અલ્લામા ઈબ્ને હજરે કૃયાસથી ફર્માવ્યું, લયલા બિન્તે કૈસ બિન્તે ખતીમ હતાં. અલ્લામા અયનીએ એના પર પકડ કરી કે લયલા બિન્તે કૈસનો કિસ્સો હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે તે કિસ્સો અલગ છે, અને હઝરત અનસની હદીષમાં જે કિસ્સો મરવી છે એ કિસ્સો અલગ છે.

اقول وهوا المستعان બંને કિસ્સાઓને અલગ કહેવામાં વિચારવા જેવું છે. હઝરત અનસ رضی اللہ عنہની હદીષમાં ટૂંકાણમાં કેવળ પેશ કરવાનું વર્ણન છે, પૂરી વિગત વર્ણન થયેલી નથી. એની સંભાવના છે કે એ લયલા બિન્તે કૈસ જ હોય.

بَابُ قَوْلِ اللهِ جَلَّ وَعَزَّ وَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيمَا عَرَّضْتُمْ بِهِ مِنْ خِطْبَةِ النِّسَاءِ أَوْ أَكْنَنْتُمْ فِي أَنْفُسِكُمْ عَلِمَ اللهُ الْآيَةَ إِلَى قَوْلِهِ غَفُورٌ حَلِيمٌ ص ٧٦٨

**પ્રકરણ : "અલ્લાહ عزوجلના આ ઈર્શાદનું બયાન : તમારા પર ગુનાહ નથી કે તમે સ્ત્રીઓની મંગની ઈન્ડાયરેક્ટલી કરો અથવા તમારા જીવમાં છુપાવો, ગફૂરુન હ઼લીમ સુધી."** –(૭૬૮)

**★ સ્ત્રી ઈદ્દતમાં હોય ત્યારે નિકાહનો પૈગામ ★**

**સ્પષ્ટતા** : સ્ત્રીઓ જ્યારે ઈદ્દતમાં હોય તો તેમને સ્પષ્ટપણે નિકાહનો પયગામ આપવો હરામ છે, હા! ઈશારાથી ઈન્ડાયરેક્ટ રીતે વાંધો નથી. અથવા પોતાના જીવમાં નક્કી કરી લેવામાં આવે કે આ તલાક઼વાળી સાથે નિકાહ કરવો છે.

اَكْنَنْتُمْ اَضْمَرْتُمْ એટલે તમે છુપાવ્યું. وَكُلُّ شَيْءٍ صُنْتَهُ فَهُوَ مَكْنُونٌ અને જે ચીજને તમે છુપાવી લો તે મકનૂન છે.

ت ٦٣٤ وَقَالَ لِي طَلْقٌ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا فِيمَا عَرَّضْتُمْ

*"ઈબ્ને અબ્બાસે કહ્યું, કે તઅરીઝથી મુરાદ એ છે કે કહે કે હું શાદીનો ઈરાદો* **[તઅલીક઼ : ૬૩૪]**

يَقُولُ إِنِّي أُرِيدُ التَّزْوِيجَ وَلَوَدِدْتُ أَنَّهُ تَيَسَّرَ لِي امْرَأَةٌ صَالِحَةٌ

*ધરાવું છું અને હું ચાહું છું કે મને કોઈ નેક સ્ત્રી મયસ્સર થાય."*

ت ٦٣٥ وَقَالَ الْقَاسِمُ يَقُولُ إِنَّكِ عَلَيَّ كَرِيمَةٌ وَإِنِّي فِيكِ لَرَاغِبٌ

*"અને ક઼ાસિમે કહ્યું કે આવું કહે, તું મારી નજીક બુઝુર્ગ છે, હું તારી અંદર* **[તઅલીક઼ : ૬૩૫]**

وَإِنَّ اللّٰهَ لَسَائِقٌ إِلَيْكِ خَيْرًا أَوْ نَحْوَ هٰذَا.

ખ્વાહિશ ધરાવું છું, બેશક ! અલ્લાહ તારા સુધી ખૈર જ પહોંચાડશે, અથવા એના જેવી વાતો.

ت ٦٣٦ وَقَالَ عَطَاءٌ يُعَرِّضُ وَلَا يَبُوحُ يَقُولُ إِنَّ لِي حَاجَةً

"અને અતાએ કહ્યું, ઈશારા તથા નિર્દેશથી વાત કરે અને સ્પષ્ટપણે ન કહે. **[તઅલીક઼ : ૬૩૬]**

وَأَبْشِرِي وَأَنْتِ بِحَمْدِ اللّٰهِ نَافِقَةٌ وَتَقُولُ هِيَ قَدْ أَسْمَعُ مَا تَقُولُ

દા.ત. આવું કહે, બેશક ! મને જરૂરત છે અને તને બશારત થાય, અને તું બિહમ્દિલ્લાહ સમયનો ચલણી સિક્કો

وَلَا تَعِدُ شَيْئًا وَلَا يُوَاعِدُ وَلِيُّهَا بِغَيْرِ عِلْمِهَا وَإِنْ وَاعَدَتْ رَجُلًا فِي

છે. અને તે સ્ત્રી કહે હું સાંભળું છું તું જે કહે છે, અને તેણી વાયદો ન કરે અને ન તેનો વાલી વાયદો કરે, ભલે

عِدَّتِهَا ثُمَّ نَكَحَهَا بَعْدُ لَمْ يُفَرَّقْ بَيْنَهُمَا

સ્ત્રીને જાણ ન હોય. અને જો કોઈ સ્ત્રીએ ઈદ્દતમાં કોઈ પુરૂષથી નિકાહનો વાયદો કરી લીધો પછી ઈદ્દત ગુજર્યા

બાદ નિકાહ કરી લીધા (તો નિકાહ સહીહ છે) તેમની વચ્ચે જુદાઈ કરવામાં નહીં આવે."

ت ٦٣٧ وَقَالَ الْحَسَنُ لَا تُوَاعِدُوهُنَّ سِرًّا اَلزِّنَا.

"અને હસને કહ્યું, તેમનાથી ગુપ્ત વાયદો ન લો, એનાથી મુરાદ ઝિના છે." **[તઅલીક઼ : ૬૩૭]**

ت ٦٣٨ وَيُذْكَرُ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُمَا الْكِتَابُ

"ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરતાં વર્ણન કરવામાં આવે છે કે **[તઅલીક઼ : ૬૩૮]**

أَجَلَهُ تَنْقَضِي الْعِدَّةُ

અલ્કિતાબુ અજલહૂથી મુરાદ એ છે કે એની ઈદ્દત પૂરી થઈ જશે."

## તઅલીક઼ : ૬૩૮ની સમજૂતી

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તઅલીક઼માં يَنْقَضِي الْعِدَّةُ છે. હિંદુસ્તાની કુતુબખાના રશીદિયાના પ્રકાશનમાં الْعِدَّةِને ઝેર છે એનું કારણ સમજમાં આવ્યું નથી. (એટલા માટે કે العدة તન્ક઼ીનો ફાઈલ છે) અહીં બીજો નુસખો اِنْقِضَاءُ الْعِدَّةِ છે, એ નુસ્ખાના એતબારથી કસ્રા (ઝેર) સહીહ છે.

بَابُ مَنْ قَالَ لَا نِكَاحَ اِلَّا بِوَلِيٍّ لِقَوْلِ اللّٰهِ تَعَالٰى وَ اِذَا طَلَّقْتُمُ النِّسَاءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ فَلَا تَعْضُلُوْهُنَّ. صـ ۷۶۹

**પ્રકરણ : "જેણે કહ્યું કે વાલીના વિના નિકાહ નથી, અલ્લાહના આ ઈર્શાદના કારણે: અને જ્યારે તમે પત્નીઓને તલાક આપો અને તેમની મુદ્દત પૂરી થઈ જાય તો તેમને ન રોકો."** –(૭૬૯)

فَدَخَلَ فِيْهِ الثَّيِّبُ وَكَذٰلِكَ الْبِكْرُ وَقَالَ وَلَا تَنْكِحُوا الْمُشْرِكِيْنَ حَتّٰى

આ ઈર્શાદમાં "ષય્યિબ" પણ સામેલ છે અને એ જ પ્રમાણે કુંવારી. અને ફર્માવ્યું, મુશ્રિકો સાથે નિકાહ ન કરો

يُؤْمِنُوْا وَقَالَ وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ

ત્યાં સુધી કે તે ઈમાન લાવે અને ફર્માવ્યું, અને નિકાહ કરી આપો પોતાનામાં તેમનો જેઓ નિકાહ વિનાના હોય.

**સમજૂતી** : હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہનો મઝહબ એ જ છે કે સ્ત્રી ચાહે કુંવારી હોય કે ન હોય, બાલિગ હોય કે નાબાલિગ જો વાલીની ઈજાઝત વગર જો તેણી નિકાહ કરે તો નિકાહ થશે નહીં. એ જ મઝહબ ઈમામ બુખારીનો પણ છે. એની દલીલમાં અબૂ દાઊદ તથા તિર્મિઝીની તે હદીષ પેશ કરે છે જે હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : لا نكاح الا بولى વિના વલીએ નિકાહ નથી. ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ આ જ હદીષને પ્રકરણનું ટાઈટલ ઠરાવ્યું, પરંતુ એને પોતાની કિતાબમાં નથી દર્શાવ્યું, એટલા માટે કે એ હદીષ એમની શર્ત પર નથી. એ જ પ્રમાણે ઈમામ મુસ્લિમે પણ એની તખરીજ નથી કરી.

અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ એની ઘણી ચર્ચા કરી છે.

પછી ઈમામ બુખારીએ એ આયતોથી દલીલ કરી. પ્રથમ આયત સૂરએ બકરહની છે કે ફર્માવ્યું :–

وَ اِذَا طَلَّقْتُمُ النِّسَاءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ فَلَا تَعْضُلُوْهُنَّ اَنْ يَّنْكِحْنَ اَزْوَاجَهُنَّ.

"જ્યારે તમે સ્ત્રીઓને તલાક઼ આપો અને તેમની ઈદ્દત પૂરી થઈ જાય, તો તેમને તેમના આગલા પતિઓ સાથે નિકાહ કરવાથી ન રોકો."

ઈમામ બુખારીનો મક઼સદ એ છે કે જો વાલીઓને નિકાહ કરવાનો હક્ક઼ ન હોત તો રોકવાનો હક્ક઼ પણ ન હોત. અમારું કહેવું એ છે કે આ આયતમાં સંબોધન તલાક઼ આપવાવાળા માજી પતિથી છે કે જ્યારે તમે એને તલાક઼ આપી ચૂક્યા તો તમને એ હક્ક઼ ન રહ્યો કે જો તેણી કોઈ પસંદીદા શખ્સ સાથે નિકાહ કરવા ચાહે તો તેમને રોકે, અને તેમને પત્નીઓ (ભાવિ થનાર સંબંધ)ના એતબારથી કહેવામાં આવ્યું છે. અને જો સંબંધ વાલીઓથી જ માનવામાં આવે તો તેનો સાર એ છે કે અમુક વખતે વાલીઓ સ્ત્રીઓને હક્ક઼ વિના પણ પોતાની ખ્વાહિશની પાબંદ રાખવા ચાહે છે અને ઉર્ફમાં શાદીના મામલામાં શરીઅતની ઈજાઝત વિના પૂરો હક્ક઼ પોતાના માટે મેહફૂઝ રાખે છે. હવે આયતનો મતલબ એ થયો કે તમને નિકાહ કરવાનો હક્ક઼ નથી. તમે જબરદસ્તી એને પોતાનો હક્ક઼ બનાવી લીધો છે એટલે કે લોકોની આદતના આધાર પર એ હુકમ આપવામાં આવ્યો છે. આ રીતે આ આયત આપણી સમર્થક થઈ જશે. મતલબ એ થશે કે તમને રોકવાનો હક્ક઼ નથી.

બીજી આયત આ રજૂ કરી છે : ولا تنكحوا المشركين حتى يومنوا "અને મુશ્રિકો સાથે નિકાહ ન કરો

ત્યાં સુધી કે તેઓ ઈમાન લાવે." અમારો જવાબ એ છે કે આ આયત મન્સૂખ છે આ ઈર્શાદથી કે ફર્માવ્યું : وَالْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتَابَ مِنْ قَبْلِكُمْ "તેમજ આવી સ્થિતિમાં અવલિયાના માટે નિકાહનો હક્ક સાબિત કરવું સહીહ થશે નહીં. (એની પણ સંભાવના છે કે આ સંબોધન વલીઓથી નથી બલ્કે સ્ત્રીઓને છે.)

ત્રીજી આયત આ રજૂ કરી છે : وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ પોતાનામાંથી પતિવિહોણી સ્ત્રીઓનો અને પોતાના નેક ગુલામોનો નિકાહ કરો. એનો જવાબ એ છે કે اَيِّم જેનું બહુવચન ايامٰى છે, એ સ્ત્રીને પણ કહે છે જેનો પતિ ન હોય, અને પુરૂષને પણ કહે છે જેને પત્ની ન હોય, તો જો انكحواથી નિકાહનું વલીપણુ મુરાદ લેવામાં આવે તો જરૂરી થશે કે પુરૂષનો પણ નિકાહ વાલી વિના સહીહ થશે નહીં, જ્યારે કે એને માનનારું કોઈ નથી.

### ★ જાહિલિયતમાં નિકાહના તરીક઼ા ★

٢٣٨٤ حديث اَخْبَرَنِىْ عُرْوَةُ بْنُ الزُّبَيْرِ اَنَّ عَائِشَةَ زَوْجَ النَّبِىِّ صَلَّى اللّٰهُ

*ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا નબી ﷺ નાં રફીક઼એ હયાતે* **[હદીષ : ૨૩૮૪]**

عَلَيْهِ وَسَلَّمَ اَخْبَرَتْهُ اَنَّ النِّكَاحَ فِى الْجَاهِلِيَّةِ كَانَ عَلٰى اَرْبَعَةِ اَنْحَاءٍ

*ખબર આપી કે જાહિલિયતમાં નિકાહના ચાર તરીક઼ા હતા : એક તો તે જ નિકાહ હતો જે આજે છે કે એક*

فَنِكَاحٌ مِّنْهَا نِكَاحُ النَّاسِ الْيَوْمَ يَخْطُبُ الرَّجُلُ اِلَى الرَّجُلِ وَلِيَّتَهٗ

*શખ્સ પોતાના વાલીપણા હેઠળની પુત્રીની મંગની કોઈ શખ્સની સાથે કરતો, પછી મહેર નક્કી કરતો પછી*

اَوِ ابْنَتَهٗ فَيُصْدِقُهَا ثُمَّ يَنْكِحُهَا وَنِكَاحٌ اٰخَرُ كَانَ الرَّجُلُ

*નિકાહ કરતો. અને બીજો નિકાહ એ હતો કે એક શખ્સ પોતાની સ્ત્રીને કહેતો જ્યારે તું હૈઝથી પાક થઈ જાય*

يَقُوْلُ لِامْرَاَتِهٖ اِذَا طَهُرَتْ مِنْ طَمْثِهَا اَرْسِلِىْ اِلٰى فُلَانٍ فَاسْتَبْضِعِىْ

*તો ફલાણાને તારી પાસે બોલાવી લે અને તેની સાથે સંભોગ કરાવ. અને તેનો પતિ તેણીથી અલગ રહેતો. ત્યાં*

مِنْهَا وَيَعْتَزِلُهَا زَوْجُهَا وَلَا يَمَسُّهَا اَبَدًا حَتّٰى يَتَبَيَّنَ حَمْلُهَا مِنْ

*સુધી તેણીને ન અડકતો જ્યાં સુધી એ શખ્સનો તેણી થકી ગર્ભ જાહેર ન થઈ જાય. અને જ્યારે ગર્ભ જાહેર*

ذٰلِكَ الرَّجُلِ الَّذِىْ تَسْتَبْضِعُ مِنْهُ فَاِذَا تَبَيَّنَ حَمْلُهَا اَصَابَهَا

*થઈ જતો તો તેનો પતિ તેણીની નજીક જતો જો ઈચ્છતો. અને આવું સારો પુત્ર હાંસલ કરવાની લાલચમાં*

زَوْجُهَا اِذَا اَحَبَّ وَاِنَّمَا يَفْعَلُ ذٰلِكَ رَغْبَةً فِىْ نَجَابَةِ الْوَلَدِ

*કરવામાં આવતુ. આ નિકાહ નિકાહે ઈસ્તબ્દ઼ાઅ કહેવાતો. અને બીજો નિકાહ એ હતો કે કેટલાક લોકો જેમની*

فَكَانَ هٰذَا النِّكَاحُ نِكَاحُ الْاِسْتِبْضَاعِ وَنِكَاحٌ اٰخَرُ يَجْتَمِعُ الرَّهْطُ

સંખ્યા દસથી ઓછી હોતી કોઈ સ્ત્રીની પાસે જતા અને તેણી સાથે સંભોગ કરતા પછી જ્યારે તેણી સગર્ભા

مَادُوْنَ الْعَشَرَةِ فَيَدْخُلُوْنَ عَلَى الْمَرْاَةِ كُلُّهُمْ يُصِيْبُهَا فَاِذَا حَمَلَتْ

થઈ જતી અને બાળક પેદા થઈ જતું અને એના પર બાળ જન્મ પછી કેટલીક રાતો પસાર થઈ જતી તો એ

وَوَضَعَتْ وَمَرَّ عَلَيْهَا لَيَالٍ بَعْدَ اَنْ تَضَعَ حَمْلَهَا اَرْسَلَتْ اِلَيْهِمْ

સૌને બોલાવતી એમનામાંથી સૌએ આવવું પડતું. સૌ ભેગા થતા તો તે સ્ત્રી તેમને કહેતી, તમે જાણો છો જે

وَلَمْ يَسْتَطِعْ رَجُلٌ مِّنْهُمْ اَنْ يَّمْتَنِعَ حَتّٰى يَجْتَمِعُوْا عِنْدَهَا تَقُوْلُ لَهُمْ

તમારો મામલો થયો અને મને બાળક જન્મ્યો. તેમનામાંથી જેને પણ ચાહતી નામ લઈને કહેતી, હે ફલાણા !

قَدْ عَرَفْتُمُ الَّذِيْ كَانَ مِنْ اَمْرِكُمْ وَقَدْ وَلَدْتُ فَهُوَ ابْنُكَ يَا فُلَانُ

આ તારું બાળક છે. તો એ બાળક એનું માનવામાં આવતું અને તે શખ્સ તેનો ઈન્કાર કરી ન શક્તો. ચોથો

تُسَمِّيْ مَنْ اَحَبَّتْ بِاسْمِهٖ فَيُلْحَقُ بِهٖ وَلَدُهَا فَلَا يَسْتَطِيْعُ اَنْ

નિકાહ એ હતો કે ઘણા લોકો ભેગા થતા અને એક સ્ત્રીને ત્યાં જતા. તેણી કોઈ આવવાવાળાને ન રોકતી એ

يَّمْتَنِعَ بِهِ الرَّجُلُ وَنِكَاحُ الرَّابِعِ يَجْتَمِعُ النَّاسُ الْكَثِيْرُ فَيَدْخُلُوْنَ

બગાયા હતી (વ્યભિચારી સ્ત્રીઓ), પોતાના દરવાજાઓ પર ઝંડા ઉભા કરેલ રહેતી જેથી નિશાની બને.

عَلَى الْمَرْاَةِ لَا تَمْتَنِعُ مِمَّنْ جَاءَهَا وَهُنَّ الْبَغَايَا كُنَّ يَنْصِبْنَ عَلٰى

પછી જે ચાહતો એમની પાસે જતો. જ્યારે એમનામાંથી કોઈ સગર્ભા થઈ જતી અને બાળક પેદા થઈ જતું તો

اَبْوَابِهِنَّ رَايَاتٍ تَكُوْنُ عَلَمًا فَمَنْ اَرَادَهُنَّ دَخَلَ عَلَيْهِنَّ فَاِذَا

તે સ્ત્રીની પાસે સૌ ભેગા થઈ જતા અને ચહેરાથી ઓળખ કરનારને બોલાવવામાં આવતો

حَمَلَتْ اِحْدَاهُنَّ وَوَضَعَتْ حَمْلَهَا جُمِعُوْا لَهَا وَدَعَوْا لَهُمُ الْقَافَةَ

ચહેરોથી ઓળખ કરનાર જેના બારામાં કહી આપતો કે આ એનો બાળક છે, તો તે એનો

ثُمَّ اَلْحَقُوْا وَلَدَهَا بِالَّذِيْ يَرَوْنَ فَالْتَاطَ بِهٖ وَدُعِيَ ابْنَهٗ لَا يَمْتَنِعُ

જ બાળક માનવામાં આવતો, અને એનો પુત્ર પોકારવામાં આવતો, તો તે શખ્સ એનાથી ઈન્કાર કરી

مِنْ ذٰلِكَ فَلَمَّا بُعِثَ مُحَمَّدٌ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِالْحَقِّ هَدَمَ

*શક્તો ન હતો. જ્યારે મુહમ્મદ ﷺ હક્કની સાથે આવ્યા તો જાહિલિયતના સર્વ નિકાહોને ખત્મ કરી*

نِكَاحَ الْجَاهِلِيَّةِ كُلَّهُ إِلَّا نِكَاحَ النَّاسِ الْيَوْمَ.

*દીધા, પણ તે નિકાહ જે આજે બાકી છે.*

**હદીષ : ૨૩૮૪ની સમજૂતી**

**★ જાહિલિયતમાં નિકાહના તરીક઼ા ★**

ઉમ્મુલ મો'મિનીને ચાર પ્રકારો વર્ણન કર્યા છે. દાઊદીએ ત્રણ પ્રકારો અધિક વર્ણવ્યા છે, પ્રથમ નિકાહે ખદન : એક શખ્સ કોઈ સ્ત્રી પાસે છુપી રીતે જતો અને કોશિશ એ જ કરતો કે કોઈ જાણવા ન પામે. એને અલ્લાહ ﷻએ ولا متخدات اخدانમાં વર્ણવ્યું છે.

બીજા નિકાહે મુત્અહ : મોતઅ જે માલૂમ તથા મશહૂર છે. ત્રીજા નિકાહે બદલ : એની રીત એ હતી કે એક શખ્સ કોઈને કહેતો કે તું તારી પત્નીના હક્કથી મુક્ત થઈને મને આપી દે અને હું મારી પત્નીથી મુક્ત થઈને તને આપી દઉં, અને હું તને ઉપરામણી કાંઈક અધિક આપીશ.

**પ્રકરણથી સામ્યતા :** હદીષના છેલ્લા વાક્યથી મળતાપણુ છે કે ફર્માવ્યું, જાહિલિયતના સર્વ નિકાહોને ખત્મ કરી આપ્યા એ નિકાહ સિવાય કે જે આજે બાકી છે. જેની તફસીર પહેલાં વર્ણન થઈ ચૂકી છે કે એક શખ્સ પોતાના વાલીપણા હેઠળની અથવા પુત્રીની મંગની કોઈની સાથે કરતો, પછી તેની સાથે નિકાહ કરતો. એનાથી જાણવા મળ્યું કે સ્ત્રીના નિકાહનો હક્ક વલીને પ્રાપ્ત છે. પણ આ દલીલ વિરોધાર્થી ભાવાર્થથી છે જે દલીલ નથી. આ આમ રિવાજ તથા કાર્ય પધ્ધતિનું વર્ણન છે.

**પ્રકરણ : "જ્યારે વલી જ મંગની કરનાર હોય."** –(૭૭૦)

بَابُ إِذَا كَانَ الْوَلِيُّ هُوَ الْخَاطِبَ صـ ٧٧٠

મક઼સદ એ બતાવવાનો છે કે વલી પોતાના માટે એ સ્ત્રીની મંગની કરી શકે છે કે નહીં જે એના વાલીપણા હેઠળ (વિલાયતમાં) હોય.

**[તઅલીક઼ : ૬૩૯]** ت ٦٣٩ وَخَطَبَ الْمُغِيْرَةُ بْنُ شُعْبَةَ امْرَأَةً هُوَ أَوْلَى النَّاسِ بِهَا

*"અને મુગીરા બિન શોઅબા رضی اللہ عنہ એ એક સ્ત્રીની મંગની કરી. જ્યારે કે તે સ્ત્રીની સૌથી નિકટના વલી હતા.*

فَأَمَرَ رَجُلًا فَزَوَّجَهُ

*પછી તેમણે એક અન્ય સાહબને હુકમ આપ્યો, તેમણે હઝરત મુગીરાના નિકાહ તે સ્ત્રી સાથે કર્યા."*

**તઅલીક઼ : ૬૩૯ની સમજૂતી**

આ તઅલીક઼ને સઈદ બિન મન્સૂરે શઅબીના તરીક઼ાથી આ પ્રમાણે રિવાયત કરી છે કે હઝરત મુગીરા બિન શોઅબા رضی اللہ عنہએ પોતાના કાકા ઉરવા બિન મસ્ઊદની પુત્રી સાથે મંગની કરી અને અબ્દુલ્લાહ બિન અબી અક઼ીલને બોલાવ્યા અને કહ્યું, એની સાથે મારા નિકાહ કરી આપો. તેમણે કહ્યું, હું એવું નહીં કરું ! આપ શહેરના અમીર છો અને તેણીના કાકાના પુત્ર છો. (મક઼સદ એ હતો કે આપ

જાતે નિકાહ કરી લો) મારી શું જરૂરત ?! ત્યારબાદ હઝરત મુગીરાએ ઉષ્માન બિન અબી આસને બોલાવ્યા, તેમણે એ સ્ત્રીના નિકાહ મુગીરા સાથે કરી આપ્યા.

ت ٦٤٠ وَقَالَ عَبْدُ الرَّحْمٰنِ بْنُ عَوْفٍ لِأُمِّ حَكِيْمٍ بِنْتِ قَارِضٍ

*"અને અબ્દુર્રહમાન બિન ઔફે ઉમ્મે હકીમ બિન્તે કારિઝને કહ્યું, તું તારો મામલો* **[તઅલીક઼ : ૬૪૦]**

اَتَجْعَلِيْنَ اَمْرَكِ اِلَيَّ قَالَتْ نَعَمْ فَقَالَ قَدْ تَزَوَّجْتُكِ .

*મને સુપરત કરે છે ? તો તેમણે કહ્યું કે હા ! તો ફર્માવ્યું, મેં મારો નિકાહ તારી સાથે કરી લીધો."*

**તઅલીક઼ : ૬૪૦ની સમજૂતી** આ અષરને ઈબ્ને સઅદે, ઈબ્ને અબી ઝિઅ્બ સઈદ બિન ખાલિદના તરીક઼ાથી આ પ્રમાણે રિવાયત કરી કે ઉમ્મે હકીમ બિન્તે કારિઝે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફને કહ્યું, મને ઘણા બધા લોકોએ નિકાહનો પયગામ આપ્યો છે, તો આપ એઓમાંથી જેની સાથે ચાહો મારો નિકાહ કરી આપો. તો અબ્દુર્રહમાન બિન ઔફે કહ્યું, શું એ હક઼ તું મને આપે છે ? તો ઉમ્મે હકીમે કહ્યું, હા ! તો તેમણે કહ્યું, મેં મારા નિકાહ તારી સાથે કરી લીધા. ઈબ્ને અબી ઝિઅ્બે કહ્યું, આ નિકાહ જાઈઝ રહ્યા. પરંતુ આ અષરમાં એનું કોઈ નિશાન નથી કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ એ સ્ત્રીના વાલી હતા. બલ્કે વર્ણન શૈલી પરથી જાહેર થઈ રહ્યું છે કે ઉમ્મે હકીમે એમને પોતાનો વકીલ બનાવી દીધો હતો. હવે સ્થિતિ એ થઈ કે એક જ શખ્સ વકીલ તથા અસીલ બંનેવ રહ્યો.

ت ٦٤١ **[તઅલીક઼ : ૬૪૧]** وَقَالَ عَطَاءٌ لِيُشْهِدْ اَنِّيْ قَدْ نَكَحْتُكِ اَوْ لِيَأْمُرْ رَجُلًا مِنْ عَشِيْرَتِهَا

*"અને અતાએ કહ્યું, ગવાહ બનાવે કે મેં નિકાહ કર્યા અથવા એ સ્ત્રીના ક઼બીલામાંથી કોઈને હુકમ આપે."*

**તઅલીક઼ : ૬૪૧ની સમજૂતી** મુસ્નદે અબ્દુર્રઝ્ઝાક઼માં ઈબ્ને જુરૈજથી છે કે તેમણે કહ્યું, મેં અતાથી પૂછયું, એક સ્ત્રીને તેના કાકાના પુત્રએ પયગામ આપ્યો છે અને એ શખ્સના સિવાય એ સ્ત્રીનો અન્ય કોઈ નજીકનો પુરૂષ નથી. તો અતાએ કહ્યું કે તે ગવાહ બનાવે કે ફલાણીને એણે નિકાહનો પયગામ આપ્યો. અને હું તમને ગવાહ બનાવું છું કે મેં એની સાથે નિકાહ કર્યો. અથવા પોતાના ક઼બીલામાંથી કોઈ શખ્સને હુકમ કરે.

**પ્રકરણ : "પુરૂષનું પોતાની નાની ઔલાદના નિકાહ કરવું જાઈઝ છે, અલ્લાહ તઆલાના ઈર્શાદના કારણે : "અને જે સ્ત્રીને હૈઝ ન આવ્યું હોય (તેમની ઈદ્દત ત્રણ મહિના છે) તો અલ્લાહ તઆલાએ તેમની ઈદ્દત બાલિગ થતા પહેલાં ત્રણ મહિના રાખી."** –*(૭૭૧)*

بَابُ اِنْكَاحِ الرَّجُلِ وُلْدَهُ الصِّغَارَ
بِقَوْلِهٖ تَعَالٰى وَاللَّائِيْ لَمْ يَحِضْنَ
فَجَعَلَ عِدَّتَهَا ثَلٰثَةَ اَشْهُرٍ
قَبْلَ الْبُلُوْغِ .
ص ٧٧١

**સ્પષ્ટતા :** وُلْدَهُ الصِّغَارَ એમાં બે રિવાયતો છે : وُلْدَهُ-وَلَدٌ નું બહુવચન. બીજી وَلَدَهُ એ એક વચન છે હવે એની સગીરાની સિફત લાવવું જાહેરી રીતે સહીહ નથી, પરંતુ وَلَدَهُ એવો શબ્દ છે જે એકવચન કે બહુવચન સર્વ માટે બોલાય છે, આ લેહાઝથી એની બહુવચન સિફત લાવવી દુરુસ્ત છે.

### ★ નાબાલિગ સ્ત્રીની ઈદ્દત ★

આયતે કરીમાની સાથે પ્રકરણના મળતાપણા (સામ્યતા)ની તરફ હઝરત ઈમામ બુખારીએ પોતાના આ કૌલથી ઈશારો (નિર્દેશ) કર્યો. અલ્લાહ ﷻએ નાબાલિગ સ્ત્રીઓની ઈદ્દત ત્રણ મહિના નિશ્ચિત કરી. ઈદ્દત તલાક઼ની ફરઅ (શાખ) છે અને તલાક઼ નિકાહ બાદ જ થાય છે. એટલા માટે તલાક઼ નિકાહની કૈદ ઉઠાવવાને કહે છે, જો નિકાહ ન હોય તો પછી તલાક઼ કેવી ? તો સાબિત છે કે નાબાલિગાના નિકાહ સહીહ છે. નાબાલિગા સ્ત્રી જાતે નિકાહ નથી કરી શક્તી, તેનો કોઈ વલી કરશે. બાપદાદા પણ વલીઓમાંથી છે. જેથી સાબિત થઈ ગયું કે બાપદાદાનું પોતાની નાબાલિગ ઔલાદનો નિકાહ કરવું સહીહ છે.

**પ્રકરણ : "બાપ અથવા કોઈ પણ, બિક્ર તથા કુંવારી ન હોય તેના નિકાહ એની રઝામંદી વિના નહીં કરે."** –(૭૭૧)

بَابُ لَا يُنْكِحُ الْأَبُ وَغَيْرُهُ الْبِكْرَ وَالثَّيِّبَ إِلَّا بِرِضَاهَا. ص ٧٧١

حديث ٢٣٨٥ عَنْ أَبِي سَلَمَةَ اَنَّ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ حَدَّثَهُمْ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ એ લોકોથી હદીષ વર્ણવી કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૩૮૫]**

إِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تُنْكَحُ الْاَيِّمُ حَتّٰى تُسْتَامَرَ وَلَا تُنْكَحُ الْبِكْرُ

*અને કુંવારીનો નિકાહ ન કરવામાં આવે જ્યાં સુધી કે તેણીને પૂછી લેવામાં ન આવે અને કુંવારીનો નિકાહ ન*

حَتّٰى تُسْتَاذَنَ قَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ! وَكَيْفَ اِذْنُهَا قَالَ اَنْ تَسْكُتَ

*કરવામાં આવે જ્યાં સુધી કે તેણીથી ઈજાઝત ન લઈ લેવામાં આવે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! કેવી રીતે એનાથી ઈજાઝત લેવામાં આવે ? ફર્માવ્યું, ચુપ રહે."*

*(૨/૧૦૩૦, ૧૦૩૧ કિતાબુલ હયૂલ બાબુફિન્નિકાહ, મુસ્લિમ, નિસાઈ–નિકાહ)*

**હદીષ : ૨૩૮૫ની સમજૂતી**

"ઐયિમ"નો મૂળ અર્થ તે સ્ત્રી જે પરણીત હોય તે પુરૂષ જે પરણીત હોય. પરંતુ અહીં મુરાદ કુંવારી છે. એના પર ક઼રીના એ છે કે એના મુક઼ાબલામાં બકર આવ્યો છે. આ હદીષ આપણી દલીલ છે કે સ્ત્રી જો બાલિગા હોય તો તેણીની ઈજાઝત વિના વલી એના નિકાહ નથી કરી શક્તો, તે બાલિગા ચાહે અકુંવારી હોય કે કુંવારી હોય. એટલે બાલિગા સ્ત્રી પર વાલીઓને જબરદસ્તીનો અધિકાર નથી.

### ★ ખામોશી નિકાહની રઝામંદી છે ★

حديث ٢٣٨٦ عَنِ ابْنِ اَبِي مُلَيْكَةَ عَنْ اَبِي عَمْرٍو مَوْلٰى عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ* **[હદીષ : ૨૩૮૬]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ اِنَّ الْبِكْرَ تَسْتَحِيْ قَالَ

*કુંવારી સ્ત્રી હયા કરે છે. ફર્માવ્યું, તેની ખામોશી તેની*

رِضَاهَا صَمْتُهَا

*રઝામંદી છે." (૨/૧૦૨૭ અલ્ઈકરાહ, ૨/૧૦૩૧ હયલ, મુસ્લિમ, નિસાઈ–નિકાહ, ૨/૧૦૨૭ ઈકરાહ)*

**હદીષ : ૨૩૮૬ની સમજૂતી** હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا ના એ ગુલામ અબૂ અમ્રનું નામ ઝકવાન હતું. એ ઘણા જ ઉચ્ચ કક્ષાના કારી હતા. ઉમ્મુલ મોમિનીને તેમને મુદબ્બર બનાવી દીધા હતા.

**★ તેણી પસંદ ન કરે તો નિકાહ રદ ★**

بَابُ إِذَا زَوَّجَ ابْنَتَهُ وَهِيَ كَارِهَةٌ فَنِكَاحُهُ مَرْدُودٌ.

ص ۷۷۱

**પ્રકરણ :"જ્યારે કોઈએ પોતાની પુત્રીની શાદી કરી અને તેણી તેને પસંદ ન કરે તો નિકાહ રદ કરી દેવામાં આવે"** –(૭૭૧)

حدیث ۲۳۸۷ عَنْ خَنْسَاءَ بِنْتِ خِذَامٍ الْأَنْصَارِيَّةِ أَنَّ أَبَاهَا زَوَّجَهَا

**[હદીષ : ૨૩૮૬]** *"ખન્સા બિન્તે ખિઝામ અન્સારિયહ رضی اللہ عنہا થી રિવાયત છે કે તેમના*

وَهِيَ ثَيِّبٌ فَكَرِهَتْ ذَالِكَ فَأَتَتْ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ

*પિતાએ તેમની શાદી કરી આપી હતી અને અકુંવારી હતાં, તો તેમણે એને નાપસંદ કર્યું જેથી*

فَرَدَّ نِكَاحَهَا.

*રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયાં. તો હુઝૂરે તેમનો નિકાહ રદ કરી આપ્યો."*

**હદીષ : ૨૩૮૬ની સમજૂતી** એ નિકાહ રદ કરવું એ કારણે હતું કે જ્યારે એમના પિતાને વિલાયતે ઈજબાર (જબરદસ્તીનો હક્ક) હાંસલ ન હતી તો એનો કરેલો નિકાહ ફૂઝુલ થયો. તે ખન્સાઅ્ની ઈજાઝત પર મૌકૂફ હતો. જ્યારે તેમણે એને નાપસંદ કર્યો તો ખત્મ થઈ ગયો.

بَابُ تَزْوِيجِ الْيَتِيمَةِ لِقَوْلِهِ تَعَالَى وَإِنْ خِفْتُمْ أَنْ لَا تُقْسِطُوا فِي الْيَتَامَى فَانْكِحُوا مَا طَابَ لَكُمْ

ص ۷۷۲

**પ્રકરણ : યતીમ છોકરીના નિકાહના બારામાં અલ્લાહના આ ઈર્શાદના કારણે : જો તમને એવો અંદેશો હોય કે યતીમોના બારામાં ઈન્સાફ નહીં કરી શકો, તો સ્ત્રીઓમાંથી જે પસંદ હોય તેમની સાથે નિકાહ કરો.** –(૭૭૨)

وَإِذَا قَالَ لِلْوَلِيِّ زَوِّجْنِي فُلَانَةَ فَمَكَثَ سَاعَةً أَوْ قَالَ مَا مَعَكَ فَقَالَ مَعِيَ كَذَا وَكَذَا أَوْ لَبِثَا ثُمَّ قَالَ زَوَّجْتُكَهَا فَهُوَ جَائِزٌ فِيهِ سَهْلٌ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ

જ્યારે વલીને કહ્યું કે ફલાણા સાથે મારી શાદી કરી આપ અને તે અમુક સમય રોકાયો અથવા પૂછયું, તારી પાસે શું છે ? તેણે કહ્યું, મારી પાસે આટલુ આટલુ છે. અથવા બંનેવ અમુક સમય સુધી રોકાયા. પછી વાલીએ કહ્યું, મેં તારી શાદી એની સાથે કરી આપી. તો એ નિકાહ સહીહ છે. એમાં હઝરત સહલથી નબી ﷺ થી રિવાયત કરેલ એક હદીષ છે.

## ★ કોઈએ વલીને કહ્યું, મારી ફલાણીથી શાદી કરી આપ... ★

ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે જો કોઈએ પોતાના વલીને કહ્યું, મારા નિકાહ ફલાણા સાથે કરી આપ, તો તેણે થોડીકવાર મૌન અપનાવ્યું. અથવા એ મજલિસમાં આપસમાં કાંઈક વાતચીત કરી જે નિકાહના જ સંબંધી હતી. નિકાહમાં કેટલુક મોડુ પણ થઈ ગયું. અને વલીએ એ મજલિસમાં એવું કહ્યું કે મેં તારી સાથે એના નિકાહ કરી આપ્યા, તો નિકાહ સહીહ થઈ ગયા. એટલા માટે કે ઈજાબ તથા કુબૂલ એક મજલિસમાં પામવામાં આવ્યું, મજલિસ નથી બદલાઈ અને ઈજાબ તથા કુબૂલની વચ્ચે કાંઈક અંતર (ફાસલો) થઈ જાય તો નિકાહ સહીહ છે. હા ! જો ઈજાબ તથા કુબૂલની મજલિસ બદલાય જાય તો નિકાહ સહીહ થશે નહીં. અને હઝરત સહલની હદીષથી મુરાદ એ હદીષ છે જે બુખારીમાં કેટ કેટલીયે જગાએ વર્ણન થયેલી છે, કે એક સ્ત્રીએ પોતે પોતાને હુઝૂર ﷺની ખિદમતમાં પેશ કર્યા તો હુઝૂરે કુબૂલ ન ફર્માવ્યાં. તો એક સાહબે ઉભા થઈને અર્ઝ કરી, હુઝૂર ! એની શાદી મારી સાથે કરી આપો ? તો હુઝૂરે એમને પૂછયું, શું તારી પાસે કાંઈ છે ? તો તેમણે કહ્યું, મારી પાસે કાંઈ નથી ? તો હુઝૂરે ફર્માવ્યું, જાવ ! જુઓ ભલે લોખંડની વીંટી જ હોય. તો તેમણે આવીને અર્ઝ કરી કે લોખંડની અંગૂઠી પણ નથી, હા ! મારુ તેહબંદ છે, હું તેને અડધુ આપી દઈશ. તો હુઝૂરે ફર્માવ્યું, એનાથી શું થશે ? જો તું પહેરીશ તો એની પાસે કાંઈ ન રહેશે, અને જો એ પહેરશે તો તારી પાસે કાંઈ ન રહેશે. હવે તે બેસી ગયા. ઘણીવાર સુધી બેઠેલા રહ્યા. પછી તે ઉઠીને જવા લાગ્યા તો હુઝૂર ﷺએ તેમને બોલાવ્યા. જ્યારે એ આવ્યા તો પૂછયું, તને કાંઈક કુર્આન યાદ છે ? તો તેમણે અર્ઝ કરી કે હા ! ફલાણી ફલાણી સૂરતો યાદ છે. પૂછયું, શું તમે એને મૌખિક પઢી લો છો ? તો તેમણે અર્ઝ કરી, હા ! હુઝૂરે ફર્માવ્યું, જાવ ! મેં તમારી સાથે એની શાદી કરી એ કુર્આનના બદલામાં કરી આપી જે તમને યાદ છે.

આ હદીષની સ્પષ્ટતામાં છે કે એ સાહબના આવું અર્ઝ કરવાની મજલિસ અલગ હતી કે મારી એની સાથે શાદી કરી આપો. અને હુઝૂરની શાદી કરવાની કે જે મજલિસમાં એની શાદી કરી આપી તે બીજી મજલિસ હતી. મજલિસ બદલાય ચૂકી હતી. લગભગ ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે જો ઈજાબ તથા કુબૂલની મજલિસ બદલાય પણ જાય તો નિકાહ સહીહ છે. જ્યારે કે એ કોઈનો મઝહબ નથી.

### પ્રકરણ : "ખુત્બાનું બયાન" –(૭૭૩) بَابُ الْخُطْبَةِ ص٧٧٣

حدیث ٢٣٨٨ عَنْ زَيْدِ بْنِ أَسْلَمَ قَالَ سَمِعْتُ ابْنَ عُمَرَ يَقُوْلُ جَاءَ رَجُلَانِ

*"ઝયદ બિન અસ્લમે કહ્યું, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને ફર્માવતાં સાંભળ્યા કે બે શખ્સ* **[હદીષ : ૨૩૮૮]**

مِنَ الْمَشْرِقِ فَخَطَبَا فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِنَّ مِنَ

*પૂર્વથી આવ્યા. બંનેવે ખુત્બો આપ્યો તો નબી ﷺ એ ફર્માવ્યું, બેશક !*

الْبَيَانِ سِحْرًا

*અમુક બયાન જાદૂ છે." (૨/૮૫૮ કિતાબુત્તિબ્બ, બાબુ મિનલ બયાનિ સહર)*

**હદીષ : ૨૩૮૮ની સમજૂતી** ★ **નિકાહમાં ખુત્બો સુન્નત છે, ફર્ઝ નથી** ★

આ હદીષને અહીં વર્ણવવી કયી મુનાસિબતથી છે એના પર શરહકર્તાઓએ ઘણુ જોર અજમાવ્યું છે, પરંતુ હક઼ીક઼ત એ છે કે કોઈ શરહકર્તા મુનાસિબત (મળતાપણુ) પેદા નથી કરી શક્યો. એ તક઼રીરોમાં કાંઈક નિસ્બતવાળી અલ્લામા અયનીની વાત છે. તે ફર્માવે છે કે એ બંનેવે હુઝૂરે અક઼દસ ﷺની સામે જે ખુત્બો આપ્યો એ કોઈ ન કોઈ મક઼સદની પ્રાપ્તિ માટે હતો. તેઓ હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં કોઈ હેતુ લઈને આવ્યા હશે. એનાથી એ સાબિત થયું કે કોઈ હેતુથી પહેલાં ખુત્બો આપવામાં આવે, અને નિકાહ એક મહત્વનો મક઼સદ છે એના માટે પણ ખુત્બો હોવો જોઈએ. આશ્ચર્ય છે ખાસ નિકાહના માટે ખુત્બો મસ્નૂન છે. એના અનુસંધાનમાં સ્પષ્ટ હદીષો મૌજૂદ છે. જેમાં સૌથી મશહૂર હદીષ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضي الله عنهની છે. તેમણે ફર્માવ્યું કે અમને રસૂલુલ્લાહ ﷺએ દરેક ચીજમાં તશહહુદ શીખવ્યું. નમાઝમાં તશહહુદ શીખવ્યું અને હાજતમાં તશહહુદ. અને હાજતમાં આ છે : الحمد لله نستعينه ونستغفره આ હદીષને ઈમામ તિર્મિઝીએ હસન કહી અને એના પર આ પ્રકરણ રચ્યું : باب ما جاء في خطبة النكاح (બાબુ માજાઅ ફી ખુત્બતિન્નિકાહ) પરંતુ લગભગ આ ઈમામ બુખારીની શર્ત પર નથી એટલા માટે એને વર્ણવી નથી. અસ્હાબે ઝાહિરે કહ્યું કે નિકાહમાં ખુત્બો ફર્ઝ છે. એમની દલીલ એ છે કે હુઝૂર ﷺએ હઝરત સૈયદા ફાતિમા ઝહ્‌રા رضي الله عنهاના નિકાહના સમયે ખુત્બો પઢયો હતો, અને હુઝૂરના કામો એના વાજિબ હોવાની દલીલ છે. અમારું એ કહેવું છે કે એ જ સહીહ નથી કે હુઝૂરે અક઼દસ ﷺનાં સર્વ કામો એના વાજિબ હોવાની દલીલ છે, હા ! હુઝૂરે અક઼દસ ﷺનાં તે કામો જે પૂરી પાબંદીની સાથે કર્યાં જેમાં ઘટાડો ન હોય તે વાજિબ હોવાની દલીલ છે, અને અહીં ઘટાડવું સાબિત છે. હમણા હઝરત સહલ બિન સઅદની હદીષ વર્ણન થઈ કે હુઝૂરે અક઼દસ ﷺએ એક ખાતૂનના નિકાહ એક સાહબની સાથે કર્યા અને ખુત્બો નથી પઢયો. બલ્કે નિકાહના સમયે ખુત્બાનું ક઼ાયમી હોવું જ સાબિત નથી.

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને સ્ત્રીઓને તેમની મહેરો આપો. અને મહેરની અધિકતા તથા કમસે કમ મહેરનું વર્ણન. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદની તફસીર : અને તમારાં એમનામાંથી કોઈ એકને ઢગલા માલ આપી ચૂક્યા હોય તો એમાંથી કાંઈ પરત ન લો. અને અલ્લાહ عزوجلના આ ઈર્શાદની તફસીર : અથવા તમે એમના માટે કાંઈ નક્કી કરો"** –(૭૭૩)

باب قول الله تعالى وآتوا النساء صدقاتهن نحلة وكثرة المهر وأدنى ما يجوز من الصداق وقوله تعالى وآتيتم إحداهن قنطارا فلا تأخذوا منه شيئا وقوله جل ذكره أو تفرضوا لهن۔

ص ٧٧٣

અને હઝરત સહલ رضي الله عنهએ કહ્યું કે નબી ﷺએ ફર્માવ્યું કે, ભલે લોખંડની વીંટી હોય.

**સ્પષ્ટતા :** આદત પ્રમાણે ઈમામ બુખારી رضي الله عنهએ એ સ્પષ્ટ નથી કર્યું કે એમનો મઝહબ એ બારામાં શું છે કે અધિક પ્રમાણમાં મહેર કે થોડી મહેરનું કોઈ માપ (માત્રા) છે કે નહીં ? વર્ણન પરથી એવું જ જણાય છે કે એમનો મઝહબ પણ એ જ છે કે અધિક પ્રમાણમાં મહેરનું જેવી રીતે કોઈ માપ નથી, તેવી જ રીતે ઓછા પ્રમાણમાં મહેરનું પણ કોઈ માપ નથી. આપણે ત્યાં અધિકતર મહેરની કોઈ હદ નથી પણ **કમસે કમ મહેરની હદ દસ દિરહમ** છે જેને અમે અગાઉ સવિસ્તાર વર્ણવી ચૂક્યા છીએ.

## ★ ખજૂરના ઠળિયાના વજન જેટલી મહેર ★

حدیث ۲۳۸۹ عَنْ عَبْدِ الْعَزِيْزِ بْنِ صُهَيْبٍ عَنْ اَنَسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત અબ્દુર્રહમાન બિન ઓફ رضی اللہ عنہ એ **[હદીષ : ૨૩૮૯]**

عَنْهُ اَنَّ عَبْدَ الرَّحْمٰنِ بْنِ عَوْفٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ تَزَوَّجَ اِمْرَاَةً عَلٰى

ખજૂરના ઠળિયાના બરાબર મહેર પર એક સ્ત્રી સાથે શાદી કરી. નબી صلی اللہ علیہ وسلم એ હઝરત અબ્દુર્રહમાન બિન

وَزْنِ نَوَاةٍ فَرَاَى النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بَشَاشَةَ الْعُرْسِ فَسَئَلَهُ

ઓફના ચહેરા પર શાદીની ખુશી જોયી તો પૂછયું તો તેમણે કહ્યું, મેં એક સ્ત્રી સાથે

فَقَالَ اِنِّىْ تَزَوَّجْتُ اِمْرَاَةً عَلٰى وَزْنِ نَوَاةٍ

ખજૂરના ઠળિયાના વજન બરાબર મહેર પર નિકાહ કર્યા.''

**હદીષ : ૨૩૮૯ની સમજૂતી** કતાદાના તરફથી જે રિવાયત છે એમાં એવું છે કે ખજૂરના ઠળિયાના વજન બરાબર સોના પર નિકાહ કર્યા છે. ''નવાત''નો અર્થ ખજૂરનો ઠળિયો છે. એનું વજન કેટલું હતું ? હઝરત અનસથી રિવાયત છે કે એની કિંમત પાંચ દિરહમ હતી અને એક રિવાયતમાં છે ૩૧/૩ દિરહમ હતી. આ પ્રમાણમાં અન્ય પણ કથનો છે. અલ્લાહ બેહતર જાણનાર છે

## ★ નિકાહમાં ઓછામાં ઓછી મહેર ★

આપણે ત્યાં મહેરની માત્રા કમસે કમ દસ દિરહમ (૩૦.૬૨૬ ગ્રામ ચાંદી) છે. જેમ કે દારકુત્ની (ઉમ્દતુલ કારી, ભાગ ૨૦, પેજ–૧૩૭)એ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે સ્ત્રીઓના નિકાહ કેવળ કફૂની સાથે કરો અને તેમની શાદીઓ કેવળ વલી (વાલી) કરે અને દસ દિરહમથી ઓછી મહેર નહીં. આ હદીષ કેટલીયે સનદોની સાથે રિવાયત થયેલી છે અને સૌ ઝઈફ છે, પરંતુ કેટલાક તરીકાઓ ભેગા થવાથી હસન થઈ ગઈ. જેમ કે અલ્લામા નવવીએ શરહે મોહઝ્ઝબમાં વર્ણવી છે. તેમજ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે ફર્માવ્યું, કમસે કમ જેના બદલામાં સ્ત્રી હલાલ થશે એ દસ દિરહમ છે. એને ઈમામ બયહકી તથા અબૂ ઉમર ઈબ્ને અબ્દુલબરે રિવાયત કરી છે.

**પ્રકરણ : ''તે શરતોનું વર્ણન જે નિકાહમાં હલાલ નથી.''** –(૭૭૪)

بَابُ الشُّرُوْطِ الَّتِىْ لَا تَحِلُّ فِى النِّكَاحِ. صـ۷۷۴

ت ۶۴۲ قَالَ ابْنُ مَسْعُوْدٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ لَا تَشْتَرِطُ الْمَرْاَةُ طَلَاقَ اُخْتِهَا

''ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે સ્ત્રી પોતાની બહેનની તલાકની શર્ત ન કરે.'' **[તઅલીક : ૬૪૨]**

**તઅલીક : ૬૪૨ની સમજૂતી** આ હદીષમાં ''ઉખ્ત''થી મુરાદ સગી બહેન નથી બલ્કે દીની બહેન છે. મુરાદ તે સ્ત્રી છે જે પહેલેથી પુરૂષના નિકાહમાં હોય.

حدیث ۲۳۹۰ عَنْ أَبِي سَلَمَةَ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ عَنِ

[હદીષ : ૨૩૯૦] ''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું,

النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَحِلُّ لِامْرَأَةٍ تَسْأَلُ طَلَاقَ أُخْتِهَا

કોઈ સ્ત્રીને એ હલાલ નથી કે પોતાની બહેનની તલાક઼નો સવાલ કરે જેથી તેના વાસણને ઉલ્ટાવી લે,

لِتَسْتَفْرِغَ صَحْفَتَهَا فَإِنَّمَا لَهَا مَا قُدِّرَ لَهَا.

એટલા માટે કે એના માટે એ જ છે જે એનું મુક઼દ્દર થઈ ચૂક્યું છે.''

**પ્રકરણ : ''એ સ્ત્રીઓનું બયાન જે પત્નીને પતિની તરફ સુહાગરાત માટે મોકલે.''** –(૭૭૫)

بَابُ النِّسْوَةِ اللَّاتِي يَهْدِينَ الْمَرْأَةَ إِلَى زَوْجِهَا ص ۷۷۵

حدیث ۲۳۹۱ عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ أَبِيهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى

[હદીષ : ૨૩૯૧] ''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે તેમણે એક

عَنْهَا أَنَّهَا زَفَّتْ امْرَأَةً إِلَى رَجُلٍ مِنَ الْأَنْصَارِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللهُ

સ્ત્રીને એક અન્સારના ત્યાં સુહાગરાત માટે મોકલી તો નબી ﷺ એ ફર્માવ્યું,

عَلَيْهِ وَسَلَّمَ يَا عَائِشَةُ مَا كَانَ مَعَكُمْ لَهْوٌ فَإِنَّ الْأَنْصَارَ يُعْجِبُهُمُ اللَّهْوُ.

તમારી સાથે ખેલ ન હતો એટલા માટે કે અન્સારને ખેલ પસંદ છે.''

**હદીષ : ૨૩૯૧ની સમજૂતી** શરીકની રિવાયતમાં છે કે હુઝૂરે ફર્માવ્યું હતું કે શું તમે કોઈ બાળકીને મોકલી જે દફ વગાડતી અને ગાતી હોય. એનાથી જાહેર થઈ ગયું કે લહ્‌વથી મુરાદ એ છે કે નાની નાબાલિગ બાળકી દફ વગાડે અને ગાય. વગર ઝાંઝરવાળુ દફ વગાડવું જાઈઝ છે. અને અહીં એ જ મુરાદ છે.

**પ્રકરણ : ''જેણે એક બકરીથી ઓછાનો વલીમો કર્યો''** –(૭૭૭)

بَابُ مَنْ أَوْلَمَ بِأَقَلَّ مِنْ شَاةٍ. ص ۷۷۷

حدیث ۲۳۹۲ عَنْ مَنْصُورِ بْنِ صَفِيَّةَ عَنْ أُمِّهِ صَفِيَّةَ بِنْتِ شَيْبَةَ

[હદીષ : ૨૩૯૨] ''હઝરત સફિય્યહ બિન્તે શયબા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ એ પોતાની

**હદીષ : ૨૩૯૨ની સમજૂતી** આ ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી નિકાહના સમયમાં થયું હતું. બે મુદ એકસો ચુમ્માલીસ રૂપિયાભર થાય છે, અને રૂપિયો સવા અગ્યાર માશાનો.

قَالَتْ أَوْلَمَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى بَعْضِ نِسَائِهِ بِمُدَّيْنِ مِنْ شَعِيرٍ

*અમુક બીવીઓના વલીમામાં બે મુદ જવ ખર્ચ કર્યા હતા."*

بَابُ حَقِّ إِجَابَةِ الْوَلِيمَةِ وَالدَّعْوَةِ وَمَنْ أَوْلَمَ سَبْعَةَ أَيَّامٍ وَنَحْوَهُ وَلَمْ يُوَقِّتِ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَوْمًا وَلَا يَوْمَيْنِ ص٧٧٧

**પ્રકરણ : "વલીમો અને દાવત કબૂલ કરવું હક્ક છે. અને જેણે સાત દિવસ અથવા ઓછો વત્તો વલીમો કર્યો, અને નબી ﷺએ વલીમાના માટે ન એક દિવસ નિશ્ચિત કર્યો ન બે દિવસ."** *–(૭૭૭)*

حديث ٢٣٩٣ عَنْ نَافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ رَسُولَ

**[હદીષ : ૨૩૯૩]** *"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ*

اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا دُعِيَ أَحَدُكُمْ إِلَى الْوَلِيمَةِ فَلْيَأْتِهَا

*ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈને વલીમાને માટે બોલાવવામાં આવે તો ત્યાં જાય."*

*(૨/૭૭૮ નિકાહ, અબૂ દાઊદ, અહ્મદ, નિસાઈ–વલીમા)*

**હદીષ : ૨૩૯૩ની સમજૂતી** فَلْيَأْتِهَا એ વાજિબ થવા માટે નથી બલ્કે મુસ્તહબ હોવાના માટે છે. ઈમામ બુખારીએ ફર્માવ્યું કે વલીમાના માટે હુઝૂરે અક્દસ ﷺએ એક દિવસ નિશ્ચિત કર્યો છે ન બે દિવસ. જ્યારે અબૂ દાઊદમાં હદીષ છે કે નબી ﷺએ ફર્માવ્યું, વલીમો પ્રથમ દિવસે હક્ક છે અને બીજા દિવસે સારો છે અને ત્રીજા દિવસે રિયા તથા દેખાડો છે. આ હદીષ આમ લોકોના મિજાઝના પ્રમાણે ઈર્શાદ ફર્માવી કે અધિકતર બે દિવસો સુધી વલીમો કરનારા પોતાની શાનો શોકત જાહેર કરવાના માટે જ કરતા હોય છે, નહીં કે હકીકતમાં એ તહદીદ (સીમા)નથી અને ન મના છે જો કોઈ શખ્સ વિના રિયા તથા દેખાડા વિના બે દિવસથી વધુ વલીમો કરે અથવા દાવત કરે તો એમાં કોઈ વાંધો નથી.

**★ નબીઝ પીવું જાઈઝ જ્યારે એમાં નશો ન હોય ★**

حديث ٢٣٩٤ عَنْ سَهْلِ بْنِ سَعْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ دَعَا أَبُو أُسَيْدٍ

**[હદીષ : ૨૩૯૪]** *"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે કે અબૂ સઈદ સાઅદી رضی اللہ عنہ એ*

السَّاعِدِيُّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِي عُرْسِهِ وَكَانَتِ امْرَأَتُهُ يَوْمَئِذٍ

*રસૂલુલ્લાહ ﷺ ને પોતાની શાદીમાં દાવત આપી અને તેમની પત્ની જ એ દિવસે એમની ખાદિમા હતાં,*

خَادِمَتَهُمْ وَهِيَ الْعَرُوسُ قَالَ سَهْلٌ تَدْرُونَ مَا سَقَتْ رَسُولَ اللّٰهِ

*અને જ્યારે કે એ જ દુલ્હન હતાં. સહલે કહ્યું, તમે લોકો જાણો છો કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને*

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنْقَعَتْ لَهٗ تَمَرَاتٍ مِنَ اللَّيْلِ فَلَمَّا اَكَلَ سَقَتْهُ اِيَّاهُ

*શું પીવડાવ્યું હતું ? રાતમાં કેટલીક ખજૂરો પાણીમાં ભીંજવી દીધી હતી. જ્યારે હુઝૂર ખાણુ ખાઈ ચૂક્યા તો એ જ હુઝૂરને પીવડાવ્યું હતું.''*

*(૨/૮૩૮ અશ્રબા, મુસ્લિમ અશ્રબા, ઈબ્ને માજહ, ૨/૭૭૮ નિકાહ, ૨/૮૩૭, ૨/૯૮૯ અલ્ઈમાન, મુસ્લિમ–અશ્રબા, ઈબ્ને માજહ)*

## હદીષ : ૨૩૯૪ની સમજૂતી

ખાદિમ શબ્દ સ્ત્રીવાચક તથા પુરૂષવાચક બંનેમાં બોલવામાં આવે છે. એ જ પ્રમાણે શબ્દ ઉરૂસ પણ દુલ્હા દુલ્હન બંને માટે બોલવામાં આવે છે.

આ હદીષથી સાબિત થયું કે નબીઝ પીવું જાઈઝ છે જ્યારે કે એમાં નશો ન હોય.

**પ્રકરણ : ''જેણે દાવત છોડી તેણે અલ્લાહ વ રસૂલની નાફર્માની કરી.''**

بَابُ مَنْ تَرَكَ الدَّعْوَةَ فَقَدْ عَصَى اللّٰهَ وَرَسُوْلَهٗ.

حدیث ٢٣٩٥ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ كَانَ

**[હદીષ : ૨૩૯૫]** *''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવતા હતા, બદતરીન ખાણુ વલીમાનું ખાણુ છે જેમાં*

يَقُوْلُ شَرُّ الطَّعَامِ طَعَامُ الْوَلِيْمَةِ يُدْعٰى لَهَا الْاَغْنِيَاءُ وَيُتْرَكُ الْفُقَرَاءُ

*માલદારોને બોલાવવામાં આવે છે અને ફકીરોને છોડી દેવામાં આવે છે.*

وَمَنْ تَرَكَ الدَّعْوَةَ فَقَدْ عَصَى اللّٰهَ وَرَسُوْلَهٗ .

*અને જેણે દાવત છોડી તેણે અલ્લાહ અને તેના રસૂલની નાફર્માની કરી.''*

## હદીષ : ૨૩૯૫ની સમજૂતી

મુહક્કક઼ (તેહકીકપૂર્ણ) એ છે કે વલીમાની દાવત સુન્નત છે જ્યારે કે શરીઅતની મના કરેલ બાબતોથી મુક્ત હોય. અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ જે ફર્માવ્યું તે મજબૂરીની લીધે કે એવું જ હોવું જોઈએ કે વલીમાની દાવતમાં ગરીબ માલદારનો ભેદભાવ ન રહે. પરંતુ હવે લોકોએ તરીક઼ો બનાવી રાખ્યો છે કે માલદારોને બોલાવે છે ગરીબોને છોડી આપે છે, જેનાથી ગરીબોના દિલને ઠેસ પહોંચે છે. એટલા માટે હવે એ શર્ર (બદતરીન) થઈ ગઈ. વર્ણન થઈ ચૂક્યું કે વલીમાની દાવત ક઼બૂલ કરવું મુસ્તહબ છે અથવા સુન્નત છે જ્યારે કે ત્યાં કોઈ શરીઅતનું મના કરેલ કાર્ય ન થાય તો ગુનોહ નથી. હઝરત અબૂ હુરૈરહએ જે ફર્માવ્યું, એણે અલ્લાહ તથા એના રસૂલ ﷺની નાફર્માની કરી, એ મુસ્તહબ હોવાની (ઈસ્તેહબાબની) તાકીદના માટે છે.

અહીં જે સનદ વર્ણવી છે એનાથી જાહેર થાય છે કે હદીષ મૌકૂફ છે અને ઈમામ માલિકથી મોટાભાગના રાવીઓએ એ જ પ્રમાણે રિવાયત કરી છે. અલ્બત્ત એક તરીક઼ાથી મરફૂઅ મરવી છે. ઈબ્ને બત્તાને કહ્યું, આ હદીષનો પ્રથમ હિસ્સો મૌકૂફ છે અને આખરી હિસ્સો એ મરફૂઅ હોવો જોઈએ. એટલા માટે કે કોઈ ચીજ પર ગુનોહ હોવાનો હુકમ રાય વડે નથી થઈ શક્તો.

**પ્રકરણ : "દાવત આપનારની દાવત ક઼બૂલ કરવી શાદી વગેરેમાં." –(૭૭૮)**

بَابُ اِجَابَةِ الدَّاعِیْ فِی الْعُرْسِ وَغَیْرِهَا. صـ۷۷۸

حدیث ۲۳۹۶ عَنْ نَافِعٍ قَالَ سَمِعْتُ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ یَقُوْلُ قَالَ رَسُوْلُ

*"નાફેએ કહ્યું મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને ફર્માવતાં સાંભળ્યું કે* **[હદીષ : ૨૩૯૬]**

اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اَجِیْبُوْا هٰذِهِ الدَّعْوَةَ اِذَا دُعِیْتُمْ اِلَیْهَا قَالَ

*રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે એ દાવતને ક઼બૂલ કરો જ્યારે બોલાવવામાં આવો. અને અબ્દુલ્લાહ દાવતમાં*

كَانَ عَبْدُ اللّٰهِ یَاْتِی الدَّعْوَةَ فِی الْعُرْسِ وَغَیْرِ الْعُرْسِ وَهُوَ صَائِمٌ۔

*શરીક થતા હતા, શાદીની હોય અથવા કોઈ અન્ય અને જ્યારે કે તે રોઝાદાર હોતા."*

## હદીષ : ૨૩૯૬ની સમજૂતી

રોઝાની હાલતમાં દાવતમાં જવાથી દાવત આપનારની દિલદારીનો હેતુ હતો. દીનદાર લોકો ઉલમા તથા મશાઈખને કેવળ ખાવા માટે જ ન બોલાવતા હતા બલ્કે બરકત પ્રાપ્તિ તથા દુઆએ ખૈરના માટે પણ બોલાવતા હતા. જો ખાણુ ન ખાવાથી દાવત આપનારના દિલને ઠેસ પહોંચે તેમ હોય તો નફલ રોઝાને તોડી શકે છે, જેવું કે દુર્રે મુખ્તાર વગેરેમાં છે.

**પ્રકરણ : "જો દાવતમાં કોઈ નાપસંદ વાત જુએ તો શું પરત થઈ શકે છે ?" –(૭૭૭)**

بَابٌ هَلْ یَرْجِعُ اِذَا رَاٰی مُنْكَرًا فِی الدَّعْوَةِ صـ۷۷۸

ت ۶۴۳ وَرَاٰی ابْنُ مَسْعُوْدٍ صُوْرَةً فِی الْبَیْتِ فَرَجَعَ

*"અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદે **ઘરમાં તસ્વીર જોઈ તો પરત થઈ ગયા."*** **[તઅલીક઼ : ૬૪૩]**

ت ۶۴۴ وَدَعَی ابْنُ عُمَرَ اَبَا اَیُّوْبَ فَرَاٰی فِی الْبَیْتِ سِتْرًا عَلَی الْجِدَارِ

*"હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ને* **[તઅલીક઼ : ૬૪૪]**

فَقَالَ ابْنُ عُمَرَ غَلَبَنَا عَلَیْهِ النِّسَاءُ فَقَالَ مَنْ كُنْتُ اَخْشٰی عَلَیْهِ فَلَمْ اَكُنْ

*દાવત આપી તો તેમણે ઘરમાં દીવાલ પર પર્દો જોયો. ઈબ્ને ઉમરે મઅઝેરતમાં કહ્યું, આપણા પર સ્ત્રીઓ*

اَخْشٰی عَلَیْكَ وَاللّٰهِ لَا اَطْعَمُ لَكُمْ طَعَامًا فَرَجَعَ

*ગાલિબ થઈ ગઈ છે. હઝરત અબૂ ઐયૂબે કહ્યું, એનાથી હું ડરતો હતો પણ આપના બારામાં કોઈ અંદેશો ન હતો. બખુદા ! હું તમારી સાથે ખાણુ ખાઈશ નહીં, તો પરત થઈ ગયા."*

## તઅલીક઼ : ૬૪૪ની સમજૂતી

દીવાલો પર પર્દો નાખવા શણગારની નિય્યતે એને પૂર્વજ બુઝુર્ગો નાપસંદ કરતા હતા. એટલા માટે હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہએ એને નાપસંદ કર્યું અને પરત થઈ ગયા.

## بَابُ الْمُدَارَاةِ مَعَ النِّسَاءِ ص٧٧٩

**પ્રકરણ : "સ્ત્રીઓની સાથે સદવર્તાવનું વર્ણન"** –(૭૭૯)

٢٣٩٧ حديث

عَنْ اَبِى الزِّنَادِ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِى هُرَيْرَةَ رَضِىَ اللهُ

**[હદીષ : ૨૩૯૭]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, પાંસળીના*

تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ الْمَرْأَةُ كَالضِّلَعِ اِنْ

*જેવી છે, જો તેને સીધી કરવા ચાહશો તો તોડી નાખશો અને જો એનાથી ફાયદો હાંસલ કરવા ચાહો*

اَقَمْتَهَا كَسَرْتَهَا وَاِنِ اسْتَمْتَعْتَ بِهَا اِسْتَمْتَعْتَ بِهَا وَفِيْهَا عِوَجٌ.

*છો તો વાંકાપણા છતાં તેનાથી ફાયદો હાંસલ કરો."*

## હદીષ : ૨૩૯૭ની સમજૂતી

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જ મરવી બીજી હદીષમાં છે કે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સ્ત્રીઓના બારામાં ભલાઈની વસીયત કબૂલ કરો. તેણી પાંસળીથી પેદા કરવામાં આવી છે અને પાંસળીમાં સૌથી વાંકી ઉપરવાળી છે. અને એક રિવાયતમાં છે કે એને તોડવું તલાક઼ છે.

٢٣٩٨ حديث

عَنْ عَبْدِ اللهِ بْنِ دِيْنَارٍ عَنِ ابْنِ عُمَرَ رَضِىَ اللهُ تَعَالٰى عَنْهُمَا

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلمના જમાનામાં અમે* **[હદીષ : ૨૩૯૮]**

قَالَ كُنَّا نَتَّقِى الْكَلَامَ وَالْاِنْبِسَاطَ اِلٰى نِسَائِنَا عَلٰى عَهْدِ النَّبِىِّ صَلَّى اللهُ

*સ્ત્રીઓ (પત્નીઓ)થી વાત કરવાથી અને તેમની સાથે હંસી મજાક કરવાથી બચતા હતા એ ડરના કારણે કે*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هَيْبَةَ اَنْ يَّنْزِلَ فِيْنَا شَىْءٌ فَلَمَّا تُوُفِّىَ النَّبِىُّ صَلَّى

*ક્યાંક અમારા બારામાં કાંઈક નાઝિલ ન કરી દેવામાં આવે. જ્યારે નબી صلی اللہ علیہ وسلمનો વિસાલ થઈ ગયો તો અમે*

اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تَكَلَّمْنَا فَانْبَسَطْنَا

*ખુલીને સ્ત્રીઓ સાથે વાત કરતા અને હસી મજાક કરતા."*

પ્રકરણ : "પત્ની સાથે સારો વહેવાર કરવાનું વર્ણન" –(૭૭૯)

## بَابُ حُسْنِ الْمُعَاشَرَةِ مَعَ الْأَهْلِ ص۷۷۹.

حدیث ۲۳۹۹ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ جَلَسَ إِحْدٰی

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે અગ્યાર સ્ત્રીઓ બેઠી **[હદીષ : ૨૩૯૯]**

عَشْرَةَ اِمْرَأَةً فَتَعَاهَدْنَ وَتَعَاقَدْنَ أَنْ لَّا يَكْتُمْنَ مِنْ أَخْبَارِ

અને આપસમાં વાયદો કર્યો કે પોતાના પતિઓના હાલાતમાંથી કાંઈ છુપાવશે નહીં. પહેલીએ કહ્યું, મારો પતિ

أَزْوَاجِهِنَّ شَيْئًا۔ قَالَتِ الْأُوْلٰی زَوْجِیْ لَحْمُ جَمَلٍ غَثٍّ عَلٰی

પહાડની ટોચ પર પડેલા દૂબળા ઊંટનો ગોશ્ત છે, ન રસ્તો સરખો છે ન આસાનીથી ત્યાં ચઢી શકાય અને તેને

رَأْسِ جَبَلٍ لَا سَهْلٍ فَيُرْتَقٰی وَلَا سَمِيْنٍ فَيُنْتَقَلُ۔

લાવવામાં આવે અને ન ગોશ્ત જાડો છે જેનું આકર્ષણ થાય કે તકલીફ ઉઠાવીને પહાડની ટોચેથી તેને લાવવામાં

قَالَتِ الثَّانِيَةُ زَوْجِیْ لَا أَبُثُّ خَبَرَهٗ إِنِّیْ أَخَافُ أَنْ لَّا أَذَرَهٗ

આવે. બીજીએ કહ્યું, હું મારા પતિની ખબરને ફેલાવીશ નહીં મને ડર છે કે ક્યાંક હું તેને છોડી ન દઉં. જો હું તેનો

إِنْ أَذْكُرْهُ أَذْكُرْ عُجَرَهٗ وَبُجَرَهٗ۔ قَالَتِ الثَّالِثَةُ زَوْجِیْ

ઉલ્લેખ કરીશ તો હું તેની જાહેરી તથા આંત્રિક અયબોને વર્ણવીશ. ત્રીજીએ કહ્યું, મારો પતિ ઢંગ વિનાનો લાંબો

اَلْعَشَنَّقُ إِنْ أَنْطِقْ أُطَلَّقْ وَإِنْ أَسْكُتْ أُعَلَّقْ۔ قَالَتِ

છે, જો હું કાંઈ બોલું તો તલાક્ આપી દેવામાં આવે અને ચૂપ રહું તો આમ જ છોડી દેવામાં આવું. ચોથીએ કહ્યું

الرَّابِعَةُ زَوْجِیْ كَلَيْلِ تِهَامَةَ لَا حَرٌّ وَلَا قُرٌّ وَلَا مَخَافَةَ وَلَا

કે મારો પતિ તિહામહની રાતની જેમ છે જેમાં ન ગરમી છે ન બહુ ઠંડી, અને ન ડર અને ન રંજ. પાંચમીએ કહ્યું,

سَآمَةَ قَالَتِ الْخَامِسَةُ۔ زَوْجِیْ إِنْ دَخَلَ فَهِدَ وَإِنْ خَرَجَ أَسِدَ

મારો પતિ જો ઘરમાં આવે તો ચિત્તો છે એટલે લાપરવાહીથી સૂઈ જાય છે અને જો બહાર નીકળે છે તો સિંહ છે.

وَلَا يَسْأَلُ عَمَّا عَهِدَ۔ قَالَتِ السَّادِسَةُ زَوْجِیْ إِنْ أَكَلَ لَفَّ وَإِنْ

અને જે કાંઈ ઘરમાં છે એના બારામાં કાંઈ પૂછતો નથી. છટ્ઠીએ કહ્યું, મારો પતિ જો ખાય છે તો બધુ સફાચટ કરી

شَرِبَ اشْتَفَّ وَإِنِ اضْطَجَعَ الْتَفَّ وَلَا يُولِجُ الْكَفَّ لِيَعْلَمَ الْبَثَّ

જાય છે અને જો પીએ છે તો વાસણ ખાલી કરી દે છે અને જો સૂએ છે તો એકલો ચાદરમાં લપેટાયને સૂએ છે અને

قَالَتِ السَّابِعَةُ زَوْجِي غَيَايَاءُ أَوْ عَيَايَاءُ طَبَاقَاءُ كُلُّ دَاءٍ لَهُ دَاءٌ

હાથ દાખલ નથી કરતો કે જેથી બેચૈનીને જાણે. સાતમીએ કહ્યું, મારો પતિ બુઝદિલ છે, નામરદ મૂરખ છે. દરેક

شَجَّكِ أَوْ فَلَّكِ أَوْ جَمَعَ كُلًّا لَكِ قَالَتِ الثَّامِنَةُ - زَوْجِي الْمَسُّ مَسُّ

બીમારી એનામાં છે. તારું માથુ ફોડી નાખશે અથવા તારું અંગ તોડી નાખશે અથવા બધુ ભેગુ કરી આપશે.

أَرْنَبٍ وَالرِّيحُ رِيحُ زَرْنَبٍ قَالَتِ التَّاسِعَةُ - زَوْجِي رَفِيعُ الْعِمَادِ

આઠમીએ કહ્યું, મારા પતિનું સ્પર્શવું  સસલાનું સ્પર્શવું છે અને તેની ખુશ્બુ ઝરનબની (એક પાતળી ખુશ્બોદાર

طَوِيلُ النِّجَادِ عَظِيمُ الرَّمَادِ قَرِيبُ الْبَيْتِ مِنَ النَّادِ ــــ قَالَتِ

ઘાસ)ની ખુશ્બુ છે. નવમીએ કહ્યું, મારો પતિ ઊંચા થાંભલાની ઈમારતવાળો છે લાંબા કદવાળો છે

الْعَاشِرَةُ - زَوْجِي مَالِكٌ وَمَا مَالِكٌ مَالِكٌ خَيْرٌ مِنْ ذَالِكَ لَهُ إِبِلٌ

ખૂબ જ વધુ રાખવાળો (સખી) છે. તેની બેઠક ઘરની નજીક છે. દસમીએ કહ્યું, મારો પતિ માલિક છે, અને તમે શું

كَثِيرَاتُ الْمُبَارِكِ قَلِيلَاتُ الْمَسَارِحِ وَإِذَا سَمِعْنَ صَوْتَ الْمِزْهَرِ

જાણો શું છે માલિક ! માલિક એનાથી બેહતર છે. તેના ઊંટ અધિક્તર તબેલા પર રહે છે, ચરાગાહમાં

أَيْقَنَّ أَنَّهُنَّ هَوَالِكُ - قَالَتِ الْحَادِيَةَ عَشْرَةَ زَوْجِي أَبُو زَرْعٍ فَمَا

ઓછાં જાય છે. અને જ્યારે વાજિંત્રોનો અવાજ સાંભળે છે, યકીન કરી લે છે કે એ ઝબહ

أَبُو زَرْعٍ أَنَاسَ مِنْ حُلِيٍّ أُذُنَيَّ وَمَلَأَ مِنْ شَحْمٍ عَضُدَيَّ وَبَجَّحَنِي

થવાવાળાં છે. અગ્યારમીએ કહ્યું, મારો પતિ અબૂ ઝરઅ છે, અને તમે શું જાણો શું છે અબૂ ઝરઅ ?! તેણે મારા

فَبَجِحَتْ إِلَيَّ نَفْسِي وَجَدَنِي فِي أَهْلِ غُنَيْمَةٍ بِشِقٍّ فَجَعَلَنِي فِي أَهْلِ

કાનોને ઘરેણાઓથી ઝુલાવી દીધા, મારા બાવડાંને ચરબીથી ભરી દીધાં. તેણે મને ખુશ કરી અને હું ખુશ થઈ

صَهِيلٍ وَأَطِيطٍ وَدَائِسٍ وَمُنَقٍّ فَعِنْدَهُ أَقُولُ فَلَا أُقَبَّحُ وَأَرْقُدُ

ગઈ. તેણે મને મકામે શકમાં થોડી સરખી બકરીવાળાઓમાં પામી તો તેણે મને કરી દીધી ઘોડા તથા કાઠલા તથા

فَأَتَصَبَّحُ وَأَشْرَبُ فَأَتَقَنَّحُ أُمُّ أَبِي زَرْعٍ فَمَا أُمُّ أَبِي زَرْعٍ عُكُومُهَا

અનાજ મસળનાર તથા સાફ કરનારાઓમાં. હું તેને ત્યાં બોલુ છું તો બુરી નથી માનવામાં આવતી, અને સૂવું છું

رَدَاحٌ وَبَيْتُهَا فَسَاحٌ اِبْنُ أَبِي زَرْعٍ فَمَا ابْنُ أَبِي زَرْعٍ مَضْجَعُهُ

તો સવાર કરી દઉં છું અને પીવું છું તો ખૂબ જ ધરાઈને પીવું છું. ઉમ્મે અબી ઝરઅની મા તો શું જાણે શું છે અબૂ

كَمَسَلِّ شَطْبَةٍ وَتُشْبِعُهُ ذِرَاعُ الْجَفْرَةِ بِنْتُ أَبِي زَرْعٍ فَمَا بِنْتُ

ઝરઅની મા ! એના તોશાદાન (ખાવા રાખવાના વાસણો) ભરેલાં છે અને તેનું ઘર વિશાળ છે. અબૂ ઝરઅનો

أَبِي زَرْعٍ طَوْعُ أَبِيهَا وَطَوْعُ أُمِّهَا وَمِلْءُ كِسَائِهَا وَغَيْظُ جَارَتِهَا

પુત્ર ! અને તું શું જાણે શું છે અબૂ ઝરઅનો પુત્ર ! એની ખ્વાબગાહ (બેડરૂમ) ચોરસ મીનારા જેમ તખ્ત છે, જેનું

جَارِيَةُ أَبِي زَرْعٍ فَمَا جَارِيَةُ أَبِي زَرْعٍ لَا تَبُثُّ حَدِيثَنَا تَبْثِيثًا

પેટ ચાર મહિનાની બકરીનો દસ્ત ભરી આપે છે. અબૂ ઝરઅની બેટી ! અને તું શું જાણે અબૂ ઝરઅની બેટી શું

وَلَا تُنَقِّثُ مِيرَتَنَا تَنْقِيثًا وَلَا تَمْلَأُ بَيْتَنَا تَعْشِيشًا قَالَتْ خَرَجَ

છે ?! પોતાનાં મા બાપની ફર્માબરદાર, એટલી જાડી કે પોતાની ચાદર ભરેલ છે. અને પોતાની પડોસણની જલન

أَبُو زَرْعٍ وَالْأَوْطَابُ تُمْخَضُ فَلَقِيَ امْرَأَةً مَعَهَا وَلَدَانِ لَهَا

અબૂ ઝરઅની લોંડી ! અને તું શું જાણે અબૂ ઝરઅની લોંડી ! અમારી વાત કૃતઅન નથી ફેલાતી અને અમારા જમા

كَالْفَهْدَيْنِ يَلْعَبَانِ مِنْ تَحْتِ خَصْرِهَا بِرُمَّانَتَيْنِ فَطَلَّقَنِي وَنَكَحَهَا

કરેલાને બેકાર નથી કરતી અને અમારા ઘરને કચરા પુંજાથી ભરતી નથી. તેણીએ કહ્યું, અબૂ ઝરઅ સવારે એ

فَنَكَحْتُ بَعْدَهُ رَجُلًا سَرِيًّا رَكِبَ شَرِيًّا وَأَخَذَ خَطِّيًّا وَأَرَاحَ عَلَيَّ

સમયે નીકળ્યો કે દૂધ વળોવવામાં આવી રહ્યાં હતાં. તો તેણે એક એવી સ્ત્રી સાથે મુલાકાત કરી જેની સાથે

نَعَمًا ثَرِيًّا وَأَعْطَانِي مِنْ كُلِّ رَائِحَةٍ زَوْجًا وَقَالَ كُلِي أُمَّ زَرْعٍ

ચીત્તાની જેમ તેનાં બે બાળકો હતાં જે એની કૂખની નીચે બે દાડમોથી રમી રહ્યાં હતાં. અબૂ ઝરએ મને તલાક

وَمِيرِي أَهْلَكِ قَالَتْ فَلَوْ جَمَعْتُ كُلَّ شَيْءٍ أَعْطَانِيهِ مَا بَلَغَ أَصْغَرَ آنِيَةِ

આપી દીધી અને એ સ્ત્રી સાથે નિકાહ કરી લીધા. અબૂ ઝરઅ પછી મેં એક શરીફ માણસ સાથે નિકાહ કર્યા જે

أَبِي زَرْعٍ قَالَتْ عَائِشَةُ قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ كُنْتُ

*ઉમદા ઘોડા પર સવાર થયો અને ભાલો લીધો અને ઝવાલ બાદ મને ઘણા બધાં પાલતુ જાનવરો આપ્યાં અને*

لَكِ كَأَبِي زَرْعٍ لِأُمِّ زَرْعٍ

*દરેક આરામદાયક ચીજની જોડ આપી અને કહ્યું, હે ઉમ્મે ઝરઅ ! ખા અને તારાં ઘરવાળાંને પણ મોકલ. તેણે કહ્યું, એણે મને જે કાંઈ આપ્યું તે સૌને જો હું ભેગું કરું તો અબૂ ઝરઅના સૌના નાના વાસણના બરાબર પણ નથી. હઝરત આઈશાએ કહ્યું, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હું તારા માટે એવો જ છે જેવો અબૂ ઝરઅ ઉમ્મે ઝરઅના માટે હતો. (વઝી રિવાયતિનૂ) તેણે એને તલાક઼ આપી દીધી પણ હું તને તલાક઼ આપીશ નહીં.''*

*(મુસ્લિમ–ફઝાઈલ, નિસાઈ–ઉશ્રતુન્નિસા, તિર્મિઝી–શમાઈલ)*

**હદીષ : ૨૩૯૯ની સમજૂતી** હેષમ ઈબ્ને અદીની રિવાયતના છેવટમાં આ પ્રમાણે છે. હું તમારા માટે એવો જ છું જેવો અબૂ જરઅ ઉમ્મે ઝરઅના માટે હતો. ઉલ્ફત તથા વફામાં, ન વિરહ તથા જુદાઈમાં. અને ઝુબૈરની રિવાયતના અંતમાં છે, એના સિવાય કે અબૂ ઝરએ ઉમ્મે ઝરઅને તલાક઼ આપી દીધી હતી અને હું તમને તલાક઼ નહીં આપું. અને એના જેમ તિબ્રાનીની રિવાયતમાં છે. નિસાઈએ પોતાની એક રિવાયતમાં અને તિબ્રાનીએ આટલુ વધારે કર્યું કે આઈશાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બલ્કે હુઝૂર અબૂ ઝરઅથી બેહતર છે. સહીહૈનમાં આ હદીષનો મોટાભાગનો હિસ્સો ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا પર મૌકૂફ છે, અને મરફૂઅ કેવળ આખરનો આ હિસ્સો છે : كُنْتُ لَكِ كَأَبِي زَرْعٍ لِأُمِّ زَرْعٍ પરંતુ પૂરી હદીષ મરફૂઅ મઅનવી છે. એટલા માટે કે આખરમાં જે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું એ ઉમ્મુલ મો'મિનીને શરૂથી છેવટ સુધી જે વર્ણન કર્યું તેને સાંભળ્યા પછી વર્ણન કર્યું છે. તો આ હક઼ીક઼તમાં હદીષ તક઼રીરી થઈ. પરંતુ સહીહૈનના સિવાયનામાં આ હદીષ મરફૂઅન મરવી છે. નિસાઈમાં છે કે ઉમ્મુલ મો'મિનીન ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ મને ફર્માવ્યું કે હું તારા માટે એવો જ છું જેવી રીતે અબૂ ઝરઅ ઉમ્મે ઝરઅના માટે. તો ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, આપ પર મારાં મા બાપ કુર્બાન ! યા રસૂલલ્લાહ ! અબૂ ઝરઅ કોણ હતો ? ત્યાર બાદ પૂરી હદીષ હુઝૂરે વર્ણવી. એના ઉપરાંત અન્ય મુહદ્દિષોએ મરફુઅન રિવાયત કરી છે.

આ હદીષના ઈર્શાદનો સબબ એ છે કે ઉમ્મુલ મો'મિનીન ફર્માવે છે કે મેં એ માલ પર જે જાહિલિયતમાં મારા વાલિદની પાસે હતો ગર્વ કર્યો. અને એ દસ લાખ ઔક઼િયા હતો. એના પર નબી ﷺએ ફર્માવ્યું, હે આઈશા ! ચૂપ રહે ! હું તારા માટે એવો જ છું જેવો કે અબૂ ઝરઅ ઉમ્મે ઝરઅ માટે હતો. અબુલ ક઼ાસિમ અબ્દુલ હકીમ ઈબ્ને હબ્બાને અસ્વદ બિન જૈર મગાફિરીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ આઈશા તથા ફાતિમાની પાસે તશરીફ લાવ્યા અને એમનામાં કાંઈ થઈ ગયું હતું તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે હુમૈરા ! મારી પુત્રીથી ઠીક નહીં રહે ! મારું અને તારું દ્રષ્ટાંત એવું છે જેવું અબૂ ઝરઅનું ઉમ્મે ઝરઅની સાથે. એના પર ઉમ્મુલ મો'મિનીને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! આ બંનેવનો બનાવ વર્ણન ફર્માવો ! ફર્માવ્યું, એક વસ્તીમાં અગ્યાર સ્ત્રીઓ હતી અને પુરૂષો ગાયબ હતા, તો તેણીઓએ કહ્યું કે આપણે પોત પોતાના પતિઓના હાલાત વર્ણવીએ .......... છેવટ સુધી.

جلس احدی عشرة કાયદાના એતબારથી جلست હોવું જોઈતું હતું જેવું કે અબૂ અવાનાની રિવાયતમાં છે. પણ અહીં લખાણની તક્દીર આ પ્રમાણે છે : جلس جماعة احدی عشرة અને جماعة કેમ કે સ્ત્રી લિંગ ગૈર હકીકી છે એટલા માટે ફેઅલ (કર્મ)ને પુ. લિંગ લાવવું દુરુસ્ત છે. મુસ્લિમની એક રિવાયતમાં جلس છે અને અબૂયઅલાની એક રિવાયતમાં اجتمعن છે. ઈમામ કુર્તબીએ ફર્માવ્યું કે બહુવચન સ્ત્રીલિંગ લાવવું اكلونى البراغيثની લુગત પર છે એનું ઉદાહરણ ખુદ કુર્આન મજીદમાં છે, ફર્માવ્યું : واسروا النجوى الّذين ظلموا અને ફર્માવ્યું : فَعَمُوا وَصَمُّوا كَثِيْرٌ مِّنْهُمْ અને હદીષમાં છે : يتعاقبون فيكم ملائكة.

એ સ્ત્રીઓ યમનની હતી અને ખષ્અમ કબીલાની અને **આ જાહિલિયતના જમાનાની વાત** છે.

غَثٌّ ગયનના ઝબર "તાઅ"ને તશદીદ એને જુમલની સિફત માનીને ઝેર પઢવું પણ દુરુસ્ત છે અને لحمની સિફત માનીને પેશ પઢવું પણ દુરુસ્ત છે. અલ્લામા ઈબ્ને જવઝીએ ફર્માવ્યું, મશહૂર ઝેર છે. ઈબ્ને નાસિરે કહ્યું, ઉમદા રફઅ પઢવું છે, એનો અર્થ એટલો દૂબળો કે જે નાપસંદ પડે, જેને લોકો સ્પર્શતા ન હોય.

على راس جبل અબૂ ઔબૈદ તથા તિર્મિઝીની રિવાયતમાં على جبل وعرٍ છે. અને ઝુબૈર ઈબ્ને બકારની રિવાયતમાં جبل وَعْسٍ છે. અને એ સજઅના અધિક માફક છે. وعرનો અર્થ ઘણો જ સખત. وعث એવી ઊંચી જગા જેના પર ચઢવું મુશ્કેલ હોય, પગો સરકી પડતા હોય.

لا سهل ઝબરની સાથે તન્વીન વિના, અને એ જ પ્રમાણે ولا سمين એ બંનેમાં રફઅ પણ જાઈઝ છે. એ બિના પર કે એ મુબ્તદાએ મુકદ્દરની ખબર હોય. એટલે لا هو سهل ولا سمين અને એમાં જર પણ જાઈઝ છે, એ બિના પર કે એ જમલ તથા જબલની સિફત છે. નિસાઈમાં ઉકબા ઈબ્ને ખાલિદના તરીકાથી જે રિવાયત છે તે તન્વીન તથા નસબની સાથે છે : لا سهلًا ولا سمينًا ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું, મારી દષ્ટિએ બંને કલમામાં રફઅ અહસન છે. લખાણની શૈલીને જોતાં મતલબ એ થયો કે મારો પતિ એવો છે જેમાં કોઈ ફાયદો નથી, કોઈ આકર્ષણ નથી. કોઈ શહરકર્તાએ આ પહેલી સ્ત્રીનું નામ નથી બતાવ્યું. ان لا اذره ઝમીર મન્સૂબમાં બે સંભાવનાઓ છે, એક એ કે એનો મરજઅ ખબર હોય. હવે અર્થ આ પ્રમાણે થશે કે મારા પતિના હાલાત એટલા અધિક પ્રમાણમાં છે કે હું જો સૌને વર્ણન કરવા ચાહું તો કાંઈ ન કાંઈ રહી જશે, સૌ વર્ણન કરી શકીશ નહીં, બીજી સંભાવના એ છે કે એનો મરજઅ ખુદ પતિ હોય. હવે મતલબ એ થયો કે મને એ અંદેશો છે કે જો હું મારા પતિના હાલાત વર્ણવ્વું અને તેને જાણ થઈ જાય તો તે મને અલગ કરી દેશે. આ બીજી સ્ત્રીનું નામ ઉમરા બિન્તે અમ્ર હતું.

عجره وبجره આ عجرة તથા بجرةનું બહુવચન છે. عجرةનો અર્થ ગાંઠ છે ચાહે શરીરમાં હોય અથવા ક્યાંય. અને بجرة તે ગાંઠ જે પેટમાં હોય. તેમજ عجرةનો અર્થ પીઠનું હોવું અને بجرةનો અર્થ ડૂંટીનું ઉભરાએલી હોવું. ઈબ્ને અબી ઔવૈસે કહ્યું, : عجرة તે ગાંઠ છે જે પેટ કે જીભમાં હોય. بجرةનો અર્થ અયબ છે. એ એનો અસલી શાબ્દિક અર્થ છે. ઉર્ફે આમમાં ગમ તથા રંજ જાહેર કરવાના માટે બોલવામાં આવે છે. અમીરુલ મો'મિનીન, મૌલલ્ મુસ્લિમીન અલી મુર્તઝા رضی اللہ عنہએ યૌમે જમલમાં અર્ઝ કરી હતી.

اشكو الى عجرى وبجرى

અહીં મુરાદ જાહેરી તથા આંત્રિક અયબો છે.

عشنق કઢંગો લાંબો, લાંબી ડોકવાળો, બહાદુરી સાથે વધીને દરેક કામ કરનાર. મુરાદ એ છે કે ઢંગ વિનાનો લંબાઈની સાથે એ ખરાબ સ્વભાવનો પણ છે. આ ત્રીજી સ્ત્રીનું નામ હય્યી બિન્તે અખ્તબ છે.

لاحر ولاقر એમાં બે રિવાયતો છે, ઝબરની સાથે તન્વીન વિના, રફઅ તન્વીનની સાથે. એનું દષ્ટાંત આ આયતે કરીમામાં છે : لَا بَيْعٌ فِيْهِ وَلَا خُلَّةٌ وَلَا شَفَاعَةٌ અને لَا رَفَثَ وَلَا فُسُوْقَ وَلَا جِدَالَ فِي الْحَجِّ આ ચોથી સ્ત્રીનું નામ મહદદ બિન્તે અબૂ હઝૂમા હતું. પાંચમી સ્ત્રીનું નામ કબ્ષા હતું છઠ્ઠીનું હિંદ. સાતમીનું નામ હય્યી બિન્તે અલ્કમા. આઠમીનું યાસર બિન્તે અવસ બિન અબ્દ. એ સ્ત્રીઓમાં પહેલી તથા નવમીનું નામ જાણી ન શકાયું.

غياياء او عيا ياء طباقاء

غياياء۔ أوعياياء એ ઈસા ઈબ્ને યૂનુસથી શક થયો, જેમ કે અબૂ યઅ્લાએ એની સ્પષ્ટતા કરી છે અને નિસાઈમાં "ગયાયા" શક વિના છે. આ બંનેવ અને તબાકાઅ્ સિફતે મુશબ્બહના સેગા છે. (રકાઝુલ ઉસૂલ) ગયાયાનો માદો ગયાયતુન્ છે. એનો અર્થ તે બુઝદિલ છે જે મામલાઓને સમજી ન શકે. عياياء નો માદો عَيٌّ અય્યુન છે. એનો અર્થ તે ઊંટ છે જે વંશના વધારા પર શક્તિ ન ધરાવતાં. طباقاء નો માદો طبق છે એનો અર્થ પણ બેવકૂફ છે તેમજ તે જે સારી રીતે સંભોગ ન કરી શકે. અને જાહિઝે કહ્યું, એનો અર્થ તે શખ્સ છે જે સંભોગના સમયે પોતાનો સીનો સ્ત્રીના સીના પર ચિપકાવી લે અને નીચલો હિસ્સો ઉઠાવી લે. સ્ત્રીઓ આવા શખ્સને નાપસંદ કરે છે. ઈમ્રઉલ્ કૈસની પત્ની તેની બુરાઈ વર્ણવતાં કહે છે, તે ભારી છાતીવાળો હલકી સીટવાળો સરીઉલ્ ઈન્ઝાલ (શીઘ્રપતન) છે.

હવે એનો તર્જુમો એ થયો કે મારો પતિ કમજોર, નાસમજ, નામર્દ તથા બેવકૂફ છે.

કેટલાકે غياياء નો તર્જુમો ગુમરાહ કર્યો. તેમણે એ સમજ્યું કે એ غَيٌّ થી એનો માદો غوى છે અને એવું ન વિચાર્યું કે તો પછી غياياء માં વાવ, યાથી કેવી રીતે બદલાય ગયો. كل داءٍ له داء એટલે જે ખામીઓ લોકોમાં અલગ અલગ છે તે સૌ એનામાં એક સામટી છે. આ તકદીર પર કે كل داء، له داء ની ખબર થશે અને એની પણ સંભાવના છે કે له داء ની સિફત હોય અને કેવળ داء કુલની ખબર હોય. મુરાદ એ છે કે દરેક અયબ તેનામાં પૂરેપૂરો છે. જેમ કે બોલવામાં આવે છે કે બેશક ! ઝયદ ઝયદ છે અને આ ઘોડો ઘોડો છે

زرنب એક પાતળી ખુશ્બુદાર ઘાસ છે.

مبارك મુબારિક એ મુબરક ઈસ્ફે ઝરફનું બહુવચન છે. ઊંટને બેસવાની જગા.

مسارح મુસ્રહનું બહુવચન છે, ચરાગાહ. મિઝહર એક પ્રકારનું વાજિંત્ર. અરબની આદત હતી કે જ્યારે કોઈ મહેમાન આવી જતો તો ઊંટને ઝબહ કરતાં પહેલાં એ વાજુ વગાડતા હતા.

أَنَاسَ એનો માદો نَوْسٌ છે. જેનો અર્થ છે દરેક લટકેલી ચીજનું હાલવું. મુરાદ એ છે કે મારા કાનોમાં અધિક પ્રમાણમાં ઘરેણા પહેરાવ્યાં જે લટકીને હાલી જાય.

وَبَجَّحَنِي فَبَجَّحَتُ એટલે તેણે મને દરેક રીતે ખુશ કરી અને હું ખુશ છું. ઈબ્નુલ અંબારીએ કહ્યું, અર્થ એ છે કે એણે મને મોટી બનાવી અને હું મને પોતાને મહાન સમજવા લાગી.

بشقٍ ખિતાબીએ કહ્યું કે રિવાયત શીનના ઝેરની સાથે છે પણ સહીહ شَقٌّ છે આ એક જગાનું નામ છે. ઈબ્ને અબી ઉવૈસ અને ઈબ્ને હબીબે કહ્યું કે ઝેરની સાથે شِقٍّ છે. મુરાદ પહાડનો એક ખૂણો છે. એની પણ સંભાવના છે કે મુરાદ એ હોય કે ખૂબ જ તંગદસ્તીમાં હતાં.

صهيل નો અર્થ ઘોડો وَأَطِيْطٍ ઊંટ પર રાખેલ કાઠલા અને મહમલોના અવાજ. મુરાદ અહીં ઊંટ છે.

داٸِس અનાજ મસળનાર وَمُنَقٍ અલ્લામા કિર્માનીએ કહ્યું, એનાથી મુરાદ તે જે અનાજને ભૂસામાંથી સાફ કરનાર હોય, એ સ્થિતિમાં એનો માદ્દો نِقَی છે. મુરાદ એ છે કે તે એક મોટો ખેડૂત છે જેના દરેક વિભાગના અલગ અલગ કામ કરવાવાળા છે. મસળનારો અલગ, ભૂસાને સાફ કરનાર અલગ, અને એ જ અર્થ અહીં અધિક યોગ્ય છે. ઈબ્ને અબી ઉવૈસે કહ્યું, આ શબ્દ مُنِقٍ છે જેનો માદ્દો نقیقٌ છે. જેનો અર્થ પાલતુ પશુઓનો અવાજ છે. એટલે કે એની પાસે ખૂબ જ પ્રમાણમાં પશુઓ છે.

فَاَتَقَنَّحُ ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું કે સહીહૈનની રિવાયતમાં નૂનની જ સાથે છે. ફત્હુલબારી, ઉમ્દતુલ કારી, ઈર્શાદુસ્સારીમાં અંતિમ હદીષમાં આટલુ વધારે છે :

قال ابو عبد الله قال بعضهم فاتقمح بِالْمِيمِ وَهٰذَا اصح ઈમામ બુખારીએ કહ્યું, اتقمح મીમની સાથે છે અને એ અધિક સહીહ છે. અબૂ ઔબેદે કહ્યું, હું એટલી પીઉં છું કે પીવાથી મોં ભરાય જાય છે. એ માખૂઝ છે અરબના આ કથનથી : النَّاقة القامح તે ઊંટણી જે હોજ પર આવે અને પાણી ન પીએ, માથુ ઉઠાવી દે.

عُكُومُهَارَدَاحٌ-عكوم عِكَمٌનું બહુવચન છે તે કોથળા તથા જોલા જેમાં કપડાં વગેરે રાખવામાં આવે છે. رَدَاحٌ ખૂબ જ ભરેલા.

كَمَسَلِّ شَطْبَةٍ-مَسَلٌّ سَلَّ يَسُلُّથી મસ્દરે મીમી પણ થઈ શકે છે. એટલે કોઈ ચીજને કોઈ ચીજમાંથી ધીરે ધીરે કાઢી. سَلَّ السَّيْفَ તલ્વારને ઉગામી અને એ ઈસ્મે ઝરફ પણ હોય શકે છે. તેમજ ફિરઔનોએ બનાવેલા એહરામે મિસ્રને પણ કહે છે. شَطْبَةٌ સાદડી વણવા માટે ખજૂરનાં પાંદડાને ચીરે છે તેના એક ટુકડાને شطبة કહે છે. ફત્હુલ બારીમાં છે કે ઈબ્ને હબીબે કહ્યું شطبة થાંભલાના જેવી ચોરસ લાકડીને કહે છે. આ અહકરના ખયાલમાં એનો સૌથી યોગ્ય અર્થ એ છે કે એની ખ્વાબગાહ ચોરસ મીનારાની જેમ તખ્ત હતી. અથવા એ કે شطبةથી ખજૂરથી અડધી ચીરેલી પત્તી મુરાદ લેવામાં આવે. હવે અર્થ એ થશે કે એની ખ્વાબગાહ (બેડરૂમ) મીનારાની જેમ ખજૂરની પત્તીથી વણેલી હતી.

الجفرة ચાર મહિનાનું બકરીનું બચ્ચુ જેને માથી જૂદુ કરીને ચરાઈમાં લગાડી દીધું હોય. મુરાદ એ છે કે તે કમખોરાકવાળો છે.

ملْٔ كسائها તે પોતાની ચાદરને ભરેલી છે એટલે કે ખૂબ જ તંદુરસ્ત, જાડી, તાજી કે તેનો લિબાસ તેના પર તંગ છે. અરબવાસીઓ જાડી સ્ત્રીને પસંદ કરતા હતા.

لا تبث حديثنا تبثيثًا અને એક રિવાયતમાં ''બા''ની જગાએ નૂન છે. બંનેનો અર્થ એક છે. ولاتنقث ميرتنا-تنقيثનો અર્થ ખયાનત કરવી અને ચોરવું. ميرةનો અર્થ ઘરમાં જમા થયેલો માલ. અધિકતર એનો ઉપયોગ અનાજ તથા ખાવા પીવાના સામાન પર થાય છે. એટલે અમારા જમા કરેલા માલને ચોરીને બીજાને નથી આપતી.

تعشيش એનો માદ્દો عَشٌّ છે. એનો અર્થ સૂકી ઘાસ પણ છે અને ફુગ લાગેલી રોટી પણ છે. એટલે તે અમારા ઘરને સ્વચ્છ રાખે છે. ઘરમાં કચરો પુંજો ભેગો નથી કરતી.

والأوطاب تمخض-اوطاب وطبٌનું બહુવચન છે. દૂધનું પાત્ર. مخضનો અર્થ દૂધને વલોવીને માખણ કાઢવું. કેમ કે સામાન્યતઃ સવારમાં દૂધને વલોવીને માખણ કાઢવામાં આવે છે એટલા માટે એનાથી મુરાદ એ છે કે તે સવારે નીકળ્યો.

شريًّا શરીફ ઈન્સાન. شريا ઉમદા ઘોડો. خطيًّا ખત સ્થળનો ભાલો. ખત બેહરીનના આસપાસમાં એક

સ્થળનું નામ છે જ્યાંના ભાલા મશહૂર છે. અને એક ક઼ૌલ એ છે કે અસલમાં એ ભાલા હિંદુસ્તાનના હોય છે જે વહાણો થકી ખત સ્થળે આવે છે.

نَعَمٌ اُراح علیّ એટલે ઝવાલ બાદ એણે મને આપ્યું.

نَعَمٌ એક એવું બહુવચન જેના શબ્દથી એકવચન નથી, એનો અર્થ ખાસ ઊંટ છે. પણ સર્વ પાલતુ પશુઓ માટે એ વપરાય છે જ્યારે એમનામાં ઊંટ હોય. ثَرِيًّا ખૂબ જ અધિક.

رائحة એનો માદો રવાહ છે, સાંજના સમયે આવનારી ચીજ. મુરાદ એ છે કે સાંજે ઘરે પાછો આવતો તો જે કાંઈ લાવે એમાંથી બે આપે છે. તે ઊંટ જે સાંજે ચરીને પોતાના વાડાની તરફ પાછુ આવે, મુત્લક઼ન પશુઓ. કહેવામાં આવે છે مالہ سارحة ولا رائحة એટલે કે એની પાસે પશુઓમાંથી કાંઈ નથી. એની પણ સંભાવના છે કે એ રાહતથી બન્યુ હોય, એટલે ખુશ કરનારી ચીજ.

مِيْرِى اهلكِ مِيْرى નો માદો اَلمِيَرَةُ છે. જેનો અર્થ અનાજ છે. અહીં મુરાદ એ છે કે પોતાનાં સગાંઓને આપે.

**પ્રકરણ : "સ્ત્રીનું પોતાના પતિની રજાથી નફ્લ રોઝો રાખવું"** –(૭૮૨)

بَابُ صوم المرأة باذن زوجها تطوعًا. ص٧٨٢

حديث ٢٤٠٠ عَنْ هَمَّامِ بْنِ مُنَبِّهٍ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું,* **[હદીષ : ૨૪૦૦]**

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا تَصُوْمُ الْمَرْأَةُ وَبَعْلُهَا شَاهِدٌ اِلَّا بِاِذْنِهٖ

*સ્ત્રીના પતિ મૌજૂદ હોય તો તેની ઈજાઝત વિના રોઝો ન રાખે."*

**હદીષ : ૨૪૦૦ની સમજૂતી**

એનાથી મુરાદ નફ્લ રોઝો છે. રમઝાનના ફર્ઝ રોઝામાં પતિની રજાની જરૂરત નથી

**પ્રકરણ : "સ્ત્રી પતિના ઘરમાં પતિની ઈજાઝત વિના કોઈને આવવાની ઈજાઝત ન આપે"** –(૭૮૨)

بَابُ لَا تَأْذَنُ الْمَرْأَةُ فِىْ بَيْتِ زَوْجِهَا اِلَّا بِاِذْنِهٖ. ص٧٨٢

حديث ٢٤٠١ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૪૦૧]**

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَحِلُّ لِلْمَرْأَةِ اَنْ تَصُوْمَ وَ

*કોઈ સ્ત્રીને એ હલાલ નથી કે તેનો પતિ હાજર હોય તો તેની ઈજાઝત વિના રોઝો*

**હદીષ : ૨૪૦૧ની સમજૂતી** عن غير امره થી મુરાદ એ છે કે સ્પષ્ટ ઈજાઝત ન હોય બલ્કે આમ

زَوْجُهَا شَاهِدٌ اِلَّا بِاِذْنِهٖ وَلَا تَاْذَنَ فِیْ بَیْتِهٖ اِلَّا بِاِذْنِهٖ وَمَا اَنْفَقَتْ

*રાખે અને તેની રજા વિના કોઈને તેના ઘરમાં આવવા દે અને એની ઈજાઝત વિના જે*

مِنْ نَفَقَةٍ عَنْ غَیْرِ اَمْرِهٖ فَاِنَّهٗ یُوَدّٰی اِلَیْهِ شَطْرُهٗ۔

*કાંઈ ખર્ચ કરશે તો તેને તેનું અડધુ મળશે." (૨/૮૦૭–નફ઼કાત, બાબુ નફકતુલ મર્અતિ ઈઝાગાબ અન્હા ઝવજુહા)*

ઈજાઝત હોય ચાહે સ્પષ્ટપણે રિવાજ પ્રમાણે. દા.ત. મુસલમાનોમાં રિવાજ છે કે સ્ત્રીઓ પતિના માલ વડે ગરીબો ફકીરોને આપતી રહે છે, અને સર્વ પતિઓ એને જાણે છે અને એને બુરુ નથી માનતા, આ ઉર્ફન ઈજાઝત છે.

یُوَدّٰی الیه شطرُه એનાથી મુરાદ એ છે કે એને અડધો સવાબ મળશે, જેવું કે બુયૂઅ તથા નફ઼કાતની હદીષમાં ખુલાસો છે. ફ઼ર્માવ્યું : فلها نصف اجره.

**પ્રકરણ :** *પેજ : –(૭૮૨)* صـــ ۷۸۲ بَابٌ

**★ જન્નતમાં દાખલ થનાર અધિક ગરીબો તથા જહન્નમમાં અધિક સ્ત્રીઓ ★**

حدیث ۲۴۰۲ عَنْ اُسَامَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

**[હદીષ : ૨૪૦૨]** *"હઝરત ઓસામા رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે ફ઼ર્માવ્યું, હું જન્નતના*

وَسَلَّمَ قَالَ قُمْتُ عَلٰی بَابِ الْجَنَّةِ فَكَانَ عَامَّةَ مَنْ دَخَلَهَا الْمَسَاكِیْنُ وَ

*દરવાજા પર ઉભો રહ્યો તો જોયું કે એની અંદર આમ દાખલ થનારા ગરીબો છે અને માલદારોને રોકવામાં*

اَصْحَابُ الْجَدِّ مَحْبُوْسُوْنَ غَیْرَ اَنَّ اَصْحَابَ النَّارِ قَدْ اُمِرَ بِهِمْ اِلَی

*આવેલા છે. હા ! જહન્નમીઓને જહન્નમમાં લઈ જવાનો હુકમ થઈ ચૂક્યો હશે. અને હું જહન્નમના દરવાજા*

النَّارِ وَقُمْتُ عَلٰی بَابِ النَّارِ فَاِذَا عَامَّةُ مَنْ دَخَلَهَا النِّسَاءُ ـــ

*પર ઉભો રહ્યો તો જોયું કે એમાં દાખલ થનારી સામાન્યત : સ્ત્રીઓ છે."*

*(૨/૯૬૯ કિતાબુર્રિકાક઼ બાબુ સિફ઼તિલ જન્નતિ વન્નાર, પેજ–૯૬૯, મુસ્લિમ–દઅવાત, નિસાઈ ઉશ્રતુન્નિસાઅ)*

**હદીષ : ૨૪૦૨ની સમજૂતી**

جَدٌّ નો અર્થ માલદારી તથા હિસ્સો તથા દાદા છે. جِدٌّ નો અર્થ કોશિશ કરવી. માલદારોને પોતાના માલના હિસાબના માટે રોકી લેવામાં આવશે. મતલબ એ છે કે **મિસ્કીનો તથા ઉમ્મતના ફ઼કીરો (ગરીબો) માલદારોથી પહેલાં જન્નતમાં જશે.**

**પ્રકરણ : "નબી ﷺનું પોતાની પત્નીઓ સાથે તેમના ઘરો સિવાય ક્યાંક અલગ રહેવું."** –(૭૮૩)

بَابُ هِجْرَةِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ نِسَاءَهُ فِيْ غَيْرِ بُيُوْتِهِنَّ۔ ص۷۸۳

**[તઅલીક઼ : ૬૪૫]** ت ٦٤٥ وَيُذْكَرُ عَنْ مُعَاوِيَةَ بْنِ حَيْدَةَ رَفَعَهُ "غَيْرَ أَنْ لَا تُهْجَرَ إِلَّا

*"મુઆવિયહ ઈબ્ને હ઼યદહ઼ رضی اللہ عنہ થી રિવાયત કરતાં વર્ણવવામાં આવે છે કે જેને એમણે મરફૂઅ કર્યું*

فِي الْبَيْتِ" وَالْأَوَّلُ أَصَحُّ

*સિવાય એ હિસ્સાના કે સ્ત્રીથી સંબંધ કટ કરીને તેના ઘરમાં જ રહેવામાં આવે. પહેલુ અધિક સહીહ છે."*

## તઅલીક઼ : ૬૪૫ની સમજૂતી

**સ્પષ્ટતા :** હ઼ુઝૂરે અક઼દસ ﷺ નારાજ થઈને એક મહિના સુધી અઝવાજે મુતહ્હરાતથી અલગ રહ્યા અને તેમના હ઼ુજરાઓથી એક ઉપલા માળે રહેતા હતા. આ રિવાયત સહીહ છે. પછી ઈમામ બુખારીએ આ તઅલીક઼ વર્ણન કરી. હ઼ુઝૂરે ફર્માવ્યું કે જો પત્નીઓ સાથે સંબંધ કટ કરે તો તેમનાં ઘરો સિવાય ક્યાંક બીજે ન રહે. એના પર વાંધો એ છે કે અઝ્વાજે મુતહ્હરાતથી મહિના સુધી અલાહિદગીની રિવાયત મુઆવિયહ બિન હ઼દીદ رضی اللہ عنہથી મરવી નથી, પછી ઈમામ બુખારીનું એવું કહેવું કે પહેલી રિવાયત આના કરતાં અધિક સહીહ છે એ કેવી રીતે દુરુસ્ત છે ? અલ્લામા અયનીએ ફર્માવ્યું કે જો કોઈ શરહકર્તાને આ રિવાયત ન મળી એનાથી ક્યાં જરૂરી બને છે કે આ હદીષ મરવી જ નથી. જ્યારે ઈમામ બુખારી ફર્માવી રહ્યા છે તો એમને કોઈ રિવાયત મળી હશે. અબૂ દાઊદમાં એમનાથી જ આ મરવી છે કે તેમણે હ઼ુઝૂરે અક઼દસ ﷺને પૂછયું કે અમારા પર પત્નીનો શું હક્ક઼ છે ? ફર્માવ્યું, જ્યારે તમે ખાવ તો એને પણ ખવડાવો, અને જ્યારે પહેરો તો એને પણ પહેરાવો અને ચહેરા પર ન મારો, અને તેને સખ્ત સુસ્ત ન કહો અને તેને ઘરના સિવાય ક્યાંય ન છોડો. સાહિબે તલ્વીહે કહ્યું, ઈમામ બુખારીની મુરાદ આ જ હદીષ છે. પત્નીઓથી સંબંધ કટ કરીને એમના જ ઘરમાં રહેવું એમના માટે અધિક કષ્ટદાયક થશે એના કરતાં કે કોઈ અન્ય ઘરમાં રહે. એટલા માટે એવું ફર્માવ્યું કે સંબંધ કટ (અબોલા) કરે તો તેમનાં ઘરમાં જ રહે જેથી સુલહ જલ્દી થઈ જાય. પણ સહીહ રિવાયતોથી સાબિત છે કે હ઼ુઝૂરે અક઼દસ ﷺએ અઝ્વાજે મુતહ્હરાતથી સંબંધ કટ કર્યો અને અલગ મકાનમાં રોકાયેલા રહ્યા. એ બંનેવથી પરિણામ એ નીકળ્યું કે પતિની મસ્લેહત પર આધારિત છે, જો તે એવું યોગ્ય સમજે કે તેમનાં જ ઘરોમાં રહે તો એની પણ ઈજાઝત છે, એવું યોગ્ય સમજે કે અલગ બીજા ઘરમાં રહે તો એની પણ ઈજાઝત છે. ઈમામ બુખારીએ જે એવું ફર્માવ્યું, કે وَالْأَوَّلُ أَصَحُّ એનાથી મુરાદ એ છે કે હઝરત અનસની જે રિવાયત છે કે નબી ﷺ નારાઝગીના જમાનામાં અઝવાજે મુતહ્હરાતના હ઼ુજરાઓથી અલગ એક ઉપલા માળમાં રહેતા હતા, એ મુઆવિયહની હદીષ કરતાં અધિક સહીહ છે.

**પ્રકરણ : "સ્ત્રી ગુનાહમાં પોતાના પતિનું આજ્ઞાપાલન ન કરે." –(૭૮૪)**

بَاب لَا تُطِيْعُ الْمَرْأَةُ زَوْجَهَا فِىْ مَعْصِيَةٍ. ص۷۸۴

۲۴۰۳ حدیث

عَنْ صَفِيَّةَ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ امْرَاءَةً مِّنَ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે એક અન્સારી સ્ત્રીએ **[હદીષ : ૨૪૦૩]**

الْاَنْصَارِ زَوَّجَتْ اِبْنَتَهَا فَتَمَعَّطَ شَعْرُ رَاسِهَا فَجَاءَتْ اِلَى النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

પોતાની પુત્રીની શાદી કરી ત્યારબાદ તેના વાળ ખરી ગયા. તે નબી ﷺ ની ખિદમતમાં હાજર થઈ અને

عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَتْ ذَالِكَ لَهٗ فَقَالَتْ اِنَّ زَوْجَهَا اَمَرَنِىْ اَنْ اُصِلَ فِىْ

હુઝૂરને એનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે મારા પતિએ મને હુકમ આપ્યો છે કે બીજા વાળ મારા વાળોમાં

شَعْرِهَا فَقَالَ لَا اِنَّهٗ قَدْ لُعِنَ الْمُوْصِلَاتُ ع

મિલાવું. ફર્માવ્યું, નહીં! વાળ મિલાવનારીઓ પર લઅનત કરવામાં આવી છે."

(૨/૮૭૮, કિતાબુલ્લિબાસ, મુસ્લિમ–લિબાસ, નિસાઈ–ઝીનત)

**પ્રકરણ : "અઝ્લનું બયાન" –(૭૮૪)**

بَابُ الْعَزْلِ ص۷۸۴

۲۴۰۴ حدیث

عَنْ عَطَاءٍ عَنْ جَابِرٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كُنَّا نَعْزِلُ

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે અમે ﷺ ના જમાનામાં **[હદીષ : ૨૪૦૪]**

عَلٰى عَهْدِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَالْقُرْاٰنُ يَنْزِلُ

અઝ્લ કરતા હતા અને કુર્આનનું નુઝુલ થતુ રહેતુ હતું."

**હદીષ : ૨૪૦૪ની સમજૂતી**

અઝ્લનો અર્થ એ છે કે સંભોગ વખતે વિર્ય બહાર પાડવામાં આવે. એના બારામાં તેહકીકપૂર્ણ હુકમ એ છે કે એ જાઈઝ છે. બાંદીઓ સાથે મુત્લકન એટલે એમનાથી ઈજાઝત લેવાની પણ જરૂરત નથી, અને આઝાદ સ્ત્રીઓથી તેમની ઈજાઝત પછી. એના બારામાં વિવિધ રિવાયતો છે. મુસ્લિમમાં જુઝામા બિન્તે વહબ رضی اللہ عنہا ની હદીષ મરવી છે કે લોકોએ હુઝૂરને અઝ્લના બારામાં પૂછયું તો ફર્માવ્યું કે એ વઅ્દે ખફી છે. વઅ્દનો અર્થ જમીનમાં દાટવું. મતલબ એ છે કે અઝ્લ એટલા માટે કરવામાં આવે છે કે બાળ જન્મ ન થાય. આ એવું જ છે જેમ કે બાળકને પેદા થયા બાદ જીવતુ દાટી દેવામાં આવે. આ હદીષમાં હુર્મત (હરામ હોવું) સાબિત થઈ રહ્યું છે. અને હઝરત જાબિરની એક હદીષમાં છે કે અમે અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ! અમે અઝ્લ કરીએ છીએ તો યહૂદીએ ગુમાન કર્યું કે મવઉદતિ સુગરા છે. ફર્માવ્યું, યહૂદી જૂઠા છે, અલ્લાહ તઆલા જ્યારે કોઈ ચીજ પેદા કરવા ચાહે એને કોઈ રોકી નથી શકતું. શરહ કર્તાઓએ એના વિવિધ

જવાબો આપ્યા છે. પ્રથમ એ કે જેવી રીતે પ્રથમ હુઝૂર ﷺએ ફર્માવ્યું કે યહૂદી ગલત કહે છે કે કબ્રમાં અઝાબ થશે, કેમ કે એ સમય સુધી અઝાબે કબ્ર પર હુઝૂર ﷺને માહિતગાર કરવામાં આવ્યા ન હતા. એ જ પ્રમાણે એ સંભાવના છે કે બાદમાં અઝ્લમાં ઈજાઝત આપી દેવામાં આવી.

બીજો જવાબ ઈમામ તહાવીએ એ આપ્યો કે જુઝામા બિન્તે વહબની હદીષ હઝરત જાબિરની હદીષથી મન્સૂખ થઈ ગઈ.

ત્રીજો જવાબ એ આપ્યો કે હઝરત જાબિરની હદીષ જુઝામાની હદીષ કરતાં અધિક સહીહ છે અને એના સમર્થનમાં અન્ય પણ હદીષો છે જે હઝરત અબૂ સઈદ ખુદરી તથા અન્ય સહાબાએ કિરામથી રિવાયત થયેલ છે.

**પ્રકરણ : "જ્યારે સફરનો ઈરાદો કરે તો પત્નીઓ વચ્ચે કુર્રાઅંદાઝી (ડ્રૉ) કરે."** –(૭૮૪)

بَابُ الْقُرْعَةِ بَيْنَ النِّسَاءِ إِذَا أَرَادَ سَفَرًا۔ ص٧٨٤

حديث ٢٤٠٥ عَنِ الْقَاسِمِ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا أَنَّ النَّبِيَّ صَلَّى اللهُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ જ્યારે* **[હદીષ : ૨૪૦૫]**

عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا خَرَجَ أَقْرَعَ بَيْنَ نِسَائِهِ فَطَارَتِ الْقُرْعَةُ لِعَائِشَةَ

*બહાર તશરીફ લઈ જવાનો ઈરાદો કરતા તો પોતાની પત્નીઓ દરમ્યાન ડ્રો કરતા (ચિઠ્ઠી ફરકાવવી). એકવાર*

وَحَفْصَةَ وَكَانَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا كَانَ بِاللَّيْلِ سَارَ مَعَ عَائِشَةَ

*ચિઠ્ઠી આઈશા તથા હફસાના નામની નીકળી અને નબી ﷺ રાતમાં આઈશાની સાથે સફર કરતા તેમની*

يَتَحَدَّثُ فَقَالَتْ حَفْصَةُ أَلَا تَرْكَبِيْنَ اللَّيْلَةَ بَعِيْرِيْ وَأَرْكَبُ بَعِيْرَكِ

*સાથે વાતો કરતા. એકવાર હફસાએ આઈશાને કહ્યું કે શું આજે રાતે તમે મારા ઊંટ પર સવાર નહીં થઈ જાવ !*

تَنْظُرِيْنَ وَأَنْظُرُ فَقَالَتْ بَلَى فَرَكِبَتْ فَجَاءَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَى

*અને હું તારા ઊંટ પર સવાર થઈ જાઉં. તું પણ જુએ અને હું પણ જોઉં. હઝરત આઈશાએ કહ્યું, ઠીક છે. અને તે*

جَمَلِ عَائِشَةَ وَعَلَيْهَا حَفْصَةُ فَسَلَّمَ عَلَيْهَا ثُمَّ سَارَ حَتَّى نَزَلُوْا وَافْتَقَدَتْهُ

*હફસાના ઊંટ પર સવાર થઈ ગયાં. નબી ﷺ આઈશાના ઊંટની પાસે આવ્યા અને એના પર હફસા સવાર*

عَائِشَةُ فَلَمَّا نَزَلُوْا جَعَلَتْ رِجْلَيْهَا بَيْنَ الْإِذْخِرِ وَتَقُوْلُ يَارَبِّ سَلِّطْ

*હતાં. સલામ કરી પછી ચાલ્યા પછી એક જગાએ ઉતર્યા. આઈશાએ હુઝૂરને પોતાની પાસે ન પામ્યાં. જ્યારે*

**હદીષ : ૨૪૦૫ની સમજૂતી** જેની કેટલીક બીવીઓ હોય તે જ્યારે સફર કરવા ચાહે અને પોતની પત્નીઓમાંથી કોઈને સાથે લઈ જવા ચાહે તો મુસ્તહબ એ છે કે ચિઠ્ઠી ફરકાવે. પરંતું જો એવું ન કર્યું અને પોતાની મરજીથી કોઈને સાથે લઈ લીધી તો પણ કોઈ વાંધો નથી. સહીહ એ છે કે હુઝૂરે અક્દસ ﷺ પર

عَلیٰ عَقْرَبًا اَوْحَیَّۃً تَلْدَغُنِیْ وَلَا اَسْتَطِیْعُ اَنْ اَقُوْلَ شَیْئًا۔ علہ

*લોકો ઉતર્યા તો આઈશાએ પોતાના બંનેવ પગોને ઈઝખરની વચ્ચે કરી દીધા. અને કહેતાં હતાં, હે અલ્લાહ !*

*મારા પર વીછી કે સાપ લાગુ કરી દે જે મને ડંખ મારી લે. અને હું હુઝૂરને કાંઈ કરી શક્તી ન હતી.''*

*(મુસ્લિમ–ફઝાઈલ, નિસાઈ–ઈશ્રતુન્નિસાઅ્)*

વારી વાજિબ ન હતી. હુઝૂરે અક્દસ ﷺ અતિશય કરમ તથા પ્રેમભાવના કારણે વારીની પાબંદી કરતા હતા. એ જ પ્રમાણે સફરના સમયે ચિઠ્ઠી ફરકાવવી (કુર્રા અંદાઝી) વાજિબ ન હતી, એ પણ અતિશય કરમના કારણે હતી.

بَابُ الْمَرْاَۃُ تَھَبُ یَوْمَھَا مِنْ زَوْجِھَا لِضَرَّتِھَا وَکَیْفَ یُقْسَمُ ذَالِکَ ص۷۸۴

**પ્રકરણ : ''સ્ત્રી પોતાની વારી પોતાની શોક્યને બખ્શી આપે તો કેવી રીતે નિશ્ચિત કરવામાં આવે.''** *–(૭૮૪)*

حدیث ۲۴۰۶ عَنْ ھِشَامٍ عَنْ اَبِیْہِ عَنْ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا اَنَّ

*''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે સૌદા બિન્તે જમઆએ* **[હદીષ : ૨૪૦૬]**

سَوْدَۃَ بِنْتَ زَمْعَۃَ وَھَبَتْ یَوْمَھَا لِعَائِشَۃَ وَکَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ

*પોતાની વારી આઈશા رضی اللہ عنہا ને બખ્શી દીધી હતી અને નબી ﷺ એ આઈશાના માટે*

وَسَلَّمَ یَقْسِمُ لِعَائِشَۃَ بِیَوْمِھَا وَیَوْمِ سَوْدَۃَ۔ علہ

*બે દિવસ નિશ્ચિત કરી લીધા હતા. એક આઈશાનો એક સૌદાનો.'' (મુસ્લિમ–નિકાહ)*

بَابُ اِذَا تَزَوَّجَ الْبِکْرَ عَلَی الثَّیِّبِ ص۷۸۵

**પ્રકરણ : ''જ્યારે કુંવારીથી અકુંવારી પર નિકાહ કરે.''**

حدیث ۲۴۰۷ عَنْ اَبِیْ قِلَابَۃَ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ مِنَ

*''હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું, સુન્નત એ છે કે જ્યારે કોઈ અકુંવારી પત્નીના હોવા છતાં* **[હદીષ : ૨૪૦૭]**

السُّنَّۃِ اِذَا تَزَوَّجَ الرَّجُلُ الْبِکْرَ عَلَی الثَّیِّبِ اَقَامَ عِنْدَھَا سَبْعًا وَ

*કુંવારીથી નિકાહ કરે તો તેની પાસે સાત દિવસ રહે, ત્યારબાદ વારીની પાબંદી કરે. અને જ્યારે કુંવારીના હોવા*

قَسَمَ وَاِذَا تَزَوَّجَ الثَّیِّبَ عَلَی الْبِکْرِ اَقَامَ عِنْدَھَا ثَلٰثًا ثُمَّ قَسَمَ قَالَ اَبُوْقِلَابَۃَ

*છતાં અકુંવારીથી નિકાહ કરે તો તેણી પાસે ત્રણ દિવસ રોકાણ કરે પછી વારીની પાબંદી કરે. અબૂ ક઼લાબાએ કહ્યું*

وَلَوْشِئْتُ لَقُلْتُ إِنَّ أَنَسًا رَفَعَهُ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ.

*કે જો હું ચાહું તો કહું કે અનસે એને નબી ﷺ સુધી મરફૂઅ કરી."*

**હદીષ : ૨૪૦૭ની સમજૂતી**

હઝરત અનસનું એ ફર્માવવું કે એ સુન્નત છે. એ જ દલીલ છે કે આ હદીષ મરફૂઅ છે. તદ્ ઉપરાંત અબૂ ક઼લાબા અને ખાલિદનું એ કહેવું કે જો હું ચાહું તો કહું કે હઝરત અનસે રસૂલુલ્લાહ ﷺ સુધી એને મરફૂઅ કરી . તો કહી શકુ કે આ દલીલ છે કે હદીષ મરફૂઅ છે.

بَابُ الْمُتَشَبِّعِ بِمَا لَمْ يَنَلْ وَمَا يُنْهٰى مِنْ اِفْتِخَارِ الضَّرَّةِ - ص ٧٨٥

**પ્રકરણ :"જે એને ન મળ્યો હોય એના પર સંતોષ જાહેર કરનાર અને શોક્યો (સોતનો)ના ફખ્ર કરવાથી મનાઈનું બયાન."**–*(૭૮૫)*

**★ શોક્યને ચીડવવા ધોકો કરવું નાજાઈઝ ★**

٢٤٠٨ حدیث حَدَّثَتْنِي فَاطِمَةُ عَنْ أَسْمَاءَ أَنَّ امْرَأَةً قَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અસ્મા رضی اللہ عنہا થી રિવાયત છે. એક સ્ત્રીએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ !* **[હદીષ : ૨૪૦૮]**

إِنَّ لِي ضَرَّةً فَهَلْ عَلَيَّ جُنَاحٌ إِنْ تَشَبَّعْتُ مِنْ زَوْجِي غَيْرَ الَّذِي

*મારી એક શોક્ય છે તો શું મારા પર કોઈ ગુનોહ છે કે હું એ જાહેર કરું કે પતિએ મને આ આપ્યું, જો કે તેણે*

يُعْطِيْنِي فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْمُتَشَبِّعُ بِمَا

*મને નથી આપ્યું. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે એને ન આપવામાં આવ્યું હોય એનું મળવું જાહેર*

لَمْ يُعْطَ كَلَابِسِ ثَوْبَيْ زُوْرٍ

*કરનાર એવો જ છે જેવું કે ધોકાના બે કપડા પહેરનાર." (મુસ્લિમ,નિસાઈ)*

**હદીષ : ૨૪૦૮ની સમજૂતી**

મતલબ એ છે કે પોતાની શોકયને ચીડવવાના માટે કોઈ શોક્ય તેને એવું કહે કે મારા પતિએ મને આ આપ્યું છે, તે આપ્યું છે, જ્યારે કે પતિએ ન આપ્યું હોય. ફર્માવ્યું કે એ જાઈઝ નથી, એ ધોકો આપવું છે, જેવી રીતે કોઈ શખ્સ રિયાકારીના માટે સાલેહ લોકોનો અને ઝાહિદોનો લિબાસ પહેરે, જ્યારે કે સાલેહ તથા ઝાહિદ ન હોય.

**પ્રકરણ : "ગૈરતનું બયાન" -(૭૮૫)**

بَابُ الْغَيْرَةِ ۔ ص ۷۸۵

حدیث ۲۴۰۹

إِنَّ عُرْوَةَ ابْنَ الزُّبَيْرِ حَدَّثَهُ عَنْ أُمِّهِ أَسْمَاءَ أَنَّهَا سَمِعَتْ

**[હદીષ : ૨૪૦૯]** *"હઝરત અસ્મા رضی اللہ عنہا થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને એવું ફર્માવતાં*

رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ لَا شَيْءَ أَغْيَرُ مِنَ اللهِ

*સાંભળ્યા કે કોઈ પણ અલ્લાહથી વધુ ગૈરતવાળો નથી."*

حدیث ۲۴۱۰

عَنْ أَبِي سَلَمَةَ أَنَّهُ سَمِعَ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ عَنِ

**[હદીષ : ૨૪૧૦]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, બેશક !*

النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ إِنَّ اللهَ تَعَالَى يَغَارُ وَغَيْرَةُ

*અલ્લાહ તઆલા ગૈરત કરે છે, અલ્લાહની ગૈરત એ છે કે મો'મિન તે*

اللهِ أَنْ يَأْتِيَ الْمُؤْمِنُ مَا حَرَّمَ اللهُ

*કામ કરે જે અલ્લાહે હરામ કર્યું છે."*

**પ્રકરણ : "સ્ત્રીઓની ગૈરત અને તેમની નારાઝગીનું વર્ણન" -(૭૮૭)**

بَابُ غَيْرَةِ النِّسَاءِ وَوَجْدِهِنَّ ص ۷۸۷

حدیث ۲۴۱۱

عَنْ هِشَامٍ عَنْ أَبِيهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا قَالَتْ

**[હદીષ : ૨૪૧૧]** *"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું,*

قَالَ لِي رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ إِنِّي لَأَعْلَمُ إِذَا كُنْتِ عَنِّي

*મને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હું જાણું છું જ્યારે તમે મારાથી રાજી રહો છો અને જ્યારે*

رَاضِيَةً وَإِذَا كُنْتِ عَلَيَّ غَضْبَى قَالَتْ فَقُلْتُ مِنْ أَيْنَ تَعْرِفُ ذٰلِكَ

*તમે નારાજ રહો છો. મેં કહ્યું, કેવી રીતે પહેચાનો છો હુઝૂર ?! ફર્માવ્યું, જ્યારે તું મારાથી*

فَقَالَ أَمَّا إِذَا كُنْتِ عَنِّي رَاضِيَةً فَإِنَّكِ تَقُولِينَ لَا وَرَبِّ مُحَمَّدٍ وَ

*ખુશ રહે છે તો રબ્બે મુહમ્મદની કસમ ! અને જ્યારે નારાજ રહે છે તો કહે છે રબ્બે ઈબ્રાહીમની*

**હદીષ : ૨૪૧૧ની સમજૂતી**

આ હદીષ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا ની આ'લા

اِذَا كُنْتِ غَضْبٰى قُلْتِ لَا وَرَبِّ اِبْرَاهِيْمَ قَالَتْ قُلْتُ اَجَلْ وَاللّٰهِ يَا

*ક઼સમ ! મેં અર્ઝ કરી, હા ! એવી જ વાત છે પણ હું કેવળ હુઝૂરનું*

رَسُوْلَ اللّٰهِ مَا اَهْجُرُ اِلَّا اِسْمَكَ ـ

*નામ નથી લેતી.'' (૨/૮૯૭ કિતાબુલ અદબ, બાબુ મા યજૂઝ મિનલ હિજરાન, મુસ્લિમ–ફઝાઈલે આઈશા)*

દરજાની બુધ્ધિ કૌશલ્યતાની સાથોસાથ અતિશય બાઅદબ હોવાની પણ દલીલ છે, કે નારાઝગીની હાલતમાં પણ કોઈ એવું કૃત્ય એમનાથી નથી થતું જેનાથી નારાઝગી જાહેર થાય, નહીં તો હુઝૂર બતાવતા. પરંતુ ખૂબ જ સુંદર તરીક઼ામાં નારાઝગીને જાહેર પણ કરી આપે છે જેમાં ન હુઝૂરના દિલને તકલીફ અને ન તો કોઈ બેઅદબી. નારાઝગીથી એ શંકા થાય છે કે કદાચ મહોબ્બતનો સંબંધ કટ થઈ ગયો. આ શંકાને ઉમ્મુલ મો'મિનીને પોતાની આ અર્ઝ વડે દૂર કરી આપી કે નારાઝગીના સમયે પણ આપની સાથે મહોબ્બત એ જ પ્રમાણે બાક઼ી રહે છે, એમાં કોઈ કમી નથી આવતી. હક઼ીક઼ત એ છે કે આ નારાઝગીને નારાઝગી કહેવું જ ગલત છે. એના માટે ઉર્દૂમાં સૌથી યોગ્ય શબ્દ ''રૂઠના'' (રીસાવું) છે. મહબૂબના રૂઠવામાં પણ એક લઝ્ઝત હોય છે જેનાથી દિલવાળાઓ સારી રીતે વાકેફ છે. આ હદીષ એની દલીલ છે કે ઈસ્મ મુસમ્મા અ઼યન (એક) નથી મગ઼ાઈર છે. હા ! ઝાતે બારી તઆલામાં અ઼યન છે.

بَابٌ لَا يَخْلُوَنَّ رَجُلٌ بِامْرَأَةٍ اِلَّا ذُوْ مَحْرَمٍ وَالدُّخُوْلُ عَلَى الْمُغِيْبَةِ ـ ص ٧٨٧

**પ્રકરણ : ''મહરમના સિવાય કોઈ મર્દ કોઈ સ્ત્રીની સાથે એકાંતમાં ભેગા ન થાય. અને જે સ્ત્રીઓના પતિ ગાયબ હોય તેમની પાસે જવાનો હુકમ.''** *–(૭૮૭)*

حديث ٢٤١٢ عَنْ اَبِى الْخَيْرِ عَنْ عُقْبَةَ ابْنِ عَامِرٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ

**[હદીષ : ૨૪૧૨]** *''હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ*

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِيَّاكُمْ وَالدُّخُوْلَ عَلَى النِّسَاءِ

*ફર્માવ્યું, સ્ત્રીઓ પાસે જવાથી બચો. એક અન્સારીએ અર્ઝ કરી,*

فَقَالَ رَجُلٌ مِنَ الْاَنْصَارِ يَا رَسُوْلَ اللّٰهِ اَفَرَأَيْتَ الْحَمْوَ

*યા રસૂલલ્લાહ ! દિયરના બારામાં શું ફર્માવો છો ?*

قَالَ الْحَمْوُ الْمَوْتُ ـ

*ફર્માવ્યું, દિયર મૌત છે.'' (મુસ્લિમ–સલામ, તિર્મિઝી–રિઝાઅ, નિસાઈ–ઉશ્રતુન્નિસાઅ)*

**હદીષ : ૨૪૧૩ની સમજૂતી**

حمو પતિના સગા એ પોતાના ઈત્લાક઼ના એતબારથી બાપને પણ સામેલ કરે છે. પરંતુ અહીં بقرينه عقليه

બાપ મુરાદ નથી, એટલા માટે કે તે મેહરમ છે. પતિના ભાઈ, કાકા, કાકાની ઔલાદ વગેરે મુરાદ છે. **આપણા હિંદુસ્તાનમાં હિંદુઓથી શીખીને મુલમાનોમાં પણ એ બલા આમ છે કે પતિના ભાઈ વગેરેથી પર્દો નથી કરતાં. પર્દો શું કરતા પોતાની ભાભીને અડધી બીવી સમજે છે ! દિયર ખચકાટ વિના હંસી મજાક કરે છે. આ બધું હરામ તથા ગુનોહ છે, અને અતિ ભયાનક છે.** એ જ પ્રમાણે **પત્નીની બહેન (સાળી) સાથે પણ પર્દો નથી હોતો, બલ્કે દરેક બનેવી પોતાની સાળીને પોતાની અડધી ઘરવાળી સમજે છે ! જેનાં અતિ ભયાનક પરિણામો જતા દિવસે નીકળતાં રહે છે. આ પણ હિંદુ સંસ્કૃતિની દૈન છે. મુસલમાનો પર અનિવાર્ય છે કે ઈસ્લામી તાલીમાત પર અમલ કરે અને હિંદુ સંસ્કૃતિ પોતાના ઘરોએથી કાઢે.**

بسم الله الرحمن الرحيم

# كِتَابُ الطَّلَاقِ ص۷۹۰

**(કિતાબુત્તલાક઼) ''તલાક઼ વિશે પ્રકરણો''** –(૭૯૦)

وَقَوْلُ اللّٰهِ تَعَالٰى يَا اَيُّهَا النَّبِيُّ اِذَا طَلَّقْتُمُ النِّسَاءَ فَطَلِّقُوْهُنَّ لِعِدَّتِهِنَّ وَاَحْصُوا الْعِدَّةَ۔

**''અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન** : હે નબી ! જયારે તમે સ્ત્રીઓને તલાક઼ આપો તો એમના ઈદ્દતના સમય પર બે અન્ય ઈદ્દત ગણત્રી કરો.

اَحْصَيْنَاهُ : حَفِظْنَاهُ وَعَدَدْنَاهُ અમે એને મેહફૂઝ રાખ્યો અને ગણી લીધું.

وَطَلَاقُ السُّنَّةِ اَنْ يُّطَلِّقَهَا طَاهِرًا مِنْ غَيْرِ جِمَاعٍ وَيُشْهِدَ شَاهِدَيْنِ **સુન્નત તલાક઼** એ છે કે એને એવા પાકીના ગાળામાં તલાક઼ આપે જેમાં સંભોગ ન કર્યો હોય, અને બે ગવાહ બનાવી લે.

**તલાક઼ના ત્રણ પ્રકારો છે** : ૧. અહસન ૨. હસન ૩. બિદઈ. **અહસન** એ છે જે તહરમાં (પાકીના ગાળામાં) સંભોગ ન કર્યો તેમાં એક રજઈ તલાક઼ આપે અને છોડી આપે ત્યાં સુધી કે ઈદ્દત પસાર થઈ જાય. **હસન** એ છે કે વતી (સંભોગ) કરેલ પત્નીને ત્રણ તહરમાં ત્રણ તલાક઼ો આપે, શર્ત એ કે એ તહરોમાં સંભોગ ન કર્યો હોય. અને ન હૈઝમાં સંભોગ કર્યો હોય અથવા નાબાલિગ અથવા સગર્ભા અથવા આઈસા (જેને ઉમરના કારણે હૈઝ ન આવતુ હોય ૫૫ વરસ કે ઉપરની)ને ત્રણ મહિનામાં ત્રણ તલાક઼ો આપે. **બિદઈ** એ છે કે એક તહરમાં બે કે ત્રણ તલાક઼ો આપી દે, અથવા એવું કહી દીધું કે તને ત્રણ તલાક઼ છે.

અસલ હુકમ એ છે કે તલાક઼ આપવી જાઈઝ છે પણ શરઈ કારણ વિના મના છે, અને શરઈ કારણ હોય તો મુબાહ છે બલ્કે અમુક સંજોગોમાં મુસ્તહબ છે. જો સ્ત્રી પતિને કે પતિનાં ઘરવાળાંને તકલીફ઼ આપે છે અથવા બદકાર છે તો તલાક઼ આપવી **મુસ્તહબ** છે. અને પતિ જો નામર્દ છે અથવા હિજડો છે કે સંભોગ કરવા શક્તિમાન નથી તો **વાજિબ** છે.

## بَابُ مَنْ طَلَّقَ وَهَلْ يُوَاجِهُ الرَّجُلُ امْرَاَتَهُ بِالطَّلَاقِ ص۷۹۰

**પ્રકરણ : ''જેણે તલાક઼ આપી. અને શું પુરૂષ પોતાની સ્ત્રીને પ્રત્યક્ષ સામે તલાક઼ આપે ?''** –(૭૯૦)

### ★ જૂનની પુત્રીનો કિસ્સો ★

حدیث ۲۴۱۳

حَدَّثَنَا الْاَوْزَاعِيُّ قَالَ سَاَلْتُ الزُّهْرِيَّ اَيَّ اَزْوَاجِ

*''અવઝાઈએ અમને હદીષ વર્ણવી. તેમણે કહ્યું, મેં ઝુહ્‌રીને પૂછયું કે નબી ﷺ ની* **[હદીષ : ૨૪૧૩]**

النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِسْتَعَاذَتْ مِنْهُ قَالَ اَخْبَرَنِيْ عُرْوَةُ عَنْ

બીવીઓમાંથી કોણે હુઝૂરથી પનાહ માગી હતી ? તો તેમણે કહ્યું, મને ઉરવાએ ખબર આપી આઈશા رضی اللہ عنہا થી

عَائِشَةَ اَنَّ اِبْنَتَ الْجُوْنِ لَمَّا اُدْخِلَتْ عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

રિવાયત કરતાં કે જૂનની પુત્રી જ્યારે રસૂલુલ્લાહ ﷺ ની પાસે મોકલવામાં આવી એકાંતમાં અને હુઝૂર

وَدَنٰى مِنْهَا قَالَتْ اَعُوْذُ بِاللّٰهِ مِنْكَ فَقَالَ لَهَا لَقَدْ عُذْتِ بِعَظِيْمٍ اِلْحَقِيْ بِاَهْلِكِ

તેણીથી નિકટ થયા તો તેણે કહ્યું, હું અલ્લાહની પનાહ માગુ છું આપથી. તો હુઝૂરે તેણીને ફર્માવ્યું, તેં એક

મહાન હસ્તીની પનાહ લીધી ! તારાં ઘરવાળાંઓ ભેગી થઈ જા.''

حديث ۲۴۱۴ عَنْ حَمْزَةَ بْنِ اَبِيْ اُسَيْدٍ عَنْ اَبِيْ اُسَيْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

''હઝરત અબૂ ઉસૈદ رضی اللہ عنہ એ કહ્યું, અમે નબી ﷺ ની સાથે નીકળ્યા, ત્યાં સુધી **[હદીષ : ૨૪૧૪]**

قَالَ خَرَجْنَا مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حَتّٰى اِنْطَلَقْنَا اِلٰى حَائِطٍ يُقَالُ

કે એક બાગ સુધી પહોંચ્યા જે શૌત કહેવામાં આવતો હતો. ત્યાં સુધી કે અમે બે બાગો સુધી પહોંચ્યા. એ બંનેવ

لَهُ الشَّوْطُ حَتّٰى اِنْتَهَيْنَا اِلٰى حَائِطَيْنِ فَجَلَسْنَا بَيْنَهُمَا فَقَالَ النَّبِيُّ صَلَّى

બાગોની વચ્ચે અમે બેસી ગયા. નબી ﷺ એ ફર્માવ્યું, અહીં બેસી રહો અને પોતે અંદર તશરીફ લઈ ગયા.

اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِجْلِسُوْا هٰهُنَا وَدَخَلَ وَقَدْ اُتِيَ بِالْجَوْنِيَّةِ فَاُنْزِلَتْ فِيْ

જવનિયહને લાવવામાં આવી અને તેને એક ખજૂરોના બાગના ઘરમાં ઉતારવામાં આવી, જેનું નામ ઉમૈમા બિન્તે

بَيْتٍ فِيْ نَخْلٍ فِيْ بَيْتِ اُمَيْمَةَ بِنْتِ النُّعْمَانِ بْنِ شَرَاحِيْلَ وَمَعَهَا دَايَتُهَا

નુઅમાન બિન શરાહીલ હતું. તેણી સાથે તેણીની દાયણ પણ હતી જેણે એની ઉછેરી હતી. જ્યારે હુઝૂર તેણી

حَاضِنَةٌ لَهَا فَلَمَّا دَخَلَ عَلَيْهَا النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ هَبِيْ نَفْسَكِ

પાસે અંદર તશરીફ લઈ ગયા તો હુઝૂરે ફર્માવ્યું, પોતાની જાતને મને બક્ષી આપ. તો તેણીએ કહ્યું, શું મલિકા

لِيْ قَالَتْ وَهَلْ تَهَبُ الْمَلِكَةُ نَفْسَهَا لِلسُّوْقَةِ قَالَ فَاَهْوٰى بِيَدِهٖ يَضَعُ

પોતાને પોતે મામૂલી લોકોને બક્ષે છે ?! પછી હુઝૂરે પોતાનો હાથ વધાર્યો એના ઉપર રાખ્યો કે જેથી તેને સુકૂન

## હદીષ : ૨૪૧૪ની સમજૂતી

આ સિલસિલામાં શરહ કર્તાઓના વર્ણનોમાં સખત મતભેદ છે. અહીં જે રિવાયત છે એના પ્રમાણે કસ્તલાનીમાં ઈબ્ને સઅદના હવાલાથી આ બનાવ વર્ણન થયેલો છે. નુઅમાન

يَدَهٗ عَلَيْهَا لِتَسْكُنَ فَقَالَتْ اَعُوْذُ بِاللّٰهِ مِنْكَ فَقَالَ قَدْ عُذْتِ بِمَعَاذٍ

*મળી જાય. તેણીએ કહ્યું, હું અલ્લાહની પનાહ માગું છું આપનાથી. ફર્માવ્યું, તેં એવાની પનાહ લીધી જેની*

ثُمَّ خَرَجَ عَلَيْنَا فَقَالَ يَا اَبَا اُسَيْدٍ اُكْسُهَا رَازِقِيَّتَيْنِ وَ اَلْحِقْهَا بِاَهْلِهَا

*પનાહ લેવામાં આવે છે. પછી હુઝૂર અમારી પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, હે અબૂ ઉસૈદ ! તેને બે*

وَقَالَ الْحُسَيْنُ بْنُ الْوَلِيْدِ النَّيْسَابُوْرِيُّ عَنْ عَبْدِ الرَّحْمٰنِ عَنْ عَبَّاسِ

*રાઝિકિય્યહ કપડુ પહેરાવી આપ અને તેને તેનાં ઘરવાળાંઓમાં પહોંચાડી આપ. બીજા તરીકાથી સહલ તથા*

بْنِ سَهْلٍ عَنْ اَبِيْهِ وَ اَبِيْ اُسَيْدٍ قَالَا تَزَوَّجَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اُمَيْمَةَ

*અબૂ ઉસૈદથી મરવી છે કે નબી ﷺ એ ઉમૈમા બિન્તે શરાહીલથી શાદી કરી. જ્યારે તે હુઝૂરની ખિદમતમાં*

بِنْتَ شَرَاحِيْلَ فَلَمَّا اُدْخِلَتْ عَلَيْهِ بَسَطَ يَدَهٗ اِلَيْهَا فَكَاَنَّهَا كَرِهَتْ

*એકાંતમાં પેશ કરવામાં આવી અને હુઝૂરે તેની તરફ હાથ લંબાવ્યો તો તેણે આવી હરકત કરી જેનાથી અંદાઝો*

ذٰلِكَ فَاَمَرَ اَبَا اُسَيْدٍ اَنْ يُّجَهِّزَهَا وَيَكْسُوْهَا ثَوْبَيْنِ رَازِقِيَّيْنِ ؎

*થયો કે તેણે એને નાપસંદ કર્યુ. તો અબૂ ઉસૈદને હુકમ આપ્યો, એનો સામાન ઠીક કરી દો અને એને બે રાઝિકિય્યહ કપડુ પહેરાવી દો." (૨/૮૪૨ અત્તલાક, બાબુશ્શુર્બિ મિન કિદહિન્નબી ﷺ વઆનિયતિહિ)*

બિન જૂન કિન્દી નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને એવું અર્ઝ કર્યું, શું હું હુઝૂરની શાદી અરબની સૌથી ખૂબસૂરત સ્ત્રી સાથે ન કરી દઉં ? તેમણે પોતાની પુત્રી ઉમૈમા બિન્તે નુઅમાનની શાદી હુઝૂર સાથે કરી આપી અને અબૂ ઉસૈદની સાથે ઉમૈમાને મદીના મોકલી. તેમણે તેને લાવીને બનૂ સાઅદામાં ઉતારી. તેની પાસે કબીલાની ઔરતો ખુશી ખુશી આવી અને ત્યાંથી પરત આવીને તેની સુંદરતાની ચર્ચા કરી. ત્યાં હુઝૂરે અકદસ ﷺ ઉમૈમાની પાસે ગયા. ઉમૈમાએ હુઝૂરને ઓળખ્યા નહીં અને કહી દીધું. اعوذ بالله منك કિતાબુલ અશ્રબાની રિવાયતથી જાહેર છે કે ઉમૈમાએ હુઝૂરને ઓળખ્યા નહીં. બાદમાં જ્યારે તેને બતાવવામાં આવ્યું કે આ રસૂલુલ્લાહ ﷺ છે તો તે ખૂબ જ પસ્તાયી. આ હદીષમાં એક શંકા એ છે કે જો ઉમૈમાના રસૂલુલ્લાહ ﷺ સાથે નિકાહ થઈ ગયા હતા જેવું કે ઈબ્ને સઅદની રિવાયતથી જાહેર છે તો પછી હુઝૂરના આ ઈર્શાદનો શો મતલબ ? ؟ هَبِي نَفْسَكِ لِيْ અને એ જ અહીં આખરની રિવાયત تزوج البنى صلى الله تعالىٰ عليه وسلّم اميمة بنت شراحيل થી જાહેર છે. વળી અહીંની પહેલી હદીષની શરૂઆતમાં આ પ્રમાણે છે કે ઝુહરીને એ પૂછવામાં આવ્યું હતું કે નબી ﷺની પત્નીઓમાંથી કોણે હુઝૂરથી પનાહ માંગી હતી ? એ સૌથી જાહેર થાય છે કે નિકાહ થઈ ગયા હતા. પણ કિતાબુલ અશ્રબાની રિવાયતમાં આ પ્રમાણે છે :–

ذُكِرَ للنبى صلى الله تعالىٰ عليه وسلم امرأةٌ من العرب فامر ابا اسيد الساعدى ان يرسل اليها فارسل اليها فقدمت કે નબી ﷺથી અરબની એક સ્ત્રીનો ઉલ્લેખ કરવામાં આવ્યો, તો હુઝૂરે અબૂ ઉસૈદ સાઅદીને મોકલ્યા. પછી ત્યાં જ અંતમાં આ પ્રમાણે છે : هذا رسول الله جاء ليخطبك આ હુઝૂર હતા જે તને નિકાહનો પયગામ આપવા

આવ્યા હતા. એના પરથી જાહેર થાય છે નિકાહ થયો ન હતો. વળી અંતમાં એ શંકા ખડી થાય છે કે ખલ્વતે સહીહા થઈ ચૂકી હતી. ખલ્વતે સહીહા પછી પૂરી મહેર મોઅક્કદ થઈ જાય છે. અને હુઝૂરે અક્દસ ﷺએ એમને મહેર નથી આપી, કેવળ મોત્અહ આપ્યો. એક ખાસ વાત એ છે કે શરહકર્તાઓએ અહીં ખૂબ જ પ્રકારમાં રિવાયતો વર્ણન કરી છે, પણ આ કોયડાને નથી ઉકેલ્યો કે નિકાહ થયા હતા કે નહીં. મેં જ્યાં સુધી એના અનુસંધાનની રિવાયતોની ઉપર ગહરી નજર નાખી એનાથી એ જ જાહેર થાય છે કે નિકાહ થયો ન હતો અને પત્ની તરીકેનો ઈત્લાક઼ તથા તઝવ્વુજ (શાદી કરવું)નો ઈત્લાક઼ (કહેવામાં આવવું) મજાઝન થયું છે. કિ઼સ્સો એ જ બન્યો હતો કે તેણી મદીના તયબહ આવી હતી અને હુઝૂરે અક઼દસ ﷺએ એની સાથે નિકાહનો ઈરાદો ફર્માવ્યો હતો. પણ તેણીએ બેઅદબીના શબ્દો વાપર્યા તો હુઝૂરે એને જોડી કપડાં આપીને વિદાય કરી આપી. અને એ મોત્અહ ન હતો, એટલા માટે કે મોત્અહ એ વખતે જાઈઝ છે જ્યારે નિકાહ થયો હોય અને મહેર નિશ્ચિત ન હોય. અને ખલ્વત (એકાંતમાં મેળાપ) પહેલાં તલાક઼ આપી દે. જો નિકાહ થયા હોત તો ખલ્વતે સહીહા સાબિત છે, પછી મહેર પણ હુઝૂર આપતા અને ઈદ્દતનો ખર્ચ પણ આપતા. અને એ જે હુઝૂરે ફર્માવ્યું કે اِلحقی باھلکِએ તલાક઼ના માટે નથી બલ્કે પોતાના શાબ્દિક અર્થ પર આધારિત છે. ખુલાસો એ નીકળ્યો કે સર્વ રિવાયતો એના પર એકમત છે કે ઉમૈમા હુઝૂરે અક઼દસ ﷺની એકાંતમાં એ રીતે ભેગી થઈ કે સોહબતથી કોઈ ચીજ આડ ન હતી અને ખલ્વતે સહીહા જોવામાં આવી. તો જો નિકાહ થયો હોત અને اِلحقی باھلکِથી હુઝૂરની મુરાદ તલાક઼ હોત તો મહેર પણ વાજિબ થાત અને ઈદ્દતનો ખર્ચ પણ. એ કેવી રીતે થઈ શક્તુ હતું કે હુઝૂરે અક઼દસ તેને કેવળ જોડી કપડાં આપીને રૂખસદ કરી આપતા. એટલા માટે જે શબ્દો વડે જાહેર થાય છે કે નિકાહ થઈ ગયા હતા તે નિકાહના ઈરાદા પર અવલંબિત છે અને પત્ની બોલાવું ભાવિ પત્નીના એતબારથી છે.

એના અનુસંધાનમાં એક ખૂબ જ બેહૂદા રિવાયત એ છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા અને ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા પણ ઉમૈમાને જોવા ગયાં અને તે બંનેવે તેનો શણગાર પણ કર્યો અને એમનામાંથી કોઈકે એને શીખવાડી આપ્યું હતું કે જ્યારે હુઝૂર તમારી પાસે આવે તો કહેજો اعوذ باللہ منک આ શબ્દો હુઝૂરને ખૂબ જ પસંદ છે. પણ હુઝૂરે અક઼દસ ﷺને જોઈને આ શબ્દો કહેવા કુફ્ર છે અને કુફ્રની તલ્ક઼ીન પણ કુફ્ર છે. અને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા અને ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સાથી એ શક્ય નથી કે તે કોઈને કુફ્રની તલ્ક઼ીન કરે. એના રદિયામાં કિતાબુલ અશ્રબાની રિવાયતથી સ્પષ્ટતા થઈ રહી છે જેમાં એનો ખુલાસો છે કે ઉમૈમાએ હુઝૂરને ઓળખ્યા ન હતા. બનાવ એ થયો હશે કે તે મલિકા હતી. તેણીએ વિચાર્યું હતું કે મારો પતિ પણ મહાન આન બાનવાળો હશે, ભપકાદાર પોશાક પહેરીને આવશે, કોઈ શાહી મહેલમાં જે શાહાના ઠાઠથી શણગારેલ હશે, ત્યાં ખલ્વત થશે. તેણીની ઉમ્મીદોથી વિરૂધ્ધ રણમાંના ખજૂરના બાગના એક ઘરમાં એને રોકાણ આપવામાં આવ્યું અને હુઝૂરે અક઼દસ ﷺ દરરોજના લિબાસમાં એની પાસે તશરીફ લઈ ગયા તો તે ચીડાઈ ગઈ અને તેણીએ એ શબ્દો કહી આપ્યા. વળી હુઝૂરે અક઼દસ ﷺને ઓળખ્યા પણ નહીં. ઓળખતી તો કદાચ એવી ગુસ્તાખી ન કરતી. શક્ય છે કે એના દિમાગમાં એ વાત આવી હોય કે આ કોઈ સામાન્ય માણસ આવી ગયો છે એટલા માટે મોમાં આવ્યું તે કહી આપ્યું. અલ્લાહ બેહતર જાણનાર છે.

**પ્રકરણ : "જેણે તલાક઼ને લાગુ જાણી અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે : તલાક઼ બે વાર છે પછી ભલાઈની સાથે રોકવું છે અથવા અચ્છાઈની સાથે છોડી આપવું છે."** –(૭૯૧)

بَابُ مَنْ اَجَازَ طَلَاقَ الثَّلَاثِ
لِقَوْلِ اللّٰهِ تَعَالٰى اَلطَّلَاقُ مَرَّتَانِ
فَاِمْسَاكٌ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌ بِاِحْسَانٍ.
ص ٧٩١

**સ્પષ્ટતા :** એક મજલિસમાં આપેલી ત્રણ તલાક઼ો લાગુ થાય છે કે નહીં ? અને લાગુ પડે છે તો ત્રણેવ કે એક ? જમહૂરે ઉમ્મતનો મઝહબ એ છે કે **એક મજલિસમાં આપેલી ત્રણ તલાક઼ો ત્રણ જ છે ચાહે એક જ શબ્દ વડે આપે. દા.ત. એવું કહે કે મેં તને ત્રણ તલાક઼ આપી, ચાહે ત્રણ વાક્યોમાં કહે એટલે કે મેં તને તલાક઼ આપી, મેં તને તલાક઼ આપી, મેં તને તલાક઼ે આપી.** હા ! જો સ્ત્રી ગૈર મદખૂલા છે (પતિ સાથે એકાંતમાં નથી મળી) તો બીજી સ્થિતિમાં કેવળ એક જ પડશે, બે બેકાર થઈ જશે, એટલા માટે કે તે પહેલા જ વાક્યથી બાઈન થઈ જશે, **પતિના નિકાહથી નીકળી જશે. બાકીની તલાક઼ોનો અવકાશ જ રહેશે નહીં :** પરંતુ જો સ્ત્રી મદખૂલા છે તો ત્રણેવ પડી જશે. **એના પર હઝરત ફ઼ારૂક઼ે આ'ઝમ** رضی اللہ عنہ**ના મુબારક સમયમાં સહાબાએ કિરામનો ઈજમાઅ નિશ્ચિત થઈ ચૂક્યો છે અને એ જ ચારેવ ઈમામો: હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા, હઝરત ઈમામ માલિક, હઝરત ઈમામ શાફ઼ઈ, હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ**નો મઝહબ છે.** અસ્હાબે ઝવાહિર એવું કહે છે કે એક મજલિસમાં આપેલી ત્રણ તલાક઼ો એક જ છે. આજકાલ ગૈર મુક઼લ્લિદોએ અસ્હાબે ઝવાહિરના એ જ મઝહબને અપનાવી લીધો છે. એક ક઼ૌલ એ છે કે કોઈ તલાક઼ લાગુ નથી થતી. એનો માનનાર આ જમાનામાં કોઈ નથી. **હઝરત ઈમામ બુખારી** رحمۃ اللہ علیہ**નો મસ્લક઼ પણ એ જ છે કે એક મજલિસમાં આપેલી ત્રણ તલાક઼ો ત્રણ જ છે.** તે ફ઼ર્માવે છે કે આ આયતે કરીમા اَلطَّلَاقُ مَرَّتٰنِ થી સાબિત છે. દલીલનું કારણ એ છે કે اَلطَّلَاقُ مَرَّتٰنِ નો અર્થ એ છે કે એક તલાક઼ પછી બીજીવાર આપવું છે. જ્યારે એક મજલિસમાં આપેલી બે તલાક઼ો બે છે તો ત્રણ પણ ત્રણ જ થશે. અલ્લામા અયની વગેરેએ ફ઼ર્માવ્યું, કે એની સાબિતી تَسْرِیْحٌ بِاِحْسَانٍ થી છે. એ પોતાના ઉમૂમ (સામાન્યપણા)ના એતબારથી જેવી રીતે બે તલાક઼ો બાદ સ્ત્રીને છોડી દેવાને સામેલ છે કે ઈદ્દત ગુજરી જાય, એ જ પ્રમાણે આને પણ સામેલ છે કે ત્રણ તલાક઼ો આપીને એનાથી પૂર્ણપણે છૂટકારો હાંસલ કરે. અહીં એહસાન એ અર્થમાં છે કે જે ફ઼ર્માવવામાં આવ્યું : اِنَّ اللّٰہَ یُحِبُّ الْاِحْسَانَ فِیْ کُلِّ شَیْءٍ فَاِذَا ذَبَحْتُمْ فَاَحْسِنُوا الذَّبِیْحَۃَ અલ્લાહ દરેક ચીજમાં એહસાનને પસંદ ફ઼ર્માવે છે, જ્યારે ઝબહ કરો તો સારી રીતે ઝબહ કરો. તદ્ ઉપરાંત બાદમાં ફ઼ર્માવવામાં આવ્યું فان طلقها فلا تحل له من بعد حتى تنكح زوجًا غيره "પછી જો તેને તલાક઼ આપી દીધી તો તેના માટે હલાલ નથી ત્યાં સુધી કે તેના સિવાય કોઈ અન્ય પતિ સાથે નિકાહ કરે." આ આયતમાં فَ થી છે. فَ તઅક઼ીબના માટે આવે છે, ચાહે તરાખીની સાથે હોય કે વિના તરાખીએ હોય. તો આયત પોતાના ઈત્લાક઼ના એતબારથી એ સ્થિતિને પણ સામેલ થઈ કે એ જ મજલિસમાં ત્રીજી તલાક઼ આપે. એટલા માટે આયતની વર્ણન શૈલીથી સાબિત કે એક મજલિસમાં આપેલી ત્રણ તલાક઼ો ત્રણ જ છે.

**[તઅલીક઼ : ૬૪૬]** ت ٦٤٦ وَقَالَ ابْنُ الزُّبَيْرِ فِي مَرِيْضٍ طَلَّقَ لَا اَرٰى اَنْ تَرِثَ مَبْتُوْتَةٌ

*ઈબ્ને ઝુબૈરે કહ્યું, એ બીમારના બારામાં જેણે પોતાની પત્નીને તલાક઼ આપી. હું નથી જાણતો કે મબ્તૂતા વારિષ થઈ ગઈ.*

## તઅલીક઼ : ૬૪૬ની સમજૂતી

એના પર એકમતિ છે કે કોઈએ પોતાની પત્નીને મૃત્યુવેળાની બીમારી (મૃત્યશૈયા)માં રજઈ તલાક઼ આપી અને ઈદ્દતમાં જ પતિ મૃત્યુ પામ્યો તે સ્ત્રી વારિષ બનશે. પરંતુ જો તલાક઼ે બાઈન હતી તો એમાં મતભેદ છે. આપણો મઝહબ એ છે કે વારસ થશે ભલે એ તલાક઼ બાઈન ત્રણ હોય, પરંતુ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરનો મઝહબ એ છે કે વારસ થશે નહીં. ચાહે એ તલાક઼ે બાઈન એક હોય, બે હોય કે ત્રણ હોય.

ت ٦٤٧ [તઅલીક઼ : ૬૪૭] وَقَالَ الشَّعْبِيُّ تَرِثُهُ فَقَالَ ابْنُ شُبْرُمَةَ تَزَوَّجُ إِذَا انْقَضَتِ

*''ઈમામ શઅબીએ કહ્યું કે એ વારસ થશે, તો ઈબ્ને શુબરમાએ કહ્યું એની ઈદ્દત પસાર થઈ જાય તો તેણી શાદી કરશે*

لِعِدَّةٌ قَالَ نَعَمْ قَالَ أَرَأَيْتَ إِنْ مَاتَ الزَّوْجُ الْآخَرُ فَرَجَعَ عَنْ ذَالِكَ

*કે નહીં ? તો કહ્યું, કરશે. કહ્યું, બતાવો જો બાદવાળો પતિ મરી ગયો તો ? તો તેમણે એનાથી રુજૂઅ કરી લીધું. ''*

## તઅલીક઼ : ૬૪૭ની સમજૂતી

ઈમામ શઅબીનો પહેલાં મઝહબ એ હતો કે સ્ત્રી એ હાલતમાં પણ વારસ થશે કે ઈદ્દત ગુજર્યા પછી પતિ મૃત્યુ પામે. એના પર ઈબ્ને શુબરમાએ એ વાંધો ઉઠાવ્યો કે એ સ્ત્રી ઈદ્દત પસાર કર્યા બાદ કોઈ બીજા સાથે જો શાદી કરી લે અને એ બીજો પતિ પણ મૃત્યુ પામે તો લાઝિમ થશે કે પત્ની હોવાની હૈસિયતથી બંનેવ પતિઓનો વારસો પામે, અને એ કોઈ રીતે દુરુસ્ત નથી, તો તેમણે રુજૂઅ કરી લીધું. એટલે કે આ ક઼ૌલ શું છે કે ઈદ્દતની અંદર મરશે તો પામશે અને એમાં કોઈ વાંધો નથી. અને આ જ આપણો મઝહબ છે, એ શર્ત કે પતિએ સ્ત્રીની રઝામંદીથી તલાક઼ આપી હોય. અને તલાક઼ના સમયે સ્ત્રી વારસ થવાની પાત્રતા ધરાવતી હોય. દા.ત. આઝાદ મુસલમાન હોય, કનીઝ અથવા કિતાબિયા ન હોય, અને પતિએ જે બીમારીમાં તલાક઼ આપી છે એ બીમારીના બાકી રહેતાં મૃત્યુ પામ્યો હોય ચાહે એ બીમારીના સબબથી મર્યો હોય ચાહે કોઈ અન્ય સબબથી. દા.ત. ક઼ત્લ દેવામાં આવ્યો.

ત્યારબાદ હઝરત ઈમામ બુખારીએ ઉવૈમર અજલાનીની તે હદીષ નક઼લ કરી છે જેમાં લિઆનના મશરૂઅ (શરીઅત મુજબ) હોવાનું વર્ણન છે. એના છેવટમાં છે :–

فَطَلَّقَهَا ثَلَا ثًا قَبْلَ اَنْ يَّاْمُرَهٗ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰه تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ તો ઉવૈમરે પોતાની પત્નીને ત્રણ તલાક઼ આપી એના પહેલાં કે રસૂલુલ્લાહ ﷺ તેમને હુકમ આપે. હઝરત ઈમામ બુખારીનો ઈશારો (નિર્દેશ) એ છે કે ઉવૈમરે હુઝૂરે અક઼દસ ﷺની સામે એકી સાથે ત્રણ તલાક઼ો આપી પણ હુઝૂરે ઈન્કાર નથી કર્યો. એનાથી જાણવા મળ્યું કે એક મજલિસમાં ત્રણ તલાક઼ો આપવી બિદઅત નથી.

اقول وهوا لمستعان (હું કહું છું) : અહીં એક પોઈન્ટ નોંધપાત્ર છે કે લુઆન પછી સ્ત્રી પુરૂષ માટે હમેશાંના માટે હરામ થઈ ગઈ ભલે ક઼ાઝી જુદાઈ કરવાનો હુકમ ન કરે. તો જાહેરી રીતે એવું માલૂમ પડે છે કે તે તલાક઼ને પાત્ર ન રહી, હવે એને તલાક઼ આપવી ન આપવી સરખુ જ છે. પરંતુ બારીક નજરે જોવામાં આવે તો તે હજી પણ તલાક઼ને પાત્ર છે, એટલા માટે કે કાઝીના જુદાઈ કરતા પહેલાં તે નિકાહથી બહાર નથી થતી, અને જ્યારે નિકાહમાં છે તો તલાક઼ને પાત્ર પણ છે. અહીં હઝરત ઉવૈમરે હુઝૂરે અક઼દસ ﷺના જુદા કરતાં પહેલાં આપી હતી એટલા માટે એમનું તલાક઼ આપવું સહીહ અને એના યોગ્ય સ્થાને થયું છે. વધુમાં વધું એવું કહી શકાય છે કે એક મજલિસમાં ત્રણ તલાક઼ આપવી બિદઅત એ સમયે છે જ્યારે કે રજઈ તલાક઼ પછી પતિને રજઅતનો (પરત લેવાનો) હક઼ રહે, પરંતુ જો સ્થિતિ એવી હોય કે પતિને રજઅતનો હક્ક઼ ન રહે તો એક સાથે ત્રણ તલાક઼ આપવામાં કોઈ વાંધો નથી નથી. فيه ما فيه

## ★ સ્ત્રીઓને ઈખ્તિયાર આપવાનુ બયાન ★

**પ્રકરણ :** "જેણે પોતાની સ્ત્રીઓને ઈખ્તિયાર આપી દીધો. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : હે નબી : તમારી બીવીઓને ફર્માવી દો જો તમે દુનિયાની જિંદગી અને સુખ સગવડ ચાહો છો તો આવો હું તમને માલ આપું અને તમને સારી રીતે છોડી આપું." –(૭૮૧)

بَابُ مَنْ خَيَّرَ نِسَاءَهُ وَقَوْلُ اللهِ تَعَالَى قُلْ لِأَزْوَاجِكَ إِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيَاةَ الدُّنْيَا وَزِينَتَهَا فَتَعَالَيْنَ أُمَتِّعْكُنَّ وَأُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيلًا۔

(احزاب آیت ۲۸) ص ۷۸۱

حدیث ۲۴۱۵

عَنْ مَسْرُوقٍ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا قَالَتْ خَيَّرَنَا

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે અમને **[હદીષ : ૨૪૧૫]**

رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَاخْتَرْنَا اللهَ وَرَسُولَهُ فَلَمْ يُعَدَّ

રસૂલુલ્લાહ ﷺ એ ઈખ્તિયાર આપ્યો તો અમે અલ્લાહ વ રસૂલને ઈખ્તિયાર કર્યા તો એ અમારા પર

ذَالِكَ عَلَيْنَا شَيْئًا۔

કાંઈ એટલે તલાક઼ નથી ગણવામાં આવ્યું."

حدیث ۲۴۱۶

عَنْ مَسْرُوقٍ قَالَ سَأَلْتُ عَائِشَةَ عَنِ الْخِيَرَةِ قَالَتْ خَيَّرَنَا

"મસ્રૂક઼ે કહ્યું, મેં ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا થી ખિયારના બારામાં પૂછ્યું, **[હદીષ : ૨૪૧૬]**

النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ أَفَكَانَ طَلَاقًا قَالَ مَسْرُوقٌ لَا أُبَالِي خَيَّرْتُهَا

તો તેમણે ફર્માવ્યું કે રસૂલલ્લાહ ﷺ એ અમને ઈખ્તિયાર આપ્યો તો શું તલાક઼ થઈ ? મસ્રૂક઼ે કહ્યું, અને કોઈ

وَاحِدًا أَوْ مِائَةً بَعْدَ أَنْ تَخْتَارَنِي

પરવા નથી કે હું મારી પત્નીને એક ઈખ્તિયાર આપું કે સો, એના પછી કે તે મને ઈખ્તિયાર કરી લે."

**હદીષ : ૨૪૧૬ની સમજૂતી** જ્યાં સુધી ઉસ્રત (તંગીની હાલત) હતી અઝવાજે મુતહ્હરાત رضوان اللہ تعالی علیہم اجمعین સબ્ર તથા શુક્રની સાથે રહ્યાં. જ્યારે બાદમાં માલમાં વધારો હાંસલ થયો તો તેમણે હુઝૂરે અક઼દસ ﷺ થી ભરણ પોષણનો સવાલ કર્યો, જેના પર ઉપરોક્ત આયત નાઝિલ થઈ. એના પ્રમાણે હુઝૂરે અક઼દસ ﷺ એ અઝ્વાજે મુતહ્હરાતને અધિકાર આપી દીધો. પણ સૌએ હુઝૂરે અક઼દસ ﷺ ને ઈખ્તિયાર કર્યા. એનું સવિસ્તાર વર્ણન અગાઉ આવી ગયું છે. જો પતિએ પત્નીને એવું કહ્યું, તને તારા નફ્સનો ઈખ્તિયાર છે, અને પત્નીએ પતિને અપનાવી લીધો તો તલાક઼ નહીં પડે, અને જો પોતાના નફ્સને ઈખ્તિયાર કરી લીધો તો એનાથી એક તલાક઼ બાઈન પડી જશે.

## ★ તલાક઼ે કિનાયાનું બયાન ★

بَابٌ إِذَا قَالَ فَارَقْتُكِ أَوْ سَرَّحْتُكِ أَوِ الْخَلِيَّةُ أَوِ الْبَرِيَّةُ أَوْ مَا عُنِيَ بِهِ الطَّلَاقُ فَهُوَ عَلَىٰ نِيَّتِهِ وَقَوْلِ اللهِ عَزَّ وَجَلَّ وَسَرِّحُوهُنَّ سَرَاحًا جَمِيلًا وَقَالَ وَأُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيلًا وَقَالَ فَإِمْسَاكٌ بِمَعْرُوفٍ أَوْ تَسْرِيحٌ بِإِحْسَانٍ وَقَالَ أَوْ فَارِقُوهُنَّ بِمَعْرُوفٍ

ص ۷۹۲

**પ્રકરણ : "કોઈએ જ્યારે પોતાની પત્નીને કહ્યું, મેં તને જુદી કરી આપી અથવા મેં તને અલગ કરી આપી અથવા તું ખલિય્યહ (ખુલ્લા માર્ગવાળી) છે અથવા તું બરિય્યહ (મુક્ત) છે. અથવા કોઈ એવો શબ્દ બોલ્યો જેનાથી તલાક઼ મુરાદ લેવામાં આવતી હોય, તો તે એની નિય્યત પર છે. અને અલ્લાહ ﷻના ઈર્શાદનું બયાન : અને તેમને સારી રીતે અલગ કરી દો. અને હું તમને સારી રીતે અલગ કરી દઉં. પછી ભલાઈની સાથે રોકવું છે, અચ્છાઈની સાથે છોડવું છે. અથવા એમને ભલાઈની સાથે અલગ કરી દો"** *–(૭૯૨)*

**સ્પષ્ટતા :** આ પ્રકરણથી ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે જેવી રીતે તલાક઼ શબ્દથી તલાક઼ પડી જાય છે જે તલાક઼ના અર્થમાં સ્પષ્ટ છે, એવી જ રીતે નિર્દેશરૂપે (ઈશારો કરતા) શબ્દો વડે પણ તલાક઼ પડી જાય છે જ્યારે કે પતિએ એને તલાક઼ની નિય્યતે કહ્યા હોય. અને તલાક઼ના ઈશારામય શબ્દોની કોઈ હદ નથી, દરેક તે શબ્દ જે સામાન્ય બોલીમાં ઈશારા રૂપે તલાક઼ના માટે વાપરવામાં આવતો હોય તે તલાક઼ે કિનાઈ (ઈશારાની રીતે તલાક઼)નો શબ્દ છે. હઝરત ઈમામ બુખારીએ એમાંથી અમુક શબ્દોને દર્શાવ્યા છે. તલાક઼, ખાસ કરીને કિનાઈ તલાક઼ ફિક઼્હના મહત્વના પ્રકરણોમાંથી છે અને એમાં સાબિતી તથા નકાર બંને પાસાંઓ મૌજૂદ છે.

## ★ જાહિલના ફત્વા પર અમલ કરનાર ગુમરાહ ★

પતિએ કોઈ શબ્દ વાપર્યો જેમાં ખરેખર તલાક઼ પડી ગઈ અને કોઈ કાચા મુફતીએ ફત્વો આપી દીધો કે તલાક઼ નથી પડી અને તે બંનેવ પતિ પત્ની તરીકે રહ્યાં તો હરામકારીમાં સપડાયેલા રહ્યાં. એનાથી ઉલ્ટુ જે શબ્દો વડે તલાક઼ નથી પડી અને કોઈ મુફતીએ ફત્વો આપી દીધો કે તલાક઼ પડી ગઈ તો સ્ત્રી તથા બીજો થનાર પતિ હરામમાં સપડાયેલાં રહ્યાં. અને મુફતીના ફત્વાની આડ એ મોક઼ા પર કામ આપશે નહીં. જે હક઼ીક઼તમાં મુફતી નથી તેને મુફતી બનાવવાના બારામાં હદીષમાં ફર્માવ્યું :–

واتخذا لناسُ رؤسا جُهَّالًا فَسئِلُوا فَافْتَوا بغَيرِ عِلمٍ فَضَلُّوا وَاَضَلُّوا લોકો જાહિલોને પેશવા બનાવી લેશે, તેમને સવાલ કરવામાં આવશે તો વિના ઈલ્મે ફત્વો આપશે. પોતે પણ ગુમરાહ થશે અને બીજાઓને પણ ગુમરાહ કરશે. (મિશ્કાત : ૩૩) પબ્લિક એવું ન વિચારે કે અમે બચેલા રહીશું, اَضَلُّواથી સાફ જાહેર છે કે જાહિલના ફત્વા પર અમલ કરનારો ગુમરાહ છે. વળી બીજી હદીષમાં ખૂબ જ ઉઘાડી રીતે ફર્માવ્યું, مَنْ اُفْتِيَ بغيرِ عِلمٍ كَان اثمه علىٰ من افتاه કોઈ બેઈલ્મને ફત્વો પૂછવામાં આવ્યો તો ગુનોહ એના પર છે જેણે ફત્વો પૂછયો. *(મિશ્કાત : ૩૫)*

**પ્રકરણ : "જેણે પોતાની પત્નીને કહ્યું કે તું મારા પર હરામ છે."** –*(૭૯૨)*

بَابُ مَنْ قَالَ لِامْرَأَتِهِ أَنْتِ عَلَيَّ حَرَامٌ - ص ٧٩٢

قَالَ الْحَسَنُ نِيَّتُهُ

ت ٦٤٨

*"એટલે કે જો તેની નિય્યત તલાક્ની છે તો તલાક્ છે નહીં તો યમીન."* **[તઅલીક્ : ૬૪૮]**

અને આ જ ક઼ૌલ ઈમામ નખઈ, ઈમામ શાફઈ તથા ઈમામ ઈસ્હાક઼નો છે અને એના જ જેમ ઈબ્ને મસ્ઊદ, હઝરત ઈબ્ને ઉમર رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن અને તાઉસથી પણ મરવી છે. ઈમામ માલિકનો મશહૂર મઝહબ એ છે કે એનાથી ત્રણ તલાક઼ પડી જશે. સ્ત્રી મદખૂલ બિહા હોય કે ગૈર મદખૂલ બિહા, પરંતુ જો એનાથી ત્રણથી કમની નિય્યત કરી અને સ્ત્રી ગૈરમદખૂલ બિહા છે, તો જેટલી નિય્યત કરી એટલી પડી જશે. અને અહનાફ (હનફીઓ)ને ત્યાં મતનો (પાયાની કિતાબો)માં એ વર્ણન થયેલ છે કે આ તલાકે કિનાઈ (નિર્દેશરૂપી)નો શબ્દ છે, જો તલાક઼ની નિય્યતે કહ્યું તો એક તલાકે બાઈન પડી જશે, જો ત્રણની નિય્યત છે તો ત્રણ. અને જો બેની નિય્યત છે તો એક જ પડશે. જેમ કે હિદાયહમાં (૨/૩૫૪)માં છે. પરંતુ દુર્રે મુખ્તાર અને રદ્દુલ મુહતાર વગેરેમાં છે કે એ મુલ્હક઼ બિસ્સરીહ છે, વિના નિય્યતે પણ એનાથી એક તલાકે બાઈન પડી જશે. (બાબુસ્સરીહ, પેજ–૨૫૨, વ કિનાયાત, પેજ–૨૯૮, દારુલ ફિક્ર બૈરૂત) કારણ એ દર્શાવ્યું કે હવે ઉર્ફમાં આ શબ્દ તલાકે સરીહના અર્થમાં વપરાય છે. મુજદિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફતાવા રઝવિય્યહ (૫/૫૦૮, પ્રકાશન : સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)માં પણ એ જ ફત્વો આપ્યો. તેમજ હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ (બહારે શરીઅત, ૮/૧૩)માં પણ એને જ અપનાવ્યું.

ઈમામ હસનની તઅલીક઼ને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે પોતાના મુસન્નફમાં અને બયહક઼ીએ મુત્તસિલ સનદની સાથે નક઼લ કર્યું. અલ્લામા અયનીએ લખ્યું કે આ ક઼ૌલમાં ૧૪ મઝહબો છે, જેવું કે તવઝીહમાં છે. કુર્તબીએ અઢાર મઝહબ વર્ણવ્યા. કેટલાક લોકોએ એનાથી વધુ બતાવ્યા. ઈબ્ને બત્તલે એમાંથી આઠ મઝહબો વર્ણવ્યા.

وَقَالَ أَهْلُ الْعِلْمِ إِذَا طَلَّقَ ثَلَاثًا فَقَدْ حَرُمَتْ عَلَيْهِ فَسَمَّوْهُ حَرَامًا بِالطَّلَاقِ وَالْفِرَاقِ وَلَيْسَ هٰذَا كَالَّذِي يُحَرِّمُ الطَّعَامَ لِأَنَّهُ لَا يُقَالُ لِطَعَامِ الْحِلِّ حَرَامٌ وَيُقَالُ لِلْمُطَلَّقَةِ حَرَامٌ وَقَالَ فِي الطَّلَاقِ ثَلَاثٌ لَا تَحِلُّ لَهُ حَتّٰى تَنْكِحَ زَوْجًا غَيْرَهُ.

અને અહલે ઈલ્મએ કહ્યું જ્યારે ત્રણ તલાક઼ આપે તો તેના પર તેની પત્ની હરામ થઈ ગઈ. તો તેમણે એને તલાક઼ તથા ફિરાક઼ (જુદાઈ)ના કારણે હરામ કહ્યું, અને આ એવું નથી જેવું કે કોઈ ખાવાનુ હરામ કરે એટલા માટે કે અહીં હલાલ ખાણાને હરામ નથી કહેવામાં આવતું અને તલાક઼વાળીને હરામ કહેવામાં આવે છે. અલ્લાહ તઆલાએ ત્રણ તલાક઼ના બારામાં ફર્માવ્યું કે, "હવે એના માટે હલાલ નથી ત્યાં સુધી કે કોઈ અન્ય પતિ સાથે નિકાહ કરી લે".

**સ્પષ્ટતા** : ઈમામ બખારીએ પ્રકરણનું હેડિંગ એ બાંધ્યું હતું : "જેણે પોતાની પત્નીને કહ્યું તું મારા પર હરામ છે" અને એનો જવાબ ન વર્ણવ્યો. હવે પોતાના આ ક઼ૌલ વડે જવાબની તરફ નિર્દેશ કર્યો. જેનો સાર એ છે કે તે સ્ત્રી પતિ પર હરામ થઈ ગઈ. આ ક઼ૌલનો સાર એ છે કે તલાક઼ના કારણે સ્ત્રી તલાક઼ આપવાવાળા પર હરામ થવી એક અલગ વાત છે અને જો કોઈકે એવું કહ્યું કે આ ખાણુ મારા પર હરામ છે તો એ એક અલગ વાત

છે. એટલા માટે કે તલાક઼ના કારણે જે સ્ત્રી નિકાહથી બહાર થઈ જાય એને તો ઉલમા કહે છે કે હરામ છે પરંતુ ઉપરોક્ત કૌલના કારણે ખાવાને હરામ નથી કહેવામાં આવતું અને તલાક઼વાળીને હરામ કહે છે. જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે જે સ્ત્રીને ત્રણ તલાક઼ આપી દેવામાં આવી તે તલાક઼ આપનાર માટે હલાલ નથી ત્યાં સુધી કે કોઈ અન્ય શખ્સ સાથે નિકાહ કરી લે. "હલાલ નથી" નો બીજો અર્થ છે "હરામ" છે.

اقول وهو المستعان : પરંતુ એ વાત સમજમાં નથી આવતી કે એનાથી ફાયદો શું હાંસલ થયો ? બલ્કે બારીક દષ્ટિએ જોતાં કોઈ ફરક નથી. જે ખાણાને ન ખાવાની ક઼સમ ખાધી છે એ ખાણાને પણ એ કહેવું સહીહ છે કે ક઼સમ ખાવાવાળાને માટે એવું ખાવું હરામ છે, ભલે ટેમ્પરરી હરામ હોવું અને ક઼સમ ખાવાના કારણે છે. પણ હરામનો ઈત્લાક઼ (લાગુ થવું) તો સહીહ છે. પણ મારા ખયાલમાં ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે જ્યારે સ્ત્રીને કહ્યું તું મારા પર હરામ છે તો એનાથી તલાક઼ે બાઈન પડી જશે, એમાં ક઼સમની સંભાવના નથી કે જો એની નિય્યત ક઼સમની છે તો ક઼સમ છે. એથી ઉલ્ટુ કે જ્યારે કોઈ ખાણાના માટે કહે કે મારા પર હરામ છે તો યમીન છે, જો ખાય તો ક઼સમ તોડવાનો કફ્ફારો એના પર વબાલ થશે, પણ ખાવા ખાવાને એવું નહીં કહેવાશે કે એણે હરામ માલ ખાધો, સ્ત્રીથી ઉલ્ટુ કે જો તેણીને હાથ લગાડે તો એનું એ કૃત્ય હરામ ગણાશે. એની પણ સંભાવના છે કે હઝરત ઈમામ બુખારી એ દર્શાવવા ચાહે છે કે એનાથી ત્રણ તલાક઼ પડી જશે, ભલે એની નિય્યત એક તલાક઼ની હોય. જો કે એમની મુરાદ ગુપ્ત છે, વાત સાફ નથી થતી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ એક મજલિસમાં આપેલી ત્રણ તલાક઼ ત્રણ જ છે ★

ت ٦٤٩ وَقَالَ اللَّيْثُ عَنْ نَافِعٍ كَانَ بْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا إِذَا

*"નાફેઅથી મરવી છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી જ્યારે ત્રણ તલાક઼ આપનારના* **[તઅલીક઼ : ૬૪૯]**

سُئِلَ عَمَّنْ طَلَّقَ ثَلَاثًا قَالَ لَوْ طَلَّقْتَ مَرَّةً أَوْ مَرَّتَيْنِ فَإِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ

*બારામાં સવાલ કરવામાં આવતો તો ફર્માવતા કે કાશ ! કે એક કે બે તલાક઼ આપતો, એટલા માટે કે નબી صلی اللہ علیہ وسلم એ*

عَلَيْهِ وَسَلَّمَ أَمَرَنِي بِهٰذَا فَإِنْ طَلَّقَهَا ثَلَاثًا حَرُمَتْ حَتّٰى تَنْكِحَ

*મને એનો હુકમ આપ્યો, "પછી જો પોતાની પત્નીને ત્રણ તલાક઼ આપી દે તો તે એના પર હરામ થઈ ગઈ, ત્યાં*

زَوْجًا غَيْرَهُ۔

*સુધી કે તેના સિવાય કોઈ અન્ય પતિ સાથે નિકાહ કરે."*

### તઅલીક઼ : ૬૪૯ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ મુસ્લિમે પોતાની સહીહ મુસ્લિમ (૧/૪૭૬)માં રિવાયત કરી છે. કિ઼સ્સો બન્યો કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ પોતાની પત્નીને હૈઝની હાલતમાં તલાક઼ આપી દીધી. હઝરત ઉમર رضی اللہ عنہ એ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં શિકાયત અર્ઝ કરી. ફર્માવ્યું, તેને હુકમ આપો કે રજઅત (પરત) કરી લે અને તેણીની નજીક ન જાય ત્યાં સુધી કે આ હૈઝ ખત્મ થઈ જાય, અને પાકીના દિવસો પણ ગુજરી જાય પછી બીજી હૈઝ આવે અને તે જતી રહે, પછી તે જો ચાહે તો તેણીને તલાક઼ આપી દે એ શર્તે કે એ તહર (પાકીના ગાળા)માં સંભોગ ન કર્યો હોય.

اَمَرَنِی بِهٰذَا : એનાથી જાહેરી રીતે એ સમજમાં આવે છે કે હુઝૂરે અક્દસ ﷺએ એમને એક અથવા બે તલાક઼નો હુકમ આપ્યો હતો. જ્યારે કે એવું નથી, બલ્કે રજઅતનો (પરત કરવાનો) હુકમ આપ્યો હતો અને بِهٰذَا (બિહાઝા)થી રજઅત જ મુરાદ છે. એટલે કે મને એક તલાક઼ બાદ રજઅતનો હુકમ આપ્યો હતો, અને એના હુકમમાં બે તલાક઼ પણ છે. અને જો ત્રણ તલાક઼ આપી દીધી તો રજઅતનો હુકમ ન રહ્યો, બલ્કે હવે હલાલા વિના તેણી સાથે નિકાહ પણ જાઈઝ નથી.

## ★ હલાલને હરામ કરવું ★

**પ્રકરણ : "અલ્લાહે આપના માટે જે હલાલ કર્યું છે એને શા માટે હરામ કરો છો !"** –(૭૯૨)

بَابُ لِمَا تُحَرِّمُ مَا اَحَلَّ اللّٰهُ لَكَ ـ ص ٧٩٢

حدیث ٢٤١٧ عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ

**[હદીષ : ૨૪૧૮]** "ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ

تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُحِبُّ الْعَسَلَ

*મધ અથવા મીઠાને પસંદ કરતા હતા. અને જ્યારે અસ્રથી ફારિગ થઈ જતા તો પોતાની પત્નીઓ પાસે તશરીફ*

اَوِ الْحَلْوَاءَ وَكَانَ اِذَا انْصَرَفَ مِنَ الْعَصْرِ دَخَلَ عَلٰى نِسَائِهٖ فَيَدْنُوْا

*લઈ જતા અને તેમની નિકટ થતા. એક દિવસ હફ્સા બિન્તે ઉમરની પાસે તશરીફ લઈ ગયા, જેટલીવાર રોકાવાની*

مِنْ اِحْدٰهُنَّ فَدَخَلَ عَلٰى حَفْصَةَ بِنْتِ عُمَرَ فَاحْتَبَسَ اَكْثَرَ مَا كَانَ

*આદત હતી ત્યાં એનાથી થોડીકવાર વધુ રોકાયા. એના પર મને ગૈરત આવી તો મેં એના બારામાં પૂછયું તો મને*

يَحْتَبِسُ فَغِرْتُ فَسَاَلْتُ عَنْ ذٰلِكَ فَقِيْلَ لِيْ اَهْدَتْ لَهَا امْرَاَةٌ

*બતાવવામાં આવ્યું કે એમની કૌમની કોઈ સ્ત્રીએ એમની પાસે એક શીશી મધ મોકલ્યું છે. તેમણે એમાંથી*

مِنْ قَوْمِهَا عُكَّةً مِّنْ عَسَلٍ فَسَقَتِ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنْهُ

*નબી ﷺને પીવડાવ્યું છે. મેં મારા જીવમાં કહ્યું, એને રોકવાના માટે હું જરૂર કોઈ હીલો કરીશ. આમ*

شَرْبَةً فَقُلْتُ اَمَا وَاللّٰهِ لَنَحْتَالَنَّ لَهٗ فَقُلْتُ لِسَوْدَةَ بِنْتِ زَمْعَةَ اِنَّهٗ سَيَدْنُوْا

*વિચારીને મેં સૌદા બિન્તે ઝમ્આને કહ્યું કે હુઝૂર તારી નજીક આવશે. જ્યારે હુઝૂર તારી નજીક થાય તો કહેજે,*

مِنْكِ فَاِذَا دَنٰى مِنْكِ فَقُوْلِيْ اَكَلْتَ مَغَافِيْرَ فَاِنَّهٗ سَيَقُوْلُ لَكِ لَا فَقُوْلِيْ

*હુઝૂરે મગાફિર ખાધું છે ! તો તને કહેશે, નહીં ! તમે કહેજો, તમારા મુખ મુબારકથી આ કેવી બૂ મેહસૂસ કરી રહી*

مَاهٰذِهٖ رِيْحُ الَّتِيْ اَجِدُ فَاِنَّهٗ سَيَقُوْلُ لَكِ سَقَتْنِيْ حَفْصَةُ شَرْبَةَ

છું ?! એના પર ફર્માવશે, મને હફસાએ મધ પીવડાવ્યું છે. તો તમે કહેજો, એની માખીએ ઉર્ફતનો રસ ચૂંસ્યો છે

عَسَلٍ فَقُوْلِيْ لَهٗ جَرَسَتْ نَحْلُهُ الْعُرْفُطَ فَيَقُوْلُ لَهٗ ذَالِكِ وَقُوْلِيْ اَنْتِ

અને હું પણ એવું કહીશ. તમે પણ હે સફિય્યહ એવું કહેજો. સૌદા કહે છે, વલ્લાહ ! રસૂલુલ્લાહ તશરીફ લાવીને

يَاصَفِيَّةُ ذَالِكِ قَالَتْ تَقُوْلُ سَوْدَةُ فَوَاللّٰهِ مَاهُوَ اِلَّا اَنْ قَامَ عَلَى الْبَابِ

દરવાજા પર ઉભા જ રહ્યા હતા કે તારા ડરથી એ વાત કહેવાનો ઈરાદો કરી લીધો જે તેં મને કહ્યું હતું. સૌદાએ

فَارَدْتُ اَنْ اُنَادِيَهٗ بِمَا اَمَرْتِنِيْ فَرَقًا مِّنْكِ فَلَمَّا دَنٰى مِنْهَا قَالَتْ

કહ્યું, યા રસૂલુલ્લાહ ! આપે મગફિર ખાધુ છે ? ફર્માવ્યું, નહીં ! અર્ઝ કરી, આ કેવી બૂ છે કે જે હુઝૂરના મુખ

لَهٗ سَوْدَةُ يَارَسُوْلَ اللّٰهِ اَكَلْتَ مَغَافِيْرَ قَالَ لَا قَالَتْ فَمَاهٰذِهٖ الرِّيْحُ

મુબારકથી આવી રહી છે. ફર્માવ્યું, હફસાએ મને મધ પીવડાવ્યું છે. તો સૌદાએ કહ્યું, એની માખીએ ઉર્ફતનો રસ

الَّتِيْ اَجِدُ مِنْكَ قَالَ سَقَتْنِيْ حَفْصَةُ شَرْبَةَ عَسَلٍ فَقَالَتْ جَرَسَتْ

ચૂંસ્યો છે. પછી જ્યારે હુઝૂર મારી પાસે તશરીફ લાવ્યા તો મેં પણ એ જ વાત કહી. પછી જ્યારે સફિય્યહની

نَحْلُهُ الْعُرْفُطَ فَلَمَّا دَارَ اِلَيَّ قُلْتُ لَهٗ نَحْوَ ذَالِكَ فَلَمَّا دَارَ اِلٰى صَفِيَّةَ

પાસે તશરીફ લઈ ગયા તો સફિય્યહએ પણ એ જ વાત કહી. ત્યારબાદ જ્યારે હફસાની પાસે તશરીફ લઈ ગયા

قَالَتْ لَهٗ مِثْلَ ذَالِكَ فَلَمَّا دَارَ اِلٰى حَفْصَةَ قَالَتْ يَارَسُوْلَ اللّٰهِ اَلَا

તો તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું આપને મધમાંથી કાંઈ ન પીવડાવું ? ફર્માવ્યું,

اَسْقِيْكَ مِنْهُ قَالَ لَاحَاجَةَ لِيْ فِيْهِ قَالَتْ تَقُوْلُ سَوْدَةُ وَاللّٰهِ لَقَدْ

એની મને હાજત નથી. એના પર સૌદા કહેતી હતી કે બખુદા !

حَرَمْنَاهُ قُلْتُ لَهَا اُسْكُتِيْ۔

અમે હુઝૂર પર મધને હરામ કરી આપ્યું ! મેં સૌદાને કહ્યું, ચૂપ રહે."

**હદીષ : ૨૪૧૮ની સમજૂતી** મોટાભાગની રિવાયતોમાં એ જ છે કે અસ્ર પછી આ દૌરો કરતા. પરંતુ અમુક રિવાયતોમાં એ આવ્યું છે કે સવારની નમાઝ પછી તશરીફ લઈ જતા. જેમ કે અબ્દ બિન હુમૈદ અને ઈબ્ને મર્દવિયહએ પોત પોતની તફસીરમાં રિવાયત કર્યુ છે. સહીહ એ જ છે કે અસ્ર બાદ તશરીફ લઈ જતા હતા

અને ફજરની પછી વાળી રિવાયત જવલ્લે જ છે. અને એ પણ બની શકે છે સૌ અઝવાજ પાસે તશરીફ લઈ જતા, કેવળ સલામ દુઆ પર બસ કરતા અને અસ્ર બાદ થોડીકવાર બેસતા, વાતો કરતા. અને એ પણ થઈ શકે છે કે ક્યારેક ફજર બાદ તશરીફ લઈ જતા અને ક્યારેક અસર બાદ. આ રિવાયતમાં એ છે કે હફસાને ત્યાં મધ પીધુ હતું અને પહેલાં એક રિવાયતમાં વર્ણન થયું છે કે ઝયનબને ત્યાં પીધુ હતું. ઈબ્ને મર્દવિયહએ ઈબ્ને મુલૈકાના તરીક઼ાથી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે સૌદાને ત્યાં મધ પીધુ હતું. પરંતુ સહીહ એ છે કે હઝરત ઝયનબ બિન્તે જહશને ત્યાં પીધુ હતું.

**મગાફિર** : એક પ્રકારનો ગુંદર હોય છે જે તીવ્ર નાપસંદીદા વાસ હોય છે.

**ઉર્ફુત** : એક કાંટાદાર ઝાડ છે એમાં પણ નાપસંદીદા વાસ હોય છે. મધની માખીઓ જે ફૂલોથી રસ ચૂંસે છે જો ફૂલોની વાસ તેજ હોય છે તો મધમાં મેહસૂસ થાય છે, એ જ પ્રમાણે થોડો થોડો સ્વાદ પણ મેહસૂસ થાય છે. મેં ખુદ અમુક વખતે મધમાં ગુલાબની ખુશ્બુ મેહસૂસ કરી છે.

જાહેરી રીતે જોતાં હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاની આ હરકત સારી નથી, પરંતુ મહ઼બૂબ તથા મોહ઼િબ્બના નાઝ તથા અદાઓ તમારી મારી પસંદથી ઉપર હોય છે. ગૈરત એક ખતરનાક ચીજ છે. ફારસી શાયરે કહ્યું છે : **باسایہ ترانمی پندم۔عشق است وہزار بد گمانی**

ગાલિબે ગૈરતને એ પ્રમાણે વર્ણવી કે કુફ્ર થઈ ગયું ! કહે છે :–

*ગઝબ યહ હૈ હોવે મુદ્દઈકા હમ સફર "ગાલિબ"–વો દુશ્મન જો ખુદાકો ભી ન સોંપા જાએ હૈ મુઝસે*

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ગૈરતના જોશમાં જે કાંઈ કરી ગયાં એની હૈસિયત મહબૂબાના નાઝ તથા અદાથી વિશેષ કાંઈ નથી. આયતે કરીમા **لما تحرم مااحل اللہ لک**થી કેટલાક લોકોએ એ દલીલ કરી છે કે હુઝૂરે અક઼દસ ﷺને કોઈ ચીજને હલાલ કે હરામ કરવાનો અધિકાર નથી, નહીં તો અલ્લાહ તઆલા પૂછતાછ ન કરત કે અલ્લાહે જે ચીજ આપના માટે હલાલ કરી છે તેને હરામ કરો છો.

**اقول وھو المستعان** : એને પૂછતાછ સમજવું જ ગલતફહમી છે. આયતના વર્ણનની શૈલી દર્શાવી રહી છે કે અહીં એતાબ નથી ન પૂછતાછ છે, બલ્કે પ્યારભર્યા લહેજામાં ફર્માવવામાં આવ્યું કે જે ચીજ તમને પસંદ છે તેને તમારી પત્નીઓની ખુશ્નુદીના માટે શા માટે પોતાના પર હરામ કરી ? એનું દષ્ટાંત એવું છે કે જેવી રીતે જ્યારે કોઈ ખાદિમ પોતાની શક્તિ બહારનું કોઈ કામ કરે તો તેને કહેવામાં આવે છે કે આટલુ બધુ કામ શા માટે કર્યુ ? એક બે નહીં અનેક હદીષોથી સાબિત છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ઘણી હરામ ચીજોને હલાલ કરી આપી. હઝરત સુરાક઼ા માટે કિસ્રાના સોનાના કંગન અને હઝરત અબૂ ખુઝૈમા અન્સારી رضی اللہ عنہને રેશમી કપડુ પહેરવાની ઈજાઝત આપી દીધી. તેના વિશે વિગતવાર દલીલો જોવી હોય તો મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃ اللہ علیہની કિતાબ : "મુનબ્બિહુલ્ લબીબ બિ અન્નત્તશરીઅ બિયદિલ્ હ઼બીબ"નો અભ્યાસ કરશો, અથવા આ ખાદિમના મક઼ાલાતમાં આ લેખ વાંચી લો : હુઝૂર ﷺ ક઼ાનૂન બનાવનાર પણ છે.

## ★ નિકાહથી પહેલાં તલાક઼ નથી ★

بَابُ لَا طَلَاقَ قَبْلَ النِّكَاحِ — وَقَوْلِ اللّٰهِ تَعَالٰى يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا نَكَحْتُمُ الْمُؤْمِنٰتِ ثُمَّ طَلَّقْتُمُوْهُنَّ مِنْ قَبْلِ اَنْ تَمَسُّوْهُنَّ فَمَا لَكُمْ عَلَيْهِنَّ مِنْ عِدَّةٍ تَعْتَدُّوْنَهَا فَمَتِّعُوْهُنَّ وَسَرِّحُوْهُنَّ سَرَاحًا جَمِيْلًا۔ احزاب آیت ۴۹ ص ۷۹۳

**પ્રકરણ : "નિકાહથી પહેલાં તલાક઼ નથી. અને અલ્લાહ عزوجل ના આ ઈર્શાદનું બયાન : હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે મો'મિન સ્ત્રીઓથી નિકાહ કરો પછી તેમને તેમના સ્પર્શ પહેલાં તલાક઼ આપો તો એમના પર કોઈ ઈદ્દત નથી જેને તેણીઓ ગણે. એમને કાંઈક સામાન આપો અને તેમને સારી રીતે છોડી આપો."** –(૭૯૩)

**સ્પષ્ટતા** : લખાણની આગળ પાછળની શૈલીથી જાહેર થાય છે કે તે એ જ ફાયદો કરવા ચાહે છે કે નિકાહ પહેલાં તલાક઼ આપવાથી તલાક઼ લાગુ થશે નહીં. આ એક રીતે સહીહ પણ છે. દા.ત. કોઈક અજનબી સ્ત્રીને કહ્યું, જો તું ફલાણાના ઘરે ગઈ તો તને તલાક઼. પછી તેણી સાથે નિકાહ કરી લીધા. નિકાહ પછી તે સ્ત્રી તેના ઘરે ગઈ તો એના પર તલાક઼ લાગુ થશે નહીં. પણ આ સ્થિતિ વિવાદાસ્પદ નથી, સૌની એકમતિ છે કે તલાક઼ લાગુ થશે નહીં. વિવાદાસ્પદ સ્થિતિ એ છે કે જો કોઈકે કોઈ અજનબી સ્ત્રીને કહ્યું, જો હું તારી સાથે નિકાહ કરું તો તને તલાક઼. આપણે ત્યાં નિકાહ કરતાં જ તલાક઼ લાગુ થઈ જશે. કેટલાક ઈમામો ફર્માવે છે કે લાગુ નહીં થાય, કેમ કે નિકાહથી પહેલાં તલાક઼ આપવાથી તલાક઼ લાગુ પડતી નથી. આપણુ કહેવું એ છે કે એ સહીહ છે કે વિના નિકાહે તલાક઼ નથી એટલા માટે કે તલાક઼ નિકાહની ક઼ૈદ ઉઠાવવાનું નામ છે. પરંતુ જ્યારે તલાક઼ નિકાહ પર મોઅલ્લક (આધારિત) છે નિકાહ શર્ત છે અને તલાક઼ બોલો, અને બદલાનું વજૂદ શર્ત (પૂરી થયા) પછી જ થાય છે, જેથી આ તલાક઼ નિકાહ પહેલાં જ થઈ.

ت ۶۵۰ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا جَعَلَ اللّٰهُ الطَّلَاقَ بَعْدَ النِّكَاحِ

*"હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, અલ્લાહે નિકાહને તલાક઼ પછી કર્યો."* **[તઅલીક઼ : ૬૫૦]**

### તઅલીક઼ : ૬૫૦ની સમજૂતી

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો મક઼સદ એ છે કે અલ્લાહ عزوجل એ આ આયતમાં તલાક઼ને નિકાહ પછી કર્યો. ફર્માવ્યું, જ્યારે તમે નિકાહ કરો પછી તલાક઼ આપો. એનાથી જાહેર થાય છે કે નિકાહ પહેલાં તલાક઼ આપવું અર્થહિન છે. પરંતુ આયતે કરીમા અથવા આ તઅલીક઼ને તઅલીક઼ના મસ્અલા સાથે કોઈ લગાવ નથી, જેવું કે અમે બતાવી ચૂકયા.

ت ۶۵۱ وَيُرْوٰى فِىْ ذٰلِكَ عَنْ عَلِيٍّ وَسَعِيْدِ بْنِ الْمُسَيَّبِ وَعُرْوَةَ بْنِ

*"હઝરત અલી અને સઈદ બિન મુસૈયબ અને ઉરવા બિન ઝુબૈર તથા અબૂબક્* **[તઅલીક઼ : ૬૫૧]**

الزُّبَيْرِ وَاَبِىْ بَكْرِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ وَعُبَيْدِ اللّٰهِ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ

*ઈબ્ને અબ્દુર્રહમાન અને ઓબૈદુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉત્બા તથા અબાન ઈબ્ને ઉષ્માન અને અલી*

عُتْبَةَ وَاَبَانَ بْنَ عُثْمَانَ وَعَلِيِّ بْنِ حُسَيْنٍ وَشُرَيْحٍ وَسَعِيْدِ بْنِ

*ઈબ્ને હુસૈન અને શુરૈહ અને સઈદ બિન ઝુબૈર અને ક઼ાસિમ અને સાલિમ અને તાઉસ અને હસન અને*

جُبَيْرٍ وَالْقَاسِمِ وَسَالِمٍ وَطَاؤُسٍ وَالْحَسَنِ وَعِكْرَمَةَ وَعَطَاءٍ وَعَامِرِ

*ઈકરમા અને અતા અને આમિર બિન સઅદ અને જાબિર બિન ઝયદ અને નાફેઅ*

بْنِ سَعْدٍ وَجَابِرِ بْنِ زَيْدٍ وَنَافِعِ بْنِ جُبَيْرٍ وَمُحَمَّدِ بْنِ كَعْبٍ وَ

*બિન ઝુબૈર અને મુહમ્મદ બિન કઅબ અને સુલૈમાન બિન યસાર અને મુજાહિદ અને*

سُلَيْمَانَ بْنِ يَسَارٍ وَمُجَاهِدٍ وَالْقَاسِمِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ وَعَمْرِو بْنِ

*ક઼ાસિમ બિન અબ્દુર્રહમાન અને અમ્ર બિન હરમ અને શઅબીથી એ બારામાં રિવાયત*

هَرِمٍ وَالشَّعْبِيِّ اَنَّهَا لَا تُطَلَّقُ

*કરવામાં આવી છે કે એના પર તલાક઼ લાગુ થશે નહીં."*

**તઅલીક઼ : ૬૫૧ની સમજૂતી** આ સર્વ તઅલીક઼ોનો સાર એ જ છે કે જો કોઈએ નિકાહ પહેલા એવું કહ્યું કે જો હું ફલાણી સ્ત્રી સાથે નિકાહ કરું તો તેને તલાક઼ અને પછી નિકાહ કરી લીધા તો એના પર તલાક઼ લાગુ થશે નહીં. એ જ હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہનો પણ મઝહબ છે. એના બારામાં ત્રણ મરફૂઅ હદીષો પણ આવેલી છે, પરંતુ એ ત્રણેવ હદીષોમાંથી એક પણ દલીલને પાત્ર નથી. એમા અમુક રાવી વદ્દાઅ (મનઘડત હદીષ ઘડનાર) અને અને અમુક કઝ્ઝાબ સુધ્ધાં છે. જેમ કે ઉમ્દતુલ ક઼ારીમાં અલ્લામા અયનીએ ખૂબ ફાઝિલાના ચર્ચા કરી છે. રહી ગઈ તઅલીક઼ાત તો ખુદ હઝરત ઈમામ બુખારીએ એમને يُرْوٰىથી વર્ણવ્યા છે, જે તમરીઝનો સેગો છે. એનાથી જાહેર છે કે ઈમામ બુખારીની નજીક આ સર્વ તઅલીક઼ો ઝઈફ છે. આ સર્વના ઝોઅફને અલ્લામા અયનીએ વિસ્તાર પૂર્વક વર્ણવેલ છે.

## ★ ઘરમાં બંધ કરવું અને બળપૂર્વક તલાક઼નું બયાન ★

بَابُ الطَّلَاقِ فِي الْإِغْلَاقِ وَالْكُرْهِ وَالسَّكْرَانِ وَالْمَجْنُوْنِ وَاَمْرِهِمَا وَالْغَلَطِ وَالنِّسْيَانِ فِي الطَّلَاقِ وَالشِّرْكِ وَغَيْرِهِ. لِقَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْاَعْمَالُ بِالنِّيَّةِ وَلِكُلِّ امْرِءٍ مَا نَوٰى وَتَلَا الشَّعْبِيُّ لَا تُؤَاخِذْنَا اِنْ نَسِيْنَا اَوْ اَخْطَانَا وَمَا لَا يَجُوْزُ مِنْ اِقْرَارِ الْمُوَسْوِسِ. ص ۷۹۳

**પ્રકરણ : "ઘરમાં બંધ કરવું અને બળપૂર્વક તલાક઼નું બયાન : અને નશાવાળા તથા પાગલની તલાક઼નો હુકમ, અને એ બંનેનો હુકમ એક છે કે નહીં. અને તલાક઼ તથા શિર્ક વગેરેમાં ભૂલચૂકનું બયાન. નબી ﷺ ઈર્શાદના કારણે અમલો નિય્યત પર જ છે અને દરેક શખ્સના માટે તે છે જે એણે નિય્યત કરી. અને ઈમામ શાફઈએ એના પર આ તિલાવત કરી, હે અમારા રબ ! જો અમે**

**ભૂલી જઈએ અથવા ચૂકી જઈએ તો અમારી પૂછતાછ ન કરતો. અને વસવસાવાળાઓનો ઈકરાર વિશ્વસનીય નથી.''** –(૭૯૩)

**સ્પષ્ટતા :** પ્રકરણનો સાર એ કે જો કોઈને ઘરમાં બંધ કરીને અથવા ડરાવી ધમકાવીને તલાક઼ લેવામાં આવી અથવા કોઈએ નશાની હાલતમાં તલાક઼ આપી અથવા પાગલપનની હાલતમાં તલાક઼ આપી તો તલાક઼ લાગુ થઈ કે નહીં ? અને તલાક઼ના મામલામાં નશો તથા પાગલપનમાં કાંઈ ફરક નથી ? અથવા ભૂલચૂકમાં તલાક઼ આપી. દા.ત. કહેવા કાંઈ બીજુ જતો હતો અને જીભથી તલાક઼ નીકળી ગયું અથવા ભૂલથી તલાક઼ આપી તો તલાક઼ લાગુ પડી કે નહીં ? એ રીતે કોઈ વસવસાનો બીમાર છે અને એ હાલતમાં કાંઈ ઈક઼રાર કરી લીધો તો એ ઈક઼રાર વિશ્વાસપાત્ર છે કે નથી ? હઝરત ઈમામ બુખારીએ પોતાનો કોઈ ફેંસલો લખ્યો નથી પરંતુ જે દલીલો વર્ણવી એનાથી જાહેર થાય છે કે એમનો મઝહબ એ છે કે આ સ્થિતિઓમાં તલાક઼ લાગુ પડશે નહીં, અને વસવસાવાળાનો ઈક઼રાર વિશ્વાસપાત્ર નથી પોતાના સમર્થનમાં ઈમામ બુખારીએ નીચે પ્રમાણે વાતો વર્ણવી છે.

**પ્રથમ :** મશ્હૂર હદીષ ''અલ્આમાલુ બિન્નિય્યાત'' કે અમલો નિય્યત પર જ છે. ઈમામ બુખારી بِالنِّيَّة (બિન્નિય્યાહ)નો મુતઅલ્લિક઼ સેહત (સહીહપણા)ને માને છે. તેમની નજીક સેહતનો મતલબ એ છે કે અમલોની સેહત (સહીહ થવું) નિય્યત પર છે.

પહેલા ભાગમાં અમે આ હદીષ હેઠળ સાબિત કરી ચૂક્યા કે સેહત મુક઼દ્દર માનવું સહીહ નથી. બલ્કે અહીં મુક઼દ્દર સવાબ છે. એટલા માટે આ હદીષ દલીલ કરવું યોગ્ય નથી.

**બીજુ :** આમિર બિન શરહબીલ શઅબીથી મુખ્તી (ગલતી કરનાર) અને નાસી (ભૂલનાર)ની તલાક઼ના બારામાં સવાલ થયો. એટલે ચૂકનારા તથા ભૂલનારાની તલાક઼ના બારામાં સવાલ થયો. તો તેમણે આ આયતે કરીમા તિલાવત કરી, હે અમારા રબ ! જો અમે ભૂલી જઈએ અથવા ચૂકી જઈએ તો અમને પૂછતાછ ન કરતો.

પરંતુ દરેક બુધ્ધિવાળા પર રોશન છે કે કોઈ ચીજ પર પૂછતાછ ન થવી અલગ વાત છે અને દુનિયવી શરીઅતના હુકમનું લાગુ થવું અલગ વાત છે. દા.ત. કોઈએ શિકાર પર ગોળી ચલાવી ગોળી શિકારને બદલે માણસને વાગી ગઈ અને માણસ મૃત્યુ પામ્યો. આ સ્થિતિમાં ગોળી ચલાવનાર ગુનેહગાર નથી પણ દિયત વાજિબ છે.

**ત્રીજુ :** હઝરત માઈઝ અસ્લમી رضي الله عنهએ જ્યારે બારગાહે અક઼દસમાં હાજર થઈને ઝિનાનો ઈક઼રાર કર્યો તો હુઝૂરે તેમને પૂછયું, શું તને ગાંડપણ છે ? એનાથી સાબિત થયું કે પાગલનો ઈક઼રાર વિશ્વાસપાત્ર નથી.

### ★ પાગલ તથા નશાવાળાની તલાક઼ ★

**પાગલના બારામાં આપણો પણ એ જ મઝહબ છે કે ન એની તલાક઼ લાગુ થશે ન એનો ઈક઼રાર માન્ય થશે.**

**ચોથું :** અસદુલ્લાહ હઝરત હમ્ઝા رضي الله عنهએ હઝરત અલી رضي الله عنهની ઊંટણીઓની કૂખ ફાડી નાખી. એ વખતે હઝરત હમ્ઝા رضي الله عنه નશામાં હતા. હુઝૂરે અક઼દસ ﷺએ ન તો હઝરત હમ્ઝાને કોઈ સજા આપી અને એમના પર કોઈ તાવાન વાજિબ કર્યો. એનાથી સાબિત થયું કે નશાની હાલતમાં જુર્મ એ જુર્મ નથી. એ જ પ્રમાણે **નશાવાળાની તલાક઼ નથી. પરંતુ ઉલમાએ અહનાફ ફર્માવે છે કે નશાવાળાની તલાક઼ લાગુ થશે.** એના પર અતિશય તેહક઼ીક઼પૂર્ણ ચર્ચા અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયની ઉમ્દતુલ ક઼ારી અને ઈમામ કમાલુદ્દીન ઈબ્ને હુમામે ફત્હુલ ક઼દીરમાં ફર્માવી છે. અમારે ટૂંકમાં પતાવવું છે એટલે નથી લખતા.

રહી ગયું હઝરત હમ્ઝાને કોઈ સજા ન આપવું અને એમના પર કોઈ તાવાન વાજિબ ન કરવું એ લગભગ એ કારણે છે કે આ બનાવ ઈસ્લામની શરૂઆતનો છે, એ સમય સુધી બની શકે છે કે તાઝીરી (શિક્ષાત્મક) હુકમ શરીઅતમાં ન આવ્યો હોય, અથવા શક્ય છે હઝરત અલીએ દરગુઝર કર્યું હોય.

ت ٦٥٢ وَقَالَ عُثْمَانُ لَيْسَ لِمَجْنُونٍ وَلَا لِسَكْرَانَ طَلَاقٌ. [તઅલીક઼ : ૬૫૨]

*"અને હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ એ ફર્માવ્યું, સકરાન (નશાવાળો) તથા પાગલના માટે તલાક઼ નથી."*

**તઅલીક઼ : ૬૫૨ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. વર્ણન થઈ ચૂક્યું કે આપણે ત્યાં પાગલ તથા સકરાનમાં ફર્ક઼ છે. **પાગલની તલાક઼ લાગુ થતી નથી અને નશાવાળાની લાગુ થાય છે.**

ت ٦٥٣ وَقَالَ ابْنُ عَبَّاسٍ طَلَاقُ السَّكْرَانِ وَالْمُسْتَكْرَهِ لَيْسَ بِجَائِزٍ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નશાવાળા તથા જેના પર જબરદસ્તી કરવામાં આવી હોય તેની તલાક઼ લાગુ થતી નથી."* [તઅલીક઼ : ૬૫૩]

આ તઅલીક઼ને પણ ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. રિવાયતના શબ્દો આ પ્રમાણે છે : سکران અને مستکرہના માટે તલાક઼ નથી એનો અર્થ મકહૂર (જબરદસ્તી તલાક઼ આપનાર) તથા મગ્લૂબ (દબાણ હેઠળ તલાક઼ આપનાર) છે. આપણે ત્યાં જો કે ઈકરાહ (જબરદસ્તી) શરીઅતની હદ સુધી પહોંચેલ હોય એ હાલતમાં કોઈ તલાક઼ લે તો પણ લાગુ થઈ જશે. અને આ જ મઝહબ સૈયદના ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہનો પણ છે. જેમ કે મરવી છે કે એક સ્ત્રીએ પોતાના પતિને તલાક઼ આપવા માટે મજબૂર કર્યો તો તેણે તલાક઼ આપી દીધી. મામલો હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہની બારગાહમાં રજૂ થયો. તેમણે એ તલાક઼ને લાગુ કરી આપી અને એ જ મઝહબ હઝરત ઈબ્રાહીમ નખઈ તથા અબૂ ક઼લાબા તથા હઝરત સઈદ બિન મુસૈયબ તથા ક઼ાઝી શુરૈહ તથા ઈમામ ઝુહરી તથા ક઼તાદા તથા સઈદ બિન જુબૈરનો પણ છે.

## ★ વસવસાવાળાની તલાક઼ દુરુસ્ત નથી ★

ت ٦٥٤ وَقَالَ عُقْبَةُ بْنُ عَامِرٍ لَا يَجُوزُ طَلَاقُ الْمُوَسْوِسِ [તઅલીક઼ : ૬૫૪]

*"અને ઉક઼બા બિન આમિર رضی اللہ عنہ એ કહ્યું કે મુવસ્વિસ (વસવસાવાળા)ની તલાક઼ દુરુસ્ત નથી."*

**તઅલીક઼ : ૬૫૪ની સમજૂતી** એ સહીહ છે એટલા માટે કે વસવસો કહે છે એ ખયાલોને જે માણસના દિમાગમાં પેદા થાય છે અને એનાથી તલાક઼ લાગુ થવાનો કોઈ સવાલ જ નથી. **તલાક઼ ત્યારે લાગુ થશે જ્યારે માણસ પોતાની જીભથી એટલા અવાજમાં તલાક઼ આપે કે ખુદ સાંભળી શકે. કેવળ વિચારવાથી તલાક઼ લાગુ થશે નહીં.**

## ★ તલાક઼ને શર્ત પર આધારિત કરવી ★

ت ٦٥٥ وَقَالَ عَطَاءٌ إِذَا بَدَأَ بِالطَّلَاقِ فَلَهُ شَرْطُهُ

*"અને ઈમામ અતાએ કહ્યું, જ્યારે તલાક઼ આપે તો એના માટે એની શર્ત છે."* [તઅલીક઼ : ૬૫૫]

**તઅલીક઼ : ૬૫૫ની સમજૂતી** એટલે તલાક઼ને કોઈ શર્ત પર આધારિત કરી આપે, ચાહે શર્તને આગળ કરે અને પાછળ. દા.ત. એ પ્રમાણે કહે, જો તું બહાર નીકળી તો તને તલાક઼ છે, અથવા તને તલાક઼ છે જો તું ઘરથી બહાર નીકળી. બંનેવ સ્થિતિમાં કોઈ ફરક઼ નથી.

ت ٦٥٦ وَقَالَ نَافِعٌ طَلَّقَ رَجُلٌ إِمْرَاتَهُ الْبَتَّةَ إِنْ خَرَجَتْ

''અને નાફ઼ેઅએ કહ્યું, એક શખ્સે પોતાની પત્નીને ક઼તઈ તલાક઼ આપી દીધી એ શર્ત **[તઅલીક઼ : ૬૫૬]**

فَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا إِنْ خَرَجَتْ فَقَدْ بُتَّتْ

પર કે જો તેણી બહાર નીકળી. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ફ઼ર્માવ્યું, જો તે સ્ત્રી બહાર નીકળી

مِنْهُ وَإِنْ لَمْ تَخْرُجْ فَلَيْسَ بِشَيْءٍ

તો ક઼તઈ તલાક઼ પડી જશે અને જો ન નીકળી તો કાંઈ વાંધો નથી.''

ت ٦٥٧ وَقَالَ الزُّهْرِيُّ فِي مَنْ قَالَ إِنْ لَمْ أَفْعَلْ كَذَا وَكَذَا فَامْرَأَتِي

''અને ઈમામ ઝુહ્‌રીએ કહ્યું, જો કોઈએ એવું કહ્યું, જો હું આવું આવું ન કરું તો મારી **[તઅલીક઼ : ૬૫૭]**

طَالِقٌ ثَلَاثًا يُسْئَلُ عَمَّا قَالَ وَعَقَدَ عَلَيْهِ قَلْبُهُ حِيْنَ حَلَفَ بِتِلْكَ

પત્નીને ત્રણ તલાક઼. એને જે કહ્યું છે એના બારામાં એને પૂછવામાં આવે કે આ ક઼સમ ખાતી વખતે એના દિલમાં

الْيَمِيْنِ فَإِنْ سَمَّى أَجَلًا أَرَادَهُ وَعَقَدَ عَلَيْهِ قَلْبُهُ حِيْنَ حَلَفَ

શું હતું ? હવે જો તે કોઈ નિશ્ચિત મુદ્દત બતાવે જેનો એણે દિલમાં પાકો ઈરાદો કર્યો હતો ક઼સમ ખાતી વખતે.

جُعِلَ ذَالِكَ فِي دِيْنِهِ وَأَمَانَتِهِ .

તો દયાનતના રૂપે એને માની લેવામાં આવશે.''

**તઅલીક઼ : ૬૫૭ની સમજૂતી** અહનાફને ત્યાં જો કોઈ ક઼રીના યમીને ફ઼ોર (તત્કાલ ક઼સમ)નો હોય એટલે એ વાત પર કે એની મુરાદ એ છે કે હમણા જો ન કરીશ, તો મજલિસ બદલતાં જ તલાક઼ પડી જશે. અને યમીને ફ઼ોર પર કોઈ કરીના ન હોય તો એ હમેશગી પર આધારિત થશે. હવે જો જિંદગીભર એણે એ કામ ન કર્યું તો મૃત્યુ પછી એની પત્ની પર તલાક઼ પડી જશે.

### ★ કહ્યું, મને તારી હાજત નથી, તો...? ★

ت ٦٥٨ **[તઅલીક઼ : ૬૫૮]** وَقَالَ إِبْرَاهِيْمُ إِنْ قَالَ لَا حَاجَةَ لِي فِيْكِ نِيَّتُهُ

''અને હઝરત ઈબ્રાહીમ નખઈએ ફ઼ર્માવ્યું, જો એવું કહ્યું કે મને તારી હાજત નથી તો એની નિય્યત પર આધાર છે.''

**તઅલીક઼ : ૬૫૮ની સમજૂતી** એટલે જો તેણે આ વાક઼્ય તલાક઼ની નિય્યતથી કહ્યું છે તો તલાક઼ પડી ગઈ, નહીં તો નહીં.

## ★ દરેક ક઼ૌમની તલાક઼ તેમની બોલીમાં ★

ت ٦٥٩ وَطَلَاقُ كُلِّ قَوْمٍ بِلِسَانِهِمْ .

*"દરેક ક઼ૌમની તલાક઼ એમની બોલીમાં છે."* **[તઅલીક઼ : ૬૫૯]**

**તઅલીક઼ : ૬૫૯ની સમજૂતી** એટલે કે **તલાક઼ લાગુ થવા માટે એ જરૂરી નથી કે તલાક઼ શબ્દ જ વાપરે બલ્કે દરેક શખ્સની બોલી એટલે શબ્દકોશમાં એવો શબ્દ જે તેમના ઉર્ફમાં તલાક઼ના માટે વપરાતો હોય, જ્યારે તે શબ્દ પત્ની તરફ કરીને બોલવાથી તેની પત્ની પર તલાક઼ પડી જશે, ભલે એની નિય્યત તલાક઼ની હોય કે ન હોય.** જેમ કે ફ઼ારસીમાં "હશ્તુમ તરા અઝઝની" બલ્કે જો "અઝઝની" ન કહ્યું તો પણ કેવળ "હશ્તુમ તરા" અને "બહશ્તુમ તરા" અને ઉર્દૂમાં "મૈંને તુઝે છોડી" બલ્કે ઘણી ક઼ૌમના ઉર્ફમાં "ફ઼ારગ ખતી" (ગુજરાતીમાં "ફ઼ારગતી") પણ સ્પષ્ટ તલાક઼ છે. *(ફ઼તાવા આલમગીરી, ૧/૩૭૯, પાકિસ્તાની–ફ઼ારસી)*

ت ٦٦٠ وَقَالَ قَتَادَةُ إِذَا قَالَ إِذَا حَمَلْتِ فَأَنْتِ طَالِقٌ ثَلَاثًا يَغْشَاهَا **[તઅલીક઼ : ૬૬૦]**

*"અને ક઼તાદાએ કહ્યું, જ્યારે કોઈએ પોતાની પત્નીને કહ્યું, જ્યારે તને ગર્ભ જામી જાય તો તને તલાક઼. દરેક*

عِنْدَ كُلِّ طُهْرٍ مَرَّةً فَإِنِ اسْتَبَانَ حَمْلُهَا فَقَدْ بَانَتْ .

*તહરમાં તેણી સાથે એકવાર સંભોગ કરે પછી જો ગર્ભ રહી જાય તો આ સ્ત્રી તેના નિકાહથી નીકળી ગઈ."*

**તઅલીક઼ : ૬૬૦ની સમજૂતી** હઝરત ક઼તાદાનો આ ઈર્શાદ સાવચેતીના કારણે છે. એટલા માટે કે એની સંભાવના છે કે એકવાર સંભોગથી ગર્ભ રહી ગયો હોય અને તેની જાણ (બાદમાં) હૈઝના રોકાવાથી જ થશે. એટલા માટે એક તહરમાં બે જાણ સંભોગ ન કરે. જ્યારે હૈઝ આવી જાય તો એનાથી સાબિત થશે કે ગર્ભ રહ્યો નથી એટલા માટે એના બાદવાળા તહરમાં સંભોગ કરવું વિના શંકાએ જાઈઝ છે. પરંતુ ઈબ્ને સીરીને ફ઼ર્માવ્યું કે જ્યાં સુધી ગર્ભ જાહેર ન થાય તહરમાં જેટલીવાર ચાહે સંભોગ કરે અને આ જ જમહૂરનો મઝહબ છે.

## ★ આવું કહેવામાં નિય્યત પર દારોમદાર ★

ت ٦٦١ وَقَالَ الْحَسَنُ إِذَا قَالَ الْحَقِي بِأَهْلِكِ نِيَّتُهُ

*"અને ઈમામ હસન બસરીએ ફ઼ર્માવ્યું, જ્યારે પોતાની પત્નીને આવું કહે,* **[તઅલીક઼ : ૬૬૧]**

*તારા ઘરવાળાં સાથે મળી જા ! તો દારોમદાર એની નિય્યત પર છે."*

**તઅલીક઼ : ૬૬૧ની સમજૂતી**

એટલે કે તેણે આ કથન જો તલાક઼ની નિય્યતે કહ્યું છે તો તલાક઼ પડી ગઈ અને જો તલાક઼ની નિય્યત વિના કહ્યું છે તો તલાક઼ લાગુ થશે નહીં.

ت ٦٦٢ وَقَالَ بْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا اَلطَّلَاقُ عَنْ وَطَرٍ

''અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, તલાક઼ જરૂરતથી છે અને **[તઅલીક઼ : ૬૬૨]**

وَالْعَتَاقُ مَا اُرِیْدَ بِهٖ وَجْهُ اللّٰہِ

*અતાક઼થી કેવળ અલ્લાહની રઝાનો હેતુ હોય છે.''*

**★ તલાક઼ જરૂરતથી છે ★**

**તઅલીક઼ : ૬૬૨ની સમજૂતી** એટલે કે તલાક઼ જરૂરતના સમયે આપવી જોઈએ. દા.ત. પત્ની બદકાર છે, ............ છે. રહી ગયો અતાક઼ એટલે લોંડી તથા ગુલામ આઝાદ કરવું, એ અલ્લાહ ﷻની રઝાના માટે જ હોય છે, એમાં આઝાદ કરવાવાળાની કોઈ ગરજ નથી હોતી.

**★ કહ્યું, તું મારી પત્ની નથી ! તો ? ★**

ت ٦٦٣ وَقَالَ الزُّهْرِیُّ مَا اَنْتِ بِامْرَاَتِیْ نِیَّتُهٗ اِنْ نَوٰی طَلَاقًا فَهُوَ مَا نَوٰی

*''અને ઈમામ ઝુહ્‌રીએ ફર્માવ્યું, જો કોઈકે પોતાની પત્નીને કહ્યું, તું મારી પત્ની* **[તઅલીક઼ : ૬૬૩]**

*નથી, તો એતબાર એની નિય્યતનો છે, જો તલાક઼ની નિય્યત કરી તો તે જ છે જે એણે નિય્યત કરી.''*

**તઅલીક઼ : ૬૬૩ની સમજૂતી** એટલે કે એવું કહેવું કે ''તું મારી પત્ની નથી'' એ તલાકે કિનાયાનુ વાક્ય છે. નિય્યત વિના એનાથી તલાક઼ લાગુ થશે નહીં. જાહેરી રીતે એવું જણાય છે કે આ તલાકે સરીહનું વાક્ય હોય, પરંતુ કેમ કે પત્નીપણાનું ખત્મ થવું તલાક઼ પર જ આધારિત નથી. તલાક઼ના ઉપરાંત અન્ય પણ રીતો છે જેનાથી પત્નીપણુ ખત્મ થઈ જાય છે. દા.ત. પતિનું મુર્તદ થવું અને ઝાહિરુર્રિવાયહના પ્રમાણે સ્ત્રીનું મુર્તદ થવું અથવા પતિનું પત્નીની પુત્રી અથવા મા સાથે હમબિસ્તરી કરવું અથવા પત્ની સાથે પતિના બાપ કે પુત્રનું હમબિસ્તરી કરવું. તો જ્યારે પત્નીપણાનું ખત્મ થવું તલાક઼ પર જ આધારિત નથી, તલાક઼ સિવાય પણ અન્ય સ્થિતિઓ છે જેનાથી પત્નીપણુ ખત્મ થઈ જાય છે, જેથી આ સેગો (સૂચક શબ્દો) સ્પષ્ટ તલાક઼ના ન થયા પણ કિનાયહ થયા.

**★ ત્રણ શખ્સો પર હુકમ ન લાગશે ? ★**

ت ٦٦٤ وَقَالَ عَلِیٌّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُ اَلَمْ تَعْلَمْ اَنَّ الْقَلَمَ رُفِعَ عَنْ

*''અને હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું, શું તમો નથી જાણતા કે ત્રણ શખ્સોથી ક઼લમ* **[તઅલીક઼ : ૬૬૪]**

ثَلٰثٍ عَنِ الْمَجْنُوْنِ حَتّٰی یُفِیْقَ وَعَنِ الصَّبِیِّ حَتّٰی یُدْرِكَ وَعَنِ النَّائِمِ حَتّٰی یَسْتَیْقِظَ

*ઉઠાવી લેવામાં આવી : પાગલથી, ત્યાં સુધી કે અક્કલ ઠેકાણે આવી જાય, અને બાળકથી ત્યાં સુધી કે બાલિગ થઈ જાય, અને ઊંઘી રહેલાથી ત્યાં સુધી કે જાગી જાય.''*

**તઅલીક઼ : ૬૬૪ની સમજૂતી** અબૂ દાઊદમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہની ખિદમતમાં એક સ્ત્રી લાવવામાં આવી જેણે બદકારી કરી હતી. હઝરત ઉમરે તેને સંગસાર કરવાનો હુકમ આપ્યો. સંજોગોવસાત ત્યાંથી હઝરત અલી کرم اللہ وجہہ الکریم પસાર થયા તો તેમણે તેણીને છોડી મૂકી. એની ખબર હઝરત ઉમરને

કરવામાં આવી. ફર્માવ્યું, અલીને બોલાવો. હઝરત અલી کرم اللہ وجہہ الکریم આવ્યા અને ફર્માવ્યું, હે અમીરુલ મો'મિનીન! તમે જાણે છો કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ત્રણથી ક઼લમ ઉઠાવી લેવામાં આવેલ છે : બાળકથી ત્યાં સુધી કે બાલિગ થઈ જાય. અને સૂઈ રહેલાથી ત્યાં સુધી કે જાગી જાય અને પાગલથી ત્યાં સુધી કે તે સાજો થઈ જાય. અને આ બની ફલાંની મઅ્તૂહ છે. જે એની પાસે આવ્યો તે એ વખતે આવ્યો હોય કે એ પાગલપનની હાલતમાં રહી હોય. હઝરત ઉમરે ફર્માવ્યું કે હું એ નથી જાણતો. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું કે હું પણ નથી જાણતો. મતલબ એ છે કે હઝરત ઉમરે ફર્માવ્યું કે હું એ નથી જાણતો કે એની સાથે ક્યારે આ હરકત કરવામાં આવી. અને એ જ હઝરત અલીના ફર્માવવાનો મતલબ છે. મતલબ એ થયો કે હવે એમાં શંકા પેદા થઈ ગઈ તો તેણી સાથે ઝિના રાહતના સમયમાં થયો કે પાગલપનની હાલતમાં અને શંકાથી હદ (શિક્ષા) ઉઠી જાય છે. *(કિતાબુલ હુદૂદ, બાબુન ફિલ્મજનૂન, પેજ–૨૪૮)*

**★ મઅ્તૂહની તલાક઼ વિશે ★**

ت ٦٦٥ وَقَالَ عَلِيٌّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ وَكُلُّ الطَّلَاقِ جَائِزٌ اِلَّا طَلَاقَ الْمَعْتُوْهِ

*''દરેક તલાક઼ લાગુ છે સિવાય મઅ્તૂહની તલાક઼ના''* **[તઅલીક઼ : ૬૬૫]**

**તઅલીક઼ : ૬૬૫ની સમજૂતી** મઅ્તૂહ હક઼ીક઼તમાં પાગલપનનો જ એક પ્રકાર છે જેના જુનૂનમાં સખ્તી ઓછી હોય છે પણ સારા બુરા, નફ઼ા નુકસાનનું ભાન ખત્મ થઈ જાય છે.

**★ પાગલનો ઈકરાર વિશ્વસનીય નથી ★**

حديث ٢٤١٨ عَنْ جَابِرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَجُلًا مِنْ اَسْلَمَ اَتَى **[હદીષ : ૨૪૧૮]**

*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે અસ્લમ ક઼બીલાના એક સાહબ નબી ﷺની ખિદમતમાં હાજર થયા*

النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ فِي الْمَسْجِدِ فَقَالَ اِنَّهُ قَدْ زَنٰى فَاَعْرَضَ

*અને હુઝૂર મસ્જિદમાં હાજર હતા અને તેમણે કહ્યું કે ઝિના કર્યો છે. હુઝૂરે પોતાનો ચહેરો મુબારક ફેરવી લીધો.*

عَنْهُ فَتَنَحّٰى لِشِقِّهِ الَّذِيْ اَعْرَضَ فَشَهِدَ عَلٰى نَفْسِهِ اَرْبَعَ شَهَادَاتٍ

*તો તે એ બાજુ જઈને ઉભા રહી ગયા જે બાજુ હુઝૂરે ચહેરો મુબારક ફેરવ્યો હતો. અને તેમણે ચાર વાર ઈકરાર*

فَدَعَاهُ فَقَالَ هَلْ بِكَ جُنُوْنٌ هَلْ اُحْصِنْتَ قَالَ نَعَمْ فَاَمَرَ بِهٖ اَنْ

*કર્યો. હવે હુઝૂરે તેમને બોલાવ્યા અને પૂછ્યું, શું તને જુનૂન છે? શું તું પરણીત છે? તેણે અર્ઝ કરી, હા! હવે*

يُّرْجَمَ بِالْمُصَلّٰى فَلَمَّا اَذْلَقَتْهُ الْحِجَارَةُ جَمَزَ حَتّٰى اُدْرِكَ بِالْحَرَّةِ فَقُتِلَ

*હુઝૂરે એમના બારામાં હુકમ આપ્યો કે એને ઈદગાહમાં લઈ જઈને સંગસાર કરવામાં આવે. જ્યારે એમના પર પથ્થર પડવા લાગ્યા તો તે ભાગ્યા ત્યાં સુધી કે હર્રામાં પકડાય ગયા અને મારી નાખવામાં આવ્યા.''*

حدیث ۲۴۱۹ اَخْبَرَنِیْ اَبُوْ سَلَمَةَ بْنُ عَبْدِالرَّحْمٰنِ وَسَعِیْدُ بْنُ الْمُسَیِّبِ

[હદીષ : ૨૪૧૯] "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું, કૃબીલા અસ્લમના એક સાહબ

بِاَبَا هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ اَتٰی رَجُلٌ مِّنْ اَسْلَمَ رَسُوْلَ اللّٰهِ

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા અને હુઝૂર મસ્જિદમાં હતા. તેણે હુઝૂરને પુકાર્યા અને કહ્યું, યા

صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ فِی الْمَسْجِدِ فَنَادَاهُ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ

રસૂલલ્લાહ ! કમતરીને ઝિના કરી લીધો છે. તે પોતે પોતાને મુરાદ લઈ રહ્યા હતા. તો હુઝૂરે ચહેરો મુબારક

اِنَّ الْاٰخَرَ قَدْ زَنٰی يَعْنِیْ نَفْسَهٗ فَاَعْرَضَ عَنْهُ فَتَنَحّٰی لِشِقِّ وَجْهِهٖ

ફેરવી લીધો. હવે તે એ બાજુ ગયા જે બાજુ હુઝૂરે રુએ અન્વર ફેરવી લીધો હતો. અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !

الَّذِیْ اَعْرَضَ قِبَلَهٗ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ اِنَّ الْاٰخَرَ قَدْ زَنٰی فَاَعْرَضَ

કમતરીને ઝિનાહ કરી લીધો છે. હવે ફરી હુઝૂરે રુએ અન્વર ફેરવી લીધું તો એ તરફ ગયા જે બાજુ હુઝૂરે રુએ

عَنْهُ فَتَنَحّٰی لِشِقِّ وَجْهِهِ الَّذِیْ اَعْرَضَ قِبَلَهٗ فَقَالَ لَهٗ ذٰلِكَ

અન્વર ફેરવ્યું હતું. અને હુઝૂરને તે જ અર્ઝ કર્યું, હુઝૂરે રુખ મુબારક ફેરવી લીધું. તો એ તરફ ગયા ચોથી વાર.

فَاَعْرَضَ فَتَنَحّٰی لَهُ الرَّابِعَةَ فَلَمَّا شَهِدَ عَلٰی نَفْسِهٖ اَرْبَعَ شَهٰدٰتٍ دَعَاهُ

જ્યારે તેમણે ચાર વાર ઈક્રાર કરી લીધો તો હુઝૂરે તેમને બોલાવ્યા અને પૂછયું, શું તને જુનૂન છે ? તેમણે અર્ઝ

فَقَالَ هَلْ بِكَ جُنُوْنٌ قَالَ لَا فَقَالَ النَّبِیُّ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

કરી, નહીં ! હવે નબી صلی اللہ علیہ وسلم એ હુકમ આપ્યો કે એને લઈ જાવ અને સંગસાર કરો અને મુહસન (પરણેલા)

اِذْهَبُوْا بِهٖ فَارْجُمُوْهُ فَكَانَ قَدْ اُحْصِنَ ع

હતા." (૨/૧૦૦૬, ૧૦૦૮, મુહારિબીન લાયરજમુલ મજનૂન વલ્મજનૂના, મુસ્લિમ–હુદૂદ, નિસાઈ–રજ્મ)

## હદીષ : ૨૪૧૯ની સમજૂતી

આ સાહબ હઝરત માઈઝ બિન માલિક અસ્લમી رضی اللہ عنہ હતા. ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં નઈમ બિન હઝાલ رضی اللہ عنہથી રિવાયત કરી કે માઈઝ બિન માલિક અસ્લમી મારા બાપની પરવરિશમાં હતા. તેમણે કૃબીલાની એક છોકરી સાથે ઝિના કર્યો તો એમને મારા પિતાએ કહ્યું, તમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થાવ અને જે તમે કર્યું છે તે બતાવો. હુઝૂર તમારા માટે ઈસ્તિગફાર કરશે. એમનો મક્સદ એ હતો કે તેમની નજાતનો કોઈ માર્ગ નીકળી આવે. તે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થયા ......... છેવટ

સુધી. اَخِرَ એટલે કે જે સઆદતથી પાછળ રહી ગયો. મુરાદ, ઝલીલ તથા કમીનો (નીચ) છે. مُحْصَن મુહ્સનથી અહીં મુરાદ તે શખ્સ છે જે આઝાદ, આકિલ, બાલિગ હોય અને નિકાહ સહીહની સાથે કોઈ સ્ત્રી સાથે વતી કરી હોય.

હઝરત માઈઝ અસ્લમીના રજ્મ (સંગસારી)ની તફસીલ જ્યારે હુઝૂરે અક્દસ ﷺને વર્ણન કરવામાં આવી તો હુઝૂરે પ્રેમભાવના હેઠળ ફર્માવ્યું, તમે એને કેમ ન છોડયો ? કદાચ એ તૌબા કરતો તો અલ્લાહ એની તૌબા કૃબૂલ ફર્માવી લેતો. મુસ્નદે ઈમામ અહમદમાં એટલુ વધારે છે કે હુઝૂરે અક્દસ ﷺએ હઝરત હુઝાલથી ફર્માવ્યું, હે હુઝાલ ! જો તું એના પર પર્દો નાખી દેત તો તારા માટે બેહતર હતું.

## ★ ખુલઅ વિશે બયાન ★

بَابُ الْخُلْعِ وَكَيْفَ الطَّلَاقُ فِيْهِ وَقَوْلِ اللهِ تَعَالٰى وَلَا يَحِلُّ لَكُمْ اَنْ تَاْخُذُوْا مِمَّآ اٰتَيْتُمُوْهُنَّ شَيْئًا اِلَّآ اَنْ يَّخَافَآ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللهِ فَاِنْ خِفْتُمْ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللهِ فَلَا جُنَاحَ عَلَيْهِمَا فِيْمَا افْتَدَتْ بِهٖ تِلْكَ حُدُوْدُ اللهِ فَلَا تَعْتَدُوْهَا وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللهِ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ۝

(سورہ بقرہ آیت ۲۲۹) ص ۷۹۴

**પ્રકરણ : "અને ખુલઅમાં કેવી તલાક્ થશે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને તમને હલાલ નથી કે તમે જે સ્ત્રીઓને આપ્યું હતું એમાંથી કાંઈ પાછુ લો, પણ જ્યારે બંનેને અંદેશો હોય કે અલ્લાહની હદો કાયમ નહીં કરશે. પછી જો તમને ડર હોય તો તે બંનેવ અલ્લાહની હદો પર ઠીક નહીં રહે તો એમના પર કાંઈ ગુનોહ નથી કે પત્ની કાંઈ બદલો આપીને છૂટ્ટી લે. આ અલ્લાહની હદો છે એનાથી આગળ ન વધો અને જે અલ્લાહની હદોથી આગળ વધે તે જ જાલિમ છે."** *(બક્રહ–૨૭૯)–(૭૯૪)*

**સ્પષ્ટતા :** ક્યારેક કોઈ કારણે અને ક્યારેક વિના કારણે પતિ પત્નીમાં મહોબ્બત પેદા નથી થવા પામતી, બલ્કે સખત નફરત રહે છે, હજારો સમજાવટો છતાં આપસમાં લગાવ નથી થઈ શકતો એવા સંજોગોમાં જરૂરી થાય છે કે પતિ પત્નીમાં જુદાઈ કરી દેવામાં આવે. આ હિકમતને લક્ષમાં રાખીને તલાક્ જાઈઝ થઈ છે. પરંતુ ક્યારેક એવું થાય છે કે કેવળ પત્નીને પતિથી નફરત હોય છે એને માટે ખુલઅ જાઈઝ થયું. ફિક્હની ઈસ્તેલાહ (બોલી)માં ખુલઅ તેને કહે છે કે નિકાહના સંબંધને માલના બદલામાં ખુલઅ શબ્દ અથવા તેના સમાનાર્થી કોઈ શબ્દ વડે ખત્મ કરી દેવો. ખુલઅ સહીહ થવા માટે સ્ત્રીનું કૃબૂલ કરવું શર્ત છે. તલાક્ની જેમ ખુલઅ પણ નાપસંદીદા ચીજ છે કે એ પણ એનો જ એક પ્રકાર છે. ઈમામ અબૂ દાઊદે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું : ابغض الحلال الى الله الطلاق અલ્લાહ તઆલાને હલાલ ચીજોમાં સૌથી નાપસંદ તલાક્ છે. *(મિશ્કાત–૨૮૩)*

ઈમામ અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ رضوان الله تعالى عليهم اجمعين તથા દારમી હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**ايما امراة سَالَتْ زَوْجَهَا طَلَاقًا فِى غَيْرِ مَا بَاسَ فحرام عليها رَائِحَةُ الجَنّة જે સ્ત્રીઓએ વિના જરૂરતે પોતાના પતિથી તલાક્નો સવાલ કર્યો એના પર જન્નતની ખુશ્બુ હરામ છે.** *(મિશ્કાત–૨૮૩)* અને ખાસ

ખુલઅના બારામાં ફર્માવ્યું : اَلْمُنْتَزِعَاتُ والمختلعات هن المنا فقات પતિઓથી છૂટકારો હાંસલ કરવાવાળીઓ, ખુલઅ કરવાવાળીઓ મુનાફિકા છે. *(મિશ્કાત-૨૮૪)* તેમ છતાંય જરૂરતના સમયે મુબાહ છે, કેટલીક સ્થિતિઓમાં મુસ્તહબ અને અમુક સ્થિતિઓમાં વાજિબ છે.

ઉલમાનો એમાં મતભેદ છે કે ખુલઅ જાઈઝ છે કે નહીં ? બકર બિન અબ્દુલ્લાહ મુઝની તાબઈ એને જાઈઝ જાણતા ન હતા. ઈમામ ઈબ્ને સીરીન એને એ વખતે જ જાઈઝ કહેતા હતા જ્યારે સ્ત્રી બદકારીમાં પડે. પરંતું જમ્હૂરનો કૌલ એ છે જે ઉપર વર્ણન થયો. એટલા માટે ઈમામ બુખારીએ ખુલઅનું પ્રકરણ રચ્યું. ખુલઅથી તલાક લાગુ થાય છે કે નહીં ? ખુલઅ તલાક છે કે ફસ્ખ ? એના બારામાં પણ ઉલમા દરમ્યાન મતભેદ છે. આપણે ત્યાં ખુલઅ અને માલના બદલામાં આપેલી તલાક એ તલાકે બાઈન છે. હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہનો કદીમ કૌલ ફસ્ખ છે તલાક નથી, ઈમામ અહમદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે આ રજઈ તલાક છે. અને હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہથી એક કૌલ એ જ મરવી છે પણ હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہનો સહીહતર કૌલ એ છે કે આ તલાકે બાઈન છે જેવો કે આપણો મઝહબ છે જેવું કે ઈમામ અબ્દુર્રઝ્ઝાક તથા ઈમામ ઈબ્ને અબી શયબાએ પોત પોતાના મુસન્નફમાં સઈદ બિન મુસૈયબથી રિવાયત કર્યું કે નબી ﷺએ ખુલઅને તલાક કહ્યું. તદ્ ઉપરાંત દારકુત્ની, બયહકીએ કામિલમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી જ એનાથી ઉલ્ટુ રિવાયત કર્યું છે કે તેમણે કહ્યું છે કે ખુલઅ ફુર્કત (જુદાઈ) છે અને તલાક નહીં. આ રિવાયતોને એક તરફ રાખીને કયાસ એ જ જણાવે છે કે આ તલાકે બાઈન હોય, જેમ કે આપણા ઉલમાએ શરહોમાં સાબિત ફર્માવ્યું છે.

ઈમામ બુખારીએ વર્ણવેલ આયત એ ફાયદો કરવા માટે વર્ણવી છે કે ખુલઅ જાઈઝ છે. સાફ સ્પષ્ટ છે لَا جُنَاحَ عَلَيْهِمَا એ બંનેવ પર કોઈ ગુનોહ નથી જો જુદાઈ પતિ તરફથી હોય તો એણે ખુલઅનો બદલો લેવો મકરૂહ છે. અને જો સ્ત્રીની તરફથી હોય તો લેવામાં કરાહત પણ નથી. જો કે મહરથી વધુ લેવું દરેક રીતે મકરૂહ છે. *(આલમગીરી, ૨/૧૬૯)*

ت ٦٦٦ وَأَجَازَ عُمَرُ الْخُلْعَ دُونَ السُّلْطَانِ

*"અને હઝરત ઉમર رضی اللہ عنہ એ ખુલઅને સુલ્તાનના વિના જાઈઝ જાણી."* **[તઅલીક : ૬૬૬]**

**તઅલીક : ૬૬૬ની સમજૂતી**

એટલે કે ખુલઅ સહીહ થવા માટે એ જરૂરી નથી કે મામલો બાદશાહ અથવા કાઝીને ત્યાં રજૂ કરવામાં આવે અને તે એનો ફૈંસલો કરે. **પતિ પત્ની આપસમાં વાતચીત કરીને પણ ખુલઅ કરી શકે છે.**

ت ٦٦٧ **[તઅલીક : ૬૬૭]** وَأَجَازَ عُثْمَانُ الْخُلْعَ دُونَ عِقَاصِ رَأْسِهَا -

*"અને હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ માથુ બાંધવાના દોરાના સિવાય પર ખુલઅ જાઈઝ રાખ્યો."*

**તઅલીક : ૬૬૭ની સમજૂતી**

એટલે સ્ત્રી પોતાનું માથુ બાંધવાના દોરાને છોડીને પોતાનો કુલ માલ ખુલઅના બદલામાં આપી શકે છે.

ت ٦٦٨ وَقَالَ طَاوُسُ اِلَّآ اَنْ يَّخَافَا اَنْ لَّا يُقِيْمَا حُدُوْدَاللّٰهِ فِيْمَا

''અને ઈમામ તાઉસે ફર્માવ્યું, અલ્લાહની હદો કાયમ ન કરવાથી મુરાદ એ છે કે પતિ **[તઅલીક઼ : ૬૬૮]**

افْتَرَضَ لِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا عَلٰى صَاحِبِهٖ فِى الْعِشْرَةِ وَالصُّحْبَةِ وَلَمْ

પત્નીમાંથી દરેકનો બીજા પર જે હક્ક સાબિત છે, સમાજમાં એને અદા ન કરે તો ખુલઅ જાઈઝ છે અને

يَقُلْ قَوْلَ السُّفَهَاءِ لَا تَحِلُّ حَتّٰى تَقُوْلَ لَا اَغْتَسِلُ لَكَ مِنْ جَنَابَةٍ

બેવકૂફોની વાત નથી કહી કે ખુલઅ ત્યારે હલાલ છે જ્યારે તેણી કહે કે હું ગુસ્લ જનાબત કરીશ નહીં.''

**★ ષાબિત બિન ક઼ૈસની પત્નીનો કિસ્સો ★**

حديث ٢٤٢٠ عَنْ عِكْرَمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે ષાબિત બિન ક઼ૈસ رضی اللہ عنہ ની **[હદીષ : ૨૪૨૦]**

اِمْرَاَةَ ثَابِتِ بْنِ قَيْسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَتَتِ النَّبِىَّ صَلَّى اللّٰهُ

પત્ની નબી صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ ثَابِتُ بْنُ قَيْسٍ مَا اَعْتِبُ

ષાબિત બિન ક઼ૈસ આદત તથા દીનના બારામાં બુરાઈવાળા નથી પરંતુ

عَلَيْهِ فِىْ خُلُقٍ وَلَا دِيْنٍ وَلٰكِنْ اَكْرَهُ الْكُفْرَ فِى الْاِسْلَامِ فَقَالَ

હું ઈસ્લામમાં કુફ્રને નાપસંદ કરું છું. આ સાંભળીને હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, શું એનો બાગ

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَتَرُدِّيْنَ عَلَيْهِ حَدِيْقَتَهٗ قَالَتْ

એને પરત કરી દઈશ ? તેમણે અર્ઝ કરી, હા ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ

نَعَمْ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِقْبَلِ الْحَدِيْقَةَ وَ

હઝરત ષાબિતને ફર્માવ્યું, બાગ લઈ લે

طَلِّقْهَا تَطْلِيْقَةً.

અને એને એક તલાક઼ આપી દે.''

**હદીષ : ૨૪૨૦ની સમજૂતી** આ હઝરત ષાબિત બિન ક઼ૈસ બિન શમ્માશ رضی اللہ عنہ ખઝરજ ક઼બીલાના માણસ હતા. ઘણા જ ઉમદા મુક઼ર્રિર હતા એટલા માટે એમનો લક઼બ ખતીબે અન્સાર બલ્કે ખતીબે

રસૂલુલ્લાહ ﷺ છે. ઓહદ તથા એના બાદના સર્વ જંગોમાં શરીક થયા. સૈયદના સિદ્દીકે અકબરની ખિલાફતમાં જંગે યમામામાં શહીદ થયા.

એ બીવીનું નામ જમીલા બિન્તે ઉબય બિન સલૂલ હતું. રાસુલ મુનાફિક઼ીન અબ્દુલ્લાહ બિન ઉબય સલૂલનાં બહેન હતાં, જેમ કે ઈમામ બુખારીએ આ પ્રકરણના અંતમાં સ્પષ્ટતા કરી છે. અમુક રિવાયતોમાં હબીબા બિન્તે સહલ પણ આવ્યું. અમુક ઉલમાએ એ વર્ગીકરણ કર્યું કે હઝરત ષાબિત બિન ક઼ૈસ رضي الله عنهએ વિવિધ વાર ખુલઅ કરેલ છે.

બનાવ એ હતો કે હઝરત ષાબિત બિન ક઼ૈસ رضي الله عنه રંગ રૂપના સારા ન હતા. એ તેમની પત્નીને એટલા પ્રમાણમાં નાપસંદ હતા કે તેમણે હુઝૂરે અક઼દસ ﷺને અર્ઝ કરી કે જો ખુદાનો ડર ન હોત તો જ્યારે તે મારી પાસે આવતો તો હું તેના મોં પર થૂકી દેત ! ખુલઅનું મૂળ કારણ આ જ હતું. અને તેમની પત્નીએ જે અર્ઝ કર્યું કે હું ઈસ્લામમાં કુફ્રને નાપસંદ કરું છું, એનાથી મુરાદ પતિની નાશુક્રી છે.

આ જ હદીષ ખુલઅના મશ્રૂઈયત (જાઈઝ હોવા)ની દલીલ છે. પરંતુ એ હક઼ીક઼તમાં માલના બદલામાં તલાક઼ આપવું છે.

### ★ પતિ પત્નીમાં અનબન થાય તો શું કરવું ? ★

**પ્રકરણ : "ઈખ્તેલાફનું બયાન : અને શું નુકસાનના વખતે ખુલઅનો ઈશારો કરે ? અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : જો તમે એ બંનેવની વચ્ચે જુદાઈનો અંદેશો કરો તો પતિના ઘરવાળામાંથી એક હકમ (પંચ) અને પત્નીનાં ઘરવાળાંમાંથી એક હકમ મોકલો, એ લોકો જો સુલહ કરાવવા ચાહશે તો અલ્લાહ તેમનામાં મેળ કરાવી દેશે. બેશક ! અલ્લાહ જાણવાવાળો ખબરદાર છે."** –*(૭૯૫)*
*(આ. ૩૫ સૂ. નિસાઅ્)*

بَابُ الشِّقَاقِ وَهَلْ يُشِيْرُ بِالْخُلْعِ عِنْدَ الضَّرَرِ وَقَوْلِهٖ تَعَالٰى وَاِنْ خِفْتُمْ شِقَاقَ بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَحَكَمًا مِّنْ اَهْلِهَا اَلْاٰيَةَ ـ
ص ٧٩٥

**સમજૂતી :** પ્રકરણનો હેતુ એ છે કે જો પતિ પત્નીમાં ઝઘડો થઈ જાય તો શું કરવામાં આવે ? અને શું જો રઝામંદીની કોઈ સ્થિતિ ન નીકળે તો ખુલઅનો મશ્વરો આપવામાં આવી શકે છે ? આયતે કરીમા વર્ણવીને ઈમામ બુખારીએ એ ફાયદો કર્યો કે પતિ પત્નીમાં અનબન પછી સુલહ સફાઈની પૂરી કોશિશ કરવી જોઈએ. તેની બેહતર રીત એ છે કે પતિવાળાંઓ તરફથી પંચ નક્કી થાય અને પત્નીવાળાં તરફથી પંચ નક્કી થાય. એનું ખાસ હોવું નથી કે એક કે બે. એ પંચ જે પણ ફૈસલો કરે તેને પતિ પત્ની માની લે. જો સંજોગોને જોતાં પંચ ચાહે તો ખુલઅનો પણ મશ્વરો આપી શકે છે.

### ★ બીજી શાદી મતભેદનો સબબ બની શકે ★

حديث ٢٤٢١ عَنِ الْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

*"હઝરત મિસ્વર બિન મખ્રમા رضي الله عنه એ કહ્યું, મેં નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા* **[હદીષ : ૨૪૨૧]**

سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ اِنَّ بَنِی الْمُغِیْرَۃِ اِسْتَاذَ

*કે બની મુગીરાએ મારાથી ઈજાઝત તલબ કરી છે કે અલી એમની પુત્રી સાથે નિકાહ કરી લે,*

نُوْنِیْ اَنْ یَّنْکِحَ عَلِیٌّ اِبْنَتَھُمْ فَلَا آذَنُ

*હું એમને ઈજાઝત નથી આપતો."*

**હદીષ : ૨૪૨૧ની સમજૂતી** આ હદીષ મનાક઼િબે ફ઼ાતિમામાં વર્ણન થઈ ચૂકી છે. અહીં જેટલી હદીષ વર્ણન થઈ છે એને પ્રકરણ સાથે કોઈ નિસ્બત નથી. પરંતું કિતાબુન્નિકાહ باب ذب الرجل عن ابنته માં જે તફ઼સીલ છે એનાથી એક ગણી મુનાસિબત (સામ્યતા) છે. ત્યાં આ પ્રમાણે છે : પણ એ કે ઈબ્ને અબી તાલિબ મારી પુત્રીને તલાક઼ આપી દે અને તેમની પુત્રીથી નિકાહ કરી લે. હુઝૂરે અક઼્દસ ﷺએ અબૂ જહલની પુત્રી સાથે નિકાહ કરવા પર પોતાની સાહબઝાદીની તલાક઼ માગી, અને ખુલઅ પણ તલાક઼ માગવું જ છે. તેમજ એ ફ઼ાયદો કર્યો કે પતિ પત્નીમાં મતભેદનો સબબ બીજી શાદી પણ બની શકે છે. જાહેર છે સબબે શેક઼ાક઼ને શેક઼ાક઼ સાથે પૂરી મુનાસિબત (મળતાપણુ) છે.

**પ્રકરણ : "નબી ﷺનું બરીરાના પતિના બારામાં સિફ઼ારિશ કરવું."** –*(૭૯૫)*

بَابُ شَفَاعَۃِ النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ فِیْ زَوْجِ بَرِیْرَۃَ۔ ۷۹۵

**★ હઝરત બરીરાના પતિનો કિસ્સો ★**

حدیث ۲۴۲۲ عَنْ عِکْرَمَۃَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّ

**[હદીષ : ૨૪૨૨]** *"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે બરીરાના પતિ (હબ્શી) ગુલામ*

زَوْجَ بَرِیْرَۃَ کَانَ عَبْدًا یُقَالُ لَہٗ مُغِیْثٌ کَاَنِّیْ اَنْظُرُ اِلَیْہِ یَطُوْفُ خَلْفَھَا

*હતા. તેમનું નામ મુગીષ હતું. જાણે હું એમને જોઈ રહ્યો છું કે (મદીનાની ગલીઓમાં) એમની પાછળ રડતા*

یَبْکِیْ وَدُمُوْعُہٗ تَسِیْلُ عَلٰی لِحْیَتِہٖ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ لِعَبَّاسٍ

*રડતા ઘુમી રહ્યા છે, એટલા કે તેમનાં આંસૂં દાઢી પર વહી રહ્યાં છે. એના પર નબી ﷺએ અબ્બાસને કહ્યું,*

یَا عَبَّاسُ اَلَا تَعْجَبُ مِنْ حُبِّ مُغِیْثٍ بَرِیْرَۃَ وَمِنْ بُغْضِ بَرِیْرَۃَ مُغِیْثًا

*મુગ઼ીષની બરીરાની સાથે મહોબ્બત અને બરીરાની મુગ઼ીષની સાથે નફ઼રત પર તમને આશ્ચર્ય નથી ! પછી*

فَقَالَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ لَوْ رَاجَعْتِهِ قَالَتْ يَا رَسُوْلَ اللهِ

*નબી ﷺ એ બરીરાને કહ્યું, કાશ ! તમે રજઅત કરી લેત. બરીરાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! આપ મને હુકમ*

تَامُرُنِي قَالَ اِنَّمَا اَشْفَعُ قَالَتْ فَلاَ حَاجَةَ لِي فِيْهِ

*આપો છો ?! ફર્માવ્યું, હું સિફારિશ કરું છું. તો બરીરાએ કહ્યું, મને એની કોઈ હાજત નથી."*

**હદીષ : ૨૪૨૨ની સમજૂતી** ઈમામ બુખારીએ આ હદીષને અહીં ચાર તરીક઼ાથી રિવાયત કરી છે. ચારેવ તરીક઼ાઓમાં એ છે કે બરીરાના પતિ ગુલામ હતા. પરંતુ તિર્મિઝી તથા નિસાઈ તથા ઈબ્ને માજહમાં ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ રિવાયત કરી કે બરીરા જ્યારે આઝાદ થયાં તો તેમના પતિ આઝાદ હતા અને તેમને ઈખ્તિયાર આપવામાં આવ્યો. વર્ગીકરણ એ છે કે બરીરાના આઝાદ થતાં પહેલાં તે ગુલામ હતા, પરંતુ જે વખતે બરીરા આઝાદ થયાં ત્યારે તે આઝાદ હતા. એનાથી એ સાબિત થયું કે કનીઝ (લોંડી) જો કોઈની પત્ની હોય ચાહે તો પોતાના માજી પતિના નિકાહમાં રહે અને ચાહે તો પોતાના નફસને ઈખ્તિયાર કરીને તેનાથી અલગ થઈ જાય, પતિ આઝાદ હોય કે ન હોય.

બનાવ આ પ્રમાણે હતો કે બરીરા કોઈ અન્સારીનાં લોંડી હતાં. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ તેમને ખરીદીને આઝાદ કરી દીધાં. આ મોક઼ા પર તેમણે પોતાના નફસને (મરજીને) અપનાવી લીધો અને તેણી પોતાના પતિ મુગ઼ીષના નિકાહથી બહાર થઈ ગયાં.

**પ્રકરણ : "અલ્લાહના આ ઈર્શાદનું બયાન: મુશ્રિકા સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો ત્યાં સુધી કે તેણીઓ ઈમાન લઈ આવે. અને બેશક ! મો'મિન લોંડી મુશ્રિકાથી બેહતર છે ભલે તેમનું હુસ્ન તમને લોભાવે."** *–(૭૯૬)*

بَابُ قَوْلِ اللهِ تَعَالَى وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّلَوْ اَعْجَبَتْكُمْ . ص٧٩٦

**★ મુશ્રિકા સ્ત્રી સાથે નિકાહ નાજાઈઝ ★**

حديث ٢٤٢٣ عَنْ نَافِعٍ اَنَّ ابْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا كَانَ اِذَا سُئِلَ

**[હદીષ : ૨૪૨૩]** *"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી જ્યારે ઈસાઈ સ્ત્રી તથા યહૂદી સ્ત્રી સાથે નિકાહના*

عَنْ نِكَاحِ النَّصْرَانِيَّةِ اَوِ الْيَهُوْدِيَّةِ قَالَ اِنَّ اللهَ حَرَّمَ الْمُشْرِكٰتِ عَلَى

*બારામાં પૂછવામાં આવતું તો તે કહેતા, બેશક ! અલ્લાહે મુશ્રિકા સ્ત્રીઓને મો'મિન મર્દો પર હરામ કરી,*

**હદીષ : ૨૪૨૩ની સમજૂતી** હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہ એ વર્ણવેલ આયત વર્ણવી દીધી પણ તેમણે એ સ્પષ્ટ ન કર્યું કે તેમનો હેતુ શું છે ? આ આયતે કરીમા તેના સામાન્યપણા પર છે કે પછી એમાં ખાસપણુ છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما નો મઝહબ એ કે એ એના સામાન્યપણા પર છે. અને એમાં

اَلْمُؤْمِنِيْنَ وَلَا اَعْلَمُ مِنَ الْاِشْرَاكِ شَيْئًا اَكْثَرَ مِنْ اَنْ تَقُوْلَ الْمَرْاَةُ رَبُّهَا

*અને હું એનાથી વધારે અન્ય કોઈ શિર્ક નથી જાણતો કે એક સ્ત્રી કહે કે તેનો રબ ઈસા છે ! જ્યારે કે*

عِيْسٰى وَهُوَ عَبْدٌ مِّنْ عِبَادِ اللّٰهِ

*તે અલ્લાહના બંદાઓમાંથી એક બંદા છે."*

યહૂદીઓ તથા નસારા (ઈસાઈ) સામેલ છે, એટલા માટે કે તેઓ પણ મુશ્રિક છે. પરંતુ એમને છોડીને તમામ સહાબાએ કિરામ તથા પૂરી ઉમ્મતનો મઝહબ એ છે કે અહલે કિતાબ એનાથી અપવાદ છે, જેમ કે સૂરએ માઈદામાં ફર્માવ્યું : وَالْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتَابَ مِنْ قَبْلِكُمْ "અને જેમને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી એમનામાંથી પારસા (પવિત્ર) સ્ત્રીઓ તમારા માટે હલાલ છે." અને એના પર પણ ઈજમાઅ છે કે એહલે કિતાબ કેવળ યહૂદી તથા ઈસાઈ છે અને તેહકીક એ છે કે યહૂદી તથા ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ સહીહ થવાનો મતલબ એ છે કે નિકાહ પછી તેમની સાથે સંભોગ હરામ ન થશે. ઔલાદ હરામ ઔલાદ ન થશે, સહીહુન્નસબ થશે. પણ યહૂદી તથા ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ કરવા મકરૂહે તહરીમી છે. **આજકાલ યૂરોપના ઈસાઈ કહેવડાવનારા ઈસાઈ નથી રહ્યા, નાસ્તિક (અધર્મી) છે. જ્યારે ઈસાઈ નથી રહ્યા તો અહલે કિતાબ પણ ન રહ્યા. એ સ્ત્રીઓ સાથે નિકાહ કરવો હરામ છે.**

## بَابُ نِكَاحِ مَنْ اَسْلَمَ مِنَ الْمُشْرِكٰتِ وَعِدَّتِهِنَّ - ص ۷۹٦

**પ્રકરણ : "મુશ્રિકા સ્ત્રીઓમાંથી જે મુસલમાન થાય તેમના નિકાહ તથા ઈદ્દતનું બયાન :"** –(૭૯૬)

حدیث ۲۴۲۴ وَقَالَ عَطَاءٌ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا كَانَ

*"અને અતાએ કહ્યું, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم* **[હદીષ : ૨૪૨૪]**

الْمُشْرِكُوْنَ عَلٰى مَنْزِلَتَيْنِ مِنَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَالْمُؤْمِنِيْنَ

*તથા મો'મિનોના વિશે મુશ્રિકો બે ગ્રુપમાં હતા. એક અહલે હર્બ જેઓ મુસલમાનોથી લડતા હતા અને મુસલમાન*

كَانُوْا مُشْرِكِيْ اَهْلِ حَرْبٍ يُقَاتِلُهُمْ وَيُقَاتِلُوْنَهٗ وَمُشْرِكِيْ اَهْلِ عَهْدٍ لَا

*તેમની સાથે લડતા હતા. અને બીજા મુશ્રિકો અહલે અહદ જેઓ ન મુસલમાનો સાથે લડતા અને ન મુસલમાન*

يُقَاتِلُهُمْ وَلَا يُقَاتِلُوْنَهٗ وَكَانَ اِذَا هَاجَرَتِ امْرَاَةٌ مِنْ اَهْلِ الْحَرْبِ

*તેમની સાથે લડતા હતા. અને જ્યારે અહલે હર્બની કોઈ સ્ત્રી હિજરત કરતી તો જ્યારે તેને હૈઝ આવી જતું અને*

لَمْ تُخْطَبْ حَتّٰى تَحِيْضَ وَتَطْهُرَ فَاِذَا طَهُرَتْ حَلَّ لَهَا النِّكَاحُ فَاِنْ هَاجَرَ

*તે પાક થઈ જતી તો તેણીએ નિકાહ કરવો હલાલ થઈ જતો. જો નિકાહથી પહેલાં તેનો પતિ હિજરત કરી લેતો*

زَوْجُهَا قَبْلَ اَنْ تَنْكِحَ رُدَّتْ اِلَيْهِ وَاِنْ هَاجَرَ عَبْدٌ مِّنْهُمْ اَوْ اَمَةٌ فَهُمَا

તો તેને પરત આપી દેવામાં આવતી, અને જો એમનામાંથી કોઈ બાંદી કે ગુલામ હિજરત કરતાં તો તે બંનેવ

حُرَّانِ وَلَهُمَا مَا لِلْمُهَاجِرِيْنَ ثُمَّ ذَكَرَ مِنْ اَهْلِ الْعَهْدِ مِثْلَ حَدِيْثِ

આઝાદ થઈ જતાં અને તેમને તે જ હક્કો હાંસલ થતા જે મુહાજિરોને હાંસલ હતા. પછી વર્ણવ્યું, એહલે અહદના

مُجَاهِدٍ وَاِنْ هَاجَرَ عَبْدٌ اَوْ اَمَةٌ لِلْمُشْرِكِيْنَ اَهْلِ الْعَهْدِ لَمْ يُرَدُّوْا

મુશ્રિકોને કોઈ ગુલામ કે બાંદી હિજરત કરતાં તો તે પરત કરવામાં ન આવતાં, એની કિંમતો આપી દેવામાં

وَرُدَّتْ اَثْمَانُهُمْ قَالَ عَطَاءٌ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا كَانَتْ

આવતી. અતાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરતાં કહ્યું કે કુરૈબા બિન્તે

قُرَيْبَةُ بِنْتُ اَبِيْ اُمَيَّةَ عِنْدَ عُمَرَ بْنِ الْخَطَّابِ فَطَلَّقَهَا فَتَزَوَّجَهَا

અબૂ ઉમૈયા ઉમર ઈબ્ને ખત્તાબના પાસે હતી. તેમણે એને તલાક઼ આપી દીધી. તો તેમણે મુઆવિયહ

مُعَاوِيَةُ بْنُ اَبِيْ سُفْيَانَ وَكَانَتْ اُمُّ الْحَكَمِ ابْنَةُ اَبِيْ سُفْيَانَ

ઈબ્ને સુફયાનથી નિકાહ કરી લીધો. અને અબૂ સુફયાનની પુત્રી ઉમ્મુલ હકમ, અયાઝ બિન ગનમ

تَحْتَ عِيَاضِ بْنِ غَنْمٍ الْفِهْرِيِّ فَطَلَّقَهَا فَتَزَوَّجَهَا عَبْدُ اللّٰهِ

ફિહ્‌રીના પત્નીપણામાં હતી તેમણે એને તલાક઼ આપી દીધી તો અબ્દુલ્લાહ બિન ઉષ્માન ષક઼ફીએ

بْنُ عُثْمَانَ الثَّقَفِيُّ۔

તેની સાથે નિકાહ કરી લીધો.''

## હદીષ : ૨૪૨૪ની સમજૂતી

''મિષ્લે હદીષ મુજાહિદ''થી શું મુરાદ છે ? એમાં સંભાવના એ છે કે એનાથી મુરાદ બાદવાળી રિવાયત છે : وان ھا جرعبد اوامة۔۔الخ અને એક સંભાવના એ છે કે એનાથી મુરાદ કોઈ અન્ય કલામ હોય જે અહલે અહદની સ્ત્રીઓના સંબંધે હોય. પણ એ શું છે એને કોઈ નિશ્ચિત નથી કરી શક્યું. ઈમામ અબ્દ બિન હુમૈદે وان فاتتکم شی من ازو اجکم الی الکفار فعا قبتم ઈબ્ને અબી નજીહના તરીક઼ાથી ઈમામ મુજાહિદથી એ તફસીલ નક઼લ કરી છે કે જો કુરૈશથી માલે ગનીમત એમને મળે તો જેમની પત્નીઓ ચાલી ગઈ તેમને એટલુ આપો જે એમણે બદલામાં આપ્યું હતું એટલે મહેર.

**પ્રકરણ : "જ્યારે મુશ્રિકા અથવા ઈસાઈ સ્ત્રી ઈસ્લામ સ્વીકારી લે જે ઝિમ્મી કે હર્બીના પત્નીપણામાં હોય."** –(૭૯૬)

بَابُ إِذَا أَسْلَمَتِ الْمُشْرِكَةُ أَوِ النَّصْرَانِيَّةُ تَحْتَ الذِّمِّيِّ أَوِ الْحَرْبِيِّ. ص ۷۹٦

ت ٦٦٩ عَنِ ابْنِ عَبَّاسٍ إِذَا أَسْلَمَتِ النَّصْرَانِيَّةُ قَبْلَ زَوْجِهَا

*"નસરાની (ઈસાઈ) સ્ત્રી પોતાના પતિથી થોડીવાર પહેલાં ઈસ્લામ સ્વીકારી* **[તઅલીક઼ : ૬૬૯]**

بِسَاعَةٍ حَرُمَتْ عَلَيْهِ

*લે તો એના પર હરામ થઈ જશે."*

ت ٦٧٠ سُئِلَ عَطَاءٌ عَنِ امْرَأَةٍ مِنْ أَهْلِ الْعَهْدِ أَسْلَمَتْ ثُمَّ أَسْلَمَ

*"ઈમામ અતાથી ઝિમ્મી સ્ત્રીના બારામાં સવાલ થયો કે તે મુસલમાન થઈ ગઈ.* **[તઅલીક઼ : ૬૭૦]**

زَوْجُهَا فِي الْعِدَّةِ أَهِيَ امْرَأَتُهُ قَالَ لَا إِلَّا أَنْ تَشَاءَ هِيَ بِنِكَاحٍ

*પછી ઈદ્દતમાં તેનો પતિ મુસલમાન થઈ ગયો. તો શું એ એની પત્ની છે ? ફર્માવ્યું, નહીં !*

جَدِيدٍ وَصَدَاقٍ.

*પણ એ કે તે સ્ત્રી ચાહે તો નવો નિકાહ નવી મહેરથી કરે."*

**★ કાફિરા સ્ત્રીઓ મુસલમાનને હલાલ નથી ★**

ت ٦٧١ **[તઅલીક઼ : ૬૭૧]** وَقَالَ مُجَاهِدٌ إِذَا أَسْلَمَ فِي الْعِدَّةِ يَتَزَوَّجُهَا۔

*"અને મુજાહિદે કહ્યું, જ્યારે ઈદ્દતમાં ઈસ્લામ સ્વીકારે એનો પતિ એની સાથે નિકાહ કરે. અને અલ્લાહ તઆલાએ*

وَقَالَ اللّٰهُ تَعَالٰى لَا هُنَّ حِلٌّ لَّهُمْ وَلَا هُمْ يَحِلُّونَ لَهُنَّ

*ફર્માવ્યું : કાફિર સ્ત્રીઓ ન મુસલમાનને હલાલ છે અને ન મુસલમાન મર્દ એમના માટે હલાલ છે."*

## તઅલીક઼ : ૬૭૧ની સમજૂતી

ઈમામ બુખારી આ આયત ઈમામ મુજાહિદના ક઼ૌલના સમર્થનમાં લાવ્યા છે. એની સ્થિતિ એ છે કે એક સ્ત્રી મુસલમાન થઈ અને તેનો પતિ મુસલમાન નથી થયો તો નિકાહ ખત્મ ન થયા. પછી તેનો પતિ મુસલમાન થયો ભલે ઈદ્દતમાં જ, તો નવા નિકાહની જરૂરત છે.

★ મજૂસી (અગ્નિપૂજક) પુરૂષ તથા સ્ત્રીના બારામાં ★

ت ٦٧٢ وَقَالَ الْحَسَنُ وَقَتَادَةُ فِي مَجُوسِيَّيْنِ أَسْلَمَا هُمَا عَلَى

"ઈમામ હસન અને કતાદાએ મજૂસી પુરૂષ તથા સ્ત્રીના બારામાં ફર્માવ્યું, જો બંનેવ [તઅલીક઼ : ૬૭૨]

نِكَاحِهِمَا وَإِذَا سَبَقَ أَحَدُهُمَا صَاحِبَهُ وَأَبَى الْآخَرُ بَانَتْ لَا سَبِيلَ

એક સાથે મુસલમાન થયાં તો પોતાના નિકાહ પર છે. અને જો એમનામાંથી એક પહેલુ મુસલમાન થયું અને

لَهُ عَلَيْهَا

બીજાએ ઈસ્લામ સ્વીકારવાથી ના પાડી તો નિકાહ ખત્મ થઈ ગયા. પુરૂષના માટે એના પર માર્ગ ન રહ્યો."

★ જો કોઈ મુશ્રિકની સ્ત્રી મુસલમાન પાસે આવે તો ★

ت ٦٧٣ وَقَالَ ابْنُ جُرَيْجٍ قُلْتُ لِعَطَاءٍ امْرَأَةٌ مِنَ الْمُشْرِكِينَ جَاءَتْ

"ઈબ્ને જુરૈજે કહ્યું, મેં અતાથી પૂછયું, મુશ્રિકોની કોઈ સ્ત્રી મુસલમાનની પાસે [તઅલીક઼ : ૬૭૩]

إِلَى الْمُسْلِمِينَ أَيُعَاوَضُ زَوْجُهَا مِنْهَا لِقَوْلِهِ تَعَالَى وَآتُوهُمْ مَا

આવી. શું એના પતિને એનો બદલો આપવામાં આવશે, અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે :

أَنْفَقُوا قَالَ لَا إِنَّمَا كَانَ ذَاكَ بَيْنَ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ

"અને તેમને આપો જે તેમણે ખર્ચ કર્યું છે." ફર્માવ્યું, "નહીં ! આ મામલો નબી ﷺ અને

وَبَيْنَ أَهْلِ الْعَهْدِ.

અહલે અહદવાળા વચ્ચે હતો."

ت ٦٧٤ وَقَالَ مُجَاهِدٌ هٰذَا كُلُّهُ فِي صُلْحٍ بَيْنَ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ

"અને ઈમામ મુજાહિદે કહ્યું, આ સર્વ નબી ﷺ તથા કુરૈશની [તઅલીક઼ : ૬૭૪]

وَسَلَّمَ وَبَيْنَ قُرَيْشٍ.

સુલહની મુદ્દતમાં હતું."

**તઅલીક઼ : ૬૭૪ની સમજૂતી** તેહક઼ીક઼પૂર્ણ ક઼ૌલ એ છે કે પતિ પત્ની જો સાથે સાથે ઈમાન ક઼બૂલ કરે તો બંનેવનો આગલો નિકાહ બાક઼ી રહેશે. અને જો એમનામાંથી કોઈકે પહેલાં ઈસ્લામ સ્વીકાર્યો તો બીજા સમક્ષ ઈસ્લામ રજૂ કરવામાં આવશે, જો તે ઈસ્લામ સ્વીકારી લે તો આગલા નિકાહ બાકી રહેશે અને જો ના પાડી દે તો નિકાહ તૂટી જશે. હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ ફતહે

મક્કાની રાતમાં મર્રઝ્ઝહરાનમાં ઈસ્લામ સ્વીકારી ચૂક્યા હતા. જ્યારે તે મક્કા ગયા તો તેમનાં પત્ની હિંદા બિન્તે ઉત્બાએ તેમની દાઢી પકડી લીધી અને તેમના મુસલમાન થવાને નાપસંદ કર્યું. હઝરત અબૂ સુફ઼યાને ઈશારો કર્યો, તમે પણ મુસલમાન થઈ જાવ ! તો તેમણે પણ ઈસ્લામ સ્વીકારી લીધો. તેમના ઉપરાંત હકીમ ઈબ્ને હિઝામ, હઝરત ઈકરમા બિન અબૂ જહલ વગેરેના બારામાં પણ છે, તેમની પત્નીએ પ્રથમ ઈસ્લામ સ્વીકાર્યો પછી તેમની ફ઼ર્માઈશ પર ઈકરમાએ ક઼બૂલ કર્યો. તે ઉપરાંત અન્ય પણ સહાબા તથા સહાબિયાત એવાં છે જેમના ઈસ્લામ સ્વીકારમાં આગળ પાછળ થયું પણ કોઈનામાં જુદાઈ નથી કરવામાં આવી અને ન નિકાહ દોહરાવાયા.

## ★ ઈલાનું બયાન ★

بَابُ قَوْلِهِ تَعَالٰى لِلَّذِيْنَ يُوْلُوْنَ مِنْ نِسَآئِهِمْ تَرَبُّصُ اَرْبَعَةِ اَشْهُرٍ اِلٰى قَوْلِهِ سَمِيْعٌ عَلِيْمٌ — فَاؤُا رَجَعُوْا.

ص ٧٩٧

**પ્રકરણ : ''જે લોકો પોતાની પત્નીની પાસે જવાની ક઼સમ ખાય બેસે છે તેમને ચાર મહિનાની મોહલત છે. પછી જો એ મુદ્દતમાં તે લોકો રુજૂઅ કરી (પરત) લે તો અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. અને જો છોડી આપવાનો ઈરાદો પાકો કરી લીધો તો અલ્લાહ સાંભળનાર જોનાર છે.''** (સૂ. બક઼રહ, ૨૨૬–૨૨૭) –(૭૯૭)

**સ્પષ્ટતા : જાહિલિયતના જમાનામાં એ દસ્તૂર હતો કે કેટલાક બેશરમ મર્દ પોતાની પત્નીઓ પાસેથી માલ માગતા. જો તે માલ આપી દેતી તો ઠીક, નહીં તો વરસ, બે વરસ, ત્રણ વરસ અને એનાથી વધુ અરસા સુધી તેણીઓ પાસે ન જવાની અને સંભોગ ન કરવાની ક઼સમ ખાય લેતા અને તેમને લટકતી રહેવા દેતા. ન તેણીઓ પતિ વિહોણી હતી કે ક્યાંક પોતાનું ઠેકાણુ શોધી લે, ન પતિવાળી કે પતિથી રાહત પામે. ઈસ્લામે આ જુલ્મને મિટાવ્યો.** અને એવી ક઼સમ ખાનારાઓ માટે ચાર મહિનાની મુદ્દત નક્કી કરી આપી કે એ લોકો માટે ચાર મહિના રાહ જોવાની મોહલત છે, તે અરસામાં પતિ સારી પેઠે સમજી વિચારી લે. જો તેણીને રાખવા ચાહે તો એ મુદ્દતની અંદર (ક઼સમ તોડીને) રુજૂઅ કરી લે, આ સ્થિતિમાં નિકાહ બાકી રહેશે અને પતિ પર ક઼સમનો કફ્ફ઼ારો લાઝિમ થશે. અને જો આ મુદ્દતમાં રુજૂઅ ન કર્યું અને ક઼સમ ન તોડી **તો સ્ત્રી નિકાહથી બહાર થઈ ગઈ,** અને એના પર તલાક઼ે બાઈન લાગુ થઈ ગઈ. આ સ્થિતિમાં રુજૂઅ હમબિસ્તરીથી થશે. અને જો કોઈ કારણસર પતિ સંભોગ કરવા શક્તિમાન ન હોય તો પતિ એવું કહી આપે કે જ્યારે સંભોગની શક્તિ થશે ત્યારે સંભોગ કરીશ, એ પણ રુજૂઅ છે. એને ફ઼િક઼હની બોલીમાં ''ઈલા'' કહે છે. ઈલાનો શાબ્દિક અર્થ ક઼સમ ખાવું છે. ફ઼િક઼હની પરિભાષામાં ઈલા તેને કહે છે કે પતિ એવી ક઼સમ ખાય લે કે હું પત્નીથી ચાર મહિના કે એથી વધુ સંભોગ કરીશ નહીં અથવા કોઈ મુદ્દતનો ઉલ્લેખ કર્યા વિના એવું કહે કે હું તારી સાથે સોહબત નહીં કરું. એની પૂરી ચર્ચા ''કિતાબુસ્સલાત''માં વર્ણન થઈ ચૂકી છે.

حديث ٢٤٢٥ عَنْ نَافِعٍ اَنَّ ابْنَ عُمَرَ كَانَ يَقُوْلُ فِى الْاِيْلَاءِ الَّذِىْ سَمَّى اللّٰهُ

*''ઈબ્ને ઉમર رضى الله عنهما આ ઈલાના બારામાં કહે છે જેને અલ્લાહ તઆલાએ ઝિક્ર ફ઼ર્માવેલ* **[હદીષ : ૨૪૨૫]**

تَعَالٰى لَا يَحِلُّ لِاَحَدٍ بَعْدَ الْاَجَلِ اِلَّا اَنْ يُّمْسِكَ بِالْمَعْرُوْفِ اَوْ يَعْزِمَ

*છે. સમય મર્યાદા પૂરી થયા બાદ કોઈને હલાલ નથી, પણ એ કે ભલાઈની સાથે રોકે અથવા તલાક઼નો*

الطَّلَاقَ كَمَا أَمَرَهُ اللّٰهُ عَزَّ وَجَلَّ

*પાકો ઈરાદો કરી લે, જેમ કે અલ્લાહ ﷻ એ એને હુકમ આપ્યો.''*

حدیث ۲۴۲۶ عَنْ نَافِعٍ أَنَّ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا إِذَا مَضَتْ أَرْبَعَةُ **[હદીષ : ૨૪૨૬]**

*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે તેમણે કહ્યું, જ્યારે ચાર મહિના પસાર થઈ જાય તો મૌકૂફ રહેશે,*

أَشْهُرٍ يُوقَفُ حَتّٰى يُطَلِّقَ وَلَا يَقَعُ عَلَيْهِ الطَّلَاقُ حَتّٰى يُطَلِّقَ

*ત્યાં સુધી કે પતિ તલાક઼ આપી દે અને તલાક઼ લાગુ ન થશે ત્યાં સુધી કે પતિ તલાક઼ ન આપી દે.''*

ت ۶۷۵ وَيُذْكَرُ ذٰلِكَ عَنْ عُثْمَانَ وَعَلِيٍّ وَأَبِي الدَّرْدَاءِ وَعَائِشَةَ وَاثْنَا عَشَرَ

*''અને એ જ એટલે મૌકૂફ રહેવું (તવક઼્કુફ) હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત* **[તઅલીક઼ : ૬૭૫]**

رَجُلًا مِنْ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

*અબૂ દરદા તથા હઝરત આઈશા અને બાર સહાબાએ કિરામથી વર્ણન કરવામાં આવે છે.''*

## તઅલીક઼ : ૬૭૫ની સમજૂતી

આપણો મઝહબ તે છે જે ઉપર વર્ણન થયો કે જો પતિએ મુદ્દતની અંદર રુજૂઅ ન કર્યું તો પત્ની પર તલાક઼ પડી જશે. જેમ કે તિબ્રાનીએ સહીહ સનદની સાથે હઝરત ઈબ્ને મસ્ઊદથી અને બીજી ગૈર મજરૂહ સનદ સાથે હઝરત અલીથી રિવાયત કરી કે ફર્માવ્યું, ઈલામાં જો ચાર મહિના પસાર થઈ જાય અને પતિ રુજૂઅ ન કરે તો તેના પર તલાક઼ે બાઈન પડી જશે. તેમજ હસન સનદ સાથે હઝરત અલી તથા હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہما થી એના જેમ જ રિવાયત થયેલ છે. તેમજ ઈમામ સઈદ બિન મન્સૂરે, જાબિર બિન ઝયદના તરીક઼ાથી રિવાયત કરી કે જ્યારે ઈલા કરે અને ચાર મહિના વહી જાય તો એના પર બાઈન તલાક઼ પડી જશે અને એના પર ઈદ્દત નથી અને ઈમામ ક઼ાઝી ઈસ્માઈલે સહીહ સનદ સાથે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી પણ એના જેમ રિવાયત કરી. હિદાયહમાં ફર્માવ્યું કે અમારો મઝહબ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર તથા હઝરત ઝયદ બિન ષાબિતથી મરવી છે. અને દિરાયત (બુદ્ધિ)નો પણ મુકતદ઼ા (તકાઝો) આ જ છે. વર્ણન થઈ ચૂકયું કે ઈલાની આયત જાહિલિયતના જમાનાના આ જુલ્મને દૂર કરવા માટે નાઝિલ થઈ છે. જો સમય મર્યાદા પસાર થયા બાદ મૌકૂફ જ રહેશે તો ખુદાનો ખૌફ વિનાના લાલચુ લોકો સ્ત્રીને લટકતી રાખશે. એમના જુલ્મનું નિવારણ એ રીતે થશે કે ઈલાની મુદ્દત ખત્મ થઈ ગયા પછી સ્ત્રી નિકાહથી બહાર થઈ જાય. એ વિગતવાર છે અને હઝરત ઈમામ બુખારીએ જે ફર્માવ્યું તે અધ્યાહન (અસ્પષ્ટ) છે તેમજ તેમણે એને તમરીઝના સેગા વડે વર્ણવ્યું છે.

**પ્રકરણ : "ગાયબ થયેલ (મફકૂદ)નો હુકમ તેના ઘરવાળાં તથા માલના બારામાં"** –*(૭૯૭)*

بَابُ حُكْمِ الْمَفْقُودِ فِي أَهْلِهِ وَمَالِهِ. ص ۷۹۷

**સમજૂતી** : મફકૂદ તે પુરૂષ છે જેનો કોઈ પતો ન હોય. એ પણ ખબર નથી કે જીવે છે કે મરી ગયો. આપણો મઝહબ મફકૂદના બારામાં એ છે કે સ્ત્રી પતિના હમજોલી (સાથીઓ)ના મૃત્યુ સુધી ઈન્તેઝાર કરશે. વરસો થકી નિશ્ચિત કરવાના બારામાં એક ક઼ૌલ એ છે કે એકસો વીસ વરસની ઉમર સુધી રાહ જોશે એટલે જ્યારે પતિની ઉમર ૧૨૦ વરસની થઈ જાય ત્યારે ક઼ાઝી તેના મૃત્યુનો હુકમ આપશે. પરંતુ ફત્વો એના પર આપવામાં આવે છે કે જ્યારે પતિની ઉમર સિત્તેર વરસની થઈ જાય તો તેની મૌતનો હુકમ આપવામાં આવશે. એટલા માટે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું : أَعْمَارُ أُمَّتِي مَا بَيْنَ سِتِّينَ إِلَى سبعين મારી ઉમ્મતની ઉમરો સાઈઠ વરસથી સિત્તેર સુધીની છે. *(તિર્મિઝી, દઅવત, ઈબ્ને માજહ,ઝુહદ)* પરંતુ હવે જમાનાના લેહાઝથી અને ફિત્નાઓથી બચવાના માટે આપણા ઉલમાએ પણ હાલતે મજબૂરીના સમયે સ્ત્રી માટે જ્યારે કોઈ ચારો ન હોય તો હઝરત ઈમામ માલિકના મઝહબ પર અમલ કરવાની ઈજાઝત આપી છે.

અમુક પ્રગતિશીલ આપણા ઉલમા ફર્માવે છે કે જ્યારે શરઈ જરૂરતના કારણે ઈમામ માલિકના મઝહબ પર અમલની ઈજાઝત છે તો પછી શા માટે ઈમામ શાફઈના મઝહબ પર અમલની ઈજાઝત આપવામાં ન આવે ?! એમાં અધિક આસાની છે. એમાં કોઈ શક નથી કે ઈમામ શાફઈના મઝહબમાં અધિક આસાની છે કે ચટ મંગની પટ બિયાહ થઈ જાય. પરંતું એના પર અમલ કરવા કરતાં ઈમામ માલિકના મઝહબ પર અમલ કરવામાં સબબ એ છે કે અમુક વખતે આપસના ખેંચતાણ અથવા ઉલઝનોના કારણે પતિ પોતાને પોતે છુપાવી રાખે છે અને જ્યારે તેને એવી જાણ થઈ જાય કે જો હું મને પોતાને જાહેર કરીશ નહીં તો મારી પત્ની બીજો નિકાહ કરી લેશે તો જાહેર કરી આપે છે. અને હઝરત ઈમામ માલિકના મઝહબ પર અમલ કરવામાં એનો અધિક મોક઼ો છે. એટલા માટે આપણા ઉલમાએ એને અપનાવ્યો. સ્ત્રી ક઼ાઝીને ત્યાં દાવો કરશે. ક઼ાઝી તેહક઼ીક઼ કરીને પરિસ્થિતિની ભાળ મેળવશે પછી ચાર વરસની મોહલત આપશે. એમાં ગુમાન ગાલિબ છે કે પતિને એ બધો ઈલ્મ થઈ જશે અને તે જાહેર થવા ચાહે તો જાહેર થઈ જશે. એટલા માટે હઝરત ઈમામ માલિકનો મઝહબ હઝરત ઈમામ શાફઈ કરતાં સાવધાનીની અધિક નજીક છે.

એમનો મઝહબ એ છે કે ગાયબ થયેલ પતિની પત્ની ક઼ાઝીને ત્યાં દરખાસ્ત કરે. ક઼ાઝી તેણીને અધિક ચાર વરસો રાહ જોવાનો હુકમ કરે. ચાર વરસો પૂર્ણ થતાં પણ કાંઈ પતો ન લાગે તો ક઼ાઝી ગાયબ થયેલાના મૌતનો હુકમ કરે. એ હુકમ પછી સ્ત્રી પતિના મૃત્યુની ઈદ્દત ચાર મહિના દસ દિવસ ગુજારીને ક્યાંક નિકાહ કરી શકે છે અલ્લાહ બેહતર જાણનાર છે. આ હુકમ જરૂરતના કારણે કેવળ નિકાહ માટે છે પણ વારસાના બારામાં હજી પણ ફત્વો એ જ છે કે જ્યારે તેની ઉમર ૭૦ વરસની થઈ જાય તો વારસાના હુકમો લાગુ કરવામાં આવશે. એની વિગત એ છે કે જ્યારે તેની ઉમરનાં સિત્તેર વરસો પૂરાં થઈ જાય તે વખતે તેના જે વારસદારો હાજર હશે તેમનામાં તેનો વારસો વહેંચવામાં આવશે. અને જેઓ એનાથી પહેલાં મરી ગયાં તેઓ વારસદાર થશે નહીં. એ જ પ્રમાણે ગાયબ થનાર પણ તેમનો વારસદાર થશે નહીં જે એ અરસામાં મૃત્યુ પામ્યો હોય.

**★ ગાયબ થયેલ પતિ વિશે ★**

ت ٦٧٦ وَقَالَ ابْنُ الْمُسَيَّبِ إِذَا فُقِدَ فِي الصَّفِّ عِنْدَ الْقِتَالِ تَرَبَّصُ

*"અને ઈબ્ને મુસૈયબે કહ્યું કે જ્યારે કોઈ લડાઈના સમયે સફમાં માર્યો જાય તો* **[તઅલીક઼ : ૬૭૬]**

إِمْرَاتُهٗ سَنَةً

*તેની સ્ત્રી વરસભર ઈન્તેઝાર કરે."*

ت ٦٧٧ [તઅલીક઼ : ૬૭૭] وَاشْتَرَى ابْنُ مَسْعُوْدٍ جَارِيَةً وَالْتَمَسَ صَاحِبَهَا سَنَةً

*"અને ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ એક લોંડી ખરીદી અને તેના માલિકને વરસભર તલાશ કર્યો, તેને ન પામ્યો અને*

فَلَمْ يَجِدْ وَفُقِدَ فَاَخَذَ يُعْطِي الدِّرْهَمَ وَالدِّرْهَمَيْنِ وَقَالَ اَللّٰهُمَّ عَنْ فُلَانٍ

*ગાયબ જણાયો તો તે મિસ્કીનોને એક બે દિરહમ આપતા અને કહેતા, હે અલ્લાહ ! ફલાણા તરફથી છે, પછી જો*

فَاِنْ اَتٰى فَلِيْ وَعَلَيَّ وَقَالَ هٰكَذَا فَافْعَلُوْا بِاللُّقَطَةِ.

*તે આવી ગયો તો મારા માટે આનો સવાબ છે અને મારા પર એની કિંમત છે. અને કહ્યું, એવું જ લુક઼તામાં કરો."*

ت ٦٧٨ وَقَالَ ابْنُ عَبَّاسٍ نَحْوَهٗ-

*"અને ઈબ્ને અબ્બાસે પણ એના જેવું ફર્માવ્યું."* **[તઅલીક઼ : ૬૭૮]**

**તઅલીક઼ : ૬૭૬ થી ૬૭૮ની સમજૂતી**

એનો સાર એ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ અને હઝરત સઈદ બિન મુસૈયબનો મઝહબ એ હતો કે મફ઼કૂદ (ગાયબ)ની વરસ સુધી રાહ જોવામાં આવે. જો વરસ પૂરું થઈ જાય અને ન આવે તો તેની પત્ની બીજા નિકાહ કરી શકે છે અને તેનો વારસો વહેંચી નાખવામાં આવશે.

ت ٦٧٩ وَقَالَ الزُّهْرِيُّ فِي الْاَسِيْرِ يُعْلَمُ مَكَانُهٗ لَا تَتَزَوَّجُ اِمْرَاتُهٗ وَلَا

*"અને ઈમામ ઝુહ્‌રીએ તે કેદીના બારામાં ફર્માવ્યું કે જેની જગા જાણી શકાતી હોય* **[તઅલીક઼ : ૬૭૯]**

يُقْسَمُ مَالُهٗ فَاِذَا انْقَطَعَ خَبَرُهٗ فَسُنَّتُهٗ سُنَّةُ الْمَفْقُوْدِ

*તેની પત્ની શાદી નહીં કરે અને એનો માલ વહેંચવામાં નહીં આવે. જ્યારે તેની ખબર કટ થઈ જાય તો*

*તેના પર મફ઼કૂદ (ગાયબ)નો હુકમ લગાડવામાં આવશે."*

પ્રકરણથી એ નથી જાહેર થતું કે ઈમામ બુખારીનો મફ઼કૂદ (ગાયબ થનાર)ના બારામાં શું મઝહબ છે, પરંતુ પ્રકરણ હેઠળ જે તઅલીક઼ો લાવ્યા છે પછી લુક઼તાવાળી જે હદીષ વર્ણવી છે એનાથી જાહેર થાય છે કે એમનો મઝહબ પણ એ જ છે કે વરસભર સુધી રાહ જોવામાં આવે, વરસભર પછી તેના મૃત્યુનો હુકમ આપવામાં આવશે. પરંતુ અલ્લામા અયનીએ ઈમામ બુખારીનો મઝહબ એ બતાવ્યો કે જ્યાં સુધી મફ઼કૂદ (ગાયબ)ના મૃત્યુનો ઈલ્મ ન થઈ જાય ન તે પત્ની બીજી શાદી કરી શકે છે ન તેનો માલ વહેંચવામાં આવશે.

**ગાયબ થયેલ પતિનો કિસ્સો :** મફ઼કૂદ (ગાયબ)ની પત્નીનો મસ્અલો ઘણો જ ગંભીર તથા

સેન્સિટીવ છે. જો તેની પત્ની બીજો નિકાહ કરી લે અને તેનો પહેલો પતિ આવી જાય તો સનસની ફેલાય જાય છે. ખુદ મારે ત્યાં મામલો પેશ આવ્યો કે કેટલાક લોકો એક સ્ત્રીને લઈને આવ્યા અને એવું બયાન આપ્યું કે એનો પતિ વરસોથી ગાયબ છે. ચાર કે છ વરસો બતાવ્યું હતું. એની કોઈ ખબર નથી મળતી. ઘણી શોધખોળ કરવામાં આવી ક્યાંય પતો નથી. ખબર નહીં જીવે છે કે મરી ગયો છે. તે સ્ત્રીએ પણ એ જ બયાન આપ્યું. મેં એની ઉલટ તપાસ લીધી પરંતું ક્યાંયથી કોઈ શંકા ન થઈ કે આ ગલત બયાની કરી રહી છે. બે બાશરઅ પુરૂષોએ એના પર ગવાહી પણ આપી. જ્યારે મને બધી બાજુથી સંતોષ થઈ ગયો કે આ સ્ત્રીનો પતિ ગાયબ થયેલો છે. મેં તેમને કહ્યું કે જાવ ! એક અઠવાડિયા પછી ફલાણી તારીખે તેના પિતાને લઈને આવજો. તે લોકોએ કહ્યું કે અમારા બોલાવવા પર નહીં આવે. આપ કાંઈક લખી આપો. મેં તેમને પતિના પિતાને બોલાવતુ લખાણ લખી આપ્યું. તો તે લોકો ચાલ્યા ગયા અને લગભગ ચોથા કે પાંચમાં દિવસે એક શખ્સ બે માણસોને લઈને આવ્યો. તેણે બતાવ્યું કે હું એ સ્ત્રીનો પતિ છું અને હું અમૃત્સર એક શીખના કબજામાં હતો. તે મને આવવા દેતો ન હતો. સંજોગોવસાત એવું બન્યું કે પરમ દિવસે તેનો પિતા મરી ગયો. તે સૌ એની કિર્યા કરમ કરવા લાગ્યા અને મને ઘરની રક્ષા માટે છોડી ગયા. આ રીતે હું ભાગીને આવી ગયો. ઘર આવ્યા બાદ પિતાએ આ કિસ્સો સંભળાવ્યો તો હું તમારી પાસે આવ્યો છું. એટલા માટે આપણા હનફી ઈમામોએ આ બાબતમાં ઘણી જ સાવધાની વર્તી છે.

આના બારામાં લોકો જાત જાતનાં બહાનાં રજૂ કરે છે, પરંતુ એનાં સેંકડો દષ્ટાંતો છે કે યુવાનીની હાલતમાં કોઈ સ્ત્રીનો પતિ મરી ગયો તો તેણીએ પારસાઈ તથા અતિશય શરાફતની સાથે પોતાની જિંદગી પસાર કરી દીધી અને આજે પણ ઉર્ફી કહેવાતા શરીફોમાં બીજા નિકાહ અયબની વાત સમજવામાં આવે છે. પરંતુ એનાથી ઈન્કાર નથી કરી શકાતો કે કદી કદી ગાયબ શખ્સની પત્નીના માટે બીજા નિકાહ માટે શરઈ જરૂરત ઉભી થઈ જાય છે. એટલા માટે **વર્તમાન હનફી ઉલમાએ ખાસ નિકાહના માટે હઝરત ઈમામ માલિકના મઝહબ પર અમલની ઈજાઝત આપી છે.**

## ★ ઝેહાર વિશે બયાન ★

باب قد سمع الله قول التي تجادلك في زوجها وتشتكي إلى الله والله يسمع تحاوركما إن الله سميع بصير ○ الذين يظهرون منكم من نسائهم ما هن أمهاتهم إن أمهاتهم إلا اللائي ولدنهم وإنهم ليقولون منكرا من القول وزورا وإن الله لعفو غفور ○ والذين يظهرون من نسائهم ثم يعودون لما قالوا فتحرير رقبة من قبل أن يتماسا ذلكم توعظون

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન"** : બેશક ! અલ્લાહે એની વાત સાંભળી જે તમારી સાથે પોતાના પતિના મામલામાં બહષ કરે છે. અને અલ્લાહથી શિકાયત કરે છે. અને અલ્લાહ તમારા બંનેવની વાતચીત સાંભળી રહ્યો છે. બેશક ! અલ્લાહ સાંભળનાર જોનાર છે. અને તમારામાં જે લોકો પોતાની પત્નીઓને પોતાની માની જગાએ કહી આપે છે, તે એમની માઓ નથી. એમની માઓ તો તે જ છે જેનાથી તેઓ પૈદા થયા છે. અને તેઓ બેશક ! બુરી તથા જૂઠી વાત કહે છે. અને બેશક ! અલ્લાહ જરૂર માફ કરવાવાળો છે. અને જે લોકો પોતાની પત્નીઓને પોતાની માની જગાએ કહી બેસે પછી તે જ કરવા ચાહે જેના પર આટલી મોટી વાત કહી ચૂક્યા તો એમના પર એક ગુલામ આઝાદ કરવો લાઝિમ છે એ

بِهٖ ۚ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ۝ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ مِنْ قَبْلِ اَنْ يَّتَمَآسَّا ۚ فَمَنْ لَّمْ يَسْتَطِعْ فَاِطْعَامُ سِتِّيْنَ مِسْكِيْنًا ۚ

પહેલાં કે એક બીજાને હાથ લગાડે. આ છે જે નસીહત તમને કરવામાં આવી રહી છે અને અલ્લાહ તમારાં કામોથી ખબરદાર છે. વળી જેને ગુલામ ન મળે તે સતત બે મહિના રોઝા એના પર છે એ પહેલાં કે એકબીજાને હાથ લગાડે. પછી જેનાથી રોઝા પણ ન થઈ શકે તો ૬૦ ફકીરોને બંનેવ ટાઈમ પેટ ભરીને ખાવા ખવડાવવાનું છે." *(મુજાદિલા, આ. ૧ થી ૪)*

**સ્પષ્ટતા** : રિસાલતકાળમાં અરબમાં એક રસ્મ "ઝેહાર"ની હતી. પતિ પોતાની પત્નીથી નારાજ થઈ જતો તો ઝેહાર કરી લીધા કરતો અને એ જાહિલિયતના જમાનામાં તલાક઼ હતી.

એક બીબી ખૌલા બિન્તે ષઅલબા હતાં. એકવાર એમના પતિ અવસ બિન સામિત رضی اللہ عنہએ એમને પોતાની તરફ બોલાવ્યાં. તેમણે ના પાડી દીધી. તે કાંઈક શોર્ટ ટેમ્પર (ત્વરિત નારાજ થનાર) હતા. તેમણે કહી આપ્યું, "તું મારા માટે મારી માની પીઠની જેમ છે." કેમકે જાહિલિયતના જમાનામાં ઝેહાર તલાક઼માં ગણાતો હતો એટલા માટે તે પસ્તાયા. તેમના પત્ની હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતે આલીમાં આવ્યાં. આખો બનાવ અર્ઝ કર્યો. હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, "તું એના પર હરામ થઈ ગઈ." તેમણે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ક઼સમ છે એ જાતની જેણે આપ પર કિતાબ નાઝિલ ફર્માવી, તે તલાક઼નો શબ્દ નથી બોલ્યા અને તે મને સૌથી અધિક પ્યારો છે. એના પર પણ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તું એના પર હરામ થઈ ગઈ. હવે તેમણે અર્ઝ કર્યું કે હવે હું મારા ફાક઼ા તથા એકાંતની શિકાયત અલ્લાહ તઆલાથી કરું છું. તે લાંબા સમય સુધી મારી સાથે રહ્યો. મારા પેટથી તેના માટે ઘણા બાળકો પેદા થયાં. આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે હું એ જ જાણુ છું કે તું એના પર હરામ થઈ ગઈ. ખૌલા વારંવાર રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ વિનવણી કરતી રહી અને રસૂલુલ્લાહ ﷺએ જ ફર્માવતા રહ્યા કે તું એના પર હરામ થઈ ગઈ.

ખૌલાએ બેકરાર થઈને બુલંદ અવાજમાં કહ્યું, હું મારા ફાક઼ા તથા તકલીફની અલ્લાહ તઆલાથી શિકાયત કરું છું, હે અલ્લાહ ! તારા નબીની ઝબાન પર કાંઈ નાઝિલ ફર્માવ ! જેના પર સૂરએ મુજાદિલા નાઝિલ થઈ.

ફિક઼હની ઈસ્તેલાહ (બોલી)માં ઝેહારનો અર્થ એ છે કે પોતાની પત્ની અથવા તેના શરીરના કોઈ અંગને, દા.ત. અડધા અથવા ત્રીજા ભાગના અથવા એવા ભાગને જેનાથી કુલ સમજવામાં આવે તેને એવી સ્ત્રી સાથે સરખાવવું જે એના પર હમેશાં માટે હરામ હોય. અથવા તેના કોઈ એવા અંગ સાથે સરખાવવું જેને જોવું હરામ હોય. દા.ત. એવું કહ્યું કે તું મારી માની સમાન છે અથવા તારું માથુ અથવા તારી ગરદન અથવા તારું અડધું મારી માની પીઠના સમાન છે.

ઈસ્લામમાં ઝેહાર તલાક઼ નથી, અલ્બત્ત એનાથી ટેમ્પરરી ધોરણે સ્ત્રી હરામ થઈ જાય છે, એનાથી કફ્ફારો લાઝિમ આવે છે. જ્યાં સુધી પતિ કફ્ફારો અદા નહીં કરે ત્યાં સુધી સ્ત્રીને હાથ નથી લગાડી શકતો. એનો કફ્ફારો એ છે કે એક ગુલામ આઝાદ કરે અને જો તેની શક્તિ ન હોય તો બે મહિના સતત ગેપ કર્યા વિના રોઝા રાખે, એની શક્તિ ન હોય તો ૬૦ ફકીરોને બંને સમય ભરપેટ ખાણુ ખવડાવે.

ت ٦٨٠ وَقَالَ لِي إِسْمَاعِيلُ حَدَّثَنِي مَالِكٌ أَنَّهُ سَأَلَ ابْنَ شِهَابٍ عَنْ ظِهَارِ

"ઈમામ માલિકે કહ્યું, મેં ઈબ્ને શહાબથી ઝેહારના બારામાં પૂછયું, તો તેમણે **[તઅલીક઼ : ૬૮૦]**

الْعَبْدِ فَقَالَ نَحْوَ ظِهَارِ الْحُرِّ

કહ્યું કે આઝાદના ઝેહારના સમાન છે."

**★ ગુલામનો ઝેહાર આઝાદના સમાન છે ★**

ت ٦٨١ قَالَ مَالِكٌ وَصِيَامُ الْعَبْدِ شَهْرَانِ

"ઈમામ માલિકે કહ્યું, ગુલામના રોઝા બે મહિના છે" **[તઅલીક઼ : ૬૮૧]**

**તઅલીક઼ : ૬૮૧ની સમજૂતી** એટલે ઝેહારમાં જેટલો કફ્ફારો આઝાદ પર છે એટલો જ કફ્ફારો ગુલામ પર છે. એવું નથી કે ગુલામ પર અડધો કફ્ફારો વાજિબ થઈ જાય.

ت ٦٨٢ وَقَالَ الْحَسَنُ ظِهَارُ الْحُرِّ وَالْعَبْدِ مِنَ الْحُرَّةِ وَالْأَمَةِ سَوَاءٌ **[તઅલીક઼ : ૬૮૨]**

"અને ઈમામ હસન બસરીએ કહ્યું કે આઝાદ તથા ગુલામનો ઝેહાર આઝાદ સ્ત્રી તથા બાંદીથી બરાબર છે."

**તઅલીક઼ : ૬૮૨ની સમજૂતી** એક ક઼ૌલમાં أَمَةٌ છે. મુરાદ તે લોંડી છે જે કોઈના નિકાહમાં હોય. રહી ગઈ પોતાની માલિકીની લોંડી જે કોઈના નિકાહમાં ન હોય એનાથી ઝેહાર નથી. ઝેહારના માટે જરૂરી છે કે પત્નીને ઝેહારના શબ્દો કહ્યા ચાહે આઝાદ હોય કે લોંડી.

**★ બાંદીથી ઝેહાર કર્યો તો કાંઈ નથી ★**

ت ٦٨٣ وَقَالَ عِكْرِمَةُ إِنْ ظَاهَرَ مِنْ أَمَتِهِ فَلَيْسَ بِشَيْءٍ إِنَّمَا الظِّهَارُ مِنَ النِّسَاءِ

"અને ઈકરમાએ કહ્યું, જો પોતાની લોંડીથી ઝેહાર કર્યો તો કાંઈ નથી, ઝેહાર ફક્ત **[તઅલીક઼ : ૬૮૩]**

وَفِي الْعَرَبِيَّةِ لِمَا قَالُوا أَيْ فِيمَا قَالُوا وَفِي نَقْضِ مَا قَالُوا وَهَذَا أَوْلَى

પત્નીઓ સાથે થાય છે. અને અરબી ભાષામાં لِمَا قَالُوا એ અર્થમાં, فِيمَا قَالُوا અને فِي نَقْضِ مَاقَالُوا ના

لِأَنَّ اللَّهَ لَمْ يَدُلَّ عَلَى الْمُنْكَرِ وَقَوْلِ الزُّورِ-

અર્થમાં આવેલ છે. અને એ મુરાદ લેવું અધિક બેહતર છે. એટલા માટે અલ્લાહ તઆલાએ

કોઈ બુરા ફેઅલ અથવા જૂઠનો હુકમ નથી આપ્યો."

**તઅલીક઼ : ૬૮૩ની સમજૂતી**

ઈર્શાદ હતો : وَالَّذِينَ يُظَاهِرُونَ مِنْ نِسَاءِهِمْ ثُمَّ يَعُودُونَ لِمَا قَالُوا فَتَحْرِيرُ رَقَبَةٍ الْآيَةِ "જે લોકો પોતાની

સ્ત્રીઓથી ઝેહાર કરે, પછી તે જ કરવા ચાહે જેના પર આટલી મોટી વાત કહી ચૂક્યા તો એના પર એક ગુલામ આઝાદ કરવો વાજિબ છે, એના પહેલાં કે એકબીજાને હાથ લગાડે."

આ આયતે કરીમામાં ثُمَّ يَعُوْدُوْنَ لِمَا قَالُوْاથી મુરાદ આ છે : ઝેહાર પછી પોતાની સ્ત્રીથી નિકટ થવા ચાહે, પરંતું જાહેર શબ્દનો જે અર્થ છે તે એના પ્રમાણે નથી જણાતો. જાહેરમાં એનો તર્જુમો એ થશે કે ફરી એ લોકો બીજીવાર એ વાતને કહે જે કાંઈ કહી ચૂક્યા. એટલે કે બીજીવાર ઝેહારના શબ્દો બોલે. જેનો સાફ મતલબ એ છે કે ઝેહારનો કફ્ફારો એ વખતે વાજિબ થશે જ્યારે ફરીવાર ઝેહાર કરે. અને કફ્ફારાનો જે ફાયદો છે તેનું બયાન મહઝૂફ થશે જે આયતની સિયાક઼ (વર્ણન શૈલી)ની બિલકુલ વિરૂધ્ધ છે. આયતની સ્પષ્ટ વર્ણન શૈલી એ છે કે ઝેહાર પછી પોતાની પત્ની સાથે સંભોગ કરવા ચાહે તો કફ્ફારો આપી દે. આ શંકાને દૂર કરવાના માટે ઈમામ બુખારી ફર્માવે છે કે અહીં લામ "ફી"ના અર્થમાં છે. એટલે કે જેના બારામાં આટલી મોટી વાત તે કહી ચૂક્યા. અથવા એ કે લામ "ફી"ના અર્થમાં અને મુઝાફ મહઝૂફ છે. اَیْ فِیْ نَقْضِ مَا قَالُوْا એટલે કે જે કહી ચૂક્યા તેની માફી કરવા ચાહો છો, એને ખત્મ કરવા ચાહો છો. ઈમામ બુખારીએ ફર્માવ્યું, આ અર્થ મુરાદ લેવો અધિક બેહતર છે એના કરતાં કે એવું કહેવામાં આવે કે એનાથી મુરાદ ઝેહાર શબ્દની તક઼રાર (રીપીટેશન) છે, અને ઝેહારને પહેલાં કરી ચૂક્યો કે એ બુરી તથા જૂઠી વાત છે અને ثُمَّ يَعُوْدُوْنَ થી ઈશારો મળે છે કે એવું કરો તો જો એનાથી મુરાદ ઝેહાર શબ્દની તકરાર હોત તો લાઝિમ આવે છે કે અલ્લાહ તઆલાએ બુરી તથા જૂઠી વાતનો હુકમ આપ્યો છે. આ દાઊદ ઝાહિરીનો રદ છે જેમણે કહ્યું હતું قَوْلથી મુરાદ ઝેહારના શબ્દોની તક઼રાર છે.

**પ્રકરણ :"તલાક઼ તથા અન્ય મામલાઓમાં ઈશારાનું બયાન"** –(૭૯૭)

بَابُ الاشَارَةِ فِى الطَّلَاقِ وَالْاُمُوْرِ ص ٧٩٧

આમ ફકીહોએ ફર્માવ્યું કે તલાક઼ તથા અન્ય દીની મામલાઓમાં એવો નિર્દેશ (ઈશારો) જે તદન ઉઘાડો હોય, જેમાં કાંઈ છુપુ ન હોય વિશ્વસનીય છે, ચાહે તે ઈશારો તંદુરસ્ત કરે કે ગુંગો. એની દલીલ એ છે કે હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં એક હબ્શી બાંદી લાવવામાં આવી. તો હુઝૂરે તેને પૂછયું, અલ્લાહ ક્યાં છે ? તો તેણે આસ્માનની તરફ ઈશારો કર્યો. હુઝૂરે ફર્માવ્યું કે એને આઝાદ કરી દો એટલા માટે કે એ મો'મિન છે. જ્યારે ઈમાનમાં ઈશારો વિશ્વસનીય છે જે તમામ દયાનતદારીઓની અસ્લ (મૂળ) છે, તો સૌમાં એથી વિશેષ કક્ષાએ વિશ્વસનીય ગણાશે. ઈમામ માલિકે ફર્માવ્યું, ગુંગો તલાક઼નો ઈશારો કરે તો એને લાઝિમ છે. અને ઈમામ શાફઈએ ફર્માવ્યું, જે શખ્સની જીભ બીમારીના કારણે બગાડવાળી થઈ ગઈ તો તલાક઼ તથા રજઅતમાં ગુંગાની જેમ તેનો ઈશારો વિશ્વાસપાત્ર છે. અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા અને તેમના અસ્હાબે ફર્માવ્યું કે જો તે ઈશારો તલાક઼ કે નિકાહ, ખરીદ વેચાણમાં જાણીતો મશહૂર હોય અથવા એ રીતે ઈશારો કર્યો કે એમાં કોઈ શક ન હોય તો વિશ્વસનીય છે, અને જો એમાં શક હોય તો બાતિલ છે. અને આ ક઼યાસ નથી ઈસ્તિહસાન (ભલાઈના રૂપે) છે. એના પર ઈબ્ને મુન્ઝરે હઝરત ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ પર ખૂબ જ સખત લહેજામાં તઅરીઝ કરી છે કે એક તરફ તો ઈમામ અબૂ હનીફા ક઼યાસને હક્ક઼ માને છે અને પછી એના વિરૂધ્ધમાં ઈસ્તિહસાનને વિશ્વાસપાત્ર માને છે, એનો મતલબ એ થયો કે તે ક઼યાસને બાતિલ માને છે. અલ્લામા અયનીએ એ જ લહેજામાં એમને જવાબ આપ્યો, કેમ કે તે ક઼યાસ તથા ઈસ્તિહસાનના ફરક઼ને નથી સમજતા એટલા માટે તેમણે ઈમામે આ'ઝમ અબૂ હનીફા પર તઅરીઝ કરી. ક઼યાસ જલી હોય છે અને ક઼યાસે ખફીને ઈસ્તિહસાન કહે છે. ઈસ્તિહસાન પણ હક઼ીક઼તમાં ક઼યાસ જ છે, પરંતુ તે ક઼યાસ કરતાં અધિક બારીક હોય છે.

حدیث ۲۴۲۷ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ عَدَا يَهُوْدِىٌّ فِىْ عَهْدِ رَسُوْلِ اللّٰهِ

''હઝરત અનસ બિન માલિકથી રિવાયત છે કે એક યહૂદીએ રસૂલુલ્લાહ ﷺ ના [હદીષ : ૨૪૨૭]

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى جَارِيَةٍ فَاَخَذَ اَوْضَاحًا كَانَتْ عَلَيْهَا وَرَضَخَ

જમાનામાં એક બાળકી પર તઅદ્દી કરી, તેને પકડી અને તેનાં ઘરેણા લઈ લીધાં અને તેના માથાને પથ્થર વડે

رَاْسَهَا فَاَتٰى بِهَا اَهْلُهَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَهِىَ فِىْ اٰخِرِ

કચડી નાખ્યું. બાળકીના ઘરવાળાં બાળકીને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં લાવ્યાં. તે અંતિમ શ્વાસ લઈ

رَمَقٍ وَقَدْ اُصْمِتَتْ فَقَالَ لَهَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ

રહી હતી. તેનું બોલવું બંધ થઈ ચૂક્યું હતું. રસૂલુલ્લાહ ﷺ એ તેને પૂછયું, તને કોણે કત્લ કરી છે ? કાતિલ

قَتَلَكِ فُلَانٌ لِغَيْرِ الَّذِىْ قَتَلَهَا فَاَشَارَتْ بِرَاْسِهَا اَنْ لَا قَالَ فَفُلَانٌ

સિવાય બીજાં નામો લઈને પૂછયું, ફલાણાએ ? છોકરીએ ઈશારાથી બતાવ્યું, નહીં ! ફરી કાતિલ સિવાય બીજા

لِرَجُلٍ اٰخَرَ غَيْرِ الَّذِىْ قَتَلَهَا فَاَشَارَتْ اَنْ لَا فَقَالَ فَفُلَانٌ لِقَاتِلِهَا

કોઈનું નામ લઈને પૂછયું, ફલાણાએ ? છોકરીએ માથાના ઈશારાથી બતાવ્યું, નહીં ! પછી કાતિલનું નામ

فَاَشَارَتْ اَنْ نَعَمْ فَاَمَرَ بِهٖ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَرُضِخَ

લઈને પૂછયું, તો તેણે ઈશારાથી બતાવ્યું કે, હા ! હવે રસૂલુલ્લાહ ﷺ એ એ યહૂદીના બારામાં હુકમ

رَاْسُهٗ بَيْنَ حَجَرَيْنِ. ع

આપ્યો, તો એનું માથુ બે પથ્થરો વચ્ચે રાખીને કચડી નાખવામાં આવ્યું.''

(દિયાત, બાબુ મિન ઈકા બિ બહજર, મુસ્લિમ–હુદૂદ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–દિયાત)

بَابُ اللِّعَانِ وَقَوْلُ اللّٰهِ تَعَالٰى وَالَّذِيْنَ يَرْمُوْنَ اَزْوَاجَهُمْ وَلَمْ يَكُنْ لَّهُمْ شُهَدَاءُ اِلَّا اَنْفُسُهُمْ فَشَهَادَةُ اَحَدِهِمْ اَرْبَعُ شَهٰدٰتٍۢ بِاللّٰهِ اِنَّهٗ لَمِنَ الصّٰدِقِيْنَ ۝ وَالْخَامِسَةُ اَنَّ لَعْنَتَ اللّٰهِ عَلَيْهِ اِنْ كَانَ مِنَ الْكٰذِبِيْنَ وَيَدْرَؤُا عَنْهَا الْعَذَابَ اَنْ تَشْهَدَ

**પ્રકરણ : ''લિઆનનુ બયાન : અને જે લોકો પોતાની પત્નીઓ પર ઝિનાનો ઈલ્ઝામ લગાડે અને એમની પાસે પોતાના સિવાય કોઈ ગવાહ ન હોય, તો એવા શખ્સની ગવાહી એ છે કે ચાર વાર અલ્લાહના નામથી ગવાહી આપે કે તે સાચો છે, અને પાંચમી વખતે એ કે એના પર અલ્લાહની લઅનત થાય જો એ જૂઠો છે. અને સ્ત્રીથી સજા એ**

اَرْبَعَ شَهٰدٰتٍ بِاللّٰهِ اِنَّهٗ لَمِنَ الْكٰذِبِيْنَ وَالْخَامِسَةَ اَنَّ غَضَبَ اللّٰهِ عَلَيْهَا اِنْ كَانَ مِنَ الصّٰدِقِيْنَ- ص ۷۹۸

**રીતે ટળી જશે કે તેણી અલ્લાહનું નામ લઈને ચાર વાર ગવાહી આપે કે પુરૂષ જૂઠો છે, અને પાંચમી વાર એ કે ઔરત પર અલ્લાહનો ગઝબ છે જો મર્દ સાચો છે તો."**
*(નૂર-૯ થી ૬)-(૭૯૬)*

**સ્પષ્ટતા :** લિઆન બાબે મુફાએલાનું મસ્દર છે. એનો અર્થ એકબીજા પર લઅનત કરવું છે. અને શરીઅતની ઈસ્તેલાહમાં લિઆન એને કહે છે કે જો કોઈ પુરૂષ પોતાની પત્ની પર ઝિનાનો આક્ષેપ લગાડે અને ચાર ગવાહ ન પેશ કરી શકે અને બંનેવ અહલે શહાદતથી હોય અને સ્ત્રી કાઝીને ત્યાં માગણી કરે, તો કાઝી પ્રથમ પુરૂષથી ચાર વાર આ શબ્દોમાં ગવાહી અપાવશે : હું શહાદત (ગવાહી) આપું છું કે મેં આ સ્ત્રી પર જે ઝિનાની તોહમત લગાડી છે, ખુદાની કસમ ! હું એમાં સાચો છું. પછી પાંચમી વાર એવું કહે કે મારા પર ખુદાની લઅનત જો મેં એના પર જે ઝિનાની તોહમત લગાડી છે એમાં જૂઠો હોઉં ! અને દરેક વખતે "આ" શબ્દથી ઔરતની તરફ ઈશારો કરે. ત્યારબાદ કાઝી ચાર વખત ઔરતને એવું કહેવડાવે કે : હું શહાદત આપુ છું કે એણે મારા પર જે ઝિનાની તોહમત લગાડી છે, ખુદાની કસમ ! એ જૂઠો છે અને પાંચમી વાર એવું કહે કે મારા પર અલ્લાહનો ગઝબ થાય જો "આ" એ વાતમાં સાચો હોય જે મારા પર ઝિનાની તોહમત લગાડી છે. ત્યારબાદ કાઝી એ બંનેવમાં જુદાઈ કરાવી દેશે અને એ જુદાઈ તલાકે બાઈન થશે અને ઔરત પર ઈદ્દત છે, પતિ પર ઈદ્દતનું ભરણ પોષણ છે. લિઆન પછી જો કાઝીએ જુદાઈ ન કરી તો પણ એ સ્ત્રી સાથે વતી અને દવાઈ વતી (સંભોગ તથા સંભોગ પ્રતિ દોરી જનાર ચીજો) હરામ છે. લિઆન અને તફરીક (જુદાઈ) પછી ફરી તે સ્ત્રી સાથે નિકાહ નથી કરી શકતો જ્યાં સુધી બંનેવ લિઆનની પાત્રતા ધરાવતાં હોય. જો પતિ લિઆનથી ઈન્કાર કરે તો કાઝી પતિને કૈદ કરી દેશે, જ્યાં સુધી લિઆન ન કરે અથવા પોતે જૂઠો હોવાનો સ્વીકાર કરે.

## ★ ગુંગો પત્ની પર તોહમત લગાડે તો ★

فَاِذَا قَذَفَ الْاَخْرَسُ اِمْرَاَتَهٗ بِكِتَابَةٍ اَوْ اِشَارَةٍ اَوْ بِاِيْمَاءٍ مَعْرُوْفٍ فَهُوَ كَالْمُتَكَلِّمِ لِاَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَدْ اَجَازَ الْاِشَارَةَ فِى الْفَرَائِضِ وَهُوَ قَوْلُ بَعْضِ اَهْلِ الْحِجَازِ وَاَهْلِ الْعِلْمِ وَقَالَ اللّٰهُ تَعَالٰى فَاَشَارَتْ اِلَيْهِ قَالُوْا كَيْفَ نُكَلِّمُ مَنْ كَانَ فِى الْمَهْدِ صَبِيًّا وَقَالَ الضَّحَّاكُ اِلَّا رَمْزًا اِلَّا اِشَارَةً

જ્યારે ગુંગો પોતાની પત્ની પર ઝિનાની તોહમત લગાડે લખીને કે મશહૂર તથા જાણીતા ઈશારા થકી, તો તે વાત કરનારની જેમ છે. એટલા માટે કે નબી ﷺએ ફરાઈઝમાં ઈશારાની ઈજાઝત આપી. અને એ જ અમુક હિજાઝવાળાઓ તથા ઈલ્મવાળાઓનો કૌલ છે. અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, તો મરયમે બાળકની તરફ ઈશારો કર્યો. કૌમે કહ્યું, અમે એની સાથે કેવી રીતે વાત કરીએ જે પારણામાં બાળક છે.

અને સૂરએ આલે ઈમરાનમાં હઝરત મરયમના જ બનાવમાં છે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : اٰيَتُكَ اَنْ لَّا تُكَلِّمَ النَّاسَ ثَلٰثَةَ اَيَّامٍ اِلَّا رَمْزًا "તારી નિશાની એ છે કે તું ત્રણ દિવસ સુધી લોકો સાથે વાત નહીં કરી શકે પણ ઈશારાથી." ઈમામે ઝહાકે ફર્માવ્યું કે رَمْزًاથી મુરાદ ઈશારો છે.

**સ્પષ્ટતા :** ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે ગુંગો જો પોતાની પત્ની પર ઝિનાની તોહમત

લગાડે તો એના પર પણ લિઆન છે અને જો ઝિનામાં પડવાનો સ્વીકાર કરે તો ગુંગા પર પણ હદ છે. એની દલીલ એ છે કે જો જ્યારે ફરાઈઝમાં ઈશારો વિશ્વસનીય છે તો લિઆન અને હદમાં કેમ નહીં વિશ્વાસપાત્ર થાય ?! તે ફર્માવે છે કે જો કોઈ શખ્સ ક઼િયામ અથવા રુકૂઅ, સિજદા પર ક઼ાદિર નથી તો ઈશારાથી નમાઝ પઢી લે. બીજી દલીલ એ આપે છે કે હઝરત ઈસા علیہ السلام ની પેદાઈશના સમયે જ્યારે હઝરત મરયમની ક઼ૌમે તેમને પૂછયું, આ બાળક કેવી રીતે થઈ ગયું ? તો તેમણે બાળકની તરફ ઈશારો કર્યો. કૌમે એ ઈશારાને ક઼બૂલ કર્યો, અલ્બત્ત એ ઉઝર કર્યુ કે આટલા નાના બાળક સાથે અમે કેવી રીતે વાત કરીએ. તેમજ જ્યારે મોજિઝા રૂપે હઝરત મરયમને વાતચીત કરવાથી આજિઝ કરી દેવામાં આવ્યાં તો તે પોતાની વાત ઈશારામાં રજૂ કરતાં હતાં. જો ઈશારો વિશ્વસનીય ન હોત તો તે આવું શા માટે કરતાં ?!

وَقَالَ بَعْضُ النَّاسِ لَا حَدَّ وَلَا لِعَانَ ثُمَّ زَعَمَ إِنْ طَلَّقَوا بِكِتَابٍ أَوْ

*અને અમુક લોકોએ કહ્યું કે ગુંગા પર હદ તથા લિઆન નથી. પછી તેણે ગુમાન કર્યુ કે જો*

إِشَارَةٍ أَوْ إِيمَاءٍ جَازَ وَلَيْسَ بَيْنَ الطَّلَاقِ وَالْقَذْفِ فَرْقٌ فَإِنْ قَالَ

*લોકો પત્ર અથવા ઈશારાથી તલાક઼ આપે તો તે લાગુ છે. અને તલાક઼ તથા ક઼ઝફમાં કોઈ ફરક નથી.*

اَلْقَذْفُ لَا يَكُوْنُ إِلَّا بِكَلَامٍ قِيْلَ لَهُ كَذَالِكَ الطَّلَاقُ لَا يَكُوْنُ إِلَّا

*પછી જો એવું કહે કે ક઼ઝફ વિના વાત કર્યે નથી થતો તો એનાથી કહેવામાં આવશે કે તલાક઼ પણ વગર*

بِكَلَامٍ وَإِلَّا بَطَلَ الطَّلَاقُ وَالْقَذْفُ وَكَذَالِكَ الْعِتْقُ وَكَذَالِكَ

*વાત કર્યે નથી થતી, નહીં તો તલાક઼ તથા ક઼ઝફ બાતિલ થઈ જશે. એ જ પ્રમાણે ઈત્ક઼ પણ અને*

الْاَصَمُّ يُلَاعِنُ۔

*એ જ પ્રમાણે બહેરો પણ લિઆન કરશે.*

**સ્પષ્ટતા** : એ અહનાફ પર તઅરીઝ છે કે આપણે ત્યાં ગુંગા પર ન હદ છે ન લિઆન છે. હઝરત ઈમામ બુખારી હનફીઓને ઈલ્ઝામ આપે છે કે જો ગુંગો તલાક઼ લખી દે અને તલાક઼ના માટે કોઈ એવો સ્પષ્ટ ઈશારો કરી આપે જેનાથી તલાક઼ કોઈ શંકા વગર સમજવામાં આવતી હોય તો તલાક઼ પડી જશે. તલાક઼ અને ક઼ઝફમાં શું ફરક઼ છે કે ગુંગાની તલાક઼ લાગુ પડે અને ઝિનાની તોહમત લગાડે તો એના પર કાંઈ નહીં ?!

اقول وبالله التوفيق (હું અલ્લાહની તૌફીકથી કહું છું) : આ બંનેવમાં સ્પષ્ટ ફરક છે. હદો શંકાથી સાકિત થઈ (ઉઠી) જાય છે. તિર્મિઝીમાં છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું :–

ادرؤا الحدود عن المسلمين ما استطعتم فان كان له مخرج فخلوا سبيله فان الامام ان يخطئ فى العفو خير من ان يخطئ فى العقوبة۔ ؎

જ્યાં સુધી બની શકે મુસલમાનોથી હદોને દૂર કરો. જો એના માટે કોઈ મખરજ હોય તો એનો રસ્તો ખાલી કરી દો. એટલા માટે કે ઈમામ (હાકિમ) માફ કરવામાં ખતા કરે એ એનાથી બેહતર છે કે સજામાં ખતા કરે. *(તિર્મિઝી ૧/૧૭૧)*

ઈમામ તિર્મિઝીએ આ હદીષને બે તરીક઼ાઓથી રિવાયત કરી છે. એકમાં યઝીદ બિન ઝિયાદ દમિશ્કી છે. આ તરીક઼ામાં એ હદીષ મરફૂઅ છે. બીજામાં ઝીયાદ કૂફી છે. આ તરીક઼ાની રિવાયતને કહ્યું કે મરફૂઅ નથી. અને આ રિવાયતને અસ્સહ કહી. યઝીદ બિન ઝિયાદ દમિશ્ક઼ીને ઝઈફ બતાવ્યો.

જો આ હદીષને મૌકૂફ પણ માનવામાં  આવે તો એ મરફૂઅના હુકમમાં છે. એટલા માટે કે એ ما لا يدرك الاّ بالسمع ના ક઼બીલાથી છે. ગુંગો કેટલો પણ સ્પષ્ટ ઈશારો કરે ઝિનાની એવી સ્પષ્ટ સરખામણી (તાબીર) નથી કરી શકતો જેમાં કોઈ શંકા બાકી ન રહે. અને એવો જ હાલ લિઆનનો પણ છે કે એમાં પણ શર્ત છે કે પતિ પોતાની પત્ની પર સ્પષ્ટ ઝિનાનો આક્ષેપ લગાડે. તદ્ ઉપરાંત લિઆનમાં એ પણ શર્ત છે કે ગુંગો ઈશારાથી શહાદત નથી આપી શકતો, એટલા માટે એના પર એકમતિ છે કે કોઈ મામલામાં ગુંગાની ગવાહી સ્વીકાર્ય નથી. એટલા માટે કિનાયતન ઝિનાનો આક્ષેપ કરવાથી ન ક઼ઝફ છે ન લિઆન, તલાક઼થી ઉલ્ટુ. એટલા માટે તલાક઼ના માટે જે શબ્દ વાપરવામાં આવ્યો તે જો ઉર્ફમાં તલાક઼ના માટે વપરાતો શબ્દ છે તો તલાક઼ પડી જશે. તમે ખુદ તલાક઼ શબ્દને લઈ લો, એનો અર્થ શબ્દકોશમાં છોડવું છે. બલ્કે બોલચાલમાં ક્યારેક છોડવાના અર્થમાં બોલવામાં આવે છે. પણ ઉર્ફમાં સ્ત્રી તરફ નિસ્બત કરીને આ શબ્દ બોલવામાં આવે છે તો એનાથી સ્પષ્ટ તલાક઼ મુરાદ લેવામાં આવે છે. એટલે બીજા અર્થનો એહતેમાલ રાખીને તલાક઼નો હુકમ આપવામાં આવે છે, ભલે એ એહતેમાલના કારણે કે એનો શાબ્દિક અર્થ છોડવું છે, શરઈ અર્થની નિશ્ચિતતામાં એક પ્રકારની શંકા પેદા થઈ ગઈ. અને એ જ કારણે કિનાઈ શબ્દોથી તલાક઼ લાગુ પડી જાય છે, **બલ્કે કોઈએ હંસી મજાકરૂપે તલાક઼ આપી તો લાગુ થઈ જાય છે.** હઝરત ઈમામ બુખારીએ અહનાફને ઈલ્ઝામ આપ્યો કે જો હનફીઓ એવું કહે કે ક઼ઝફ કેવળ વાતથી જ થશે, તેમને કહેવામાં આવશે કે તલાક઼ પણ વિના કલામ (બોલચાલ) નહીં થાય.

اقول وبالله التوفيق : **હું કહુ છું અલ્લાહની તૌફીક઼થી** : અમને કુલ્લિયતન (સંપૂર્ણપણે) એ સ્વીકાર્ય નથી કે તલાક઼ વાણી (કલામ) વિના લાગુ નથી થતી. એ ખાસ છે એ શખ્સના માટે જે બોલવા માટે શક્તિમાન છે. એનો સાર એ છે કે કોઈએ પોતાના જીવમાં (મનમાં) વગર અવાજે તલાક઼ આપી તો લાગુ થશે નહીં. જરૂરી છે કે એટલા અવાજથી તલાક઼ આપે કે કમસે કમ ખુદ સાંભળી શકે. ગુંગાના માટે એ હુકમ નથી, તેના માટે એ જ પૂરતું છે કે તે તલાક઼ના ભાવાર્થને એવા ઈશારા વડે અદા કરી આપે જેનાથી દરેક શખ્સ સમજી લે કે તે તલાક઼ આપી રહ્યો છે. એટલુ કહી શકાય છે કે તલાક઼ લાગુ થવા માટે એ જરૂરી છે કે તલાક઼ આપનાર તલાક઼ના ભાવાર્થને એ રીતે જાહેર કરી આપે કે જેને સંબોધન થઈ રહ્યું છે તે સમજી જાય, જો બોલવા માટે શક્તિમાન છે તો વાણી (કલામ) થકી અને જો બોલવાની શક્તિ નથી ધરાવતો તો ઈશારા થકી.

ت ٦٨٤ وقال الشعبى وقتادة اذا قال انت طالق فاشار باصابعه

*''અને શઅબી તથા ક઼તાદાએ કહ્યું, જ્યારે કોઈએ કહ્યું કે તને તલાક઼ અને પોતાની* **[તઅલીક઼ : ૬૮૪]**

تبين باشارته -

*આંગળીઓ વડે ઈશારો કર્યો તો એના ઈશારા મુજબ તલાક઼ે બાઈન થઈ જશે.''*

**તઅલીક઼ : ૬૮૪ની સમજૂતી** એટલે ત્રણ આંગળીઓ વડે ઈશારો કર્યો તો ત્રણ તલાક઼ પડી જશે. એ જ પ્રમાણે જો બે આંગળીઓથી ઈશારો કર્યો તો બે અને એક આંગળી વડે ઈશારો કર્યો તો એક તલાક઼ પડી જશે.

ت ٦٨٥ وَقَالَ إِبْرَاهِيمُ الْأَخْرَسُ إِذَا كَتَبَ الطَّلَاقَ بِيَدِهِ لَزِمَهُ
[તઅલીક઼ : ૬૮૫]

*"અને ઈબ્રાહીમે કહ્યું કે જ્યારે ગુંગો પોતાના હાથ વડે તલાક઼ લખે તો એના પર લાઝિમ થઈ જશે."*

**★ ગુંગો તથા બહેરો ઈશારો કરે તો ★**

ت ٦٨٦ وَقَالَ حَمَّادُ الْأَخْرَسُ وَالْأَصَمُّ إِنْ قَالَ بِرَأْسِهِ جَازَ

*"અને હમ્માદે કહ્યું કે ગુંગો તથા બહેરો જો પોતાના માથાથી ઈશારો કરે તો જાઈઝ છે."* **[તઅલીક઼ : ૬૮૬]**

## તઅલીક઼ : ૬૮૬ની સમજૂતી

હઝરત હમ્માદ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہના ઉસ્તાદ છે. હઝરત ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે ઉસ્તાદ ગુંગાના ઈશારાને તો વિશ્વસનીય જાણે છે અને શાગિર્દ એનાથી ઈન્કાર કરે છે ! આ આક્ષેપ કેટલો બાળપણા જેવો છે ! જાહેર છે હઝરત હમ્માદે એવું ક્યાં ફર્માવ્યું છે કે દરેક મામલામાં ગુંગાનો ઈશારો સ્વીકાર્ય છે અને હઝરત ઈમામે આ'ઝમ એવું ક્યાં ફર્માવે છે કે ઈશારો ક્યાંય પણ સ્વીકાર્ય નથી. મતભેદ હદો (શિક્ષાઓ) તથા લિઆનના બારામાં છે. જો હઝરત ઈમામ બુખારી જાહેરી હયાતમાં હોતે તો હું એમને પૂછતો કે શું ગુંગાની ગવાહી સ્વીકાર્ય છે, ખાસ કરીને ઝિનાના પ્રકરણમાં ?

ત્યારબાદ ઈમામ બુખારીએ ઈશારાના સ્વીકાર્ય હોવાના બારામાં પાંચ હદીષો વર્ણવી પણ એ હદીષથી આપણા પર આક્ષેપ ત્યારે થશે જ્યારે આપણે કોઈ પણ મોક઼ા પર ઈશારાને વિશ્વસનીય ન જાણીએ. જ્યારે આપણે ખુદ સિવાય ખાસ અહકામના સેંકડો જગાએ ઈશારાનુ વિશ્વસનીય માનીએ છીએ તો હદીષોથી આપણા પર કઈ રીતે આક્ષેપ થશે ?

**★ યતીમની કફ઼ાલત કરનારને બશારત ★**

حديث ٢٤٢٨ عَنْ سَهْلٍ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَا وَ

*"હઝરત સહલ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હું અને યતીમની* **[હદીષ : ૨૪૨૮]**

كَافِلُ الْيَتِيمِ فِي الْجَنَّةِ هٰكَذَا وَأَشَارَ بِالسَّبَّابَةِ وَالْوُسْطَى وَفَرَّجَ بَيْنَهُمَا شَيْئًا

*કફ઼ાલત કરનાર જન્નત આવી રીતે રહીશું. કલ્માની તથા વચલી આંગળીઓ વડે ઈશારો કર્યો*

*અને એ બે વચ્ચે કાંઈક અંતર રાખ્યું." (૨/૮૮૮ અદબ ફ઼દ્‌લ મિન્ યઉલિલ યતીમ, તિર્મિઝી-બિર્)*

**પ્રકરણ : "જ્યારે પુત્રના ઈન્કાર કરવાની તઅરીઝ કરે"** -(૭૯૯)

بَابُ إِذَا عَرَّضَ بِنَفْيِ الْوَلَدِ
ص ٧٩٩

**સ્પષ્ટતા :** એટલે જો કોઈ કિનાયતન (ઈશારાથી) એવું કહે કે, "આ પુત્ર મારો નથી," તો એના પર લિઆન છે કે નથી ? જે હદીષ લાવ્યા છે એનાથી એ સાબિત છે કે લિઆન નથી.

حدیث ۲۴۲۹ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَجُلًا اَتَی النَّبِیَّ صَلَّی اللّٰهُ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સ નબી ﷺ ની ખિદમતમાં **[હદીષ : ૨૪૨૯]**

عَلَیْهِ وَسَلَّمَ فَقَالَ یَا رَسُوْلَ اللّٰهِ وُلِدَ لِیْ غُلَامٌ اَسْوَدُ فَقَالَ هَلْ لَكَ مِنْ اِبِلٍ

હાજર થયો અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મારે એક કાળા રંગનું બાળક પેદા થયું છે. ફર્માવ્યું, શું તારી પાસે

قَالَ نَعَمْ قَالَ فَمَا اَلْوَانُهَا قَالَ حُمْرٌ قَالَ هَلْ فِیْهَا مِنْ اَوْرَقَ قَالَ نَعَمْ قَالَ

થોડાક ઊંટો છે ? અર્ઝ કરી, હા ! પૂછયું, તેમના શું રંગો છે ? તેણે કહ્યું, લાલ છે. પૂછયું, એમાં કોઈ માટી કલરનું

فَاَنّٰی ذٰلِكَ قَالَ لَعَلَّهٗ نَزَعَهٗ عِرْقٌ قَالَ فَلَعَلَّ ابْنَكَ هٰذَا نَزَعَهٗ عِرْقٌ

પણ છે ? તેણે અર્ઝ કરી કે, છે. ફર્માવ્યું, એ ક્યાંથી આવી ગયું ? અર્ઝ કરી, કદાચ કોઈ રગ છટકી હોય. ફર્માવ્યું,

શક્ય છે તમારો પુત્ર પણ છટકેલી રગનો હોય.'' (૨/૧૦૧૨ મુહારિબીન, બાબુત્તઅરીઝ, ૨/૧૦૮૮ એઅ્તિસામ)

**હદીષ : ૨૪૨૯ની સમજૂતી**

હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہને અલ્લાહ ﷻ અહનાફ (હનફીઓ)ની તરફથી બેહતરીન બદલો આપે. આ હદીષથી સાબિત થયું કે જો પત્ની પર સ્પષ્ટપણે ઝિનાની તોહમત ન લગાડવામાં આવી હોય, તઅરીઝન્ (ઈશારામાં) હોય તો લિઆન નથી. ગુંગો ગમે તેટલો સ્પષ્ટ ઈશારો કરશે પણ તઅરીઝથી આગળ વધી શકશે નહીં.

**પ્રકરણ : ''નબી ﷺના આ ઈર્શાદનું બયાન કે જો હું કોઈને વિના બય્યિના રજ્મ કરતો તો આને કરતો.''** –(૮૦૦)

بَابُ قَوْلِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَوْ كُنْتُ رَاجِمًا بِغَیْرِ بَیِّنَةٍ ص ۸۰۰

حدیث ۲۴۳۰ عَنِ الْقَاسِمِ بْنِ مُحَمَّدٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ ની **[હદીષ : ૨૪૩૦]**

عَنْهُمَا اَنَّهٗ ذُكِرَ التَّلَاعُنُ عِنْدَ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَقَالَ

સામે તલાઉન (લિઆન)નો ઉલ્લેખ થયો તો આસિમ બિન અદીએ એના બારામાં કાંઈક કહ્યું, પછી તે પોતાના

عَاصِمُ بْنُ عَدِیٍّ فِیْ ذٰلِكَ قَوْلًا ثُمَّ انْصَرَفَ فَاَتَاهُ رَجُلٌ مِّنْ قَوْمِهٖ

ઘરે ગયા. તેમની પાસે તેમની કૌમનો એક શખ્સ આવ્યો, તેણે તેમને એ શિકાયત કરી કે તેણે પોતાની પત્ની

يَشْكُوْا إِلَيْهِ أَنَّهُ قَدْ وَجَدَ مَعَ إِمْرَأَتِهِ رَجُلاً فَقَالَ عَاصِمٌ مَا ابْتُلِيْتُ

સાથે એક શખ્સને (ઝિના કરતાં) જોયો છે. આ સાંભળીને આસિમે કહ્યું, હું એમાં મારી એ વાતના કારણે

بِهٰذَا إِلَّا لِقَوْلِيْ فَذَهَبَ بِهِ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبَرَهُ

મુબ્તિલા કરવામાં આવ્યો છું. આસિમ એ શખ્સને લઈને નબી ﷺ ની ખિદમતમાં હાજર થયા અને હુઝૂરને

بِالَّذِيْ وَجَدَ عَلَيْهِ إِمْرَأَتَهُ وَكَانَ ذَالِكَ الرَّجُلُ مُصْفَرًّا قَلِيْلَ اللَّحْمِ

એ વાત દર્શાવી. અને એ શખ્સ પીળા રંગના, દૂબળા પાતળા, સીધા વાળવાળા હતા, અને જેના પર ઈલ્ઝામ

سَبِطَ الشَّعْرِ وَكَانَ الَّذِيْ ادَّعٰى عَلَيْهِ أَنَّهُ وَجَدَهُ عِنْدَ أَهْلِهِ خَدِلاً

લગાડયો હતો તે ભરેલી પિંડલીઓવાળો, ઘઉંવર્ણો, જાડો હતો. નબી ﷺ એ ફર્માવ્યું, હે અલ્લાહ ! વાતને

آدَمَ كَثِيْرَ اللَّحْمِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَللّٰهُمَّ بَيِّنْ

ઉઘાડી કરી આપ ! તે ઔરતને જે પુત્ર પેદા થયો તે શખ્સના જેવો હતો જેના બારામાં એ ઔરતના પતિએ કહ્યું

فَجَاءَتْ شَبِيْهًا بِالرَّجُلِ الَّذِيْ ذَكَرَ زَوْجُهَا أَنَّهُ وَجَدَهُ فَلَاعَنَ

હતું કે એને મારી પત્ની સાથે જોયો છે. નબી ﷺ એ તે બંનેવની વચ્ચે લિઆન કર્યું. મજલિસમાં બેઠેલા એક

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنَهُمَا قَالَ رَجُلٌ لِابْنِ عَبَّاسٍ فِي

શખ્સે હઝરત ઈબ્ને અબ્બાસને પૂછયું, શું આ જ તે સ્ત્રી છે જેના બારામાં નબી ﷺ એ ફર્માવ્યું છે. જો હું

الْمَجْلِسِ هِيَ الَّتِيْ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَوْ رَجَمْتُ أَحَدًا

કોઈને બય્યિના વિના સંગસાર કરતો તો આને કરતો? ફર્માવ્યું, નહીં ! આ સ્ત્રી નહીં. તે સ્ત્રી ઈસ્લામમાં

بِغَيْرِ بَيِّنَةٍ رَجَمْتُ هٰذِهِ فَقَالَ لَا تِلْكَ الْمَرْأَةُ كَانَتْ تُظْهِرُ فِي الْإِسْلَامِ السُّوْءَ

એલાનિયા બુરાઈ જાહેર કરતી હતી."

(૨/૮૦૧ બાબુ અલ્લાહુમ્મ બય્યિન, ૨/૧૦૧૩ મુહારિબીન, બાબુ મન અઝહરલ્ ફાહિશત,
૨/૧૦૭૫ તમન્ની બાબુ માતજૂરુ, મુસ્લિમ–લિઆન, નિસાઈ–તલાક રજ્મ)

**હદીષ : ૨૪૩૦ની સમજૂતી** ★ **હઝરત આસિમ બિન અદી** رضی اللہ عنہ ★

હઝરત આસિમ બિન અદી رضی اللہ عنہ ઘણા જ જલીલુલ કદર સહાબી હતા. ઓહદ, ખંદક તથા સર્વ જંગોમાં શરીક રહ્યા. ગઝવએ બદરમાં જંગના મેદામાં હાજર ન હતા. કેમ કે હુઝૂરે અક્દસ ﷺ એ તેમને કુબા તથા મદીનાની આસપાસ પર પોતાના નાયબપણા હેઠળ હાકિમ બનાવ્યા હતા. એટલા માટે એમની ગણના અસ્હાબે

બદરમાં છે. અને હુઝૂરે અક્દસ ﷺએ બદરના માલે ગનીમતમાંથી હિસ્સો પણ અતા કર્યો હતો. લગભગ ૧૨૦ વરસની ઉમર પામ્યા.

اَلتَّلَاعُنُ હજી લિઆનની આયતો નાઝિલ થઈ ન હતી અને ન અરબવાસીઓ લિઆનથી વાકેફ હતા એટલા માટે એનાથી મુરાદ લિઆનનો સબબ છે. એટલે એવો ઉલ્લેખ થયો હશે કે જો કોઈ શખ્સ કોઈને પોતાની પત્નીની સાથે ઝિના કરતાં જુએ તો શું હોવું જોઈએ ? કેમ કે રાવી લિઆનનો શરઈ હુકમ જાહેર થયા બાદ રિવાયત કરી રહ્યા છે એના કારણે એમણે તલાઉન કહી દીધું.

قَوْلًا : તેમણે એવું કહી આપ્યું હતું કે જો તે પોતાની પત્ની સાથે કોઈને જોશે તો તેને તલ્વાર મારીને ખતમ કરી દેશે. કેમ કે ક્થનમાં ગૈરતની સખ્તીના કારણે એક ખુન્નસ ટપકી રહેલ છે એટલા માટે અલ્લાહ તઆલાને એ વાત પસંદ ન આવી. હઝરત આસિમ બિન અદી رضی اللہ عنہએ જે એવું ફર્માવ્યું કે હું એમાં સપડાવવામાં આવેલો છું. જયારે કે ક્સ્સિો ઉવૈમર બિન અમ્રનો હતો, કેમ કે હઝરત આસિમની પુત્રી અથવા તેમની ભત્રીજી હઝરત ઉવૈમરના નિકાહમાં હતાં, જેમનો આ ક્સ્સિો છે. તેમનું નામ ખૌલા હતું.

قَالَ رَجُلٌ : એ પૂછનારા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને શદ્દાદ رضی اللہ عنہ હતા જેવું કે બુખારીની કિતાબુલ હુદૂદ વગેરેની રિવાયતોમાં છે.

## પ્રકરણ : "જે સ્ત્રી સાથે લિઆન કરવામાં આવ્યું એના મહેરનું વર્ણન." –(૮૦૦)

بَابُ صُدَاقُ الْمُلَاعَنَةِ
ص ۸۰۰

حدیث ۲۴۳۱

عَنْ سَعِيْدِ بْنِ جُبَيْرٍ قَالَ قُلْتُ لِابْنِ عُمَرَ رَجُلٌ قَذَفَ اِمْرَاَتَهُ

*"સઈદ બિન જુબૈર رضی اللہ عنہથી રિવાયત છે કે મેં ઈબ્ને ઉમરને પૂછ્યું કે એક શખ્સે* **[હદીષ : ૨૪૩૧]**

فَقَالَ فَرَّقَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ اَخَوَىْ بَنِي الْعَجْلَانِ وَ

*પોતાની પત્ની પર ઝિનાનો આક્ષેપ મૂક્યો. (એનો શું હુકમ છે ?) ઈબ્ને ઉમરે કહ્યું કે નબી ﷺએ બની*

قَالَ اللّٰهُ يَعْلَمُ اَنَّ اَحَدَكُمَا كَاذِبٌ فَهَلْ مِنْكُمَا تَائِبٌ فَاَبَيَا وَقَالَ اللّٰهُ

*અજલાનના બે શખ્સોની વચ્ચે જુદાઈ કરી આપી અને ફર્માવ્યું, અલ્લાહ તઆલા જાણે છે કે તમારામાંથી એક*

يَعْلَمُ اَنَّ اَحَدَكُمَا كَاذِبٌ فَهَلْ مِنْكُمَا تَائِبٌ فَاَبَيَا فَفَرَّقَ بَيْنَهُمَا

*જરૂર જૂઠો છે, તો શું તમારા બેમાંથી કોઈ પોતાના કૌલથી રુજૂઅ (કથન પાછુ લે) કરે છે ? બંનેવે રુજૂઅ કરવાની*

قَالَ اَيُّوْبُ فَقَالَ لِي عَمْرُو بْنُ دِيْنَارٍ اَنَّ فِي الْحَدِيْثِ شَيْئًا لَا اَرَاكَ تُحَدِّثُ

*ના પાડી. એના પર નબી ﷺએ એ બંનેવની વચ્ચે જુદાઈ કરી આપી. ઐયૂબે કહ્યું કે મને અમ્ર બિન દીનારે*

قَالَ قَالَ الرَّجُلُ مَالِي قَالَ قِيْلَ لَا مَالَ لَكَ اِنْ كُنْتَ صَادِقًا فَقَدْ دَخَلْتَ

*કહ્યું, હદીષમાં કાંઈક બીજુ છે જેને તમે વર્ણવતા નથી, તે એ છે કે એ શખ્સે કહ્યું, મારો માલ. કહેવામાં આવ્યું,*

## بِهَا وَاِنْ كُنْتَ كَاذِبًا فَهُوَ اَبْعَدُ مِنْكَ ع

*તારો માલ તને નહીં મળે, જો તું સાચો છે તો તેં એની સાથે દખૂલ કરી લીધું, અને જો તું જૂઠો છે તો માલ તલબ કરવું બહુ દૂર છે. (એનાથી મુત્તસિલ ૨/૮૦૫ બાબુલ મહર લિલ્ મદખૂલ અલૈહા, બાબુલ મોત્અહ)*

**હદીષ : ૨૪૩૧ની સમજૂતી** લિઆન પછી સ્ત્રી મહેરની મુસ્તહિક઼ છે કે નહીં ? એના બારામાં આપણો મઝહબ એ છે કે જો તે સ્ત્રી મદખૂલબિહા (સંભોગવાળી) છે તો મહરના પાત્ર છે, અને જો મદખૂલબિહા નથી તો અપાત્ર છે. આ હદીષ હઝરત સઈદ બિન જુબૈરથી બે બુઝુર્ગોએ રિવાયત કરી. એક ઐયૂબ સખ્તયાની એ જે ટૂંકમાં فَفَرَّقَ بَيْنَهُمَا સુધી છે. બીજા અમ્ર બિન દીનારે. એમની રિવાયતમાં વધારો છે. જે રિવાયત અમે વર્ણવી છે એમાં આ પ્રમાણે છે : قِيلَ لَا مَالَ لَكَ એટલે જ્યારે એ શખ્સે એવું અર્ઝ કર્યું, મારો માલ. એટલે જે મહેર મેં આપી છે તે મને મળવી જોઈએ. قِيلَ لَا مَالَ لَكَ એના જવાબમાં કહેવામાં આવ્યું, તારા માટે માલ નથી. કહેનારનું નામ અધ્યાહન (છુપુ) છે. પરંતું અમ્ર બિન દીનારની રિવાયતમાં બલ્કે બાબુલ મહર લિલ્મદખૂલ અલૈહામાં ખુદ ઈસ્માઈલના તરીક઼ાથી જ રિવાયતમાં સ્પષ્ટતા છે કે એના કહેનાર ખુદ હુઝૂર ﷺ છે.

قَالَ بین اخوی بنی عجلان લિઆન કરનારાં પતિ પત્ની હતાં. પતિનું નામ ઉવૈમર બિન અમ્ર અને પત્નીનું નામ ખૌલા હતું. તેમને ભાઈ એ કારણે કહેવામાં આવ્યા કે અરબવાસીઓ ક્યારેક અખ (ભાઈ) બોલીને વ્યક્તિ મુરાદ લે છે. જેમ કે : اخوتمیم، اخوقریش બોલે છે. મુરાદ થાય છે, ક઼બીલા તમીમની વ્યક્તિ, ક઼બીલા કુરૈશની વ્યક્તિ.

ثَلٰثَ مَرَّاتٍ : અમે જે મતન (અસલ લખાણ) લીધું છે એમાં فَهَلْ مِنْكُمَا تَائِبٌ કેવળ બે વાર છે. પણ સુફયાન ઈબ્ને ઓયૈનાના તરીક઼ાથી હઝરત અમ્ર બિન દીનારની રિવાયતમાં ثلاث مَرَّات છે. એટલે ત્રણવાર એવું ફર્માવ્યું હતું. જાહેર એ છે કે આ ઈર્શાદ લિઆનથી પહેલાંનો છે.

قَالَ سُفْيَانُ حَفِظْتُهُ مِنْ عَمْرٍو وَاَيُّوبَ كَمَا اَخْبَرْتُكَ સુફયાને કહ્યું, મેં આ હદીષને અમ્ર બિન દીનાર તથા ઐયૂબ બંનેવથી આવી જ સાંભળી છે જેવી કે મેં તને ખબર આપી.

### ★ નાબાલિગા તથા આઈસાની ઈદ્દત ત્રણ મહિના ★

بَابُ قَوْلِهٖ وَاللّٰٓئِىْ يَئِسْنَ مِنَ الْمَحِيْضِ مِنْ نِّسَائِكُمْ اِنِ ارْتَبْتُمْ فَعِدَّتُهُنَّ ثَلٰثَةُ اَشْهُرٍ وَّاللّٰٓئِىْ لَمْ يَحِضْنَ ص ۸۰۱

**પ્રકરણ : "અને તમારી સ્ત્રીઓમાં જેમને હૈઝની ઉમ્મીદ ન રહી જો તમને કાંઈ શક હોય તો એમની ઈદ્દત ત્રણ મહિના છે, અને એમની જેમને હજી હૈઝ નથી આવ્યું."**–*(સૂ. તલાક઼ આ. ૪)–(૮૦૧)*

**સમજૂતી** : નાબાલિગા અને તે સ્ત્રી જે બાલિગ વય સુધી પહોંચી ચૂકી છે પણ હજી તેને માસિક (હૈઝ) નથી આવ્યું તથા તે વૃધ્ધ સ્ત્રીઓ જેમને વૃધ્ધાવસ્થાના કારણે હૈઝ બંધ થઈગયું છે અને હવે એ આશા ન રહી કે હૈઝ આવશે એ સૌની ઈદ્દત ત્રણ મહિના છે.

اِنِ ارْتَبْتُمْ જો તમને કાંઈ શંકા હોય, એનાથી મુરાદ એ છે કે તેમના એહકામમાં શક હોય. એના માટે

ક઼રીના શાને નુઝૂલ છે. જ્યારે આયતે કરીમા وَالْمُطَلَّقَاتُ يَتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ ثَلَاثَةَ قُرُوْءٍ નાઝિલ થઈ એટલે જે સ્ત્રીઓને તલાક઼ આપવામાં આવી તે પોતાને ત્રણ હૈઝ રોકી રાખે. તો સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હૈઝવાળીઓની ઈદ્દત અમને જણાય ગઈ, જે સ્ત્રીઓ હૈઝવાળી ન હોય એમની ઈદ્દત અમને ખબર નથી. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ :–

قَالَ مُجَاهِدٌ فَاِنْ لَمْ تَعْلَمُوْا يَحِضْنَ اَوْلَا يَحِضْنَ وَاللَّاتِى قَعَدْنَ عَنِ الْحَيْضِ وَاللَّاتِى لَمْ يَحِضْنَ فَعِدَّ تُهُنَّ ثَلَاثَةُ اَشْهُرٍ

અને ઈમામ મુજાહિદે કહ્યું, તે સ્ત્રીઓ જેમના બારામાં તમને ખબર નથી કે તેમને હૈઝ આવી રહ્યું છે કે નહીં, અને તે સ્ત્રીઓ જે હૈઝથી માયૂસ થઈ ચૂકી છે, અને તે સ્ત્રીઓ જેમને હૈઝ નથી આવતું, શું એ સૌની ઈદ્દત ત્રણ હૈઝ છે ?

## ★ તલાક઼વાળીની ઈદ્દત ★

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى وَالْمُطَلَّقٰتُ يَتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ ثَلٰثَةَ قُرُوْءٍ .

**પ્રકરણ : "જે સ્ત્રીઓને તલાક઼ થઈ તે પોતાની જાતને ત્રણ હૈઝ સુધી રોકેલી રહે."** *–(૮૦૨)*

**સ્પષ્ટતા :** قُرُوْءٍ અઝદાદમાંથી છે, એનો અર્થ હૈઝ પણ છે અને તહર (પાકીનો ગાળો) પણ છે. આપણે ત્યાં મુરાદ હૈઝ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہને ત્યાં એનાથી મુરાદ તહર છે. દરેકની દલીલો તેમના મઝહબની કિતાબોમાં મૌજૂદ છે.

---

ت ٦٨٧ وَقَالَ اِبْرَاهِيْمُ فِيْمَنْ تَزَوَّجَ فِى الْعِدَّةِ فَحَاضَتْ عِنْدَهٗ ثَلَاثَ حِيَضٍ بَانَتْ مِنَ الْاَوَّلِ وَلَا يَحْتَسِبُ بِهٖ لِمَنْ بَعْدَهٗ وَقَالَ الزُّهْرِىُّ يَحْتَسِبُ وَهٰذَا اَحَبُّ اِلٰى سُفْيَانَ يَعْنِىْ قَوْلَ الزُّهْرِىِّ

---

**[તઅલીક઼ : ૬૮૭]** *"અને ઈબ્રાહીમે કહ્યું, એના બારામાં જેણે ઈદ્દતમાં નિકાહ કર્યો અને તેની પાસે તેને ત્રણ હૈઝ આવી ગયાં તો પ્રથમ પતિના નિકાહથી નીકળી ગઈ અને આ હૈઝ બાદવાળાની ઈદ્દતમાં ગણાશે નહીં. અને ઝુહરીએ કહ્યું, ગણાશે (ઈદ્દતમાં). અને આ જ એટલે ઈમામ ઝુહરીનો ક઼ૌલ સુફ઼યાન થૌરીને અધિક પસંદ હતો."*

---

**તઅલીક઼ : ૬૮૭ની સમજૂતી** **★ કોઈ સ્ત્રીએ ઈદ્દતમાં નિકાહ કર્યા તો ? ★**

એના પર એકમતિ છે કે ઈદ્દતમાં નિકાહ ફ઼ાસિદ છે, **જો કોઈ ઈદ્દતમાં નિકાહ કરે તો તે બંનેવને એકબીજાથી અલગ કરી દેવું ફ઼ર્ઝ છે.** હવે મસ્અલાની સ્થિતિ આ પ્રમાણે થઈ કે ઝયદે શહરબાનુને તલાક઼ આપી. શહરબાનુએ ઈદ્દતની અંદર જ કાઝિમથી નિકાહ કરી લીધા. નિકાહ પછી કેટલાક દિવસ તેણી કાઝિમની પાસે રહી પછી બંનેવને અલગ કરી દેવામાં આવ્યાં. આ ખાસ સ્થિતિમાં હઝરત ઈબ્રાહીમ નખઈ ફ઼ર્માવે છે કે કાઝિમની પાસે શહરબાનુને ત્રણ હૈઝ આવી ગયાં તો ઝયદના નિકાહથી નીકળી ગઈ અને ઈદ્દત પૂરી થઈ ગઈ. હવે જો કાઝિમ તથા શહરબાનુમાં જુદાઈ થઈ તો આ ત્રણ હૈઝ કાઝિમની ઈદ્દતમાં ગણવામાં આવશે નહીં : બલ્કે શહરબાનુએ એના માટે મુસ્તક઼િલ (અલગથી) ઈદ્દત પસાર કરવી પડશે. જેનો સાર એ નીકળ્યો કે હઝરત ઈબ્રાહીમ નખઈ ઈદ્દતમાં તદાખુલના માનનારા ન હતા, ઈમામ ઝુહરી માનનારા હતા, અને સુફ઼યાન થૌરી પણ માનનારા હતા. અને આપણે ત્યાં પણ તદાખુલે ઈદ્દતૈન (બે ઈદ્દતો ભેગી માન્ય) છે. ધારો કે ઝયદે શહરબાનુને પહેલી મુહર્રમે તલાક઼ આપી. શહરબાનુએ દસ મુહર્રમના કાઝિમ સાથે નિકાહ કરી લીધા. કાઝિમે વતી (સંભોગ)

કરી. પછી શહરબાનુને પોતાનાથી અલગ કરી દીધી અને મુતારિકા (છૂટાછેડા) પણ કરી લીધા. એ અરસામાં શહરબાનુને હેઝ ન આવી. કાઝિમથી મુતારિકા પછી હેઝ આવ્યું તો ત્રણ હેઝ પૂર્ણ થતાં જ બંનેવ ઈદ્દતો પૂરી થઈ જશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

وَقَالَ مَعْمَرٌ يُقَالُ أَقْرَأَتِ الْمَرْأَةُ إِذَا دَنَا حَيْضُهَا وَأَقْرَأَتْ إِذَا دَنَا طُهْرُهَا وَيُقَالُ مَا قَرَأَتْ بِسَلًى قَطُّ إِذَا لَمْ تَجْمَعْ وَلَدًا فِي بَطْنِهَا۔

મઅમરે કહ્યું, સ્ત્રીનું હેઝ નજીક હોય તો પણ અને તુહર (પાકીનો ગાળો) નજીક હોય તો પણ બંનેવ મોકા પર કહેવામાં આવે છે : اَقْرَأَتِ الْمَرْأَةُ અને જે સ્ત્રીને કદી ગર્ભ ન રહ્યો હોય એના બારામાં બોલે છે : مَاقَرَأَتْ بِسَلًى قَطُّ-سَلًى એ ઝિલી (દોરી, નાડ)ને કહે છે જે માના પેટમાં બાળકના ઉપર લપેટાયેલી હોય છે. મતલબ એ થયો કે એ સ્ત્રીના પેટમાં કદી એ ઝિલી પેદા નથી થતી. હઝરત ઈમામ બુખારીનો મતલબ એ જ છે કે કુરુઉન દ્વિઅર્થીમાંથી છે. એનો અર્થ તુહર પણ છે અને હેઝ પણ છે.

## પ્રકરણ : "ફાતિમા બિન્તે કૈસ رضی اللہ عنہا નો કિસ્સો" -(૮૦૨)

بَابُ قِصَّةِ فَاطِمَةَ بِنْتِ قَيْسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا ـــــــ صـ۸۰۲

وَقَوْلِهٖ وَاتَّقُوا اللّٰهَ رَبَّكُمْ لَا تُخْرِجُوْهُنَّ مِنْ بُيُوْتِهِنَّ وَلَا يَخْرُجْنَ إِلَّا أَنْ يَّأْتِيْنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ وَتِلْكَ حُدُوْدُ اللّٰهِ وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَقَدْ ظَلَمَ نَفْسَهٗ لَا تَدْرِيْ لَعَلَّ اللّٰهَ يُحْدِثُ بَعْدَ ذٰلِكَ أَمْرًا ـــ أَسْكِنُوْهُنَّ مِنْ حَيْثُ سَكَنْتُمْ مِّنْ وُّجْدِكُمْ وَلَا تُضَآرُّوْهُنَّ لِتُضَيِّقُوْا عَلَيْهِنَّ وَإِنْ كُنَّ أُولَاتِ حَمْلٍ فَأَنْفِقُوْا عَلَيْهِنَّ حَتّٰى يَضَعْنَ حَمْلَهُنَّ فَإِنْ أَرْضَعْنَ لَكُمْ فَاٰتُوْهُنَّ أُجُوْرَهُنَّ وَأْتَمِرُوْا بَيْنَكُمْ بِمَعْرُوْفٍ وَإِنْ تَعَاسَرْتُمْ فَسَتُرْضِعُ لَهٗ أُخْرٰى لِيُنْفِقْ ذُوْ سَعَةٍ مِّنْ سَعَتِهٖ وَمَنْ قُدِرَ عَلَيْهِ رِزْقُهٗ فَلْيُنْفِقْ مِمَّا اٰتٰهُ اللّٰهُ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا إِلَّا مَا اٰتٰهَا سَيَجْعَلُ اللّٰهُ بَعْدَ عُسْرٍ يُّسْرًا۔

(سورہ طلاق آیت ۷)

**અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન** : અને તમારા રબ અલ્લાહથી ડરો. ઈદ્દતમાં સ્ત્રીઓને એમનાં ઘરોએથી ન કાઢો અને તેણીઓ પોતે નીકળે, પણ એ કે કોઈ ઉઘાડી બેહયાઈમાં સપડાય. અને આ અલ્લાહની હદો છે. અને જે અલ્લાહની હદોથી આગળ વધ્યો બેશક ! એણે પોતાની જાન પર જુલ્મ કર્યો. તમને નથી ખબર, કદાચ અલ્લાહ એના બાદ કોઈ નવો હુકમ મોકલે. અને સ્ત્રીઓને ત્યાં રાખો જ્યાં ખુદ રહો છો તમારી શક્તિ અનુસાર, અને તેમને તકલીફ ન આપો એ રીતે કે એમના પર તંગી કરો. અને સગર્ભા હોય તો તેમને ભરણ પોષણ આપો ત્યાં સુધી કે તેમનાં બાળકો પેદા થઈ જાય. પછી જો તે તમારા માટે બાળકને દૂધ પીવડાવે તો તેમને એની મજૂરી આપો અને આપસમાં યોગ્ય રીતે મશ્વરો કરો. અને જો આપસમાં યોગ્ય રીતે મશ્વરો કરો તો નજીક છે કે તેને બીજી દૂધ પીવડાવનારી મળી જશે. હૈસિયતવાળો પોતાની હૈસિયતના પ્રમાણે ભરણ પોષણ આપે. અને જેના પર તેનું રિઝક તંગ કરવામાં આવ્યું તે એમાંથી ભરણ પોષણ આપે જે એને અલ્લાહે આપ્યું. અલ્લાહ કોઈના પર બોજ નથી રાખતો પણ એટલા પ્રમાણમાં જેટલુ એને આપ્યું છે. નજીક છે કે અલ્લાહ મુશ્કેલી પછી આસાની ફર્માવી આપે. *(સૂ. તલાક, આ. ૭)*

**સ્પષ્ટતા :** હઝરત ફાતિમા બિન્તે કૈસ رضی اللہ عنہا કુરૈશી ખાતૂન હતાં. હઝરત ઝહાક બિન કૈસનાં મોટા બહેન હતાં. એમનાથી દસ વરસ મોટાં હતાં. સાબેકીને અવ્વલીન હિજરત કરનારી ખાતૂનોમાંથી હતા. સાહિબે જમાલો અક્લ (સુંદરતાવાળાં તથા બુધ્ધિમાન) તથા શરીફ ખાતૂન હતાં. તેમની શાદી હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہના કાકાના પુત્ર અબૂ અમ્ર બિન હફસથી થઈ હતી. અબૂ અમ્ર બિન હફ્સને રસૂલુલ્લાહ ﷺએ હઝરત અલી رضی اللہ عنہની સાથે યમન મોકલી આપ્યા હતા. ત્યાંથી તેમણે ફાતિમા બિન્તે કૈસને ત્રણ તલાકો દીધી હતી, અને પોતાના કાકાના પુત્રો (પિત્રાઈ ભાઈઓ) હારિષ બિન હિશામ તથા અયશ બિન અબી રબીઅહને હુકમ આપ્યો કે ફાતિમાને ઈદ્દતના ભરણપોષણના માટે પાંચ સાઅ ખજૂર અને પાંચ સાઅ જવ આપી દો. ફાતિમા બિન્તે કૈસે એને ઓછું જાણ્યું અને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને ફરિયાદ કરી. હુઝૂરે અક્દસ ﷺએ તેમને ફર્માવ્યું, તારા માટે ન ભરણપોષણ ન સુકના. અને તું ઉમ્મે શુરૈકના ઘરે જઈને ઈદ્દત પસાર કર. પછી બાદમાં કહેવડાવ્યું કે ઉમ્મે શુરૈકના ઘરે મુહાજિરીન ઉઠે બેસે છે તો તારા કાકાના પુત્ર અબ્દુલ્લાહ બિન ઉમ્મે મકતૂમના ઘરે ઈદ્દત ગુજાર. તે નાબીના છે, જો ઘરમાં ચાદર વિના પણ રહીશ તો કાંઈ વાંધો નથી. ઈદ્દત ગુજરી જાય તો મને બતાવજે. ઈદ્દત ગુજર્યા પછી હુઝૂરની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી કે મને બે જણાએ નિકાહનો પયગામ આપ્યો, અબૂ જહમ તથા મુઆવિયહ બિન અબૂ સુફયાને. ફર્માવ્યું, અબૂ જહમ પોતાની લાઠી ખભા પર નથી રાખતા અને મુઆવિયહ બિન અબૂ સુફયાન નાદાર છે. એમની પાસે કાંઈ નથી. તમે ઓસામા બિન ઝયદથી નિકાહ કરી લો. તેમણે એને નાપસંદ કર્યું. હુઝૂરે ફરી ફર્માવ્યું અને હઝરત ઓસામાથી નિકાહ કરી લીધા. એ નિકાહ ખૂબ જ બેહતર થયા, ત્યાં સુધી કે સ્ત્રીઓ એમના પર રશ્ક કરતી હતી.

### ★ ઈદ્દતમાં સ્ત્રી ઘર બહાર ક્યારે જઈ શકે ★

આ હદીષથી જાણવા મળ્યું કે જે સ્ત્રીને ત્રણ તલાક઼ આપી દેવામાં આવે તે ન રહેવા માટે મકાનની મુસ્તહિક઼ છે અને ન ભરણપોષણની.

ફાતિમા બિન્તે કૈસની આ હદીષને અગ્રગણ્ય (મહાન) સહાબાએ કિરામે ક઼બૂલ ન કરી. દા.ત. હઝરત ઉમર, હઝરત આઈશા, હઝરત ઓસામા બિન ઝયદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હઝરત ફારૂકે આ'ઝમે સહાબાએ કિરામના આમ મજમામાં ફર્માવ્યું કે આપણે આપણા રબની કિતાબ તથા આપણા નબીની સુન્નતને એક સ્ત્રીના કહેવા પર છોડીશું નહીં, જેનાથી વહેમ થયો અથવા ભૂલી ગઈ હોય. બીજી રિવાયતમાં છે કે ફર્માવ્યું, અમે નથી જાણતા કે તેણીએ યાદ રાખ્યું કે ભૂલી ગઈ. અને એવી સ્ત્રીના માટે રહેઠાણ તથા ભરણ પોષણનો ફેંસલો ફર્માવ્યો.

આ હદીષથી કેટલાક લોકોએ એ દલીલ કરી છે કે ઈદ્દતમાં સ્ત્રી પોતાના ઘરેથી બહાર નીકળી શકે છે. **આપણો મઝહબ એ છે કે મૃત્યુની ઈદ્દતમાં જો તેણી પાસે ભરણ પોષણ ન હોય તો ભરણપોષણ પૂરતુ કામ કરવા માટે દિવસના જઈ શકે છે. પણ જરૂરી એ છે કે રાત ઘરમાં આવીને પસાર કરે.** તલાક઼ની ઈદ્દતમાં નથી જઈ શક્તી, દિવસમાં ન રાતે.

ઈમામ બુખારીએ જે આયતો નક઼લ કરી કે તલાક઼વાળીની ઈદ્દતનું ભરણ પોષણ તથા રહેઠાણ ઈદ્દતના દિવસોમાં પતિ પર વાજિબ છે જ્યારે કે એ ઈદ્દત તલાક઼ની ઈદ્દત હોય.

حدیث ۲۴۳۲ عَنِ الْقَاسِمِ بْنِ مُحَمَّدٍ وَسُلَيْمَانَ بْنِ يَسَارٍ أَنَّهُ سَمِعَهُمَا

"કાસિમ બિન મુહમ્મદ અને સુલૈમાન બિન યસારથી રિવાયત છે કે એ બંનેવે સાંભળ્યું. **[હદીષ : ૨૪૩૨]**

يَذْكُرَانِ أَنَّ يَحْيَى بْنَ سَعِيدِ بْنِ الْعَاصِ طَلَّقَ بِنْتَ عَبْدِ الرَّحْمٰنِ بْنِ

એ બંનેવ વર્ણવે છે કે યહ્યા બિન સઈદ બિન આસે અબ્દુર્રહમાન બિન હકમની પુત્રીને તલાક઼ આપી દીધી.

الْحَكَمِ فَانْتَقَلَهَا عَبْدُ الرَّحْمٰنِ فَأَرْسَلَتْ عَائِشَةُ أُمُّ الْمُؤْمِنِينَ

અબ્દુર્રહમાન પોતાની એ પુત્રીને પોતાના ઘરે લાવ્યા. એનો ઈલ્મ જ્યારે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા

إِلَى مَرْوَانَ وَهُوَ أَمِيرُ الْمَدِينَةِ إِتَّقِ اللّٰهَ وَارْدُدْهَا إِلَى بَيْتِهَا قَالَ

رضی اللہ عنہا ને થયો તો તેમણે મરવાનની પાસે પયગામ મોકલ્યો. તે એ વખતે મદીનાનો અમીર હતો કે અલ્લાહથી

مَرْوَانُ فِي حَدِيثِ سُلَيْمَانَ أَنَّ عَبْدَ الرَّحْمٰنِ بْنَ الْحَكَمِ غَلَبَنِي وَقَالَ

ડર અને અબ્દુર્રહમાનની પુત્રીને એના ઘરે પરત કર. સુલૈમાનની રિવાયતમાં છે કે મરવાને કહ્યું કે મારા પર

الْقَاسِمُ بْنُ مُحَمَّدٍ أَوَمَا بَلَغَكِ شَأْنُ فَاطِمَةَ بِنْتِ قَيْسٍ قَالَتْ

અબ્દુર્રહમાન ગાલિબ આવી (સવાર થઈ) ગયો. અને ક઼ાસિમ બિન મુહમ્મદની રિવાયતમાં છે કે મરવાને કહ્યું,

لَا يَضُرُّكَ أَلَّا تَذْكُرَ حَدِيثَ فَاطِمَةَ فَقَالَ مَرْوَانُ إِنْ كَانَ بِكِ شَرٌّ

શું આપના સુધી ફ઼ાતિમા બિન્તે ક઼ૈસનો કિસ્સો નથી પહોંચ્યો ? ઉમ્મુલ મો'મિનીને ફ઼ર્માવ્યું, ફ઼ાતિમાની હદીષ

فَحَسْبُكِ مَا بَيْنَ هٰذَيْنِ مِنَ الشَّرِّ

વર્ણન કરવી તારા માટે યોગ્ય નથી. તો મરવાને કહ્યું કે જો તમારા ઈલ્મમાં એ વાત છે કે ફ઼ાતિમાને તેના ઘરેથી કોઈ વાંધાના કારણે બીજા ઘરમાં ઈદ્દત ગુજારવાની ઈજાઝત હતી તો આપના સંતોષ ખાતર એ પૂરતુ છે કે એ બંનેવ વચ્ચે પણ બુરાઈ છે."

**હદીષ : ૨૪૩૨ની સમજૂતી** યહયાનો બાપ સઈદ બિન આસ બિન ઉમૈયા હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ની તરફથી મદીના તયબહનો વાલી રહી ચૂક્યો છે. તેનો પુત્ર અમ્ર બિન સઈદ છે, જેને લોકો અશ્દક઼ કહેતા હતા તે યઝીદની તરફથી મદીનાનો ગવર્નર હતો. અબ્દુર્રહમાન બિન હકમ, મરવાનનો સગો ભાઈ હતો. તેની એ પુત્રીનું નામ અમરહ હતું.

غَلَبَنِي એટલે કે અબ્દુર્રહમાને મારી વાત ન માની. અથવા મતલબ એ છે કે તેણે એવું બહાનું વર્ણવ્યું જેના સબબથી તે યહયાના ઘરે નથી રહી શક્તી. દા.ત. યહયાનાં ઘરવાળાં તેને સતાવતાં હોય અથવા સ્ત્રી તીખા સ્વભાવની ગાળગલોચ કરનારી હોય.

لَايُضُرُّكِ આમ શરહ કર્તાઓએ એનો મતલબ એ વર્ણવ્યો છે કે ઉમ્મુલ મો'મિનીનની મુરાદ એ હતી કે ફાતિમાની હદીષથી તને કોઈ ફાયદો નહીં પહોંચે, કેમ કે ફાતિમાના પતિનું મકાન મદીનાના કિનારે હતું જ્યાં ફાતિમાએ એકલા રહેવામાં ખતરો હતો અથવા એ કે ફાતિમા તેજ ઝબાન હતાં અને પોતાના દિયરોને જે જીવમાં આવતું કહી નાખતી જેનાથી લડાઈ ઝઘડાનો માહોલ રહેતો હતો. એ કારણે એમને ઈજાઝત આપવામાં આવી કે તે બીજા ઘરમાં ઈદ્દત ગુજારે. મરવાને જવાબમાં કહ્યું કે એ જ વાત અહીં પણ છે એટલા માટે બાપને ત્યાં ઈદ્દત ગુજારવામાં કોઈ વાંધો નથી.

حدیث ۲۴۳۳ عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ الْقَاسِمِ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ

*''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, ફાતિમાનો શું હાલ છે ?* **[હદીષ : ૨૪૩૩]**

رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا قَالَتْ مَا لِفَاطِمَةَ اَنْ لَا تَتَّقِىَ اللّٰهَ يَعْنِىْ

*પોતાના આ કહેવામાં અલ્લાહથી કેમ નથી ડરતી કે તેના*

فِىْ قَوْلِهَا لَا سُكْنٰى وَلَا نَفَقَةَ

*માટે ન રહેઠાણ છે ન ભરણપોષણ.''*

حدیث ۲۴۳۴ قَالَ عُرْوَةُ بْنُ الزُّبَيْرِ لِعَائِشَةَ اَلَمْ تَرَىْ اِلٰى فُلَانَةَ بِنْتِ

*''ઉરવા બિન ઝુબૈરે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશાથી ફર્માવ્યું, શું આપણે ફલાણી* **[હદીષ : ૨૪૩૪]**

الْحَكَمِ طَلَّقَهَا زَوْجُهَا الْبَتَّةَ فَخَرَجَتْ فَقَالَتْ بِئْسَ مَا صَنَعَتْ اَلَمْ

*બિન્તે હકમને નથી જોયી કે તેના પતિએ તેને કતઈ તલાક આપી દીધી અને તે એના ઘરેથી ચાલી આવી ? ઉમ્મુલ*

تَسْمَعِىْ فِىْ قَوْلِ فَاطِمَةَ قَالَتْ اَمَا اِنَّهَا لَيْسَ لَهَا خَيْرٌ فِىْ ذِكْرِ هٰذَا الْحَدِيْثِ .

*મો'મિનીને ફર્માવ્યું, એણે બુરુ કર્યું. ઉરવાએ કહ્યું, શું તમે ફાતિમાનો કૌલ નથી સાંભળ્યો ? ફર્માવ્યું, સાંભળો !*

*હકમની પુત્રીના માટે આ હદીષના વર્ણનમાં કોઈ ભલાઈ નથી.''*

## હદીષ : ૨૪૩૪ની સમજૂતી

''ભલાઈ નથી''નો મતલબ એ છે કે ફાતિમા બિન્તે કૈસનો કિસ્સો અબ્દુર્રહમાન બિન હકમની પુત્રીને ફાયદામંદ નથી, એના કારણે કે એ રિવાયત કુર્આનની આયતથી તદન વિરૂધ્ધ છે અથવા એ કારણે કે ફાતિમાને ઉઝ્ર (મજબૂરી)ના કારણે બીજી જગ્યાએ ઈદ્દત ગુજારવાની ઈજાઝત મળી હતી અને હકમની પુત્રીના માટે તે ઉઝ્ર નથી.

بَابُ الْمُطَلَّقَةِ اِذَا خُشِىَ عَلَيْهَا فِىْ مَسْكَنِ زَوْجِهَا اَنْ يُقْتَحَمَ عَلَيْهَا اَوْ تَبْذُوَ عَلٰى اَهْلِهَا بِفَاحِشَةٍ ص ۸۰۲

**પ્રકરણ : ''તલાકવાળીને પોતાના પતિના ઘરમાં રહેવામાં જ્યારે અંદેશો હોય કે ત્યાં ભીડ રહેશે અથવા તે સ્ત્રી ઘરવાળાઓથી બદઝબાની કરે.''** *–(૮૦૨)*

حدیث ۲۴۳۵ عَنْ هِشَامٍ عَنْ اَبِیْهِ اَنَّ عَائِشَةَ اَشَدَّ الْعَیْبَ وَقَالَتْ
[હદીષ : ૨૪૩૫]

"ઉરવાથી રિવાયત છે કે ઈદ્દતના દિવસોમાં ઘરથી નીકળવાને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશાએ ખૂબ જ

اِنَّ فَاطِمَةَ کَانَتْ فِیْ مَکَانٍ وَحْشٍ فَخِیْفَ عَلٰی نَاحِیَتِهَا فَلِذٰلِكَ

અયબવાળુ (ખરાબ) જાણ્યું અને ફર્માવ્યું કે ફાતિમા એકલી ભયાનક મકાનમાં મદીનામાં મદીનાના કિનારે હતાં

اَرْخَصَ لَهَا النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

એટલા માટે નબી ﷺ એ એમને બીજા મકાનમાં ઈદ્દત ગુજારવાની ઈજાઝત આપી."

## بَابُ تُحِدُّ الْمُتَوَفّٰی عَنْهَا اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا۔

**પ્રકરણ : "જે સ્ત્રીના પતિનું મૃત્યુ થઈ ગયું હોય તે ચાર મહિના દસ દિવસ સોગ મનાવશે."** –(૮૦૩)

ت ۶۸۸ وَقَالَ الزُّهْرِیُّ لَا اَرٰی اَنْ تَقْرَبَ الصَّبِیَّةُ الْمُتَوَفّٰی

**[તઅલીક઼ : ૬૮૮]** "અને ઝુહરીએ કહ્યું, હું જાઈઝ નથી જાણતો જે છોકરીના પતિનું મૃત્યુ થઈ

عَنْهَا الطِّیْبَ لِاَنَّ عَلَیْهَا الْعِدَّةَ

ગયું હોય તે ખુશ્બુની નજીક થાય, કેમ કે એના પર ઈદ્દત છે."

حدیث ۲۴۳۶ قَالَتْ زَیْنَبُ وَسَمِعْتُ اُمَّ سَلَمَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا

**[હદીષ : ૨૪૩૬]** "ઝયનબ બિન્તે અબી સલ્માએ કહ્યું કે મેં (મારાં વાલિદા) ઉમ્મુલ મો'મિનીન હઝરત

جَاءَتْ اِمْرَاَةٌ اِلٰی رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَقَالَتْ یَارَسُوْلَ

ઉમ્મે સલમા رضی اللہ عنہا થી સાંભળ્યું. ફર્માવતાં હતાં કે એક સ્ત્રી રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થઈ

اللّٰهِ اِنَّ اِبْنَتِیْ تُوُفِّیَ عَنْهَا زَوْجُهَا وَقَدِ اشْتَکَتْ عَیْنُهَا اَفَنَکْحُلُهَا فَقَالَ

અને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! મારી પુત્રીના પતિનું મૃત્યુ થઈ ગયું છે અને તેની આંખ દુ:ખી રહી છે તો શું

رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَا مَرَّتَیْنِ اَوْ ثَلَاثًا کُلَّ ذٰلِكَ یَقُوْلُ

અમે તેને સુરમો લગાડી દઈએ ? રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, નહીં ! બે વાર કે ત્રણવાર, દરેકવાર ફર્માવતા

لَا ثُمَّ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اِنَّمَا هِیَ اَرْبَعَةُ

હતા, નહીં ! પછી રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, પતિનો સોગ ચાર મહિના દસ દિવસ છે અને તમે જાહિલિયતમાં

اَشْهُرٍ وَعَشْرٌ وَقَدْ كَانَتْ اِحْدٰىكُنَّ فِى الْجَاهِلِيَّةِ تَرْمِىْ بِالْبَعَرَةِ عَلٰى

*વરસ પૂરું થવા પર લીંડી ફેંકતી હતી. હુમૈદે ઝયબને પૂછયું, વરસભર લીંડી ફેંકવાનો શો કિસ્સો છે ? તો ઝયનબે*

رَاسِ الْحَوْلِ قَالَتْ زَيْنَبُ كَانَتِ الْمَرْاَةُ اِذَا تُوُفِّىَ عَنْهَا زَوْجُهَا دَخَلَتْ

*કહ્યું, જ્યારે કોઈ સ્ત્રીનો પતિ મરી જતો તો તે એક અતિશય સાંકડા મકાનમાં રહેતી અને સૌથી ખરાબ કપડુ*

حِفْشًا وَلَبِسَتْ شَرَّ ثِيَابِهَا وَلَمْ تَمَسَّ طِيْبًا حَتّٰى تَمُرَّ لَهَا سَنَةٌ ثُمَّ

*પહેરતી અને ખુશ્બુ ન સૂંઘતી, ત્યાં સુધી કે એના પર વરસ પસાર થઈ જતુ. પછી કોઈ ચોપગુ ગધેડો, બકરી કે*

تُؤْتٰى بِدَابَّةٍ حِمَارٍ اَوْ شَاةٍ اَوْ طَائِرٍ فَتَفْتَضُّ بِهٖ فَقَلَّ مَا تَفْتَضُّ بِشَىْءٍ

*પક્ષી લાવવામાં આવતું જેની પીઠ તથા ચામડી પર તે સ્ત્રી હાથ ફેરવતી. એવું જાનવર બહુ ઓછુ બચતુ,*

اِلَّا مَاتَ ثُمَّ تَخْرُجُ فَتُعْطٰى بَعَرَةً فَتَرْمِىْ ثُمَّ تُرَاجِعُ بَعْدُ مَا شَاءَتْ مِنْ

*મોટાભાગે મરી જતું. પછી તે સ્ત્રી બહાર નીકળતી. તેને ઊંટની લીંડ આપવામાં આવતી જેને ફેંકતી, ત્યારબાદ*

طِيْبٍ اَوْ غَيْرِهٖ - سُئِلَ مَالِكٌ مَا تَفْتَضُّ بِهٖ قَالَ تَمْسَحُ بِهٖ جِلْدَهَا ـ

*એ સ્ત્રી ખુશ્બુ વગેરે જે ચાહતી વાપરતી. ઈમામ માલિકને પૂછવામાં આવ્યું, તફતદુનો શો અર્થ છે ? ફર્માવ્યું, એની ચામડીને સ્પર્શતી."*

## હદીષ : ૨૪૩૬ની સમજૂતી

એના પછીની રિવાયતમાં છે : تَمْكُثُ فِىْ شَرِّ اَحْلَاسِهَا اَوْشَرِّ بَيْتِهَا તે સૌથી ખરાબ ટાટીયુ અથવા સૌથી ખરાબ ઘરમાં રહેતી. અને આગળ છે : فَمَرَّ كَلْبٌ વરસ પસાર થતાં કોઈ કૂતરો પસાર થતો. આ રિવાયતને સામે રાખીને પાછલી રિવાયતમાં વર્ણવેલ શબ્દ فَمَرَّ كَلْبٌનો શાબ્દિક અર્થ મુરાદ હશે, ઉર્ફી અર્થ નહીં. ઉર્ફી અર્થના એતબારથી દાબ્બતુનનો ઈત્લાક઼ કૂતરા પર નથી થતો પરંતું શાબ્દિક અર્થના હિસાબે જમીન પર દરેક ચાલનારા સરકનારાને દાબ્બહ કહે છે. આવનારી બીબીનું નામ આતિકા બિન્તે જુઅમ હતું. આ હદીષમાં આંખ દુ:ખવાની હાલતમાં પણ સુરમો લગાડવાની મનાઈ તન્ઝીહ (નાપસંદીદગી)ના માટે છે. **જો સખત તકલીફ હોય તો સુરમો લગાડવાની ઈજાઝત છે.** આજકાલ આંખ દુ:ખવાની ઘણી બધી દવાઓ શોધાઈ ચૂકી છે જેમાં તદ્દન ઝીનત નથી એનો ઉપયોગ કરે. અને રિસાલતકાળમાં પણ એવી દવાઓ રહી હશે. હુઝૂરે અક઼દસ ﷺનો હેતુ એ હતો કે સુરમાના બદલે કોઈ અન્ય ઈલાજ કરો જેમાં શણગાર ન થાય. અલ્લાહ બેહતર જાણનાર છે.

## بَابُ مَهْرِ الْبَغِيِّ وَالنِّكَاحِ الْفَاسِدِ. ص ٨٠٥

**પ્રકરણ : ''ઝાનિયા અને ફાસિદ નિકાહની મહેર''** –*(૮૦૫)*

**સમજૂતી :** فَعِيْلٌ بَغِیٌّના વજન પર بَغَاءٌ થી છે ઈસ્મે ફાઈલના અર્થમાં. એ પુરૂષ સ્ત્રી બંને માટે બોલવામાં આવે છે. એનું બહુવચન بَغَايَا છે. ઝાનિયાની કોઈ મહેર નથી. અહી મુરાદ ઉજરત (મહેનતાણુ) છે જે ખબીષ માલ તથા હરામ છે અલ્બત્ત ફાસિદ નિકાહમાં વતી પછી (સંભોગ બાદ) મહેર વાજિબ છે.

ت ٦٨٩ وَقَالَ الْحَسَنُ إِذَا تَزَوَّجَ مُحَرَّمَةً وَهُوَ لَا يَشْعُرُ فُرِّقَ بَيْنَهُمَا

*''અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, જ્યારે કોઈ મેહરમ સ્ત્રી સાથે શાદી કરે* **[તઅલીક઼ : ૬૮૯]**

وَلَهَا مَا أَخَذَتْ وَلَيْسَ لَهَا غَيْرُهُ ثُمَّ قَالَ بَعْدُ يُعْطِيهَا صَدَاقَهَا

*અને જાણતો ન હોય તો તે બંનેવની વચ્ચે જુદાઈ કરી દેવામાં આવશે અને જુદાઈ પહેલાં સ્ત્રીએ જે કાંઈ લીધું તે એનું છે. પછી બાદમાં કહ્યું, તેને તેની મહેર આપે.''*

આપણે ત્યાં જો વતી થઈ ગઈ છે તો મહેર પણ વાજિબ અને ઈદ્દતના દિવસોનું ભરણ પોષણ તથા રહેઠાણ પણ.

**પ્રકરણ : "એ સ્ત્રી માટે મોતઅહ છે જેની મહેર નિશ્ચિત ન હોય અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે. "અને તમારા પર કોઈ માગણી નથી જો તમે સ્ત્રીઓને તલાક઼ આપો, જ્યારે કે હજી તમે તેમને હાથ ન લગાડયો હોય, અથવા કોઈ મહેર નક્કી ન કરી હોય. અને તેમને કાંઈક વાપરવા આપો, શક્તિવાળા પર એના પ્રમાણે અને તંગદસ્ત પર એના લાયક. અલ્લાહના ઈર્શાદના કારણે : જે સ્ત્રીઓને તલાક઼ થઈ ગઈ એમને યોગ્ય પ્રમાણે ભરણ પોષણ આપો. અને આ પરહેઝગારો પર વાજિબ છે."** *–(૮૦૫)*

بَابُ الْمُتْعَةِ لِلَّتِي لَمْ يُفْرَضْ لَهَا بِقَوْلِهِ لَا جُنَاحَ عَلَيْكُمْ إِنْ طَلَّقْتُمُ النِّسَاءَ مَا لَمْ تَمَسُّوهُنَّ أَوْ تَفْرِضُوا لَهُنَّ فَرِيضَةً وَمَتِّعُوهُنَّ عَلَى الْمُوسِعِ قَدَرُهُ وَعَلَى الْمُقْتِرِ قَدَرُهُ (إِلَى قَوْلِهِ) إِنَّ اللَّهَ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ وَقَوْلِهِ وَلِلْمُطَلَّقَاتِ مَتَاعٌ بِالْمَعْرُوفِ حَقًّا عَلَى الْمُتَّقِينَ.

ص ۸۰۵

ت ٦٩٠ فَلَمْ يَذْكُرِ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمُلَاعَنَةِ مُتْعَةً

*"અને નબી ﷺ એ લિઆન કરવાવાળી સ્ત્રીના બારામાં મોતઅહને વર્ણન નથી* **[તઅલીક઼ : ૬૯૦]**

حَتَّى طَلَّقَهَا زَوْجُهَا

*કર્યો ત્યાં સુધી કે તેનો પતિ તેને તલાક઼ આપી દે."*

## તઅલીક઼ : ૬૯૦ની સમજૂતી

ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે લિઆનની જે રિવાયતો નબી ﷺથી મરવી છે તે કોઈમાં લિઆન કરવાવાળીના માટે મોતઅહ વર્ણન કરેલ નથી. હા ! લિઆન કરવાવાળો મર્દ તલાક઼ આપી દે તો જુદી વાત છે. અમે એવું કહીએ છીએ કે લિઆન પછી જુદાઈ થઈ ગઈ, નિકાહ બાકી ન રહ્યો, હવે તલાક઼ કેવી ? અને હદીષમાં જે તલાક઼નો ઉલ્લેખ છે તે હુઝૂરે અક઼દસ ﷺના હુકમથી ન હતો તેમણે જાતે પોતે આપી હતી, અને જુદાઈ થતાં પહેલાં આપી હતી.

بسم اللہ الرحمٰن الرحیم

# كِتَابُ النَّفَقَاتِ ۸۰۵

## (કિતાબુન્નફકાત) "બીવી બચ્ચાં પર ખર્ચ કરવાનું બયાન" –(૮૦૫)

بَابُ فَضْلِ النَّفَقَةِ عَلَى الْأَهْلِ

**પ્રકરણ : "બીવી બચ્ચાં પર ખર્ચ કરવાની ફઝીલત"**

وَقَوْلِهٖ وَيَسْئَلُوْنَكَ مَاذَا يُنْفِقُوْنَ قُلِ الْعَفْوَ إِلٰى قَوْلِهٖ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ.

**"અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન** : અને તમને પૂછે છે, શું ખર્ચ કરીએ ? તમે ફર્માવી દો જે ફાઝિલ બચે. એ રીતે તમારાથી અલ્લાહ તઆલા આયતો વર્ણન કરે છે જેથી તમે દુનિયા તથા આખેરતમાં ચિંતન કરો.

ت ٦٩١ **[તઅલીક઼ : ૬૯૧]**

قَالَ الْحَسَنُ اَلْعَفْوُ الْفَضْلُ.

*"ઈમામ હસન બસરીએ ફર્માવ્યું કે આ આયતમાં "અફવ"થી મુરાદ તે માલ જે ફાઝલ છે."*

**★ વિધવા તથા ગરીબોને કમાયને ખવડાવનાર ★**

حديث ٢٤٣٧

عَنْ اَبِي الْغَيْثِ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યું,* **વિધવા** **[હદીષ : ૨૪૩૭]**

قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلسَّاعِيْ عَلَى الْاَرْمَلَةِ وَالْمِسْكِيْنِ

***સ્ત્રીઓ તથા ગરીબોને કમાયને ખવડાવનાર ખુદાની રાહમાં જેહાદ કરનાર અથવા રાતમાં***

كَالْمُجَاهِدِ فِيْ سَبِيْلِ اللّٰهِ اَوِ الْقَائِمِ اللَّيْلَ وَالصَّائِمِ النَّهَارَ ع

***ક઼યામ કરનાર, દિવસે રોઝા રાખનારની જેમ છે."***

*(૨/૮૮૮, બાબુસ્સાઈએ અલલ અર્મલતિ, બાબુસ્સાઈ અલલ મિસ્કીન, મુસ્લિમ–ઝુહદ, તિર્મિઝી–બિર્ર, નિસાઈ–ઝકાત, ઈબ્ને માજહ–તિજારત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૩૬૧)*

**હદીષ : ૨૪૩૭ની સમજૂતી** કિતાબુલ અદબમાં ક઼અબીની રિવાયતથી ઈમામ માલિકથી આ પ્રમાણે છે કે હું ગુમાન કરું છું કે ફર્માવ્યું, એના જેવો છે જે શબ બેદારી કરે છે અને થાકતો નથી, અને એ રોઝાદાર સમાન છે જે રોઝો છોડતો નથી. સાઈથી મુરાદ તે શખ્સ છે જે વિધવાઓ અને મિસ્કીનોની ખબરદારી (દેખરેખ) કરતો રહેતો હોય, તેમની જરૂરતો પૂરી કરતો રહેતો હોય.

## بَابُ وُجُوبِ النَّفَقَةِ عَلَى الْأَهْلِ وَالْعِيَالِ ط٨٠٦

**પ્રકરણ : "બીવી બચ્ચાં (ઘરવાળાઓ) માટે ભરણ પોષણનું વાજિબ હોવું."**

حدیث ٢٤٣٨ حَدَّثَنَا أَبُو صَالِحٍ حَدَّثَنَا أَبُو هُرَيْرَةَ رَضِيَ اللهُ عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે બેહતરીન* **[હદીષ : ૨૪૩૮]**

صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ أَفْضَلُ الصَّدَقَةِ مَا تَرَكَ غِنًى وَالْيَدُ الْعُلْيَا خَيْرٌ مِنَ

*સદકો તે છે જે માણસને મોહતાજ ન બનાવી આપે. અને **ઉપરવાળો હાથ નીચેવાળા હાથ કરતાં***

الْيَدِ السُّفْلَى وَابْدَأْ بِمَنْ تَعُولُ تَقُولُ الْمَرْأَةُ إِمَّا أَنْ تُطْعِمَنِي وَإِمَّا أَنْ

***બેહતર છે** અને પ્રથમ એના પર ખર્ચ કર જે તારાં બીવી બચ્ચાંમાં છે. નહીં તો ઔરત કહેશે, ક્યાં તો મને*

تُطَلِّقَنِي وَيَقُولُ الْعَبْدُ أَطْعِمْنِي وَاسْتَعْمِلْنِي وَيَقُولُ الْعَبْدُ

*ખાવા દે ક્યાં તો મને તલાક઼ દે. અને ગુલામ કહેશે કે મને ખવડાવ અને કામે લગાડ. અને પુત્ર કહેશે કે મને*

أَطْعِمْنِي إِلَى مَنْ تَدَعُنِي قَالُوا يَا أَبَا هُرَيْرَةَ سَمِعْتَ هٰذَا مِنْ رَسُولِ

*ખાવા આપ, કોના હવાલે કરીને મને છોડે છે ! લોકોએ પૂછયું, હે અબૂ હુરૈરહ ! આ તમે*

اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا هٰذَا مِنْ كِيسِ أَبِي هُرَيْرَةَ .

*રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું છે ? ફર્માવ્યું, અબૂ હુરૈરહની સમજથી છે."*

### હદીષ : ૨૪૩૮ની સમજૂતી

આ હદીષમાં تقول المرأة થી છેવટ સુધી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નો ઈર્શાદ છે જે તેમણે હદીષના આ શબ્દોથી وابدأبمن تعول "પ્રથમ એમના પર ખર્ચ કરો જે તમારાં બીવી બચ્ચાં છે." ઈસ્તિમ્બાત કરેલ છે. તે એ રીતે કે જો પોતાનાં બીવી બચ્ચાં (ઘરવાળાઓ)ને ભરણ પોષણ ન આપો તો પત્ની કહેશે, ગુલામ કહેશે, પુત્ર કહેશે. અને આ ઈસ્તિખરાજ પોતાની જગાએ દુરુસ્ત છે. وابدأ افعل અમ્ર છે જે વાજિબ હોવા પર દલીલ કરે છે. એનાથી વાત સાબિત છે કે ઘરવાળાંઓ માટે ખાધાખોરાકી વાજિબ છે. એની પૂરી તફસીલ કિતાબુલ ફ઼િક઼હમાં જોવામાં આવે.

| | |
|---|---|
| **પ્રકરણ :** માણસે પોતાનાં ઘરવાળાં માટે એક વરસના ખોરાકનું રોકવું અને બીવી બચ્ચાંની ખાધા ખોરાકી કેવી હોય." –(૮૦૬) | بَابُ حَبْسِ الرَّجُلِ<br>قُوْتَ سَنَةٍ عَلٰى اَهْلِهٖ<br>وَكَيْفَ نَفَقَاتُ الْعِيَالِ |

٢٤٣٩ حديث — قَالَ لِىْ مَعْمَرٌ قَالَ لِىَ الثَّوْرِىُّ هَلْ سَمِعْتَ فِى الرَّجُلِ

"મઅ્મરે કહ્યું કે મને સુફયાન થૌરીએ પૂછ્યું, શું તેં એ શખ્સના બારામાં કાંઈ સાંભળ્યું **[હદીષ : ૨૪૩૯]**

يَجْمَعُ لِاَهْلِهٖ قُوْتَ سَنَتِهٖ اَوْ بَعْضِ السَّنَةِ قَالَ مَعْمَرٌ فَلَمْ يَحْضُرْنِىْ

છે જે પોતાનાં ઘરવાળાં માટે વરસભર અથવા વરસના અમુક ભાગનો ખોરાક જમા રાખે છે ? તો મઅમરે

ثُمَّ ذَكَرْتُ حَدِيْثًا حَدَّثَنَاهُ ابْنُ شِهَابِ الزُّهْرِىُّ عَنْ مَالِكِ ابْنِ

કહ્યું, એ વખતે મારા દિમાગમાં કોઈ વાત ન આવી. ત્યાર બાદ મને એક હદીષ યાદ આવી જેની ઈબ્ને

اَوْسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنْ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ النَّبِىَّ

શહાબ ઝુહરીએ મારાથી વર્ણન કરી હતી કે હઝરત ઉમરથી મરવી છે કે નબી ﷺ બની

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَبِيْعُ نَخْلَ بَنِى النَّضِيْرِ وَ يَحْبِسُ لِاَهْلِهٖ

નઝીરના ખજૂરના બાગની (ઉપજ) વેચતા હતા અને પોતાનાં ઘરવાળાંના માટે

قُوْتَ سَنَتِهِمْ

વરસભરનો ખોરાક બચાવીને રાખતા હતા."

| | |
|---|---|
| **પ્રકરણ :** "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને માઓ પોતાની ઔલાદને પૂરા બે વરસ દૂધ પીવડાવે. આ હુકમ તેના માટે છે જે રઝાઅતની (દૂધ પીવડાવવા)ની મુદ્દત પૂરી કરવાનો ઈરાદો ધરાવે છે. અને જેનો બાળક છે એના પર ઔરતોનું ખાવા, પહેરવાનુ છે. દસ્તૂર પ્રમાણે કોઈ જાન પર બોજ ન રાખવામાં આવશે પણ તેની શક્તિ પ્રમાણે. માને તકલીફ ન આપવામાં આવે તેના બાળકથી, ન ઔલાદવાળાને તેની ઔલાદથી, અથવા મા તકલીફ ન આપે પોતાના બાળકને, અને ન ઔલાદવાળો પોતાની ઔલાદને. અને જે બાપના સ્થાને છે તેના પર પણ એવું જ વાજિબ છે. પછી જો મા બાપ બંનેવ આપસની રઝામંદી તથા મશ્વરાથી દૂધ છોડાવવા ચાહે તો એમના | بَابُ قَوْلِهٖ وَالْوَالِدَاتُ<br>يُرْضِعْنَ اَوْلَادَهُنَّ حَوْلَيْنِ كَامِلَيْنِ<br>لِمَنْ اَرَادَ اَنْ يُّتِمَّ الرَّضَاعَةَ وَعَلَى<br>الْمَوْلُوْدِ لَهٗ رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ بِالْمَعْرُوْفِ<br>لَا تُكَلَّفُ نَفْسٌ اِلَّا وُسْعَهَا لَا تُضَآرَّ وَالِدَةٌۢ<br>بِوَلَدِهَا وَلَا مَوْلُوْدٌ لَّهٗ بِوَلَدِهٖ وَعَلَى الْوَارِثِ<br>مِثْلُ ذٰلِكَ فَاِنْ اَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ<br>مِّنْهُمَا وَتَشَاوُرٍ فَلَا جُنَاحَ عَلَيْهِمَا وَاِنْ<br>اَرَدْتُّمْ اَنْ تَسْتَرْضِعُوْآ اَوْلَادَكُمْ<br>فَلَا جُنَاحَ عَلَيْكُمْ اِذَا سَلَّمْتُمْ مَّآ |

اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ وَقَالَ وَحَمْلُهٗ وَفِصٰلُهٗ ثَلٰثُوْنَ شَهْرًا وَقَالَ وَاِنْ تَعَاسَرْتُمْ فَسَتُرْضِعُ لَهٗٓ اُخْرٰى

પર ગુનોહ નથી. અને જો તમે ચાહો કે દાયણોથી પોતાના બાળકોને દૂધ પીવડાવો તો પણ તમારા પર વાંધો નથી, જ્યારે કે જે આપવાનું ઠરાવ્યું હતું ભલાઈની સાથે એમને અદા કરી આપો અને અલ્લાહથી ડરતા રહો, અને જાણી રાખો, અલ્લાહ તમારાં કામો જોઈ રહ્યો છે. અને ફર્માવ્યું, અને એને ઉઠાવીને ફરજો, અને એનું દૂધ છોડાવવું ૩૦ મહિના છે.'' *(અહક઼ાફ઼–૧૫, બક઼રહ–૨૩૩, તલાક઼ ૭,૬)*

**સ્પષ્ટતા :** પોતાના બાળકને દૂધ પીવડાવવું મા પર વાજિબ છે, ચાહે તે બાળકના બાપના નિકાહમાં હોય કે ન હોય, એ શરતે કે બાપને મહેનતાણુ આપી દૂધ પીવડાવવાની શક્તિ ન હોય. અથવા કોઈ દૂધ પીવડાવનારી દાયણ ન મળી શકે અથવા બાળક મા સિવાય કોઈ અન્યનું દૂધ ન પીતો હોય. અને જો એ વાતો ન હોય, એટલે બાળકનો ઉછેર ખાસ માના દૂધ પર આધારિત ન હોય તો મા પર દૂધ પીવડાવવું વાજિબ નથી, મુસ્તહબ છે. હૌલેન કામિલૈન પૂરા બે વરસ બાળકને દૂધ પીવડાવવું વાજિબ નથી. જો એનાથી ઓછામાં બાળ ક વગર દૂધથી જીવી શકે તો છોડાવી શકાય છે. બાળકનો ઉછેર અને તેને દૂધ પીવડાવવું બાપ પર વાજિબ છે. જો બાપની શક્તિ હોય તો દૂધ પીવડાવવાવાળી નિયુક્ત કરે. પતિ પોતાની પત્નીને પણ બાળકને દૂધ પીવડાવવા માટે દબાણ નથી કરી શકતો અને ન પત્ની પતિ પાસે બાળકને દૂધ પીવડાવવાનું મહેનતાણુ માગી શકે છે, જ્યાં સુધી તેના નિકાહ કે ઈદ્દતમાં છે. હા ! જો નિકાહથી બહાર થઈ ગઈ છે અને ઈદ્દત પસાર થઈ ચૂકી છે તો બાળકને દૂધ પીવડાવવાનું મહેનતાણુ લઈ શકે છે. જો બાપે કોઈ સ્ત્રીને પોતાના બાળકને દૂધ પીવડાવવા માટે મહેનતાણા સાથે નક્કી કરી અને તેની મા એ જ મહેતાણામાં અથવા વિના મહેનતાણે પીવડાવવા પર રાજી છે, તો મા જ દૂધ પીવડાવવાની અધિક હક્ક઼દાર છે. અને જો માએ વધુ મહેનતાણુ માગ્યું તો હક્ક઼દાર નથી.

لَا تُضَآرَّ وَالِدَةٌ નો મતલબ એ છે કે માનું બાળકને તકલીફ આપવું એ છે કે તેને સમય પ્રમાણે દૂધ ન આપે, અથવા તેની દેખભાળ ન રાખે અથવા વિના કારણે મારપીટ કરે અથવા પોતાની સાથે લગાવ કરી લીધા પછી છોડી આપે. અને બાપનું બાળકને તકલીફ આપવું એ છે કે જે બાળકને માથી લગાવ થયો છે તેને માથી છીનવી લે, અને માને પરવરિશનો હક્ક઼ હાંસલ હોય તો એની પાસે ન રહેવા દે. અથવા માના હક્ક઼માં ઉણપ વર્તે જેનાથી બાળકને નુકસાનનો અંદેશો હોય. દા.ત. પૂરો ખોરાક નથી આપતો જેના કારણે દૂધ ઓછુ થઈ ગયું.

### ★ રઝાઅત (દૂધ પીવડાવવા)ના મસાઈલ ★

حَمْلُهٗ وَفِصٰلُهٗ આ આયતથી સાબિત થયું કે ઓછામાં ઓછી મુદ્દત ગર્ભની છ માસ છે. એટલા માટે કે ઉપર વર્ણન થઈ ચૂક્યું કે રઝાઅત (દૂધ પીવડાવવા)ની મુદ્દત બે વરસ છે. ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ આ જ આયતથી દલીલ કરતાં ફર્માવે છે કે રઝાઅતની મુદ્દત બે વરસ છે. છ મહિના ગર્ભની મુદ્દત બે વરસ રઝાઅતની મુદ્દત. હઝરત ઈમામે આ'ઝમ ફર્માવે છે કે રઝાઅતની મુદ્દત અઢી વરસ છે. સાવચેતી પૂરતો ફત્વો એ આપવામાં આવે છે કે **બાળકને બે વરસથી વધુ દૂધ પીવડાવવું જાઈઝ નથી. પરંતું જો કોઈ બાળક અઢી વરસની ઉમરમાં કોઈ સ્ત્રીનું દૂધ પી લે તો હુર્મતે રઝાઅત સાબિત થઈ જશે.** એના

અનુસંધાનમાં ماله وما عليه ની પૂરી ચર્ચા ઉસૂલે ફિક્હ અને ફિક્હની શરહોમાં છે. પછી જો તમે રાયમાં એકમત ન થઈ શકો તો બીજી સ્ત્રી એને દૂધ પીવડાવે. શક્તિવાળો પોતાની શક્તિ અનુસાર ખર્ચ કરે. મતલબ એ છે કે મા દાયણ કરતાં વધુ મહેનતાણુ માગતી હોય અને બાપ વધુ મહેનતાણુ આપવા માટે રાજી ન હોય તો માને હક્ક નથી.

ت ٦٩٢ وَقَالَ يُونُسُ عَنِ الزُّهْرِيِّ نَهَى اللّٰهُ أَنْ تُضَارَّ وَالِدَةٌ بِوَلَدِهَا

*"યૂનુસે કહ્યું, ઈમામ ઝુહરીથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ* **[તઅલીક઼ : ૬૯૨]**

وَذٰلِكَ أَنْ تَقُولَ الْوَالِدَةُ لَسْتُ مُرْضِعَتَهُ وَهِيَ أَمْثَلُ لَهُ غِذَاءً وَ

*એનાથી મના ફર્માવ્યું કે માતાને બાળકના કારણે તકલીફ આપવામાં આવે અને એ એવી રીતે છે કે મા કહે હું*

أَشْفَقُ عَلَيْهِ وَأَرْفَقُ بِهِ مِنْ غَيْرِهَا فَلَيْسَ لَهَا أَنْ تَأْبَى بَعْدَ أَنْ

*એને દૂધ પીવડાવીશ નહીં, જ્યારે તેણીનું દૂધ બાળકના માટે ખોરાક રૂપે અધિક માફક છે અને તેણી બાળક*

يُعْطِيَهَا مِنْ نَفْسِهِ مَا جَعَلَ اللّٰهُ عَلَيْهِ وَلَيْسَ لِلْمَوْلُودِ لَهُ أَنْ يُضَارَّ

*પર અન્ય લોકો કરતાં અધિક મહેરબાન છે. તો તેણીને માટે જાઈઝ નથી કે જો તેનો પતિ તેની પાસેથી એટલુ*

بِوَلَدِهِ وَالِدَتَهُ فَيَمْنَعَهَا أَنْ تُرْضِعَهُ ضِرَارًا لَهَا إِلَى غَيْرِهَا

*આપે જે અલ્લાહે નિશ્ચિત કર્યું છે તો દૂધ પીવડાવવાથી ઈન્કાર કરે. અને એ રીતે બાપને પણ જાઈઝ નથી કે*

فَلَا جُنَاحَ عَلَيْهِمَا أَنْ يَسْتَرْضِعَا عَنْ طِيبِ نَفْسِ الْوَالِدِ وَالْوَالِدَةِ

*બાળકના કારણે તેની માને તકલીફ પહોંચાડે કે તેને તકલીફ પહોંચાડવાની નિય્યતથી દૂધ પીવડાવવાથી રોકી*

فَإِنْ أَرَادَا فِصَالًا فَلَا جُنَاحَ عَلَيْهِمَا بَعْدَ أَنْ يَكُونَ ذٰلِكَ عَنْ

*દે અને અન્ય કોઈ સ્ત્રીને આપી દે. અને એ બંનેવ પર કોઈ વાંધો નથી કે મા બાપ આપસમાં રઝામંદીથી*

تَرَاضٍ مِنْهُمَا وَتَشَاوُرٍ فِصَالُهُ فِطَامُهُ.

*કોઈ અન્ય થકી દૂધ પીવડાવે."*

પછી જો બંનેવ દૂધ છોડાવવા ચાહે તો તે બંનેવ પર કાંઈ ગુનોહ નથી. જ્યારે કે એ આપસમાં રાજીખુશીથી તથા મશવરાથી હોય. جُهد فصالهٗથી મુરાદ બાળકનું દૂધ છોડાવવું છે.

**પ્રકરણ : "જ્યારે કોઈ ખર્ચો ન આપે તો ઔરત માટે જાઈઝ છે કે તેને જણાવ્યા વિના એટલું લઈ લે, જે એને તથા એની ઔલાદને દસ્તૂરના પ્રમાણે પૂરતું હોય."**

فَلِلْمَرْأَةِ اَنْ تَأْخُذَ بِغَيْرِ عِلْمِهٖ مَا يَكْفِيْهَا وَوَلَدَهَا بِالْمَعْرُوْفِ ص۸۰۸

حدیث ۲۴۴۰ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا اَنَّ هِنْدًا بِنْتَ عُتْبَةَ قَالَت

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે હિંદા બિન્તે ઉત્બાએ* **[હદીષ : ૨૪૪૦]**

يَا رَسُوْلَ اللّٰهِ اِنَّ اَبَا سُفْيَانَ رَجُلٌ شَحِيْحٌ وَلَيْسَ يُعْطِيْنِیْ مَا يَكْفِيْنِیْ

*અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અબૂ સુફયાન કંજૂસ માણસ છે, મને એટલું નથી આપતા જે મને તથા મારાં*

وَوَلَدِیْ اِلَّا مَا اَخَذْتُ مِنْهُ وَهُوَ لَا يَعْلَمُ فَقَالَ خُذِیْ مَا

*બાળકોને પૂરતુ થાય, પંરતુ તે જે હું લઈ લઉં એમની જાણ વિના. ફર્માવ્યું, એટલું લઈ લે જે*

يَكْفِيْكِ وَوَلَدَكِ بِالْمَعْرُوْفِ

*દસ્તૂરના પ્રમાણે તને તથા તારાં બાળકોને પૂરતુ હોય."*

## હદીષ : ૨૪૪૦ની સમજૂતી

પત્નીની ખાધા ખોરાકી પતિ પર અને બાળકોનું ભરણ પોષણ બાપ પર વાજિબ છે. શક્તિ હોવા છતાં જ્યારે પતિ કે પિતા કમી કરે તો જરૂરત પૂરતુ દસ્તૂર પ્રમાણે તેના માલમાંથી તેને જાણ કર્યા વિના લેવું જાઈઝ છે. જરૂરતથી વધુ લેવું જાઈઝ નથી.

بسم الله الرحمن الرحيم

# كتاب الاطعمة صـ ٨٠٩

**(કિતાબુલ્ અત્ઈમહ્) "ખાવાની ચીજોનું બયાન"** –(૮૦૯)

باب قول الله تعالى كلوا صـ ٨٠٩ من طيبات ما رزقنكم وقوله كلوا من طيبات ما كسبتم وقوله كلوا من الطيبات واعملوا صالحا.

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : એ પાક ચીજોથી ખાવ જે અમે તમને આપી. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : એ પાક ચીજોથી ખાવ જે તમે કમાયા. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : પાક ચીજોથી ખાવ અને સારાં કામ કરો."**

**સ્પષ્ટતા :** તય્યિબાતનો અર્થ સારી પાકીઝા ચીજો છે. અને અહીં મુરાદ હલાલ ચીજો છે.

**★ આલે મુહમ્મદ ﷺ એ સતત ત્રણ દિવસ ભરપેટ નથી ખાધુ ★**

حديث ٢٤٤١ عن ابي حازم عن ابي هريرة رضى الله تعالى عنه قال ما شبع

*"હઝરત અબૂ હુરૈરહ رضى الله عنه એ કહ્યું કે આલે મુહમ્મદ ﷺ એ ત્રણ દિવસ* **[હદીષ : ૨૪૪૧]**

ال محمد صلى الله تعالى عليه وسلم من طعام ثلثة ايام حتى قبض.

*સુધી સતત પેટ ભરીને ખાવા નથી ખાધુ, ત્યાં સુધી કે હુઝૂરનો વિસાલ થઈ ગયો."*

**★ એક પ્યાલુ દૂધ સર્વ સૂફ્ફાવાળાને પૂરત થયું ★**

حديث ٢٤٤٢ وعن ابي حازم عن ابي هريرة رضى الله تعالى عنه قال

*"હઝરત અબૂ હુરૈરહ رضى الله عنه એ કહ્યું કે મને ફાક઼ાના કારણે સખત તકલીફ પહોંચી* **[હદીષ : ૨૪૪૨]**

اصابني جهد شديد فلقيت عمر بن الخطاب فاستقراته

*તો મેં ઉમર ઈબ્ને ખત્તાબ رضى الله عنه થી મુલાક઼ાત કરી અને તેમનાથી અલ્લાહ ﷻ ની કિતાબમાંથી એક આયત*

اية من كتاب الله عز وجل فدخل داره وفتحها على فمشيت

*પઢવા માટે કહ્યું. તે પોતાના ઘરની અંદર ચાલ્યા ગયા અને તે આયત મને પઢીને સંભળાવી દીધી. હું થોડે દૂર*

غير بعيد فخررت لوجهي من الجهد فإذا رسول الله صلى الله

ચાલ્યો કે તકલીફના કારણે મોઢાભેર ગબડી પડયો. આંખ ખુલી તો જોયું કે રસૂલુલ્લાહ ﷺ મારા માથા

تعالى عليه وسلم قائم على راسي فقال يا أباهر فقلت لبيك

પર ઉભેલા હતા અને ફર્માવ્યું હે અબાહિર્ ! મેં અર્ઝ કરી, હાજર છું યા રસૂલલ્લાહ ! અને હાજર છું ! હુઝૂરે

رسول الله وسعديك فأخذ بيدي فأقامني وعرف الذي بي

મારો હાથ પકડીને મને ઉભો કર્યો અને મારો જે હાલ હતો પહેચાની લીધો. અને પોતાના કાશાના મુબારક

فانطلق بي إلى رحله فأمر لي بعس من لبن فشربت منه ثم

(ઘરે) લઈ ગયા અને હુકમ આપ્યો કે મને એક પ્યાલામાં ભરીને દૂધ આપવામાં આવે. મેં એમાંથી પીધું. ફરી

قال عد يا أباهريرة فعدت فشربت ثم قال عد فعدت

ફર્માવ્યું, બીજીવાર પી હે અબૂ હુરૈરહ ! મેં બીજીવાર પીધું. ફરી ફર્માવ્યું, ઔર પી ! મેં એટલું પીધું કે મારુ

فشربت حتى استوى بطني فصار كالقدح قال فلقيت عمر

પેટ તીરની જેમ સીધુ થઈ ગયું. હઝરત અબૂ હુરૈરહએ કહ્યું, પછી મેં હઝરત ઉમરથી મુલાકાત કરી અને

وذكرت له الذي كان من أمري وقلت له تولى الله ذالك من

તેમને પૂરો બનાવ વર્ણવ્યો, અને મેં તેમને કહ્યું, અલ્લાહે એ કામ એમને સોંપ્યું છે જે આપ કરતાં અધિક એનો

كان أحق به منك يا عمر والله لقد استقرأتك الآية ولأنا أقرأ

હક્દાર હતો. હે ઉમર ! વલ્લાહ ! મેં આપને એક આયત પઢવા કહ્યું હતું, જ્યારે કે હું એ આયતનો તમારા

لها منك قال عمر والله لأن أكون أدخلتك أحب إلي أن يكون لي مثل حمر النعم

કરતાં અધિક પઢવાવાળો હતો. હઝરત ઉમરે ફર્માવ્યું, વલ્લાહ ! એ હાલમાં તમને મારા ઘરે લાવવાનું મને અધિક પ્યારુ હોત એના કરતાંય કે મારા માટે લાલ ઊંટ હોતાં."

## હદીષ : ૨૪૪૨ની સમજૂતી

وعن ابی حازم મતલબ એ છે કે આ હદીષ પણ પહેલી સનદની સાથે રિવાયત પામેલી છે. جُهد નો મતલબ તકલીફ છે. મુરાદ એ છે કે ભૂખના કારણે હું સખત પીડામાં હતો. આ હદીષ મુફસ્સલ વર્ણન થઈ ચૂકી છે, અહીં ટૂંકમાં છે પણ કેટલીક અધિક વાતો પણ છે એટલા માટે મેં એને બીજીવાર લખી.

**પ્રકરણ : "ખાણા પર બિસ્મિલ્લાહ પઢવું અને જમણા હાથે ખાવું." –(૮૦૯)**

## بَابُ التَّسْمِيَةِ عَلَى الطَّعَامِ وَالْأَكْلِ بِالْيَمِينِ صفہ ۸۰۹

حدیث ۲۴۴۳ **[હદીષ : ૨૪૪૩]** إِنَّهُ سَمِعَ عُمَرَ بْنَ أَبِي سَلَمَةَ يَقُولُ كُنْتُ غُلَامًا فِي حِجْرِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"તેમણે ઉમર બિન અબી સલમાથી સાંભળ્યું કે હું બાળક હતો. રસૂલુલ્લાહ ﷺ ની પરવરિશમાં હતો. અને*

عَلَيْهِ وَسَلَّمَ وَكَانَتْ يَدِي تَطِيشُ فِي الصَّحْفَةِ فَقَالَ لِي رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*મારો હાથ વાસણમાં દરેક બાજુ જતો હતો તો મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે બચ્ચા ! બિસ્મિલ્લાહ*

وَسَلَّمَ يَا غُلَامُ سَمِّ اللّٰهَ وَكُلْ بِيَمِينِكَ وَكُلْ مِمَّا يَلِيكَ فَمَا زَالَتْ تِلْكَ طِعْمَتِي بَعْدُ۔

*પઢ અને તારા જમણા હાથથી ખા અને તારી નજીકથી ખા. ત્યારબાદ મારો ખાવાનો એ જ તરીકો રહ્યો."*

## بَابُ التَّيَمُّنِ فِي الْأَكْلِ وَغَيْرِهِ

**પ્રકરણ : "ખાવા વગેરેમાં જમણી બાજુથી શરૂ કરવું." –(૮૧૦)**

حدیث ۲۴۴۴ عَنْ مَسْرُوقٍ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهَا قَالَتْ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તેમણે કહ્યું કે નબી ﷺ* **[હદીષ : ૨૪૪૪]**

كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُحِبُّ التَّيَمُّنَ مَا اسْتَطَاعَ فِي

*જમણાને પસંદ કરતા જ્યાં સુધી બની શકતું. પોતાની તહારત (પાકી)માં અને પગરખાં પહેરવામાં તથા કાંસકી*

طُهُورِهِ وَتَنَعُّلِهِ وَتَرَجُّلِهِ وَكَانَ قَالَ بِوَاسِطٍ قَبْلَ هٰذَا فِي شَأْنِهِ كُلِّهِ۔

*કરવામાં. અને શઅબાએ વાસિતમાં એના પહેલાં આટલુ વધારે વર્ણન કર્યુ હતું, "પોતાના દરેક કામમાં."*

## بَابُ مَنْ أَكَلَ حَتَّى شَبِعَ صفہ ۸۱۰

**પ્રકરણ : "ક્યારે પેટ ભરીને ખાવા ખાધું." –(૮૧૦)**

حدیث ۲۴۴۵ **[હદીષ : ૨૪૪૫]** عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ تُوُفِّيَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે નબી ﷺ નો વિસાલ એ વખતે થયો જ્યારે અમે બે*

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ حِينَ شَبِعْنَا مِنَ الْأَسْوَدَيْنِ التَّمْرِ وَالْمَاءِ ۔

*કાળી ચીજો એટલે ખજૂર તથા પાણી પેટ ભરીને ખાવા લાગ્યાં હતાં." (અત્ઈમહ, બાબુર્રુતબિ વત્તમરિ, પેજ–૮૧૮)*

**હદીષ : ૨૪૪૫ની સમજૂતી** ★ **ખાવાની હદના સાત દરજા** ★

આ હદીષથી જાહેર થયું કે શરૂમાં પેટ ભરીને ખાવા નસીબ થતુ ન હતું છેવટમાં છૂટછાટ થઈ. અને ખૈબર ફતહ થયા બાદ હાંસલ થઈ. ગઝવએ ખયબરમાં ખુદ ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاની હદીષ વર્ણન થઈ. તેમણે ફર્માવ્યું, અમે પેટ ભરીને ખાધુ નથી ત્યાં સુધી કે ખયબર ફતહ કર્યો. આ હદીષથી સાબિત થયું કે પાણીનો રંગ કાળો છે. એ જ કારણે સફેદ કપડાં પર પાણીના છાંટા પડે છે તો ધબ્બા કાળા નજરે આવે છે. અહયાઉલ ઉલૂમમાં છે કે **ખાવાની હદ સાત દરજા** છે : **પ્રથમ,** જેનાથી જિંદગી બાકી રહે. **બીજો,** એટલુ ખાય કે ઉભો રહીને નમાઝ પઢી શકે અને રોઝા રાખી શકે, એ બંનેવ **વાજિબ** છે. **ત્રીજો,** એટલુ અધિક ખાય કે નફલો અદા કરવાની શક્તિ મળે. **ચોથો,** એટલુ ખાય કે કામકાજ પર શક્તિમાન બને છે. આ બંનેવ મુસ્તહબ છે. **પાંચમો,** ત્રીજા ભાગના (૧/૩) પેટ સુધી ખાય. આ **મુબાહ** છે. **છઠ્ઠો,** એ કે એનાથી વધારે ખાય જેનાથી શરીર ભારે થઈ જાય અને ઊંઘ વધારે આવે. **સાતમો** એ કે એટલુ વધારે ખાય કે અપચો થઈ જાય, આ **હરામ** છે.

**પ્રકરણ : "પાતળી રોટલી અને ખ્વાન તથા સુફરા (દસ્તરખાન) પર ખાવાનું પ્રકરણ"** -(૮૧૧)

بَابُ الْخُبْزِ الْمُرَقَّقِ وَالْأَكْلِ عَلَى الْخِوَانِ وَالسُّفْرَةِ ص ٨١١

★ **હુઝૂરે પાતળી રોટી, ભૂંજેલી બકરી નથી ખાધી** ★

حديث ٢٤٤٦ عَنْ قَتَادَةَ قَالَ كُنَّا عِنْدَ أَنَسٍ وَعِنْدَهُ خَبَّازٌ لَهُ فَقَالَ مَا

*"કતાદાથી મરવી છે કે તેમણે કહ્યું, અમે હઝરત અનસની પાસે હતા અને ત્યાં જ* **[હદીષ : ૨૪૪૬]**

أَكَلَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ خُبْزًا مُرَقَّقًا وَلَا شَاةً مَسْمُوطَةً حَتَّى

*તેમનો રોટી પકાવનારો હતો તો તેમણે કહ્યું કે નબી ﷺએ પાતળી ન નરમ રોટી અને*

لَقِيَ اللهَ عَزَّ وَجَلَّ

*ન ભુંજેલી બકરી ખાધી ત્યાં સુધી કે અલ્લાહ عزوجلથી મુલાકાત કરી."*

**હદીષ : ૨૪૪૬ની સમજૂતી**

خُبْزًا مُرَقَّقًا એટલે રોટલી જે ખૂબ જ પાતળી તથા નરમ હોય. એ યુગમાં ભઠ્ઠીમાં જાડી રોટીઓ પાકતી હતી. અને ચારણીઓ પણ ન હતી. જાડા આટાની જેમાં ભૂસી મિક્સ હોતી એવી રોટીઓ બનતી હતી. مَسْمُوطَةً એનાથી મુરાદ એ છે કે ગરમ પાણીમાં બકરીને નાખીને વાળ ઉતારી કાઢવા પછી તેને ભૂંજીને ખાતા. અસલમાં નાનાં બચ્ચાં ઝબહ કરવામાં આવતાં તો તેના વાળોને ગરમ પાણી વડે ઉતારી દેતા પછી ભૂંજીને ખાતા. હવે એ સાર નીકળ્યો કે બકરીનું ઘણુ નાનુ બચ્ચુ જે લોકો વર્ણવેલ તરીકા પ્રમાણે ખાતા હતા એ હુઝૂર ﷺએ નથી ખાધું. અને એનાથી પણ મુરાદ એ છે કે મોટાભાગે, એટલે કે એને ખાવાની આદત ન હતી, નહીં તો હદીષોથી સાબિત છે કે હુઝૂરે અકદસ ﷺએ અમુક વાર આવી ભૂંજી કાઢેલી બકરી ખાધી છે.

حدیث ۲۴۴۷ [હદીષ : ૨૪૪૭]

عَنْ قَتَادَةَ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُ قَالَ مَاعَلِمْتُ

''હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું, હું નથી જાણતો કે નબી ﷺ એ કદી નાની પ્યાલીઓમાં ખાધુ હોય, અને

النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْهِ وَسَلَّمَ اَکَلَ عَلٰی سُکُرُّجَةٍ قَطُّ وَلَا خُبِزَ لَهُ

કદી હુઝૂરના માટે પાતળી નરમ રોટી બનાવવામાં આવી. અને ન કદી ખ્વાન પર ખાધુ. કતાદાથી પૂછવામાં

مُرَقَّقٌ قَطُّ وَلَا اَکَلَ عَلٰی خِوَانٍ قَطُّ قِیْلَ لِقَتَادَةَ فَعَلٰی مَا کَانُوْا یَاکُلُوْنَ قَالَ عَلَی السُّفَرِ

આવ્યું કે લોકો કોના પર ખાતા હતા ? ફર્માવ્યું, સુફરા, (દસ્તરખાન) પર''

## હદીષ : ૨૪૪૭ની સમજૂતી

سُکُرُّجَةٍ એમાં સહીહ લુગત એ છે કે સીન તથા કાફ અને ''રા'' મુશદ્દદને પેશ અને જીમને ઝબર, એનો અર્થ છે નાની નાની પ્યાલીઓ. કેમ કે એ વખતે અરબમાં ખાવા માટે નાના નાના વાસણો ન હતાં. તેમની આદત હતી કે મોટા મોટા વાસણોમાં ખાવા કાઢીને સૌ લોકો ભેગા ખાતા હતા. (જેમ આજે મોટા થાળમાં ભેગા મળી ખાવામાં આવે છે) એટલા માટે હદીષથી નાના વાસણોમાં ખાવાની કરાહત પર દલીલ લાવવી એ બરાબર નથી.

### ★ ખ્વાન પર ખાવુ નાપસંદ શાથી ? ★

۵مشرد : એમાં બંને લુગત છે : ''ખા''ને ઝબર તથા ઝેર, અજમીઓ (અરબ સિવાયનાઓ)ની આદત હતી કે તેઓ ત્રિપાઈની જેમ દસ્તરખાન ઊંચુ બનાવતા હતા જેના પર ખાવા રાખીને ખાતા હતા જેથી ખાણામાં માથુ નમાવવું ન પડે. એ જ ત્રિપાઈને ખ્વાન કહેતા હતા. અરબમાં ખ્વાનનો રિવાજ ન હતો. જમીન પર ચામડુ વગેરે બિછાવીને તેના પર મૂકીને ખાણુ ખાતા હતા. **ખ્વાન પર ખાવા ખાવું એ કારણે નાપસંદીદા છે કે એમાં તકબ્બુર કરવાવાળાઓથી સાથે સામ્યતા છે.**

حدیث ۲۴۴۸

حَدَّثَنَا هِشَامٌ عَنْ اَبِیْهِ وَعَنْ وَهَبِ بْنِ کَیْسَانَ قَالَ کَانَ

''ઉરવા બિન ઝુબૈર અને વહબ બિન કૈસાનથી રિવાયત છે કે [હદીષ : ૨૪૪૮]

اَهْلُ الشَّامِ یُعَیِّرُوْنَ ابْنَ الزُّبَیْرِ یَقُوْلُوْنَ یَا ابْنَ ذَاتِ النِّطَاقَیْنِ

શામ (સીરિયા)વાળાઓ ઈબ્ને ઝુબૈરને શરમ અપાવવાના માટે કહેતા, હે ઝાતુન્નતાકૈનના પુત્ર ! એના પર

فَقَالَتْ لَهُ الْاَسْمَاءُ یَا بُنَیَّ اِنَّهُمْ یُعَیِّرُوْنَكَ بِالنِّطَاقَیْنِ هَلْ تَدْرِیْ مَا

અસ્માએ તેમને કહ્યું, હે બેટા ! એઓ તમને ''નતાકૈન'' સાથે શરમ અપાવે છે ! શું તમે જાણો છો બે ''નતાક'' ન

كَانَ النِّطَاقَانِ إِنَّمَا كَانَ نِطَاقِيْ شَقَقْتُهُ نِصْفَيْنِ فَأَوْكَيْتُ قِرْبَةَ

*હતા. મારો એક નતાક હતો. મેં હિજરતની રાત્રે જેને અડધો અડધો ફાયદો, એક વડે રસૂલુલ્લાહ ﷺ ના*

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِأَحَدِهِمَا وَجَعَلْتُ فِيْ سُفْرَتِهِ

*મશકનું મોં બાંધ્યું અને બીજા વડે તોશાદાન (ભાથા)નું મોં બાંધ્યું. ત્યારબાદ શામવાસીઓ જ્યારે અબ્દુલ્લાહ*

اٰخَرَ قَالَ فَكَانَ أَهْلُ الشَّامِ إِذَا عَيَّرُوْهُ بِالنِّطَاقَيْنِ يَقُوْلُ إِيْهًا

*બિન ઝુબૈરને "નતાકૈન" સામે શરમ અપાવતા તો કહેતા, ખુદાની કસમ ! એ સાચુ છે. આ જે તમે બૂમ પાડીને*

وَالْإِلٰهِ تِلْكَ شَكَاةٌ ظَاهِرٌ عَنْكَ عَارُهَا

*બોલો છે એમાં કાંઈ શરમ નથી."*

**હદીષ : ૨૪૪૮ની સમજૂતી** **હઝરત અસ્માનું ઝાતુન્નતાકૈન નામ હુઝૂરે રાખ્યું :**

હિજરતના મોકા પર જ્યારે હુઝૂરે અક્દસ ﷺ હઝરત સિદીકે અકબર رضی اللہ عنہ ના ઘરે તશરીફ લઈ ગયા તો માર્ગના ભાથા તરીકે એક મશક પાણી અને જોલામાં ખાવા રાખ્યું હતું. મશકનું મોં બાંધવા તથા ભાથાનું મોં બાંધવા માટે કોઈ રસ્સી ન મળી તો હઝરત અસ્મા رضی اللہ عنہا એ પોતાનો કમર પટો ફાડી નાખ્યો અને અડધા વડે મશકનું મોં બાંધ્યું અને અડધા વડે તોશાદાન (ભાથુ). એના પર હુઝૂરે અક્દસ ﷺ એ ખુશ થઈને તેમને ફર્માવ્યું, તમે "ઝાતુન્નતાકૈન" છો. આ હઝરત અસ્મા رضی اللہ عنہا માટે ગર્વની વાત હતી જેને હજ્જાજ બિન યૂસુફના લશ્કરીઓ ટીકારૂપે બોલતા હતા. આઝાદ શરીફ સ્ત્રી કેવળ એક કમર પટો બાંધતી હતી, અને ખાદિમાઓ બે બે કમર પટા બાંધતી હતી.

ذَاتُ النِّطَاقَيْن ખાદિમા પ્રતિ ઈશારો છે, આ રીતે તે ટોણો થઈ ગયો.

تلك شكاة ظاهر عنك عارها આ પણ ઝુવેબ હઝલીના એક લાંબા કસીદાનો શેઅર છે જે તેણે નસીબા બિન્તે અનસ બિન મહરસના મર્ષિયામાં કહ્યો હતો. પૂરો શેઅર આ પ્રમાણે છે :–

وعيرها الواشون انى احبها۔ تلك شكاة ظاهر عنك عارُها અને એને ચુગલખોરોએ શરમ અપાવી કે હું એનાથી મહોબ્બત કરું છું. આ શોર મચાવવામાં તારા માટે કોઈ શરમ નથી. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેરના કહેવાનો મતલબ એ છે કે તમે લોકો મને ઈબ્ને ઝાતુન્નતાકૈન કહીને શરમ અપાવો છો ! હકીકતમાં એ શરમની વાત નથી પણ ગર્વની વાત છે, કેમ કે આ ખિતાબ મારાં વાલિદાને હુઝૂરે અક્દસ ﷺ એ આપ્યો હતો.

بَابُ مَا كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَأْكُلُ حَتّٰى يُسَمّٰى لَهُ فَيَعْلَمَ مَا هُوَ. ص ۸۱۲

**પ્રકરણ : "નબી ﷺ ત્યાં સુધી કોઈ ચીજ નથી ખાતા જ્યાં સુધી એનું નામ ન બતાવી દેવામાં આવે, અને જાણી લેતા કે તે શું છે ?"** *–(૮૧૨)*

حدیث ۲۴۴۹ إِنَّ ابْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا أَخْبَرَہٗ أَنَّ خَالِدَ بْنَ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ખબર આપી કે તેમને ખાલિદ બિન વલીદ **[હદીષ : ૨૪૪૯]**

الْوَلِیْدِ الَّذِیْ یُقَالُ لَہٗ سَیْفُ اللّٰہِ أَخْبَرَہٗ أَنَّہٗ دَخَلَ مَعَ رَسُوْلِ

સૈફુલ્લાહે ખબર આપી કે તે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની સાથે ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂનાના ઘરમાં ગયા

اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ عَلٰی مَیْمُوْنَۃَ وَھِیَ خَالَتُہٗ وَخَالَۃُ ابْنِ

અને એ એમનાં તથા ઈબ્ને અબ્બાસનાં માસી હતાં. તો તેમણે ત્યાં શેકેલી ગોહ જોયી જેને ઉમ્મુલ

عَبَّاسٍ فَوَجَدَ عِنْدَھَا ضَبًّا مَحْنُوْذًا قَدِمَتْ بِہٖ أُخْتُھَا حُفَیْدَۃُ

મોમિનીનની બહેન હુફૈદા બિન્તે હારિષ નજદથી લાવ્યાં હતાં. હઝરત મૈમૂનાએ ગોહ

بِنْتُ الْحَارِثِ مِنْ نَجْدٍ فَقَدَّمَتِ الضَّبَّ لِرَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ

હુઝૂર صلی اللہ علیہ وسلم ની સામે પેશ કરી. અને ઓછા અંશે એવું બનતુ કે હુઝૂરની સામે ખાવા પેશ

عَلَیْہِ وَسَلَّمَ وَکَانَ قَلَّمَا یُقَدِّمُ یَدَہٗ لِطَعَامٍ حَتّٰی یُحَدَّثَ بِہٖ

કરવામાં આવતું તો હુઝૂર તેને ખાતા, ત્યાં સુધી કે તેને (ખાવાને) બતાવવામાં આવતું અને તેનું

وَیُسَمّٰی لَہٗ فَأَھْوٰی رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ یَدَہٗ إِلَی الضَّبِّ

નામ લેવામાં આવતું. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ પોતાનો

فَقَالَتِ امْرَأَۃٌ مِنَ النِّسْوَۃِ الْحُضُوْرِ أَخْبِرْنَا رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

હાથ ગોહની તરફ લંબાવ્યો તો હાજર ઔરતોમાંથી એકે કહ્યું, કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને બતાવો કે હુઝૂરની

عَلَیْہِ وَسَلَّمَ مَا قَدَّمْتُنَّ لَہٗ ھُوَ الضَّبُّ یَا رَسُوْلَ اللّٰہِ فَرَفَعَ رَسُوْلُ

સામે શું પેશ કર્યું છે. આ ગોહ છે, યા રસૂલલ્લાહ ! તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ પોતાનો હાથ ગોહથી ઉઠાવી

اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ یَدَہٗ عَنِ الضَّبِّ فَقَالَ خَالِدُ بْنُ الْوَلِیْدِ

લીધો. તો એના પર ખાલિદ બિન વલીદે પૂછયું, શું ગોહ હરામ છે યા રસૂલુલ્લાહ ?! ફર્માવ્યું, નહીં ! પરંતું

أَحَرَامٌ الضَّبُّ یَا رَسُوْلَ اللّٰہِ! قَالَ لَا ! وَلٰکِنْ لَمْ یَکُنْ بِأَرْضِ قَوْمِیْ

મારી કૌમની જમીનમાં નથી, મને એનાથી ઘૃણા આવે છે. ખાલિદે કહ્યું, મેં એને ખેંચી અને ખાધી અને

فَاَجِدُنِیۡ اَعَافُہٗ قَالَ خَالِدٌ فَاجْتَرَرْتُہٗ فَاَکَلْتُہٗ وَرَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ یَنْظُرُ اِلَیَّ

*રસૂલુલ્લાહ ﷺ મારા તરફ જોઈ રહ્યા હતા."*

*(૨/૮૧૩, બાબુશ્શવાહ, ૨/૮૩૧ કિતાબુઝ્ ઝબાએહ બાબુદ્ દબ્બ, મુસ્લિમ–સૈદ, અબૂ દાઊદ–અત્ઈમહ)*

## હદીષ : ૨૪૪૯ની સમજૂતી

જાહિલિયતના જમાનામાં અરબવાસીઓને હરામ તથા હલાલની તમીઝ ન હતી. મુરદાર સુધ્ધાં ખાતા હતા. ઈસ્લામે ઘણા બધાં જાનવરોને હરામ બતાવ્યાં જેની ખબર સૌને ન હતી. એટલા માટે હુઝૂરે અક્દસ ﷺની આદતે કરીમા હતી કે જ્યારે ખાવા માટે કોઈ ચીજ પેશ કરવામાં આવતી તો પૂછી લીધા કરતા કે આ કઈ ચીજ છે ? અબૂ દાઊદ વગેરેમાં એવી હદીષો છે જેનાથી ગોહનું હરામ હોવું સાબિત થાય છે. અને જ્યારે મામલો હિલ્લત તથા હુર્મત (હલાલ તથા હરામ) વચ્ચે અટવાયેલો હોય તો સાવચેતી એમાં છે કે હરામ હોવાને અગ્રતા આપવામાં આવે. એના હેઠળ અહનાફ (હનફીઓ)નો મઝહબ એ છે કે ગોહ ખાવી હરામ છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે પ્રારંભમાં ગોહ ખાવું મુબાહ હતું પછી તેને મન્સૂખ કરીને હરામ કરી દેવામાં આવ્યું. જો સ્પષ્ટ પ્રમાણે હરામ હોવાની તારીખ માલૂમ નથી, પરંતુ જો અબાહતને (મુબાહ હોવાને) મોડે સુધી માનવામાં આવે તો બે વાર નસ્ખ (મન્સૂખ થવું) લાઝિમ આવશે અને એ એકમતિએ જાઈઝ નથી. તે એ રીતે કે ઈસ્લામ પહેલાં ગોહ મુબાહ હતી, પછી તેને હરામ કરવામાં આવી. હવે જો માનવામાં આવે કે બાદમાં ફરી મુબાહ કરવામાં આવી, તો બે વાર નસ્ખ લાઝિમ થશે.

**પ્રકરણ : "એકનું ખાણુ બે ને પૂરતુ છે."** *–(૮૧૨)*

بَابُ طَعَامُ الْوَاحِدِ یَکْفِی الْاِثْنَیْنِ ص ۸۱۲

**સ્પષ્ટતા :** પ્રકરણનું હેડિંગ એક હદીષ છે જેને ઈબ્ને માજહએ હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એકનું ખાવા બેને પૂરતુ છે અને બેનું ખાવા ત્રણ અને ચારને, અને ચારનુ ખાવા પાંચ અને છને પૂરતુ છે.

حدیث ۲۴۵۰ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ

**[હદીષ : ૨૪૫૦]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે*

رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ طَعَامُ الْاِثْنَیْنِ کَافِیْ

*રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,*

الثَّلٰثَۃِ وَطَعَامُ الثَّلٰثَۃِ کَافِی الْاَرْبَعَۃِ

*બેનુ ખાણુ ત્રણને પૂરતુ છે અને ત્રણનું ચારને."*

## بَابُ الْمُؤْمِنُ يَأْكُلُ فِيْ مِعًى وَاحِدٍ ۸۱۲

**પ્રકરણ : "મો'મિન એક આંતરડામાં ખાય છે" –(૮૧૨)**

حدیث ۲۴۵۱ عَنْ نَافِعٍ كَانَ ابْنُ عُمَرَ لَا يَأْكُلُ حَتّٰى يُؤْتٰى بِمِسْكِيْنٍ يَأْكُلُ مَعَهُ

"નાફેઅથી રિવાયત છે તે કહે છે કે ઈબ્ને ઉમર رضی اللہ عنہما ત્યાં સુધી ખાતા ન હતા **[હદીષ : ૨૪૫૧]**

فَأَدْخَلْتُ رَجُلًا يَأْكُلُ مَعَهُ فَأَكَلَ كَثِيْرًا فَقَالَ يَا نَافِعُ لَا تُدْخِلْ عَلَيَّ هٰذَا سَمِعْتُ

જ્યાં સુધી કોઈ મિસ્કીન ન લાવવામાં આવતો જે એમની સાથે ખાય. એકવાર એક શખ્સને મેં ખાવા શરીક

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ الْمُؤْمِنُ يَأْكُلُ فِيْ مِعًى وَاحِدٍ وَالْكَافِرُ يَأْكُلُ فِيْ سَبْعَةِ أَمْعَاءٍ

કર્યો તો તેણે ખૂબ જ ખાય લીધું. તો ફર્માવ્યું, હે નાફેઅ ! આને કદી ન લાવતો ! મેં નબી ﷺ થી સાંભળ્યું છે

કે **મોમિન એક આંતરડામાં ખાય છે અને કાફિર સાત આંતરડામાં ખાય છે."**

**હદીષ : ૨૪૫૧ની સમજૂતી**

એના પછી જે રિવાયત મુહમ્મદ બિન સલામના તરીક઼ાથી છે એમાં રાવીને શંકા છે કે હુઝૂરે અક઼દસ ﷺએ કાફિર ફર્માવ્યો હતો કે મુનાફિક઼.

حدیث ۲۴۵۲ عَنْ عَمْرٍو قَالَ كَانَ أَبُوْ نَهِيْكٍ رَجُلًا أَكُوْلًا فَقَالَ لَهُ ابْنُ عُمَرَ

"અમ્ર બિન દીનારે કહ્યું કે અબૂ નહીક ખૂબ જ ખાવાવાળા શખ્સ હતા. તેમને ઈબ્ને **[હદીષ : ૨૪૫૨]**

إِنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِنَّ الْكَافِرَ يَأْكُلُ فِيْ

ઉમરે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું છે કે કાફિર સાત આંતરડામાં ખાય છે. અબૂ નહીકે કહ્યું કે

سَبْعَةِ أَمْعَاءٍ قَالَ فَأَنَا أُوْمِنُ بِاللّٰهِ وَرَسُوْلِهٖ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

અલ્લાહ عزوجل તથા તેના રસૂલ ﷺ પર ઈમાન ધરાવું છું."

**હદીષ : ૨૪૫૨ની સમજૂતી**

મતલબ એ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ મોટાભાગના એતબારથી ફર્માવ્યું કે કાફિર તથા મુનાફિક઼નો આ હાલ છે, એનો એ મતલબ નથી કે વધારે ખાવું કુફ્ર છે, જે વધારે ખાવા ખાય તો કાફિર થઈ જશે. હું મો'મિન છું પણ વધારે ખાઉં છું વધારે ખાવાને કારણે હું કાફિર નથી થઈ ગયો.

**★ કાફિર સાત આંતરડામાં ખાય છે ★**

حدیث ۲۴۵۳ عَنْ أَبِيْ حَازِمٍ عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ رَجُلًا

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. એક શખ્સ ખૂબ જ ખાતો હતો. પછી તે **[હદીષ : ૨૪૫૩]**

كَانَ يَاْكُلُ اَكْلاً كَثِيْرًا فَاَسْلَمَ فَكَانَ يَاْكُلُ اَكْلاً قَلِيْلاً فَذُكِرَ ذَالِكَ لِلنَّبِي

મુસલમાન થઈ ગયો અને થોડુ ખાવા લાગ્યો. નબી ﷺ ને એ વર્ણવવામાં આવ્યું તો ફર્માવ્યું,

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ اِنَّ الْمُؤْمِنَ يَاْكُلُ فِيْ مِعًى وَاحِدٍ وَالْكَافِرُ يَاْكُلُ فِيْ سَبْعَةِ اَمْعَاءٍ

મો'મિન એક આંતરડા વડે ખાય છે અને કાફિર સાત આંતરડામાં."

**હદીષ : ૨૪૫૩ની સમજૂતી** ઈમામ કાઝી અયાઝે અહલે તિબ્બો તશ્રીહવાળાઓથી હિકાયત વર્ણવી કે માણસનાં આંતરડાં સાત છે. હોજરી પછી એનાથી જોડાયેલ ત્રણ આંતરડાં, બવાબ, સાઈમ, રકીક એ સૌ પાતળાં છે. પછી ત્રણ જાડાં છે : અઊર, કૂલૂન, મુસ્તકીમ. એના છેડા પર ગુદા છે.

## بَابُ الْاَكْلِ مُتَّكِئًا صـ٨١٢

## પ્રકરણ : 'ટેકો લગાડીને ખાવું" –(૮૧૨)

حديث ٢٤٥٤ **[હદીષ : ૨૪૫૪]**

عَنْ اَبِيْ جُحَيْفَةَ قَالَ كُنْتُ عِنْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત અબૂ જુહૈફા رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે કહ્યું, હું નબી ﷺ ની ખિદમતમાં હાજર હતો તો હુઝૂરે

وَسَلَّمَ فَقَالَ لِرَجُلٍ عِنْدَهٗ لَا اٰكُلُ وَاَنَا مُتَّكِئٌ

એક શખ્સને ફર્માવ્યું, જે આ જગાએ હાજર હતો, હું એ હાલતમાં નથી ખાતો કે ટેક લગાડેલ હોય."

## بَابُ النَّهْشِ وَانْتِشَالِ اللَّحْمِ صـ٨١٣

## પ્રકરણ : "ગોશ્તને દાંત વડે ચાવવો અને હાંડલીથી કાઢીને ખાવો." –(૮૧૩)

٢٤٥٥ حديث

عَنْ مُحَمَّدٍ عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ تَعَرَّقَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક ખભા **[હદીષ : ૨૪૫૫]**

عَلَيْهِ وَسَلَّمَ كَتِفًا ثُمَّ قَامَ فَصَلّٰى وَلَمْ يَتَوَضَّا ـــ عَنْ عِكْرَمَةَ عَنِ ابْنِ

ઉપરનો ગોશ્ત ખાધો પછી ઉભા થયા અને નમાઝ પઢી, વુઝૂ ન કર્યું. હઝરત ઈબ્ને અબ્બાસથી

عَبَّاسٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا قَالَ اِنْتَشَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

જ મરવી છે કે નબી ﷺ એ ગોશ્તવાળુ હાડકુ હાંડલીથી કાઢ્યું અને ખાધુ પછી

عَرْقًا مِنْ قِدْرٍ فَاَكَلَ ثُمَّ صَلّٰى وَلَمْ يَتَوَضَّاْ

નમાઝ પઢી અને વુઝૂ નથી કર્યું."

٢٤٥٦ حدیث حَدَّثَنِي أَبُو حَازِمٍ أَنَّهُ سَأَلَ سَهْلًا هَلْ رَأَيْتُمْ فِي زَمَانِ

"અબૂ હાઝિમે હઝરત સહલ બિન સાઅદી رضی اللہ عنہ ને પૂછયું, શું તમે **[હદીષ : ૨૪૫૬]**

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ النَّقِيَّ قَالَ لَا فَقُلْتُ كُنْتُمْ تَنْخُلُوْنَ

નબી ﷺના જમાનામાં મેંદો જોયો હતો ? તેમણે ફર્માવ્યું, નહીં ! પછી મેં પૂછયું, શું તમે લોકો

الشَّعِيْرَ قَالَ لَا وَلٰكِنْ كُنَّا نَنْفُخُهُ ٥

જવને ચારતા હતા ? તેમણે કહ્યું કે નહીં, કેવળ ફૂંકી લેતા હતા."

## હદીષ : ૨૪૫૬ની સમજૂતી

બે હદીષો પછી એ જ પ્રકરણમાં આ હદીષ વિગતવાર આ પ્રમાણે છે : અબૂ હાઝિમે કહ્યું, મેં હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہને પૂછયું, નબી ﷺએ મેંદો ખાધો ? તેમણે ફર્માવ્યું કે નબી ﷺએ બઅષતના સમયથી વિસાલ સુધી મેંદો નથી જોયો. તેમણે કહ્યું, શું રસૂલુલ્લાહ ﷺના જમાનામાં તમારી પાસે ચારણીઓ હતી ? તેમણે કહ્યું, રસૂલલ્લાહ ﷺના બઅષતના સમયથી વિસાલ સુધી ચારણી નથી જોયી. અબૂ હાઝિમે કહ્યું, પછી મેં પૂછયું, તમે લોકો ચાર્યા વિના કેવી રીતે ખાતા હતા ? તેમણે કહ્યું, અમે એને ફૂંક મારતા હતા તો ઉડવાવાળી ચીજ ઉડી જતી અને જે બાકી રહી જતું તેને ગુંદતા અને ખાતા. આ હદીષથી સાબિત થયું કે خُبز مرقق થી મુરાદ રોટી છે જે મેંદાથી બને છે, અથવા જે એવા આટાથી બને છે જે ચારણીમાં ચારી લેવામાં આવ્યો હોય. વલ્લાહુ તઆલા અઅ્‌લમ.

٢٤٥٧ حدیث عَنْ سَعِيْدِ نِ الْمَقْبُرِيِّ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી છે. તે એક કૌમની પાસેથી પસાર થયા જેમની સામે **[હદીષ : ૨૪૫૭]**

أَنَّهُ مَرَّ بِقَوْمٍ بَيْنَ أَيْدِيْهِمْ شَاةٌ مُصَلِّيَةٌ فَدَعَوْهُ فَأَبٰى أَنْ يَأْكُلَ

ભૂંજેલી બકરી હતી. તેમણે એમને બોલાવ્યા તો એમણે ખાવાથી ઈન્કાર કરી આપ્યો. અને કહ્યું,

فَقَالَ خَرَجَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنَ الدُّنْيَا وَلَمْ يَشْبَعْ مِنْ خُبْزِ الشَّعِيْرِ

નબી ﷺ દુનિયાથી તશરીફ લઈ ગયા અને પેટ ભરીને જવની રોટી નથી ખાધી."

٢٤٥٨ حدیث عَنِ الْأَسْوَدِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ مَا شَبِعَ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે મદીના આવ્યા બાદ **[હદીષ : ૨૪૫૮]**

'ال محمد صلى الله تعالىٰ عليه وسلم منذ قدم المدينة من طعام البر

આલે મુહમ્મદ ﷺ એ સતત ત્રણ દિવસ ઘઉંની રોટી પેટ ભરીને નથી ખાધી, ત્યાં સુધી કે

ثلث ليال تباعا حتى قبض صلى الله تعالىٰ عليه وسلم

નબી ﷺ એ વિસાલ ફર્માવ્યો."

(૨/૯૫૬ રિક઼ાક઼ બાબુ કૈફકાન ઐશિન્નબી વસ્સહાબા, મુસ્લિમ–અવાખિરે કિતાબ, નિસાઈ–વલીમા, ઈબ્ને માજહ–અત્ઈમહ)

## باب التلبينة ص ۸۱۵

**પ્રકરણ : "તલ્બીનાનું વર્ણન"** –(૮૧૫)

۲۴۵۹
حدیث
عن عروة عن عائشة زوج النبى صلى الله تعالىٰ عليه وسلم

"નબી ﷺ નાં પત્ની ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે **[હદીષ : ૨૪૫૯]**

أنها كانت إذا مات الميت من أهلها فاجتمع لذالك النساء ثم

જ્યારે કોઈ મૃત્યુ પામતુ તો સ્ત્રીઓ ભેગી થતી પછી ચાલી જતી, મૈયતનાં ઘરવાળાં તથા

تفرقن إلا أهلها وخاصتها أمرت ببرمة من تلبينة فطبخت

ખાસ લોકો સિવાય. તો હાંડલીમાં તલ્બીના રાંધવાનો હુકમ આપતી, પછી ષરીદ તૈયાર કરવામાં

ثم صنع ثريد فصبت التلبينة عليها قالت كلن منها فإنى سمعت

આવતું તેના પર તલ્બીના રેડી દેવામાં આવતું. કહેતી, એને ખાવ ! એટલા માટે કે મેં

رسول الله صلى الله تعالىٰ عليه وسلم يقول التلبينة مجمة

રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું છે કે તલ્બીના બીમારના દિલને આરામ પહોંચાડનાર છે,

لفؤاد المريض تذهب ببعض الحزن

તેના કેટલાક ગમને દૂર કરી આપે છે."

(૨/૮૪૯, તિબ્બ બાબુત્તલ્બીન તિલ્ મરીઝ, મુસ્લિમ, તિબ્બ, તિર્મિઝી–તિબ્બ, નિસાઈ–વલીમો તથા તિબ્બ)

**હદીષ : ૨૪૫૯ની સમજૂતી** "તલ્બીના" એ એક હરીરા હતો જે આટા અથવા ભૂસા વડે તૈયાર કરવામાં આવતો હતો. ક્યારેક એમાં મધ પણ નાખી દેવામાં આવતુ હતું. مَجَمَّةٌ મીમ, જીમ, મીમ બીજી મુશદદ સૌને ઝબર. મસ્દરે મીમી. ઈસ્તેરાહત (આરામ)ના અર્થમાં છે. એક રિવાયતમાં مُجِمَّةٌ પણ છે ઈસ્મે ફાઈલ. આરામ પહોંચાડનારના અર્થમાં. اَمَرَتْ એની ઝમીર મરફૂઅ મુત્તસિલનો મરજઅ ઉમ્મુલ મો'મિનીન છે. એનો

સંબંધ انها کانت زوج النبی થી છે. અસલ લખાણ આ પ્રમાણે છે : انها کانت اَمَرَتَ એના ફ઼રીના કિતાબુત્તિબ્બની રિવાયત છે જેમાં છે કાનત تأمر.

**પ્રકરણ : "સોના ચાંદીના વાસણમાં ખાવું"** -(૮૧૬)

بَابُ الْاَكْلِ فِىْ اِنَاءٍ مُفَضَّضٍ. صفہ ۸۱۶

حدیث ۲۴۶۰ حَدَّثَنِىْ عَبْدُ الرَّحْمٰنِ بْنُ اَبِىْ لَيْلٰى اَنَّهُمْ كَانُوْا عِنْدَ

"અબ્દુર્રહમાન બિન અબી લયલાએ હદીષ વર્ણન કરી કે આ લોકો હઝરત હુઝૈફાની **[હદીષ : ૨૪૬૦]**

حُذَيْفَةَ فَاسْتَسْقٰى فَسَقَاهُ مَجُوْسِىٌّ فَلَمَّا وَضَعَ الْقَدَحَ

પાસે (મદાઈન)માં હતા. તેમણે પીવા માટે પાણી માગ્યું તો એક મજૂસીએ તેમને પાણી આપ્યું.

فِىْ يَدِهٖ رَمَاهُ بِهٖ وَقَالَ لَوْلَا اَنِّىْ نَهَيْتُهٗ غَيْرَ مَرَّةٍ وَلَا

જ્યારે પ્યાલો તેણે હાથમાં રાખ્યો તો તેમણે ફેંકી દીધો અને ફર્માવ્યું, જો મેં એને વારંવાર ન

مَرَّتَيْنِ كَاَنَّهٗ يَقُوْلُ لَمْ اَفْعَلْ هٰذَا وَلٰكِنِّىْ سَمِعْتُ النَّبِىَّ

મના કર્યું હોત. જાણે એ ફર્માવે છે, તો હું આવું ન કરત. પરંતુ મેં નબી ﷺ થી સાંભળ્યું છે,

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ لَا تَلْبَسُوا الْحَرِيْرَ وَلَا الدِّيْبَاجَ

ફર્માવતા હતા, હરીર તથા દીબાજ ન પહેરો અને **સોના તથા ચાંદીના પાત્રમાં ન પીઓ**

وَلَا تَشْرَبُوْا فِىْ اٰنِيَةِ الذَّهَبِ وَالْفِضَّةِ وَلَا تَاْكُلُوْا

**અને તેમના પ્યાલાઓમાં ન ખાવ, એટલા માટે કે એ (કાફિરો)ના માટે દુનિયામાં છે**

فِىْ صِحَافِهَا فَاِنَّهَا لَهُمْ فِى الدُّنْيَا وَهِىَ لَكُمْ

**અને તમારા માટે આખેરતમાં છે."**

فِى الْاٰخِرَةِ

(૨/૮૪૧ અશ્રબા, ૨/૮૬૭,૮૬૮ લિબાસ, મુસ્લિમ–અત્ઈમહ, અબૂ દાઊદ–અશ્રબા, તિર્મિઝી–અશ્રબા,

નિસાઈ–ઝીનત તથા વલીમા, ઈબ્ને માજહ–અશ્રબા તથા લિબાસ)

**હદીષ : ૨૪૬૦ની સમજૂતી** જે વાસણો કેવળ સોના તથા ચાંદીનાં બનેલાં હોય અથવા કોઈ ચીજથી મિશ્ર હોય અને એમાં સોનું ચાંદી અધિકતર હોય તો એમાં ખાવુ પીવું હરામ છે. અને જો કોઈ વાસણ પર સોના ચાંદીનુ કામ હોય તો તેમાં એ રીતે ખાવું પીવું કે હોઠ ચાંદી કે સોના પર લાગે હરામ છે. અને જો ત્યાં હોઠ ન

સ્પર્શે તો જાઈઝ છે. અને જે વાસણ પર સોના તથા ચાંદીનો ઢોળ હોય તો એનો ઉપયોગ પણ જાઈઝ છે. પ્રકરણમાં مفضضથી મુરાદ ચાંદીનું બનેલુ વાસણ છે પોલીશ કરેલું (ઢોળ ચઢાવેલું) મુરાદ નથી, નહીં તો હદીષને પ્રકરણ સાથે સામ્યતા રહેશે નહીં.

## باب الحلوء والعسل صفہ ۸۱۷

**પ્રકરણ : "મીઠી ચીજ તથા મધ ખાવા વિશેનું બયાન"** –(૮૧૭)

حدیث ۲۴۶۱ عَنْ هِشَامٍ قَالَ اَخْبَرَنِىْ اَبِىْ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا

**[હદીષ : ૨૪૬૧]** *"ઉમ્મુલ મોઅ્મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે તે ફર્માવે છે કે*

قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُحِبُّ الْحَلْوٰى وَالْعَسَلَ

*રસૂલુલ્લાહ ﷺ મીઠુ તથા મધ પસંદ કરતા હતા."*

*(૨/૮૪૦ અશ્રબા, ૨/૮૪૮ કિતાબુત્તિબ્બ, ૨/૧૦૩૧ કિતાબુલ હિયલ, મુસ્લિમ–તલાક઼, અબૂ દાઊદ–અશ્રબા, તિર્મિઝી–અત્ઈમહ, નિસાઈ–વલીમા, ઈબ્ને માજહ–અત્ઈમહ)*

## بَابُ الْقَدِيْدِ صفہ ۸۱۷

**પ્રકરણ : "સૂકાયેલા ગોશ્તનું બયાન"** –(૮૧૭)

حدیث ۲۴۶۲ عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَابِسٍ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ

**[હદીષ : ૨૪૬૨]** *"ઉમ્મુલ મોઅ્મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે. તેમણે કહ્યું કે નબી ﷺ એ*

تَعَالٰى عَنْهَا قَالَتْ مَا فَعَلَهٗ اِلَّا فِىْ عَامٍ جَاعَ النَّاسُ اَرَادَ اَنْ

*ત્રણ દિવસથી વધુ કુર્બાનીનો ગોશ્ત રાખવાથી એ વરસે મના ફર્માવ્યું હતું જે વરસે લોકો ભૂખ્યા હતા. હુઝૂરે*

يُّطْعِمَ الْغَنِىُّ الْفَقِيْرَ وَاِنْ كُنَّا لَنَرْفَعُ الْكُرَاعَ بَعْدَ خَمْسَ عَشَرَةَ مَا

*ચાહ્યું કે માલદાર ગરીબોને ખવડાવે. અને અમે પાયાને ત્યારબાદ પંદર દિવસ સુધી રાખતાં હતાં. અને આલે*

شَبِعَ اٰلُ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ خُبْزٍ بُرٍّ مَادُوْمٍ ثَلٰثًا

*મુહમ્મદ ﷺ એ સાલનની સાથે ઘઉંની રોટી ત્રણ દિવસ સુધી (સતત) પેટ ભરીને નથી ખાધી."*

### હદીષ : ૨૪૬૨ની સમજૂતી

શરૂમાં ત્રણ દિવસથી વધુ કુર્બાનીનો ગોશ્ત રાખવો જાઈઝ ન હતું. સામાન્યત : ગરીબી હતી. મક઼સદ એ હતો કે ઈદના દિવસોમાં કોઈ ભૂખ્યો ન રહે. બાદમાં એની ઈજાઝત આપી દેવામાં આવી કે ત્રણ દિવસ કરતાં વધુ કુર્બાનીનો ગોશ્ત રાખી શકે છે.

**પ્રકરણ : "જેણે દસ્તરખાનથી કાંઈક લીધું અથવા પોતાના સાથીની સામે દસ્તરખાન પર કાંઈક રાખ્યું."** –(૮૧૮)

بَابُ مَنْ نَاوَلَ أَوْ قَدَّمَ إِلَىٰ صَاحِبِهٖ عَلَى الْمَائِدَةِ شَيْئًا. صفہ ۸۱۸

ت ٦٩٣ وَقَالَ ابْنُ الْمُبَارَكِ لَا بَأْسَ أَنْ يُنَاوِلَ بَعْضُهُمْ بَعْضًا

*"અને ઈબ્ને મુબારકે કહ્યું, એમાં કોઈ વાંધો નથી કે દસ્તરખાન પર લોકો* **[તઅલીક઼ : ૬૯૩]**

وَلَا يُنَاوِلُ مِنْ هٰذِهِ الْمَائِدَةِ إِلَىٰ مَائِدَةٍ أُخْرَىٰ.

*એકબીજાને કાંઈ આપે, પણ એ દસ્તરખાનથી બીજા પર ન લઈ જાય."*

بَابُ الرُّطَبِ بِالْقِثَّاءِ صفہ ۸۱۸

**પ્રકરણ : "તાજી ખજૂરો કાકડીની સાથે ખાવી"** –(૮૧૮)

حدیث ۲۴٦۳ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ جَعْفَرِ بْنِ أَبِيْ طَالِبٍ قَالَ رَأَيْتُ النَّبِيَّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર ઈબ્ને અબૂ તાલિબ رضی اللہ عنہما થી રિવાયત છે* **[હદીષ : ૨૪૬૩]**

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَأْكُلُ الرُّطَبَ بِالْقِثَّاءِ.

*તેમણે કહ્યું, કે મેં નબી صلی اللہ علیہ وسلم ને જોયા કે તાજી ખજૂરો કાકડીની સાથે ખાતા હતા."*

## હદીષ : ૨૪૬૩ની સમજૂતી

ખજૂરમાં ગરમી હોય છે અને કાકડીમાં ઠંડક, બંનેવને મિલાવીને ખાવાથી મધ્યમ સ્થિતિ પેદા થઈ જાય છે.

**હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર ઈબ્ને અબી તાલિબ** رضی اللہ عنہما : એ હબ્શામાં પેદા થયા હતા, જ્યારે એમનાં બાપ તથા મા અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہما હિજરત કરીને ત્યાં ગયાં હતાં. હબ્શામાં મુસલમાનોમાં એ સૌથી પહેલા પેદા થયા હતા. પછી પોતાના પિતાની સાથે મદીના તયબહ આવ્યા. નેવુ વરસની ઉમરમાં હિ.સ. ૮૦માં મદીના તયબહમાં વફ઼ાત પામ્યા. તેમની નમાઝે જનાઝા અબાન ઈબ્ને ઉષ્માને પઢાવી જે એ વખતે મદીના તયબહના અમીર હતા. તેમનો લક઼બ બહ્રુલ જૂદ (સખાવતનો દરિયો) હતો.

بَابُ الرُّطَبِ وَالتَّمْرِ وَقَوْلِ اللهِ عَزَّ وَجَلَّ وَهُزِّي إِلَيْكِ بِجِذْعِ النَّخْلَةِ تُسَاقِطْ عَلَيْكِ رُطَبًا جَنِيًّا صـ ٨١٨

**પ્રકરણ : "તાજી તથા સૂકી ખજૂરનું વર્ણન. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને હે મરયમ ! પોતાના તરફ ખજૂરની ડાળીને લાવ તે તારા પર ચૂંટી કાઢેલી તાજી ખજૂરો ફેંકશે"** *–(૮૧૮)*

**★ હઝરત જાબિરની ખજૂરોમાં બરકત ★**

حدیث ۲۴۶۴ عَنْ إِبْرَاهِيمَ ابْنِ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَبْدِ اللهِ ابْنِ أَبِي رَبِيعَةَ عَنْ

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે મદીનામાં એક યહૂદી હતો જે કાપતા સુધી* **[હદીષ : ૨૪૬૪]**

جَابِرِ بْنِ عَبْدِ اللهِ رَضِيَ اللهُ عَنْهُ قَالَ كَانَ بِالْمَدِينَةِ يَهُودِيٌّ وَكَانَ يُسْلِفُنِي

*મારાં ખજૂરોને ઉધાર લેતો હતો અને જાબિરની એક જમીન હતી રૂમાના માર્ગમાં. એક વરસ પેદાવાર*

فِي تَمْرِي إِلَى الْجِدَادِ وَكَانَتْ لِجَابِرٍ الْأَرْضُ الَّتِي بِطَرِيقِ رُومَةَ فَجَلَسَتْ نَخْلِي

*કાંઈ ન થઈ. યહૂદી ખજૂર કાપવાના સમયે મારી પાસે આવ્યો અને મેં ખજૂરમાંથી કાંઈ કાપ્યું ન હતું, હું*

عَامًا فَجَاءَنِي الْيَهُودِيُّ عِنْدَ الْجِدَادِ وَلَمْ أَجُدَّ مِنْهَا شَيْئًا فَجَعَلْتُ أَسْتَنْظِرُهُ

*તેની પાસે આવતા વરસ સુધીની મોહલત માગી રહ્યો હતો અને તે ના પડતો હતો. એની નબી صلی اللہ علیہ وسلم ને ખબર*

إِلَى قَابِلٍ فَيَأْبَى فَأُخْبِرَ بِذَالِكَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لِأَصْحَابِهِ

*આપવામાં આવી તો હુઝૂરે પોતાના સહાબાથી ફર્માવ્યું, ચાલો જાબિરના માટે યહૂદીથી મોહલત માગીએ.*

إِمْشُوا نَسْتَنْظِرْ لِجَابِرٍ مِنَ الْيَهُودِيِّ فَجَاءُونِي فِي نَخْلِي فَجَعَلَ النَّبِيُّ صَلَّى اللهُ

*તો એ લોકો મારા બાગમાં આવ્યા. નબી صلی اللہ علیہ وسلم યહૂદીથી વાત કરવા લાગ્યા. યહૂદી કહેતો રહ્યો, હે અબુલ*

عَلَيْهِ وَسَلَّمَ يُكَلِّمُ الْيَهُودِيَّ فَيَقُولُ أَبَا الْقَاسِمِ لَا أُنْظِرُهُ فَلَمَّا رَآهُ النَّبِيُّ

*ક઼ાસિમ ! હું એને મોહલત આપીશ નહીં. પછી જ્યારે નબી صلی اللہ علیہ وسلم એ એ જોયું તો ઉભા થઈ ગયા અને*

صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَامَ فَطَافَ فِي النَّخْلِ ثُمَّ جَاءَهُ فَكَلَّمَهُ فَأَبَى فَقُمْتُ

*બાગમાં ઘુમ્યા. પછી યહૂદીની પાસે આવ્યા અને ફરીથી યહૂદી સાથે વાત કરી, તેણે ના પાડી. હવે હું ઉભો*

અબૂ અબ્દુલ્લાહ ઈમામ બુખારીએ કહ્યું, અર્શ તથા અરીશનો અર્થ ઈમારત છે. ઈબ્ને અબ્બાસે કહ્યું, મઅરૂશાતનો અર્થ એ છે કે દ્રાક્ષની વેલોના માટે જે ચીજો બનાવવામાં આવે છે. ઉરૂશાનો અર્થ એની ઈમારતો છે.

فجئت بقليل رطب فوضعته بين يدي النبي صلى الله عليه وسلم

*થયો અને થોડીક તાજી ખજૂરો લાવીને નબી ﷺ ની સામે રાખી દીધી જેને હુઝૂરે ખાધી*

فأكل ثم قال اين عريشك يا جابر فاخبرته فقال افرش لي فيه

*પછી ફર્માવ્યું, તારુ છાપરૂ ક્યાં છે હે જાબિર ?! મેં હુઝૂરને બતાવ્યું. ફર્માવ્યું,*

ففرشته فدخل فرقد ثم استيقظ فجئته بقبضة اخرى فأكل

*એમાં પાથરણુ પાથરો. મેં પાથર્યું. હવે હુઝૂર એમાં તશરીફ*

منها ثم قام فكلم اليهودي فأبى عليه فقام في الرطاب في النخل

*લઈ ગયા અને સૂઈ ગયા પછી જાગ્યા. હું હુઝૂરની ખિદમતમાં એક અધિક મુટ્ઠી ખજૂર લાવ્યો*

الثانية ثم قال يا جابر جد واقض فوقف في الجداد فجددت

*તો હુઝૂરે એમાંથી ખાધુ પછી ઉઠીને યહૂદી સાથે વાત કરી, તેણે ફરી ના પાડી.*

ما قضيته وفضل مثله فخرجت حتى جئت النبي صلى الله عليه

*હવે હુઝૂર બાગમાં બીજીવાર ફર્યા. પછી ફર્માવ્યું, હે જાબિર ! ખજૂર કાપ ! અને તેને આપ.*

وسلم فبشرته فقال أشهد أني رسول الله قال ابو عبد الله

*હુઝૂર ઉભા રહ્યા તો મેં કરજ અદા કરવા જેટલું કાપ્યું અને જેટલુ અદા કર્યું*

عرش وعريش بناء قال بن عباس معروشات ما يعرش

*હતું એટલુ બચેલુ રહ્યું. હું ત્યાંથી ચાલ્યો ત્યાં સુધી કે નબી ﷺ ની ખિદમતમાં હાજર થયો અને હુઝૂરને*

من الكروم وغير ذلك عروشها ابنيتها

*બશારત આપી. ફર્માવ્યું, હું ગવાહી આપુ છું કે હું વિના શંકાએ અલ્લાહનો રસૂલ છું."*

**હદીષ : ૨૪૬૪ની સમજૂતી**

આમ રિવાયતોમાં એ છે કે કરજ હઝરત જાબિરના પિતા પર હતું. અને આમાં એવું છે કે ખુદ હઝરત જાબિર પર હતું. એટલા માટે અમુક શરહકર્તાઓએ આ હદીષ પર ચર્ચાઓ કરી છે. એક અન્ય વાંધો એ ઉઠાવવામાં આવ્યો છે કે આ બયએ સલમની સ્થિતિ હતી. અને બયએ સલમના સહીહ થવા માટે અન્ય સર્વ શરતો ઉપરાંત એક શર્ત એ પણ છે કે અદાયગીની તારીખ નિશ્ચિત હોય. અને આમાં એવું છે કે ખજૂર કાપવા સુધીનો ગાળો હતો, એ નિશ્ચિત નથી. ખજૂર કાપવાનો સમય અઠવાડિયુ બે અઠવાડિયાં આગળ પાછળ પણ થઈ શકે છે. અલ્લામા અયનીએ એ સર્વ વાતોનો જવાબ એ આપ્યો કે કિસ્સો વિવિધ રીતે

છે. સામાન્ય રિવાયતમાં એમના પિતાના કરજનો ઉલ્લેખ છે. એ અલગ બનાવ છે અને આ હદીષમાં જે વર્ણન થયેલ છે તે બીજો બનાવ છે અને સમય ગાળાના વર્ણનમાં હઝરત જાબિરે ટૂંકાણથી કામ લીધું. તારીખ નિશ્ચિત જ રહી હશે. ટૂકાણમાં જિઝાઝ (ખજૂર ઉતારવાના સમય)થી તારીખની તાબીર કરી આપી.

اقول وهو المستعان હું કહું છું : મશહૂર બનાવ સિવાય આ બીજો બનાવ છે. એના માટે આ બનાવમાં મઝકૂર તફસીર દલીલ છે. મશહૂર રિવાયતમાં એવું નથી કે એક વરસ ફળ ન આવ્યાં હતાં, અને ન આ રિવાયતોમાં એ છે કે હઝરત જાબિર رضی اللہ عنہએ હુઝૂરે અક્દસ ﷺની સામે ખજૂરો પેશ કરી, અથવા અરીશમાં જઈને સૂતા. એટલા માટે સહીહ એ જ છે કે આ બીજો બનાવ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## بَابُ الْعَجْوَةِ صـ٨١٩

**પ્રકરણ : "અજવહ્નું બયાન"** *–(૮૧૯)*

حدیث ۲۴۶۵ اَخْبَرَنَا عَامِرُ بْنُ سَعْدٍ عَنْ اَبِيْهِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ

*"સઅદે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ દરરોજ* **[હદીષ : ૨૪૬૫]**

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ تَصَبَّحَ كُلَّ يَوْمٍ سَبْعَ تَمَرَاتٍ عَجْوَةٍ لَمْ يَضُرَّهُ فِي

*સવારે સાત નંગ અજવહ્ ખજૂર ખાય તે દિવસે તેને ન ઝહેર*

ذٰلِكَ الْيَوْمِ سَمٌّ وَلَا سِحْرٌ

*નુકસાન પહોંચાડે ન જાદૂ."*

*(૨/૮૫૯ અત્તિબ્બ, બાબુદ્દવાઈ બિલ અજવતિલિસ્સહર, બે તરીકાથી ૨/૮૬૦, બાબુશ્શુરબિસ્સમ્મિ બિદ્દવાએ બિહી, મુસ્લિમ–અત્ઈમહ, અબૂ દાઊદ–તિબ્બ, નિસાઈ–વલીમા)*

## بَابُ مَنْ اَدْخَلَ الضِّيْفَانَ عَشَرَةً عَشَرَةً وَالْجُلُوْسِ عَلَى الطَّعَامِ عَشَرَةً عَشَرَةً صـ٨١٩

**પ્રકરણ : "જેણે દસ દસ મહેમાનને અંદર બોલાવ્યા અને દસ દસ માણસોનું ખાવા માટે બેસવું"** *–(૮૧૯)*

حدیث ۲۴۶۶ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ اُمَّ سُلَيْمٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

*"હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમનાં મા ઉમ્મે સુલૈમે એક મદ જવનો* **[હદીષ : ૨૪૬૬]**

عَنْهَا اُمَّهُ عَمَدَتْ اِلٰى مُدٍّ مِنْ شَعِيْرٍ جَشَّتْهُ وَجَعَلَتْ مِنْهُ خَطِيْفَةً وَ

*જાડો આટો પીસ્યો અને તેના વડે ખતીફા બનાવ્યો અને તેમની પાસે જે કુપ્પો હતો તેને નીચોવ્યો, પછી મને*

આ કિસ્સો અલામાતે નબુવ્વતમાં પૂરો વર્ણન થઈ ચૂક્યો છે, અહીં અમે કેવળ અમુક શબ્દોના કારણે એને લખ્યો છે جَشَّتْهُ એનો અર્થ છે જવનો જાડો આટો દળ્યો. ખતીફા દૂધ પર આટો છાંટીને બનાવવામાં આવે છે જેને

عَصَرَتْ عُكَّةً عِنْدَهَا ثُمَّ بَعَثَتْنِيْ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَتَيْتُهُ

*નબી ﷺ ની ખિદમતમાં મોકલ્યો. હું હુઝૂરની ખિદમતમાં હાજર થયો. હુઝૂર પોતાના સહાબામાં*

وَهُوَ فِيْ أَصْحَابِهٖ فَدَعَوْتُهُ الْحَدِيْث

*હતા તો મેં હુઝૂરની ખિદમતમાં દાવત પેશ કરી.*

લોકો ચાટે છે. તે કુપ્પો જેને હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا એ નીચોવ્યો હતો તે ઘીનો હતો.

**પ્રકરણ : "આંગળીઓને ચાટવું અને તેને ચૂસવું રૂમાલથી લુછતા પહેલાં."** –(૮૨૦)

بَابُ لَعْقِ الْأَصَابِعِ وَمَصِّهَا قَبْلَ أَنْ تُمْسَحَ بِالْمِنْدِيْلِ صـ ۸۲۰

**સ્પષ્ટતા :** ઈમામ બુખારીએ પ્રકરણમાં تمسح با لمنریل ની જે કૈદ વધારી છે એ મુસ્લિમ શરીફમાં એક હદીષમાં આવેલ છે જે હઝરત જાબિરથી મરવી છે. ફર્માવ્યું : فلا یمسح یدہ بالمندیل પોતાના હાથોને રૂમાલથી ન લુછયા, અને مصها ની કૈદ પણ હઝરત જાબિરના અમુક તરીકામાં વર્ણન થયેલ છે. જેમ કે ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી છે કે ફર્માવ્યું: اذا طَعِمَ احدکم فلا یمسح یدہ حتٰی یَمُصَّهَا જયારે તમારામાંથી કોઈ ખાય તો પોતાનો હાથ ન લુછે ત્યાં સુધી કે તેને ચૂંસી લે.

حدیث ۲۴۶۷ عَنْ عَطَاءٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ النَّبِيَّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, જયારે તમે* **[હદીષ : ૨૪૬૭]**

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا أَكَلَ أَحَدُكُمْ فَلَا يَمْسَحْ يَدَهُ حَتّٰى

*ખાય ચૂકો તો પોતાના હાથને ન લુછો, ત્યાં સુધી કે એને ચાટી લો અને*

يَلْعَقَهَا أَوْ يُلْعِقَهَا

*અને ચટાવી લો." (મુસ્લિમ–અત્ઈમહ, નિસાઈ–વલીમા, ઈબ્ને માજહ–અત્ઈમહ)*

**હદીષ : ૨૪૬૭ની સમજૂતી**

હદીષના આખરમાં حتّٰی یَلْعَقَهَا اَوْ یُلْعِقَهَا રાવીનો શક નથી બલ્કે તન્વીઅના માટે છે. એટલે કે તેને અધિકાર છે ખુદ ચાટી લે અથવા કોઈ એવા શખ્સને કહે જેને ધૃણા ન આવતી હોય કે તે ચાટી લે. દા.ત. ખાદિમ અથવા પત્ની વગેરેને કહે.

ખાધા પછી આંગળીઓ સાફ કર્યા વિના રૂમાલથી લુછવું. રૂમાલને વિના કારણે ગંદો કરવું છે. એટલા માટે મુસ્તહબ એ છે કે આંગળીઓ સાફ કરીને પછી રૂમાલથી લુછે. તે જમાનામાં પાણીની ખૂબ કમી હતી. આદત એ હતી ખાણુ ખાઈને આંગળીઓ મોંથી સાફ કરી લેતા અને રૂમાલથી લુછી લેતા (જેમ કે આજે ટીસ્યુ પેપરથી થાય છે) અથવા હાથ ઘસી લીધા કરતા, પિંડલીઓ તથા પગો પર લુછી લેતા, જેમ કે હદીષ આવી રહી છે. હવે જયારે કે આપણે ત્યાં પાણીની છૂટછાટ છે તો મુસ્તહબ એ છે કે ધોઈ લે અને પછી રૂમાલથી લુછે.

## بَابُ الْمِنْدِيْلِ صفہ ۸۲۰

**પ્રકરણ : ''રૂમાલનું બયાન.''** –(૮૨૦)

حدیث ۲۴۶۸ عَنْ سَعِیْدِ بْنِ الْحٰرِثِ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ

**[હદીષ : ૨૪૬૮]** ''સઈદ બિન હારિષે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી પૂછયું, આગ

عَنْہُ اَنَّہٗ سَئَلَہٗ عَنِ الْوُضُوْءِ مِمَّا مَسَّتِ النَّارُ فَقَالَ لَا ! قَدْ

પર રાંધેલી ચીજ ખાધા પછી વુઝૂ છે કે નથી ? ફર્માવ્યું, નથી. અમે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم ના

کُنَّا زَمَانَ النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ لَا نَجِدُ مِثْلَ ذٰلِکَ مِنَ الطَّعَامِ

જમાનામાં એવું ખાવા ખૂબ જ ઓછુ પામતા હતા. જો કદી પામતા અને અમારા માટે રૂમાલ

اِلَّا قَلِیْلًا فَاِذَا نَحْنُ وَجَدْنَاہُ لَمْ تَکُنْ لَنَا مَنَادِیْلُ اِلَّا اَکُفُّنَا وَسَوَاعِدُنَا

ન હતા. હા ! હથેળીઓ અને કાંડાંઓ અને પગો હતા. (એમાં લુછી લેતા)

وَاَقْدَامُنَا ثُمَّ نُصَلِّیْ وَلَا نَتَوَضَّاءُ

પછી નમાઝ પઢતા અને વુઝૂ ન કરતા.'' (ઈબ્ને માજહ–અત્ઈમહ)

### હદીષ : ૨૪૬૮ની સમજૂતી

એનો મતલબ એ જ છે જે વર્ણન થયું કે પાણીની અછતના કારણે એવું કરતા હતા. તેમજ એ સમયમાં કપડાંની પણ કમી હતી. સામાન્ય પણે લોકો રૂમાલ રાખતા ન હતા. અને આજે જ્યારે કે પાણીની પણ છૂટછાટ છે અને કપડાંની પણ, તો મુસ્તહબ એ છે કે હાથ ધોઈ લેવામાં આવે અને કપડાથી લુછી લેવામાં આવે એટલા માટે કે એમાં સફાઈ વધુ છે.

**પ્રકરણ : ખાવાથી ફારિગ થઈને શું પઢે ?** –(૮૨૦)

## بَابُ مَا یَقُوْلُ اِذَا فَرَغَ مِنْ طَعَامِہٖ۔ صفہ ۸۲۰

حدیث ۲۴۶۹ عَنْ اَبِیْ اُمَامَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْہِ

**[હદીષ : ૨૪૬૯]** ''હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે દસ્તરખાન ઉઠાવી લેવામાં આવતું તો નબી صلی اللہ علیہ وسلم આ

وَسَلَّمَ کَانَ اِذَا رُفِعَ مَائِدَتُہٗ قَالَ اَلْحَمْدُ لِلّٰہِ کَثِیْرًا طَیِّبًا

પ્રમાણે પઢતા : સર્વ તારીફ અલ્લાહના માટે છે. ખૂબ જ અધિક પવિત્ર અને બરકતવાળી. હે અમારા રબ ! એ

مُبَارَكًا فِيْهِ غَيْرُ مَكْفِيٍّ وَلَا مُوَدَّعٍ وَلَا مُسْتَغْنًى عَنْهُ رَبُّنَا

*કદી ખત્મ ન થાય અને ન એકવાર મળીને બીજીવાર ન મળે અને ન એવી કે જેની હાજત ન રહે."*

*(અબૂ દાઊદ–અત્ઈમહ, તિર્મિઝી–દઅવાત, નિસાઈ–વલીમા, અમલુલ્યૌમિ વલ્લૈલહ, ઈબ્ને માજહ–અત્ઈમહ)*

حديث ٢٤٧٠ عَنْ أَبِي أُمَامَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ

*"હઝરત ઉમામા رضی اللہ عنہ થી મરવી છે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે ખાવાથી ફારિગ થતા.* **[હદીષ : ૨૪૭૦]**

عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا فَرَغَ مِنْ طَعَامِهِ وَقَالَ مَرَّةً إِذَا رُفِعَ مَائِدَتُهُ

*અને ક્યારેક કહ્યું, જ્યારે દસ્તરખ્વાન ઉઠાવવામાં આવતું તો કહેતા, સર્વ તારીફ એ અલ્લાહના માટે છે જે*

قَالَ الْحَمْدُ لِلّٰهِ الَّذِي كَفَانَا وَأَرْوَانَا غَيْرَ مَكْفِيٍّ وَلَا مَكْفُوْرٍ وَقَالَ

*અમને પૂરતો છે જેણે અમને તૃપ્ત કર્યા, જે કટ ન થાય, જેમાં નાશુક્રી ન કરવામાં આવે. અને ક્યારેક કહેતા,*

مَرَّةً لَكَ الْحَمْدُ رَبَّنَا غَيْرَ مَكْفِيٍّ وَلَا مُوَدَّعٍ وَلَا مُسْتَغْنًى رَبَّنَا.

*તારા માટે સર્વ તારીફ છે હે અમારા પરવરદિગાર ! જે મુન્કતઅ (કટ) ન થાય અને જે એકવાર આવ્યા બાદ બીજીવાર ન આવે. અને ન એવી જેની તરફ હાજત ન રહે, હે અમારા પરવરદિગાર !"*

**હદીષ : ૨૪૭૦ની સમજૂતી** પ્રથમ તરીક઼ામાં કેવળ એ છે કે જ્યારે દસ્તરખાન ઉઠાવી લેવામાં આવે તો આ દુઆ પઢતા. અને બીજા તરીક઼ામાં એવું છે કે જ્યારે ખાવાથી ફારિગ થઈ જતા. અને ક્યારેક કહ્યું, જ્યારે દસ્તરખાન ઉઠાવી લેવામાં આવે. એનાથી જાહેર છે કે ઈખ્તિયાર છે કે ફારિગ થતાં તરત દુઆ માગી લે અથવા જ્યારે દસ્તરખાન ઉઠાવી લેવામાં આવે ત્યારે દુઆ માગે. બુઝુર્ગોનો તરીક઼ો અમે એ જોયો છે કે ખાવાનું પૂર્ણ થયા પછી ખાણુ ઉઠાવતા પહેલાં દુઆ માગ્યા કરે છે. ખાધા પછી એ જ દુઆ ખાસ નથી, હદીષોમાં વિવિધ દુઆઓ આવેલી છે જેને હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ એ બહારે શરીઅતના ૧૬મા ભાગમાં ભેગી કરી આપી છે. જેને તૌફીક઼ થાય સર્વ દુઆઓ પઢે, નહીં તો કોઈ એક પઢે. غَيْرَ مَكْفِيٍّ કિફાયતથી ઈસ્મે મફઊલ છે. અસલમાં مکفوی હતું. સય્યિદુનના ક઼ાયદાથી વાવને યાઅ્થી બદલ્યો, યાનો યાઅ્માં ઈદગામ કરી આપ્યો. અને ફાઅ્ના પેશને ઝેરથી બદલી નાખ્યો. મુરાદ એ છે કે કટ ન થાય.

**પ્રકરણ : "ખાયને શુક્ર કરનાર સબ્ર કરનાર રોઝાદાર જેમ છે."** –*(૮૨૦)*

بَابُ الطَّاعِمِ الشَّاكِرِ مِثْلُ الصَّائِمِ الصَّابِرِ. صفحہ ٨٢٠

ت ٦٩٤ فِيْهِ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

*"એના બારામાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી છે."* **[તઅલીક઼ : ૬૯૪]**

**તઅલીક઼ : ૬૯૪ની સમજૂતી** ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, الطاعم الشاکر بمنزلۃ الصائم الصابر અને ઈમામ હાકિમે مثل الصائم الصابر રિવાયત કર્યું, જેમ કે પ્રકરણમાં છે.

**પ્રકરણ : "એક શખ્સને ખાવા માટે બોલાવવામાં આવ્યો અને તેની સાથે કોઈ અન્ય થઈ ગયું તો તે એવું કહે કે આ મારી સાથે છે"** –(૮૨૧)

بَابُ الرَّجُلِ يُدْعَىٰ إِلَىٰ طَعَامٍ فَيَقُولُ وَهٰذَا مَعِي

ت ۶۹۵ وَقَالَ أَنَسٌ إِذَا دَخَلْتَ عَلَىٰ مُسْلِمٍ لَا يُتَّهَمُ فَكُلْ

**[તઅલીક઼ : ૬૯૫]** *"અને હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું, જ્યારે તમે કોઈ મુસલમાનની પાસે જાવ જે જેના*

مِنْ طَعَامِهٖ وَاشْرَبْ مِنْ شَرَابِهٖ

*પર આક્ષેપ લગાડવામાં આવેલ ન હોય તો તેના ખાણાથી ખાવ અને તેના પીવાની ચીજથી પીઓ."*

**તઅલીક઼ : ૬૯૫ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી. પૂરી વિગત એ છે કે હઝરત અનસ رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું, કોઈ મુસલમાન કોઈ મુસલમાનની પાસે ગયો, ચાહે બોલાવવામાં આવ્યો હોય કે ન બોલાવવામાં આવ્યો હોય, અને ત્યાં ખાવા કે પીવાની ચીજ પામી તો ખાય કે નહીં ? હઝરત અનસે ફર્માવ્યું, ખાય તથા પીએ જ્યારે કે તે શખ્સ જેની પાસે ગયો છે તે પોતાના દીનના તથા માલમાં આક્ષેપ પામેલ ન હોય. દા.ત. બદ મઝહબ ન હોય, ફાસિકે મોઅલિન ન હોય અને તેની આવક હરામની ન હોય

**પ્રકરણ : "જ્યારે સાંજનું ખાવા મૌજૂદ હોય તો ખાણુ છોડીને નમાઝ પઢવામાં જલ્દી ન કરે"** –(૮૨૧)

بَابُ إِذَا حَضَرَ الْعَشَاءُ فَلَا يَعْجَلْ عَنْ عَشَائِهٖ ص ۸۲۱

حدیث ۲۴۷۱ وَقَالَ أَنَسٌ إِذَا دَخَلْتَ عَلَىٰ مُسْلِمٍ لَا يُتَّهَمُ فَكُلْ

**[હદીષ : ૨૪૭૧]** *"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે તેમણે એકવાર સાંજનુ (રાતનું)*

مِنْ طَعَامِهٖ وَاشْرَبْ مِنْ شَرَابِهٖ

*ખાણુ ખાધુ અને તે ઈમામની ક઼િરાઅત સાંભળી રહ્યા હતા."*

حدیث ۲۴۷۲ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ

**[હદીષ : ૨૪૭૨]** *"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,*

وَسَلَّمَ قَالَ إِذَا أُقِيمَتِ الصَّلٰوةُ وَحَضَرَ الْعَشَاءُ فَابْدَءُوْا بِالْعَشَاءِ

*જ્યારે નમાઝ ક઼ાયમ કરવામાં આવે અને સાંજનું ખાવા આવી જાય તો પહેલાં ખાવા ખાવ."*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# كِتَابُ الْعَقِيْقَةِ ص ٨٢١

## (કિતાબુલ્ અક઼ીક઼હ) "અક઼ીક઼ાનું બયાન" –*(૮૨૧)*

અક઼ીક઼ો એ વાળને કહે છે જે સાતમા દિવસે જન્મ પામનારના માથેથી મૂંડવામાં આવે છે, અને ઉર્ફમાં એ બકરીને કહે છે જે સાતમા દિવસે બાળ જન્મના શુક્રિયામાં ઝબહ કરવામાં આવે છે.

તેમજ એ ખાસ ઝબહને અક઼ીક઼ો કહે છે. સહીહ એ છે કે **અક઼ીક઼ો મુસ્તહબ** છે. સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہથી જે મરવી છે કે તેમણે ફર્માવ્યું છે કે સુન્નત નથી. એનાથી મુરાદ એ છે કે સુન્નતે મોઅક્કદા નથી. **અક઼ીક઼ો સાતમા દિવસે મુસ્તહબ છે, અને જો સાતમા દિવસે ન થઈ શક્યો તો જ્યારે તૌફીક઼ થાય કરે.** બેહતર એ છે કે બાળકના જન્મનો દિવસ યાદ રાખવામાં આવે, એનાથી એક દિવસ પહેલાં કરવામાં આવે. દા.ત. બાળક શનિવારે પેદા થયું તો જુમ્આના દિવસે કરવામાં આવે. અક઼ીક઼ો કરીને બાળકના વાળ મૂંડવામાં આવે અને વાળને ચાંદી વડે તોલીને સદક઼ો કરવામાં આવે. પાણીમાં જાફરાન પલાળીને બાળકના માથા પર ઘસવામાં આવે અને સાતમા દિવસે એનું નામ રાખવામાં આવે જેવું કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ હસ્નૈન કરીમૈન رضی اللہ عنہماનો સાતમા દિવસે અક઼ીક઼ો કર્યો અને તેમનું નામ રાખ્યું. **જો કોઈનો અક઼ીક઼ો ન થયો હોય તે ખુદ પોતાના તરફથી અક઼ીક઼ો કરી શકે છે ભલે ગમે તેટલી ઉમર થઈ ગઈ હોય.** ફતાવા તન્કીહુલ હામિદિયહમાં છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ પોતાનો અક઼ીક઼ો કર્યો. *(૨/૨૩૩)*

بَابُ تَسْمِيَةِ الْمَوْلُوْدِ غَدَاةَ يُوْلَدُ لِمَنْ لَمْ يَعُقَّ عَنْهُ وَتَحْنِيْكِهٖ ص ٨٢١

**પ્રકરણ : "પેદાઈશના દિવસે એ બાળકનું નામ રાખવું જેનો અક઼ીક઼ો ન થયો હોય અને તેની તહનીક** –*(૮૨૧)*

حديث ٢٤٧٣ **[હદીષ : ૨૪૭૩]**

عَنْ اَبِيْ مُوْسٰى رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ وُلِدَ لِيْ غُلَامٌ

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી મરવી છે કે મારે એક બાળક પેદા થયું. હું તેને નબી صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં*

فَاَتَيْتُ بِهِ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَمَّاهُ اِبْرَاهِيْمَ فَحَنَّكَهٗ بِتَمْرَةٍ وَ

*લાવ્યો. હુઝૂરે એમનું નામ ઈબ્રાહીમ રાખ્યું અને ખારેક ચાવીને તેમના તાળવામાં ચીપકાવી અને એમના માટે*

دَعَا لَهٗ بِالْبَرَكَةِ وَدَفَعَهٗ اِلَيَّ وَكَانَ اَكْبَرَ وَلَدِ اَبِيْ مُوْسٰى سه

*બરકતની દુઆ કરી અને એમને મને આપ્યા. અને અબૂ મૂસાના સૌથી મોટા પુત્ર હતા."*

*(૨/૯૧૫ અદબ, મુસ્લિમ–ઈસ્તીઝાન)*

**હદીષ : ૨૪૭૩ની સમજૂતી** આ હદીષથી સાબિત થયું કે અક઼ીક઼ો કરતાં પહેલાં પણ નામ રાખવું જાઈઝ છે. પણ અફઝલ એ જ છે જે અમે પહેલાં લખ્યું.

تحنيك **(તહનીક)** : નો મતલબ એ થાય છે કે ખારેક ચાવીને બાળકના તાળવામાં ચોંટાડી દેવામાં આવે, એ પણ મુસ્તહબ છે કે જ્યારે બાળક પેદા થાય તો ઉલમા, મશાઈખ, સાલેહીનમાંથી કોઈની ખિદમતમાં પેશ કરવામાં આવે અને તે ખજૂર અથવા કોઈ મીઠી ચીજ ચાવીને એના મોમાં રાખી દે.

**પ્રકરણ : "અક઼ીક઼ામાં બાળકથી ગંદકી દૂર કરવી** –*(૮૨૨)*"

بَابُ اِمَاطَةِ الْاَذٰى عَنِ الصَّبِيِّ فِى الْعَقِيْقَةِ . صـ ۸۲۲

حدیث ۲۴۷۴ حَدَّثَنَا سَلْمَانُ بْنُ عَامِرِ الضَّبِّيُّ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"સલ્માન બિન આમિર ઝબ્બિયુએ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું, ફર્માવતા* **[હદીષ : ૨૪૭૪]**

عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَعَ الْغُلَامِ عَقِيْقَةٌ فَاَهْرِيْقُوْا عَنْهُ دَمًا وَاَمِيْطُوْا عَنْهُ الْاَذٰى.

*હતા, બાળક સાથે અક઼ીક઼ો છે, એના તરફથી લોહી વહાવો અને એનાથી ગંદકી દૂર કરો."*

**હદીષ : ૨૪૭૪ની સમજૂતી** આ હદીષને ઈમામ બુખારીએ અહીં પાંચ તરીક઼ાઓથી તખરીજ કરી છે. ચાર પહેલાવાળા તરીક઼ાઓમાં કેવળ આ પ્રમાણે છે : مَعَ الْغُلَامِ عَقِيْقَة અને અંતિમ તરીક઼ામાં એ વધારો છે જે અમે વર્ણન કર્યો. આ હદીષોમાં અમુક તરીક઼ાઓને શરહકર્તાઓએ મોઅલ્લક કહ્યા, પરંતુ સહીહ એ છે કે આ હદીષ મરફૂઅ છે.

مع الغلام عقيقة આનાથી એ લોકોએ દલીલ પકડી જેઓ એવું કહે છે કે અક઼ીક઼ો વાજિબ છે. તેમજ ઈમામ હસન તથા ક઼તાદાનો મઝહબ એ છે કે અક઼ીક઼ો કેવળ છોકરાની તરફથી કરવામાં આવશે અને છોકરીની તરફથી નહીં. **સહીહ એ છે કે અક઼ીક઼ો મુસ્તહબ છે, બાળક તથા બાળકી બંનેની તરફથી કરવામાં આવશે.** તિર્મિઝી (૧/૧૮૩)માં છે કે હફસા બિન્તે અબ્દુર્રહમાન બિન અબીબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہاએ ખબર આપી કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺએ હુકમ આપ્યો કે છોકરાની તરફથી બે બકરી પૂરા વરસની અને છોકરી તરફથી એક બકરી છે. તેમજ એમાં છે કે ઉમ્મે કુર્ઝે રસૂલુલ્લાહ ﷺને અક઼ીક઼ાના બારામાં પૂછયું તો ફર્માવ્યું, છોકરા તરફથી બે બકરીઓ અને છોકરી તરફથી એક બકરી. એનાથી તમારા માટે કોઈ નુકસાન ન થશે કે માદા હોય કે નર.

اذىٰ : اذىٰથી મુરાદ તે વાળ છે જે પેદાઈશ વખતે માથા પર હોય છે.

حدیث ۲۴۷۵ عَنْ حَبِيْبِ بْنِ الشَّهِيْدِ قَالَ اَمَرَنِىْ ابْنُ سِيْرِيْنَ اَنْ اَسْئَلَ

*"હબીબ બિન શહીદે કહ્યું, મને ઈબ્ને સીરીને હુકમ આપ્યો કે હું હસન બસરીને પૂછું* **[હદીષ : ૨૪૭૫]**

**હદીષ : ૨૪૭૫ની સમજૂતી**

આ હદીષના મતન (મૂળ લખાણ)ને ઈમામ બુખારીએ વર્ણવ્યું નથી. અસ્હાબે સુનને ક઼તાદાની રિવાયતથી

الْحَسَنَ وَمِمَّنْ سَمِعَ حَدِيْثَ الْعُقِيْقَةِ فَسَأَلْتُهُ فَقَالَ مِنْ

*કે અક઼ીક઼ાની હદીષ તેમણે કોનાથી સાંભળી ? તો મેં તેમને પૂછ્યું તો કહ્યું કે સમુરહ*

سَمُرَةَ بْنِ جُنْدُبٍ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ

*બિન જુન્દબ રضی اللہ عنہ થી."*

તેનું મતન આ પ્રમાણે વર્ણવ્યું છે : الغُلام مُرتهن بعقيقته يذ بح عنه يوم السابع وَيُحلق رأسه ويُسمّٰى બાળક પોતાના અક઼ીક઼ામાં ગિરો છે. તેના તરફથી સાતમા દિવસે જાનવર ઝબહ કરવામાં આવે અને તેનું માથુ મૂંડાવવામાં આવે અને તેનું નામ રાખવામાં આવે. આ હદીષની સનદ પર કેટલીક ચર્ચા કરવામાં આવી છે. એક એ કે અબ્દુલ્લાહ બિન અબૂ અસ્વદના શયખ કુરૈશ બિન અનસને ભેળસેળ થતું હતું. એ જ પ્રમાણે કેટલાક લોકોએ કહ્યું કે હસન બસરીનું સાંભળવું સમુરહ બિન જુન્દુબથી સાબિત નથી. એનો જવાબ કેટલાક લોકોએ એ આપ્યો કે શક્ય છે કે અબ્દુલ્લાહ બિન અબી અસ્વદે કુરૈશ બિન અનસથી ઈખ્તેલાત (ભેળસેળ)થી પહેલાં સાંભળ્યું હોય. અને ઈબ્ને હ઼ઝ્મએ કહ્યું કે ઈમામ હસન બસરીનું હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہથી અક઼ીક઼ાની હદીષના સિવાય સાંભળવું સાબિત નથી. એટલા માટે ઈમામ તિર્મિઝીએ આ હદીષના બારામાં ફર્માવ્યું કે આ હદીષ હસન સહીહ છે અને એના પર અહલે ઈલ્મનો અમલ છે.

## પ્રકરણ : "ફરઅનું બયાન." –(૮૨૨)

## بَابُ الْفَرَعِ ص٨٢٢

حديث ٢٤٧٦ عَنْ سَعِيْدِ بْنِ الْمُسَيَّبِ عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી ﷺ થી રિવાયત કરે છે કે* **[હદીષ : ૨૪૭૬]**

عَنِ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا فَرَعَ وَلَا عَتِيْرَةَ وَالْفَرَعُ أَوَّلُ

*ફર્માવ્યું, ફરઅ તથા અતીરા નથી. ફરઅ જાનવરના તે પ્રથમ બચ્ચાને કહેતા હતા જેને મુશ્રિકો પોતાની*

النَّتَاجِ كَانُوْا يَذْبَحُوْنَهُ لِطَوَاغِيَتِهِمْ وَالْعَتِيْرَةُ فِيْ رَجَبٍ.

*મૂર્તિઓના માટે ઝબહ કરતા હતા. અને અતીરા રજબમાં થતો હતો."*

**હદીષ : ૨૪૭૬ની સમજૂતી** આમ રિવાયતોમાં એ જ છે કે ફરઅ તથા અતીરા નથી. પણ નિસાઈની એક રિવાયતમાં આ પ્રમાણે છે : نهى رسول الله صلى الله تعالٰى عليه وسلّم عن الفرع والعتيرة. રસૂલુલ્લાહ ﷺએ ફરઅ તથા અતીરાથી મના ફર્માવ્યું. એનાથી ઉલ્ટુ ઘણી હદીષોમાં આવેલ છે કે હુઝૂર ﷺએ ફરઅ તથા અતીરાની ઈજાઝત આપી. બંનેમાં સંતુલન એ છે કે જાહિલિયતના યુગમાં તેને કુર્બત સમજીને કરતા હતા અને ફરઅ મૂર્તિઓના નામ પર ઝબહ કરતા હતા. મનાઈનો આધાર એ છે કે મૂર્તિઓના નામ પર ઝબહ કરવું મુત્લક઼ન (વિના શર્તે) મના છે બલ્કે કુફ્ર છે. અલ્લાહના નામ પર ઝબહ કરવાની ઈજાઝત છે તે પણ કોઈ કુર્બત નથી, કેવળ મુબાહ છે.

بسم اللہ الرحمٰن الرحیم

# كِتَابُ الذَّبَائِحِ وَالصَّيْدِ وَالتَّسْمِيَةِ

۸۲۳

**(કિતાબુઝ્ ઝબાએહિ વસ્સૈદિ વત્તસ્મિયહ)** –(૮૨૩)

**"ઝબીહા તથા શિકાર અને બિસ્મિલ્લાહ પઢવાનું બયાન."** –(૮૨૩)

وَقَوْلِ اللّٰهِ عَزَّ وَجَلَّ حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ وَالدَّمُ وَلَحْمُ الْخِنْزِيرِ وَمَا أُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ وَالْمُنْخَنِقَةُ وَالْمَوْقُوذَةُ وَالْمُتَرَدِّيَةُ وَالنَّطِيحَةُ وَمَا أَكَلَ السَّبُعُ إِلَّا مَا ذَكَّيْتُمْ وَمَا ذُبِحَ عَلَى النُّصُبِ وَأَنْ تَسْتَقْسِمُوا بِالْأَزْلَامِ ذٰلِكُمْ فِسْقٌ اَلْيَوْمَ يَئِسَ الَّذِينَ كَفَرُوا مِنْ دِينِكُمْ فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِ (سورہ مائدہ آیت ۳)

**અને અલ્લાહ ﷻના ઈર્શાદનું બયાન :** અને તમારા પર હરામ છે મુરદાર અને લોહી અને સુવ્વરનો ગોશ્ત. અને તે જેના ઝબહમાં ગૈરે ખુદાનું નામ પોકરવામાં આવ્યું. અને તે જે ગળુ ઘોંટવાથી મર્યા, અને ધાર વિનાની ચીજ વડે મારેલું, અને જે ગબડી પડીને મર્યું અને જેને કોઈ ફાડી ખાનાર જાનવર ખાય ગયું, પણ જેને તમે ઝબહ કરી લો. અને જે કોઈ સ્મારક (સમાધિ) પર ઝબહ કરવામાં આવ્યું. અને પાંસા ફેંકીને ફાલ કાઢવો એ ગુનાહનું કામ છે. આજે તમારા દીનની તરફ કાફિરોની આશા તૂટી ગઈ, તો એમનાથી ન ડરો અને મારાથી ડરો. *(માઈદહ–૩)*

وَقَوْلِهٖ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَيَبْلُوَنَّكُمُ اللّٰهُ بِشَيْءٍ مِنَ الصَّيْدِ تَنَالُهٗ أَيْدِيكُمْ وَرِمَاحُكُمْ لِيَعْلَمَ اللّٰهُ مَنْ يَخَافُهٗ بِالْغَيْبِ فَمَنِ اعْتَدٰى بَعْدَ ذٰلِكَ فَلَهٗ عَذَابٌ أَلِيمٌ

હે ઈમાનવાળાઓ ! જરૂર અલ્લાહ તમને અજમાવશે એવા કેટલાક શિકારોથી જેના સુધી તમારો હાથ તથા ભાલા પહોંચે કે અલ્લાહ પહેચાન કરાવી આપે તેમની જે એના જોયા વિના ડરે છે. પછી એના બાદ જે હદથી વધે એના માટે દર્દનાક અઝાબ છે.

*–(માઈદહ–૯૪)*

ت ٦٩٦ وَقَالَ ابْنُ عَبَّاسٍ اَلْعُقُودُ الْعُهُودُ مَا أُحِلَّ وَحُرِّمَ إِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ

*ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું, ઉ઼કૂદુલ ઉ઼હૂદ લેવામાં આવ્યો કે જે તમારા માટે* **[તઅલીક઼ : ૬૯૬]**

*હલાલ કરવામાં આવ્યું તથા હરામ કરવામાં આવ્યું. આખી આયત આ હતી :–*

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا أَوْفُوا بِالْعُقُودِ أُحِلَّتْ لَكُمْ بَهِيمَةُ الْأَنْعَامِ إِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ

હે ઈમાનવાળાઓ ! પોતાના ક઼ૌલ પૂરા કરો, તમારા માટે હલાલ થયાં મૂંગાં પાલતુ જાનવરો પણ જે તમને આગળ સંભળાવવામાં આવશે.

હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, અહીં અકૂદથી મુરાદ જે ચીજોને હલાલ ફર્માવી એને હલાલ સમજવી અને જે ચીજોને હરામ ફર્માવી તેને હરામ સમજવી. અને ચોપગાં હલાલ છે પણ તેઓ જેના હરામ હોવાનું વર્ણન આગળ છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, એનાથી મુરાદ સુવ્વર છે. એટલે ચોપગાંની જાતિમાં સુવ્વરનું હરામ હોવું સ્પષ્ટપણે વર્ણન થયેલ છે. બાકીના જાનવરોનું હરામ હોવું અમુક સબબોના કારણે છે. દા.ત. એહરામની હાલતનો શિકાર અથવા નતીહા અન્ય જાનવરના શિંગડુ મારવાથી મરી ગયેલ જાનવર વગેરે.

شنآن، عداوة، يحملنكم، يَجْرِ مَنَّكُمْ તમને અદાવત ઉશ્કેરણી ન કરે. اَلْمُنْخَنِقَةَ تُخْنَقُ فَتَمُوْتُ જેનું ગળુ ઘોંટી દેવામાં આવે અને મરી જાય. الموقوذة تُضْرَبُ بِالْخَشَبِ تُوْقِذُهَافَتَمُوْتُ જેને લાકડી વડે મારવામાં આવે અને ત્યાં સુધી કે મરી જાય. મુરાદ એ છે કે ધાર વિનાના સાધન વડે મારી નાખવામાં આવે. المتردّية تتردّىٰ من الجبل જે પહાડથી ગબડીને મરે. પહાડ જ ખાસ નથી પણ ઊંચાઈ પરથી ગબડી પડીને અથવા કૂવામાં કે ખાડામાં પડીને મરી જાય. النطيحة۔ تنطح الشاة فما ادركته يتحرك بذنبه اوبعينه فاذبح وكُل જેને બકરીએ શીંગ મારી દીધી હોય, તો જેને જુઓ તમે કે પૂછડી કે આંખ હલાવી રહી હોય તેને ઝબહ કરો અને ખાવ. બકરી જ ખાસ નથી. કોઈ પણ જાનવરને શીંગડુ માર્યુ હોય અથવા પગો વડે કચડી કાઢ્યું હોય અને મરી જાય તો તેને ખાવું હરામ છે, પરંતુ જો તે જીવંત હોય તો ઝબહ કરીને ખાય શકાય છે. જીવતા હોવાની નિશાની એ છે કે તે પૂછડી હલાવી રહ્યું હોય અથવા પગ હલાવી રહ્યું હોય અથવા આંખ હલાવી રહ્યું હોય.

## بَابُ صَيْدِ الْمِعْرَاضِ. صـ ٨٢٣

**પ્રકરણ : "તીરની ડંડીથી થયેલ શિકાર"** –(૮૨૩)

**સ્પષ્ટતા :** શિકાર પર તીર ચલાવ્યું પણ. તેનું ફળ (અણીવાળો ભાગ) શિકારને ન વાગ્યું પણ તેની ડંડી એટલા જોરથી વાગી કે શિકાર મરી ગયો. દા.ત. પક્ષી હતું અથવા સસલુ, તો એનું ખાવું હરામ છે. એ જ પ્રમાણે લાઠી અથવા પથ્થર વગેરેથી માર્યુ અને જાનવર મરી ગયું તો તે પણ હરામ છે. અને વકીઝા (હરામ)માં સામેલ છે.

[તઅલીક઼ : ૬૯૭] ت ٦٩٧ وَقَالَ ابْنُ عُمَرَ فِي الْمَقْتُوْلَةِ بِالْبُنْدُقَةِ تِلْكَ الْمَوْقُوْذَةُ

*"અને ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું જે ગુલ્લાથી માર્યું ગયું હોય તે મવકૂઝા છે એટલે હરામ છે અને તેને*

وَكَرِهَهُ سَالِمٌ وَالْقَاسِمُ وَمُجَاهِدٌ وَإِبْرَاهِيْمُ وَعَطَاءٌ وَالْحَسَنُ وَكَرِهَ الْحَسَنُ

*સાલિમ તથા ક઼ાસિમ અને મુજાહિદ અને ઈબ્રાહીમ તથા અતા અને હસને મકરૂહ જાણ્યું. અને હસને એ પણ*

رَمْيَ الْبُنْدُقَةِ فِي الْقُرَىٰ وَالْأَمْصَارِ وَلَا يَرَىٰ بَأْسًا فِيْمَا سِوَاهُ

*મકરૂહ જાણ્યું કે વસ્તીઓ તથા શહેરોમાં ગુલ્લા ફેંકવામાં આવે, અને વસ્તીના સિવાયમાં કોઈ વાંધો નથી જાણ્યો."*

**તઅલીક઼ : ૬૯૭ની સમજૂતી**

એ જમાનામાં માટીના ગુલ્લા બનાવવામાં આવતા હતા એનો હુકમ વર્ણવ્યો છે. એ જ બાબતને ક઼યાસ કરીને બંદૂકના સીસાની ગોળીથી જે જાનવર શિકાર થઈ જાય તે પણ હરામ છે.

## بَابُ صَيْدِ الْقَوْسِ ص۸۲۳

**પ્રકરણ : "કમાનના શિકારનું વર્ણન." –(૮૨૩)**

ت ۶۹۸ وَقَالَ الْحَسَنُ وَإِبْرَاهِيمُ إِذَا ضَرَبَ صَيْدًا فَبَانَ مِنْهُ يَدٌ [તઅલીક઼ : ૬૯૮]

"ઈમામ હસન બસરી તથા ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું, જ્યારે કોઈ શિકારને માર્યો અને તેનો હાથ અથવા પગ

أَوْ رِجْلٌ فَلَا يَأْكُلِ الَّذِي بَانَ وَيَأْكُلُ سَائِرَهُ

કપાયને અલગ થઈ ગયો હોય, તો જે અલગ થઈ ગયો તેને ન ખાય અને બાકીનાને ખાય."

ت ۶۹۹ وَقَالَ إِبْرَاهِيمُ إِذَا ضَرَبْتَ عُنُقَهُ أَوْ وَسَطَهُ فَكُلْهُ [તઅલીક઼ : ૬૯૯]

"અને ઈમામ ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું, જ્યારે તું એની ગરદનને મારે અથવા કમરને મારે તો એને ખા."

**★ શિકારના શરીરથી જે ભાગ છૂટો થઈ જાય... ★**

ت ۷۰۰ وَقَالَ الْأَعْمَشُ عَنْ زَيْدٍ إِسْتَعْصَى عَلَى آلِ عَبْدِ اللهِ حِمَارٌ

"અને અઅ્મશે કહ્યું, ઝયદ બિન વહબથી રિવાયત છે કે અબ્દુલ્લાહ બિન મસ્ઊદની [તઅલીક઼ : ૭૦૦]

فَأَمَرَهُمْ أَنْ يَضْرِبُوهُ حَيْثُ تَيَسَّرَ دَعُوا مَا سَقَطَ مِنْهُ وَكُلُوهُ

આલના ક઼બજાથી એક જંગલી ગધેડુ નીકળી ગયું, તો તેમણે તેમને હુકમ આપ્યો, જ્યાં બની શકે તેને મારો, જે

એના શરીરથી કપાયને પડી જાય એને છોડી દો બાકીનાને ખાવ."

**તઅલીક઼ : ૭૦૦ની સમજૂતી**

**ઝબહના પ્રકારો :** ઝબહના બે પ્રકાર છે : ઈખ્તિયારી અને ઈઝતેરારી. ઈખ્તિયારી એ છે કે જાનવર આપણા કાબૂમાં હોય, તો એ જરૂરી છે કે બિસ્મિલ્લાહ પઢીને ગરદનની ચાર રગો કાપવામાં આવે. અથવા કમસે કમ ત્રણ. ઈઝતેરારી એ છે કે જાનવર કાબૂમાં નથી, દા.ત. જાનવર નાસી રહ્યું છે અને ખાડા વગેરેમાં પડી ગયું તેના માટે ગાલિબ ગુમાન છે કે ખાડામાંથી કાઢતાં કાઢતાં મરી જશે તો આવી હાલતમાં કોઈ ધારદાર ઓજાર વડે શરીરના કોઈ હિસ્સામાં ઘા કરી દેવામાં આવે બિસ્મિલ્લાહ પઢીને. હા ! જો શરીરનું કોઈ અંગ કપાયને અલગ થઈ જાય તો તેને ખાવું જાઈઝ નથી.

**કયુ શિકાર થયેલ હલાલ ?**

حدیث ۲۴۷۷ عَنْ أَبِي ثَعْلَبَةَ الْخُشَنِيِّ قَالَ قُلْتُ يَا نَبِيَّ اللهِ أَنَا بِأَرْضِ قَوْمٍ

"હઝરત અબૂ ષઅલ્બા ખુશની رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે કહ્યું કે હે અલ્લાહના નબી ! [હદીષ : ૨૪૭૭]

أَهْلِ الْكِتَابِ أَفَنَأْكُلُ فِي آنِيَتِهِمْ وَبِأَرْضِ صَيْدٍ أَصِيدُ بِقَوْسِي وَبِكَلْبِيَ الَّذِي

અમે અહલે કિતાબની ભૂમિમાં છીએ, શું અમે એમના વાસણોમાં ખાઈએ ? અને અમે શિકારની ભૂમિમાં

لَيْسَ بِمُعَلَّمٍ وَبِكَلْبِيَ الْمُعَلَّمِ فَمَا يَصْلُحُ لِي قَالَ أَمَّا مَا ذَكَرْتَ مِنْ أَهْلِ

છીએ, હું મારી કમાન અને મારા આ કૂતરા વડે શિકાર કરું છું સિધાવેલો નથી. અને મારા તે કૂતરાથી જે

الْكِتَابِ فَإِنْ وَجَدْتُمْ غَيْرَهَا فَلَا تَأْكُلُوا فِيهَا وَإِنْ لَمْ تَجِدُوا فَاغْسِلُوهَا

સિધાવેલો છે શિકાર કરું છું. એમાંથી કોણ મારા માટે દુરુસ્ત છે ? ફર્માવ્યું, તમે જે અહલે કિતાબનાં વાસણોનો

وَكُلُوا فِيهَا وَمَا صِدْتَ بِقَوْسِكَ وَذَكَرْتَ اسْمَ اللهِ فَكُلْ وَمَا صِدْتَ

ઉલ્લેખ કર્યો, તો જો તમે એના સિવાય કોઈ અન્ય વાસણો પામો તો એમના વાસણોમાં ન ખાવ, અને જો તમે

بِكَلْبِكَ الْمُعَلَّمِ فَذَكَرْتَ اسْمَ اللهِ فَكُلْ وَمَا صِدْتَ بِكَلْبِكَ غَيْرَ

બીજુ વાસણ ન પામો તો એમનાં વાસણોને ધૂઓ અને તેમાં ખાવ. અને જે તમે તમારી કમાન વડે શિકાર કરો

مُعَلَّمٍ فَأَدْرَكْتَ ذَكَاتَهُ فَكُلْ

અને અલ્લાહનું નામ ઝિક્ર કરો તો એને ખાવ અને જે તમે તમારા સિધાવેલા કૂતરા વડે શિકાર કર્યો

અને અલ્લાહનું નામ લીધું તો ખાવ, અને જે તમારા સિધાવેલા વિનાના કૂતરા વડે શિકાર કર્યો, તો જો એને

જીવતો પામો અને ઝબહ કરી લો તો ખાવ." (૨/૮૨૫, બાબુ માજાઅ ફિત્તદીસ, ૨/૮૨૬, બાબુ અનિયતુલ મજૂસ વલ્મયતહૂ)

## પ્રકરણ : "રોડુ અથવા ગુલ્લા મારવું." –(૮૨૩) بَابُ الْخَذْفِ وَالْبُنْدُقَةِ ص ٨٢٣

حديث ٢٤٧٨ [હદીષ : ૨૪૭૮] عَنْ عَبْدِ اللهِ بْنِ مُغَفَّلٍ أَنَّهُ رَأَى رَجُلًا يَخْذِفُ فَقَالَ لَهُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગફ્ફલ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે એક શખ્સને જોયો કે રોડુ ફેંકી રહ્યો છે. તો

لَا تَخْذِفْ فَإِنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنِ الْخَذْفِ

તેને ફર્માવ્યું, રોડુ ન ફેંક, એટલા માટે કે રસૂલુલ્લાહ ﷺ એ રોડુ ફેંકવાથી મના ફર્માવ્યું. અથવા રોડુ ફેંકવાને

أَوْ كَانَ يَكْرَهُ الْخَذْفَ وَقَالَ إِنَّهُ لَا يُصَادُ بِهِ صَيْدٌ وَلَا يُنْكَأُ بِهِ عَدُوٌّ وَلَكِنَّهَا

નાપસંદ ફર્માવતા હતા. અને ફર્માવ્યું કે એનાથી ન તો શિકાર થાય છે અને ન દુશ્મનને ઝખ્મ પહોંચે છે, પરંતુ

قَدْ تَكْسِرُ السِّنَّ وَتَفْقَأُ الْعَيْنَ ثُمَّ رَآهُ بَعْدَ ذَالِكَ يَخْذِفُ فَقَالَ

એ ક્યારેક દાંત તોડી નાખે છે અને આંખ ફોડી નાખે છે. ત્યારબાદ એમણે તે શખ્સને જોયો કે રોડુ ફેંકી રહ્યો છે.

### હદીષ : ૨૪૭૮ની સમજૂતી

خَذْفٌ આંગળીઓ વડે કાંકરી ફેંકવી. અને કેટલાક લોકોએ કહ્યું કે અંગૂઠા અને કલમાની આંગળી વડે કાંકરી

لَهٗ اُحَدِّثُكَ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ نَهٰى

*તો એને ફર્માવ્યું, મેં તને રસૂલુલ્લાહ ﷺ ની હદીષ વર્ણવી છે કે તેમણે રોડુ ફેંકવાથી મના ફર્માવ્યું છે ! અથવા*

عَنِ الْخَذْفِ اَوْكَرِهَ الْخَذْفَ وَاَنْتَ تَخْذِفُ لَآ اُكَلِّمُكَ كَذَا وَكَذَا

*રોડુ ફેંકવાને નાપસંદ કર્યું છે ! હું તારી સાથે આટલા આટલા દિવસ વાત કરીશ નહીં." (મુસ્લિમ–ઝબાએહ)*

ફેંકવી. અથવા ગોફણ વગેરે વડે ફેંકવી. હદીષથી સાબિત થયું કે વિના જરૂરતે કાંકરી, ઢેફું વગેરે આમ તેમ ફેંકવું મના છે.

## بَابُ اِذَا اَكَلَ الْكَلْبُ صـ ٨٢٣

**પ્રકરણ : "જ્યારે શિકારને કૂતરો ખાય (તો તેને ન ખાવ)."** –(૮૨૪)

وَقَوْلِهٖ تَعَالٰى يَسْئَلُوْنَكَ مَاذَآ اُحِلَّ لَهُمْ قُلْ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ وَمَا عَلَّمْتُمْ مِّنَ الْجَوَارِحِ مُكَلِّبِيْنَ تُعَلِّمُوْنَهُنَّ مِمَّا عَلَّمَكُمُ اللّٰهُ فَكُلُوْا مِمَّآ اَمْسَكْنَ عَلَيْكُمْ وَاذْكُرُوا اسْمَ اللّٰهِ عَلَيْهِ وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ اِجْتَرَحُوْا اِكْتَسَبُوْا

**અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન** : "હે મહબૂબ ! તમને પૂછે છે કે એમના માટે શું હલાલ થયું ? તમે ફર્માવી દો કે હલાલ કરવામાં આવી તમારા માટે પાક ચીજો, અને શિકારી જાનવર જે તમે સિધાવી લીધાં તેમને શિકાર માટે દોડાવતા. અને જે ઈલ્મ તમને ખુદાએ આપ્યો તેમને શીખવાડતા, તો ખાવ એમાંથી જે તેઓ મારીને તમારા માટે રહેવા દે, અને એના પર અલ્લાહનું નામ લો, અને અલ્લાહથી ડરતા રહો, બેશક ! અલ્લાહને હિસાબ કરતાં વાર નથી લાગતી.

اجترحوانો અર્થ એ છે કે તેમણે કમાયું.

**સ્પષ્ટતા** : આ આયતમાં તૈયિબાતથી મુરાદ તે ચીજો છે જેને સદ્‌બુદ્ધિવાળા લોકો ખાય, તેમને ધૃણા ન આવે. એનાથી ઉલ્ટુ ખબીષ (ગંદુ) છે. એટલે ધૃણા જન્માવે તેવી ચીજો જેને બુધ્ધિવાન લોકો ખાવાથી ધૃણા અનુભવે છે.

كلب مُعَلَّم તે શિકારી જાનવર છે જે સિધાવી લેવામાં આવ્યું હોય, એટલે કે એને એનું આદી બનાવી દેવામાં આવ્યું છે કે શિકાર જોઈને ખુદ તેને ઝપટે, પણ જ્યારે તેને શિકાર પર છોડવામાં આવે તો જાય, અને જ્યારે બોલાવવામાં આવે તો તરત જ પાછુ આવી જાય. અને શિકારને પકડીને તેમાંથી કાંઈ ન ખાય. બલ્કે મારીને કે ઝખ્મી કરીને છોડી આપે. અથવા માલિકની પાસે ઉઠાવી લાવે. જો આ વાતોમાંથી કોઈ એક ન જોવા મળે તો તે સિધાવેલુ ન થશે, તેનો કરેલો શિકાર ખાવું હરામ થશે. તે ઉપરાંત શિકારને હલાલ થવા માટે નીચે પ્રમાણે શરતો છે :–

તે જાનવર મુસલમાનનું હોય, બિસ્મિલ્લાહ પઢીને તેને છોડવામાં આવ્યું હોય, તેણે શિકારના જાનવરને દાંતો અથવા નખો વડે ઝખ્મી કરેલ હોય, અને એમાંથી પોતે કાંઈ ન ખાધુ હોય. અને જો તે જાનવર શિકારીને જીવતુ મળ્યું તો તેને "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહીને ઝબહ કરે. તેમજ એ પણ જરૂરી છે કે સિધાવેલા

જાનવર સાથે ન સિધાવેલું જાનવર શિકારમાં શરીક ન હોય, અથવા કોઈ ગૈર મુસ્લિમનું શિકારી જાનવર શરીક ન થયું હોય અથવા બિસ્મિલ્લાહ પઢયા વિના છોડેલું જાનવર શરીક ન થયું હોય. કૂતરો જ ખાસ નથી, કોઈપણ દરિન્દા (જંગલી જાનવર) જાનવરને સિધાવી લેવામાં આવે, ચાહે તે ચોપગુ હોય કે પક્ષી હોય. દા.ત. ચિત્તો, શકરા, બાઝ, શાહિન (શિકારી પક્ષીઓ) વગેરે.

مُكَلِّبُ : આ કલ્બથી મુશતક઼ છે. એનાથી મુરાદ છે સિધાવેલું શિકારી જાનવર. કેમ કે અધિકત્તર કૂતરાથી શિકારનો રિવાજ છે એટલા માટે એનાથી આ શબ્દ બનાવ્યો, અને મુરાદ આમ અર્થ છે. સિધાવેલું શિકારી જાનવર. અથવા એ કલ્બથી મુશતક઼ છે જેનો અર્થ સિધાવવું છે.

اجترحوا-اِجۡتَرَحُوا નો ઝિક અહીં ઈસ્તત્રાદન્ છે. એવું બતાવવા ચાહે છે કે ઈજતરહનો અર્થ ઈકતસબ પણ છે.

جوارح-جَوَارِحُ જારિહ઼તુનનું બહુવચન છે, એનાથી મુરાદ શિકારી જાનવર છે. એનો શાબ્દિક અર્થ કમાનાર છે.

[તઅલીક઼ : ૭૦૧] ت ٧٠١ وَقَالَ ابْنُ عَبَّاسٍ إِنْ أَكَلَ الْكَلْبُ فَقَدْ أَفْسَدَهُ إِنَّمَا أَمْسَكَ

*"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, અને જો કૂતરો ખાય લે તો એણે શિકારને ખરાબ કરી નાખ્યો,*

عَلَى نَفْسِهِ وَاللّٰهُ تَعَالَى يَقُولُ تُعَلِّمُوْنَهُنَّ مِمَّا عَلَّمَكُمُ اللّٰهُ فَيُضْرَبُ يُعَلَّمُ حَتّٰى

*તેણે પોતાના માટે તેને રોક્યો. અને અલ્લાહ તઆલા ફર્માવે છે, અલ્લાહે તમને જે ઈલ્મ આપ્યો છે એના વડે*

يَتْرُكَ وَكَرِهَهُ ابْنُ عُمَرَ وَقَالَ عَطَاءٌ إِنْ شَرِبَ الدَّمَ وَلَمْ يَأْكُلْ فَكُلْ

*એને શીખવાડો તો એને મારવામાં આવે, અને શીખવવામાં આવે, ત્યાં સુધી કે છોડી આપે. અને હઝરત ઈબ્ને*

*ઉમર رضی اللہ عنہما એ તેને મકરૂહ જાણ્યું, અને અતાએ કહ્યું, જો લોહી પીએ અને ખાય નહીં તો ખાવ."*

## તઅલીક઼ : ૭૦૧ની સમજૂતી

જમહૂરનો મઝહબ એ જ છે કે જો શિકારી જાનવર શિકારમાંથી કાંઈ ખાય તો તેને ખાવું જાઈઝ નથી. અને એ જ સહીહ છે. પણ આ હુકમ કેવળ ચોપગાં શિકારી જાનવરો માટે છે. જો તે શિકારી જાનવર પક્ષી છે જેમ કે શકરા કે બાઝ, અને તેણે શિકારમાંથી કાંઈક ખાય લીધું તો બાકીનાને ખાવામાં કાંઈ વાંધો નથી. અને જો કૂતરાએ ફકત લોહી પીધું, ગોશ્ત નથી ખાધો તો પણ શિકાર હલાલ છે.

**પ્રકરણ : "અને તમારા માટે દરિયાનો શિકાર હલાલ કરવામાં આવ્યો."** *–(૮૨૫)*

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالَى أُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ ـ ص ٨٢٥

**સ્પષ્ટતા :** આ આયત મુહરિમ (એહરામવાળા)ના બારામાં આવેલી છે કે એહરામની હાલતમાં ખુશ્કી (જમીન પર)નો શિકાર કરવો હરામ છે પણ **દરિયાઈ જાનવરનો શિકાર કરવો એહરામની હાલતમાં પણ જાઈઝ છે.** પણ એના ઉમૂમ (સામાન્યપણા)થી હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ વગેરેએ દલીલ કરી કે દરિયાનાં સર્વ જાનવરો હલાલ છે, કેવળ માછલી જ ખાસ નથી.

## ત ૭૦૨ وَقَالَ عُمَرُ صَيْدُهُ مَا اصْطِيْدَ وَطَعَامُهُ مَا رَمٰى بِهٖ .

*"અને હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે આયતે કરીમામાં જે ફર્માવવામાં આવ્યું* **[તઅલીક઼ : ૭૦૨]**

*કે તમારા માટે દરિયાનો શિકાર અને એનું ખાણુ હલાલ કરવામાં આવ્યું."*

**તઅલીક઼ : ૭૦૨ની સમજૂતી** એમાં સૈદથી મુરાદ તે જાનવર છે જેને શિકાર કરવામાં આવે અને તઆમથી મુરાદ તે જાનવર છે જેને દરિયો ફેંકી આપે. દા.ત. મૌજ ઉઠી અને ખુશ્કી (જમીન) પડી એમાં માછલીઓ આવી ગઈ. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે તઆમથી મુરાદ તે છે જેને ઝાદેરાહ (રસ્તાના ભાથા) તરીકે સાથે રાખવામાં આવે.

## ત ૭૰૩ وَقَالَ اَبُوْبَكْرٍ الطَّافِىْ حَلَالٌ

*"અને હઝરત અબૂબકરએ ફર્માવ્યું, જે માછલી પાણીની ઉપર આવી જાય તે હલાલ છે."* **[તઅલીક઼ : ૭૦૩]**

**તઅલીક઼ : ૭૦૩ની સમજૂતી** એટલે કે જે માછલી દરિયાના પાણીમાં મરી જાય અને મરીને પાણીની ઉપર દરિયામાં તરવા લાગે એના બારામાં ઉલમાની વચ્ચે મતભેદ છે. **આપણે ત્યાં એને ખાવું જાઈઝ નથી.** આપણી દલીલ હઝરત જાબિર رضی اللہ عنہ ની આ હદીષ છે : "જેને દરિયાએ બહાર ફેંકી દીધી અથવા દરિયાથી કાઢવામાં આવી તેને ખાવ અને જે પાણીમાં મરી જાય અને ઉપર આવી જાય તેને ન ખાવ." આ હદીષની સનદ પર ચર્ચા કરવામાં આવી છે, પણ અલ્લામા અયનીએ તેહક઼ીક઼ ફર્માવી કે આ હદીષ સહીહ છે.

## ત ૭૰૪ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا طَعَامُهُ مَيْتَةٌ اِلَّا

*"અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે આયતે કરીમામાં* **[તઅલીક઼ : ૭૦૪]**

مَا قَذِرْتَ مِنْهَا

*તઆમ (ભોજન)થી મુરાદ સમુદ્રનું મુર્દા જાનવર છે, પણ તે જેનાથી ઘૃણા ઉપજે."*

**તઅલીક઼ : ૭૦૪ની સમજૂતી**

આપણો મઝહબ એ છે કે માછલીના સિવાય અન્ય કોઈ દરિયાઈ જાનવર હલાલ નથી, એટલા માટે કે સૌને ખાવામાં સદ બુધ્ધિવાળા લોકોને ઘૃણા ઉપજે છે. કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું : وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبَائِثَ અને એમના પર ઘૃણાસ્પદ ચીજો હરામ ફર્માવે છે. *(અઅ્રાફ–૧૫૭)*

وَالْجِرِّيْثُ لَا تَاْكُلُهُ الْيَهُوْدُ وَنَحْنُ نَاْكُلُهُ અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે આ જિર્રિષને યહૂદી નથી ખાતા અને આપણે ખાઈએ છીએ.

جِرِّيْث એક પ્રકારની માછલી છે સાપના સ્વરૂપની જેના પર ભીંગડાં નથી હોતાં. જેને ફારસીમાં મારમાહી અને આપણી બોલીમાં બામ કહે છે, એ હલાલ છે.

ت ۷۰۵ وَقَالَ اَبُوْ شُرَيْحٍ صَاحِبُ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

**[તઅલીક઼ : ૭૦૫]** *"અબૂ શુરૈહ નબી ﷺના સહાબીએ ફર્માવ્યું, સમુદ્રની દરેક*

وَسَلَّمَ كُلُّ شَىْءٍ فِى الْبَحْرِ مَذْبُوْحٌ

*ચીજ ઝબહ કરેલી છે."*

**તઅલીક઼ : ૭૦૫ની સમજૂતી**

### ★ દરિયાઈ જાનવરને ઝબહ કરવાની કેમ જરૂર નથી ? ★

એટલે કે એને ખાવાના માટે ઝબહ કરવાની જરૂર નથી. એમાં સબબ એ છે કે ખુશ્કી (જમીન પર)ના જાનવરમાં લોહી હોય છે જે નાપાક છે. ઝબહ કરીને તેને તેનામાંથી કાઢી નાખવામાં આવે છે. અને દરિયાઈ જાનવરમાં લોહી નથી હોતુ એટલા માટે એને ઝબહ કરવાની જરૂરત નથી.

બુખારીના હિંદુસ્તાની નુસ્ખાઓમાં અબૂ શુરૈહ છે પણ ફત્હુલ બારી, ઉમ્દતુલ ક઼ારી, ક઼સ્તલાનીમાં શુરૈહ છે અને એ જ સહીહ છે.

ت ۷۰٦ وَقَالَ عَطَاءٌ اَمَّا الطَّيْرُ فَاَرٰى اَنْ يَذْبَحَهٗ

**[તઅલીક઼ : ૭૦૬]** *"અને અતાએ કહ્યું કે પક્ષીને ઝબહ કરે."*

ت ۷۰۷ وَقَالَ ابْنُ جُرَيْجٍ قُلْتُ لِعَطَاءٍ صَيْدُ الْاَنْهٰرِ وَقِلَاتُ

**[તઅલીક઼ : ૭૦૭]** *"ઈબ્ને જુરૈજે કહ્યું, મેં અતાને પૂછયું કે નહેરો અને પાણીના પુરના ખાડાઓનો*

السَّيْلِ اَصَيْدُ بَحْرٍ؟ قَالَ نَعَمْ ثُمَّ تَلَا "هٰذَا عَذْبٌ فُرَاتٌ وَّهٰذَا مِلْحٌ

*શિકાર દરિયાનો શિકાર છે ? તેમણે કહ્યું, હા. પછી તિલાવત કર્યું. આ મીઠો છે અતિશય શીરીં અને*

اُجَاجٌ وَّمِنْ كُلٍّ تَاْكُلُوْنَ لَحْمًا طَرِيًّا

*આ ખારો છે ખૂબ જ કડવો અને દરેકમાંથી તમે તાજો ગોશ્ત ખાવ છો." –(ફાતિર)*

ت ۷۰۸ وَرَكِبَ الْحَسَنُ عَلٰى سَرْجٍ مِّنْ جُلُوْدِ كِلَابِ الْمَاءِ

**[તઅલીક઼ : ૭૦૮]**

*"અને ઈમામ હસન رضي الله عنه પાણીના કૂતરાઓ (જળશ્વાન)ની ચામડાની ઝીન પર સવાર થયા."*

**તઅલીક઼ : ૭૦૮ની સમજૂતી**

### ★ દરેક ચામડુ પાક સિવાય સુવ્વરનું ★

લગભગ ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે كِلَابِ الْمَاء હલાલ છે. જો હરામ હોત તો તેની ચામડી નાપાક હોત, તો એના ચામડા પર સવાર થવું જાઈઝ ન થાત.

اقول وهوالمستعان હું કહું છું : ઝીન ચામડાને પકવ્યા પછી બનાવવામાં આવે છે, અને પકવ્યા પછી **દરેક ચામડુ પાક થઈ જાય છે સુવ્વર સિવાય, ભલે તે મુરદાર હરામ જાનવરની હોય.**

### ★ દેડકો ખાવુ જાઈઝ નથી ★

ت ۷۰۹ وَقَالَ الشَّعْبِيُّ لَوْ اَنَّ اَهْلِيْ اَكَلُوا الضَّفَادِعَ لَاَطْعَمْتُهُمْ

*"અને ઈમામ શઅબીએ કહ્યું, જો મારાં ઘરવાળાં દેડકો ખાય તો હું તેમને ખવડાવીશ."* **[તઅલીક઼ : ૭૦૯]**

**તઅલીક઼ : ૭૦૯ની સમજૂતી** ઈમામ શઅબીનો મઝહબ આ જ હતો પણ સહીહ એ છે કે **દેડકાનું ખાવું જાઈઝ નથી.** અબૂ દાઊદે તિબ્બ (૨/૧૮૫) તથા અદબમાં અને નિસાઈએ સૈદમાં અબ્દુર્રહમાન બિન ઉષ્માનથી રિવાયત કરી કે એક તબીબે રસૂલુલ્લાહ ﷺથી દેડકાના બારામાં પૂછયું કે એને દવામાં સામેલ કરું? તો હુઝૂરે એને ક઼ત્લ કરવાથી મના ફર્માવ્યું. આ હદીષને ઈમામ અહમદ તથા ઈમામ ઈસ્હાક઼ બિન રાહવિયહ અને અબૂ દાઊદ તયાલ્સીએ પોતાની મસાનીદમાં રિવાયત કરી છે. તેમજ દારમીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી પણ આ જ વિષયની હદીષ રિવાયત કરી છે અને જાહેર છે કે દેડકાને ક઼ત્લ કર્યા વિના ખાવો શક્ય નથી, એટલા માટે એને ખાવું જાઈઝ થશે નહીં.

### ★ કાચબો ખાવો હરામ ★

ت ۷۱۰ وَلَمْ يَرَ الْحَسَنُ بِالسُّلَحْفَاةِ بَاْسًا

*"અને ઈમામ હસન બસરીએ કહ્યું, કાચબો ખાવામાં કોઈ વાંધો નથી."* **[તઅલીક઼ : ૭૧૦]**

**તઅલીક઼ : ૭૧૦ની સમજૂતી** આપણે ત્યાં **કાચબો ખાવો પણ હરામ છે.** એટલા માટે કે એ પણ ધૃણાજનક ચીજ છે, અને ખબાઈષ (ગંદી ચીજો)માં સામેલ છે.

### ★ દરિયાનો શિકાર ગમે તે કરે હલાલ છે ★

ت ۷۱۱ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ كُلْ مِنْ صَيْدِ الْبَحْرِ وَاِنْ

*"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, દરિયાનો શિકાર ખા ભલે* **[તઅલીક઼ : ૭૧૧]**

صَادَهٗ نَصْرَانِيٌّ اَوْ يَهُوْدِيٌّ اَوْ مَجُوْسِيٌّ

*તેને ઈસાઈ કે યહૂદી કે મજૂસી (પારસી)એ શિકાર કર્યો હોય."*

ت ۷۱۲ **[તઅલીક઼ : ૭૧૨]** وَقَالَ اَبُو الدَّرْدَاءِ فِي الْمُرِّيْ ذَبَحَ الْخَمْرَ النِّيْنَانُ وَالشَّمْسُ،

*"અને અબૂ દરદા رضی اللہ عنہએ મુર્રીના બારામાં ફર્માવ્યું કે શરાબને માછલીઓ તથા તડકાએ ઝબહ કરી આપી."*

**તઅલીક઼ : ૭૧૨ની સમજૂતી**

શામવાસીઓ શરાબમાં માછલી તથા મીઠુ નાખીને તડકામાં રાખી દેતા જ્યારે તે બદલાઈ જતું તો ખાતા. હઝરત અબૂ દરદા رضی اللہ عنہના ઈર્શાદનો મતલબ એ છે કે તે હલાલ છે, જેમ કે તે શરાબ જે સિરકો બની જાય.

## بَابُ أَكْلِ الْجَرَادِ. ص ۸۲۶

**પ્રકરણ : "તીડ ખાવાનું બયાન"** –(૮૨૬)

حدیث ۲۴۷۹ عَنِ ابْنِ اَبِیْ اَوْفٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ یَقُوْلُ غَزَوْنَا مَعَ النَّبِیِّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ ઔફા رضی اللہ عنہ થી રિવાયત છે. કહે છે કે મેં નબી ﷺ ની* **[હદીષ : ૨૪૭૯]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ سَبْعَ غَزَوَاتٍ اَوْسِتًّا کُنَّا نَاکُلُ الْجَرَادَ مَعَہٗ ۰

*સાથે રહીને સાત કે છ ગઝવહ કર્યા અને અમે હુઝૂરની સાથે તીડ ખાતા હતા."*

**હદીષ : ૨૪૭ની સમજૂતી**

તીડ ખાવા જાઈઝ છે અને તેને ઝબહ કર્યા વિના ખાવામાં આવે છે.

## بَابُ التَّسْمِیَۃِ عَلَی الذَّبِیْحَۃِ وَمَنْ تَرَکَ مُتَعَمِّدًا ۱ ص ۸۲۶

**પ્રકરણ : ઝબીહા પર બિસ્મિલ્લાહ પઢવું અને જેણે જાણીબુઝીને બિસ્મિલ્લાહ પઢવાનું છોડયું.** –(૮૨૬)

ت ۷۱۳ قَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا مَنْ نَسِیَ فَلَا بَاْسَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જે તસ્મિયા ભૂલી ગયો* **[તઅલીક઼ : ૭૧૩]**

وَقَالَ اللّٰہُ تَعَالٰی وَلَا تَاکُلُوْا مِمَّا لَمْ یُذْکَرِاسْمُ اللّٰہِ عَلَیْہِ وَاِنَّہٗ

*તો કાંઈ વાંધો નથી. અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અને એને ન ખાવ જેના પર અલ્લાહનું નામ ન*

لَفِسْقٌ وَالنَّاسِیْ لَا یُسَمّٰی فَاسِقًا

*લેવામાં આવે. બેશક ! તે ફિસ્ક઼ છે. અને ભૂલવાવાળાને ફાસિક઼ નથી કહેતા."*

**સ્પષ્ટતા : ઝબહ સહીહ થવા માટે ઝબહના સમયે બિસ્મિલ્લાહ પઢવી શર્ત છે. જો કોઈ જાણી જોઈને ન પઢે તો જાનવર મુરદાર થઈ જશે. અને જો ભૂલી ગયો અને ન પઢયો તો વાંધો નથી.** ઈમામ બુખારીએ એના સમર્થનમાં વર્ણવેલી આયત નક઼લ ફર્માવી. વાંધાનું કારણ એ છે કે જે જાનવરમાં ઝબહના સમયે બિસ્મિલ્લાહ ન પઢવામાં આવે, તેને ન ખાવાનું કારણ અલ્લાહ جل جلالہ એ એ વર્ણવ્યું કે એ ફિસ્ક઼ (ગુનો) છે. ફિસ્ક઼ ત્યારે થશે જ્યારે ઈરાદાપૂર્વક બિસ્મિલ્લાહ ન પઢી. અને જો ભૂલી ગયો, નથી પઢયો તો ફિસ્ક઼ નથી. જ્યારે ફિસ્ક઼ નથી તો એને ખાવામાં વાંધો નથી.

وَقَوْلُهُ عَزَّوَجَلَّ وَإِنَّ الشَّيٰطِيْنَ لَيُوْحُوْنَ إِلٰى أَوْلِيَائِهِمْ

*બેશક ! શૈતાનો પોતાના દોસ્તોના દિલમાં નાખે છે જેથી તે તમારી સાથે ઝઘડો કરે.*

*અને જો તેમનું આજ્ઞાપાલન કરશો તો મુશ્રિક થઈ જશો.*

**સ્પષ્ટતા :** હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہની નજીક ઝબહ વખતે બિસ્મિલ્લાહ પઢવી શર્ત નથી. જો કોઈ શખ્સ ઈરાદાપૂર્વક બિસ્મિલ્લાહ ન પઢે તો પણ જાનવર હલાલ છે. અને તે આયતે કરીમા ولا تاکلوامما لم یذکر اسم اللہ علیهની તાવીલ એ કરે છે કે એનાથી મુરાદ મુરદાર છે, અથવા તે જાનવર છે જે ગૈરુલ્લાહના નામ પર ઝબહ કરવામાં આવેલ છે. એને ફિસ્ક કહેવામાં આવેલ છે. જેમ કે બીજી આયતમાં ફર્માવવામાં આવ્યું : اوفسقا اُهلّ لغیر اللہ بہ અને એના પર કરીના (મુનાસિબત) પછીની આયત છે. ફર્માવ્યું, શૈતાનો પોતાના દોસ્તોના દિલોમાં નાખે છે જેથી તે તમારાથી ઝઘડો કરે. એમના દિલમાં એવું નાખે છે કે એ અજીબ વાત છે જેને તમે કત્લ કરો છો એને ખાવ છો અને જેને અલ્લાહ મારી નાખે એને નથી ખાતા. એનાથી સમજમાં આવી ગયું કે શરૂની આયતમાં જે વર્ણન છે, "જેના પર અલ્લાહનું નામ ન લેવામાં આવે તેને ન ખાવ." એનાથી મુરાદ મુરદાર છે.

باب ذبائح اهل الكتاب وشحومها من اهل الحرب ومن غيرهم وقوله عزوجل اليوم احل لكم الطيبات وطعام الذين اوتوا الكتاب حل لكم وطعامكم حل لهم. صـ ۸۲۸

**પ્રકરણ : અહલે કિતાબના ઝબીહા (ઝબહ કરેલ) અને એની ચરબીઓ. તે હર્બી હોય અથવા કાંઈક બીજુ. અલ્લાહ عزوجلના ઈર્શાદનું બયાન : આજે તમારા માટે પાકીઝા ચીજો હલાલ કરી દેવામાં આવી છે. અને અહલે કિતાબનું ખાવા તમારા માટે હલાલ છે અને તમારું ખાવા એમના માટે હલાલ છે.**

**સ્પષ્ટતા :** આ આયતમાં તઆમથી મુરાદ ઝબીહા છે. કેમ કે એ સમયના યહૂદી તથા નસારા (ઈસાઈ) બિસ્મિલ્લાહ પઢીને જાનવર ઝબહ કરતા હતા એટલા માટે એમનું ઝબીહા મુસલમાને ખાવું હલાલ હતું. **આજના યૂરોપવાસીઓ ભલે પોતે પોતાને ઈસાઈ કહે છે પણ સામાન્યતઃ તેઓ નાસ્તિક બની ચૂક્યા છે. અને તેઓ બિસ્મિલ્લાહ પઢયા વિના ઝટકો મારે છે અને હવે તો મશીનો વડે ઝબહનો રિવાજ થઈ ગયો છે. એટલા માટે યૂરોપના નસારાનો ગોશ્ત ખાવો જાઈઝ નથી. એટલે જે ગોશ્ત પકાવતા હોય કે વેચતા હોય એમનો ગોશ્ત ખાવો નાજાઈઝ છે.**

ت ۷۱۴ **[તઅલીક : ૭૧૪]** وَقَالَ الزُّهْرِيُّ لَا بَاسَ بِذَبِيْحَةِ نَصَارَى الْعَرَبِ وَإِنْ سَمِعْتَهُ

*"ઈમામ ઝુહરીએ કહ્યું, અરબના નસારા (ઈસાઈ)નું ઝબીહા ખાવામાં કોઈ વાંધો નથી અને જો તમે સાંભળ્યું*

يُسَمِّيْ بِغَيْرِ اللّٰهِ فَلَا تَاكُلْ وَإِنْ لَمْ تَسْمَعْهُ فَقَدْ اَحَلَّهُ اللّٰهُ وَعَلِمَ كُفْرَهُمْ

*એનાથી કે ગૈરુલ્લાહનું નામ લે છે તો ન ખાવ. અને જો તેનાથી નથી સાંભળ્યું તો વિના શંકાએ અલ્લાહે એને હલાલ કર્યું છે, જ્યારે એમના કુફ્રને અલ્લાહ જાણે છે."*

وَيُذْكَرُ عَنْ عَلِيٍّ نَحْوُهُ ٧١٥ ت

"અને હઝરત અલી رضی اللہ عنہ થી પણ એવી જ રિવાયત વર્ણન કરવામાં આવી છે." [તઅલીક઼ : ૭૧૫]

**તઅલીક઼ : ૭૧૫ની સમજૂતી** એટલે અસ્લ એ છે કે અહલે કિતાબનું ઝબીહા ખાવું જાઈઝ છે, પરંતુ જો એ ખબર થઈ જાય કે તેમણે જાનવરને અલ્લાહના નામ પર ઝબહ નથી કર્યું, કોઈ અન્ય નામ પર ઝબહ કર્યું છે તો પછી એને ખાવું જાઈઝ થશે નહીં. જેમ કે આજકાલના નસારા (ઈસાઈ)ના બારામાં માલૂમ છે કે તે ઝબહના સમયે બિસ્મિલ્લાહ નથી પઢતા, બલ્કે હવે તો ઝબહ કરતા જ નથી. મશીનોના હવાલે કરી આપે છે અથવા ઝબહ પહેલાં ઝટકો આપે છે જેમાં એ અંદેશો છે કે ઝટકો આપવામાં એ રગોના કપાતાં પહેલાં જ મરી ન ગયું હોય જેમનું ઝબહમાં કપાવું જરૂરી છે, એટલા માટે કે ઝટકો જાનવરને ઊંધું લટકાવીને પીઠની તરફથી આપે છે.

### ★ ગૈર મખ્તૂનના ઝબહમાં વાંધો નથી ★

وَقَالَ الْحَسَنُ وَإِبْرَاهِيمُ لَا بَأْسَ بِذَبِيحَةِ الْأَقْلَفِ ٧١٦ ت [તઅલીક઼ : ૭૧૬]

"હઝરત હસન તથા ઈબ્રાહીમે ફર્માવ્યું કે ગૈર મખ્તૂન (ખત્ના વિનાના)ના ઝબહમાં કોઈ વાંધો નથી."

وَقَالَ ابْنُ عَبَّاسٍ طَعَامُهُمْ ذَبَائِحُهُمْ ٧١٧ ت [તઅલીક઼ : ૭૧૭]

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે આયતે કરીમામાં તઆમથી મુરાદ તેમનું ઝબીહા છે.

**પ્રકરણ : "ચોપગાંઓમાંથી જે ભડકી જાય તે જંગલીના સ્થાને છે."**

بَابُ مَا نَدَّ مِنَ الْبَهَائِمِ فَهُوَ بِمَنْزِلَةِ الْوَحْشِ. صـ ٨٢٨

**ખુલાસો** : એટલે કે એના હલાલ થવા માટે ઝબહે ઈખ્તિયારી જરૂરી નથી, ઈઝતેરારી પૂરતું છે.

وَأَجَازَهُ ابْنُ مَسْعُودٍ ٧١٨ ت

"અને હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ એને જાઈઝ કહ્યું." [તઅલીક઼ : ૭૧૮]

وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا مَا أَعْجَزَكَ مِنَ ٧١٩ ت

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે પાલતુ ચોપગાંઓમાંથી જે તારા [તઅલીક઼ : ૭૧૯]

الْبَهَائِمِ مِمَّا فِي يَدَيْكَ فَهُوَ كَالصَّيْدِ وَفِي بَعِيرٍ تَرَدّٰى فِي بِئْرٍ

ક઼ાબૂથી બહાર થઈ જાય તે શિકારની જેમ છે, એટલે કે એમાં ઈઝતેરારી ઝબહ પૂરતુ છે.

فَذَكِّهِ مِنْ حَيْثُ قَدَرْتَ عَلَيْهِ،

અને જે ઊંટ કૂવામાં પડી જાય તે મક઼દૂર પ્રમાણે તેને જે રીતે પણ ઝખ્મી કરી દો તો તે હલાલ છે."

ت ٧٢٠ [તઅલીક઼ : ૭૨૦] وَرَأَى ذَالِكَ عَلِيٌّ وَابْنُ عُمَرَ وَعَائِشَةُ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُمْ

''અને એને જાઈઝ જાણ્યું હઝરત અલી તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તથા હઝરત આઈશા رضی اللہ عنہا એ.''

بَابُ النَّحْرِ وَالذَّبْحِ صفحه ٨٢٨

**પ્રકરણ : ''નહર તથા ઝબહનું બયાન''** –(પેજ : ૮૨૭)

ت ٧٢١ [તઅલીક઼ : ૭૨૧] وَقَالَ ابْنُ جُرَيْجٍ عَنْ عَطَاءٍ لَاذَبْحَ إِلَّا فِي الْمَذْبَحِ وَالْمَنْحَرِ

''અને ઈબ્ને જુરૈઝે અતાથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું, ઝબહ તથા નહર ફકત મઝબહ તથા મન્હ઼રમાં છે. મેં

قُلْتُ أَيُجْزِئُ مَا يُذْبَحُ أَنْ أَنْحَرَهُ قَالَ نَعَمْ ذَكَرَ اللهُ ذَبْحَ الْبَقَرَةِ

કહ્યું, શું એ પૂરતુ છે કે જે જાનવર ઝબહ કરવામાં આવે છે તેને નહર કરવામાં આવે ? ફર્માવ્યું, હા ! અલ્લાહ

وَإِنْ ذَبَحْتَ شَيْئًا يُنْحَرُ جَازَ وَالنَّحْرُ أَحَبُّ إِلَيَّ وَالذَّبْحُ قَطْعُ

તઆલાએ ગાયને ઝબહ કરવાનો ઉલ્લેખ કર્યો, પછી તું એવા જાનવરને ઝબહ કરે જેને નહર કરવામાં આવે છે

الْأَوْدَاجِ قُلْتُ فَتَخَلَّفُ الْأَوْدَاجُ حَتَّىٰ يُقْطَعَ النِّخَاعُ قَالَ لَا

તો જાઈઝ છે અને એવા જાનવરને નહર કરવું મને અધિક પસંદ છે અને ઝબહ અવદાજ (રગો)ને કાપવું છે.

أَخَالُ فَأَخْبَرَنِي نَافِعٌ أَنَّ ابْنَ عُمَرَ نَهَىٰ عَنِ النَّخْعِ يَقُولُ يَقْطَعُ مَادُونَ

ઈબ્ને જરીરે કહ્યું, પછી મેં પૂછ્યું કે જો અવદાજથી આગળ વધી જાય ત્યાં સુધી કે હરામ માવાને કાપી નાખે ?

الْعَظْمِ ثُمَّ يَدَعُ حَتَّىٰ يَمُوتَ وَإِذْ قَالَ مُوسَىٰ لِقَوْمِهِ إِنَّ اللهَ يَأْمُرُكُمْ

તેમણે કહ્યું, હું ગુમાન નથી કરતો. પછી મને નાફ઼એ ખબર આપી કે બેશક ! હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ હરામ

أَنْ تَذْبَحُوا بَقَرَةً إِلَىٰ قَوْلِهِ وَقَالَ فَذَبَحُوهَا وَمَا كَادُوا يَفْعَلُونَ.

માવો કાપવાથી મના ફર્માવ્યું. ફર્માવતા હતા કે હાડકાથી ઉપર ઉપર કાપવામાં આવે પછી છોડી આપે ત્યાં સુધી કે મરી જાય.''

હઝર અતાઅ્ના ઈર્શાદનો મતલબ એ છે કે ઝબહે ઈખ્તિયારી ઝબહ કરવાની જગાએ જ હોવું જરૂરી છે અને તે ગરદન છે, અને નહ઼ર **મન્હરમાં** જ થવું જરૂરી છે અને **તે ગરદનનો નીચલો ભાગ** છે. નહ઼રનો મતલબ એ થાય છે કે જાનવરની ગરદનના નીચલા હિસ્સામાં જ્યાં છાતીથી ગરદન મળે છે ત્યાં એક નાનો સરખો ખાડો હોય છે તેમાં ભાલો ખોસીને જમણે ડાબે ઘુમાવવામાં આવે છે જેથી ઝબહમાં જે રગોનું કાપવું જરૂરી છે તે કપાય જાય. ઝબહની જગા પૂરુ ગળુ છે અને એના માટે જરૂરી છે કે આ ચાર રગો કપાય જાય હલ્કુમ (શ્વાસનળી) જેનાથી શ્વાસ આવજા કરે છે, મુરી (અન્નનળી) જેનાથી ખાવા પાણી ઉતરે છે, વદઝની બંનેવ રગો જે મુરી

(અન્નનળી)ની આસપાસ હોય છે જેનાથી લોહીનું વહેણ થાય છે. તેમાંથી ત્રણ રગોનું કાપવું પણ પૂરતુ છે. એટલે કે ગળુ (શ્વાસ નળી), અન્નનળી અને વદજૈન (ગળાની નસો)માંથી બંનેવનું કે બંનેમાંથી એક. શ્વાસ નળી તથા અન્નનળીનું કપાવું જરૂરી છે અને વદજૈનમાંથી બંનેવુંનું એકનું. જો વદજૈનની બંનેવ રગો કપાય ગઈ અને કેવળ અન્નનળી કપાયી અને શ્વાસ નળી ન કપાયી, અથવા શ્વાસનળી કપાયી અને અન્નનળી ન કપાયી તો ઝબહ સહીહ ન થયું.

**નહ્ર** : ગળાના નીચલા હિસ્સામાં ભાલો મારીને રગો કાપી નાખવાને નહ્ર કહે છે. ઊંટમાં નહ્ર કરવું સુન્નત છે અને ગાય, બકરી વગેરેમાં ઝબહ કરવું. અને જો એનાથી ઉલ્ટુ કરવામાં આવે અને ગાય બકરીને નહ્ર કર્યું તો પણ જાઈઝ તથા હલાલ થઈ જશે, પણ એવું કરવું મકરૂહ છે, કેમ કે એ સુન્નતની વિરુદ્ધ છે. ઝબહમાં ગરદન એટલી અધિક કાપી નાખવી કે હરામ મગ્ઝ (માવા) સુધી પહોંચી જાય એ મકરૂહ છે અથવા માથુ કપાયને અલગ થઈ જાય એ પણ મકરૂહ છે. પણ એવા જાનવરને ખાવું હલાલ છે.

ઈમામ અતાએ જે એવું ફર્માવ્યું કે જો હરામ મગ્ઝ (માવા) સુધી કાપી નાખવામાં આવે તો હું નથી ગુમાન કરતો. એટલે હું એને સારું નથી સમજતો, કેમ કે હુઝૂરે અક્દસ ﷺએ એનાથી મના ફર્માવ્યું છે.

ت ۷۲۲ قَالَ سَعِيدٌ عَنِ ابْنِ عَبَّاسٍ اَلذَّكَاةُ فِي الْحَلْقِ وَاللَّبَّةِ،

*''ઝબહ કરવું હલક તથા લુબ્બામાં છે.''* **[તઅલીક઼ : ૭૨૨]**

**તઅલીક઼ : ૭૨૨ની સમજૂતી** લુબ્બા ગરદનના નીચલા હિસ્સાને કહે છે જે છાતી સાથે મળેલ હોય છે. ઝબહની જગા લુબ્બાથી લઈને પૂરી ગરદન છે. અલ્બત્ત અમુક ઉલમાએ ફર્માવ્યું કે ઉક્દા (ગળાની ઉપસેલ હાડકી)ની ઉપર ઝબહ કરવામાં આવે તો ઝબહ સહીહ થશે નહીં, પણ એ મરજૂહ (અયોગ્ય) છે. સહીહ એ છે કે ઉક્દા ઉપર પણ ઝબહ કરવાથી જે ત્રણ રગો કપાવી જરૂરી છે તે કપાય જાય તો ઝબહ સહીહ છે.

ت ۷۲۳ وَقَالَ ابْنُ عُمَرَ وَابْنُ عَبَّاسٍ وَاَنَسٌ اِذَا قُطِعَ الرَّاْسُ فَلَا بَاسَ،

*''અને ઈબ્ને ઉમર તથા ઈબ્ને અબ્બાસ તથા અનસ رضوان الله تعالى عليهم اجمعين એ* **[તઅલીક઼ : ૭૨૩]**

*ફર્માવ્યું કે જ્યારે માથુ કાપી નાખવામાં આવે તો કાંઈ વાંધો નથી, એટલે જાનવર હલાલ છે,*

*ભલે એ કાર્ય મના છે. કેમ કે એમાં જાનવરને વિના જરૂરતે તકલીફ આપવું છે.''*

### ★ ઘોડો હલાલ છે પણ... ★

حديث ۲۴۸۰ اَخْبَرَتْنِي فَاطِمَةُ بِنْتُ الْمُنْذِرِ اِمْرَاَتِي عَنْ اَسْمَاءَ بِنْتِ اَبِي بَكْرٍ رَضِيَ اللهُ

*''હઝરત અસ્મા બિન્તે અબી બકર رضي الله عنها થી રિવાયત છે કે અમે રસૂલુલ્લાહ ﷺના* **[હદીષ : ૨૪૮૦]**

تَعَالٰى عَنْهُمَا قَالَتْ نَحَرْنَا عَلٰى عَهْدِ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَرَسًا فَاَكَلْنَاهُ

*જમાનામાં ઘોડાને નહર કર્યો પછી અમે તેને ખાધો.'' (બાબુ લુહુમિલ ખૈલ, પેજ : ૮૨૯)*

**હદીષ : ૨૪૮૦ની સમજૂતી** ઓબેદાના તરીક઼ા પર એના બાદ જે રિવાયત છે એમાં ذبحنا فرسًا છે,

પરંતુ પછી બાદમાં જરીરના તરીક઼ા પર જે રિવાયત છે એમાં نَحَرْنَا છે.

શક્ય છે કે બંનેવ વાતો બની હોય, કદી ઘોડાને ઝબહ કરીને ખાધો હોય કદીક ઘોડાને નહ઼ર કરીને ખાધો હોય. વર્ણન થઈ ગયું કે જે જાનવરને ઝબહ કરવું મસ્નૂન છે પણ જો તેને નહર કર્યું તો પણ તે હલાલ છે. એની પણ સંભાવના છે કે હિશામ કદી نَحَرْنَا રિવાયત કરતા કદી ذبحنا. એટલા માટે કે એકની જગાએ બીજાનો ઈત્લાક઼ એમના તરીક઼ામાં જાહેર હતો. અસલ હુકમ એ છે કે ઘોડો હલાલ છે પણ આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા رضی اللہ عنہએ ફ઼ર્માવ્યું કે એને ખાવું મકરૂહ છે, કેમ કે ઘોડો જેહાદનું સાધન છે, એને ખાવાથી જેહાદના સાધનની કમી થવું છે.

**اَقُوْلُ وَھُوَا لْمُسْتَعَانُ આ જમાનામાં લડાઈના ઘોડાઓની કોઈ જરૂરત નથી રહી, હવે ફ઼ક઼ીહોએ વિચારણા કરવી જોઈએ કે હજી પણ કરાહત બાકી રહી કે ખત્મ થઈ ગઈ.**

**પ્રકરણ : "મુષ્લહ તથા મસ્બૂરહ તથા મુજષ્ષમહ કરવું મકરૂહ છે."** –(૮૨૮)

بَابُ مایکرہ من المثلۃ والمصبور والمجثمۃ۔ ص ۸۲۸

**સ્પષ્ટતા** : શરીરના કોઈ અંગને કાપવાને મુષ્લહ કહે છે. જાનવરને બાંધીને નિશાની બનાવવાને મસ્બૂરહ કહે છે અને લગભગ એ જ અર્થ મુજષ્ષમહનો પણ છે. અમુક લોકોએ એ ફ઼ર્ક઼ કયો કે મસ્બૂરા આમ છે, અને મુજષ્ષમહ પક્ષી તથા સસલા સાથે ખાસ છે.

**★ ચોપગાને બાંધીને નિશાન બનાવવું મના ★**

حدیث ۲۴۸۱ عَنْ هِشَامِ بْنِ زَيْدٍ قَالَ دَخَلْتُ مَعَ أَنَسٍ عَلَى الْحَكَمِ بْنِ

*"હિશામ બિન ઝયદે કહ્યું કે હું હઝરત અનસ رضی اللہ عنہની સાથે હકમ બિન ઐયૂબની પાસે* **[હદીષ : ૨૪૮૧]**

أَيُّوبَ فَرَأَى غِلْمَانًا أَوْ فِتْيَانًا نَصَبُوا دَجَاجَةً يَرْمُونَهَا فَقَالَ أَنَسٌ

*ગયો તો હઝરત અનસે કેટલાક એવા નવયુવાનોને જોયા કે એક મરઘીને જમીનમાં રાખીને (દબાવીને) તેને*

نَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ أَنْ تُصْبَرَ الْبَهَائِمُ ۔ عه

*તીર મારી રહ્યા હતા. તો હઝરત અનસ رضی اللہ عنہએ ફ઼ર્માવ્યું કે નબી ﷺએ આનાથી મના ફ઼ર્માવ્યું છે કે*

*ચોપગાંને બાંધીને તેને નિશાન બનાવવામાં આવે." (મુસ્લિમ–ઝબાએહ, અબૂ દાઊદ–ઈઝાહી, ઈબ્ને માજહ)*

حدیث ۲۴۸۲ حَدَّثَنَا إِسْحٰقُ بْنُ سَعِيدِ بْنِ عَمْرٍو عَنْ أَبِيهِ أَنَّهُ سَمِعَهُ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે તે યહયા બિન સઈદની પાસે તશરીફ઼* **[હદીષ : ૨૪૮૨]**

يُحَدِّثُ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا أَنَّهُ دَخَلَ عَلَى يَحْيَى ابْنِ سَعِيدٍ وَ

*લઈ ગયા. બની યહયામાંથી એક છોકરો એક મરઘીને બાંધીને તેને તીર મારી રહ્યો હતો. ઈબ્ને ઉમર મરઘીની*

غُلَامٌ مِنْ بَنِي يَحْيَى رَابِطٌ دَجَاجَةً يَرْمِيهَا فَمَشَى إِلَيْهَا ابْنُ عُمَرَ حَتَّى حَلَّهَا ثُمَّ

પાસે ગયા અને તેને છોડી મૂકી પછી તેને લઈને આવ્યા અને તે છોકરો એમની સાથે હતો તો ફર્માવ્યું,

أَقْبَلَ بِهَا وَبِالْغُلَامِ مَعَهُ فَقَالَ ازْجُرُوا غُلَامَكُمْ عَنْ أَنْ يَصْبِرَ هَذَا الطَّيْرَ لِلْقَتْلِ

તમારાં બાળકોને સખ્તીથી રોકી દો કે આ પક્ષીને કૃત્લના માટે બાંધે, એટલા માટે કે મેં નબી ﷺ થી સાંભળ્યું

فَإِنِّي سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَنْهَى أَنْ تُصْبَرَ بَهِيمَةٌ أَوْ غَيْرُهَا لِلْقَتْلِ.

છે કે ચોપગાં વગેરેને કૃત્લ કરવા માટે બાંધીને નિશાનો બનાવવાથી મના ફર્માવ્યું.''

حديث ٢٤٨٣ عَنْ سَعِيدِ بْنِ جُبَيْرٍ قَالَ كُنْتُ عِنْدَ ابْنِ عُمَرَ فَمَرُّوا بِفِتْيَةٍ أَوْ

''હઝરત સઈદ બિન ઝુબેરથી રિવાયત છે કે હું હઝરત ઈબ્ને ઉમરની પાસે હતો. **[હદીષ : ૨૪૮૩]**

بِنَفَرٍ نَصَبُوا دَجَاجَةً يَرْمُونَهَا فَلَمَّا رَأَوُا ابْنَ عُمَرَ تَفَرَّقُوا عَنْهَا وَقَالَ ابْنُ عُمَرَ

એ લોકો કેટલાક એવા યુવાનોની પાસે થઈને પસાર થયા જે લોકો એક મરઘી જમીનમાં દાટીને તેને તીર

مَنْ فَعَلَ هَذَا إِنَّ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ لَعَنَ مَنْ فَعَلَ هَذَا

મારી રહ્યા હતા. જ્યારે એ લોકોએ હઝરત ઉમરને જોયા તો નાસી છૂટયા. અને હઝરત ઈબ્ને ઉમરે

وَفِي رِوَايَةٍ لَعَنَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَنْ مَثَّلَ بِالْحَيَوَانِ

ફર્માવ્યું, કોણે આ કર્યું છે ? બેશક ! નબી ﷺ એ એના પર લઅનત ફર્માવી જે આવું કરે. અને બીજી

રિવાયતમાં છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે જે કોઈ જાનવરનું કોઈ અંગ બગાડે એના પર લઅનત છે.''

**હદીષ : ૨૪૮૩ની સમજૂતી** જાહેર છે કે એમાં મૂંગા, મઝલૂમ જાનવરને ઈજા પહોંચાડવું છે અને માલને વેડફવું છે, કેમ કે એ રીતે જે જાનવર મરી જશે તેને ખાવું જાઈઝ નથી.

## بَابُ أَكْلِ كُلِّ ذِي نَابٍ مِنَ السِّبَاعِ ص ٨٣٠

**પ્રકરણ : ''નહોરવાળા દરિન્દાઓ (ફાડી ખાનાર જાનવરો)ના ખાવાનું બયાન.''** -(૮૩૦)

حديث ٢٤٨٤ عَنْ أَبِي إِدْرِيسَ الْخَوْلَانِيِّ عَنْ أَبِي ثَعْلَبَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ أَنَّ رَسُولَ

''હઝરત અબૂ ષઅલ્બા ખશની رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૨૪૮૪]**

**હદીષ : ૨૪૮૪ની સમજૂતી** આ હદીષથી સાબિત થયું કે દરેક અણીયારા નખો (નહોર)વાળુ ફાડી ખાનાર જાનવર (દરિન્દા) હરામ છે. એમાં બિજ્જુ (ગોરખોદીયુ)તથા શિયાળ પણ દાખલ છે. બિજ્જુના

اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ نَھٰی عَنْ اَکْلِ کُلِّ ذِیْ نَابٍ مِنَ السِّبَاعِ

*દરેક નહોરવાળા દરિન્દાઓને ખાવાથી મના ફર્માવ્યું."*

બારામાં ઈમામ હાકિમે હઝરત જાબિર رضی اللہ عنہથી એક હદીષ રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ બિજજુ ખાવાથી ઈજાઝત આપી છે, એના કારણે ઈમામ શાફઈ رضی اللہ عنہ એને હલાલ કહે છે. આપણી દલીલ ચર્ચા હેઠળની હદીષનું સામાન્યપણુ છે. અને મામલો જ્યારે હલાલ તથા હરામમાં ગુંચવાયેલ હોય તો સાવધાની એમાં છે કે હરામ હોવાને અગ્રતા આપવામાં આવે. કિતાબુત્તિબ્બમાં એટલુ વધારે છે કે, "ઈમામ ઝુહ્‌રીએ કહ્યું કે અબૂ ષઅલ્બા ખુશનીથી આ હદીષ નથી સાંભળી પણ જ્યારે શામમાં આવ્યો તો સાંભળી." અને લયષના તરીક઼ાથી આટલુ વધારે છે કે, "ઈબ્ને શહાબે એવું કહ્યું કે મેં તેમને પૂછયું, શું વુઝૂ કરશે કે ગધેડીઓનું દૂધ કે દરિન્દાનું પિત્તુ કે ઊંટનો પેશાબ પીશ ? તો તેમણે કહ્યું કે મુસલમાન ઊંટના પેશાબને દવા રૂપે ઉપયોગમાં લેતા હતા અને એમાં કોઈ વાંધો જાણતા ન હતા. પરંતુ ગધેડીઓના દૂધના બારામાં અમને એ ખબર પહોંચી છે કે એમનો ગોશ્ત ખાવાથી રસૂલુલ્લાહ ﷺએ મના ફર્માવ્યું છે, અને અમને એના દૂધના બારામાં ન ઈજાઝત આપી છે ન મનાઈ કરી છે. પરંતુ દરિન્દાના પિત્તાના બારામાં ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ દરેક અણીયાણા પંજાવાળાં દરિન્દાને ખાવાથી મના કર્યું. એનાથી સાબિત થયું કે દરિન્દા (ફાડી ખાનાર જાનવર)નું પિત્તુ ખાવુ જાઈઝ નથી. તેહક઼ીક઼ એ છે કે **કોઈ જાનવરનો પેશાબ દવા રૂપે પણ ઉપયોગમાં લેવો જાઈઝ નથી કેમ કે એ નાપાક છે** અને ઉરૈના વગેરે વાળાઓનો કિસ્સો અપવાદોમાંથી છે. અને જે જાનવરોનો ગોશ્ત ખાવો હરામ છે એનું દૂધ પીવું પણ હરામ છે અને પિત્તુ હલાલ જાનવરોનું પણ જાઈઝ નથી. સહીહ હદીષ છે કે રસૂલુલ્લાહ ﷺએ બકરીની સાત ચીજો ખાવાથી મના ફર્માવ્યું એમાં પિત્તુ પણ છે. આ સર્વ બાબતો પર સંશોધનાત્મક ચર્ચાઓ ફિક઼્હની કિતાબોમાં વર્ણન થયેલ છે. અને અમારા ફત્વાઓમાં પણ ટૂંકાણમાં સમજાવટની સાથે વર્ણન થયેલ છે.

## بَابُ الْعَلَمِ وَالْوَسْمِ فِی الصُّوْرَۃِ صـ ۸۳۱

**પ્રકરણ : "ચહેરામાં ડામ દેવો તથા નિશાન લગાડવું." –(૮૩૧)**

حدیث ۲۴۸۵ عَنْ سَالِمٍ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّہٗ کَرِہَ اَنْ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે તેમણે ચહેરા પર નિશાન* **[હદીષ : ૨૪૮૫]**

تُعَلَّمَ الصُّوْرَۃُ

*બનાવવાને મકરૂહ જાણ્યું.*

وَفِیْ رِوَایَۃٍ وقال ابن عمر نھی النبی صلی اللّٰہ علیہ وسلم ان

*એક રિવાયતમાં એ છે કે નબી ﷺએ*

تَضْرِبَ تَابَعَهُ قُتَيْبَةُ حَدَّثَنَا الْعَنْقَزِيُّ عَنْ حَنْظَلَةَ وَقَالَ تُضْرَبُ الصُّورَةُ

*ચહેરા પર મારવાથી મના ફર્માવ્યું."*

**હદીષ : ૨૪૮૫ની સમજૂતી** અરબવાસીઓની આદત હતી કે જાનવરોના ચહેરા પર ડામ દેતા હતા અથવા સોય વગેરે ભોંકીને નીલ (આસ્માની રંગના કલર) વડે કાંઈક નિશાની બનાવી આપતા હતા. એનાથી હુઝૂરે અક્દસ ﷺએ મના ફર્માવ્યું. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની પ્રથમ હદીષ મૌકૂફ હતી. ઈમામ બુખારી એના સમર્થનમાં બીજી હદીષ મરફુ અન લાવ્યા જેના એક તરીકામાં કેવળ ان تُضرَب છે અને બીજા તરીકામાં ان تُضرَبَ الصُّورة છે. સૂરતથી બંને હદીષોમાં ચેહરો મુરાદ છે. એટલા માટે કે હદીષ વર્ણન થઈ ચૂકી કે નિશાની માટે ડામ દેવો જાઈઝ છે. ચેહરા પર મારવાના વિરોધથી ડામ દેવો કે નિશાન લગાડવાની મનાઈ અધિક અંશે સાબિત થાય છે.

حدیث ۲۴۸۶ عَنْ أَنَسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ دَخَلْتُ عَلَى النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હું નબી કરીમ ﷺની ખિદમતમાં પોતાના* **[હદીષ : ૨૪૮૬]**

بِأَخٍ لِي يُحَنِّكُهُ وَهُوَ فِي مِرْبَدٍ لَهُ فَرَأَيْتُهُ يَسِمُ شَاةً حَسِبْتُهُ قَالَ فِي آذَانِهَا

*એક ભાઈને લઈને હાજર થયો જેથી હુઝૂર એની તેહનીક (મીઠી ચીજ ચાવીને બાળકના મોમાં મૂકવી) કરી આપે અને હુઝૂર પોતાના એક વાડામાં હતા અને એક બકરીના કાનને ડામ દઈ રહ્યા હતા."*

શઅબાએ કહ્યું કે મેં ગુમાન કર્યું કે હિશામ ઈબ્ને ઝયદે કહ્યું કે એના કાનમાં.

**હદીષ : ૨૪૮૬ની સમજૂતી** **★ વહેંચણી પહેલાં માલે ગનીમતને ખાવુ હરામ ★**

આ હદીષથી સાબિત થયું કે ચહેરા સિવાય કોઈ અન્ય જગાએ ડામ દેવો કે નિશાન લગાડવું જાઈઝ છે જ્યારે કે હલકુ હોય અને જરૂરત પ્રમાણે હોય.

بَابٌ إِذَا أَصَابَ قَوْمٌ غَنِيمَةً فَذَبَحَ بَعْضُهُمْ غَنَمًا أَوْ إِبِلًا بِغَيْرِ أَمْرِ أَصْحَابِهِمْ لَمْ تُؤْكَلْ لِحَدِيثِ رَافِعٍ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ص ۸۳۱

**પ્રકરણ : "જ્યારે કૌમને ગનીમત મળે અને તેમનામાં અમુક બકરી કે ઊંટ ઝબહ કરી દે પોતાના સાથીઓની ઈજાઝત વગર તે ખાવામાં નહીં આવે. રાફેઅ બિન ખદીજની હદીષના કારણે જે નબી ﷺથી રિવાયત કરે છે."**
*–(પેજ : ૮૩૧)*

**સ્પષ્ટતા :** રાફેઅ બિન ખદીજની હદીષથી મુરાદ તે હદીષ છે કે તેમણે હુઝૂર ﷺને અર્ઝ કરી, કાલે અમારી દુશ્મન સાથે ટક્કર થશે અને અમારી સાથે છરી નથી. તો ફર્માવ્યું, જલ્દીમાં તે ચીજ લે જે લોહી વહાવી દે અને એના પર અલ્લાહનું નામ લેવામાં આવે તો એને ખાવ પણ તે દાંત કે નખો ન હોય. અને હું તમને વર્ણવું છું એના બારામાં કે દાંત હાડકુ છે અને નખો હબ્શાવાળાઓની છરી. ઉતાવળા લોકો આગળ વધી ગયા અને તેમણે ગનીમતો હાંસલ કરી અને નબી ﷺ લોકોના છેવટમાં હતા. તે લોકોએ જાનવરોને ઝબહ કરીને હાંડલીઓ

ચઢાવી દીધી, તો હુઝૂર ﷺએ હુકમ આપ્યો તો હાંડલીઓ ઉલ્ટાવી દીધી અને હુઝૂરે માલે ગનીમત તેમની વચ્ચે વહેંચ્યો અને એક ઊંટ દસ દસ બકરીના બરાબર કર્યો. પછી આગલા હિસ્સાથી એક ઊંટ ભડકીને નાસી છૂટયું. તેમની પાસે ઘોડા ન હતા. એક શખ્સે તેને તીર માર્યું તો અલ્લાહે તેને રોકી દીધું. પછી ફર્માવ્યું, આ ચોપગાંઓમાં ભડકવાની આદત હોય છે જેવી રીતે જંગલી જાનવર ભડકે છે. જો ચોપગાં એવું કરે તો તેની સાથે એવું જ કરો. એ હદીષથી સાબિત થયું કે ઈમામની ઈજાઝત વિના માલે ગનીમતમાં હેર ફેર જાઈઝ નથી.

ت ٧٢٤ وَقَالَ طَاوُسٌ وَعِكْرِمَةُ فِيْ ذَبِيْحَةِ السَّارِقِ اُطْرِحُوْهُ

*"તાઊસ તથા અકરમા رضی اللہ عنہما એ ચોરના ઝબીહાના બારામાં ફર્માવ્યું કે એને ફેંકી દો."* **[તઅલીક઼ : ૭૨૪]**

મુરાદ એ છે કે તે ચોરીનું જાનવર ઝબહ કરે. પરંતુ જો કોઈ ચોર છે પણ તે તેની માલિકીવાળુ જાનવર ઝબહ કરે અથવા કોઈ અન્યનું જાનવર તેની ઈજાઝતથી ઝબહ કરે તો તેનું ઝબહ જાઈઝ છે.

بَابُ اَكْلِ الْمُضْطَرِّ لِقَوْلِهٖ عَزَّ وَجَلَّ.

يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبَاتِ مَا رَزَقْنٰكُمْ وَاشْكُرُوْا لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ. اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَا اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَلَا اِثْمَ عَلَيْهِ ـ وَقَالَ فَمَنِ اضْطُرَّ فِيْ مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ لِّاِثْمٍ وَقَوْلِهٖ فَكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ اِنْ كُنْتُمْ بِاٰيٰتِهٖ مُؤْمِنِيْنَ وَمَا لَكُمْ اَنْ لَّا تَاْكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ وَقَدْ فَصَّلَ لَكُمْ مَا حَرَّمَ عَلَيْكُمْ اِلَّا مَا اضْطُرِرْتُمْ اِلَيْهِ وَاِنَّ كَثِيْرًا لَّيُضِلُّوْنَ بِاَهْوَائِهِمْ بِغَيْرِ عِلْمٍ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ بِالْمُعْتَدِيْنَ وَقَوْلِهٖ عَزَّ وَجَلَّ قُلْ لَّا اَجِدُ فِيْمَا اُوْحِيَ اِلَيَّ مُحَرَّمًا عَلٰى طَاعِمٍ يَّطْعَمُهٗ اِلَّا اَنْ يَّكُوْنَ مَيْتَةً اَوْ دَمًا مَّسْفُوْحًا اَوْ لَحْمَ خِنْزِيْرٍ

**પ્રકરણ : મુઝતરનું ખાવું : અલ્લાહ عزوجلના આ ઈર્શાદના કારણે :-**

હે ઈમાનવાળાઓ ! અમે તમને જે સુથરી ચીજો આપી એને ખાવ અને અલ્લાહનો એહસાન માનો જો તમે એની ઈબાદત કરતા હોય. એણે એ જ ચીજો તમારા પર હરામ કરી છે, મુરદાર તથા લોહી તથા સુવ્વરનો ગોશ્ત, અને તે જાનવર જે ગૈર ખુદાનું નામ લઈને ઝબહ કરવામાં આવ્યું. અને જે લાચાર હોય ન એ કે ઈચ્છાપૂર્વક ખાય અને ન એ કે જરૂરતથી આગળ વધે તો એના પર ગુનોહ નથી. બેશક ! અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. (બક઼રહ : ૧૭૩) અને ફર્માવ્યું, જે ભૂખ તરસની સખ્તીમાં લાચાર હોય એવું કે ગુનાહની તરફ ન ઝુકે. (માઈદા : ૧૨) અને અલ્લાહનો ઈર્શાદ : તો ખાવ એમાંથી જેના પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું જો તમે એની આયતો માનતા હોવ. અને તમને શું થયું એમાંથી નથી ખાતા જેના પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું. એ તો એને વિગતવાર બયાન કરી ચૂક્યો જે કાંઈ તમારા પર હરામ થયું પણ જ્યારે તમને એનાથી મજબૂરી હોય. અને બેશક ! ઘણા પોતાની ઈચ્છાઓથી ઈલ્મ વિના ગુમરાહ કરે છે. અને બેશક ! તમારો રબ હદથી વધનારાઓને સારી રીતે જાણે છે. (અન્આમ, ૧૧૮, ૧૧૯) અને ફર્માવ્યું : તમે ફર્માવો ! હું નથી પામતો એમાં જે મારા તરફ વહી થઈ કોઈ ખાવાવાળા પર ખાવા હરામ છે પણ એ કે મુરદાર હોય અથવા

دَمًا مَّسْفُوْحًا اَوْ لَحْمَ خِنْزِيْرٍ فَاِنَّهٗ رِجْسٌ اَوْ فِسْقًا اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَاِنَّ رَبَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ۔ قَالَ ابْنُ عَبَّاسٍ مُهْرَاقًا اَوْ لَحْمَ خِنْزِيْرٍ وَقَالَ فَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا وَّاشْكُرُوْا نِعْمَتَ اللّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَا اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۔

રગોનું વહેતુ લોહી અથવા સુવ્વરનો ગોશ્ત, તે નાપાકી છે અથવા તે બેહુકમીનું જાનવર જેના ઝબહમાં ગૈર ખુદાનું નામ પોકારવામાં આવ્યું, તો જે લાચાર થયો ન એ કે પોતાની ઈચ્છા કરી લે અને ન એ કે જરૂરતથી વધે, તો બેશક ! અલ્લાહ બખ્શનારો મહેરબાન છે. (અન્આમ : ૧૪૫) ઈબ્ને અબ્બાસે કહ્યું, મસ્ફૂહનો અર્થ મુહરાક઼ એટલે વહેતુ લોહી. અને ઈર્શાદ છે : અલ્લાહની આપેલી રોજી હલાલ પાકીઝા ખાવ અને અલ્લાહની નેઅમતનો શુક્ર અદા કરો, જો તમે એની ઈબાદત કરો છો. તમારા પર એ જ હરામ કરવામાં આવ્યું છે મુરદાર તથા બુરા જાનવરનો ગોશ્ત અને તે જેના ઝબહ કરતી વખતે ગૈરે ખુદાનું નામ પોકારવામાં આવ્યું હોય. પછી લાચાર હોય ન ઈચ્છા કરતો ન હદથી વધતો, અલ્લાહ બખ્શનારો મહેરબાન છે.

## ★ મજબૂરીની હાલતમાં જાન બચાવવા જેટલુ હરામ ખાવાની ઈજાઝત ★

**સ્પષ્ટતા** : હાલતે ઈઝતેરાર (મજબૂરીની હાલત)માં જ્યારે કે ઈકરાહે શરઈ જોવામાં આવે તો જરૂરત પૂરતુ એ ચીજોને ખાવા પીવાની ઈજાઝત છે જે હરામ છે. અને એ فمن اضطرغير باغ ولا عادથી મુસ્તફાદ (ફલિત થાય) છે. આ આયતમાં باغٍથી મુરાદ શાબ્દિક અર્થ છે એટલે ઈચ્છા ધરાવનાર અને عادٍથી મુરાદ હદથી આગળ વધી જનારો છે. અને આ ઈજાઝત મુક઼ીમના માટે પણ છે અને મુસાફિરના માટે પણ, ભલે તેનો સફર મુબાહ હોય કે ગુનાહ માટેનો. અલ્બત્ત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ باغٍથી મુરાદ ફિક઼્હી અર્થ લે છે. એટલે જે ઈસ્લામી સુલ્તાનથી નાહક્ક઼ બગાવત કરે અને عادٍથી મુરાદ ગુનાહનો સફર કરનાર. દા.ત. લૂટ કરવા માટે જઈ રહ્યા હોય. તેમને ત્યાં બાગી તથા ગુનાહ માટે સફરમાં નીકળનાર જો મજબૂર થઈ જાય તો પણ એ ચીજોનું ખાવું જાઈઝ નથી.

بسم اللہ الرحمٰن الرحیم

# کتاب الاضاحی ۸۳۲

## (કિતાબુલ્ અઝાહી ) "કુર્બાની વિશેનું પ્રકરણ'' -(૮૩૨)

**સ્પષ્ટતા :** اَضَاحِی اُضحیہ હમ્ઝાને કસરા તથા ઝિમ્મા બંને બહુવચન છે. ضحایا એના અર્થમાં છે : ضَحِیَّۃٌનું બહુવચન છે એ જ પ્રમાણે الا ضحاۃ-ضحٰیالأનું બહુવચન છે. એ જાનવરને કહે છે જે ઈદના દિવસે અલ્લાહ તઆલાની કુર્બતના માટે ઝબહ કરવામાં આવે છે. એને اضیہ (અઝીહા) એટલા માટે કહે છે કે સામાન્યતઃ એ ચાશતના વખતે ઝબહ કરવામાં આવે છે. اضحٰی મુઝક્કર (સ્ત્રીવાચક) પણ વપરાય છે અને પુ.વાચક પણ.

## પ્રકરણ : "કુર્બાનીનું સુન્નત હોવું'' -(૮૩૨) بَابُ سُنَّۃِ الْاُضْحِیَّۃِ ۸۳۲

ت ۷۲۵ وَقَالَ ابْنُ عُمَرَ هِیَ سُنَّۃٌ وَمَعْرُوْفٌ

*"અને હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું કે કુર્બાની સુન્નત છે અને મશહૂર છે.''* **[તઅલીક઼ : ૭૨૫]**

આપણે ત્યાં દરેક મુસલમાન આઝાદ, આકિ઼લ, બાલિગ, મુક઼ીમ પર કુર્બાનીના દિવસોમાં જે માલિકે નિસાબ હોય એના પર વાજિબ છે. અમારી દલીલ ઈબ્ને માજહ તથા હાકિમની તે હદીષ છે જે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : من کان لہٗ سعۃٌ ولم یضح فلا یقربن مُصَلَّانَا "જેને શક્તિ હોય અને કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક ન આવે.'' હઝરત ઈમામ શાફઈને ત્યાં મુસ્તહબ છે.

حدیث ۲۴۸۷ عَنْ مُحَمَّدٍ عَنْ انس بن مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૪૮૭]**

قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ مَنْ ذَبَحَ قَبْلَ الصَّلٰوۃِ فَاِنَّمَا یَذْبَحُ لِنَفْسِہٖ وَمَنْ

*જેણે નમાઝથી પહેલાં ઝબહ કર્યું તેણે પોતાની જાતના માટે ઝબહ કર્યું અને જેણે નમાઝના બાદ*

ذَبَحَ بَعْدَ الصَّلٰوۃِ فَقَدْ تَمَّ نُسُكُہٗ وَاَصَابَ سُنَّۃَ الْمُسْلِمِیْنَ۔

*ઝબહ કર્યું તેની કુર્બાની થઈ ગઈ અને તેણે મુસલમાનોના તરીક઼ા પ્રમાણે ઝબહ કર્યું.''*

**પ્રકરણ : "ઈમામનું કુર્બાનીના જાનવરને લોકો વચ્ચે ઝબહ કરવું"** –(૮૩૨)

بَابُ قِسْمَةِ الْاِمَامِ الْاَضَاحِي بَيْنَ النَّاسِ. صـ۸۳۲

حدیث ۲۴۸۸ عَنْ عُقْبَةَ بْنِ عَامِرِ الْجُهَنِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَسَمَ النَّبِيُّ

*"હઝરત ઉક્બા બિન આમિર જુહની رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ* **[હદીષ : ૨૪૮૮]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ اَصْحَابِهٖ ضَحَايَا فَصَارَتْ لِعُقْبَةَ جَذَعَةٌ

*પોતાના સહાબીઓની વચ્ચે કુર્બાનીનાં જાનવર વહેંચ્યાં. અને ઉક્બાના હાથમાં એક વરસથી ઓછું*

فَقُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ صَارَتْ لِي جَذَعَةٌ قَالَ ضَحِّ بِهَا

*બકરીનું બચ્ચુ આવ્યું. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારા હિસ્સામાં એક વરસથી ઓછી ઉમરનું બકરીનું બચ્ચુ આવ્યું છે. ફર્માવ્યું, તમે એની જ કુર્બાની કરો." (મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, અઝાહી)*

**હદીષ : ૨૪૮૮ની સમજૂતી** જમહૂરનો ક઼ૌલ એ છે કે جَذَعَةٌ બકરીના તે બચ્ચાને કહે છે જે પૂરા એક વરસનું હોય. અને ગાય તે છે જેણે બે વરસ પૂરાં કરી લીધાં હોય અને ઊંટનું તે બચ્ચુ જે ચાર વરસ પૂર્ણ કરી ચૂક્યું હોય. પરંતુ જો એ જ મુરાદ હોય તો પછી હઝરત ઉક્બાના અર્ઝની કોઈ ગુંજાઈશ નથી, કેમ કે એ ઉમરાના જાનવરોની કુર્બાની સહીહ છે. જેથી અહીં તે ક઼ૌલ મુરાદ થશે કે جَذَعَة (જઝઅહ) બકરીના તે બાળકને કહે છે જે એક વરસથી ઓછાનુ હોય, ચાહે છ મહિનાનુ હોય કે દસ મહિનાનુ. ચાર પ્રકરણ પછી આ જ હદીષ છે એમાં عتود છે જેનો અર્થ બકરીનું બચ્ચુ છે. એનો અર્થ એ થયો કે એમના હિસ્સામાં એક વરસથી ઓછી વયનું બકરીનું બચ્ચુ આવ્યું હતું. અને એક વરસથી નાની બકરીના બચ્ચાની કુર્બાની સહીહ નથી. એટલા માટે તેમણે હુઝૂરે અક઼દસ ﷺને પૂછયું. હુઝૂરે અક઼દસ ﷺએ તેમને ખાસ રૂપે ઈજાઝત આપી જેવી કે હઝરત અબૂ બુરદહને ઈજાઝત આપી હતી.

પ્રકરણની શરૂમાં હઝરત બરાઅ رضی اللہ عنہની હદીષમાં છે કે અબૂ દરદાએ ઉભા થઈને કહ્યું કે મારી પાસે એક "જઝઅહ" છે. ફર્માવ્યું, એને ઝબહ કર, અને તારા પછી કોઈના તરફથી પૂરતુ ન થશે. તો જો "જઝઅહ"નો અર્થ પૂરા એક વરસનું બકરીનું બચ્ચુ હોત તો આ ઈર્શાદનો કોઈ અર્થ ન હોતો.

**પ્રકરણ : "કુર્બાની તથા નહર ઈદગાહમાં થવું જોઈએ"** –(૮૩૩)

بَابُ الْاَضْحٰى وَ الْمَنْحَرِ بِالْمُصَلّٰى. صـ۸۳۳

حدیث ۲۴۸۹ حَدَّثَنَا عُبَيْدُ اللّٰهِ عَنْ نَافِعٍ قَالَ كَانَ عَبْدُ اللّٰهِ يَنْحَرُ

*"નાફેઅથી મરવી છે કે અબ્દુલ્લાહ નબી ﷺ ના* **[હદીષ : ૨૪૮૯]**

فِي الْمَنْحَرِ قَالَ عُبَيْدُ اللّٰهِ يَعْنِي مَنْحَرَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ.

*મન્હરમાં નહર કરતા હતા."*

٢٤٩٠ حديث عَنْ نَافِعٍ أَنَّ ابْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَخْبَرَهُ قَالَ كَانَ

**[હદીષ : ૨૪૯૦]** ''નાફેઅથી રિવાયત છે કે ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ખબર આપી કે

رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَذْبَحُ وَيَنْحَرُ بِالْمُصَلَّى.

રસૂલુલ્લાહ ﷺ ઈદગાહમાં ઝબહ કરતા અને નહર કરતા.''

بَابُ أُضْحِيَّةِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ بِكَبْشَيْنِ أَقْرَنَيْنِ وَيُذْكَرُ سَمِينَيْنِ. صـ ٨٣٣

**પ્રકરણ : ''નબી ﷺનું બે સીંગવાળા અને બે મોટાં ઘેટાંની કુર્બાની કરવું''** –(૮૩૩)

ت ٧٢٦ وَقَالَ يَحْيَى بْنُ سَعِيدٍ سَمِعْتُ أَبَا أُمَامَةَ بْنَ سَهْلٍ قَالَ

**[તઅલીક઼ : ૭૨૬]** ''અબૂ ઉમામા બિન સહલે કહ્યું કે અમે લોકો મદીનામાં કુર્બાનીના

كُنَّا نُسَمِّنُ الْأُضْحِيَّةَ بِالْمَدِينَةِ وَكَانَ الْمُسْلِمُونَ يُسَمِّنُونَ.

જાનવરને તાજુ કરતા હતા અને મુસલમાનો પણ તાજુ કરતા હતા.''

٢٤٩١ حديث حَدَّثَنَا عَبْدُ الْعَزِيزِ بْنُ صُهَيْبٍ سَمِعْتُ أَنَسَ بْنَ

**[હદીષ : ૨૪૯૧]** ''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ બે મેંઢાઓની

مَالِكٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ

કુર્બાની કરતા હતા અને હું પણ બે મેંઢાઓની કુર્બાની કરું છું.''

وَسَلَّمَ يُضَحِّي بِكَبْشَيْنِ وَأَنَا أُضَحِّي بِكَبْشَيْنِ ـه

(બાબ મન ઝબહલ અઝાહી બિયદિહિ, પેજ : ૮૩૪, ૮૩૫, કિતાબુત્તૌહીદ, ૧૧૦૦)

٢٤٩٢ حديث عَنْ أَبِي قِلَابَةَ عَنْ أَنَسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ أَنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ

**[હદીષ : ૨૪૯૨]** ''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ સીંગવાળા

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ انْكَفَأَ إِلَى كَبْشَيْنِ أَقْرَنَيْنِ أَمْلَحَيْنِ فَذَبَحَهُمَا بِيَدِهِ.

કાબર ચિતરા બે મેંઢાઓની તરફ ઝુક્યા અને તેમને પોતાના હાથે ઝબહ કર્યા.''

**હદીષ : ૨૪૯૨ની સમજૂતી** પહેલી હદીષમાં કેવળ એ હતું કે રસૂલુલ્લાહ ﷺએ બે મેંઢાઓને ઝબહ કર્યા, તેની કોઈ ખૂબી વર્ણન થયેલ ન હતી. બીજી હદીષમાં એની બે ખૂબીઓ વર્ણવી છે : એક તો સીંગવાળા હતા, બીજુ એ કે કાબર ચિતરા હતા. અને અબૂ દાઊદમાં એ પણ અધિક છે કે તે ખસ્સી કરેલા હતા.

બાદના પ્રકરણમાં એ અધિક છે કે હુઝૂરે પોતાનો પગ તે બંનેવના ખભા પર રાખ્યો અને બિસ્મિલ્લાહ પઢયું અને તકબીર પઢી અને બંનેવને પોતાના હાથ વડે ઝબહ કર્યા. જે શખ્સ સારી રીતે ઝબહ કરવાનું જાણતો હોય એના માટે મુસ્તહબ એ જ છે કે ખુદ ઝબહ કરે. અબૂ દાઊદની હદીષથી માલૂમ થયું કે **ખસ્સી કરેલા જાનવરની કુર્બાની જાઈઝ છે.** બલ્કે એ બિના પર કે **એનો ગોશ્ત સારો હોય છે. ખસ્સીવાળાની કુર્બાની અફઝલ છે.**

**પ્રકરણ : "જેણે બીજાની કુર્બાની ઝબહ કરી."** –(૮૩૪)

بَابُ مَنْ ذَبَحَ ضَحِيَّةَ غَيْرِهٖ. ص ۸۳۴

ت ۷۲۷ وَقَالَ يَحْيَى بْنُ سَعِيْدٍ سَمِعْتُ أَبَا أُمَامَةَ بْنَ سَهْلٍ قَالَ

**[તઅલીક઼ : ૭૨૭]** *"અને એક શખ્સે ઈબ્ને ઉમરની મદદ કરી*

كُنَّا نُسَمِّنُ الْأُضْحِيَّةَ بِالْمَدِيْنَةِ وَكَانَ الْمُسْلِمُوْنَ يُسَمِّنُوْنَ.

*એમના ઊંટના બારામાં."*

**તઅલીક઼ : ૭૨૭ની સમજૂતી**

ઈમામ અબ્દુર્રઝ્ઝાકે અમ્ર બિન દીનારથી રિવાયત કરી, તેમણે કહ્યું, મેં ઈબ્ને ઉમર رضی اللہ عنہને જોયા કે મિનામાં એક ઊંટ નહર કરી રહ્યા છે. તે બેઠેલું છે, અને પગો બંધાયેલા છે અને એક શખ્સે તેની નકેલ (લગામ) પકડેલી છે અને ઈબ્ને ઉમર તેને ભાલો ભોંકી રહ્યા છે. આ તઅલીક઼થી પ્રકરણની સાબિતી નથી થઈ રહી. ઝબહ કરવું અલગ ચીજ છે અને ઝબહમાં મદદ લેવી અલગ ચીજ છે.

ت ۷۲۸ وَأَمَرَ أَبُوْ مُوْسٰى بَنَاتِهٖ أَنْ يُضَحِّيْنَ بِأَيْدِيْهِنَّ.

**[તઅલીક઼ : ૭૨૮]** *"અને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ પોતાની પુત્રીઓને હુકમ આપ્યો કે પોતાના હાથો વડે કુર્બાનીઓ કરો."*

**તઅલીક઼ : ૭૨૮ની સમજૂતી** આ અષરને ઈમામ હાકિમે મુસ્તદરકમાં રિવાયત કરી છે કે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ પોતાની પુત્રીઓને હુકમ આપતા કે પોતાની કુર્બાનીઓ પોતાના હાથો વડે કરે. આ તઅલીક઼ને પણ પ્રકરણ સાથે કોઈ મળતાપણુ નથી, બલ્કે મુનાસિબત છે. એને પ્રથમવાળા પ્રકરણમાં વર્ણન થવું જોઈએ. અલ્બત્ત ઈમામ બુખારીએ એના હેઠળ જે હદીષ વર્ણવી છે એમાં સ્પષ્ટપણે એ વર્ણન થયેલ છે : ضحّٰی رسول اللہ صلی اللہ تعالٰی علیہ وسلّم عن نسائه بالبقر રસૂલુલ્લાહ ﷺએ પોતાની પત્નીઓના તરફથી ગાયની કુર્બાની કરી એ હજ્જતુલ વિદાઅમાં થયું હતું.

**પ્રકરણ : "કુર્બાનીના ગોશ્તથી જે ખાવામાં આવે અને ભવિષ્યના માટે રાખી લેવામાં આવે."** –(૮૩૫)

بَابُ مَا يُؤْكَلُ مِنْ لُحُوْمِ الْأَضَاحِيْ وَمَا يُتَزَوَّدُ مِنْهَا. ص ۸۳۵

## ★ કુર્બાનીના ગોશ્તમાંથી રાખી મૂકવાની ઈજાઝત ★

حديث ٢٤٩٣ عن عمرة بنت عبد الرحمن عن عائشة رضى الله تعالى

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે તે કહે છે કે **[હદીષ : ૨૪૯૩]**

عنها قالت الضحية كنا نملح منها فنقدم به الى النبى صلى الله تعالى

અમે કુર્બાનીમાં મીઠુ નમક લગાડીને રાખી દેતાં હતાં, અને મદીનામાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની સામે રાખી દેતાં

عليه وسلم بالمدينة فقال لا تاكلوا الا ثلثة ايام وليست بعزيمة

હતાં. તો હુઝૂરે ફર્માવ્યું, કેવળ ત્રણ દિવસ સુધી ખાવ. અને કતઈ હુકમ નહીં પરંતુ હુઝૂરે એનાથી એ ઈરાદો

ولكن اراد ان يطعم منه والله اعلم.

કર્યો કે એના વડે અન્ય લોકોને ખવડાવવામાં આવે અને અલ્લાહ સારી રીતે જાણે છે."

حديث ٢٤٩٤ حدثنى ابو عبيد مولى ابن ازهر انه شهد العيد يوم الاضحى

"અબૂ ઓબૈદા, ઈબ્ને અઝહરના આઝાદ કરેલા ગુલામે હદીષ વર્ણવી કે તે **[હદીષ : ૨૪૯૪]**

مع عمر بن الخطاب رضى الله تعالى عنهما فصلى قبل الخطبة ثم خطب

બક્રા ઈદના રોજ હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ ની સાથે ઈદની નમાઝના માટે હાજર થયા તો હઝરત

الناس فقال يا ايها الناس ان رسول الله صلى الله تعالى عليه وسلم

ઉમરે ખુત્બાથી પહેલાં નમાઝ પઢી, પછી લોકોને ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, હે લોકો ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ

قد نهكم عن صيام هذين العيدين اما احدهما فيوم فطركم من

તમને મના કર્યુ છે એ બંનેવ ઈદના દિવસે રોઝા રાખવાથી, એમાંથી એક તો તમારો રોઝો છોડવાનો દિવસ

صيامكم واما الاخر فيوم تاكلون من نسككم فقال ابو عبيد ثم

છે પરંતુ બીજો તો તમારો કુર્બાનીઓને ખાવાનો દિવસ છે. પછી અબૂ ઓબૈદે કહ્યું, પછી હું ઉષ્માન ઈબ્ને

شهدت مع عثمن بن عفان وكان ذالك يوم الجمعة فصلى قبل

અફ્ફાન رضی اللہ عنہ થી સાથે હાજર થયો અને એ જુમ્આનો દિવસ હતો, તો તેમણે ખુત્બાથી પહેલાં નમાઝ પઢી

الْخُطْبَةِ ثُمَّ خَطَبَ فَقَالَ يَا أَيُّهَا النَّاسُ إِنَّ هٰذَا يَوْمٌ قَدْ اجْتَمَعَ لَكُمْ

ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, હે લોકો ! બેશક ! આ તે દિવસ છે જેમાં તમારા માટે બે ઈદો ભેગી છે.

فِيهِ عِيدَانِ فَمَنْ أَحَبَّ أَنْ يَنْتَظِرَ الْجُمُعَةَ مِنْ أَهْلِ الْعَوَالِي فَلْيَنْتَظِرْ

મદીનાની આસપાસના લોકોમાંથી જે એ પસંદ કરે તો જુમ્આની રાહ જુએ તો તે રાહ જુએ, અને જે એવું

وَمَنْ أَحَبَّ أَنْ يَرْجِعَ فَقَدْ أَذِنْتُ لَهُ قَالَ أَبُو عُبَيْدٍ ثُمَّ شَهِدْتُهُ مَعَ

ચાહે કે પરત થઈ જાય તો મેં એને ઈજાઝત આપી. અબૂ ઓબૈદે કહ્યું, પછી હું હઝરત અલી ઈબ્ને અબી

عَلِيِّ بْنِ أَبِي طَالِبٍ فَصَلَّى قَبْلَ الْخُطْبَةِ ثُمَّ خَطَبَ النَّاسَ فَقَالَ إِنَّ رَسُولَ

તાલિબ رضی اللہ عنہ ની સાથે હાજર થયો. તેમણે ખુત્બાથી પહેલાં નમાઝ પઢી પછી ખુત્બો આપ્યો અને કહ્યું,

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ نَهَاكُمْ أَنْ تَأْكُلُوا لُحُومَ نُسُكِكُمْ فَوْقَ ثَلَاثٍ ۔

બેશક ! રસૂલુલ્લાહ ﷺ એ તમને મના કર્યું કે હવે તમે તમારી કુર્બાનીઓનો ગોશ્ત ત્રણ દિવસથી વધુ સુધી ખાવ."

## હદીષ : ૨૪૯૪ની સમજૂતી

એના પર ચર્ચા આવી ગઈ કે ત્રણ દિવસથી વધુ કુર્બાનીનો ગોશ્ત રાખવાની ઈજાઝત ન હતી, પછી બાદમાં ઈજાઝત થઈ ગઈ. પરંતુ આ ખુલાસા પર અબૂ ઓબૈદની આ રિવાયતથી શંકા ઉદ્‌ભવે છે કે હઝરત અલી رضی اللہ عنہ એ આ હદીષને પોતાના ખિલાફતકાળમાં વર્ણવી. જો મનાઈ મન્સૂખ થઈ ચૂકી હોત તો હઝરત અલી رضی اللہ عنہ આ હદીષને પોતાના ખિલાફતકાળમાં વર્ણન ન કરતા. જવાબમાં એવું કહી શકાય છે કે શક્ય છે કે હઝરત અલી رضی اللہ عنہ ને ઈજાઝતનો ઈલ્મ ન રહ્યો હોય. પરંતુ એ સહીહ નથી એટલા માટે કે મનાઈના મન્સૂખ થવાની હદીષો અન્ય સહાબાઓ ઉપરાંત ખૂદ હઝરત અલી رضی اللہ عنہ થી પણ રિવાયત પામેલ છે, જેમ કે ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને ઈમામ તહાવીએ મઆનિયુલ આષારમાં રિવાયત કરી છે. સહીહ જવાબ એ છે કે હઝરત અલી رضی اللہ عنہ એ આ ખુત્બો તે દિવસોમાં આપ્યો હતો જ્યારે હઝરત ઉષ્માન رضی اللہ عنہ ઘેરાવ હેઠળ હતા. જેવું કે તહાવીમાં છે : صليت مع على العيد وعثمان محصور કેમ કે બળવાખોરોના કારણે તંગી હતી એટલા માટે હઝરત અલી رضی اللہ عنہ એ આ હદીષ રિવાયત ફર્માવી. અને અગાઉ હદીષ વર્ણન થઈ ચૂકી કે હુઝૂરે બીજા વરસે લોકોને કુર્બાનીનો ગોશ્ત જમા કરવાની ઈજાઝત આપી દીધી અને ફર્માવ્યું, ખાવ અને ખવડાવો અને જમા કરો. અને પાછલા વરસે તંગી હતી જેથી મેં ઈરાદો કર્યો કે લોકોની એમાં મદદ કરું.

حدیث ۲۴۹۵ عَنْ سَالِمٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا قَالَ قَالَ

[હદીષ : ૨૪૯૫] "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ

رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کُلُوْا مِنَ الْاَضَاحِیِّ ثَلٰثًا وَکَانَ عَبْدُاللّٰہِ

*ફર્માવ્યું, કુર્બાનીનો ગોશ્ત ત્રણ દિવસ સુધી ખાવ. અને અબ્દુલ્લાહ જ્યારે મિનાથી પરત થયા*

یَاْکُلُ بِالزَّیْتِ حِیْنَ یَنْفِرُ مِنْ مِنًی مِنْ اَجْلِ لُحُوْمِ الْھَدْیِ ۔

*તો ઝયતૂનના તેલની રોટલી ખાતા અને હદીનો ગોશ્ત ખાવાથી બચતા."*

## હદીષ : ૨૪૯૫ની સમજૂતી

શક્ય છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ ને મન્સૂખ થવા વિશેનો ઈલ્મ ન થયો હોય.

بسم الله الرحمن الرحيم

# کتاب الاشربہ ۸۳۶

## (કિતાબુલ્ અશ્રિબહ ) "પીવાની ચીજો વિશે પ્રકરણ'' –(૮૩૨)

وَقَولُ اللّٰهِ تَعَالٰى اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطَانِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ. (مائدہ ع ۹۰)

**અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન** : બેશક ! શરાબ અને જૂગાર અને મૂર્તિ અને પાંસાનાં તીર નાપાક જ છે અને શૈતાની કામ. જેથી એનાથી બચો જેથી ભલાઈ પામો.

**સ્પષ્ટતા** : વર્ણન થઈ ચૂક્યું કે શરાબનું હરામ હોવું (હુર્મત) ક્રમે ક્રમે નાઝિલ થઈ છે. પ્રથમ આ આયતે કરીમા નાઝિલ થઈ : يَسْئَلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ قُلْ فِيْهِمَا اِثْمٌ كَبِيْرٌ وَّمَنَافِعُ لِلنَّاسِ وَاِثْمُهُمَا اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا "તમને શરાબ તથા જૂગારના બારામાં પૂછે છે, ફર્માવો, એ બંનેમાં ભારે ગુનોહ છે અને લોકોના માટે ફાયદો છે. અને એ બંનેવનો ગુનોહ એ બંનેવના લાભ કરતાં મોટો છે.'' એના પર હઝરત ઉમરે અર્ઝ કરી : اَللّٰهُمَّ بَيِّنْ لَنَا فِى الْخَمْرِ بيانا شافيا "હે અલ્લાહ ! અમારા માટે શરાબના બારામાં સ્પષ્ટતા બયાન ફર્માવી દે.'' તો એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ : يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكَارٰى "હે ઈમાનવાળાઓ ! નમાઝની નજીક ન જાવ નશાની હાલતમાં.'' આ આયતના નાઝિલ થયા બાદ નમાઝના સમયમાં એક પોકારનાર પોકારતો કે કોઈ નશામાં મસ્ત થઈને નમાઝની નજીક ન થાય. ફરી હઝરત ઉમરે અર્ઝ કરી : اَللّٰهُمَّ بَيِّنْ لَنَا فِى الْخَمْرِ بَيَانًا شَافِيًا "હે અલ્લાહ ! અમારા માટે શરાબના બારામાં ચોખ્ખુ બયાન ફર્માવ.'' તો મઝકૂર આયત નાઝિલ થઈ. તો શરાબ તથા જૂગારને ક઼તઈ તૌર પર (સ્પષ્ટપણે) હરામ કરી દેવામાં આવ્યાં. કોઈ સ્થિતિમાં એને પીવાની ઈજાઝત નથી.

### ★ જે દુનિયામાં શરાબ પીશે તે આખેરતમાં નહીં પામે ★

حدیث ۲۴۹٦

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે બેશક !* **[હદીષ : ૨૪૯૬]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ شَرِبَ الْخَمْرَ فِى الدُّنْيَا ثُمَّ

*રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે દુનિયામાં શરાબ પીએ અને તૌબા ન કરે*

لَمْ يَتُبْ مِنْهَا حُرِمَهَا فِي الْآخِرَةِ

*તો આખેરતમાં એનાથી વંચિત રહેશે."*

**હદીષ : ૨૪૯૬ની સમજૂતી**

અમુક હઝરાતે આ હદીષની સ્પષ્ટતા એ કરી છે કે એનાથી મુરાદ એ છે કે તે જન્નતમાં ગયા પછી પણ જન્નતની શરાબે તહૂરથી મેહરૂમ રહેશે. પરંતુ સહીહ સ્પષ્ટતા એ છે કે જો અલ્લાહ તઆલા પોતાની રહમતથી તેને ન બખ્શે તો તે જહન્નમમાં જશે, પછી જન્નતમાં આવશે તો જન્નતની સર્વ નેઅમતોની જેમ શરાબે તહૂર પણ પામશે. અથવા એ કે અલ્લાહ તઆલા શરૂઆતમાં જ તેને બખ્શી આપશે અને જહન્નમથી મેહફૂઝ રાખશે તો પણ શરાબે તહૂરથી મેહરૂમ ન રહેશે. અને આ ધમકી તગલીઝન (સખ્તીના રૂપે) છે.

حُرِمَهَا فِي الْأخِرَةِ સાર એ છે કે જહન્નમમાં જવાથી, એટલે શરાબ પીવું જહન્નમના પાત્ર ઠરવાનો સબબ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**પ્રકરણ : "શરાબ દ્રાક્ષથી છે."** *-(૮૩૬)* باب ان الخمر من العنب ص٨٣٦

**સ્પષ્ટતા :** ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ ફર્માવ્યું કે શરાબ (ખમ્ર)નો વાસ્તવિક અર્થ દ્રાક્ષનું તે કાચુ પાણી છે જે જોશ મારી જાય અને એમાં ફીણ આવી જાય. તેના સિવાયનાં અન્ય નશાકારક પીણાં હક઼ીક઼ી શરાબના અર્થમાં નથી, એમના પર અર્થના એતબારથી ઉર્ફમાં શરાબ (દારૂ) બોલવામાં આવે છે. અને બીજા હઝરાત ફર્માવે છે : દરેક નશાકારક ચીજ શરાબ (ખમ્ર) છે. પ્રકરણનું હેડિંગ આ જ અર્થને સમર્થન કરે છે. અલ્લામા અયનીએ જે નુસ્ખો લીધો છે એમાં اَنَّ નથી કેવળ આ પ્રમાણે છે : باب الخمر من العنب એમાં બંનેવ સંભાવનાઓ છે بابٌ (બાબુન્)ને તન્વીન (ડબલ પેશ)ની સાથે પઢવામાં આવે, અને الخَمر ને મરફૂઅ, તો તર્જુમો એ થશે કે શરાબ દ્રાક્ષથી જ છે. એ આપણા માટે સમર્થનકર્તા છે. અને જો بابُને મુઝાફ પઢવામાં આવે અને الخمرِને ઝેર, તો અર્થ એ થશે કે, દ્રાક્ષના શરાબનું બયાન. આ જમહૂરના ક઼ૌલને સમર્થનકર્તા છે. ફત્હુલ બારીએ જે નુસ્ખો લીધો છે એમાં "વગૈરહ" વધારાનું છે. અને اَنَّ નથી. આ પ્રમાણે છે : بابُ الخمرِ من العنب وغیرہ એટલે એનું બયાન કે શરાબ દ્રાક્ષ વગેરેથી બને છે. પરંતુ અલ્લામા ઈબ્ને હજરે ખુદ ફર્માવ્યું કે "વગૈરહ"નો વધારો કેવળ ઈબ્ને બત્તાલની શરહમાં છે એના સિવાય સહીહના કોઈ નુસ્ખામાં અને મુસ્તખરજાત (સંકલન)માં અન્ય શરહોમાં નથી. ક઼સ્તલાનીએ પણ ઉમ્દતુલ ક઼ારીવાળો નુસ્ખો લીધો છે. અલ્બત્ત શરહમાં ફર્માવ્યું : وفی نسخة ان الخمر من العنب

حدیث ٢٤٩٧ عَنْ ثَابِتِ الْبُنَانِي عَنْ أَنَسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ

*"હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે અમારા પર શરાબ હરામ કરવામાં આવી.* **[હદીષ : ૨૪૯૭]**

حُرِّمَتْ عَلَيْنَا الْخَمْرُ حِيْنَ حُرِّمَتْ وَمَا نَجِدُ يَعْنِي بِالْمَدِيْنَةِ خَمْرَ

*જ્યારે હરામ કરવામાં આવી તો અમે મદીનામાં દ્રાક્ષનો શરાબ પામતા ન હતા પણ ઓછો,*

الْاَعْنَابِ اِلَّا قَلِيْلاً وَعَامَّةُ خَمْرِنَا الْبُسْرُ وَالتَّمْرُ.

*સામાન્યપણે અમારી શરાબ બુસ્ર તથા તમ્ર હતી."*

**હદીષ : ૨૪૯૭ની સમજૂતી** એનાથી પહેલાં નાફેઅના તરીક઼ાથી હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી જ આ રિવાયત છે કે શરાબ હરામ કરવામાં આવી અને મદીનામાં એનામાંથી કાંઈ ન હતી. આ આપણી સમર્થનકર્તા છે કે શરાબ કેવળ દ્રાક્ષના પાણીને કહે છે. એટલા માટે કે શરાબના હરામ થવાના સમયે અન્ય શરાબો મૌજૂદ હતી. મુરાદ એ જ છે કે હક઼ીક઼ી શરાબના અર્થમાં શરાબ એને જ કહે છે જે દ્રાક્ષના કાચા પાણી વડે બનાવવામાં આવે, અન્ય ચીજોની શરાબને મજાઝી અર્થમાં શરાબ કહે છે. ખજૂરના ફળના પાંચ દરજા છે : પહેલાને ત઼લહ કહે છે, બીજાને ખલાલ, ત્રીજાને બલહ, ચોથાને બુસ્ર અને પાંચમાને રુત઼બ.

**પ્રકરણ : "શરાબનું હરામ હોવું નાઝિલ થયું અને બુસ્ર તથા તમ્રથી છે."** –(૮૩૬)

بَابُ نُزُولِ تَحْرِيْمِ الْخَمْرِ وَهِیَ مِنَ الْبُسْرِ وَالتَّمْرِ۔ ص ٨٣٦

حدیث ٢٤٩٨ حَدَّثَنِیْ بَكْرُ بْنُ عَبْدِ اللّٰهِ اَنَّ اَنَسَ بْنَ مَالِكٍ رَضِیَ اللّٰهُ

*"બકર બિન અબ્દુલ્લાહે હદીષ વર્ણવી કે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ તેમને* **[હદીષ : ૨૪૯૮]**

تَعَالٰی عَنْهُ حَدَّثَهُمْ اَنَّ الْخَمْرَ حُرِّمَتْ وَالْخَمْرُ يَوْمَئِذٍ الْبُسْرُ وَالتَّمْرُ

*વર્ણવ્યું : શરાબ હરામ કરવામાં આવી અને શરાબ તે દિવસે બુસ્ર તથા તમ્રની હતી."*

بَابُ الْخَمْرِ مِنَ الْعَسَلِ وَهُوَ الْبِتْعُ

**પ્રકરણ : "શરાબ મધથી છે અને તે 'બત્ઉન' છે."** –(૮૩૭)

ت ٧٢٩ وَقَالَ مَعْنٌ سَاَلْتُ مَالِكَ بْنَ اَنَسٍ عَنِ الْفُقَّاعِ فَقَالَ

*"અને મઅ્નએ કહ્યું, મેં માલિક બિન અનસને "ફુક્ક઼ાઅ"ના વિશે પૂછયું તો તેમણે* **[તઅલીક઼ : ૭૨૯]**

اِذَا لَمْ يُسْكِرْ فَلَا بَاسَ

*ફર્માવ્યું, જો નશો ન લાવે તો કાંઈ વાંધો નથી."*

**તઅલીક઼ : ૭૨૯ની સમજૂતી** "ફુક્ક઼ાઅ" એક ચૂંસવાની ચીજ હતી જેને શામવાળા ખજૂરના જ્યૂસ (રસ) વડે અને યમનવાળા સૂકી દ્રાક્ષથી બનાવતા હતા. ખજૂરના રસને અથવા દ્રાક્ષને ખૂબ જ વાટીને બારીક કરીને કોઈ વાસણમાં બંધ કરી દેતા હતા. બે એક દિવસ બાદ વાસણનું મોં ખોલીને તેને ચૂંસતા હતા. સામાન્યતઃ એમાં નશો નથી હોતો પરંતુ જ્યારે વાસણનું મોં (ઢાંકણ) ખોલતા તો તેમાં જોશ હોતો, જો તે વખતે એને ચૂંસતા તો નશાકારક છે પરંતુ જો વાસણનું મોં ખોલીને થોડીક વાર તેને રહેવા દે તો તેનો જોશ નીકળી જાય તો નશાકારક નથી.

ت ۷۳۰ وَقَالَ ابْنُ الدَّرَاوَرْدِیْ سَأَلْنَا عَنْهُ فَقَالُوْا لَا یُسْکِرُ لَا بَاسَ بِهٖ

''અને ઈબ્ને દરાવર્દીએ કહ્યું, ફુક્કાઅના બારામાં અમે મદીનાવાસીઓને પૂછ્યું [તઅલીક઼ : ૭૩૦]

તો તેમણે કહ્યું, નશો નથી લાવતી, એમાં કોઈ વાંધો નથી.''

**તઅલીક઼ : ૭૩૦ની સમજૂતી**

ઈબ્ને દરાવર્દીનું નામ અબ્દુલ અઝીઝ ઈબ્ને મુહમ્મદ હતું. આ પણ મઅ્ન બિન ઈસાની રિવાયત છે. એનાથી જાહેર એ છે કે દરાવર્દીએ પોતાના સમયમાં મદીનાવાસીઓના ફક઼ીહીથી પૂછયું હતું.

**★ જે નશો લાવે તે હરામ ★**

حدیث ۲۴۹۹ أَخْبَرَنِیْ اَبُوْ سَلَمَۃَ ابْنُ عَبْدِ الرَّحْمٰنِ اَنَّ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ ને [હદીષ : ૨૪૯૯]

تَعَالٰی عَنْهَا قَالَتْ سُئِلَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ عَنِ الْبِتْعِ وَهُوَ

બતઅના બારામાં પૂછવામાં આવ્યું અને એ મધની શરાબ છે જેને યમનવાળા

نَبِیْذُ الْعَسَلِ وَکَانَ اَهْلُ الْیَمَنِ یَشْرَبُوْنَهٗ فَقَالَ رَسُوْلُ اللّٰہِ

પીતા હતા. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **દરેક તે પીવાની ચીજ**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ کُلُّ شَرَابٍ اَسْکَرَ فَهُوَ حَرَامٌ ۔

**જે નશો લાવે હરામ છે.''**

**હદીષ : ૨૪૯૯ની સમજૂતી** અમારો પણ સહી મુખ્તાર મુફતાબિહ મઝહબ એ જ છે કે **જે નશો લાવે તે હરામ છે. તે એટલુ પણ પીવું હરામ છે જેટલાથી નશો ન આવે. અને તેનું ટીપે ટીપું પેશાબની જેમ ગંદી નાપાકી છે.** ઈમામ અબૂ દાઊદ અને તિર્મિઝીએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : ما اسکر کثیرہ فقلیلہ حَرَامٌ **જેની અધિક માત્રા નશો લાવે તેનુ થોડુ પણ હરામ છે.**

حدیث ۲۵۰۰ عَنِ الزُّهْرِیْ قَالَ اَخْبَرَنِیْ اَنَسُ بْنُ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی

''અનસ બિન માલિક رضی اللہ عنہ એ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દૂધીના [હદીષ : ૨૫૦૦]

عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ لَا تَنْتَبِذُوْا فِی الدُّبَّاءِ وَلَا فِیْ

પોલા પાત્રમાં અને તેલ મિલાવેલ પાત્ર ઝુફફતમાં નબીઝ ન બનાવો અને અબૂ હુરૈરહ رضی اللہ عنہ તેમની સામે

الْمُزَفَّتِ وَكَانَ اَبُوْهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يُلْحِقُ مَعَهُمَا الْحَنْتَمَ وَالنَّقِيْرَ

*લીલા ઘડા અને લાકડાના પોલા વાસણોને પણ મિલાવતા હતા."*

**હદીષ : ૨૫૦૦ની સમજૂતી** આના પર સંપૂર્ણ ચર્ચા કિતાબુલ ઈલ્મમાં વર્ણન થઈ ચૂકી છે. એ વાસણોમાં નબીઝ બનાવવાની મનાઈ એ કારણે હતી કે એ જ વાસણોમાં શરાબ બનાવવામાં આવતી હતી. એમાં નબીઝ બનાવવામાં ખતરો હતો એટલા માટે મના ફર્માવવામાં આવ્યું, પછી બાદમાં ઈજાઝત આપી દેવામાં આવી.

## બَابُ مَاجَاءَ فِي الْخَمْرِ مَا خَامَرَ الْعَقْلَ مِنَ الشَّرَابِ. ص ٨٣٧

**પ્રકરણ : "એ વાતનું બયાન કે શરાબ તે પીવાની ચીજ છે જે બુદ્ધિને નષ્ટ કરી દે છે."**

حدیث ۲۵۰۱ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ خَطَبَ عُمَرُ عَلٰى مِنْبَرِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે ઉમર رضی اللہ عنہ એ* **[હદીષ : ૨૫૦૧]**

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ اِنَّهُ قَدْ نَزَلَ تَحْرِيْمُ الْخَمْرِ (اِلٰى اَنْ قَالَ)

*રસૂલુલ્લાહ ﷺના મિમ્બર પર ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, શરાબની હુર્મત (હરામ હોવું) નાઝિલ થઈ અને*

وَثَلٰثَةٌ وَدِدْتُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَمْ يُفَارِقْنَا

*એ પાંચ ચીજોથી છે : દ્રાક્ષ, ખારેક અને ઘઉં તથા જવ અને મધ. શરાબ તે છે જે બુદ્ધિને નષ્ટ કરી દે. ત્રણ મસાઈલ*

حَتّٰى يَعْهَدَ اِلَيْنَا عَهْدًا اَلْجَدُّ وَالْكَلَالَةُ وَاَبْوَابٌ مِّنْ اَبْوَابِ الرِّبَا قَالَ قُلْتُ

*એવા છે કે મેં ચાહ્યું કે રસૂલુલ્લાહ ﷺ અમારાથી જુદા ન થતા જ્યાં સુધી એ વાતોની સંપૂર્ણ સ્પષ્ટતા ન કરી*

يَا اَبَا عَمْرٍو فَشَيْئٌ يُصْنَعُ بِالسِّنْدِ مِنَ الرُّزِّ قَالَ ذَالِكَ لَمْ يَكُنْ عَلٰى

*આપે. દાદા તથા કલાલા (બે ઔલાદ)નો વારસો તથા વ્યાજની વિગતો. અબૂ હુય્યાને શઅબીથી પૂછ્યું, હે અબૂ*

عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَوْقَالَ عَلٰى عَهْدِ عُمَرَ وَقَالَ

*અમ્ર ! સિંધમાં અમુક લોકો ચાવલો વડે શરાબ બનાવે છે. ફર્માવ્યું કે એ હુઝૂરે અક્દસ ﷺના મુબારક જમાનામાં*

حَجَّاجٌ عَنْ حَمَّادٍ عَنْ اَبِيْ حَيَّانَ مَكَانَ الْعِنَبِ الزَّبِيْبَ

*બનતી ન હતી. અથવા એવું કહ્યું કે હઝરત ઉમરના ખિલાફતકાળમાં ન હતી."*

**હદીષ : ૨૫૦૧ની સમજૂતી** આ હદીષનો પ્રારંભિક હિસ્સો સૂરએ માઈદામાં વર્ણન થઈ ચૂક્યો છે કે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ ત્રણ મસાઈલનો ઉલ્લેખ કર્યો : એક દાદાનો. દાદાના બારામાં ત્રણ મતભેદો

છે : શું એ ભાઈને મેહરૂમ કરશે કે ભાઈ એનાથી મેહરૂમ રહેશે. અને કેટલો વારસો પામશે એના સંબંધમાં સહાબાએ કિરામના દરમ્યાન સખત મતભેદ છે. ત્યાં સુધી કે અબૂ ઓબૈદે રિવાયત કરી કે મેં હઝરત ઉમર رضی اللہ عنہથી દાદાના બારામાં સિત્તેર ફૈસલા સાંભળ્યા અને સૌ એકબીજાના વિરોધી છે. એક રિવાયત છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ સહાબાને ભેગા કર્યા કે દાદાના બારામાં સૌ એક કૌલ પર ઈજમાઅ કરી લે. એવામાં છત પરથી સાપ પડયો અને લોકો ભાગી ગયા. એના પર હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, અલ્લાહને એ જ પસંદ છે કે દાદાના બારામાં લોકો મતભેદ રાખે. બીજો મસ્અલો કલાલા (બે ઔલદ)નો છે, કલાલા એને કહે છે જેને ન ઔલાદ હોય ન બાપ. એ જ હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત અલી, હઝરત ઝયદ અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین તથા મદીનાવાસીઓ તથા બસરાવાસીઓ તથા કૂફાવાસીઓનો મઝહબ છે. અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે જેને ઔલાદ ન હોય ભલે તેને બાપ હોય. કુર્આન મજીદમાં કેવળ આ પ્રમાણે છે : يَسْتَفْتُونَكَ قُلِ اللّٰهُ يُفْتِيكُمْ فِى الْكَلَالَةِ اِنِ امْرُءٌ هَلَكَ وَلَيْسَ لَهُ وَلَدٌ وَلَهُ اُخْتٌ فَلَهَا نِصْفُ مَا تَرَكَ "હે મહબૂબ ! તમને ફત્વો પૂછે છે, તો ફર્માવી દો, અલ્લાહ તમને કલાલાના બારામાં ફત્વો આપે છે, જો કોઈ પુરૂષનો ઈન્તેકાલ થાય જે ઔલાદ વિહોણો છે અને તેની એક બહેન હોય તો વારસામાં તેની બહેનના માટે અડધુ છે." (સૂરએ માઈદા, આ. ૧૭૭) આયતમાં કલાલાની કેવળ તફસીર આ પ્રમાણે કરી : لَيْسَ لَهُ وَلَدٌ એનાથી જાહેરી રીતે એ સમજમાં આવે છે કે જો બાપ હોય તો પણ તે કલાલા છે. પરંતુ કેમ કે વિરોધી ભાવાર્થ વિશ્વસનીય નથી એટલા માટે એ યકીની નથી. એના કારણે એના બારામાં સખત મતભેદ થયો.

એ જ પ્રમાણે વ્યાજની પૂરી વિગત હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ નથી ફર્માવી, કેવળ છ ચીજોના બારામાં ફર્માવ્યું, એમાં સૂદ (વ્યાજ) છે : સોનુ, ચાંદી, ઘઉં, જવ, ખજૂર તથા મીઠુ (નમક). એના સિવાય બાકીની ચીજોમાં વ્યાજ છે કે નથી અને છે તો એનો પાયો શું છે એ વર્ણન નથી કર્યું. એટલા માટે વ્યાજના બારામાં ઉલમાની વચ્ચે સખત મતભેદ છે જેની કેટલાક અંશે વિગત અમે ''રિબા''ના બયાનમાં વર્ણન કરી ચૂક્યા છીએ.

**પ્રકરણ : ''જે શખ્સ શરાબને હલાલ જાણે અને બદલીને તેનું નામ કાંઈ બીજુ રાખે.''** –(૮૩૭)

بَابُ مَا جَاءَ فِيمَنْ يَسْتَحِلُّ الْخَمْرَ وَيُسَمِّيهِ بِغَيْرِ اِسْمِهِ. ص ٨٣٧

حديث ٢٥٠٢ حَدَّثَنِى اَبُو عَامِرٍ اَوْ اَبُو مَالِكِ الْاَشْعَرِى وَاللّٰهِ مَا كَذَبَنِى

[હદીષ : ૨૫૦૨] *''હઝરત અબ્દુર્રહમાન બિન ગ઼નમ અશ્અરીએ કહ્યું કે મને અબૂ આમિર અથવા અબૂ*

سَمِعَ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ لَيَكُونَنَّ مِنْ اُمَّتِى اَقْوَامٌ يَسْتَحِلُّونَ

*માલિક અશ્અરીએ હદીષ વર્ણવી. બખુદા તેમણે મને જૂઠુ નથી વર્ણન કર્યું, કે તેમણે નબી صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું,*

الْحِرَّ وَالْحَرِيرَ وَالْخَمْرَ وَالْمَعَازِفَ وَلَيَنْزِلَنَّ اَقْوَامٌ اِلٰى جَنْبِ

***મારી ઉમ્મતમાં કેટલીક ક઼ૌમો થશે જેઓ શર્મગાહ (ગુપ્તાંગ) તથા રેશમી કાપડ અને શરાબ તથા***

عَلَمٍ يَتَرَوَّحُ عَلَيْهِمْ بِسَارِحَةٍ لَهُمْ تَاتِيْهِمْ يَعْنِى الْفَقِيْرَ لِحَاجَتِهِ

વાજિંત્રોને હલાલ જાણશે. અને પહાડના દામનમાં કેટલાક લોકો રહેશે અને સાંજે જ્યારે પોતાના

فَيَقُوْلُوْنَ اِرْجِعْ اِلَيْنَا غَدًا فَيُبَيِّتُهُمُ اللّٰهُ وَ يَضَعُ الْعَلَمَ وَيَمْسَخُ

પાલતુ જાનવરોનું ટોળુ લઈને પરત થશે તો તેમની પાસે એક મોહતાજ પોતાની જરૂરતના માટે

اٰخَرِيْنَ قِرَدَةً وَخَنَازِيْرَ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ

આવશે તો કહેશે, પરત થઈ જા ! કાલે આવજે. રાતમાં અલ્લાહ તઆલા તેમના પર પહાડ ફેંકી દેશે અને બાકી રહેલા લોકોને વાનર તથા સુવ્વર બનાવી દેશે, કયામત સુધી એવા જ રહેશે."

**હદીષ : ૨૫૦૨ની સમજૂતી**

حِرٌ (હિર્ન્)નો અર્થ શર્મગાહ થાય છે. મુરાદ એ છે કે તે લોકો ઝિનાને હલાલ જાણશે. આ હદીષથી સાબિત થયું કે આ ઉમ્મતમાં પણ જુઝવી તૌર પર (આંશિકરૂપે) મસ્ખ થશે, અને આ અન્ય ઘણી હદીષોથી સાબિત છે.

بَابُ تَرْخِيْصِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِى الْاَوْعِيَةِ وَالظُّرُوْفِ بَعْدَ النَّهْىِ

**પ્રકરણ : "નબી ﷺનું ઈજાઝત આપવું અમુક વાસણોના વપરાશની મનાઈ પછી."** –(૮૩૭)

۲۵۰۳ حدیث

عَنْ سَالِمٍ عَنْ جَابِرٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ نَهٰى رَسُوْلُ اللّٰهِ

"હઝરત જાબિર رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ કેટલાક વાસણોથી મના **[હદીષ : ૨૫૦૩]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنِ الظُّرُوْفِ فَقَالَتِ الْاَنْصَارُ اِنَّهُ لَا

ફર્માવ્યું તો અન્સારે કહ્યું, આ વાસણો અમારા માટે જરૂરી છે. તો ફર્માવ્યું,

بُدَّ لَنَا مِنْهَا قَالَ فَلَا اِذًا

હવે નહીં." (અબૂ દાઊદ–અશ્રબા, તિર્મિઝી–અશ્રબા, નિસાઈ–અશ્રબા)

**હદીષ : ૨૫૦૩ની સમજૂતી**

આ હદીષ એની દલીલ છે કે બે ચાર જે વાસણોમાં નબીઝ બનાવવાની મનાઈ હતી તે માધ્યમથી રોકવાના માટે હતી.

۲۵۰۴ حدیث

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ لَمَّا نَهَى النَّبِىُّ صَلَّى اللّٰهُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ એ કહ્યું, જ્યારે નબી ﷺ એ વાસણોથી મના **[હદીષ : ૨૫૦૪]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنِ الْاَسْقِیَۃِ قِیْلَ لِلنَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَیْسَ کُلُّ النَّاسِ

ફર્માવ્યું તો નબી ﷺ ને અર્ઝ કરવામાં આવી કે દરેક વ્યક્તિ બીજુ વાસણ નથી ધરાવતો. તો હુઝૂરે

یَجِدُ سِقَاءً فَرَخَّصَ لَھُمْ فِی الْجَرِّ غَیْرِ الْمُزَفَّتِ

તેમને તે ઘડાની ઈજાઝત આપી જેમાં રોગને ઝિફ્ત (ડામર જેવી એક ચીજ) ન ચોપડેલ હોય."

(મુસ્લિમ, અબૂ દાઊદ–અશ્રબા, નિસાઈ–અશ્રબા તથા વલીમા)

حدیث ۲۵۰۵ عَنِ الْحٰرِثِ بْنِ سُوَیْدٍ عَنْ عَلِیٍّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ نَھَی

[હદીષ : ૨૫૦૫] "હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ દૂધીના પોલા પાત્ર અને

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنِ الدُّبَّاءِ وَالْمُزَفَّتِ

રોગને ઝિફ્ત (ડામર જેવી ચીજ) ચોપડેલા ઘડાથી મના ફર્માવ્યું." (મુસ્લિમ, નિસાઈ–અશ્રબા)

حدیث ۲۵۰۶ عَنْ اِبْرَاھِیْمَ قَالَ قُلْتُ لِلْاَسْوَدِ ھَلْ سَاَلْتَ عَائِشَۃَ

[હદીષ : ૨૫૦૬] "ઈબ્રાહીમ બિન યઝીદ નખઈથી રિવાયત છે કે મેં અસ્વદને કહ્યું કે શું આપે હઝરત

اُمَّ الْمُؤْمِنِیْنَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا عَمَّا یُکْرَہُ اَنْ یُّنْتَبَذَ فِیْہِ فَقَالَ نَعَمْ

ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا થી પૂછયું, કયા વાસણોમાં નબીઝ બનાવવું નાપસંદ છે ? અસ્વદે કહ્યું,

قُلْتُ یَا اُمَّ الْمُؤْمِنِیْنَ عَنْ مَّا نَھَی النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَنْ

હા ! મેં પૂછયું હતું. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું કે હુઝૂરે અમને અહલે બયતને દુબ્બા તથા મુઝફ્ફતમાં

یُّنْتَبَذَ فِیْہِ قَالَتْ نَھَانَا اَھْلَ الْبَیْتِ اَنْ نَّنْتَبِذَ فِی الدُّبَّاءِ وَالْمُزَفَّتِ قُلْتُ اَمَا

નબીઝ બનાવવાથી મના ફર્માવ્યું. મેં કહ્યું, આપે જર તથા હન્તમનો ઉલ્લેખ ન કર્યો ? તો અસ્વદે કહ્યું, હું

ذَکَرَتِ الْجَرَّ وَالْحَنْتَمَ قَالَ اِنَّمَا اُحَدِّثُکَ مَا سَمِعْتُ اَفَاُحَدِّثُکَ مَا لَمْ اَسْمَعْ

તમને એ જ વર્ણવીશ જે મેં સાંભળ્યું. શું તમને એ પણ વર્ણવું જે નથી સાંભળ્યું ?!" (મુસ્લિમ, નિસાઈ–અશ્રબા)

حدیث ۲۵۰۷ حَدَّثَنَا الشَّیْبَانِیُّ قَالَ سَمِعْتُ عَبْدَاللّٰہِ بْنَ اَبِیْ اَوْفٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ

[હદીષ : ૨૫૦૭] "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ લીલા ઘડાથી મના

قَالَ نَھَی النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنِ الْجَرِّ الْاَخْضَرِ قُلْتُ اَنَشْرَبُ فِی الْاَبْیَضِ قَالَ لَا

ફર્માવ્યું. મેં કહ્યું, શું સફેદમાં પીવામાં આવે ? ફર્માવ્યું, નહીં." (નિસાઈ–અશ્રબા)

## હદીષ : ૨૫૦૭ની સમજૂતી

قُلْتُથી મુરાદ શયબાની છે અને قال (ક઼ાલ)ના કર્તા અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ છે. મતલબ એ થયો કે શયબાનીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہને પૂછયું કે હુઝૂરે લીલા ઘડામાં નબીઝ બનાવવાથી મના કર્યું છે, તો શું અમે સફેદમાં પીએ ? તો તેમણે ફર્માવ્યું કે નહીં ! મતલબ એ થયો કે હુકમનો આધાર રંગ પર નથી. જે વાસણોમાં શરાબ બનાવવામાં આવતી હતી તે સૌ વાસણોથી શરૂમાં મના ફર્માવ્યું, અને જ્યારે શરાબની હુર્મત (હરામ હોવું) દિલમાં જામી ગઈ અને લોકોની તબીઅતોમાં શરાબથી નફરત પેદા થઈ ચૂકી તો દરેક વાસણના વપરાશની ઈજાઝત થઈ ગઈ.

**પ્રકરણ : "બાઝિક઼ (એક પ્રકારની શરાબ)નું બયાન અને જેણે દરેક નશાકારક પીણાથી મના ફર્માવ્યું."** –(૮૩૮)

بَابُ الْبَاذِقِ وَمَنْ نَهَى عَنْ كُلِّ مُسْكِرٍ مِنَ الْأَشْرِبَةِ. ص ۸۳۸

### ★ તિલાઅ વિશે વર્ણન ★

ت ۷۳۱ وَرَأَى عُمَرُ وَأَبُو عُبَيْدَةَ وَمُعَاذٌ شُرْبَ الطِّلَاءِ عَلَى الثُّلُثِ.

*"હઝરત ઉમર તથા હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ અને હઝરત મઆઝ બિન જબલ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ તલાઅ્ને જાઈઝ જાણ્યું. એટલે કે જેને એટલુ પકાવવામાં આવે કે બે તૃત્યાંશ (૨/૩) સળગી જાય અને ૧/૩ રહી જાય."* **[તઅલીક઼ : ૭૩૧]**

## તઅલીક઼ : ૭૩૧ની સમજૂતી

હઝરત ઉમર رضی اللہ عنہના અષરને ઈમામ માલિકે મોઅત્તામાં મહમૂદ બિન લબીદ અન્સારીના તરીક઼ાથી રિવાયત કરી કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ જ્યારે શામમાં તશરીફ લાવ્યા તો લોકોએ ત્યાંની વબાની શિકાયત કરી. અને તેમણે કહ્યું કે વબાનો ઈલાજ કેવળ આ પીણુ છે. તો ફર્માવ્યું કે મધ પીઓ. તો લોકોએ અર્ઝ કરી, મધ એનો ઈલાજ નથી. ત્યાંના રહેવાસીઓમાંથી એક શખ્સે કહ્યું, અમે એવું પીણુ બનાવી દઈએ જેમાં નશો ન હોય. ફર્માવ્યું, બનાવો ! તો તેમણે એને પકાવ્યું ત્યાં સુધી કે તેનો ૨/૩ ભાગ બળી ગયો અને ૧/૩ રહી ગયો. તો હઝરત ઉમર رضی اللہ عنہની પાસે લાવ્યા. તેમણે એમાં આંગળી નાખીને ઉઠાવી તો શીરાની જેમાં આંગળીમાં ચોંટેલું રહ્યું. તો ફર્માવ્યું કે આ ઊંટ પર માલિશ કરવામાં આવતા તિલાઅ્ની જેમ છે. તો હઝરત ઉમરે એમને હુકમ આપ્યો કે પીઓ. પછી ફર્માવ્યું કે જે ચીજ હરામ છે તેને હું હલાલ નથી કરી શકતો.

હઝરત અબૂ ઓબૈદા અને મઆઝ رضی اللہ عنہماની અષરને અબૂ મુસ્લિમ કજી તથા સઈદ બિન મન્સૂર તથા ઈબ્ને અબી શયબાએ ક઼તાદાના તરીક઼ાથી હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે અબૂ ઓબૈદા અને મઆઝ બિન જબલ અને અબૂ તલ્હા તલાઅ્ પીતા હતા. એટલે પકાવીને જેનો ૨/૩ ભાગ બાળી નાખ્યો હોય અને ૧/૩ બાકી હોય.

ت ۷۳۲ وَشَرِبَ الْبَرَاءُ وَأَبُو جُحَيْفَةَ عَلَى النِّصْفِ.

*"હઝરત બરાઅ અને હઝરત અબૂ જુહૈફા رضی اللہ عنہ એ એને પીધું જેને અડધુ બાળી નાખેલુ હોય અને અડધુ બચેલુ હોય."* **[તઅલીક઼ : ૭૩૨]**

ت ۷۳۳ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَشْرَبُ الْعَصِیْرَ مَادَامَ طَرِیًّا

*"ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે હું દ્રાક્ષના શીરાને પીશ જ્યાં સુધી તાજો રહે,* **[તઅલીક઼ : ૭૩૩]**

*એટલે કે એમાં જોશ તથા ફીણ ન આવે."*

## ★ મોઢામાં શરાબની ગંધ પામતાં હુકમ ★

ت ۷۳۴ وَقَالَ عُمَرُ وَجَدْتُ مِنْ عُبَیْدِ اللّٰہِ رِیْحَ شَرَابٍ وَاَنَا

*"અને હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં ઓબૈદુલ્લાહના મોઢામાં શરાબની ગંધ* **[તઅલીક઼ : ૭૩૪]**

سَائِلٌ عَنْہُ فَاِنْ کَانَ یُسْکِرُ جَلَدْتُہٗ

*પામી છે. હું એના બારામાં પૂછીશ, જો તે નશો લાવે છે તો તેને કોરડા મારીશ."*

### તઅલીક઼ : ૭૩૪ની સમજૂતી

ઓબૈદુલ્લાહ હઝરત ઉમર رضی اللہ عنہના સાહબઝાદા હતા. આ તઅલીક઼ને ઈમામ માલિકે માલિકના તરીક઼ાથી હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે મેં ફલાણા (ઓબૈદુલ્લાહ)ના મોઢેથી શરાબની ગંધ પામી છે. હઝરત ઉમરે ગુમાન કર્યું કે તેમણે તલાઅ્ પી હતી. ફર્માવ્યું, તે જે પીએ છે એના બારામાં પૂછીશ. જો તે નશાકારક છે તો તેને હદ મારીશ. પછી હઝરત ઉમરે તેમના પર હદ લાગુ કરી.

આ અષરની દલીલ છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ શામમાં જે તલાએ મુષલ્લષ પીવાની ઈજાઝત આપી હતી તે એ શર્તની સાથે હતી કે નશો ન લાવે. એ રિવાયતમાં પ્રારભમાં એ છે કે હું એવી શરાબ બનાવીશ જે નશો નથી લાવતી, અને આ રિવાયતમાં એ છે કે તેમના સાહબઝાદા ઓબૈદુલ્લાહે તલાઅ્ પીધી હતી. પણ તે નશાકારક હતી એટલા માટે તેમના પર હદ લાગુ કરી. મોઢેથી શરાબની ગંધ આવવાથી બલ્કે ઉલ્ટીમાં શરાબ પડવાથી પણ હદ લાગુ કરવી જાઈઝ નથી, બલ્કે જરૂરી છે કે શરાબી સ્વીકાર કરે તે પણ હોશમાં આવ્યા પછી, એ હાલતમાં ઈકરાર કરે કે તેના મોઢામાં શરાબની ગંધ મૌજૂદ છે. કેવળ ગંધ પર હદ એટલા માટે નથી કે ઘણી બધી ચીજોની ગંધ એકબીજાના જેવી હોય છે, અને શરાબની ઉલ્ટી કરવા પર એટલા માટે (હદ) નથી કે શક્ય છે કે તે અજાણતમાં અથવા જબરદસ્તીમાં પીધી હોય, અથવા એવા ખોરાકો ખાધા હોય કે પેટમાં ગયા પછી શરાબના રંગ જેવી થઈ ગઈ હોય.

હઝરત ઉમર رضی اللہ عنہએ કેવળ ગંધ પર હદ નથી લાગુ કરી બલ્કે તેમને પૂછયું હતું. જ્યારે પીવાનો ઈકરાર કર્યો તો હદ ક઼ાયમ કરી. જેમ કે ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે મઅમરના તરીક઼ાથી જે રિવાયત કરી છે એમાં એ છે કે મેં ઓબૈદુલ્લાહને પૂછયું તો તેણે બતાવ્યું કે તે તલાઅ્ હતી. જેના બારામાં અન્ય લોકોને પૂછયું તો લોકોએ બતાવ્યું કે એ નશો લાવે છે.

حديث ٢٥٠٨ عَنْ اَبِی الْجُوَیْرِیَۃِ قَالَ سَاَلْتُ ابْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی

"અબૂ જુવૈરિયાએ કહ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી બાઝિક઼ના બારામાં **[હદીષ : ૨૫૦૮]**

عَنْهُمَا عَنِ الْبَاذِقِ فَقَالَ سَبَقَ مُحَمَّدٌ اِلْبَاذِقَ فَمَا اَسْكَرَ فَهُوَ حَرَامٌ

પૂછયું તો ફર્માવ્યું, હઝરત મુહમ્મદ ﷺએ બાઝિક઼થી પહેલાં એનો હુકમ વર્ણવી આપ્યો : જે નશો લાવે

قَالَ الشَّرَابُ الْحَلَالُ الطَّيِّبُ قَالَ لَيْسَ بَعْدَ الْحَلَالِ الطَّيِّبِ اِلَّا الْحَرَامُ الْخَبِيْثُ ؏

તે હરામ છે. ફર્માવ્યું, હલાલ શરાબ પાક છે અને હલાલ તૈયબ પછી કેવળ હરામ ખબીષ છે."

**હદીષ : ૨૫૦૮ની સમજૂતી** બાઝિક઼ એક પ્રકારનો શરાબ હતી જે મધમાંથી બનાવવામાં આવતી હતી. હુઝૂરે અક઼દસ ﷺના જમાનામાં કોઈ શરાબનું નામ બાઝિક઼ ન હતું. એને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું.

બાઝિક઼ના અસ્તિત્વથી પહેલાં હુઝૂરે અક઼દસ ﷺને એનો હુકમ વર્ણવી આપ્યો કે તે હરામ છે, કેમ કે તે નશાકારક છે. અને હુઝૂરે અક઼દસ ﷺએ ક઼ાઈદાએ કુલ્લિયહ વર્ણન કરી આપ્યો કે જે નશો લાવે તે હરામ છે.

**પ્રકરણ : "બુસ્ર તથા તમ્રને મિલાવવાને જેણે જાઈઝ નથી જાણ્યું જ્યારે કે તે નશાકારક હોય, અને એ કે બે વાસણોને એક વાસણમાં ન કરવામાં આવે."** –(૮૩૮)

بَابُ مَنْ رَاٰی اَنْ لَّا يُخْلَطَ الْبُسْرُ وَالتَّمْرُ اِذَا كَانَ مُسْكِرًا وَاَنْ لَّا يَجْعَلَ اِدَامَيْنِ فِیْ اِدَامٍ. صـ ٨٣٨

حديث ٢٥٠٩ اَخْبَرَنِیْ عَطَاءٌ اَنَّهٗ سَمِعَ جَابِرًا يَقُوْلُ نَهَی النَّبِیُّ صَلَّی اللّٰهُ

"જાબિર رضی اللہ عنہ કહેતા હતા કે નબી ﷺ સૂકી દ્રાક્ષ તથા ખારેક તથા અડધી પાકેલી **[હદીષ : ૨૫૦૯]**

عَلَيْهِ وَسَلَّمَ عَنِ الزَّبِيْبِ وَالتَّمْرِ وَالْبُسْرِ وَالرُّطَبِ

ખજૂર તથા તાજી ખજૂરથી મના કરતા હતા." (મુસ્લિમ, નિસાઈ–અશ્રબા)

**હદીષ : ૨૫૧૦ની સમજૂતી** મુરાદ એ છે કે એ બંનેને ભેગી વાસણમાં રાખીને નબીઝ ન બનાવવામાં આવે.

حديث ٢٥١٠ عَنْ عَبْدِ اللّٰهِ ابْنِ اَبِیْ قَتَادَةَ عَنْ اَبِيْهِ قَالَ نَهَی النَّبِیُّ

"હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺએ પાકી તથા અધૂરી કાચી ખજૂરો અને **[હદીષ : ૨૫૧૦]**

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ اَنْ يُجْمَعَ بَيْنَ التَّمْرِ وَالزَّهْوِ وَالتَّمْرِ

સૂકી દ્રાક્ષના શીરાને મિલાવવાથી મના કર્યું. એમનામાંથી દરેકની નબીઝ

وَالثَّيِّبِ وَلْيُنْبَذْ كُلُّ وَاحِدٍ مِّنْهُمَا عَلٰى حِدَةٍ ع

*અલગ અલગ બનાવવામાં આવે.'' (મુસ્લિમ, અબૂ દાઊદ–અશ્રબા, નિસાઈ–વલીમા)*

**હદીષ : ૨૫૧૦ની સમજૂતી** **ખજૂર તથા સુકી દ્રાક્ષ એક પાત્રમમાં રાખી નબીઝ બનાવવાની મનાઈ :** બે પ્રકારની ચીજોને દા.ત. ખજૂર અને સૂકી દ્રાક્ષને એક વાસણમાં રાખીને નબીઝ બનાવવાની મનાઈ તન્ઝીહી છે. અને આ મનાઈ કયાં તો એ કારણે છે કે એમાં જલ્દી નશો આવી જાય છે અને નબીઝ બનાવનારાને ખબર ન પડે અને પી જાય. જેવું કે ઈમામ મુહમ્મદે કિતાબુલ આષારમાં ઈબ્ને ઝિયાદથી રિવાયત કરી છે કે તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને ત્યાં ઈફતાર કર્યો. તેમણે તેમને એક પીણુ પીવડાવ્યું. એ પીણાએ એમના પર કાંઈ અસર કરી દીધી. સવારે ઈબ્ને ઝિયાદ ઈબ્ને ઉમરની પાસે ગયા અને કહ્યું, એ કેવું પીણુ હતું કે હું ઘર સુધી રસ્તો પામતો ન હતો. તો ઈબ્ને ઉમરે ફર્માવ્યું, એમાં બીજુ કાંઈ ન હતું કેવળ અજવા તથા સૂકી દ્રાક્ષ હતી. જાહેર છે કે જો બે ફળોને મિલાવીને નબીઝ બનાવવું હરામ હોત તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એવું કદી ન કરત. તેમજ એમને એવી ખબર હોત કે એમાં નશો આવી ગયો છે તો એમને કદી ન પીવડાવત. એનાથી સાબિત થઈ ગયું કે ભેગુ કરવાથી મનાઈ તન્ઝીહી તૌર પર છે અને એ ખતરાથી બચવાના માટે છે કે ક્યાંક જલ્દી નશો ન આવી જાય, નહીં તો સહીહ હદીષોથી સાબિત છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا દ્રાક્ષ તથા ખારેક મિલાવીને નબીઝ બનાવતાં અને હુઝૂરે અક્દસ ﷺ ને પીવડાવતાં.

કેટલાક પૂર્વગ્રહી કીનાપરવરોએ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ પર એ કારણે ટીકા કરી છે કે તેમણે બે ફળોને મિલાવીને એક વાસણમાં નબીઝ બનાવવાને જાઈઝ કહ્યું. તેમની આ ટીકા ટીપ્પણો આ પ્રકરણની તમામ હદીષોથી અજ્ઞાનતાના કારણે છે.

بَابُ شُرْبِ اللَّبَنِ وَقَوْلِ اللّٰهِ تَعَالٰى مِنْ بَيْنِ فَرْثٍ وَّدَمٍ لَّبَنًا خَالِصًا سَائِغًا لِّلشَّارِبِيْنَ صفحہ ٨٣٨

**પ્રકરણ : ''દૂધ પીવાનું બયાન, અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : એમનાં પેટોમાં જે કાંઈ છે એમાં અમે લીડ (છાણ) તથા લોહીની દરમ્યાનથી પીવડાવીએ છીએ તેમને શુદ્ધ દૂધ, જે પીનારાઓ માટે ખુશગવાર છે.''** *–(૮૩૮)*

**સ્પષ્ટતા :** બુખારીના અમુક મહત્વના નુસ્ખાઓમાં એ છે કે يخرج من بين فرث ودم જ્યારે કે અહીં يخرج નહીં પણ نسقيكم مما فى بطونه.

બીજી આયતમાં મધના બારામાં છે : يخرج من بطونها شراب مختلف الوانها એ ગલતી હઝરત ઈમામ બુખારીથી નથી થઈ, બાદના કોઈ નાસિખે વધારો કરી દીધો છે.

**★ દૂધ ઢાંકીને કેમ ન લાવ્યા ? ★**

حدیث ٢٥١١ سَمِعْتُ اَبَا صَالِحٍ يَذْكُرُ اُرَاهُ عَنْ جَابِرٍ رَضِيَ اللّٰهُ

*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. અબૂ હુમૈદ એક અન્સારી નક઼ીઅથી એક* **[હદીષ : ૨૫૧૧]**

تَعَالٰی عَنْهُ قَالَ جَاءَ اَبُوْ حُمَیْدٍ رَجُلٌ مِّنَ الْاَنْصَارِ مِنَ النَّقِیْعِ

વાસણમાં દૂધ લઈને નબી ﷺ ની ખિદમતમાં લાવ્યા.

بِاِنَاءٍ مِّنْ لَبَنٍ اِلَی النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

તો નબી ﷺ એ ફર્માવ્યું, એને ઢાંકી કેમ ન દીધું ?

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اَلَا خَمَّرْتَهٗ وَلَوْ اَنْ تَعْرِضَ عَلَیْهِ عُوْدًا

એક લાકડી પણ એના રાખી લેત." (મુસ્લિમ–અશ્રબા)

**હદીષ : ૨૫૧૧ની સમજૂતી**

નક઼ીઅ મદીના પાકથી ૨૦ ફરસંગની દૂરી પર વાદીએ અક઼ીક઼માં એક જગાનું નામ છે.

## بَابُ شُرْبِ اللَّبَنِ بِالْمَاءِ صـ ۸۳۹

**પ્રકરણ : "દૂધને પાણીની સાથે મિલાવીને પીવું."** –(૮૩૯)

حدیث ۲۵۱۲ عَنْ سَعِیْدِ ابْنِ الْحَارِثِ عَنْ جَابِرِ ابْنِ عَبْدِاللّٰهِ رَضِیَ اللّٰهُ

**[હદીષ : ૨૫૧૨]** "હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ

تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ دَخَلَ عَلٰی

એક અન્સારીને ત્યાં તશરીફ લાવ્યા અને હુઝૂરની સાથે હુઝૂરના એક દોસ્ત હતા.

رَجُلٍ مِّنَ الْاَنْصَارِ وَمَعَهٗ صَاحِبٌ لَّهٗ فَقَالَ لَهُ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

નબી ﷺ એ એ અન્સારીને ફર્માવ્યું, જો તારી પાસે એવું પાણી હોય જે

عَلَیْهِ وَسَلَّمَ اِنْ كَانَ عِنْدَكَ مَاءٌ بَاتَ هٰذِهِ اللَّیْلَةَ فِیْ شَنَّةٍ وَاِلَّا

આ રાતમાં મશકમાં રહ્યું હોય તો લાવ, નહીં તો અમે ખોબા વડે પી લઈશું.

كَرَعْنَا قَالَ وَالرَّجُلُ یُحَوِّلُ الْمَاءَ فِیْ حَائِطِهٖ قَالَ فَقَالَ الرَّجُلُ یَارَسُوْلَ اللّٰهِ

અને તે અન્સારી પોતાના બાગમાં પાણી ચલાવી રહ્યા હતા. તે સાહબે અર્ઝ કરી, યા

عِنْدِیْ مَاءٌ بَائِتٌ فَانْطَلِقْ اِلَی الْعَرِیْشِ قَالَ فَانْطَلَقَ بِهِمَا فَسَكَبَ فِیْ

રસૂલલ્લાહ ! ﷺ મારી પાસે વાસી પાણી છે. છાપરામાં તશરીફ લઈ ચાલો. તે બંનેવ હઝરાતને અન્સારી

قَدَحٍ ثُمَّ حَلَبَ عَلَيْهِ مِنْ دَاجِنٍ لَهُ قَالَ فَشَرِبَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ

*લઈ ગયા. એક પ્યાલામાં પાણી ઠલવ્યું પછી તેના પર પોતાની બકરીનું દૂધ દોહયું અને રસૂલુલ્લાહ ﷺ એ*

عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ شَرِبَ الرَّجُلُ الَّذِيْ جَاءَ مَعَهُ

*પીધું પછી તે સાહબે પીધું જે હુઝૂરની સાથે આવ્યા હતા. (અબૂ દાઊદ, ઈબ્ને માજહ–અશ્રબા, બુખારી ૨/૮૪૦)*

**હદીષ : ૨૫૧૨ની સમજૂતી** જે અન્સારીને ત્યાં હુઝૂર તશરીફ લઈ ગયા હતા તેમનું નામ અબુલ હેષમ બિન તીહાન હતું અને સાથમાં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ હતા. "કરિઅ"નો અર્થ હોજ અથવા નાળીમાં મોઢાથી પાણી પીવું. અમુક હદીષોમાં એનાથી મનાઈ આવી છે. ઈબ્ને માજહમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે અમે એક ખાડા પાસે થઈને પસાર થયા અને અમે એમાં મોં નાખીને પીવા લાગ્યા તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મોં નાખીને પાણી ન પીઓ, પોતાના હાથોને ધોઈ લો પછી પીઓ. આ હદીષની સનદમાં ઝોઅફ છે. બંનેમાં સામ્યતા એ છે કે મનાઈ તન્ઝીહીના માટે છે અને હુઝૂરનો ફેઅલ જાઈઝ હોવાના બયાનના માટે છે.

## بَابُ شَرَابِ الْحَلْوَاءِ وَالْعَسَلِ

**પ્રકરણ : "હલ્વો તથા મધને પીવું."** –*(૮૪૦)*

**સ્પષ્ટતા** : આજકાલ જે હલ્વો બનાવવામાં આવે છે એનો એ જમાનામાં અરબમાં રિવાજ ન હતો. તેમજ હલવો પીવામાં નથી આવતો બલ્કે ખાવામાં આવે છે. એટલા માટે પ્રકરણમાં હલ્વાથી મુરાદ કોઈ પણ મીઠુ પીણુ છે, ચાહે તે ખજૂર વગેરેની નબીઝ હોય કે કાંઈ બીજુ. શર્ત એ કે એમાં જોશ ન આવ્યો હોય. ઈબ્ને તીને દાઊદીથી નક્લ કર્યું કે હલ્વાથી મુરાદ તે પાણી છે જેમાં ખજૂર નાખીને મીઠુ બનાવી લેવામાં આવ્યું હોય.

ت ۷۳۵ وَقَالَ الزُّهْرِيُّ لَا يَحِلُّ شُرْبُ بَوْلِ النَّاسِ لِشِدَّةٍ تَنْزِلُ لِأَنَّهُ

*"અને ઝુહરીએ કહ્યું, માણસોનો પેશાબ પીવો હલાલ નથી કોઈ પણ જરૂરતના સમયે,* **[તઅલીક઼ : ૭૩૫]**

رِجْسٌ قَالَ اللهُ تَعَالٰى أُحِلَّ لَكُمُ الطَّيِّبَاتُ

*એટલા માટે કે તે નાપાક છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, તમારા માટે પાક ચીજો હલાલ કરવામાં આવી છે."*

**તઅલીક઼ : ૭૩૫ની સમજૂતી** આ તઅલીક઼ને અહીં વર્ણવવામાં એ શંકા ઉપસ્થિત કરવામાં આવી છે કે પ્રકરણ તો રચ્યું છે હલ્વો તથા મધ પીવાનું અને તઅલીક઼નો મતલબ એ છે કે માણસનો પેશાબ પીવો જાઈઝ નથી. જાહેરી રીતે જોતાં આ શંકા ખૂબ જ મજબૂત છે પરંતુ પ્રકરણનો સંબંધ أُحِلَّ لَكُمُ الطَّيِّبَاتُ થી છે. જ્યારે પાક ચીજો હલાલ કરવામાં આવી છે તે હલ્વો અને મધ પણ પાક છે તો એ પણ હલાલ છે.

આ તઅલીક઼માં એ છે કે કોઈપણ તકલીફના વખતે માણસનો પેશાબ પીવો જાઈઝ નથી એ પોતાના સામાન્યતપણાના હિસાબે તકલીફ થવાના તથા જબરદસ્તી મજબૂર કરવાના સંજોગોને પણ સામેલ કરે છે,

જ્યારે કે બળજબરી તથા તકલીફની સ્થિતિ કુર્આનની નસથી અપવાદ છે.

أقول وهو المستعان તો અનાયાસે તકલીફના સમયે એને ખાસ કરવું પડશે. દાત. બીમારી વગેરેમાં હરામથી ઈલાજ જાઈઝ છે કે નહીં, એની ચર્ચા વર્ણન થઈ ચૂકી.

ت ۷۳٦ وَقَالَ ابْنُ مَسْعُوْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فِي السَّكَرِ إِنَّ اللّٰهَ لَمْ

*"અને ઈબ્ને મસ્ઊદ رضي الله عنه એ "સક્ર"ના બારામાં ફર્માવ્યું, અલ્લાહે તમારી શિફા* **[તઅલીક઼ : ૭૩૬]**

يَجْعَلْ شِفَاءَكُمْ فِيْمَا حَرَّمَ عَلَيْكُمْ

*હરામમાં નથી પેદા કરી."*

**તઅલીક઼ : ૭૩૬ની સમજૂતી**

**★ અલ્લાહે હરામમાં શિફા નથી રાખી ★**

આ અષરને ઈમામ ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી છે. અબૂ વાઈલે કહ્યું કે અમારામાંથી એક શખ્સ બીમાર થયો જેનું નામ ખૈષમ ઈબ્ને અબી અદા હતું. તેમના પેટમાં એક બીમારી થઈ ગઈ હતી જેને સિફર કહેવામાં આવતું હતું. કોઈએ સક્ર પીવા કહ્યું. તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદને પૂછાવ્યું તો તેમણે એ જવાબ આપ્યો કે અલ્લાહે હરામમાં શિફા નથી રાખી.

"સક્ર"થી મુરાદ શું છે એમાં મતભેદ છે. કેટલાક લોકોએ કહ્યું એનાથી મુરાદ શરાબ છે, અને કેટલાકે કહ્યું કે એનાથી મુરાદ ખારેકની નબીઝ છે જ્યારે જોશ મારી જાય અને એમાં નશો આવી જાય.

કુર્આને કરીમમાં ફર્માવવામાં આવ્યું છે : وَمِنْ ثَمَرَاتِ النَّخِيْلِ وَالْاَعْنَابِ تَتَّخِذُوْنَ مِنْهُ "અને અમે બનાવીએ છીએ ખજૂર અને દ્રાક્ષના ફળોમાંથી કે તમે એમાંથી નબીઝ બનાવો છો અને સારું રિઝ્ક઼." (સૂરએ નહલ, આ. ૬૭) આ આયતમાં કેટલાક લોકોએ કહ્યું કે "સક્ર"થી મુરાદ શરાબ છે અને આ આયત શરાબના હરામ થવાથી પહેલાં નાઝિલ થઈ. પણ સહીહ એ છે કે એનાથી મુરાદ એવી નબીઝ છે જેમાં નશો ન હોય, અને સારા રિઝક઼થી મુરાદ સિરકો તથા રુબ (પકાવીને ગાઢ કરેલુ શરબત જે જમાવી લેવામાં આવે) વગેરે છે.

આ અષરને પ્રકરણ સાથે મળતાપણુ એ છે કે સક્ર પણ એક મીઠુ પીણુ છે પણ જ્યારે એના પર નશો આવી જાય તો હરામ છે. હઝરત ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે પ્રકરણમાં હલ્વાથી મુરાદ એવુ મીઠુ પીણુ છે જેમાં નશો ન હોય.

**પ્રકરણ : "ઉભા રહીને પીવાનો હુકમ."** *–(૮૪૦)* بَابُ الشُّرْبِ قَائِمًا صـ۸٤۰

حديث ۲۵۱۳ سَمِعْتُ النَّزَّالَ بْنَ سَبْرَةَ يُحَدِّثُ عَنْ عَلِيِّ بْنِ أَبِي طَالِبٍ رَضِيَ اللّٰهُ

*"નઝાલ બિન સબરહ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضي الله عنه થી રિવાયત કરે છે કે* **[હદીષ : ૨૫૧૩]**

تَعَالٰى عَنْهُ أَنَّهُ صَلَّى الظُّهْرَ ثُمَّ قَعَدَ فِي حَوَائِجِ النَّاسِ فِي رَحَبَةِ الْكُوْفَةِ حَتّٰى

*હઝરત અલીએ ઝોહરની નમાઝ પઢી પછી કૂફાની જામેઅ મસ્જિદના સહનમાં લોકોની જરૂરતોના માટે*

حَضَرَتْ صَلٰوةُ الْعَصْرِ ثُمَّ اُتِیَ بِمَاءٍ فَشَرِبَ وَغَسَلَ وَجْهَهٗ وَيَدَيْهِ وَذَكَرَ

*બેઠા, ત્યાં સુધી કે અસરનો સમય આવી ગયો. પછી પાણી લાવવામાં આવ્યું તેને પીધું અને પોતાના ચહેરા*

رَاْسَهٗ وَرِجْلَيْهِ ثُمَّ قَامَ فَشَرِبَ فَضْلَهٗ وَهُوَ قَائِمٌ ثُمَّ قَالَ اِنَّ نَاسًا

*તથા હાથોને ધોયા. અને આદમે માથુ તથા પગોનો પણ ઉલ્લેખ કર્યો. પછી ઉભા થયા અને બચેલુ પાણી*

يَكْرَهُوْنَ الشُّرْبَ قَائِمًا وَاَنَّ النَّبِیَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ صَنَعَ مِثْلَ مَا صَنَعْتُ

*ઉભા ઉભા પીધું. પછી ફર્માવ્યું, કેટલાક લોકો ઉભા રહીને પીવાને નાપસંદ કરે છે અને બેશક !*

*નબી ﷺએ એ જ પ્રમાણે કર્યું હતું જેવું મેં કર્યું." (અબૂ દાઊદ–અશ્રબા, નિસાઈ–તહારત)*

**હદીષ : ૨૫૧૩ની સમજૂતી** હવાઈજ એ હાજતનું બહુવચન છે, ક્યાસ વિના (કાયદા વિરૂધ્ધ). ક્યાસના પ્રમાણે (કાયદેસર રીતે) એનું બહુવચન હાજાત અને હાજ આવવું જોઈએ. અસ્મઈએ કહ્યું કે મૌલદ છે એટલે નવસર્જિત છે. ذَكَرَ رَأْسَهٗ એટલે આ હદીષના રાવી આદમને કાંઈક શંકા હતી કે માથુ તથા પગોને ધોયા હતા કે નહીં ! અહીં રિવાયતો ખૂબ જ મુઝતરિબ (અસમંજસવાળી) આવી છે. નિસાઈમાં "બહઝ"ના તરીકાથી એ છે કે એનાથી એક ખોબો લીધો અને પોતાના ચહેરા તથા હાથો અને માથા અને પગોનો મસહ કર્યો. અબૂ દાઊદ તયાલ્સીની રિવાયતમાં છે કે પોતાના ચહેરા તથા હાથને ધોયા અને પોતાના માથા તથા પગો પર મસહ કર્યો. અને અઅમશના તરીકા થકીમાં છે કે પોતાના હાથોને ધોયા અને કુલ્લી કરી અને નાકમાં પાણી નાખ્યું, અને પોતાના ચહેરા તથા હાથો તથા માથા પર મસહ કર્યો. અને ઈસ્માઈલીની રિવાયતમાં છે કે પોતાના ચહેરા તથા માથુ તથા પગો પર મસહ કર્યો.

હકીકતમાં આ વુઝૂ ન હતું બલ્કે તબરીદ તથા તન્ઝીફ (ઠંડક તથા સફાઈ)ના માટે હતું. જેવું કે નિસાઈની રિવાયતમાં છે કે હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, આ તેનું વુઝૂ છે જેને હદષ ન થયું (વુઝૂ ન તૂટયુ) હોય. સહીહ એ છે કે ઉભા રહીને પીવું મના છે. જેમ કે તિર્મિઝીમાં હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે નબી કરીમ ﷺએ ઉભા રહીને પીવાથી મના ફર્માવ્યું. પૂછવામાં આવ્યું, ખાવા ? ફર્માવ્યું, એ અધિક સખત છે. (બુખારી, ૨/૧૦) કેવળ ઝમઝમ અને વુઝૂનું વધેલુ પાણી અપવાદ છે, એ બંનેવ પાણીઓને ઉભા રહીને પીવું અફઝલ છે. અને અમુક હદીષોમાં વર્ણન થયેલ છે એ જાઈઝ હોવાના બયાન માટે છે.

## بَابُ اِخْتِنَاثِ الْاَسْقِيَةِ ص۸۴۱

**પ્રકરણ : "મશકનું મુખ ફાડીને વાળીને એના મુખેથી પાણી પીવું."** –(૮૪૧)

حدیث ۲۵۱۴ عَنْ اَبِیْ سَعِيْدِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ نَهٰى رَسُوْلُ اللّٰهِ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ મશકનું મુખ ફાડીને* **[હદીષ : ૨૫૧૪]**

**હદીષ : ૨૫૧૪ની સમજૂતી** મતલબ એ છે કે એનો ખતરો રહે છે કે ભીનાશ કે ઠંડક ના કારણે

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنْ اِخْتِنَاثِ الْاَسْقِیَۃِ یَعْنِیْ اَنْ تُکْسَرَ اَفْوَاھُھَا فَیُشْرَبَ مِنْھَا

*વાળીને તેના મુખેથી પાણી પીવાથી મના ફર્માવ્યું." (મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી–અશ્શ્બા)*

મશકના મુખમાં સાપ કે કોઈ કીડો વગેરે હોય એટલા માટે પાણી પીતા પહેલાં સારી રીતે જોઈ લેવું જોઈએ. ઈબ્ને માજહ તથા હાકિમ તથા મુસ્તદરકમાં સલમા બિન વહરામથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ મશકોનું મુખ ફાડીને વાળીને પાણી પીવાથી મના ફર્માવ્યું. એક સાહબ મનાઈ પછી રાતમાં મશકથી પાણી પીવાના માટે ઉભા થયા અને મશકનુ મુખ ફાડીને વાળ્યું તો એમાંથી સાપ નીકળ્યો. اِخْتِنَاث ની તફસીર ઉપર વર્ણવ્યા મુજબ છે અને ઈમામ ઝુહ્રીનો કૌલ છે, એની દલીલ એ છે કે ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં ઈબ્ને અબી ઝઅબથી શબ્દ યઅનીના હઝફની સાથે રિવાયત કરી છે. તેમજ એના પછી જે રિવાયત છે તે પણ કેવળ اِخْتِنَاثِ الْاَسْقِیَۃِ સુધી છે અને એના પછી ઈમામ બુખારીએ મઅમર વગેરેનો કૌલ નકલ કર્યો છે કે એનો અર્થ મશકના મુખને ફાડીને એનાથી પાણી પીવું છે.

## بَابُ الشُّرْبِ مِنْ فَمِ السِّقَاءِ ص ۸۴۱

**પ્રકરણ : "મશકના મુખથી પીવું."** –(૮૪૧)

حدیث ۲۵۱۵

قَالَ لَنَا عِکْرِمَۃُ اَلَا اُخْبِرُکُمْ بِاَشْیَاءَ قِصَارٍ حَدَّثَنَا بِھَا اَبُوْ ھُرَیْرَۃَ

**[હદીષ : ૨૫૧૫]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ હદીષ બયાન કરી કે રસૂલુલ્લાહ ﷺએ મશકના*

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ نَھٰی رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنِ الشُّرْبِ مِنْ

*મુખ વડે પીવાથી મના ફર્માવ્યું. અને એનાથી મના ફર્માવ્યું કે પોતાના પડોશીને પોતાની દીવાલમાં*

فَمِ الْقِرْبَۃِ اَوِ السِّقَاءِ وَاَنْ یَّمْنَعَ جَارَہٗ اَنْ یَّغْرِزَ خَشَبَۃً فِیْ جِدَارِہٖ

*લાકડી ખોસવાથી મના કરે." (ઈબ્ને માજહ–અશ્શ્બ)*

**હદીષ : ૨૫૧૫ની સમજૂતી** "કિર્બહ" કેવળ તે મશકને કહે છે જે પાણીના માટે વપરાય અને "સિકાઅ" દરેક તે મશકને કહે છે જેમાં પાણી રાખવામાં આવતુ હોય અથવા દૂધ. આ બંનેવ મનાઈ તન્ઝીહી છે.

حدیث ۲۵۱۶

عَنْ عِکْرِمَۃَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ نَھٰی

**[હદીષ : ૨૫૧૬]** *"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺએ મશકના મુખથી*

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنِ الشُّرْبِ مِنْ فِی السِّقَاءِ

*પીવાથી મના ફર્માવ્યું."*

## بَابُ الشُّرْبِ بِنَفَسَيْنِ اَوْثَلٰثَةٍ ص٨٤١

**પ્રકરણ : "બે કે ત્રણ શ્વાસમાં પીવું."** –(૮૪૧)

حدیث ٢٥١٧ اَخْبَرَنِیْ ثُمَامَةُ بْنُ عَبْدِ اللّٰهِ قَالَ كَانَ اَنَسٌ يَتَنَفَّسُ فِی الْاِنَاءِ مَرَّتَيْنِ

**[હદીષ : ૨૫૧૭]** *"અનસ رضی اللہ عنہ બે કે ત્રણ શ્વાસમાં પાણી પીતા હતા અને ગુમાન કર્યું કે નબી صلی اللہ علیہ وسلم*

اَوْثَلٰثًا وَزَعَمَ اَنَّ النَّبِیَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَتَنَفَّسُ ثَلٰثًا

*ત્રણ શ્વાસમાં પાણી પીતા હતા."* (મુસ્લિમ, તિર્મિઝી–અશ્રબા, નિસાઈ–વલીમા, ઈબ્ને માજહ–અશ્રબા)

**હદીષ : ૨૫૧૭ની સમજૂતી** મુરાદ એ છે કે વાસણથી મોં હટાવીને ત્રણ શ્વાસમાં પાણી પીવામાં આવે. એ મુરાદ નથી કે વાસણમાં જ મોં લગાડેલું રાખીને શ્વાસ લેવામાં આવે. એટલા માટે કે કિતાબુત્તહરાતમાં હદીષ વર્ણન થઈ જેને ઈમામ બુખારીએ એના પહેલાં અહીં પણ વર્ણવેલ છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે પીઓ તો વાસણમાં શ્વાસ ન લો.

**પ્રકરણ : "ચાંદીના વાસણોનું વર્ણન."** –(૮૪૧) بَابُ اٰنِيَةِ الْفِضَّةِ ص٨٤١

حدیث ٢٥١٨ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ بْنِ اَبِیْ بَكْرِ الصِّدِّيْقِ رَضِیَ اللّٰهُ

**[હદીષ : ૨૫૧૮]** *"નબી صلی اللہ علیہ وسلمનાં ઝવજહ ઉમ્મુલ મો'મિનીન*

تَعَالٰى عَنْهُمَا عَنْ اُمِّ سَلَمَةَ زَوْجِ النَّبِیِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّ

*હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,*

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ الَّذِیْ يَشْرَبُ فِیْ اِنَاءِ الْفِضَّةِ

*જે ચાંદીના વાસણોમાં પીએ છે તે પોતાના ......*

اِنَّمَا يُجَرْجِرُ فِیْ بَطْنِهٖ نَارَ جَهَنَّمَ

*જહન્નમથી આગ ખોસે છે."*

**પ્રકરણ : "નબી صلی اللہ علیہ وسلمના પ્યાલા અને હુઝૂરના વાસણો વડે પીવું સહાબાનો તરીકો"** –(૮૪૨) بَابُ الشُّرْبِ مِنْ قَدَحِ النَّبِیِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاٰنِيَتِهٖ ص٨٤٢

ت ٧٣٧ وَقَالَ اَبُوْبُرْدَةَ قَالَ لِیْ عَبْدُ اللّٰهِ بْنُ سَلَامٍ اَلَا اَسْقِيْكَ فِیْ

**[તઅલીક઼ : ૭૩૭]** *"અબૂ બુર્દાએ કહ્યું કે મને અબ્દુલ્લાહ ઈબ્ને સલામે કહ્યું, શું હું તમને એ*

قَدَحِ شُرْبِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِیْہِ

*પ્યાલામાં ન પીવડાવું જેમાં નબી ﷺએ પીધું છે."*

**તઅલીક઼ : ૭૩૭ની સમજૂતી**

ઈમામ બુખારીએ પ્રકરણ રચ્યું છે કે નબી ﷺના પ્યાલાથી પીવું. અને હદીષમાં એની સ્પષ્ટતા ન કરી કે એ પ્યાલો નબી ﷺનો હતો. શક્ય છે એ પ્યાલા અબ્દુલ્લાહ ઈબ્ને સલામનો જ રહ્યો હોય જેમાં નબી ﷺએ પાણી પીધુ હોય. એની પણ સંભાવના છે કે હઝરત ઈમામ બુખારીને કોઈ ઝરીઆથી માલૂમ રહ્યું હોય કે એ પ્યાલો નબી ﷺની માલિકીનો હતો જે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہની પાસે હતો.

حدیث ۲۵۱۹ عَنْ سَہْلِ بْنِ سَعْدٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ ذُکِرَ لِلنَّبِیِّ

*"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺને અરબની* **[હદીષ : ૨૫૧૯]**

صَلَّی اللّٰہُ تَعَالٰی علیہ وَسَلَّمَ اِمْرَأَۃٌ مِّنَ الْعَرَبِ (الٰی ان قال) فَاَقْبَلَ

*એક સ્ત્રીનો ઉલ્લેખ કરવામાં આવ્યો.*

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَوْمَئِذٍ حَتّٰی جَلَسَ فِیْ سَقِیْفَۃِ بَنِیْ

*પછી નબી ﷺ તે દિવસે આવ્યા અને સક઼ીફ઼ાએ બની સાઅદામાં બેઠા. હુઝૂર પણ અને હુઝૂરના સહાબા પણ.*

سَاعِدَۃَ ھُوَ وَ اَصْحَابُہٗ ثُمَّ قَالَ اَسْقِنَا یَا سَہْلُ فَاَخْرَجْتُ لَہُمْ ھٰذَا الْقَدَحَ

*પછી ફ઼ર્માવ્યું, હે સહલ ! પીવડાવો ! તો મેં તેમના માટે આ પ્યાલો કાઢયો અને મેં તેમને આમાં પીવડાવ્યું.*

فَاَسْقَیْتُہُمْ فِیْہِ فَاَخْرَجَ لَنَا سَہْلٌ ذٰلِکَ الْقَدَحَ فَشَرِبْنَا مِنْہُ قَالَ ثُمَّ

*પછી સહલે અમારા માટે તે પ્યાલો કાઢયો અને અમે તેનાથી પીધું. પછી ઉમર બિન અબ્દુલ અઝીઝે એ*

اسْتَوْھَبَہٗ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِیْزِ بَعْدَ ذٰلِکَ فَوَھَبَہٗ لَہٗ

*પ્યાલો તેમની પાસેથી માગી લીધો તો હઝરત સહલે તેમને આપી દીધો."*

**હદીષ : ૨૫૧૯ની સમજૂતી**

આ હદીષનો પ્રારંભિક હિસ્સો કિતાબુત્તલાક઼, પેજ–૭૯ (ગુજરાતી પેજ : ૯૭) પર વર્ણન થઈ ચૂક્યો છે જેમાં જુવૈનિયહનો કિ઼સ્સો વર્ણન થયેલો છે. અંતમાં જે છે કે સહલે અમારા માટે તે પ્યાલો કાઢયો. એ રાવી અબૂ હ઼ાઝિમનો ક઼ૌલ છે તે કહે છે કે હઝરત સહલ رضی اللہ عنہએ એ પ્યાલામાં અમને પણ પાણી પીવડાવ્યું.

**★ હઝરત અનસ પાસે નબી ﷺનો પ્યાલો (તબુર્રક) ★**

حدیث ۲۵۲۰ عَنْ عَاصِمٍ الْاَحْوَلِ قَالَ رَاَیْتُ قَدَحَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی

''આસિમ અહવલે કહ્યું, મેં નબી ﷺનો પ્યાલો અનસ બિન માલિક رضی اللہ عنہ ની પાસે **[હદીષ : ૨૫૨૦]**

عَلَیْہِ وَسَلَّمَ عِنْدَ اَنَسِ بْنِ مَالِکٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ وَکَانَ قَدْ انْصَدَعَ

જોયો છે. તે તૂટી ગયો હતો તો ચાંદીના તાર વડે તેમણે બાંધ્યો હતો.

فَسَلْسَلَہٗ بِفِضَّۃٍ قَالَ وَھُوَ قَدَحٌ جَیِّدٌ عَرِیْضٌ مِنْ نُضَارٍ قَالَ قَالَ

આસિમે કહ્યું કે તે પ્યાલો ખૂબ જ ઉમદા, પહોળો અને બેહતરીન લાકડીનો હતો.

اَنَسٌ لَقَدْ سَقَیْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِیْ ھٰذَا الْقَدَحِ

આસિમે કહ્યું કે અનસે ફર્માવ્યું કે મેં એ પ્યાલામાં રસૂલુલ્લાહ ﷺને અગણિત વાર પીવડાવ્યું છે.

اَکْثَرَ مِنْ کَذَا وَکَذَا قَالَ وَقَالَ ابْنُ سِیْرِیْنَ اِنَّہٗ کَانَ فِیْہِ حَلْقَۃٌ

આસિમે કહ્યું કે ઈબ્ને સીરીએ કહ્યું, એની આસપાસ લોખંડનું એક વર્તુળ હતું. હઝરત અનસે ચાહ્યું કે

مِنْ حَدِیْدٍ فَاَرَادَ اَنَسٌ اَنْ یَّجْعَلَ مَکَانَھَا حَلْقَۃً مِنْ ذَھَبٍ اَوْ فِضَّۃٍ

એની આસપાસ સોના અથવા ચાંદીનું વર્તુળ લગાડી લે. તો હઝરત

فَقَالَ لَہٗ اَبُوْ طَلْحَۃَ لَا تُغَیِّرَنَّ شَیْئًا صَنَعَہٗ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی

અબૂ તલ્હાએ તેમને ફર્માવ્યું, જે ચીજને રસૂલુલ્લાહ ﷺએ બનાવેલ છે તેને કદાપિ ન બદલો.

عَلَیْہِ وَسَلَّمَ فَتَرَکَہٗ

જેથી હઝરત અનસે બદલવાનો ઈરાદો ત્યજી દીધો.''

بسم الله الرحمن الرحيم

# كتاب المرضى ص ٨٤٣

## (કિતાબુલ્ મરદ઼ા ) "બીમારી વિશે પ્રકરણ'' –(૮૪૩)

بَابُ مَاجَاءَ فِي كَفَّارَةِ الْمَرَضِ وَقَوْلِ اللهِ تَعَالَى مَنْ يَعْمَلْ سُوْءً يُجْزَ بِهٖ. ص ٨٤٣

એ વાતોનું બયાન કે બીમારી કફ્ફારો છે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : જે બુરાઈ કરશે તેને સજા આપવામાં આવશે. –(૮૪૩)

**સ્પષ્ટતા :** કફ્ફારાનો માદ્દો કફર છે જેનો શાબ્દિક અર્થ છુપાવવું છે. કફ્ફારો સિફતનો સેગો મુબાલિગાના માટે છે અને આ ઈઝાફત બયાનિયહ છે જેમ કે شجرُ الاراك અથવા ઈઝાફત બમઅનાએફીહ છે એટલે તે કફ્ફારો જે બીમારીમાં છે. અથવા સિફતની ઈઝાફત મૌસૂફની તરફ છે એટલે તે બીમારી જે કફ્ફારો છે.

આયતે કરીમા પોતાના સામાન્યપણાના લેહાઝથી જે રીતે આખેરતની સજા પર આધારિત છે એવી જ રીતે દુનિયવી બલાઓ તથા મુસીબતોને પણ સમાવે છે. અલ્લાહ ﷻ મુસલમાનો પર પોતાના ફઝ્લના કારણે ગુનાહોના કફ્ફારાના માટે બીમારી કે અન્ય કોઈ મુસીબત નાઝિલ કરી આપે છે. જેમ કે આવનારી હદીષમાં એની તરફ ઈશારો છે.

### ★ તકલીફ મુસલમાન માટે કફ્ફારો છે ★

حديث ٢٥٢١ اَخْبَرَنِيْ عُرْوَةُ بْنُ الزُّبَيْرِ اَنَّ عَائِشَةَ زَوْجَ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى

*''નબી ﷺ ના બીવી ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે* **[હદીષ : ૨૫૨૧]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَتْ قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا مِنْ مُصِيْبَةٍ

*રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મુસલમાનને જે પણ મુસીબત પહોંચે છે તેના ઝરીઆ અલ્લાહ તઆલા*

تُصِيْبُ الْمُسْلِمَ اِلَّا كَفَّرَ اللهُ بِهَا عَنْهُ حَتّٰى الشَّوْكَةِ يُشَاكُهَا

*તેના ગુનાહોનો કફ્ફારો કરી આપે છે, ત્યાં સુધી કે કાંટો જે એને વાગે.'' (મુસ્લિમ, તિર્મિઝી)*

**હદીષ : ૨૫૨૧ની સમજૂતી** તિર્મિઝીના શબ્દો આ છે : મુસલમાનને કાંટો અથવા એના સિવાય કાંઈ પણ ખૂંપે તો અલ્લાહ તઆલા એના થકી તેનો દરજ્જો બુલંદ કરે છે અને ગુનાહ મિટાવે છે. ઈસાબાનો મસ્દર મુસીબહ છે જેનો અર્થ તીરથી મારવું છે, વળી ઉર્ફમાં દરેક તકલીફના માટે વાપરવામાં આવે છે. ઈમામ રાગિબે

કહ્યું કે "ઈસાબા" ભલા તથા બુરા બંનેમાં વપરાય છે.

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : اِن تصبك حسنة تسوء هم وان تصبك مصيبة

અલ્લામા કિરમાનીએ ફર્માવ્યું, શબ્દકોશમાં મુસીબત દરેક તે ચીજને કહે છે જે ઈન્સાનો પર નાઝિલ થાય, સારુ હોય કે બુરુ. અને આમ બોલીમાં નાપસંદ વાતના ઉતરવાને કહે છે.

حدیث ۲۵۲۲ عَنْ اَبِیْ سَعِیْدِ الْخُدْرِیِّ وَعَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا عَنِ

*"હઝરત અબૂ સઈદ ખુદરી તથા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہما થી રિવાયત છે કે* **[હદીષ : ૨૫૨૨]**

النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ مَا یُصِیْبُ الْمُسْلِمَ مِنْ نَصَبٍ وَّلَا وَصَبٍ وَلَا هَمٍّ

*નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મુસલમાનને જે પણ દુ:ખ તથા બીમારી કે તકલીફ અથવા પરેશાની તથા રંજ તથા પીડા*

وَلَا حُزْنٍ وَلَا اَذًی وَلَا غَمٍّ حَتّٰی الشَّوْكَةِ یُشَاكُهَا اِلَّا كَفَّرَ اللّٰهُ بِهَا مِنْ خَطَایَاهُ

*પહોંચે છે, ત્યાં સુધી કે કાંટો જે તેને વાગે છે, અલ્લાહ તઆલા તેને તેના ગુનાહોનો કફ્ફારો કરી આપે છે."*

*(મુસ્લિમ– અદબ, તિર્મિઝી–જનાઈઝ)*

## હદીષ : ૨૫૨૨ની સમજૂતી

نَصَبનો અર્થ થાક છે. وَصَبٌનો અર્થ બીમારી. هَمّ આવનારા ખતરાથી જે તકલીફ થાય. حَزَن ભૂતકાળ માં કોઈ તકલીફના પહોંચવાથી જે તકલીફ થાય. اَذًی ગૈરના જુલ્મથી તેને જે તકલીફ પહોંચે. غم એવી વાત જેનાથી દિલ તંગ થઈ જાય. એક કૌલ એ છે કે هم તેને કહે છે જે ભાવિના ખતરાથી પેદા થાય. અને غَم તે તકલીફ છે જે કોઈ ચીજના હાંસલ થવાથી દિલને પહોંચે. અને حَزَن કોઈ પસંદીદા ચીજના વેડફાઈ જવાથી પેદા થાય. કેટલાક લોકોએ કહ્યું કે هم તથા حَزَنનો એક જ અર્થ છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, هم સર્વ તકલીફોને કહે છે.

## ★ મો'મિન તથા મુનાફિક઼નું દષ્ટાંત ★

حدیث ۲۵۲۳ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ كَعْبٍ عَنْ اَبِیْهِ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

*"હઝરત કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે કે મો'મિનનું દષ્ટાંત ખેતીના છોડની* **[હદીષ : ૨૫૨૩]**

وَسَلَّمَ قَالَ مَثَلُ الْمُؤْمِنِ كَالْخَامَةِ مِنَ الزَّرْعِ تُفَیِّئُهَا الرِّیْحُ مَرَّةً وَ

*જેમ છે. હવા તેને કદી ઝુકાવી દે છે તો કદી સીધો કરી દે છે.*

تَعْدِلُهَا مَرَّةً وَمَثَلُ الْمُنَافِقِ كَالْاَرْزَةِ لَاتَزَالُ حَتّٰی یَكُوْنَ انْجِعَافُهَا

*અને મુનાફિક઼નું દષ્ટાંત સનોબરની જેમ છે જે સીધુ ઉભુ રહે છે,*

مَرَّةً وَاحِدَةً وَقَالَ ذَكَرِيَّا حَدَّثَنِي سَعْدٌ قَالَ حَدَّثَنَا ابْنُ كَعْبٍ عَنْ

*ત્યાં સુધી કે હવા તેને એક જ વાર*

أَبِيهِ كَعْبٍ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

*ઉખેડીને ફેંકી દે છે." (મુસ્લિમ–તૌબા, નિસાઈ–તિબ્બ)*

**હદીષ : ૨૫૨૩ની સમજૂતી**

خامہ કુમળી તાજી ઘાસને કહે છે જે શરૂ શરૂમાં જમીનથી ઉગે છે. تَفِيَأ એનો માદ્દો ફા–યા–હમ્ઝા છે. فَائَيَفِيَأُ દ્દરબયદ્દરબથી આવે છે. એનો અર્થ પલટવું અથવા પલટાવવું છે. અહીં મુરાદ ઝુકાવવું છે. એક ગામડાવાસીએ એક બાળકને પૂછયું, તારો બાપ ક્યાં ગયો અને ક્યારે આવશે ? તો તેણે કહ્યું, فَاءَ اَبِی اِلَی الفَیْ فَاِذَا ایفیُّ الفَیْءُ یَفِیْءُ فَیْنًا મારો બાપ જંગલમાં ગયો છે જ્યારે સાયો ઢળશે તો પરત થઈને આવશે.

الأَرزة હમ્ઝાને ફતહ, "રા"ને સુકૂન, "ઝા"ને ફતહ. સનોબરના ઝાડને કહે છે. મુરાદ એ છે કે મો'મિન કદી ખુશહાલ રહે છે અને કદી આજમાઈશમાં સપડાય છે. અને મુનાફિક્ સામાન્યતઃ ખુશહાલ હોય છે. જમાનાના ચક્રની તેના પર અસર નથી પડતી. એમાં મુનાફિક્ છે, અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની હદીષમાં જે એના પછી આવી રહી છે તેમાં ફાજિર છે, અને મુસ્લિમની રિવાયતમાં કાફિર છે.

**★ મો'મિન છોડની જેમ છે ★**

٢٥٢٤ حديث — عَنْ عَطَاءِ بْنِ يَسَارٍ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ قَالَ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૫૨૪]**

رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَثَلُ الْمُؤْمِنِ كَمَثَلِ الْخَامَةِ مِنَ الزَّرْعِ مِنْ

*મો'મિનનું દષ્ટાંત ખેતીના છોડની જેમ છે કે તેને હવા આવે છે તો ઝુકાવી દે છે અને જ્યારે*

حَيْثُ أَتَتْهَا الرِّيحُ كَفَأَتْهَا فَإِذَا اعْتَدَلَتْ تَكَفَّأُ بِالْبَلَاءِ وَالْفَاجِرُ كَالْأَرْزَةِ

*સીધો થઈ જાય છે તો બલા વાંકો કરી દે છે. અને ફાજિર સનોબરના જેમ છે એકદમ સીધો,*

صَمَّاءَ مُعْتَدِلَةً حَتَّى يَقْصِمَهَا اللهُ إِذَا شَاءَ

*ત્યાં સુધી કે અલ્લાહ જ્યારે ચાહે છે તેને તોડી નાખે છે." (અત્તૌહીદ–બાબુન ફિલ્મશિય્યતિ વલ ઈરાદતિ, પેજ : ૧૧૧૨)*

**હદીષ : ૨૫૨૪ની સમજૂતી** કિતાબુત્તૌહીદમાં છે : મો'મિનનું દષ્ટાંત ખેતીના છોડની જેમ છે તેનું પાંદડુ નીકળે છે. જ્યારે હવા આવે છે તો ઝુકાવી દે છે અને જ્યારે હવા રોકાય જાય છે તો સીધો થઈ જાય છે. અને એ જ પ્રમાણે મો'મિન બલાનો શિકાર બનતો રહે છે. તેમજ ત્યાં ફાજિરને બદલે કાફિર છે જે એની દલીલ છે કે અહીં ફાજિરથી મુરાદ કાફિર છે.

★ અલ્લાહ જેની સાથે ભલાઈનો ઈરાદો કરે છે ★

حدیث ۲۵۲۵ سَمِعْتُ سَعِيْدَ بْنَ يَسَارٍ اَبَا الْحُبَابِ يَقُوْلُ سَمِعْتُ اَبَا هُرَيْرَةَ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, [હદીષ : ૨૫૨૫]

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ

અલ્લાહ જેની સાથે ભલાઈનો ઈરાદો કરે છે એને

يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُّصِبْ مِنْهُ

આજમાઈશમાં નાખે છે.'' (નિસાઈ–તિબ્બ)

**હદીષ : ૨૫૨૫ની સમજૂતી**

يُصِبُ મઅરૂફ ''યા''ને ઝમ્મા, ''સ્વાદ''ને કસરા. એ જ મોટાભાગનાની રિવાયતમાં છે. ઈબ્ને જવઝીએ કહ્યું, મેં ઈબ્ને અલ્હબાબથી સાંભળ્યું કે ''સ્વાદ''ને ફતહ છે અને એ અધિક બેહતર અને મુનાસિબ છે કે એમાં ઈબ્તિલાની નિસ્બત અલ્લાહ તઆલાની તરફ નથી, જેમ કે આયતે કરીમા واذا مرضتُ فهو يشفين માં છે કે બીમાર હોવાની નિસ્બત પોતાની તરફ અને શિફાની અસ્નાદ અલ્લાહ عزوجل ની તરફ કરી.

**પ્રકરણ : ''બીમારીની સખ્તી''** –(૮૪૩) بَابُ شِدَّةِ الْمَرَضِ ۸۴۳

حدیث ۲۵۲۶ عَنْ مَسْرُوْقٍ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ مَا رَأَيْتُ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, મેં કોઈને નથી જોયો કે એના [હદીષ : ૨૫૨૬]

اَحَدًا الْوَجَعُ عَلَيْهِ اَشَدُّ مِنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

પર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم કરતાં અધિક સખત બીમારી હોય.'' (મુસ્લિમ–અદબ, નિસાઈ–તિબ્બ, ઈબ્ને માજહ–જનાઈઝ)

★ મુસલમાનને તકલીફ પહોંચે તો.... ★

حدیث ۲۵۲۷ عَنِ الْحَارِثِ بْنِ سُوَيْدٍ عَنْ عَبْدِ اللّٰهِ قَالَ اَتَيْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે હું નબી صلی اللہ علیہ وسلم ની [હદીષ : ૨૫૨૭]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ مَرَضِهٖ وَهُوَ يُوْعَكُ وَعْكًا شَدِيْدًا وَقُلْتُ اِنَّكَ لَتُوْعَكُ

બીમારીમાં ખિદમતે અક્દસમાં હાજર થયો અને હુઝૂરને સખત તાવ હતો. મેં અર્ઝ કરી, આપને સખત તાવ

وَعۡکًا شَدِیۡدًا قُلۡتُ اِنَّ ذَالِکَ بِاَنَّ لَکَ اَجۡرَیۡنِ قَالَ اَجَلۡ مَا مِنۡ مُّسۡلِمٍ یُّصِیۡبُہٗ

*આવી રહ્યો છે અને આ એ કારણે છે કે આપને બમણો અજર છે. ફર્માવ્યું, હા! જે* **મુસલમાનને કોઈ તકલીફ**

اَذًی اِلَّا حَاتَّ اللّٰہُ عَنۡہُ خَطَایَاہُ کَمَا تَحَاتُّ وَرَقُ الشَّجَرِ لہ

***પહોંચે તો અલ્લાહ તઆલા તેના ગુનાહોને દૂર કરે છે જેવી રીતે કે ઝાડથી પાંદડાં ખરે છે."***

*(બાબુ અશ્દદુન્નાસ બલાઅ, ૨/૮૪૩, ૨/૮૪૫, ઈબ્ને માજહ–૮૪૬)*

## હદીષ : ૨૫૨૭ની સમજૂતી

حَاتَّ اللّٰہُ એ حَتَّ થી બાબે મફાએલત છે. અસ્લમા رضی اللہ عنہ હતું "તા"ને "તા"માં ઈદ્ગામ કરી દીધો.

### ★ સૌથી સખત બલા કોના પર છે ? ★

એના બાદવાળી રિવાયતમાં આ પ્રમાણે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે એટલો તાવ આવે છે જેવો કે તમારામાંથી બે શખ્સોને આવે છે. એના જવાબમાં હઝરત ઈબ્ને મસ્ઊદે અર્ઝ કરી, આ એ બિના પર છે કે આપને બમણો બદલો છે. આ હદીષથી સાબિત થયું કે **બીમારી દરજાઓની બુલંદીનો પણ સબબ છે અને ગુનાહોને મિટાવવાનો પણ.** તિર્મિઝીમાં હઝરત સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે મેં અર્ઝ કરી, **યા રસૂલલ્લાહ! ﷺ તે કોણ છે જેમના પર સૌથી સખ્ત બલા છે ? ફર્માવ્યું, "અંબિયાએ કિરામ. પછી તે જે એમનાથી નજીક હોય, પછી તે જે એમનાથી નજીક હોય."** નિસાઈ તથા મુસ્તદરકમાં ફાતિમા બિન્તે યમાન, હઝરત હુઝૈફા رضی اللہ عنہاનાં બહેનથી મરવી છે કે હું અમુક સ્ત્રીઓની સાથે નબી ﷺની ખબરગીરી માટે હાજર થઈ. તાવની સખ્તીના કારણે હુઝૂર પર મશક વડે પાણી નાખવામાં આવી રહ્યું હતું. નબી ﷺએ ફર્માવ્યું, સૌથી સખ્ત બલા અંબિયાએ કિરામ પર નાઝિલ થાય છે. પછી એ લોકો પર જે એમનાથી નજીક હોય છે." એને કોઈકે કહ્યું છે :–

(શેઅર) *ઝિનકે રુત્બે હૈં સિવા ઉન્કો સિવા મુશ્કિલ હૈ.*

## بَابُ فَضۡلِ مَنۡ یُّصۡرَعُ مِنَ الرِّیۡحِ ۸۴۴

**પ્રકરણ : "મિર્ગી (ખેંચ)ની બીમારીની ફઝીલત."** *–(૮૪૪)*

### ★ ખેંચની બીમારીમાં પણ સતરની વધુ ફિકર !★

حدیث ۲۵۲۸ حَدَّثَنِیۡ عَطَاءُ بۡنُ اَبِیۡ رَبَاحٍ قَالَ قَالَ لِیۡ ابۡنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ

*"અતા ઈબ્ને અબી રબાહ્ કહ્યું કે મને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, શું હું તમને* **[હદીષ : ૨૫૨૮]**

تَعَالٰی عَنۡہُمَا اَلَا اُرِیۡکَ امۡرَاَۃً مِّنۡ اَہۡلِ الۡجَنَّۃِ قُلۡتُ بَلٰی قَالَ ہٰذِہٖ

*એક જન્નતી સ્ત્રી ન દેખાડું! તેમણે અર્ઝ કરી, જરૂર દેખાડો. ફર્માવ્યું, એ હબ્શી સ્ત્રી નબી ﷺની ખિદમતમાં*

الْمَرْأَةُ السَّوْدَاءُ أَتَتِ النَّبِيَّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ إِنِّي أُصْرَعُ

હાજર થઈ અને તેણે અર્ઝ કર્યું, હું ખેંચના કારણે ગબડી પડુ છું અને સતર રહેતુ નથી. હુઝૂર મારા માટે

وَإِنِّي أَتَكَشَّفُ فَادْعُ اللهَ لِي قَالَ إِنْ شِئْتِ صَبَرْتِ وَلَكِ الْجَنَّةُ

દુઆ ફર્માવો. હુઝૂરે ફર્માવ્યું, જો તમે ચાહો તો સબ્ર કરો અને તમારા માટે જન્નત છે, અને તમે ચાહો તો

وَإِنْ شِئْتِ دَعَوْتُ اللهَ أَنْ يُعَافِيَكِ فَقَالَتْ أَصْبِرُ فَقَالَتْ إِنِّي

અલ્લાહથી દુઆ કરું કે તમને શિફા આપી દે. તે સ્ત્રીએ અર્ઝ કરી, **હું સબ્ર કરીશ ! હું બેસતર થઈ**

أَتَكَشَّفُ فَادْعُ اللهَ أَلَّا أَتَكَشَّفَ فَدَعَا لَهَا

**જઉં છું તો દુઆ કરો કે મારું સતર ન ખુલે.** તો હુઝૂરે તેના માટે એ દુઆ ફર્માવી."

**હદીષ : ૨૫૨૮ની સમજૂતી** એ સ્ત્રીનું નામ સુઐરા હતું. "સ્રઅ"નો અર્થ બેહોશ થઈને ગબડી પડવું. એ કદીક લોહીના મિશ્ર તત્વોમાંના બગાડના કારણે થાય છે જેને મિર્ગી (ખેંચની બીમારી) કહે છે અને ક્યારેક જિન અથવા ખબીષ હમઝાદની અસરના કારણે થાય છે. જેમ કે કુર્આને કરીમમાં ફર્માવવામાં આવ્યું : يَتَخَبَّطُهُ الشَّيْطَانُ مِنَ الْمَسِّ. જેને સ્પર્શી શૈતાને પાગલ બનાવી દીધેલ હોય. વિવિધ હદીષોમાં આવેલ છે કે હુઝૂરે અકદસ ﷺએ ખેંચની બીમારીવાળાના સીના પર હાથ મારીને ફર્માવ્યું : أُخْرُجْ يَا عَدُوَّ اللهِ فَإِنِّي رَسُوْلُ اللهِ "હે અલ્લાહના દુશ્મન નીકળી જા ! હું અલ્લાહનો રસૂલ છું." તો તેને ઉલ્ટી થઈ જેમાં કોઈ કાળી ચીજ પડી અને તે શિફાયાબ થઈ ગયો.

حديث ٢٥٢٩ أَخْبَرَنِي عَطَاءٌ أَنَّهُ رَأَى أُمَّ زُفَرَ تِلْكَ امْرَأَةً طَوِيْلَةً

**[હદીષ : ૨૫૨૯]** "અતાએ કહ્યું કે તેમણે ઉમ્મે ઝુફર તે લાંબી હબ્શી સ્ત્રીને

سَوْدَاءَ عَلَى سِتْرِ الْكَعْبَةِ

કા'બાના પર્દા પર જોઈ છે."

**હદીષ : ૨૫૨૯ની સમજૂતી** **★ બીમારીમાં પણ સહાબિયાએ શું દુઆ કરાવી ? ★**

આ હદીષથી જાણવા મળ્યું કે પહેલીવાળી હદીષમાં જે સ્ત્રીનું વર્ણન છે એની કુન્નિયત ઉમ્મે ઝુફર હતી. ઈમામ બુખારીની વર્ણન શૈલીથી જણાય છે કે એ હદીષમાં જે સ્ત્રીનો કિસ્સો વર્ણન થયો છે તે એ જ સ્ત્રી છે જે પહેલી હદીષમાં વર્ણન થયેલ છે. પણ ઝહબી તથા ઈબ્ને અષીરના કલામથી જાહેર થાય છે કે આ બંનેવ બે સ્ત્રીઓ છે. ઉમ્મે ઝુફર ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રાની મશ્શાતહ (સ્ત્રીઓને શિંગાર કરાવનારી) હતી. જે હુઝૂરે અકદસ ﷺની પાસે આવ્યા કરતી હતી એ બીજી સ્ત્રી હતી. બઝ્ઝારે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી આ જ પ્રકારના કિસ્સામાં રિવાયત કરી છે કે ઉમ્મે ઝુફરે અર્ઝ કરી કે હું ખબીષથી ડરું છું કે તે મને

નગ્ન કરી નાખશે. તો હુઝૂરે એમના માટે દુઆ કરી. જ્યારે એમને ડર લાગતો તો કા'બાના પર્દાઓમાં આવીને ચિપકી જતાં. એનાથી જાણવા મળ્યું કે ઉમ્મે ઝુફરને જિનનો આસેબ હતો, ખેંચની બીમારી ન હતી.

## باب فضل من ذهب بصره ص ٨٤٤

**પ્રકરણ : "એની ફઝીલત જેની આંખ જતી રહે." –(૮૪૪)**

حدیث ٢٥٣٠ عن عمرو مولى المطلب عن انس بن مالك رضى الله تعالى
**[હદીષ : ૨૫૩૦]**

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું કે મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે બેશક ! અલ્લાહ*

عنه قال سمعت النبى صلى الله تعالى عليه وسلم يقول ان الله قال اذا

*તઆલાએ ફર્માવ્યું, જ્યારે હું મારા બંદાને તેના બે પ્રિય અંગોથી અજમાવું છું અને તે એના પર*

ابتليت عبدى بحبيبتيه فصبر عوضته منهما الجنة يريد عينيه

***સબ્ર કરે છે, તો હું એ બંનેના બદલામાં એને જન્નત આપુ છું. હુઝૂરની મુરાદ આંખો છે."***

### હદીષ : ૨૫૩૦ની સમજૂતી

તિર્મિઝીમાં આટલુ અધિક છે : واحتسب મતલબ એ છે કે **જેની આંખોની રોશની ચાલી જાય અને તે સબ્ર કરે સવાબની ઉમ્મીદ પર તો એને એમના બદલામાં જન્નત મળશે.**

**પ્રકરણ : "બીમારની ખબર પૂછવા જવું સવાર થઈને તથા પગપાળા અથવા સવારી પર પોતાની સાથે કોઈને બેસાડીને." –(૮૪૫)**

## باب عيادة المريض راكبا وماشيا وردفا على الحمار ص ٨٤٥

حدیث ٢٥٣١ عن محمد هو ابن المنكدر عن جابر رضى الله تعالى عنه قال

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ મારી ખબર પૂછવા માટે* **[હદીષ : ૨૫૩૧]**

جاءنى النبى صلى الله تعالى عليه وسلم يعودنى ليس براكب بغل ولا برذون

*તશરીફ લાવ્યા. ખચ્ચર કે ઘોડા પર સવાર ન હતા."*

### હદીષ : ૨૫૩૧ની સમજૂતી

આ હદીષથી અયાદત (બીમારની ખબર પૂછવા)ના માટે પગપાળા જવું સાબિત થયું. આ જ પ્રકરણમાં એનાથી પહેલાં તે હદીષ વર્ણવી છે કે હુઝૂરે અક્દસ ﷺ સઅદ બિન ઓબાદા رضی اللہ عنہ ની અયાદતના માટે ગધેડા પર સવાર થઈને તશરીફ લઈ ગયા અને હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہما ને પોતાની સાથે બેસાડયા હતા.

## باب نهی تمنّی المریض الموت صـ٨٤٧

**પ્રકરણ : "મરીઝનું મૌતની તમન્ના કરવાની મનાઈ."** –(૮૪૭)

حدیث ٢٥٣٢ حَدَّثَنَا ثَابِتُ الْبُنَانِي عَنْ أَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

*"અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે કોઈ કોઈક* **[હદીષ : ૨૫૩૨]**

عَنْهُ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا يَتَمَنَّيَنَّ أَحَدُكُمُ الْمَوْتَ

*તકલીફના કારણે મૌતની તમન્ના હરગિઝ ન કરે. પછી જો જરૂરી જ હોય તો આ પ્રમાણે દુઆ કરે :*

مِنْ ضُرٍّ أَصَابَهُ فَإِنْ كَانَ لَا بُدَّ فَاعِلًا فَلْيَقُلْ اَللّٰهُمَّ أَحْيِنِي مَا كَانَتِ

*હે અલ્લાહ ! મને જીવંત રાખ જ્યાં સુધી જિંદગી મારા માટે બેહતર હોય અને મને વફાત આપ જ્યારે વફાત*

الْحَيَاةُ خَيْرًا لِّي وَتَوَفَّنِي إِذَا كَانَتِ الْوَفَاةُ خَيْرًا لِّي

*મારા માટે બેહતર હોય."*

*(મુસ્લિમ–દઅવાત, બુખારી–દઅવાત, બાબુદ્દુઆ બિલ મૌત વલ્હયાત, પેજ : ૯૪૦, કિતાબુત્તમન્ની, પેજ–૧૦૭૪)*

### હદીષ : ૨૫૩૨ની સમજૂતી

હદીષમાં ضُرٍّ નો શબ્દ છે એનો અર્થ તકલીફ છે જે બીમારી તથા બીમારી વિના સૌના માટે આમ છે. મૌતની તમન્નાની મનાઈ છતાં હઝરત સૈયદના ફ઼ારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી મરવી છે કે અંતિમ હજ્જથી વાપસીમાં તેમને મક઼ામે દ઼જનાનમાં આ દુઆ ફર્માવી હતી : اَللّٰهُمَّ اِنْتَشَرَ رَعِيَّتِيْ وَضَعُفَ قُوَّتِيْ فَاقْبِضْنِيْ اِلَيْكَ غَيْرَ مَفْتُوْنٍ "હે અલ્લાહ ! મારી પ્રજા ઘણી જ વધી અને મારી શક્તિ ઘટી ગઈ. હવે મને આ હાલમાં તારી તરફ ઉઠાવી લે કે જેથી હું ફ઼િત્નાથી મેહફ઼ૂઝ રહું." તેમજ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ થી પણ આ પ્રકરની દુઆ નક઼લ થયેલી છે, બલ્કે હમણા હદીષ આવી રહી છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ આ દુઆ ફર્માવી : اَللّٰهُمَّ اَلْحِقْنِيْ بَا صَّالِحِيْنَ "હે અલ્લાહ ! મને નેકોની સાથે મિલાવી દે."

اقول وھو المستعان : મૌતની તમન્ના કરવાથી મનાઈનો આધાર એ છે કે **કોઈ બીમારી કે મુસીબતથી ગભરાયને હાયવોય કરતાં મૌતની તમન્ના કરવી મના છે. પરંતુ રબની મુલાક઼ાતના શોખથી અથવા ફ઼િત્નાઓમાં સપડાઈ જવાના અંદેશાઓથી મૌતની દુઆ કરવાની ઈજાઝત છે.**

حدیث ٢٥٣٣ عَنْ قَيْسِ بْنِ أَبِي حَازِمٍ قَالَ دَخَلْنَا عَلٰى خَبَّابٍ نَعُوْدُهُ

*"ક઼ૈસ બિન અબી હ઼ાઝિમ رضی اللہ عنہ એ કહ્યું કે અમે હઝરત ખબ્બાબ બિન અરત رضی اللہ عنہ ની* **[હદીષ : ૨૫૩૩]**

وَقَدِ اكْتَوٰى سَبْعَ كَيَّاتٍ فَقَالَ إِنَّ أَصْحَابَنَا الَّذِيْنَ سَلَفُوْا مَضَوْا وَلَمْ

*અયાદતના માટે ગયા અને તે સાત દાગ (ડામ) લગાડેલ સ્થિતિમાં હતા. તેમણે કહ્યું, અમારા તે સાથી જે*

تَنقُصهُم الدُّنيا وَ اِنّا اَصَبنا ما لا نَجِدُ لَهُ مَوضِعًا اِلَّا التُّرابَ وَلَولَا

દુનિયાથી ચાલ્યા ગયા દુનિયાએ એમનું કાંઈ ન ઘટાડયું અને અમને એટલુ મળ્યું છે જેને રાખવાની કોઈ જગા

اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ نَھَانَا اَنْ نَدعُوا بِالمَوتِ لَدَعَوتُ

નથી મળતી સિવાય માટીના. જો નબી ﷺ એ મૌતની દુઆ કરવાની મના ન ફર્માવ્યું હોત તો હું એની દુઆ

بِہٖ ثُمَّ اَتَیْنَاہُ مَرَّۃً اُخرٰی وَھُوَ یَبنِی حَائِطًا لَہُ فَقَالَ اِنَّ المُسلِمَ

કરત. પછી અમે બીજીવાર એમની પાસે હાજર થયા તો તે પોતાનો બાગ બનાવી રહ્યા હતા. તો ફર્માવ્યું,

یُؤجَرُ فِی کُلِّ شَیءٍ یُنفِقُہُ اِلَّا فِی شَیءٍ یَجعَلُہُ فِی ھٰذَا التُّرَابِ

મુસલમાન જે પણ ખર્ચ કરે એમાં એને અજર છે પણ તે જેને આ માટીમાં રાખી દે."

(૨/૯૪૦, ૪૧, દઅવાત, ૨/૯૫૨ બે તરીક઼ાથી–રિક઼ાક઼, ૨/૧૦૭૪ બે તરીક઼ાથી અત્તમન્ની, મુસ્લિમ–દઅવાત, નિસાઈ–જનાઈઝ)

**હદીષ : ૨૫૩૩ની સમજૂતી** હઝરત ખબ્બાબ બિન અરત رضی اللہ عنہના પેટમાં કોઈ તકલીફ હતી એટલા માટે તેમણે ડામ લીધા હતા. અમુક હદીષોમાં ઈલાજરૂપે ડામ દેવાથી મનાઈ આવી છે. એના કારણે કે જો અક઼ીદો હોય કે ડામ દેવું જ હક઼ીક઼ી શિફા આપનાર છે તો મનાઈ છે. પરંતુ જો એ અક઼ીદો રાખે કે શિફા આપનાર અલ્લાહ ﷻ છે અને ડામ દેવો એનો સબબ છે તો કોઈ વાંધો નથી.

**★ તમારામાંથી કોઈ કદાપિ મૌતની તમન્ના ન કરે ★**

حدیث ۲۵۳۴ **[હદીષ : ૨૫૩૪]** اَخبَرَنِی اَبُو عُبَیدٍ مَولٰی عَبدِ الرَّحمٰنِ بنِ عَوفٍ اَنَّ اَبَا ھُرَیرَۃَ رَضِیَ اللّٰہُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા કે કોઈને તેનો અમલ

تَعَالٰی عَنہُ قَالَ سَمِعتُ رَسُولَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُولُ لَن یُدخِلَ

જન્નતમાં દાખલ નહીં કરે. લોકોએ અર્ઝ કરી, શું તમને પણ યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, હા ! મને પણ. પણ

اَحَدًا عَمَلُہُ الجَنَّۃَ قَالُوا وَلَا اَنتَ یَا رَسُولَ اللّٰہِ قَالَ وَلَا اَنَا اِلَّا اَن یَتَغَمَّدَنِی

એ કે **મને અલ્લાહ તઆલા પોતાના ફઝ્લો રહમથી નવાઝશે.** જેથી સહીહ રસ્તા પર ચાલો અને મધ્યમ

اللّٰہُ بِفَضلٍ وَرَحمَتِہٖ فَسَدِّدُوا وَقَارِبُوا وَلَا یَتَمَنّٰی اَحَدُکُمُ المَوتَ اِمَّا مُحسِنًا

માર્ગ અપનાવો. અને તમારામાં કોઈ મૌતની તમન્ના ન કરે, જો તે નેકોકાર છે તો ઉમ્મીદ છે કે તે નેકી અધિક

فَلَعَلَّہُ اَن یَزدَادَ خَیرًا وَ اِمَّا مُسِیئًا فَلَعَلَّہُ اَن یَستَعتِبَ

કરશે અને જો બદ્કાર છે તો શક્ય છે કે તે અલ્લાહની રઝા તલબ કરે." (મુસ્લિમ)

**હદીષ : ૨૫૩૪ની સમજૂતી** અમારો મઝહબ એ છે કે સવાબ તથા અઝાબની સાબિતી બુદ્ધિ વડે નથી થતી. અને **અલ્લાહ તઆલા પર એ વાજિબ નથી કે નેકોકારોને જન્નતમાં મોકલે અને બદ્કારને જહન્નમમાં મોકલે.** જો તે તમામ મો'મિનો પર અઝાબ કરે તો એ બુદ્ધિના તક઼ાઝા મુજબ છે. પરંતુ કેમ કે તેણે ખબર આપી છે કે **મો'મિનોને બખ્શી આપશે અને કાફિરોને અઝાબ આપશે,** એટલા માટે એવું જ કરશે. અને મોઅતઝલા કહે છે કે સવાબ તથા અઝાબની સાબિતી બુદ્ધિથી છે, ફર્માંબરદારી સવાબનો મૂજિબ (સબબ) છે અને ગુનાહ અઝાબનો. આ હદીષમાં મોઅતઝલાની રદ છે.

**★ ફર્માવ્યું : મને રફીક઼ે આ'લાથી મિલાવી દે ★**

٢٥٣٥ حدیث

عَنْ عَبَّادِ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ الزُّبَيْرِ قَالَ سَمِعْتُ عَائِشَةَ رَضِيَ اللّٰهُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે મેં નબી ﷺ ને એવું ફર્માવતાં* **[હદીષ : ૨૫૩૫]**

تَعَالٰى عَنْهَا قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُسْتَنِدٌ إِلَيَّ

*સાંભળ્યા અને હુઝૂરે મારા પર ટેકો લગાડેલ હતો, હે અલ્લાહ ! મને બખ્શી દે અને મારા પર*

يَقُوْلُ اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَارْحَمْنِيْ وَأَلْحِقْنِيْ بِالرَّفِيْقِ الْأَعْلٰى.

*રહમ ફર્માવ અને રફીક઼ે આ'લાથી મને મિલાવી દે."*

**હદીષ : ૨૫૩૫ની સમજૂતી** એની સ્પષ્ટતા વર્ણન થઈ ચૂકી કે જો અલ્લાહ جل جلالہ થી મુલાક઼ાતના શોખમાં કોઈ દુઆ કરે તો મના નથી. મના એ છે કે બીમારી તથા તકલીફના કારણે બેસબ્રીના રૂપે મૌતની તમન્ના કરે. વળી આ દુઆ હુઝૂરે અક઼દસ ﷺએ એ સમયે કરી છે જ્યારે વિસાલનું યક઼ીન થઈ ચૂક્યું હતું. અને જ્યારે હુઝૂર ﷺએ એ ફરિશ્તાઓને જોઈ લીધા હતા જે મૌતના સમયે આવે છે અને મો'મિનો તથા નેક લોકોને ખુશ ખબરી આપે છે. જે એ હદીષમાં છે કે જ્યારે હઝરત સૈયદ ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا એ હુઝૂરે અક઼દસ ﷺની તકલીફ જોઈને એવું કહ્યું હતું : واکربا اباہ તો હુઝૂરે ફર્માવ્યું કે આજના પછી તમારા બાપ પર કોઈ તકલીફ નથી. આ દુઆ એક રીતે પોતાની વિસાલની ખબર આપવું હતી, જેમ કે એ દુઆ પછી જ વિસાલ થઈ ગયો.

بَابُ دُعَاءِ الْعَائِدِ لِلْمَرِيْضِ ص ٨٤٧

**પ્રકરણ : "ખબર લેવા આવનારનું બીમારના માટે દુઆ કરવું."** –*(૮૪૭)*

٢٥٣٦ حدیث

عَنْ مَسْرُوْقٍ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ* **[હદીષ : ૨૫૩૬]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَتٰى مَرِيْضًا أَوْ أُتِيَ بِهٖ قَالَ أَذْهِبِ الْبَاسَ رَبَّ النَّاسِ

*કોઈ બીમારની પાસે તશરીફ લઈ જતા અથવા હુઝૂરની પાસે કોઈ બીમાર લાવવામાં આવતો તો ફર્માવતા,*

وَاشْفِ وَاَنْتَ الشَّافِیْ لَاشِفَاءَ اِلَّا شِفَاءُكَ شِفَاءً لَایُغَادِرُ سُقْمًا

*તકલીફ દૂર ફર્માવ હે લોકોના પરવરદિગાર ! શિફા આપ, અને તું જ શિફા આપનાર છે, તારી શિફા સિવાય અન્ય કોઈ શિફા નથી. એવી શિફા આપ જે કાંઈ પણ બીમારી ન છોડે."*

*(૨/૮૫૫, ૮૫૬, બાબુરકૃિય્યતુન્નબી, મુસ્લિમ, નિસાઈ–તિબ્બ)*

**હદીષ : ૨૫૩૬ની સમજૂતી** **★ હુઝૂર જ્યારે કોઈની ખબર લેવા જતા તો... ★**

کان اذا اتی مریضا او اُتِیَ بِہٖ ને શરહકર્તાઓએ રાવીનો શક ઠરાવ્યો છે, શક્ય છે આ સનદમાં એ જ હોય. પરંતુ એ તન્વીઅ (પ્રકાર)ના માટે પણ હોઈ શકે છે. એટલે કે જ્યારે ખુદ હુઝૂરે અક્દસ ﷺ બીમારની પાસે તશરીફ લઈ જતા તો પણ એ જ દુઆ પઢતા. કિતાબુત્ તિબ્બ વગેરેમાં એ જ હદીષ આ પ્રમાણે છે કે નબી ﷺ તેમનામાંથી અમુકને બીમારીથી બચાવવાની દુઆ કરતા અને પોતાના જમણા હાથને મસહ કરતા અને દુઆ આ પ્રમાણે ફર્માવતા : اللّٰهم رب النّاس اَذْهِب الباس واشفه انت الشافی لا شفاء الا شفاؤُك شفاءً لا یُغَادِ رُسُقْمَاہ

ت ۷۳۸ وَقَالَ عَمْرُوبْنُ اَبِیْ قَیْسٍ وَ اِبْرَاهِیْمُ بْنُ طَهْمَانَ عَنْ مَنْصُوْرٍ

*"મન્સૂરે ઈબ્રાહીમ તથા અબૂદુહાથી રિવાયત કરી કે હદીષ આ પ્રમાણે છે :* **[તઅલીક઼ : ૭૩૭]**

عَنْ اِبْرَاهِیْمَ وَ اَبِی الضُّحٰی اِذَا اُتِیَ بِالْمَرِیْضِ وَقَالَ جَرِیْرٌ عَنْ مَنْصُوْرٍ

*اِذَا اُتِیَ بِالْمَرِیْضِ અને જરીરે કહ્યું, મન્સૂરે અબૂદુહાથી એકલી જે*

عَنْ اَبِی الضُّحٰی وَحْدَهٗ وَقَالَ اِذَا اَتٰی مَرِیْضًا

*રિવાયત કરી એમાં આ પ્રમાણે છે : اِذَا اَتٰی مَرِیْضًا.*

**તઅલીક઼ : ૭૩૭ની સમજૂતી**

આ તઅલીકનો સાર એ છે કે મન્સૂરથી આ હદીષમાં ત્રણ પ્રકારની રિવાયતો છે. બતરીકે઼ ઈબ્રાહીમ અન મન્સૂર અન આઈશામાં રદ છે : کان اذا اتیٰ مریضا او اُتِیَ بِہٖ પરંતુ મન્સૂરથી જ બતરીકે઼ ઈબ્રાહીમ તથા અબૂદુહા જે રિવાયત છે એમાં કેવળ આ પ્રમાણે છે : اِذَا اُتِیَ بِالْمَرِیْضِ અને મન્સૂરથી જ ત્રીજી રિવાયત એકલી અબૂદુહાથી આ પ્રમાણે છે : اِذَا اَتٰی مَرِیْضًا આ હઝરત ઈમામ બુખારીની રિવાયતમાં આ'લા દરજાની સાવધાની છે કે એને લગતી સર્વ રિવાયતોને એક જગાએ કરી આપી.

بسم الله الرحمن الرحيم

# كتاب الطب ص ٨٤٧

## (કિતાબુત્તિબ્બ) "દવા (મેડિકલ) વિશેનું પ્રકરણ'' –(૮૪૭)

**પ્રકરણ : "અલ્લાહે જે બીમારી પણ ઉતારી છે એના માટે શિફા પણ ઉતારી છે." –(૮૪૭)**

باب ما انزل الله داء الا انزل له شفاء ص ٨٤٧

حدیث ۲۵۳۷

حَدَّثَنِیْ عَطَاءُ بْنُ اَبِیْ رَبَاحٍ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે* **[હદીષ : ૨૫૩૭]**

عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ مَا اَنْزَلَ اللّٰهُ دَاءً اِلَّا اَنْزَلَ لَهٗ شِفَاءً

*અલ્લાહ عزوجل એ ફર્માવ્યું, કોઈ એવી બીમારી નથી પણ એના માટે દવા પણ ઉતારી છે.'' (નિસાઈ–તિબ્બ)*

**હદીષ : ૨૫૩૭ની સમજૂતી** આ હદીષ તેના ઉમૂમ (સામાન્યપણા) પર નથી, એનાથી મૌત તથા ઘડપણ અપવાદ છે. જેમ કે અન્ય હદીષોમાં વર્ણન થયેલ છે. આ અલ્લાહ عزوجل નો ખાસ કરમ છે કે દરેક બીમારીના માટે દવા ઉતારી છે પરંતુ એ જરૂરી નથી કે દરેક બીમારીમાં જે એની દવા છે તેનો ઈલાજ કરનારને ઈલ્મ થઈ જાય. ક્યારેક બીમારીના પરીક્ષણમાં ગલતી થઈ જાય છે અને ક્યારેક દવાની તજવીઝમાં.

**પ્રકરણ : "ત્રણ ચીજોમાં શિફા છે." –(૮૪૮)**

باب الشفاء فی ثلث ص ٨٤٨

حدیث ۲۵۳۷

عَنْ سَعِیْدِ بْنِ جُبَیْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ عَنْهُمَا قَالَ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે શિફા ત્રણ ચીજોમાં છે : મધ પીવામાં અને સીંગી* **[હદીષ : ૨૫૩૮]**

اَلشِّفَاءُ فِیْ ثَلٰثَةٍ شَرْبَةُ عَسَلٍ وَشَرْطَةُ مِحْجَمٍ وَکَیَّةُ نَارٍ وَاَنْهٰی

*લગાડવા (હિજામા : ખરાબ લોહી ચૂંસાવવા)માં અને આગ વડે ડામવામાં. અને હું મારી ઉમ્મતને ડામ દેવાથી*

اُمَّتِیْ عَنِ الْکَیِّ رَفَعَ الْحَدِیْثَ وَرَوَاهُ الْقُمِّیُّ عَنْ لَیْثٍ عَنْ مُجَاهِدٍ عَنْ

*મના કરું છું. અને તેમણે હદીષને મરફૂઅ કરી. અને કુમ્મી અને લયષના તરીક઼ાથી જે રિવાયત છે એમાં સ્પષ્ટતા*

ابن عباس رضى الله عنهما عن النبى صلى الله عليه وسلم فى العسل والحجم

*છે કે નબી ﷺ થી રિવાયત કરે છે, પણ એમાં કેવળ મધ તથા સેંગીનો ઉલ્લેખ છે." (ઈબ્ને માજહ–તિબ્બ)*

**હદીષ : ૨૫૩૮ની સમજૂતી**

ત્યારબાદ ઈમામ બુખારીએ આ જ હદીષને મુહમ્મદ બિન અબ્દુર્રહીમના તરીકાથી રિવાયત કરી છે. એમાં સ્પષ્ટતા છે : عن النبى صلىٰ الله تعالىٰ عليه وسلم قال

**★ મધ વડે દવા કરવી ★**

باب الدواء بالعسل وقوله تعالىٰ فيه شفاء للناس ص ٨٤٨

**પ્રકરણ : મધ વડે દવા કરવી. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : એમાં લોકોના માટે શિફા છે.** *–(૮૪૮)*

**સ્પષ્ટતા :** જમહૂરનો કૌલ એ જ છે કે فيه شِفَاءٌ لِلنَّاس માં فيه ની ઝમીરનો મરજઅ عسل છે. એનાથી એ શંકા ખડી કરવામાં આવી કે મધ ગરમ મિજાઝવાળાઓને અને સફરા (પિત્ત)ની બીમારીમાં નુકસાનકર્તા છે. જવાબ એ છે કે આ મોટાભાગે તથા અધિક્તરના એતબારથી છે અને આમ મન્સૂસ મિન્હુલ બઅઝ છે. કેટલાક લોકોએ કહ્યું, આ આયતમાં "ફીહ"નો મરજઅ કુર્આન છે પણ આયતના સિયાક (વર્ણન શૈલી)માં ક્યાંય ઉલ્લેખ નથી. એટલા માટે રાજેહ (પસંદીદા) જમહૂરનો કૌલ છે.

**★ સેંગી (હિજામા)માં ભલાઈ છે ★**

حديث ٢٥٣٩ عن عاصم بن عمر بن قتادة قال سمعت جابر بن عبد الله

*"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضى الله عنهما એ કહ્યું કે મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા,* **[હદીષ : ૨૫૩૯]**

رضى الله عنهما قال سمعت النبى صلى الله تعالىٰ عليه وسلم يقول

*જો તમારી દવાઓમાંથી કોઈનામાં ભલાઈ છે તો સેંગી (હિજામા)માં છે અથવા મધ પીવામાં*

ان كان فى شئ من ادويتكم او يكون فى شئ من ادويتكم خير ففى

*અથવા આગથી ડામવામાં છે. જે પણ બીમારીના અનુરૂપ હોય, અને*

شرطة محجم او شربة عسل او لذعة بنار توافق الداء وما احب ان اكتوى

*હું ડામવાને પસંદ નથી કરતો." (બુખારી, બાબુલ હિજામા, પેજ : ૮૪૯, ૮૫૦, મુસ્લિમ–તિબ્બ, નિસાઈ–તિબ્બ)*

**હદીષ : ૨૫૩૯ની સમજૂતી**

ઈબ્ને તીને કહ્યું કે આ હદીષમાં જે આવ્યું છે કે او يكون فى شئ ની જગાએ يكن હોવું જોઈએ, એટલા માટે કે એ كان પર મઅતુફ છે જેના પર إن દાખલ છે. મુસ્નદે ઈમામ અહમદની રિવાયતમાં છે : ان يكن. આ હદીષમાં જે ફર્માવવામાં આવ્યું કે હું ડામવાને પસંદ નથી કરતો. ફર્માવ્યું, આ એની દલીલ છે કે ડામવાથી

તેહરીમી (હરામ ઠરાવવા) મનાઈના માટે નથી તન્ઝીહીના માટે છે. અને એની દલીલ એ પણ છે કે ખુદ હુઝૂરે અક્દસ ﷺએ હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہને પોતાના હાથ મુબારક વડે ડામ આપ્યો હતો.

**★ અલ્લાહે સાચુ ફર્માવ્યું અને તારા ભાઈનું પેટ જૂઠુ છે ! ★**

૨૫૪૦ حدیث عَنْ اَبِی سَعِیْدٍ اَنَّ رَجُلًا اَتَی النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે એક સાહબ નબી ﷺની **[હદીષ : ૨૫૪૦]**

فَقَالَ اَخِیْ یَشْتَکِیْ بَطْنَہٗ فَقَالَ اِسْقِہٖ عَسَلًا ثُمَّ اَتَاہُ الثَّانِیَۃَ فَقَالَ

ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, મારા ભાઈને પેટની તકલીફ છે. ફર્માવ્યું, તેને મધ પીવડાવો. પછી

اِسْقِہٖ عَسَلًا ثُمَّ اَتَاہُ الثَّالِثَۃَ فَقَالَ اِسْقِہٖ عَسَلًا ثُمَّ اَتَاہُ فَقَالَ قَدْ

બીજીવાર આવ્યો તો ફર્માવ્યું, એને મધ પીવડાવો. પછી ત્રીજી વાર આવ્યો તો ફર્માવ્યું, એને મધ પીવડાવો. ફરી

فَعَلْتُ فَقَالَ صَدَقَ اللّٰہُ وَکَذَبَ بَطْنُ اَخِیْکَ اِسْقِہٖ عَسَلًا فَسَقَاہُ فَبَرَأَ۔ ع

એ આવ્યો અને અર્ઝ કરી, મેં કર્યું. ફર્માવ્યું, અલ્લાહે સાચુ ફર્માવ્યું અને તારા ભાઈનું પેટ જૂઠુ છે ! એને મધ પીવડાવ. ફરી એમણે પીવડાવ્યું અને તે સાજા થઈ ગયા.''

(૨/૮૫૧ બુખારી, બાબુ દવાઉલ મબ્તૂન, મુસ્લિમ–તિબ્બ, નિસાઈ–તિબ્બ તથા વલીમા)

**હદીષ : ૨૫૪૦ની સમજૂતી** આ રિવાયતમાં ટૂંકમાં છે. મુસ્લિમની રિવાયતમાં છે કે મારા ભાઈને જુલાબ થયો છે. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એને મધ પીવડાવો. તેણે પીવડાવ્યું. ફરી આવ્યો, અને કહ્યું, મેં પીવડાવ્યું. તો ઝાડા ઔર વધી ગયા. એ જ કિસ્સો ચાર વાર બન્યો. ચોથીવાર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહે સાચુ ફર્માવ્યું અને તારા ભાઈનું પેટ જૂઠુ છે. ફરી તેણે મધ પીવડાવ્યું અને સારુ થઈ ગયું. ''સદકલ્લાહ''થી મુરાદ અલ્લાહ عزوجلનો ઈર્શાદ છે કે મધના વિશે ફર્માવ્યું : فِیْہِ شِفَاءٌ لِّلنَّاس

તિબ્બ (મેડિકલના) તરીકા પ્રમાણે ઝાડા સામાન્યતઃ બદહજમીના કારણે થાય છે. ખરાબ ખોરાક પેટમાં એકત્ર થઈ જાય છે. સંપૂર્ણ શિફા માટે જરૂરી છે કે તમામ ખરાબ જથ્થો નીકળી જાય. શરૂઆતમાં મધ પીવડાવવાથી એવું જ થયું કે ખરાબ જથ્થો ઝડપથી નીકળવા લાગ્યો. સંપૂર્ણ ખરાબ જથ્થો નીકળી ગયો તો તે તંદુરસ્ત થઈ ગયો.

## بَابُ الْحَبَّۃِ السَّوْدَاءِ ص۸۴۸

**★ કલુંજીમાં મૌત સિવાય દરેક બીમારીથી શિફા ★**

૨૫૪૧ حدیث عَنْ خَالِدِ بْنِ سَعْدٍ قَالَ خَرَجْنَا وَمَعَنَا غَالِبُ بْنُ اَبْجَرَ

''હઝરત ખાલિદ બિન સઅદ رضی اللہ عنہથી મરવી છે. તેમણે કહ્યું, અમે બહાર ગયેલા **[હદીષ : ૨૫૪૧]**

فَمَرِضَ فِي الطَّرِيْقِ فَقَدِمْنَا الْمَدِيْنَةَ وَهُوَ مَرِيْضٌ فَعَادَ ابْنُ اَبِي عَتِيْقٍ

હતા અને અમારી સાથે ગાલિબ ઈબ્ને અબજર હતા. તે રસ્તામાં બીમાર પડી ગયા. અમે મદીના આવ્યા અને

فَقَالَ لَنَا عَلَيْكُمْ بِهٰذِهِ الْحُبَيْبَةِ السُّوَيْدَاءِ فَخُذُوْا مِنْهَا خَمْسًا اَوْ سَبْعًا

તે બીમાર જ રહ્યા. તેમને જોવા માટે ઈબ્ને અબી અતીક઼ આવ્યા તો તેમણે અમને કહ્યું, તે નાના કાળા દાણા વડે

ثُمَّ اسْحَقُوْهَا ثُمَّ اقْطُرُوْهَا فِي اَنْفِهٖ بِقَطَرَاتِ زَيْتٍ فِي هٰذَا الْجَانِبِ وَفِي

ઈલાજ કરો, એમાંથી પાંચ કે સાત લો અને તેને પીસી નાખો. પછી ઝયતૂનનું તેલ મિક્સ કરીને તેનાં અમુક ટીપાં

هٰذَا الْجَانِبِ فَاِنَّ عَائِشَةَ حَدَّثَتْنِي اَنَّهَا سَمِعَتِ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

નાકમાં નાખો, આ બાજુ અને પેલી બાજુ પણ. એટલા માટે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ

وَسَلَّمَ يَقُوْلُ اِنَّ هٰذِهِ الْحَبَّةَ السَّوْدَاءَ شِفَاءٌ مِنْ كُلِّ دَاءٍ اِلَّا مِنَ السَّامِ

મને હદીષ વર્ણવી કે તેમણે નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે **આ કાળા દાણામાં મૌતના સિવાય દરેક**

قُلْتُ وَمَا السَّامُ قَالَ الْمَوْتُ . عه

**બીમારીથી શિફા છે.** મેં પૂછ્યું સામ શું છે ? તેમણે કહ્યું, મૌત.'' (ઈબ્ને માજહ)

**હદીષ : ૨૫૪૧ની સમજૂતી** ખાલિદ બિન સઅદ, હઝરત અબૂ મસઉદ, બદરી અન્સારીના ગુલામ હતા જે સહાબી નથી. અને ઈબ્ને અબી અતીક઼થી મુરાદ અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન અબ્દુર્રહમાન બિન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہما છે. કલુંજીનું દરેક બીમારીથી શિફા હોવું એ પણ મોટાભાગના તથા અધિક્તર અંશોના હિસાબે છે. અથવા મુરાદ એ છે કે તેને યોગ્ય દવાઓમાં મિલાવીને આપવામાં આવે તો દરેક બીમારીથી શિફા છે અને ઓરફા (આરિફો)એ ફર્માવ્યું કે **જે અલ્લાહ તથા તેના રસૂલ ﷺના ઈર્શાદની સચ્ચાઈ પર વિશ્વાસ કરીને કોઈ પણ બીમારીમાં મધ અથવા કલુંજીને ઉપયોગમાં લે તો તેને શિફા હાંસલ થશે.**

حديث ٢٥٤٢ اَخْبَرَنِي اَبُوْ سَلَمَةَ وَسَعِيْدُ بْنُ الْمُسَيَّبِ اَنَّ اَبَا هُرَيْرَةَ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ખબર આપી કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને **[હદીષ : ૨૫૪૨]**

اَخْبَرَهُمَا اَنَّهٗ سَمِعَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ فِي الْحَبَّةِ

ફર્માવતાં સાંભળ્યા : الحَبَّةِ السَّوْدَاءِ માં મૌતના સિવાય દરેક બીમારીથી

السَّوْدَاءِ شِفَاءٌ مِّنْ كُلِّ دَاءٍ اِلَّا السَّامَ. قَالَ ابْنُ شِهَابٍ وَالسَّامُ الْمَوْتُ

શિફા છે. ઈબ્ને શિહાબે કહ્યું કે, ''સામ''નો અર્થ મૌત છે અને الحَبَّةِ السَّوْدَاءِ શોનીઝને કહે છે

وَالْحَبَّةُ السَّوْدَاءُ الشُّوْنِيْزُ

એટલે કલુંજી (મંગરીલા)."

## بَابُ التَّلْبِيْنَةِ لِلْمَرِيْضِ ص ۸۴۹

**પ્રકરણ : "બીમારના માટે તલ્બીના પીવડાવવું."** –(૮૪૯)

حدیث ۲۵۴۳ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا كَانَتْ تَعْمَلُ بِالتَّلْبِيْنَةِ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا બીમારને તલ્બીના પીવડાવવાનો* **[હદીષ : ૨૫૪૩]**

وَتَقُوْلُ هُوَ الْبَغِيْضُ النَّافِعُ ؏

*હુકમ આપતાં અને ફર્માવતાં એ નાપસંદ લાભકારક છે."*

**હદીષ : ૨૫૪૩ની સમજૂતી** એટલે બીમાર એને પસંદ નથી કરતો પણ એ ફાયદાકારક છે.

### ★ કુસ્તહિંદી અને બહરીને નાકમાં નાખવુ ★

بَابُ السَّعُوْطِ بِالْقُسْطِ الْهِنْدِيِّ وَالْبَحْرِيِّ وَهُوَ الْكُسْتُ مِثْلُ الْكَافُوْرِ وَالْقَافُوْرِ مِثْلُ كُشِطَتْ نُزِعَتْ وَقَرَأَ عَبْدُاللّٰهِ قُشِطَتْ. ص ۸۴۹

**પ્રકરણ :** قُسْطِ الْهِنْدِیْ **કુસ્તહિંદી અને બહરીને નાકમાં નાખવું અને એ કુસ્ત છે જેમ કે કાફૂર તથા ક઼ાફૂર જેમ કે** كُشِطَتْ **કાઢી લેવામાં આવે. અને અબ્દુલ્લાહે** قُشِطَتْ **પઢયું.** –(૮૪૯)

**સ્પષ્ટતા :** قُسط બે હોય છે એ હિંદી જે હિંદુસ્તાનમાં પેદા થાય છે. એ જાડી, કાળી અને હલકી હોય છે. અને કુસ્તબહરી સફેદ રંગની હલકી હોય છે જે પશ્ચિમના શહેરોએથી આવે છે. હિંદીમાં ગરમી વધુ હોય છે.

### ★ ન્યુમોનિયાનો ઈલાજ ★

حدیث ۲۵۴۴ عَنْ اُمِّ قَيْسٍ بِنْتِ مِحْصَنٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ سَمِعْتُ **[હદીષ : ૨૫૪૪]**

*"હઝરત ઉમ્મે ક઼ૈસ બિન્તે મિહસન رضی اللہ عنہا એ કહ્યું, મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા, તમે લોકો આ*

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ عَلَيْكُمْ بِهٰذَا الْعُوْدِ الْهِنْدِيِّ فَاِنَّ فِيْهِ

*ઉદ હિંદીથી ઈલાજ કરો. એમાં સાત શિફા છે, ઉઝરહમાં. એ નાકમાં સરકી જાય છે અને ન્યુમોનિયામાં મોમાં*

سَبْعَةَ اَشْفِيَةٍ يُسْتَعَطُ بِهٖ مِنَ الْعُذْرَةِ وَيُلَدُّ بِهٖ مِنْ ذَاتِ الْجَنْبِ،

*નાખવામાં આવે છે." (બુખારી ૨/૮૫૦, ૮૫૧, ૮૫૨ બાબુલ્લદૂદ, મુસ્લિમ–તિબ્બ, અબૂ દાઊદ–તિબ્બ, નિસાઈ–તિબ્બ)*

**હદીષ : ૨૫૪૪ની સમજૂતી** બાબુલ ઉઝ઼રહમાં છે કે ઉમ્મે કૈ઼સ બિન્તે મિહસન એ સ્ત્રીઓમાંથી હતાં જેમણે સૌ પ્રથમ હિજરત કરી હતી અને રસૂલુલ્લાહ ﷺથી બયઅત કરી હતી. અન એ અકાશા બિન્તે મિહસનનાં બહેન હતાં. તે પોતાના પુત્રને લઈને હુઝૂરની ખિદમતમાં હાજર થયાં અને તેમણે એ બાળકને ઉઝ઼રહની બીમારીના કારણે આંગળી વડે ગળુ દબાવી દીધું હતું. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહથી ડરો ! તમે શા માટે પોતાના બાળકના ગળાને આંગળીઓ વડે દબાવો છો ?!

**ઉઝ઼રહ** : ગળામાં એક બીમારી છે જેમાં કાકડામાં સોજો થઈ જાય છે. ઉદ હિંદીની તફસીર બાબુલ ઉઝ઼રામાં કુસ્તથી કરી છે. હુઝૂર ﷺએ કુસ્તમાં સાત શિફા બતાવી, પાંચને છોડી આપી. લગભગ એ એના કારણે છે કે સામાન્યતઃ જે બે બીમારીઓમાં ત્યાં વપરાતી હતી તેને વર્ણવી.

## بَابُ الحِجَامَةِ مِنَ الدَّاءِ ص٨٤٩

**પ્રકરણ : "બીમારીથી સેંગી (હિજામા) લગાડવું"** –(૮૪૯)

حديث ٢٥٤٥

أَخْبَرَنَا حُمَيْدٌ الطَّوِيلُ عَنْ أَنَسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ إِنَّ

*"હઝ઼રત અનસ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ચીજોથી તમે* **[હદીષ : ૨૫૪૫]**

أَمْثَلَ مَا تَدَاوَيْتُمْ بِهِ الْحِجَامَةُ وَالْقُسْطُ الْبَحْرِيُّ وَقَالَ لَا تُعَذِّبُوا

*ઈલાજ કરો છો તેમાં સૌથી અફઝલ સેંગી લગાડવું છે અને કુસ્તે બહરી છે. અને ફર્માવ્યું, ઉઝ઼રહથી શિફાના*

صِبْيَانَكُمْ بِالْغَمْزِ مِنَ الْعُذْرَةِ وَعَلَيْكُمْ بِالْقُسْطِ.

*માટે પોતાના બાળકોને ચુટકી વડે તકલીફ ન આપો અને કુસ્તનો ઉપયોગ કરો." (મુસ્લિમ, નિસાઈ–તિબ્બ)*

**હદીષ : ૨૫૪૫ની સમજૂતી** વર્ણન થઈ ચૂક્યું કે ઉઝ઼રહ બાળકોના કાકડામાં એક પ્રકારના સોજાનું નામ છે જેનો ઈલાજ એ કરતા હતા કે આંગળી વડે તેને દબાવી દેતા હતા જેથી બાળકને ખૂબ જ તકલીફ થતી હતી, ક્યારેક ઝખ્મ પણ થઈ જતો. એનાથી મના ફર્માવ્યું અને ફર્માવ્યું કે "કુસ્ત" (એક પ્રકારના ઝાડની લાકડી) વાટીને એના પર લગાડો.

حديث ٢٥٤٦

أَنَّ عَاصِمَ بْنَ عُمَرَ بْنِ قَتَادَةَ حَدَّثَهُ أَنَّ جَابِرَ بْنَ عَبْدِ اللهِ رَضِيَ اللهُ

*"જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ મુક઼ન્નઅ઼ની બીમારપુર્સી માટે તશરીફ લઈ ગયા.* **[હદીષ : ૨૫૪૬]**

تَعَالَى عَنْهُمَا عَادَ الْمُقَنَّعَ ثُمَّ قَالَ لَا أَبْرَحُ حَتَّى تَحْتَجِمَ فَإِنِّي سَمِعْتُ رَسُولَ اللهِ

*પછી ફર્માવ્યું, હું અહીંથી જઈશ નહીં, જ્યાં સુધી તું સેંગી (હિજામ) ન લગાડી લે. એટલા માટે*

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ إِنَّ فِيهِ شِفَاءً

*કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે બેશક ! એમાં શિફા છે."*

## بَابُ الْجُذَامِ ص۸۵۰

**પ્રકરણ : "જુઝામ (કોઢ)નું બયાન" –(૮૫૦)**

ت ۷۳۹ حَدَّثَنَا سَعِيْدُ بْنُ مِيْنَاءَ سَمِعْتُ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે* **[તઅલીક઼ : ૭૩૯]**

يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ لَا عَدْوٰى وَلَا طِيَرَةَ وَلَا هَامَّةَ

*બીમારીની છૂટ (ચેપ લાગવું) નથી, અને ન અપશુકન અને હામ્મા છે, અને ન સફર. અને કોઢીથી એ રીતે*

وَلَا صَفَرَ وَفِرَّ مِنَ الْمَجْذُوْمِ كَمَا تَفِرُّ مِنَ الْأَسَدِ

*ભાગો જેવી રીતે સિંહથી ભાગો છો." (બાબુલ અસ્ફર, પેજ : ૮૫૧, બાબુલ હામ્મા વ બાબુ લાઅદવા, પેજ : ૮૫૯)*

### તઅલીક઼ : ૭૩૯ની સમજૂતી

### ★ બીમારથી ચેપ નથી, તથા અન્ય વહેમોનું ખંડન ★

આ હદીષના રાવી અફ઼ફ઼ાન ઈબ્ને મુસ્લિમ સિફ઼ાર ઈમામ બુખારીના શયખોમાંથી છે. પણ મોટાભાગે એમનાથી કોઈના વાસ્તાથી રિવાયત કરે છે એટલા માટે આ તઅલીક઼ છે. સહીહ છે એટલે ઝઈફ નથી.

عدوی (અ઼દવા) જાહિલિયતવાળાઓની માન્યતા હતી કે અમુક બીમારીઓ એવી છે જે બીજાને લાગી જાય છે. જેમ કે કોઢ, ખુજલી, પ્લેગ વગેરે. એની હુઝૂર ﷺએ રદ કરી. એક અઅરાબી હાજર થયા. તેમણે અર્ઝ કરી કે અમારાં ઊંટ સાફ સુથરાં સારાં હોય છે એમાં એક ખુજલીની બીમારીવાળુ ઊંટ આવે છે અને સૌને ખુજલીવાળાં કરી દે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે પહેલા (ઊંટ)ને કોણે ખુજલીવાળુ બનાવ્યું. તેણે અર્ઝ કરી, અલ્લાહે. ફર્માવ્યું, એ જ પ્રમાણે સૌને અલ્લાહે ખુજલીવાળાં બનાવ્યાં. طِيَرَة એનો અર્થ અપશુક્ન છે. અરબોની આદત હતી કે જ્યારે સફરના માટે નીકળતા તો જો કોઈ પક્ષી જમણી તરફથી ઉડતુ તો તેને સારુ જાણતા અને જો ડાબી તરફ ઉડતુ તો તેને અપશુક્ન જાણતા. આ જ પ્રકારના અન્ય પણ વહેમો ફેલાયેલા હતા અને આજે આપણા સમાજમાં પણ ફેલાયેલા છે. હુઝૂરે અક઼દસ ﷺએ એ સર્વ વહેમોને દૂર કર્યા.

### ★ ઘુવડ વિશે ગલત માન્યતાનું ખંડન ★

هامّة એક પક્ષીનું નામ છે. એક ક઼ૌલ છે કે તે ઉલ્લુ (ઘુવડ) છે. જાહિલિયતવાળાઓની માન્યતા હતી કે આ પક્ષી જ્યારે કોઈ ઘર પર બેસે છે તો એ ઘરમાં કોઈ મુસીબત નાઝિલ થાય છે. આજે પણ જાહિલોમાં એ મશહૂર છે કે ઉલ્લુ જે ઘરમાં બોલે અથવા ઘરની છત પર બોલે તે ઘરમાં કોઈ મુસીબત નાઝિલ થશે. એક ક઼ૌલ એ છે કે જાહિલિયતવાળાઓની માન્યતા હતી કે મુડદાંનાં હાડકાં ઉલ્લુ બનીને ઉડે છે. એક ક઼ૌલ એ છે કે તેમની માન્યતા હતી કે જે ક઼ત્લ થયેલાનો ક઼ેસાસ (ખૂનના બદલે ખૂન) ન લેવામાં આવે તે ઉલ્લુ (ઘુવડ) બની જાય છે. અને તે કહેતો રહે છે, મને પીવડાવો ! મને પીવડાવો ! જ્યારે એનો ક઼ેસાસ લઈ લેવામાં આવે છે તો તે ઉડી જાય છે. એ સર્વ વહેમોનો હુઝૂર ﷺએ રદ કર્યો કે એ બધું કાંઈ જ નથી. صَفَر (સફર) અરબવાસીઓનો દસ્તૂર હતો

કે લડવા માટે કદી મુહર્રમને સફરમાં બદલી નાખતા. એક કૌલ એ છે કે તે પેટની બીમારી છે જેવું કે ઈમામ બુખારી આગળ જતાં પ્રકરણ રચશે : باب لا سفرو هو داء يأخذ البطن અને એ પણ બની શકે છે કે કેટલાક લોકો સફરના મહિનાને મનહૂસ સમજે છે, એનો રદ કર્યો.

لاعدوی (લાઅ્દવા)ના સામાન્યપણામાં કોઢ પણ સામેલ છે, પછી કોઢીથી ભાગવાનો હુકમ ક્યા કારણે છે ? ઉલમાએ એનો ખુલાસો એ આપ્યો કે જો કોઈ કોઢીવાળા પાસે ઉઠશે બેસશે અને ખુદા ન ખ્વાસ્તા અલ્લાહ તરફથી એને કોઢ થઈ જશે તો શક્ય છે કે તે એ માન્યતા ધરાવવા લાગશે કે મને એનો ચેપ લાગી ગયો. નહીં તો અબૂ દાઊદમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہماથી મરવી છે કે **રસૂલુલ્લાહ ﷺએ કોઢીનો હાથ પકડયો અને પોતાના હાથની સાથે એનો હાથ પ્યાલામાં રાખ્યો અને ફર્માવ્યું કે ખા ! અલ્લાહના નામથી શરૂ અને અલ્લાહ પર ભરોસો અને તવક્કુલ છે.**

મુસ્લિમમાં અલાઅ્ બિન અબ્દુર્રહમાનના તરીક઼ાથી આ જ હદીષમાં આટલુ વધારે છે : ولا نوء અને નક્ષત્ર નથી. અરબની માન્યતા હતી કે તારાઓને વરસાદમાં દખલ છે. **જ્યારે વરસાદ થતો તો કહેતા, مُطِرْنَا بِنُوْءِ کذا તમારા પર ફલાણા નક્ષત્રથી વર્ષા થઈ. હુઝૂર ﷺએ એને બાતિલ (ખોટુ) ઠરાવ્યું.**

બુખારીમાં જ બીજા પ્રકરણમાં છે કે એક અઅ્રાબી ઉભા થયા અને અર્ઝ કરી, હુઝૂર ! શું હાલ છે મારાં ઊંટોનો કે તેઓ રણમાં હરણોની જેમ હોય છે. પછી એક ખુજલીવાળુ ઊંટ આવતું અને પછી તેમાં રહેવા લાગતુ, અને તે સૌને ખુજલીવાળાં કરી દેતું. હુઝૂરે ફર્માવ્યું, પહેલા ઊંટને ક્યાંથી બીમારી લાગી ?

## بَابُ ذَاتِ الْجَنْبِ ص۸۵۲

**પ્રકરણ : "ન્યૂમોનિયાનું વર્ણન."** *–(૮૫૨)*

حدیث ۲۵۴۷ حَدَّثَنَا حَمَّادٌ قَالَ قُرِئَ عَلٰى اَيُّوْبَ مِنْ كُتُبِ اَبِىْ قِلَابَةَ مِنْهُ

*"હમ્માદે કહ્યું, ઐયૂબ પર અબૂ ક઼લાબાની કિતાબોમાંથી પઢવામાં આવ્યું એમાંથી* **[હદીષ : ૨૫૪૭]**

حَدَّثَ بِهٖ وَمِنْهُ مَا قُرِئَ عَلَيْهِ وَكَانَ هٰذَا فِى الْكِتَابِ عَنْ اَنَسٍ اَنَّ اَبَاطَلْحَةَ

*કેટલુંક તે છે જેને ઐયૂબે હદ્દષના સેગા વડે બયાન કર્યું અને કેટલુક તે છે જે એમના પર પઢવામાં આવ્યું. અને જે*

وَاَنَسَ بْنَ النَّضْرِ كَوَيَاهُ وَكَوَاهُ اَبُوْطَلْحَةَ بِيَدِهٖ وَقَالَ عَبَّادُ بْنُ مَنْصُوْرٍ عَنْ

*હું વર્ણન કરું છું એ પણ એ કિતાબમાં છે. હઝરત અનસથી મરવી હતું કે હઝરત અબૂ તલ્હા અને અનસ બિન*

يُّوْبَ عَنْ اَبِىْ قِلَابَةَ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ قَالَ اَذِنَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*નઝરે તેમને ડામ આપ્યો અને તેમને અબૂ તલ્હાએ પોતાના હાથ વડે ડામ આપ્યો. અને અબ્બાદ બિન મન્સૂરે*

عَلَيْهِ وَسَلَّمَ لِاَهْلِ بَيْتٍ مِّنَ الْاَنْصَارِ اَنْ يَّرْقُوْا مِنَ الْحُمَةِ وَالْاُذُنِ فَقَالَ

*અન ઐયૂબ અન અબી ક઼લાબા અન અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ અન્સારના*

اَنَسٌ کُوِیْتُ مِنْ ذَاتِ الْجَنْبِ وَرَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ حَیٌّ

એક ઘરવાળાને ઝેરીલા જાનવરોના ડસેલા અને કાનના દર્દ માટે દમ કરવાની ઈજાઝત આપી. હઝરત અનસ

وَشَھِدَنِیْ اَبُوْطَلْحَۃَ وَاَنَسُ بْنُ النَّضْرِ وَزَیْدُ بْنُ ثَابِتٍ وَاَبُوْطَلْحَۃَ

ફર્માવે છે કે ન્યૂમોનિયાના કારણે મને રસૂલુલ્લાહ ﷺ ની હયાત મુબારકમાં ડામવામાં આવ્યો હતો અને મારી

کَوَانِیْ

પાસે હઝરત અબૂ તલ્હા તથા હઝરત અનસ બિન નઝર અને હઝરત ઝૈદ બિન ષાબિત رضوان اللہ تعالٰی علیہم اجمعین મૌજૂદ

હતા અને મને અબૂ તલ્હાએ ડામ આપ્યો હતો.''

**હદીષ : ૨૫૪૭ની સમજૂતી** એ ચર્ચા વર્ણન થઈ ચૂકી કે સહીહ એ છે કે જે કિતાબ પર ભરોસો હોય કે એ ફલાણાની છે અને શરીઅત રૂએ વિશ્વાસપાત્ર ઝરીઆ થકી કોઈના સુધી પહોંચી હોય તો એનાથી રિવાયત સહીહ છે. એની સ્પષ્ટતા વર્ણન થઈ ચૂકી કે મના છતાં સહાબાએ કિરામે કેમ ડામ દીધા. એ મનાઈ તન્ઝીહી હતી.

## بَابُ مَا یُذْکَرُ فِی الطَّاعُوْنِ ص۸۵۲

**પ્રકરણ : ''પ્લેગના બારામાં શું વર્ણવવામાં આવે છે ?''** -(૮૫૨)

حدیث ۲۵۴۸ عَنْ عَبْدِاللّٰہِ بْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ

**[હદીષ : ૨૫૪૮]** ''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત ઉમર બિન

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ خَرَجَ اِلَی الشَّامِ حَتّٰی اِذَا کَانَ بِسَرْغٍ لَقِیَہٗ اُمَرَاءُ

ખત્તાબ رضی اللہ عنہ શામ તશરીફ લઈ ગયા ત્યાં સુધી કે જ્યારે સરગ સ્થળે પહોંચ્યા તો તેમને લશ્કરોના અમીરો

الْاَجْنَادِ اَبُوْعُبَیْدَۃَ بْنُ الْجَرَّاحِ وَاَصْحَابُہٗ فَاَخْبَرُوْہُ اَنَّ الْوَبَاءَ

અબૂ ઓબૈદા બિન જર્રાહ અને તેમના સાથી મળ્યા તો તેમણે જણાવ્યું કે શામમાં વબા ફેલાઈ ગઈ છે. તો હઝરત

قَدْ وَقَعَ بِالشَّامِ قَالَ ابْنُ عَبَّاسٍ فَقَالَ عُمَرُ اُدْعُ اِلَیَّ الْمُھَاجِرِیْنَ

ઉમરે ફર્માવ્યું કે મુહાજિરીને અવ્વલીનને મારી પાસે બોલાવો. કોઈકે એમને બોલાવ્યા. હઝરત ઉમરે તેમની

الْاَوَّلِیْنَ فَدَعَاھُمْ فَاسْتَشَارَھُمْ وَاَخْبَرَھُمْ اَنَّ الْوَبَاءَ قَدْ وَقَعَ بِالشَّامِ

સાથે મશ્વરો કર્યો અને તેમને ખબર આપી કે શામમાં વબા ફેલાઈ ગઈ છે (આપ લોકોની શું રાય છે ?) તો

فَاخْتَلَفُوا فَقَالَ بَعْضُهُمْ قَدْ خَرَجْتَ لِأَمْرٍ وَلَا نَرَى أَنْ تَرْجِعَ عَنْهُ وَقَالَ

લોકોએ આપસમાં મતભેદ કર્યો. કેટલાક લોકોએ કહ્યું કે આપ એક કામના માટે નીકળ્યા છો અમે યોગ્ય નથી

بَعْضُهُمْ مَعَكَ بَقِيَّةُ النَّاسِ وَأَصْحَابُ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

જાણતા કે આપ તે અંજામ આપ્યા વિના પરત થાવ. અને કેટલાક લોકોએ કહ્યું, આપની સાથે બાકીના લોકો તથા

وَلَا نَرَى أَنْ تُقْدِمَهُمْ عَلَى هٰذَا الْوَبَاءِ فَقَالَ ارْتَفِعُوا عَنِّي ثُمَّ قَالَ ادْعُ لِي الْأَنْصَارَ

રસૂલુલ્લાહ ﷺના સહાબા છે. અમે યોગ્ય નથી જાણતા કે આપ એમને વબા પર પેશ કરો. એ સાંભળીને

فَدَعَوْتُهُمْ فَاسْتَشَارَهُمْ فَسَلَكُوا سَبِيلَ الْمُهَاجِرِينَ وَاخْتَلَفُوا كَاخْتِلَافِهِمْ

ફર્માવ્યું, આપ લોકો મારી પાસેથી જાવ. પછી ફર્માવ્યું, અન્સારને બોલાવો. મેં અન્સારને બોલાવ્યા અને તેમનાથી

فَقَالَ ارْتَفِعُوا عَنِّي ثُمَّ قَالَ ادْعُ لِي مَنْ كَانَ هٰهُنَا مِنْ مَشْيَخَةِ قُرَيْشٍ

મશ્વરો કર્યો. તેમણે પણ મુહાજિરની રવિશ પર વાત કરી અને એમના જેમ જ મતભેદ કર્યો. ફર્માવ્યું, તમે લોકો

مِنْ مُهَاجِرَةِ الْفَتْحِ فَدَعَوْتُهُمْ فَلَمْ يَخْتَلِفْ مِنْهُمْ عَلَيْهِ رَجُلَانِ فَقَالُوا

મારી પાસેથી જાવ. પછી ફર્માવ્યું, મારા માટે એમને બોલાવો જેઓ ફતહના મુહાજિરોમાં કુરૈશ શયખોમાંથી

نَرَى أَنْ تَرْجِعَ بِالنَّاسِ وَلَا تُقْدِمَهُمْ عَلَى هٰذَا الْوَبَاءِ فَنَادَى عُمَرُ فِي النَّاسِ

છે. મેં તેમને બોલાવ્યા તો તેમનામાંથી બે માણસોએ પણ મતભેદ ન કર્યો અને સૌએ એકમતિએ કહ્યું કે અમારી

إِنِّي مُصَبِّحٌ عَلَى ظَهْرٍ فَأَصْبِحُوا عَلَيْهِ قَالَ أَبُو عُبَيْدَةَ أَفِرَارًا مِنْ قَدَرِ اللّٰهِ

રાય એ છે કે આપ લોકોને લઈને પરત થઈ જાવ અને લોકોને આ વબા પર ન પેશ કરો. ત્યારબાદ હઝરત ઉમરે

فَقَالَ عُمَرُ لَوْ غَيْرُكَ قَالَهَا يَا أَبَا عُبَيْدَةَ نَعَمْ نَفِرُّ مِنْ قَدَرِ اللّٰهِ إِلَى قَدَرِ اللّٰهِ

લોકોમાં એલાન કરાવી આપ્યું કે હું સવારે સવાર થનારો છું. તો સર્વ લોકો વાપસીના માટે તૈયાર થઈ ગયા. તો

أَرَأَيْتَ لَوْ كَانَ لَكَ إِبِلٌ هَبَطَتْ وَادِيًا لَهُ عُدْوَتَانِ إِحْدَاهُمَا خَصِبَةٌ

હઝરત અબૂ ઓબૈદાએ કહ્યું, (હે ઉમર) શું અલ્લાહની તક્દીરથી ભાગી રહ્યા છો ?! તો હઝરત ઉમરે ફર્માવ્યું, હે

وَالْأُخْرَى جَدْبَةٌ أَلَيْسَ إِنْ رَعَيْتَ الْخَصِبَةَ رَعَيْتَهَا بِقَدَرِ اللّٰهِ وَإِنْ

અબૂ ઓબૈદા ! કાશ ! તમારા સિવાય કોઈ અન્યએ આ વાત કહી હોત. અમે અલ્લાહની તક્દીરથી અલ્લાહની

رَعَيْتَ الْجَدْبَةَ رَعَيْتَهَا بِقَدَرِ اللّٰهِ قَالَ فَجَاءَ عَبْدُ الرَّحْمٰنِ بْنُ عَوْفٍ وَكَانَ

*તક઼દીર તરફ ભાગી રહ્યા છીએ. બતાવો ! જો તમારા માટે કેટલાંક ઊંટ હોય અને તું કોઈ એવા નાળામાં ઉતરે*

مُتَغَيِّبًا فِي بَعْضِ حَاجَتِهِ فَقَالَ إِنَّ عِنْدِي فِي هٰذَا عِلْمًا سَمِعْتُ رَسُولَ اللّٰهِ

*જેના બે કિનારા હોય, એક હર્યું ભર્યું બીજુ સૂકુ. શું એવું નથી કે તમે હર્યાભર્યામાં ચરાવશો તો અલ્લાહની*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ إِذَا سَمِعْتُمْ بِهِ بِأَرْضٍ فَلَا تَقْدَمُوا عَلَيْهِ وَإِذَا

*તક઼દીરથી ચરાવશો, જો સૂકા ભાગમાં ચરાવશો તો અલ્લાહની તક઼દીરથી ચરાવશો. ત્યારબાદ હઝરત અબ્દુર્રહમાન*

وَقَعَ بِأَرْضٍ وَأَنْتُمْ بِهَا فَلَا تَخْرُجُوا فِرَارًا مِنْهُ قَالَ فَحَمِدَ اللّٰهَ عُمَرُ

*ઈબ્ને ઔફ رضی اللہ عنہ આવ્યા. એ વખતે મૌજૂદ ન હતા, પોતાની જરૂરતના માટે ક્યાંક ગયા હતા. તેમણે કહ્યું,*

ثُمَّ انْصَرَفَ

*એના બારામાં મારી પાસે ઈલ્મ છે.* ***મૈં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે તમે કોઈ જમીનમાં વબા વિશે સાંભળો તો ત્યાં ન જાવ, અને જ્યારે કોઈ જમીનમાં વબા હોય અને તમે ત્યાં મૌજૂદ હોય તો વબાથી ભાગવાની નિય્યતથી કાંઈ બીજે ન જાવ.*** *એના પર હઝરત ઉમરે અલ્લાહની હમ્દ કરી અને ત્યાંથી પરત આવ્યા."*

**હદીષ : ૨૫૪૮ની સમજૂતી**

سَرْغ સીનને ઝબર, "રા" સાકિન. એને મુન્સરિફ પણ પઢવું જાઈઝ છે અને ગૈર મુન્સરિફ પણ. એમાં અલમિય્યત છે. જો એની એ તાવીલ કરવામાં આવે કે એ (એક જગાનું) નામ છે તો એ મુન્સરિફ છે, એમાં અલમિય્યત સિવાય અન્ય કોઈ સબબ નથી. અને જો એને બુક઼અતુનનો અલમ માનવામાં આવે તો ગૈર મુન્સરિફ થશે. અલમ તથા તાનીષે મઅનવીના કારણે. એ યરમૂકની નજીક એક જગાનું નામ છે જે મદીના પાકથી ૧૩ મંઝિલના ફાસલા પર શામના માર્ગે હિજાઝના અંતિમ છેડા પર છે. જેને હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہએ ફતહ કર્યું હતું. હિ.સ. ૧૭ કે ૧૮ના રબીઉલ આખરમાં હઝરત ઉમર رضی اللہ عنہનો આ સફર થયો હતો. ફતહ કરેલા પ્રદેશોની સ્થિતિ તથા વ્યવસ્થા તથા પ્રજાનો હાલ માલૂમ કરવાના હેતુથી ચાલ્યા હતા. સર્ગમાં પહોંચ્યા તો જાણવા મળ્યું કે લશ્કર અમ્વાસમાં રોકાયેલું છે અને લશ્કરમાં સખત પ્લેગ ફેલાયેલો છે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ત્યાં જ રોકાય ગયા. લશ્કરના સરદાર આવીને ત્યાં જ મળ્યા. તેમણે સ્થિતિ વર્ણવી જેની પૂરી વિગત હદીષમાં મૌજૂદ છે.

ક઼િસ્સો એ બન્યો કે મુજાહિદીન સહાબા તથા તાબઈન હિજાઝના રહેવાસી હતા. અહીંની આબોહવા શુષ્ક હતી. અમ્વાસ નીચાણવાળો ઈલાકો તથા ભેજવાળો હતો જેના કારણે લશ્કરમાં પ્લેગ ફેલાય ગયો. હઝરત ફારૂકે આ'ઝમે લશ્કરના સરદારોને હુકમ આપ્યો કે લશ્કર નીચાણવાળા વિસ્તારથી હટાવીને કોઈક ઊંચા તથા સાફ સુથરી આબોહવાવાળી જગાએ લઈ જવામાં આવે. પરંતુ એ વખતે લોકોએ એ વાત સ્વીકારી નહીં જેના

પરિણામે હજારો મુજાહિદો વબાથી અલ્લાહને પ્યારા થઈ ગયા. હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ અને હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہما જેવા પણ સામેલ હતા. પછી છેવટમાં સમજદાર સહાબાએ કિરામની સમજાવટ પર લશ્કર ત્યાંથી ટ્રાન્સફર થયું અને જાબિયહમાં જઈને સ્થાયી થયું તો રાહત થઈ.

**પ્રકરણ : "દમ કરવા પર બકરીના એક ટોળાની શર્ત."** –(૮૫૪)

بَابُ الشَّرْطِ فِي الرُّقْيَةِ بِقَطِيعٍ مِّنَ الْغَنَمِ ۔ ص ٨٥٤ ۔

٢٥٤٩ حديث

عَنِ ابْنِ أَبِي مُلَيْكَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا أَنَّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે અસ્હાબે રસૂલુલ્લાહમાંથી* **[હદીષ : ૨૫૪૯]**

نَفَرًا مِّنْ أَصْحَابِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَرُّوا بِمَاءٍ فِيهِمْ

*કેટલાક લોકો એક પાણી પર પહોંચ્યા એમાં એક ડંખ પામેલો હતો. તો સહાબાએ કિરામની પાસે ત્યાંના*

لَدِيغٌ أَوْ سَلِيمٌ فَعَرَضَ لَهُمْ رَجُلٌ مِّنْ أَهْلِ الْمَاءِ فَقَالَ هَلْ فِيكُمْ مِّنْ رَاقٍ

*રહેવાસીઓમાંથી એક શખ્સ આવ્યો અને તેણે કહ્યું, શું તમારામાં કોઈ દમ કરનારો છો ? અહીં એક શખ્સને ડંખ*

إِنَّ فِي الْمَاءِ رَجُلًا لَدِيغًا أَوْ سَلِيمًا فَانْطَلَقَ رَجُلٌ مِّنْهُمْ فَقَرَأَ بِفَاتِحَةِ

*વાગેલો છે. તો એમનામાંથી એક સાહબ (હઝરત અબૂ સઈદ ખુદરી) ગયા અને કેટલીક બકરીઓની શર્ત પર*

الْكِتَابِ عَلَى شَاءٍ فَبَرَأَ فَجَاءَ بِالشَّاءِ إِلَى أَصْحَابِهِ فَكَرِهُوا ذَالِكَ وَقَالُوا

*સૂરએ ફાતિહા પઢયા. તે શખ્સ સાજો થઈ ગયો. તે સાહબ બકરીઓ લઈને તેમના સાથીઓની પાસે આવ્યા તો*

أَخَذْتَ عَلَى كِتَابِ اللّٰهِ أَجْرًا حَتَّى قَدِمُوا الْمَدِينَةَ فَقَالُوا يَا رَسُولَ اللّٰهِ

*તેમના સાથીઓએ એને નાપસંદ કર્યુ અને કહ્યું, તમે કિતાબુલ્લાહ પર મજૂરી લીધી છે. ત્યાં સુધી કે જ્યારે*

أَخَذَ عَلَى كِتَابِ اللّٰهِ أَجْرًا فَقَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

*મદીના તયબહ આવ્યા તો એ લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એણે કિતાબુલ્લાહ પર મજૂરી લીધી છે.*

إِنَّ أَحَقَّ مَا أَخَذْتُمْ عَلَيْهِ أَجْرًا كِتَابُ اللّٰهِ ۔

*રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે ચીજો પર તમે મજૂરી (મહેનતાણુ) લો છો તેમાં અલ્લાહની કિતાબ સૌથી વિશેષ મહેનતાણાની મુસ્તહિક્ છે."*

**હદીષ : ૨૫૪૯ની સમજૂતી**

આ હદીષ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ની રિવાયતથી નુઝહતુલ ક઼ારી, ભાગ : ૫, પેજ : ૨૯૬

(ગુજરાતીમાં પેજ : ૩૧૪) પર વર્ણન થઈ ચૂકી છે, ત્યાં એના પર જરૂરત મુજબ ચર્ચા કરી ચૂક્યા છીએ.

અંતમાં જે ફર્માવ્યું, ان احق ما خذ تم عليه اجرا كتاب الله એનાથી તે લોકો દલીલ લાવે છે જેઓ કુર્આનની તા'લીમ પર મેહનતાણુ લેવાને જાઈઝ કહે છે. પરંતુ એ સહીહ નથી. જેમ કે ભાગ : ૫માં અમે હદીષથી સાબિત કરી ચૂક્યા છીએ, હુઝૂર ﷺએ ફર્માવ્યું, اقرأوا القران ولا تاكلوابه ولا تستكثروابه કુર્આન પઢો અને એનો એવજ (બદલામાં) ન ખાવ અને તેને પુષ્કળ માલ ભેગો કરવાનો ઝરીઓ ન બનાવો. એટલા માટે કુર્આનની તા'લીમ માટે મેહનતાણુ લેવું જાઈઝ નથી. અહીં ખાસ કુર્આનથી દમ કરવા પર મહેનતાણુ લેવાનુ જાઈઝ હોવું મુરાદ છે.

## بَابُ رُقْيَةِ الْعَيْنِ ص ٨٥٤

**પ્રકરણ : "નજર લાગવા પર દમ કરવાનું બયાન."** –(૮૫૪)

**٢٥٥٠ حديث** سَمِعْتُ عَبْدَ اللّٰهِ بْنَ شَدَّادٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ

**[હદીષ : ૨૫૫૦]** *"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ*

عَنْهَا قَالَتْ أَمَرَنِي النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَوْ أَمَرَ أَنْ يُسْتَرْقَى مِنَ الْعَيْنِ ل

*મને હુકમ આપ્યો, અથવા એ રિવાયત કરી કે હુકમ આપ્યો કે આંખની તકલીફ દૂર કરવા માટે કોઈ દમ કરનારને બોલાવવામાં આવે." (મુસ્લિમ–તિબ્બ, નિસાઈ–તિબ્બ, ઈબ્ને માજહ–તિબ્બ)*

**٢٥٥١ حديث** عَنْ زَيْنَبَ بِنْتِ أَبِي سَلَمَةَ عَنْ أُمِّ سَلَمَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

**[હદીષ : ૨૫૫૧]** *"ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ એ*

وَسَلَّمَ رَأَى فِي بَيْتِهَا جَارِيَةً فِي وَجْهِهَا سَفْعَةٌ فَقَالَ اسْتَرْقُوا لَهَا فَإِنَّ بِهَا النَّظْرَةَ.

*તેમના ઘરમાં એક છોકરીને જોઈ જેના ચહેરામાં ધબ્બો હતો. ફર્માવ્યું, એના માટે દમ કરવાવાળાને બોલાવો, એટલા માટે કે એને નજર લાગી ગઈ છે."*

### હદીષ : ૨૫૫૧ની સમજૂતી

سُفْعَةٌ ચેહરામાં કાળા કે પીળા ધબ્બાને કહે છે. નજર જે રીતે માણસોની લાગે છે એ રીતે જિન્નોની પણ લાગે છે. હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہનો જ્યારે વિસાલ થયો તો એક અવાજ આવ્યો, કોઈ કહેનારો કહે છે : نحن قتلنا سيدا الخزرج سعدبن عباده۔ ورميناه بسهم لم يخطئ فؤاده (અર્થ) : અમે ખઝરજના સઅદ બિન ઓબાદાને મારી નાખ્યો. અને એમને એવું તીર માર્યું જે બરાબર એમના દિલ પર વાગ્યું.

## بَابُ الْعَيْنُ حَقٌّ ص ۸۵۴

**પ્રકરણ : "નજરનું લાગવું સાચુ છે."** –(૮૫૪)

حديث ۲۵۵۲ عَنْ هَمَّامٍ عَنْ اَبِی هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ

**[હદીષ : ૨૫૫૨]** *"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, નજર હક્ક્*

تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ قَالَ الْعَيْنُ حَقٌّ وَ نَهٰی عَنِ الْوَشْمِ ـ لـه

*છે અને ગુદવાથી મના ફર્માવ્યું." (૨/૮૭૯ કિતાબુલ્લિબાસ બાબુલ વાશિમહ, મુસ્લિમ, અબૂ દાઊદ–તિબ્બ)*

**હદીષ : ૨૫૫૨ની સમજૂતી** નજરના હક્ક્ હોવા અને ગુદવાથી મનાઈમાં કોઈ મળતાપણુ નથી. શક્ય છે કે કોઈએ હુઝૂર ﷺને બંનેવ વાતો પૂછી હોય અથવા એક જ મજલિસમાં બે શખ્સોએ બંને વાતો પૂછી હોય. અથવા મજલિસમાં બંનેવ વાતોની ચર્ચા ચાલી રહી હોય તો હુઝૂરે બયાન ફર્માવી આપ્યું. એ પણ શક્ય છે કે બંનેવ બે વિવિધ હદીષ હોય. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કોઈ મસ્લેહત અથવા જરૂરતની બિના પર બંનેવને એકી સાથે વર્ણવી આપી હોય. દા.ત. મજલિસમાં એવા લોકો રહ્યા હોય જેઓ નજરના હક્ક્ હોવાના મુન્કિર હોય અને ગુદવાના અમલને જાઈઝ કહી રહ્યા હોય તો હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ બંનેવ વાતોને એકઠી કહી આપી હોય.

## بَابُ رُقْيَةِ الْحَيَّةِ وَالْعَقْرَبِ ص ۸۵۴

**પ્રકરણ : "સાપ તથા વીછીના ડંખ મારવા પર દમ કરવાનુ બયાન."** –(૮૫૪)

حديث ۲۵۵۳ حَدَّثَنَا عَبْدُ الرَّحْمٰنِ بْنُ الْاَسْوَدِ عَنْ اَبِيْهِ قَالَ سَاَلْتُ عَائِشَةَ

**[હદીષ : ૨૫૫૩]** *"અસ્વદ બિન યઝીદે કહ્યું, મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી ઝેરીલા*

رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا عَنِ الرُّقْيَةِ مِنَ الْحُمَةِ فَقَالَتْ رَخَّصَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

*જાનવરના કરડવા પર દમ કરવા (ફૂંક મારવા)ના બારામાં પૂછયું તો ફર્માવ્યું કે*

عَلَيْهِ وَسَلَّمَ الرُّقْيَةَ مِنْ كُلِّ ذِیْ حُمَةٍ

*રસૂલુલ્લાહ ﷺએ એની ઈજાઝત આપી છે." (મુસ્લિમ, નિસાઈ–તિબ્બ)*

**હદીષ : ૨૫૫૩ની સમજૂતી** رَخَّصَનો શબ્દ બતાવી રહ્યો છે કે પહેલાં મનાઈ હતી પછી બાદમાં ઈજાઝત અતા ફર્માવી. કારણ એ છે કે જાહિલિયતના યુગમાં વિવિધ પ્રકારના મંત્રો પઢવામાં આવતા હતા જેમાં એવા શબ્દો હોતા જે કુફ્ર શિર્ક સુધીના હોતા, એટલા માટે શરૂમાં ઝાડફૂંકથી મના કર્યુ. જ્યારે લોકોને એ માલૂમ થઈ ગયું કે જાહિલિયતના જમાનાના પઢાતા મંત્રો પઢવા મના છે અને કુર્આને કરીમની આયતો તથા હદીષોમાં આવેલી દુઆઓ વડે દમ કરવો જાઈઝ છે તો ઈજાઝત આપી દીધી.

ઈબ્ને વહબે, ઈબ્ને શહાબ ઝુહરીથી રિવાયત કરી કે ઘણા બધા ઈલ્મવાળાઓથી એ વાત મારા સુધી પહોંચી કે નબી ﷺએ ઝાડફૂંકથી મના ફર્માવ્યું, ત્યાં સુધી કે મદીના શરીફ તશરીફ લાવ્યા. એ જમાનામાં ઘણા મંત્રો એવા હતા જેમાં શિર્ક હતું. જ્યારે મદીના તશરીફ લાવ્યા તો એક સહાબીને કોઈ જાનવરે ડંખ માર્યો તો લોકોએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ

آلِ حزم ઝેરીલા જાનવરોના કરડવાથી ઝાડફૂંક કરતા હતા, જ્યારે મના કરી આપ્યું તો તેમણે છોડી આપ્યું. ફર્માવ્યું, હઝ્મને બોલાવો ! અને એ બદરમાં શરીક થયા હતા. ફર્માવ્યું, તમારી દુઆ મને સંભળાવો ! તેમણે સંભળાવી. હુઝૂરે તેમાં કોઈ વાંધો ન જાણ્યો અને ઈજાઝત આપી દીધી. *(ઉમ્દતુલ કારી, ૨૧/૨૬૮)*

## بَابُ رُقْيَةِ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ۸۵۵

**પ્રકરણ : "નબી ﷺની દુઆ"** –(૮૫૫)

حدیث ۲۵۵۴ عَنْ عَبْدِ الْعَزِيْزِ قَالَ دَخَلْتُ أَنَا وَ ثَابِتٌ عَلَى أَنَسِ بْنِ مَالِكٍ

*"અબ્દુલ અઝીઝે કહ્યું કે હું તથા ષાબિત હઝરત અનસની ખિદમતમાં હાજર થયા* **[હદીષ : ૨૫૫૪]**

فَقَالَ ثَابِتٌ يَا أَبَا حَمْزَةَ اِشْتَكَيْتُ فَقَالَ أَنَسٌ أَلَا أَرْقِيْكَ بِرُقْيَةِ

*તો ષાબિતે કહ્યું, હે અબૂ હમ્ઝા ! હું બીમાર થઈ ગયો છું. તો હઝરત અનસે ફર્માવ્યું કે શું હું તમારા પર*

رَسُوْلِ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ بَلَى قَالَ اَللّٰهُمَّ رَبَّ النَّاسِ مُذْهِبَ

*હુઝૂર ﷺની દુઆ પઢીને દમ ન કરી દઉં ? તેમણે કહ્યું, જરૂર ! તેમણે કહ્યું, "હે અલ્લાહ ! લોકોના*

الْبَاسِ اِشْفِ أَنْتَ الشَّافِيْ لَا شَافِيَ إِلَّا أَنْتَ شِفَاءً لَا يُغَادِرُ سَقَمًا ع

*પરવરદિગાર ! તકલીફને દૂર ફર્માવનાર ! શિફા આપ, તું શિફા આપનાર છે. તારા સિવાય કોઈ શાફી નથી.*

*એવી શિફા આપ જે બીમારીને કાંઈપણ ન છોડે." (મુસ્લિમ, નિસાઈ–તિબ્બ, અમરુલ યોમિ વલ્લૈલ)*

### હદીષ : ૨૫૫૪ની સમજૂતી

بَاس એમાં "બાઅ" પછી હમ્ઝા હતો. નાસના તનાસુબના લીધે હમ્ઝાને અલિફથી બદલી નાખ્યો, رأس ના કાયદાથી. مُذْهِب الْبَاس થી ઈસ્મે ફાઈલ છે. આમ રિવાયતોમાં اذهب الباس છે. એના પર કેટલાક લોકોએ એવું કહ્યું કે અલ્લાહ ﷻના અસ્મા તૌકીફી છે. مُذْهِبَ એમાં નથી, પરંતુ જ્યારે હદીષમાં આવેલ છે તો પછી કોઈ વાંધાને સ્થાન નથી. બીજી વાત એ છે કે કલામ બિલા ઈઝાફત તથા નિસ્બતમાં છે, પરંતુ ઈઝાફત તથા નિસ્બતના બાદ એવા સેગાઓનો ઈત્લાક બારી તઆલા પર જાઈઝ છે, જેમાં નક્સ (ખામી)ની સંભાવના ન હોય. દા.ત. મુઅલ્લિમનો ઈત્લાક બારી તઆલા પર જાઈઝ નથી, પણ કુર્આને કરીમમાં છે : وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ

★ બીમાર પર દમ કરવું ★

حدیث ۲۵۵۵ عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ قَالَ أَخْبَرَنِي أَبِي عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ આ **[હદીષ : ૨૫૫૫]**

تَعَالَى عَنْهَا أَنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَرْقِي يَقُولُ أَمْسِحِ

પ્રમાણે પઢીને બીમાર પર દમ કરતા હતા : "તકલીફ દૂર ફર્માવનાર ! લોકોના પરવરદિગાર !

الْبَاسَ رَبَّ النَّاسِ بِيَدِكَ الشِّفَاءُ لَا كَاشِفَ لَهُ إِلَّا أَنْتَ

તારા દસ્તે કુદરતમાં શિફા છે, સિવાય તારા કોઈ બીમારી દૂર કરનાર નથી."

حدیث ۲۵۵۶ عَنْ عَمْرَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا أَنَّ النَّبِيَّ صَلَّى اللهُ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ આ પઢીને **[હદીષ : ૨૫૫૬]**

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ لِلْمَرِيضِ بِسْمِ اللهِ تُرْبَةُ أَرْضِنَا وَرِيقَةُ بَعْضِنَا

બીમાર પર દમ કરતા હતા : અલ્લાહના નામાથી શિફા તલબ કરી રહ્યો છું, અમારી જમીનની ધૂળ તથા અમારા

يُشْفَى سَقِيمُنَا

અમુકનું થૂક અમારા બીમારને શિફા આપે છે." (મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–તિબ્બ, અમરુલ યૌમિ વલ્લૈલ)

**હદીષ : ૨૫૫૬ની સમજૂતી** ઈમામ નવવીએ ફર્માવ્યું કે હદીષનો અર્થ એ છે કે હુઝૂરે અક્દસ ﷺ પોતાનું થૂક મુબારક (લુઆબે દહન) લેતા અને કલ્માની આંગળી પર રાખતા અને આંગળીને માટી પર રાખતા જેમાં કેટલીક માટી ચોંટી જતી. પછી પીડાવાળી જગા પર ઘસતા અને ઉપરવાળી દુઆ પઢતા. એક કૌલ એ છે કે જમીનથી મુરાદ ખાસ મદીનાની જમીન છે અને અમુકથી મુરાદ ખુદ હુઝૂરે અક્દસ ﷺ છે. તો આવી સ્થિતિમાં એ હુઝૂર ﷺની સાથે ખાસ થયું. શરહકર્તાઓએ ફર્માવ્યું કે આ ખાસ કરવામાં વાંધો છે. એનાથી જાહેર થયું કે એમાં ઉમૂમ (સામાન્યપણુ) છે. અલ્લાહ બેહતર જાણનાર છે. એના બાદવાળી રિવાયતમાં છેવટમાં بِاذْنِ رَبِّنَا અધિક છે.

## بَابُ الطِّيَرَةِ ص ۸۵۶

**પ્રકરણ : "અપશુકનનું બયાન"** –(૮૫૬)

حدیث ۲۵۵۷ أَخْبَرَنِي عُبَيْدُ اللهِ بْنُ عَبْدِ اللهِ بْنِ عُتْبَةَ أَنَّ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે **[હદીષ : ૨૫૫૭]**

نَعَالٰی عَنْہُ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ لَا طِیَرَۃَ

*બદ્‌ફાલી નથી અને એનાથી સારી, સારી ફાલ છે. લોકોએ પૂછયું, ફાલ શું છે ?*

وَخَیْرُھَا الْفَالُ قَالُوْا وَمَا الْفَالُ قَالَ اَلْکَلِمَۃُ الصَّالِحَۃُ یَسْمَعُھَا اَحَدُکُمْ

*ફર્માવ્યું, સારો કલમો જે તમે કોઈનાથી સાંભળો."*

**હદીષ : ૨૫૫૭ની સમજૂતી**

الفال وخیرھا થી જાહેર રીતે એ જણાય છે કે બદશગૂનીમાં પણ અચ્છાઈ છે, જ્યારે કે તેમાં કોઈ ભલાઈ નથી. અહીં ખૈર બગૈર મઅના તફઝીલીના મુજર્રદ સિફતના માટે છે. જેમ કે ઈર્શાદ છે : اَصۡحَابُ الۡجَنَّۃِ یَوۡمَئِذٍ خَیۡرٌ مستقرا "જન્નતી આજે શ્રેષ્ઠ ઠેકાણે છે." આ એ જ પ્રમાણે છે જેવી રીતે બોલે છે : الصیف خیر من الشتاء طیرۃ બદશગૂની (અપશુકન)ને કહે છે અને ફાલ સારા શુકન લેવાને કહે છે. દા.ત. ઘરથી બહાર નીકળ્યા અને કોઈને છીંક આવી ગઈ, તો હિંદુઓની માન્યતા છે કે નુકસાન થશે, આ બદશગૂની છે. અને ઘરથી બહાર નીકળ્યા અને કોઈ એવી વ્યક્તિ આવે જેનું નામ હસન છે, એનાથી તારવ્યું કે અમારું કામ બની જશે. આ ફાલ છે. لاطیرۃ નો મતલબ એ છે કે **જો એ પ્રકારની કોઈ વાત સામે આવી જાય જેનાથી લોકો બદશગૂની (અપશુકન) લેતા હોય, તો રોકાય નહીં, અલ્લાહ પર ભરોસો કરીને પોતાના કામ પર જાય.**

વહેમના નિવારણ માટે આ મોક઼ા પર હદીષમાં એક દુઆ ઈર્શાદ થઈ છે એને પઢી લે, ઈન્શાઅલ્લાહ ! કોઈ નુકસાન થશે નહીં. તે દુઆ આ છે :–

اَللّٰھمّ لا طیرۃ الّا طیرک ولا خیر الا خیرک ولا الہ غیرک اللّٰھمّ لا یاتی بالحسنات الا انت ولا یذھب بالسئیات الا انت

## بَابُ الْفَالِ صـ ۸۵۶

**પ્રકરણ : "સારો શુકન (શગૂન) લેવો."** *–(૮૫૬)*

حدیث ۲۵۵۸ **[હદીષ : ૨૫૫૮]** حَدَّثَنَا قَتَادَۃُ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عنہ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

**"હઝરત અનસ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે નબી ﷺ એ ફર્માવ્યું : બીમારીની**

وَسَلَّمَ قَالَ لَا عَدْوٰی وَلَا طِیَرَۃَ وَیُعْجِبُنِی الْفَالُ الصَّالِحُ الْکَلِمَۃُ الْحَسَنَۃُ

**છૂટ (ચેપ) નથી અને બદશગૂની નથી, અને મને સારી ફાલ સારી વાત પસંદ છે."**

*(૨/૮૫૯ બાબુલ અદ્‌વા, અબૂ દાઊદ–તિબ્બ, તિર્મિઝી–સિયર)*

**હદીષ : ૨૫૫૮ની સમજૂતી** ફાલનું દૃષ્ટાંત એ છે કે જ્યારે સુલહે હુદૈબિયાના મોક઼ા પર વાતચીત કરવાના માટે સુહૈલ બિન અમ્ર આવ્યા તો હુઝૂરે ફર્માવ્યું : قَدۡ سَہُلَ لکم من أمرکم તમારું કામ આસાન થઈ ગયું. *(બુખારી, ૧/૩૭૯)*

## بَابُ الكهانة ص۸۵۷

**પ્રકરણ : "કહાનત (જ્યોતિષ વિદ્યા)નું બયાન." –(૮૫૭)**

حدیث ۲۵۵۹ [હદીષ : ૨૫૫૯]

عَنْ اَبِیْ سَلَمَۃَ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ હઝીલની બે સ્ત્રીઓના બારામાં ફૈસલો*

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَضٰی فِی امْرَاَتَیْنِ مِنْ ھُذَیْلٍ اِقْتَتَلَتَا فَرَمَتْ

*ફર્માવ્યો જે આપસમાં લડી હતી. એમાંથી એકે બીજીને પથ્થર ફૈંકીને માર્યો જે બીજીના પેટ પર વાગ્યો. તે*

اِحْدٰھُمَا الْاُخْرٰی بِحَجَرٍ فَاَصَابَ بَطْنَھَا وَھِیَ حَامِلٌ فَقَتَلَتْ وَلَدَھَا

*સગર્ભા હતી જેનાથી એના પેટનું બાળક મરી ગયું. બંનેવ નબી ﷺ ની ખિદમતમાં ફૈસલાના માટે આવી.*

الَّذِیْ فِیْ بَطْنِھَا فَاخْتَصَمُوْا اِلَی النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَقَضٰی اَنَّ

*હુઝૂરે ફૈસલો ફર્માવ્યો કે એના પેટના બાળકની દિયત (ખૂનના બદલો) ગુર્રા છે ગુલામ કે બાંદી. એના પર એ*

دِیَۃَ مَا فِیْ بَطْنِھَا غُرَّۃٌ عَبْدٌ اَوْ اَمَۃٌ فَقَالَ وَلِیُّ الْمَرْاَۃِ الَّتِیْ غَرِمَتْ کَیْفَ اَغْرَمُ

*સ્ત્રીના વલીએ કહ્યું,* જેના પર દિયત વાજિબ કરવામાં આવી હતી, હું એનું તાવાન કેવી રીતે આપું યા રસૂલલ્લાહ !

یَا رَسُوْلَ اللّٰہِ مَنْ لَّا شَرِبَ وَلَا اَکَلَ وَلَا نَطَقَ وَلَا اسْتَھَلَّ فَمِثْلُ ذٰلِکَ یُطَلُّ فَقَالَ

ﷺ જેણે ન પીધુ ન ખાધુ ન બોલ્યુ ન ચીખ્યુ એવાનું ખૂન નિરર્થક છે તો નબી ﷺ એ ફર્માવ્યું કે આ કાહિનો

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِنَّمَا ھٰذَا مِنْ اِخْوَانِ الْکُھَّانِ ۳؎

(જ્યોતિષો)ના ભાઈઓમાંથી છે. *(૨/૯૯૮ મુત્તસિલન્ ફી હાઝલ બાબ, કિતાબુલ ફરાઈઝ, ૧/૧૦૨૦ દિયાત–બે તરીકાથી)*

### હદીષ : ૨૫૫૯ની સમજૂતી

کِہَانَتْ કાફના ઝબર અને ઝેર બંનેવ વડે છે. "કહાનત" (જ્યોતિષપણુ)નો અર્થ છે ગયબના ઈલ્મનો દાવો કરવો. જેમ કે ભવિષ્યમાં થનારી વાતોની ખબર આપી કોઈ સબબની તરફ નિસ્બત કરીને. દા.ત. તારાઓનો ઈલ્મ (ઈલ્મે નજૂમ) અથવા અરાફા (જ્યોતિષ વિદ્યા) પર ભરોસો કરીને.

کاھن (કાહિન, જ્યોતિષ, ભવિષ્યવેત્તા) એને કહે છે જે છુપી વાતો અથવા ભવિષ્યમાં થનારી વાતોની ખબર આપે. ચાહે અધ્ધર તાલ રીતે અથવા કોઈ ખાસ ઈલ્મ પર ભરોસો કરીને. غُرَّۃ પેશાનીની સફેદીને કહે છે. એનાથી મુરાદ આખુ શરીર છે, એટલે કે દિયતમાં પૂરો માણસ આપવો, એક ગુલામ અથવા એક બાંદી. એણે કાહિનોની જેમ કોશિશપૂર્વક કાવ્યમય વાત કરી, જેના પર હુઝૂરે ફર્માવ્યું કે આ કાહિનોના ભાઈઓમાંથી છે. કાહિનોની પણ આદત હતી કે તેઓ કોશિશપૂર્વક કાવ્યમય વાત બોલતા હતા. કાવ્યમય પ્રાસવાળી વાત બોલવી

મના નથી. ખુદ હુઝૂરે અક્દસ ﷺના ઘણા વાક્યો પ્રાસવાળાં રિવાયત થયેલાં છે. જેમ કે : صدق الله وعده ونصر عبده وهزم الأخزاب وحده અહીં નાપસંદીદગીનો પાયો એ છે કે તેણે શરીઅતનો હુકમ રદ કરવાના માટે કાવ્યમય પ્રાસવાળી વાત બોલી હતી, જેવી રીતે જ્યોતિષ પોતાની મનઘડત વાતોને કાવ્યમય પ્રાસ વડે બયાન કરતા હતા.

## بَابُ هَلْ يُسْتَخْرَجُ السِّحْرُ ۸۵۸

**પ્રકરણ : "શું જાદૂ કાઢવામાં આવશે ?"** –(૮૫૮)

ت ۷۴۰ وَقَالَ قَتَادَةُ قُلْتُ لِسَعِيدِ بْنِ الْمُسَيَّبِ رَجُلٌ بِهِ طِبٌّ أَوْ يُؤَخَّذُ

*"અને કતાદાએ કહ્યું, મેં સઈદ બિન મુસૈયબને પૂછ્યું કે જેના પર જાદૂ કરી દેવામાં* **[તઅલીક઼ : ૭૪૦]**

عَنْ اِمْرَاَتِهٖ يُحَلُّ عَنْهُ اَوْ يُنَشَّرُ قَالَ لَا بَاسَ بِهٖ اِنَّمَا يُرِيْدُوْنَ بِهٖ

*આવ્યો હોય અથવા સ્ત્રી પાસે જવાથી બાંધી દેવામાં આવ્યો હોય શું તેનો ઈલાજ કરવામાં આવશે ?*

الْاِصْلَاحَ فَاَمَّا مَا يَنْفَعُ فَلَمْ يُنْهَ عَنْهُ.

*ફર્માવ્યું, કાંઈ વાંધો નહીં ! એનાથી હેતુ સુધારણા છે કે જેનાથી લોકોને ફાયદો થાય એનાથી મના નથી."*

### તઅલીક઼ : ૭૪૦ની સમજૂતી

સવાલનો મક઼સદ એ છે કે જાદૂ કરવો મના છે પણ જાદૂના નિવારણ માટે જે તરકીબ કરવામાં આવે છે તે પણ જાદૂના સમાન છે, જાદૂની જેમ એમાં કેટલીક ખાસ દુઆઓ પઢવામાં આવે છે, કેટલીક ખાસ તરકીબ કરવામાં આવે છે, તો શું એ જાઈઝ છે ? જવાબનો સાર એ છે કે **કોઈને નુકસાન પહોંચાડવું હરામ છે, પરંતું કોઈની તકલીફ દૂર કરવા માટે કોઈ એવો અમલ કરવો જે શરીઅતની રૂએ મના ન હોય એ જાઈઝ છે.**

પ્રકરણ : "હામ્મા" કાંઈ નથી" –(૮૫૯) باب لا هامة ص ٨٥٩

حدیث ٢٥٦٠ عَنْ اَبِیْ سَلَمَةَ سَمِعَ اَبَاهُرَيْرَةَ رَضِیَ اللهُ تَعَالٰی عَنْهُ يَقُوْلُ قَالَ

*"અને અબૂ સલ્માથી રિવાયત છે કે તેમણે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને એવું* **[હદીષ : ૨૫૬૦]**

النَّبِیُّ صَلَّى اللهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ لَا يُوْرِدَنَّ مُمْرِضٌ عَلٰی مُصِحٍّ وَاَنْكَرَ اَبُوْهُرَيْرَةَ

*ફર્માવતાં સાંભળ્યા કે બીમાર જાનવરને તંદુરસ્ત જાનવરની પાસે ન લાવવામાં આવે. અને હઝરત અબૂ હુરૈરહએ*

الْحَدِيْثَ الْاَوَّلَ قُلْنَا اَلَمْ تُحَدِّثْ اَنَّهُ لَا عَدْوٰی فَرَطَنَ بِالْحَبْشِيَّةِ قَالَ اَبُوْ

*પહેલી હદીષને છોડી આપી, તો અમે કહ્યું, શું આપે એ નથી બયાન કર્યું કે બીમારીને ચેપ નથી! તો (ગુસ્સામાં)*

سَلَمَةَ فَمَا رَاَيْتُهُ نَسِیَ حَدِيْثًا غَيْرَهُ

*હબ્શી ભાષામાં કાંઈક કહ્યું, અબૂ સલ્માએ કહ્યું, મેં આ હદીષના સિવાય અન્ય કાંઈ બોલતા તેમને નથી જોયા."*

## હદીષ : ૨૫૬૦ની સમજૂતી

### ★ બીમારીને ચેપ નથી ★

મતલબ એ છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જ એ પણ રિવાયત થયેલ છે કે "અ઼દવા" નથી. પછી તેમણે આ હદીષ વર્ણન કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બીમાર જાનવરને તંદુરસ્તની પાસે ન લાવો. જ્યારે અમે હઝરત અબૂ હુરૈરહને પૂછયું કે આપે જ એ હદીષ વર્ણવી છે કે "અ઼દવા" નથી. તો નારાજ થઈ ગયા અને કાંઈક કહ્યું જે અમારી સમજમાં ન આવ્યું. હક઼ીક઼તમાં બંનેવ હદીષોમાં ટકરાવ (કોન્ટ્રાસ) નથી. لا عدوی જે ફર્માવ્યું તે પોતાની હક઼ીક઼ત પર આધારિત છે. અને એ જે ફર્માવ્યું કે બીમાર જાનવરને તંદુરસ્તની પાસે ન લાવો. એ પબ્લિકની માન્યતાની હિફાઝતના માટે છે કે જો ધારો કે તક઼દીરે ઈલાહીથી તંદુરસ્ત જાનવર બીમાર થઈ ગયું તો પબ્લિક એવું માનશે કે એને પહેલા જાનવરની બીમારી લાગી ગઈ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનું નારાજ થવું એ જ કારણે હતું. બંનેવમાં ટકરાવ ન હતો, અને અબૂ સલમાએ ટકરાવ સમજીને વાંધો ઉઠાવ્યો હતો. અને હક઼ીક઼ત એ નથી કે હઝરત અબૂ હુરૈરહ પહેલી હદીષ ભૂલી ગયા હતા. કદી કદી ઉસ્તાદો પર એવા સંજોગો ખડા થાય છે કે તેઓ પોતાના શાગિર્દોને ઉપર ઉપરની વાતો પર તેમને ધમકાવી કાઢે છે અને ધમકાવીને છોડી આપે છે. અને અબૂ સલમાએ જે કહ્યું કે હઝરત અબૂ હુરૈરહ એ હદીષને ભૂલી ગયા, એ એમણે પોતાની સમજ પ્રમાણે કહ્યું હતું. હક઼ીક઼તમાં ભૂલ્યા ન હતા.

بسم اللہ الرحمٰن الرحیم

# کتاب اللباس ص ۸۶۰

## (કિતાબુલ્ લિબાસ) "લિબાસ વિશે પ્રકરણ'' –(૮૬૦)

باب قول اللہ تعالیٰ قل من حرم زینۃ اللہ التی اخرج لعبادہ ص ۸۶۰

**પ્રકરણ : ''અલ્લાહના આ ઈર્શાદનું બયાન : ફર્માવી દો કોણે હરામ કરી અલ્લાહની તે ઝીનત (શોભા) જે તેણે બંદાઓના માટે કાઢી.''** *(અઅ્રાફ–૩૨) –(૮૬૦)*

ت ۷۴۱ وقال النبی صلی اللہ تعالیٰ علیہ وسلم کلوا واشربوا والبسوا

*''અને નબી ﷺ એ ફર્માવ્યું, ખાવ, પીઓ અને પહેરો અને સદકો કરો,* **[તઅલીક઼ : ૭૪૧]**

وتصدقوا فی غیر اسراف ولا مخیلۃ

*ફુઝૂલ ખર્ચી અને ઘમંડ વિના.''*

**★ ફુઝૂલખર્ચી તથા ઘમંડથી મના કર્યું ★**

ت ۷۴۲ وقال ابن عباس کل ما شئت والبس ما شئت ما

*''અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, ખા જે ચાહે અને પહેર જે ચાહે,* **[તઅલીક઼ : ૭૪૨]**

اخطأتک اثنتان سرف او مخیلۃ

*અલ્બત્ત બે ભૂલો ન કરો : ફુઝૂલ ખર્ચી તથા ઘમંડ.''*

### તઅલીક઼ : ૭૪૨ની સમજૂતી

ઈસ્રાફનો અર્થ ફુઝૂલ ખર્ચી છે. એની હદ શું છે એ એક ગુંચવણભર્યો મસ્અલો છે. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ ફતાવા રઝવિય્યહ, ભાગ–૧માં પેજ–૧૮૦થી લઈને કેટલાયે પેજો સુધી એના પર ખૂબ જ તેહકીક઼પૂર્ણ ચર્ચા કરી છે, જેમણે એની તેહકીક઼ તથા સંશોધન જાણવું હોય તે એનો અભ્યાસ કરે.

**પ્રકરણ : "ઘૂંટીથી જે કપડુ નીચે હોય તે આગમાં છે."** –(૮૬૧)

بَابُ مَا أَسْفَلَ مِنَ الْكَعْبَيْنِ فَفِي النَّارِ صـ ٨٦١

حدیث ٢٥٦١

عَنْ أَبِي سَعِيدٍ الْمَقْبُرِيِّ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ عَنْهُ عَنِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૫૬૧]**

النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَا أَسْفَلَ مِنَ الْكَعْبَيْنِ مِنَ الْإِزَارِ فَفِي النَّارِ

*તેહબંદનો જે હિસ્સો ઘૂંટીઓથી નીચે હોય તે આગમાં છે."*

## હદીષ : ૨૫૬૧ની સમજૂતી

આશય એ છે કે જે ઘમંડના કારણે પોતાના તેહબંદ, લુંગી કે પાયજામા પેન્ટને ઘૂંટીથી નીચે રાખશે તો પગનો એટલો ભાગ આગમાં છે. "બરાહે તકબ્બુર"ની શર્ત એના બાદવાળી હદીષમાં આવી રહી છે. અને જો તકબ્બુરની નિય્યતે ન હોય, મજબૂરીના લીધે હોય દા.ત. પેટનો ઘાટ એવો છે કે લેંગો (ટ્રાવઝર) સરક્યા કરે છે તો માફ છે. જેમ કે મનાકિ઼બમાં અને આ પ્રકરણની બીજી હદીષમાં છે. હદીષ વર્ણન થઈ ચૂકી કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું કે, **"જે પોતાના કપડાને ઘમંડના કારણે ઘસેડશે અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે એના પ્રતિ રહમતની નજર કરશે નહીં."** તો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ મારા તેહબંદનો એક છેડો લટકી જાય છે પણ એ કે હું એનો ખાસ ખયાલ રાખું. ફર્માવ્યું, "તમે ઘમંડના કારણે એવું નથી કરતા." અને આદતરૂપે અથવા શોખના (ફેશનના) રૂપે ઘૂંટીથી નીચે તેહબંદ તથા પાયજામો (પેન્ટ વગેરે) રાખવું મના છે કેમ કે એ **ફાસિક઼ોની સ્ટાઈલ** છે. આજકાલ ઉલમા, ખાસ કરીને મુક઼ર્રિરો અને દીની મદ્રસાના તલબા આ વબામાં સપડાયેલા છે. અલ્લાહ તઆલા એમને હિદાયત આપે. હદીષમાં એ છે કે તેહબંદનો જે હિસ્સો ઘૂંટીઓની નીચે છે તે આગમાં છે, આ કિનાયહ (નિર્દેશ) છે શરીરના એ હિસ્સાથી જેના પર ઘૂંટીથી નીચે કપડુ લટકે.

بَابُ مَنْ جَرَّ ثَوْبَهُ مِنَ الْخُيَلَاءِ صـ ٨٦١

**પ્રકરણ : "જે પોતાના કપડાને ઘમંડભેર ઘસેડે"** –(૮૬૧)

حدیث ٢٥٦٢

عَنْ أَبِي سَعِيدٍ الْمَقْبُرِيِّ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ عَنْهُ عَنِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૫૬૨]**

النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَا أَسْفَلَ مِنَ الْكَعْبَيْنِ مِنَ الْإِزَارِ فَفِي النَّارِ

*અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેની તરફ રહમતની નજર નહીં ફર્માવે જે પોતાના*

إِلٰى مَنْ جَرَّ إِزَارَهٗ بَطَرًا

*તેહબંદને ઘમંડભેર ઘસેડશે."*

**હદીષ : ૨૫૬૨ની સમજૂતી** નિસાઈ તથા તિર્મિઝીમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે જ્યારે હુઝૂરે એવું ફર્માવ્યું, જે પોતાના કપડાને ઘમંડરૂપે ઘસેડશે તો ક્યામતના દિવસે અલ્લાહ તઆલા તેની તરફ રહમતની નજર નહીં ફર્માવે. કેમ કે હદીષમાં શબ્દ مَنْ (મનૂ) આમ હતો જે સ્ત્રી પુરૂષ બંનેને સામેલ છે, તો એનાથી ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہا એ એવું જાણ્યું કે સ્ત્રીઓ પણ એમાં દાખલ છે. તો તેમણે અર્ઝ કરી કે સ્ત્રીઓ પોતાના દામનોની સાથે શું કરે ? ફર્માવ્યું, એક વેંત લટકાવે. અર્ઝ કરી કે એટલાથી એમના કદમ ખુલી જશે ! ફર્માવ્યું, એક હાથ લટકાવે, એનાથી વધુ ન કરે.

અહીં એક વાત એ વિચારવા પાત્ર છે કે સ્ત્રીઓ પોતાના દામન ઘમંડમાં લટકાવતી ન હતી, બલ્કે પોતાના પગોને છુપાવવાને માટે લટકાવતી હતી કે જે ફર્ઝ છે. તો જો ઈજારનું ઘમંડભેર ઘૂંટીથી નીચે લટકાવવું મના હોત તો ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમાના આ સવાલનો કોઈ અવકાશ જ ન હતો. એના પરથી સમજમાં આવ્યું કે ઘૂંટીની નીચે તેહબંદ લટકાવવું મુત્લકન મના છે, ચાહે તે તકબ્બુરના કારણે ન હોય, જેવું કે અલ્લામા નવવીએ તાલીમ આપી.

### ★ ક્યામત સુધી જમીનમાં ધસશે ! ★

حدیث ۲۵۶۳ **[હદીષ : ૨૫૬૩]** حَدَّثَنَا مُحَمَّدُ بْنُ زِيَادٍ قَالَ سَمِعْتُ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવતા હતા કે નબી ﷺ (અથવા હઝરત અબૂ હુરૈરહએ કહ્યું હતું અબુલ*

عَنْهُ يَقُوْلُ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَوْ قَالَ أَبُو الْقَاسِمِ صَلَّى اللّٰهُ

*કાસિમ ﷺ)એ ફર્માવ્યું, (આ શક હઝરત ઈમામ બુખારીના ઉસ્તાદ આદમથી થયો છે) એક શખ્સ*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنَمَا رَجُلٌ يَمْشِي فِي حُلَّةٍ تُعْجِبُهُ نَفْسُهُ مُرَجِّلٌ

*પોતાના જોડ (કપડાં)માં અભિમાનભેર અને વાળોમાં કાંસકી કરતો જઈ રહ્યો હતો,* ***એવામાં અલ્લાહે એને***

جُمَّتَهُ إِذْ خَسَفَ اللّٰهُ بِهِ فَهُوَ يَتَجَلْجَلُ إِلٰى يَوْمِ الْقِيٰمَةِ ـ

***જમીનમાં ધસાવી દીધો. તે ક્યામત સુધી જમીનમાં તડપતો રહેશે."*** *(મુસ્લિમ-લિબાસ)*

**હદીષ : ૨૫૬૩ની સમજૂતી**

جُمَّةٌ જે વાળો ખભાઓ અથવા એની નીચે સુધી હોય એને "જુમ્મહ" કહે છે. અને જે કાનોની પટ્ટી સુધી હોય તેને "વફરા" કહે છે. يتجلجل એનો અર્થ હરકત કરવી, અહીં મુરાદ તડપવું છે. એટલે જમીનમાં ધસવા છતાં મરી નહીં જાય પણ જીવંત રહેશે અને ક્યામત સુધી તડપતો રહેશે.

حدیث ۲۵۶۴ حَدَّثَنَا شُعْبَةُ قَالَ لَقِيْتُ مُحَارِبَ بْنَ دِثَارٍ عَلٰى فَرَسٍ وَّهُوَ يَأْتِىْ

''શઅબાએ કહ્યું, મેં (કૂફાના કાઝી) મુહારિબ બિન દિષારથી મુલાકાત કરી અને તે **[હદીષ : ૨૫૬૪]**

مَكَانَهُ الَّذِىْ يَقْضِىْ فِيْهِ فَسَأَلْتُهُ عَنْ هٰذَا الْحَدِيْثِ فَحَدَّثَنِىْ قَالَ سَمِعْتُ

ઘોડા પર સવાર થઈને ત્યાં જઈ રહ્યા હતા જ્યાં બેસીને ફેંસલો કરતા હતા. મેં તેમને આ હદીષના બારામાં પૂછ્યું

عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ جَرَّ

તો તેમણે મને એ બયાન કર્યું કે મેં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને ફર્માવતાં સાંભળ્યા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ

ثَوْبَهُ مِنْ مَخِيْلَةٍ لَمْ يَنْظُرِ اللّٰهُ إِلَيْهِ يَوْمَ الْقِيٰمَةِ فَقُلْتُ لِمُحَارِبٍ أَذَكَرَ

ફર્માવ્યું કે જે પોતાના કપડાને ઘમંડભેર ઘસેડશે, અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની તરફ રહમતની નજર

إِزَارَهُ قَالَ مَا خَصَّ إِزَارًا وَلَا قَمِيْصًا ؎

નહીં કરે. શઅબાએ કહ્યું, મેં મુહારિબથી પૂછ્યું, શું તેમણે તેહબંદનો ઉલ્લેખ કર્યો હતો ? તેમણે બતાવ્યું, ન તેહબંદને ખાસ કર્યું ન કુર્તાને.'' (નિસાઈ–ઝીનત)

## હદીષ : ૨૫૬૪ની સમજૂતી

આ હદીષ હઝરત સાલિમે પોતાના પિતાથી પણ રિવાયત કરી છે અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી પણ, જેમ કે ઈમામ બુખારીએ એનાથી પહેલાં અબ્દુલ્લાહ મુહમ્મદ જરીર બિન ઝયદના તરીકાથી રિવાયત કરી છે કે હું સાલિમ ઈબ્ને અબ્દુસ્સલામની સાથે એમના ઘરના દરવાજા પર હતો. તેમણે કહ્યું, મેં અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી સાંભળ્યું કે તેમણે કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું. (અલ્હદીષ) અબુલ કાસિમે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના અહવાલમાં આ હદીષની સનદમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર અન અબી હુરૈરહ વર્ણન કર્યું છે. જેનો મતલબ એ થયો કે સાલિમે આ રિવાયત કરી કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરે છે. એ વહેમ છે. સહીહ એ છે કે હઝરત સાલિમ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર અને હઝરત અબૂ હુરૈરહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین બંનેથી રિવાયત કરે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી આ હદીષને રિવાયત નથી કરી. એના પર તંબીહ (સાવચેત) કરવાના માટે હઝરત ઈમામ બુખારીએ પ્રથમ અબ્દુલ્લાહ ઈબ્ને મુહમ્મદના તરીકાથી જરીર બિન ઝયદની આ રિવાયત વર્ણન કરી કે હું સાલિમ બિન અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરના ઘરના દરવાજા પર હતો. મેં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી સાંભળ્યું કે તેમણે નબી صلی اللہ علیہ وسلم થી આ હદીષ સાંભળી. પછી શઅબાની રિવાયત વર્ણવી કે તેમણે કહ્યું કે મેં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી સાંભળ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ આ પ્રમાણે ફર્માવ્યું. ત્યાર બાદ ઈમામ બુખારીએ તેના સમર્થનમાં ત્રણ મુતાબિઅત વર્ણન કરી, એક ઝયદ બિન અબ્દુલ્લાહ અન ઈબ્ને ઉમર અને એક નાફેઅ અન ઈબ્ને ઉમર અને એક સાલિમ અન ઈબ્ને ઉમર.

## بَابُ الْإِزَارِ الْمُهَدَّبِ صفحہ ٨٦١

**પ્રકરણ : "હાશિયાવાળી ઈજાર"** –(૮૬૧)

ت ٧٤٣ وَيُذْكَرُ عَنِ الزُّهْرِيِّ وَأَبِي بَكْرِ بْنِ مُحَمَّدٍ وَحَمْزَةَ بْنِ أَبِي

*"ઝુહરી અને અબૂબક્ર ઈબ્ને મુહમ્મદ (કાઝીએ મદીના) અને હમ્ઝા બિન અબી* **[તઅલીક઼ : ૭૪૩]**

أُسَيْدٍ وَمُعَاوِيَةَ بْنِ عَبْدِ اللهِ بْنِ جَعْفَرٍ أَنَّهُمْ لَبِسُوا ثِيَابًا مُهَدَّبَةً.

*ઉસૈદ અને મુઆવિયહ બિન અબ્દુલ્લાહ બિન જઅફર બિન અબી તાલિબના બારામાં વર્ણન કરવામાં*

*આવે છે કે તે લોકોએ લેસ (ડિઝાઈનવાળી પટ્ટી)વાળુ કપડુ પહેર્યુ."*

**તઅલીક઼ : ૭૪૩ની સમજૂતી**

مُهَدَّبનો અર્થ એ છે કે કપડાના કિનારા પર ડિઝાઈન બનાવી દેવામાં આવે ડિઝાઈનને શરીરને છુપાવવામાં કોઈ દખલ નથી કેવળ શોભાના માટે હોય છે. હઝરત ઈમામ બુખારીએ આ પ્રકરણ એટલા માટે રચ્યું કે કપડામાં સાઝ શણગાર માટે લેસ લગાડી લેવામાં આવે અથવા ગુલ બૂટે (લગાડી) લેવામાં આવે, એ ફુઝૂલખર્ચી નથી પણ ઝીનત (શોભા) છે.

## بَابُ الْبَرَانِسِ صفحہ ٨٦٣

**પ્રકરણ : "બરાનિસ (એક જાતની ટોપી)નું વર્ણન"** –(૮૬૩)

**સ્પષ્ટતા :** આ બુર્નુસનું બહુવચન છે. એ એક પ્રકારની લાંબી ટોપી હતી જેને અરબ લોકો પહેરતા હતા. કેમ કે એ જ પ્રકારની ટોપી નસારા (ઈસાઈ) પણ પહેરતા હતા, જેથી તેના જાઈઝ હોવા ન હોવા વિશે મતભેદ પડયો. હઝરત ઈમામ બુખારીએ જાહેર રીતે કોઈ ફેંસલો નથી આપ્યો. પરંતુ આ પ્રકરણ હેઠળ જે તઅલીક઼ તથા હદીષ લાવ્યા છે એનાથી એ જ ફલિત થાય છે કે એ જાઈઝ છે.

ت ٧٤٤ قَالَ لِي مُسَدَّدٌ حَدَّثَنَا مُعْتَمِرٌ قَالَ سَمِعْتُ أَبِي قَالَ رَأَيْتُ

*"અને સુલૈમાન તયમીએ કહ્યું, મેં હઝરત અનસ رضی اللہ عنہને જોયા કે તે પીળા* **[તઅલીક઼ : ૭૪૪]**

عَلَى أَنَسٍ بُرْنُسًا أَصْفَرَ مِنْ خَزٍّ.

*રંગની રેશમી તથા ઉનની બુર્નુસ પહેરતા હતા."*

**તઅલીક઼ : ૭૪૪ની સમજૂતી** બુર્નુસ જો કે નસારા પણ પહેરતા હતા પણ અરબવાસીઓ પણ સામાન્ય પણે પહેરતા હતા, એટલા માટે એ નસારાની ખાસ નિશાની ન હતી. નિશાની તે લિબાસ છે જે કોઈ કૌમની સાથે ખાસ હોય જેનાથી તેઓ ઓળખાતા હોય. خَزٌّ તે કપડાને જે રેશમ તથા ઊન વડે વણવામાં આવે.

દા.ત. તાણો રેશમનો હોય અને વાણો ઊનનો હોય. એવા લિબાસના જાઈઝ તથા નાજાઈઝ હોવામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)માં મતભેદ રહ્યો છે. અલ્લામા અયનીએ તેર સહાબાએ કિરામના બારામાં વર્ણન કર્યું છે કે તે ''ખઝ'' પહેરતા હતા. જેમાં હઝરત સિદ્દીકે અકબર, સઅદ બિન અબી વક્કાસ, ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا પણ હતાં. આપણે ત્યાં એ હુકમ છે કે જો ઊન કે સૂતર રેશમ કરતાં અધિક હોય તો તેને પહેરવું જાઈઝ છે. દા.ત. તાણો રેશમનો હોય અને વાણો ઊનનો કે સૂતરનો. હઝરત ઈમામ બુખારીએ એના હેઠળ તે હદીષ વર્ણન કરી છે જે કિતાબુલ ઈલ્મમાં વર્ણન થઈ ચૂકી છે, જેમાં એવું વર્ણન છે કે મુહરિમ (એહરામવાળો) કુર્તો, અમામો, પાયજામો અને બુર્નુસ અને મોજા ન પહેરે. જો બુર્નુસને પહેરવું મુત્લક઼ન હરામ હોત તો એહરામની હાલતમાં પહેરવાનું કોઈ કારણ ન હતું, જેવી રીતે કુર્તો વગેરે એહરામના સિવાય અન્ય હાલતોમાં પહેરવું જાઈઝ છે જેને લોકો આમ હાલતોમાં પહેર્યા કરતા હતા. એનાથી જાઈઝ હોવાનું ફલિત થયું.

**પ્રકરણ : ''ધારીદાર કંબલ અને યમની ચાદર અને કંબલ પહેરવાનું બયાન''** –(૮૮૪)

بَابُ الْبُرُوْدِ وَالْحِبَرَةِ وَالشَّمْلَةِ صفحہ ۸۶۴

حدیث ۲۵۶۵ عَنْ قَتَادَةَ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قُلْتُ لَهٗ اَيُّ الثِّيَابِ

*''હઝરત કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું, મેં હઝરત અનસ رضی اللہ عنہ થી પૂછ્યું* **[હદીષ : ૨૫૬૫]**

كَانَ اَحَبَّ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ الْحِبَرَةُ ع۱

*કે કયુ કપડુ રસૂલુલ્લાહ ﷺ ને અધિક પસંદ હતું ? ફર્માવ્યું, યમની ચાદર.'' (મુસ્લિમ, અબૂ દાઊદ–લિબાસ)*

حدیث ۲۵۶۶ اَنَّ عَائِشَةَ زَوْجَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَخْبَرَتْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ **[હદીષ : ૨૫૬૬]**

*''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ ની જ્યારે વફાત*

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حِيْنَ تُوُفِّيَ سُجِّيَ بِبُرْدٍ حِبَرَةٍ

*થઈ ગઈ તો યમની ચાદર વડે હુઝૂરને ઢાંકી દેવામાં આવ્યા હતા.'' (મુસ્લિમ, અબૂ દાઊદ–જનાઈઝ, નિસાઈ–વફાત)*

بَابُ ثِيَابِ الْخُضْرِ صفحہ ۸۶۶

**પ્રકરણ : ''લીલા (Green) કપડાંનું વર્ણન''** –(૮૬૬)

حدیث ۲۵۶۷ عَنْ عِكْرِمَةَ اَنَّ رِفَاعَةَ طَلَّقَ امْرَاَتَهٗ فَتَزَوَّجَهَا عَبْدُ الرَّحْمٰنِ **[હદીષ : ૨૫૬૭]**

*''અકરમાથી રિવાયત છે કે રિફાઆએ પોતાની પત્નીને તલાક઼ આપી તો તેનાથી અબ્દુર્રહમાન બિન ઝુબૈર*

بْنُ الزَّبِيْرِ الْقُرَظِيُّ قَالَتْ عَائِشَةُ وَعَلَيْهَا خِمَارٌ اَخْضَرُ فَشَكَتْ

*કુરઝીએ શાદી કરી લીધી. હઝરત આઈશાએ કહ્યું કે એ સ્ત્રી તેમની પાસે આવી અને તેણે લીલા રંગની ઓઢણી*

إِلَيْهَا وَأَرَتْهَا خُضْرَةً بِجِلْدِهَا فَلَمَّا جَاءَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

ઓઢેલી હતી. એ સ્ત્રીએ ઉમ્મુલ મો'મિનીનથી પોતાના પતિની ઝયાદતીની શિકાયત કરી અને તેણે પોતાની

وَسَلَّمَ وَالنِّسَاءُ يَنْصُرُ بَعْضُهُنَّ بَعْضًا قَالَتْ عَائِشَةُ مَا رَأَيْتُ مِثْلَ مَا يَلْقَى

ચામડીનું લીલુ નિશાન ઉમ્મુલ મો'મિનીનને દેખાડયું. જ્યારે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને સ્ત્રીઓ

الْمُؤْمِنَاتُ لَجِلْدُهَا أَشَدُّ خُضْرَةً مِنْ ثَوْبِهَا قَالَ وَسَمِعَ أَنَّهَا قَدْ أَتَتْ

અમુક અમુકની મદદ કરે છે તો આઈશાએ કહ્યું કે મો'મિન સ્ત્રીઓ જેટલો જુલ્મ સહન કરે છે એના જેવું મેં નથી

رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَجَاءَ وَمَعَهُ ابْنَانِ لَهُ مِنْ غَيْرِهَا قَالَتْ

જોયું. તેની ચામડી તેના કપડા કરતાં અધિક લીલી છે. અને અબ્દુર્રહમાનને સાંભળ્યું કે એમની પત્ની રસૂલુલ્લાહ

وَاللّٰهِ مَا لِيْ إِلَيْهِ مِنْ ذَنْبٍ إِلَّا أَنَّ مَا مَعَهُ لَيْسَ بِأَغْنَى عَنِّيْ مِنْ هٰذِهِ

ﷺની ખિદમતમાં આવી છે, તો હુઝૂરની ખિદમતમાં હાજર થયા, અને એમની સાથે એમના બે પુત્રો હતા જે

وَأَخَذَتْ هُدْبَةً مِنْ ثَوْبِهَا فَقَالَ كَذَبَتْ وَاللّٰهِ يَا رَسُولَ اللّٰهِ إِنِّيْ لَأَ

બીજી પત્નીથી હતા. રિફાઆની પત્નીએ કહ્યું, બખુદા ! એનો અન્ય કોઈ ગુનોહ નથી પણ તેની સાથે જે છે તે

نُفُضُهَا نَفْضَ الْأَدِيْمِ وَلٰكِنَّهَا نَاشِزٌ تُرِيْدُ رِفَاعَةَ فَقَالَ رَسُولُ اللّٰهِ

એનાથી વધુ કામ આપનાર નથી, અને તેણે પોતાના કપડાનો (ફુદના) છેડો લીધો. તો અબ્દુર્રહમાનને કહ્યું, એ જૂઠુ

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَإِنْ كَانَ ذٰلِكَ لَمْ تَحِلِّيْ لَهُ أَوْ لَمْ تَصْلُحِيْ لَهُ

બોલી છે ! બખુદા ! રસૂલલ્લાહ ! હું એને ચામડાની જેમ રગળી કાઢું છું, પરંતું એ નાફર્માન છે, રિફાઆની પાસે

## હદીષ : ૨૫૬૭ની સમજૂતી

આ હદીષ વર્ણન થઈ ચૂકી છે પણ અહીં મતન (મૂળ લખાણ)માં કાંઈક અધિક વાતો હતી. એટલા માટે અમે ફરી અહીં વર્ણવી. રિફાઆની તે પત્નીનું નામ તમીમા બિન્તે વહબ હતું. એમાં એ પણ વર્ણન થયેલ છે કે અબ્દુર્રહમાન બિન ઝુબેરે એને એટલી મારી હતી કે શરીર પર ડાઘ પડી ગયા હતા. હદીષમાં સ્પષ્ટતા છે કે અબ્દુર્રહમાન બિન ઝુબેરે એ સ્ત્રીના આક્ષેપોને સ્વીકાર્યા નથી બલ્કે રદ કરી આપ્યા અને એ વાતના સમર્થનમાં કે મારી મર્દાની શક્તિ કામિલ છે. પોતાનાં બે બાળકોને પણ લાવ્યા હતા જે બીજી પત્નીથી હતાં.

પણ જ્યારે તમીમા, રિફાઆની પત્નીએ હમબિસ્તરીથી ઈન્કાર કરી દીધો તો એના પ્રમાણે હુઝૂરે ફેંસલો ફર્માવ્યો. અને એ જ આપણો મઝહબ છે કે જો કે બીજો પતિ સંભોગનો સ્વીકાર કરે અને પત્ની ઈન્કાર કરે તો પ્રથમ પતિ માટે હલાલ થશે નહીં.

حَتّٰی یَذُوْقَ مِنْ عُسَیْلَتِکَ قَالَ وَاَبْصَرَ مَعَهٗ اِبْنَیْنِ لَهٗ فَقَالَ بَنُوْکَ

જવા ચાહે છે. તો રસૂલુલ્લાહ ﷺ એ એ સ્ત્રીને ફર્માવ્યું, જો એ વાત છે તો રિફાઆ માટે હલાલ નથી, અને

هٰؤُلَاءِ قَالَ نَعَمْ قَالَ هٰذَا الَّذِیْ تَزْعُمِیْنَ مَا تَزْعُمِیْنَ فَوَاللّٰهِ لَهُمْ

એનાથી નિકાહ પાત્ર નથી જ્યાં સુધી કે તું એના મધમાંથી કાંઈક ચાખી લે. અને હુઝૂરે અબ્દુર્રહમાનની સાથે

اَشْبَهُ بِهٖ مِنَ الْغُرَابِ بِالْغُرَابِ

તેમનાં બે બાળકોને જોયાં તો પૂછયું, આ તારાં બાળકો છે ? તેમણે અર્ઝ કરી, હા ! હવે હુઝૂરે તે સ્ત્રીને ફર્માવ્યું, કે તમે એવું ગુમાન કરો છો ?! જે ગુમાન કરો છો, બખુદા ! આ બાળકો અબ્દુર્રહમાનનાં એના કરતાં પણ વધુ મળતાં છે જેવી રીતે કાગડો કાગડાને મળતો હોય છે."

## بَابُ الثِّیَابِ الْبِیْضِ ص ٨٦٦

**પ્રકરણ : "સફેદ કપડાંનું વર્ણન"** -(૮૬૬)

حدیث ٢٥٦٨ اَنَّ اَبَا الْاَسْوَدِ الدُّؤَلِیَّ حَدَّثَهٗ اَنَّ اَبَا ذَرٍّ حَدَّثَهٗ قَالَ

"અબુલ અસ્વદ દૂલીએ હદીષ વર્ણવી કે હઝરત અબૂઝર رضی اللہ عنہ એ કહ્યું, હું **[હદીષ : ૨૫૬૮]**

اَتَیْتُ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ وَعَلَیْهِ ثَوْبٌ اَبْیَضُ وَهُوَ نَائِمٌ ثُمَّ

નબી ﷺ ની ખિદમતમાં હાજર થયો અને હુઝૂરે સફેદ કપડુ પહેરેલ હતું અને હુઝૂર સૂઈ રહ્યા હતા. ફરી

اَتَیْتُهٗ وَقَدِ اسْتَیْقَظَ فَقَالَ مَا مِنْ عَبْدٍ قَالَ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ ثُمَّ مَاتَ عَلٰی

બીજીવાર હાજર થયો તો હુઝૂર જાગી ચૂક્યા હતા. હવે હુઝૂરે ફર્માવ્યું, જે બંદો લાઈલાહ ઈલ્લલ્લાહ કહી લે

ذٰلِكَ اِلَّا دَخَلَ الْجَنَّةَ قُلْتُ وَاِنْ زَنٰی وَاِنْ سَرَقَ قَالَ وَاِنْ زَنٰی

પછી એના પર એને મૌત આવે તો તે જન્નતમાં દાખલ થશે. હઝરત અબૂ ઝરે કહ્યું, મેં અર્ઝ કરી, ભલે તે ઝિના

وَاِنْ سَرَقَ قُلْتُ وَاِنْ زَنٰی وَاِنْ سَرَقَ قَالَ وَاِنْ زَنٰی وَاِنْ سَرَقَ

કરે તથા ચોરી કરે ?! ફર્માવ્યું, ભલે તે ઝિના કરે તથા ચોરી કરે, અબૂઝરની નાકના ધૂળમાં રગડવા છતાં. અને

قُلْتُ وَاِنْ زَنٰی وَاِنْ سَرَقَ قَالَ وَاِنْ زَنٰی وَاِنْ سَرَقَ عَلٰی رَغْمِ

હઝરત અબૂઝર જ્યારે આ હદીષ બયાન કરતા હતા તો કહેતા, ભલે અબૂઝરની નાક ધૂળમાં રગદોરાય. અને

أَنْفِ أَبِي ذَرٍّ وَكَانَ أَبُو ذَرٍّ إِذَا حَدَّثَ بِهٰذَا قَالَ وَإِنْ رَغِمَ أَنْفُ

*અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ ફર્માવ્યું, એ મૌતના સમયે અથવા એનાથી પહેલાં જ્યારે કે*

أَبِي ذَرٍّ قَالَ أَبُو عَبْدِ اللهِ هٰذَا عِنْدَ الْمَوْتِ أَوْ قَبْلَهُ إِذَا تَابَ وَنَدِمَ

*તૌબા કરી લે અને શર્મિંદો થઈ જાય અને લાઈલાહ ઈલ્લલ્લાહ કહે તો પહેલાંના સર્વ ગુનાહો*

وَقَالَ لَا إِلٰهَ إِلَّا اللهُ غُفِرَ لَهُ وَكَانَ قَبْلُ

*બખ્શી દેવામાં આવશે." (મુસ્લિમ–ઈમાન)*

**હદીષ : ૨૫૬૮ની સમજૂતી** અબૂ અસ્વદ દૂલીનું નામ ઝાલિમ બિન અમ્ર હતું. આ જ તે બુઝુર્ગ છે જેમને હઝરત અલી رضی اللہ عنہએ નહ્‌વના કાયદાઓ રચવાનો હુકમ આપ્યો હતો, અને તેમણે સૌ પ્રથમ નહ્‌વના અમુક પ્રારંભિક કાયદા ઘડયા હતા.

"નાક ધૂળમાં રગડાય"નો ઉપયોગ અસલમાં તુચ્છતા દર્શાવવા છે. પણ કદી કદી પ્યાર મહોબ્બત માટે પણ હોય છે, આ હદીષમાં એ જ મુરાદ છે. એટલા માટે હઝરત અબૂઝર رضی اللہ عنہ જ્યારે આ હદીષ વર્ણન કરતા તો ગર્વભેર આ વાક્ય પણ વર્ણન કરતા કે એમાં પ્રેમભાવ ઝલકે છે. હઝરત ઈમામ બુખારીએ આ હદીષની જે સ્પષ્ટતા કરી એનો મતલબ એ છે કે ઈમાન કબૂલ કરતા પહેલાં એણે જે કાંઈ પણ ગુનાહ કર્યા હોય તે ઈમાન લાવવાથી સૌ માફ થઈ જાય છે. પણ આ સ્પષ્ટતા હદીષની વર્ણનશૈલીની વિરૂધ્ધ છે. સહીહ સ્પષ્ટતા એ છે કે ઈમાન લાવ્યા બાદ જો ગુનાહ થઈ જાય તો પણ તે જન્નતનો મુસ્તહિક છે, કયાં તો અલ્લાહની રહમતથી જહન્નમ ગયા વિના અથવા સજા રૂપે જહન્નમમાં કેટલાક દિવસો ગયા પછી જરૂર જન્નતમાં જશે. એનો સાર એ નીકળ્યો કે ગુનાહે કબીરમાં પડવાથી માણસ કાફિર નથી થતો, જેમ કે મોઅતઝલા તથા ખારજીઓ કહે છે.

અમે કિતાબુઝ્ઝકાતમાં એ વર્ણન કર્યું છે કે લા ઈલાહ ઈલ્લલ્લાહ ઈમાન કબૂલ કરવાથી કિનાયહ (ઈશારો) છે, એ જમાનામાં લાઈલાહ ઈલ્લલ્લાહ તે જ કહેતો જે મુસલમાન હોતો.

**પ્રકરણ : "પુરૂષનું રેશમી કપડુ પહેરવું તથા બિછાવવું, અને એમાં કેટલુ જાઈઝ છે"** –(૮૬૭)

بَابُ لُبْسِ الْحَرِيرِ وَافْتِرَاشِهِ لِلرِّجَالِ وَقَدْرِ مَا يَجُوزُ مِنْهُ. صفحہ ۸۶۷

حدیث ۲۵۶۹ حَدَّثَنَا قَتَادَةُ قَالَ سَمِعْتُ أَبَا عُثْمَانَ النَّهْدِيَّ قَالَ أَتَانَا

**[હદીષ : ૨૫૬૯]** *"અબૂ ઉષ્માન નહદીએ કહ્યું કે અમારી પાસે હઝરત ઉમરનો પત્ર આવ્યો અમે*

كِتَابُ عُمَرَ وَنَحْنُ مَعَ عُتْبَةَ بْنِ فَرْقَدٍ بِأَذْرَبِيجَانَ أَنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ

*ઉત્બા બિન ફરકદની સાથે આઝર બાઈજાનમાં હતા કે રસૂલુલ્લાહ ﷺ એ રેશમી કપડાથી મના ફર્માવ્યું, પણ*

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ نَهٰی عَنِ الْحَرِیْرِ اِلَّا هٰکَذَا وَاَشَارَ بِاِصْبَعَیْهِ اللَّتَیْنِ

*આટલું. અને પોતાની બે આંગળીઓ વડે ઈશારો કર્યો જે અંગૂઠાથી મળેલી છે. અમારા ઈલ્મમાં એ છે કે*

تَلِیَانِ الْاِبْهَامَ فِیْمَا عَلِمْنَا اَنَّهٗ یَعْنِی الْاَعْلَامَ

*એનાથી મુરાદ નકશો નિગાર છે." (મુસ્લિમ, અબૂ દાઊદ– લિબાસ, નિસાઈ–ઝીનત, ઈબ્ને માજહ–જેહાદ, લિબાસ)*

## હદીષ : ૨૫૬૯ની સમજૂતી

حَرِیْر ખાસ રેશમના કપડાને કહે છે જેનો તાણો વાણો બંનેવ રેશમના હોય છે, પુરૂષે એને પહેરવું હરામ છે. હા ! એની ઈજાઝત છે કે કપડા પર રેશમી કપડાનું નકશો નિગાર (એમ્બોઈડરી) હોય, પણ શર્ત એ છે કે ચાર આંગળીથી વધુ ન હોય. ચાર આંગળી સુધીની ઈજાઝત છે. આ હદીષના શરૂમાં છે કે الا ماکان هٰکذا وهٰکذا اصبعین وثلاثةً واربعة "પરંતુ જે આટલુ આટલુ હોય, બે આંગળ કે ચાર આંગળ." મુસ્લિમમાં સુવૈદ બિન ગફલહની હદીષમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ ખુત્બો આપ્યો અને ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ રેશમી કપડુ પહેરવાથી મના ફર્માવ્યું પણ બે આંગળ કે ત્રણ આંગળ કે ચાર આંગળ.

حدیث ۲۵۷۰ عَنِ التَّیْمِیِّ عَنْ اَبِیْ عُثْمَانَ کُنَّا مَعَ عُتْبَةَ فَکَتَبَ اِلَیْهِ عُمَرُ اَنَّ

*"અબૂ ઉષ્માન નહદીએ કહ્યું કે અમે ઉત્બાની સાથે હતા તો તેમને હઝરત ઉમર رضی اللہ عنہ એ* **[હદીષ : ૨૫૭૦]**

النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ لَا یُلْبَسُ الْحَرِیْرُ فِی الدُّنْیَا اِلَّا

*લખ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, રેશમી કપડુ દુનિયામાં તે જ પહેરશે જે*

لِمَنْ لَمْ یَلْبَسْ فِی الْاٰخِرَةِ مِنْهُ وَاَشَارَ اَبُوْ عُثْمٰنَ بِاِصْبَعَیْهِ الْمُسَبِّحَةِ

*આખેરતમાં નહીં પહેરે. અને અબૂ ઉષ્માને પોતાની બે આંગળીઓ કલ્માની*

وَالْوُسْطٰی۔

*તથા વચલી વડે ઈશારો કર્યો."*

حدیث ۲۵۷۱ حَدَّثَنَا عَبْدُ الْعَزِیْزِ بْنُ صُهَیْبٍ قَالَ سَمِعْتُ اَنَسَ بْنَ مَالِكٍ

*"અબ્દુલ અઝીઝ બિન સુહૈબે કહ્યું, મેં અનસ બિન માલિક رضی اللہ عنہ થી સાંભળ્યું.* **[હદીષ : ૨૫૭૧]**

قَالَ شُعْبَةُ فَقُلْتُ اَعَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَقَالَ شَدِیْدًا

*શોઅબાએ કહ્યું, મેં અબ્દુલ અઝીઝ બિન સુહૈલથી પૂછયું કે, નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરતાં ? તો તેમણે ગુસ્સામાં*

عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَنْ لَبِسَ الْحَرِیْرَ فِی الدُّنْیَا فَلَنْ یَّلْبَسَہٗ فِی الْاٰخِرَۃِ

*કહ્યું, નબી ﷺ થી રિવાયત કરતાં ! જે રેશમી કપડુ દુનિયામાં પહેરશે તે આખેરતમાં હરગિઝ નહીં પહેરે."*

**હદીષ : ૨૫૭૧ની સમજૂતી** એટલે કે અબ્દુલઅઝીઝ બિન સુહૈબે જ્યારે એવું કહ્યું કે અનસ બિન માલિક رضی اللہ عنہ થી સાંભળ્યું. તો શોઅબાએ એવું પૂછયું કે હઝરત અનસે એ નબી ﷺ થી રિવાયત કરતાં વર્ણન કર્યું છે ? તો અબ્દુલ અઝીઝ બિન સુહૈબને ગુસ્સો આવી ગયો, અને તેમણે ફર્માવ્યું કે હા ! નબી ﷺ થી રિવાયત કરતાં ફર્માવ્યું. ગુસ્સાનું કારણ એ બન્યું કે એ તદ્દન જાહેર છે કે હઝરત અનસ رضی اللہ عنہ એ પોતાના તરફથી નથી વર્ણન કર્યું. હુઝૂરે અક્દસ ﷺ થી સાંભળીને જ વર્ણન કર્યું છે, કેમ કે એ વાત ક્યાસથી નથી જાણી શકાતી. એને ખુદ સમજી લેવું જોઈએ.

વળી ઈમામ બુખારીએ એ જ હદીષને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરથી ત્રણ તરીક઼ાથી રિવાયત કરી છે : એકમાં એ છે કે તેમણે કહ્યું કે મુહમ્મદ ﷺ એ કહ્યું છે. અને બે તરીક઼ામાં એ છે કે હઝરત ઉમર رضی اللہ عنہ થી સાંભળ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું અથવા નબી ﷺ થી સાંભળ્યું.

حدیث ۲۵۷۲ عَنْ عِمْرَانَ بْنِ حِطَّانَ قَالَ سَئَلْتُ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی

*"ઈમરાન બિન હત્તાને કહ્યું, મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રેશમી* **[હદીષ : ૨૫૭૨]**

عَنْھَا عَنِ الْحَرِیْرِ فَقَالَتْ اِئْتِ ابْنَ عَبَّاسٍ فَسَلْہُ فَسَأَلْتُہٗ فَقَالَ سَلِ

*કપડાના બારામાં પૂછયું તો તેમણે કહ્યું કે ઈબ્ને અબ્બાસની પાસે જાવ અને તેમને પૂછો. મેં તેમને પૂછયું તો*

ابْنَ عُمَرَ فَسَأَلْتُ ابْنَ عُمَرَ فَقَالَ اَخْبَرَنِیْ اَبُوْحَفْصٍ یَعْنِیْ عُمَرَ بْنَ

*તેમણે કહ્યું, ઈબ્ને ઉમરને પૂછો. મેં ઈબ્ને ઉમરને પૂછયું તો તેમણે કહ્યું કે મને અબૂ હફ્સ એટલે કે ઉમર બિન*

الْخَطَّابِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

*ખત્તાબ رضی اللہ عنہ એ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, દુનિયામાં રેશમી કપડુ તે પહેરે છે જેનો*

قَالَ اِنَّمَا یَلْبَسُ الْحَرِیْرَ فِی الدُّنْیَا مَنْ لَّا خَلَاقَ لَہٗ فِی الْاٰخِرَۃِ فَقُلْتُ

*એનાથી હિસ્સો આખેરતમાં નથી. તો મેં કહ્યું, સાચુ કહ્યું અબૂ હફ્સે, અને અબૂ હફ્સે*

صَدَقَ وَمَا کَذَبَ اَبُوْحَفْصٍ عَلٰی رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ.

*રસૂલુલ્લાહ પર જૂઠ નથી બાંધ્યું."*

**હદીષ : ૨૫૭૨ની સમજૂતી** قلت (મેં કહ્યું) ના ક઼ાઈલ (કહેનાર) ઈમરાન ઈબ્ને હત્તાન છે. આ હદીષનો રાવી ઈમરાન ઈબ્ને હત્તાન રઈસુલ્ખવારિજ હતો, અને એમનો શાયર હતો. આ તે શખ્સ છે જેણે હઝરત અલી رضی اللہ عنہ ના ક઼ાતિલ ઈબ્ને મુલ્જિમ ખબીષની પ્રશંસા કરી છે અને એ પ્રશંસામાં તેણે ઈબ્ને મુલ્જિમના

વખાણમાં ઘણા બધાં જૂઠ બોલેલાં છે, અને એની ખરાબીના માટે એટલુ જ પૂરતુ કે હઝરત અલી رضی اللہ عنہની શહાદત પર ખુશ થયો ! હઝરત ઈમામ બુખારી પર આશ્ચર્ય છે કે તેમણે આવા બદ્‌મઝહબ બદ્‌અખ્લાક઼ની હદીષ કેવી રીતે પોતાની કિતાબમાં નોંધી !

અહીં ઈમામ બુખારીએ આ હદીષની હઝરત ઉમર رضی اللہ عنہથી છ તરીક઼ાઓથી તખરીજ કરી છે : ત્રણ અબૂ ઉષ્માન નહદીના તરીક઼ા અને બે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરના તરીક઼ાથી, એક ઈમરાન ઈબ્ને હત્તાનના તરીક઼ાથી.

## بَاب لُبْسِ الْقَسِّيِّ ص ٨٦٨

**પ્રકરણ : "ક઼સ્સીનું પહેરવું"** –(૮૬૮)

ت ٧٤٥ وَقَالَ عَاصِمٌ عَنْ أَبِي بُرْدَةَ قُلْنَا لِعَلِيٍّ مَا الْقَسِّيَّةُ قَالَ

"અબૂ બુરદહ ઈબ્ને અબૂ મૂસા અશ્અરીથી રિવાયત છે કે અમે હઝરત અલી رضی اللہ عنہથી **[તઅલીક઼ : ૭૪૫]**

ثِيَابٌ أَتَتْنَا مِنَ الشَّامِ أَوْ مِنْ مِصْرَ مُضَلَّعَةٌ فِيهَا حَرِيرٌ فِيهَا أَمْثَالُ

પૂછયું, ક઼સિય્યહ શું છે ? ફર્માવ્યું, આ તે કપડુ છે જે અમારા ત્યાં શામ કે મિસરથી આવે છે જેમાં રેશમ

الْأُتْرُجِّ وَالْمِيثَرَةُ كَانَتِ النِّسَاءُ يَصْنَعْنَهُ لِبُعُولَتِهِنَّ أَمْثَالَ الْقَطَائِفِ

વડે ધારીઓ બનેલી હોય છે. એમાં તુરન્જ (મોટુ લીંબુ)ની શકલ હોય છે. અને મીષરા તે કપડુ છે

يُصَفِّرْنَهَا.

જે સ્ત્રીઓ પોતાના પતિઓ માટે ચાદરોની જેમ પીળા રંગની તૈયાર કરતી હતી."

ت ٧٤٦ **[તઅલીક઼ : ૭૪૬]** وَقَالَ جَرِيرٌ عَنْ يَزِيدَ فِي حَدِيثِهِ الْقَسِّيَّةُ ثِيَابٌ مُضَلَّعَةٌ يُجَاءُ بِهَا مِنْ

*"યઝીદથી મરવી છે કે તેમણે પોતાની હદીષમાં કહ્યું, ક઼સિય્યહ એક ધારીદાર કપડુ છે જે મિસ્રથી લાવવામાં*

مِصْرَ فِيهَا الْحَرِيرُ وَالْمِيثَرَةُ جُلُودُ السِّبَاعِ.

*આવે છે. જેમાં રેશમ હોય છે અને મીષરા દરિન્દાઓ (જંગલી જાનવરો)ના ચામડાને કહે છે. અને અબૂ અબ્દુલ્લાહ*

وَقَالَ أَبُو عَبْدِ اللهِ قَوْلُ عَاصِمٍ أَكْثَرُ وَأَصَحُّ فِي الْمِيثَرَةِ.

*(ઈમામ બુખારી)એ કહ્યું કે આસિમનો ક઼ૌલ મીષરાના બારામાં મોટાભાગે અને અધિક સહીહ છે."*

**તઅલીક઼ : ૭૪૬ની સમજૂતી**

الْقَسِّيّ આ એક કપડુ છે જે રેશમ તથા સૂતરથી તૈયાર કરવામાં આવતુ હતું. મિસરમાં એક વસ્તીનું નામ "ક઼સ" છે જ્યાં એ તૈયાર થતુ હતું.

مِيثَرَة (મીષરા) આ એક જાડુ પાથરણુ હતું જે ઘોડાની ઝીન તથા ઊંટના કાઠલા પર રાખવામાં આવતુ હતું જેને

સ્ત્રીઓ પોતાના પતિઓ માટે લાલ અર્જવાન અને દીબા (એક પ્રકારનું રેશમી કાપડ)થી બનાવતી હતી. એક ક઼ૌલ એ છે કે રેશમ અથવા દીબાનું કપડુ હતું જે ઝીન પર બિછાવવામાં આવતુ હતું અને યઝીદે જે કહ્યું કે મીષરા દરિન્દાઓ (જંગલી જાનવરો)ના ચામડાને કહે છે, અલ્લામા અયનીએ ફ઼ર્માવ્યું, એ બાતિલ છે અને મુહદ્દિષોના એક મતિવાળા ક઼ૌલની વિરૂધ્ધ છે, પણ ફ઼ત્હુલ બારીમાં એની સ્પષ્ટતા એ કરી કે શક્ય છે એ એક ગાદલો હોય જે દરિન્દાઓના ચામડાથી બનાવવામાં આવતો હોય, પછી એમાં કાંઈક ભરી દેવામાં આવતું હોય. અલ્લાહ બેહતર જાણનાર છે.

## بَابُ الْحَرِيْرِ لِلنِّسَاءِ صفہ ۸٦۸

**પ્રકરણ :"સ્ત્રીઓ માટે રેશમી કપડુ"** *–(૮૬૮)*

حدیث ۲۵۷۳ عَنِ الزُّهْرِيِّ قَالَ أَخْبَرَنِيْ أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

*"ઝુહરીથી રિવાયત છે, તેમણે કહ્યું, મને અનસ બિન માલિક رضی اللہ عنہ એ ખબર* **[હદીષ : ૨૫૭૩]**

عَنْهُ أَنَّهُ رَأَى عَلٰى أُمِّ كُلْثُوْمٍ بِنْتِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*આપી કે તેમણે રસૂલુલ્લાહ ﷺ નાં સાહબઝાદી ઉમ્મે કુલ્ષૂમને*

وَسَلَّمَ بُرْدَ حَرِيْرٍ سِيَرَاءَ

*લાલ રેશમ ચાદર ઓઢેલ જોયા." (નિસાઈ–ઝીનત)*

**હદીષ : ૨૫૭૩ની સમજૂતી** ઈમામ તહાવીએ આ હદીષને પાંચ તરીક઼ાઓથી રિવાયત કરી છે. પાંચમા તરીક઼ામાં એ છે કે હઝરત અનસે કહ્યું, મેં નબી ﷺનાં સાહબઝાદી ઝૈનબને લાલ રેશમી ચાદર ઓઢેલ જોયાં. કેટલાક શરહકર્તાઓએ કહ્યું કે હઝરત અનસ رضی اللہ عنہની હદીષ મુઝતરિબ છે. કેટલીક રિવાયતોમાં એ છે કે હઝરત ઉમ્મે કુલ્ષૂમને જોયાં અને કેટલીક રિવાયતોમાં એ છે કે હઝરત ઝૈનબને જોયાં, પરંતું હક઼ીક઼તમાં આ ઈઝતેરાબ નથી, શક્ય છે કે બંનેવને જોયાં હોય.

## بَابُ التَّزَعْفُرِ لِلرِّجَالِ صفہ ۸٦۹

**પ્રકરણ : "મર્દો માટે જાફરાનથી રંગેલુ કપડુ"** *–(૮૬૯)*

حدیث ۲۵۷۴ عَنْ عَبْدِ الْعَزِيْزِ عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ نَهَى النَّبِيُّ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ મર્દોને જાફરાનથી રંગેલ* **[હદીષ : ૨૫૭૪]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَنْ يَّتَزَعْفَرَ الرَّجُلُ

*કપડાં પહેરાવાથી મના કર્યું."*

**હદીષ : ૨૫૭૪ની સમજૂતી** સહીહ એ છે કે આ નહસ (મનાઈ) તેહરીમના માટે છે.

## بَابٌ يَنْزِعُ النَّعْلَ الْيُسْرَى ص٨٧٠

**પ્રકરણ : "પ્રથમ ડાબો જોડો કાઢે"** –(૮૭૦)

حدیث ۲۵۷۵ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૫૭૫]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِذَا انْتَعَلَ اَحَدُکُمْ فَلْیَبْدَاْ بِالْیَمِیْنِ

*જ્યારે કોઈ જોડા પહેરે તો જમણાથી શરૂ કરે અને જ્યારે કાઢે તો ડાબાથી પ્રથમ કાઢે*

وَاِذَا نَزَعَ فَلْیَبْدَاْ بِالشِّمَالِ لِتَکُنِ الْیُمْنٰی اَوَّلَهُمَا تُنْعَلُ وَاٰخِرَهُمَا تُنْزَعُ.

*જેથી જમણાને પ્રથમ પહેરે અને બાદમાં કાઢે."*

**હદીષ : ૨૫૭૫ની સમજૂતી** મસ્જિદમાં દાખલ થતી વખતે હુકમ એ છે કે પ્રથમ જમણો પગ મસ્જિદમાં રાખે, અને જ્યારે મસ્જિદથી નીકળે તો પ્રથમ ડાબો પગ કાઢે. મસ્જિદમાં પ્રવેશ વખતે આ હદીષ પર અમલ મુશ્કેલ છે. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત قدس سرہ એ એનો હલ આ ઈર્શાદ ફર્માવ્યો છે કે જ્યારે મસ્જિદમાં જવાનું હોય તો પ્રથમ ડાબા પગને કાઢીને જોડા પર મૂકે. પછી જમણો પગ જોડામાંથી કાઢીને મસ્જિદ દાખલ કરે. અને જ્યારે મસ્જિદથી બહાર જાય તો ડાબો પગ મસ્જિદથી કાઢીને જોડા પર મૂકે, પછી જમણો પગ કાઢીને જમણો જોડો પહેરી લે પછી ડાબો પહેરી લે.

## بَابٌ لَا یَمْشِیْ فِیْ نَعْلٍ وَاحِدَةٍ ص٨٧٠

**પ્રકરણ : "એક જોડા (ચપ્પલ)માં ન ચાલે"** –(૮૭૦)

حدیث ۲۵۷٦ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૫૭૬]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ لَا یَمْشِ اَحَدُکُمْ فِیْ نَعْلٍ وَاحِدَةٍ

*કોઈ એક જોડ (પગરખા)માં ન ચાલે, કયાં તો બંનેને ઉતારી નાખે*

لِیُحْفِهِمَا جَمِیْعًا اَوْ لِیُنْعِلْهُمَا جَمِیْعًا

*અથવા બંનેને પહેરે." (મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી–લિબાસ)*

**હદીષ : ૨૫૭૬ની સમજૂતી** હદીષમાં નઅલ (જૂતા)ની સિફત وَاحِدَةٌ (વાહિદતુન) લાવ્યા એનાથી માલૂમ પડયું કે નઅલ સ્ત્રીવાચક છે. એક જોડાથી ચાલવું મના છે. એક જોડા (ચપ્પલ)માં ચાલવું મુશ્કેલ પણ હોય છે કે માણસ લંગડાતો ચાલશે.

## بَابُ خَوَاتِيْمِ الذَّهَبِ ص ۸۷۱ — પ્રકરણ : "સોનાની વીંટીઓનું બયાન" –(૮૭૧)

۲۵۷۷ حدیث — عَنْ بَشِيْرِ بْنِ نَهِيْكٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે **[હદીષ : ૨૫૭૭]**

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهُ نَهٰى عَنْ خَاتَمِ الذَّهَبِ

નબી ﷺ એ સોનાની વીંટીથી મના કર્યું."

(૨/૮૭૧ બાબુ ખવાતીમુઝ્ઝહબ, ૨/૮૭૩, ૧/૯૮૪, ૧/૧૦૮૪, એઅ્તિસામ, મુસ્લિમ–લિબાસ, અબૂ દાઊદ–ખાતિમ)

## بَابُ خَاتَمِ الْفِضَّةِ ص ۸۷۱

### પ્રકરણ : "ચાંદીની વીંટીનું બયાન" –(૮૭૧)

۲۵۷۸ حدیث — عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ સોનાની **[હદીષ : ૨૫૭૮]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِتَّخَذَ خَاتَمًا مِنْ ذَهَبٍ وَجَعَلَ فَصَّهُ

અંગૂઠી (વીંટી) બનાવી અને તેનો નંગ અંદરૂની હથેલીની તરફ કર્યો અને એમાં કોતરાવ્યું,

مِمَّا يَلِيْ بَاطِنَ كَفِّهِ وَنَقَشَ فِيْهِ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ فَاتَّخَذَ النَّاسُ مِثْلَهُ

"મુહમ્મદુર્રસૂલુલ્લાહ" તો લોકોએ એવી જ અંગૂઠી (વીંટી) બનાવી. જ્યારે હુઝૂરે લોકોને જોયા

فَلَمَّا رَاٰهُمْ قَدِ اتَّخَذُوْهَا رَمٰى بِهٖ وَقَالَ لَا اَلْبَسُهُ اَبَدًا ثُمَّ اتَّخَذَ خَاتَمًا

કે વીંટી બનાવી લીધી તો પોતાની વીંટી ફેંકી દીધી અને ફર્માવ્યું, હું એને કદી પહેરીશ નહીં.

مِنْ فِضَّةٍ فَاتَّخَذَ النَّاسُ خَوَاتِيْمَ الْفِضَّةِ قَالَ ابْنُ عُمَرَ فَلَبِسَ الْخَاتَمَ

પછી ચાંદીની વીંટી બનાવી અને લોકોએ પણ ચાંદીની વીંટી

بَعْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَبُوْبَكْرٍ ثُمَّ عُمَرُ ثُمَّ عُثْمَانُ حَتّٰى

બનાવી. ઈબ્ને ઉમરે કહ્યું કે નબી ﷺ પછી એ વીંટી અબૂબક્રએ પહેરી, પછી ઉમરે,

وَقَعَ مِنْ عُثْمَانَ الْفِضَّةُ فِيْ بِئْرِ اَرِيْسَ.

પછી ઉષ્માને, ત્યાં સુધી કે એ વીંટી બિરે અરીસમાં ઉષ્માનથી પડી ગઈ."

**હદીષ : ૨૫૭૮ની સમજૂતી**

فاتخذ الناس مثله એનો એક મતલબ એ છે કે લોકોએ સોનાની એવી વીંટી બનાવી જેમાં "મુહમ્મદુર્રસૂલુલ્લાહ"નો નક્શ પણ હતો અને બીજો મતલબ એ થઈ શકે છે કે સોનાની વીંટી બનાવી જેમાં નક્શ ન હતો. અલ્લામા અયનીએ એને અગ્રતા આપી. એનું સમર્થન અબૂ દાઊદની રિવાયતથી થાય છે જેમાં એ છે કે લોકોએ સોનાની વીંટીઓ બનાવી.

હુઝૂરે અક્દસ ﷺની વીંટીમાં નક્શ મુબારકની સ્થિતિ એવી હતી કે નીચે મુહમ્મદ વચ્ચે રસૂલ ઉપર અલ્લાહ محمد رسوال الله. આ હદીષથી જાણવા મળ્યું કે **સોનાની વીંટી પુરૂષોએ પહેરવી હરામ છે.**

بئر أريس **બિ'રે અરીસ** : આ કૂવો કુબા શરીફ પાસે એક બાગમાં હતો. આ વીંટી મુઅય્કિબના હાથથી બિરે અરીસમાં પડી હતી. હઝરત ઉષ્માન رضی اللہ عنہએ વીંટી શોધવા માટે કૂવાનુ બધુ પાણી કઢાવી નાખ્યું, ત્યાં સુધી કે કીચડ પર કાઢીને શોધ કરાવી પણ વીંટી ન મળી. એ વીંટીમાં હઝરત સુલૈમાન علیہ السلامની વીંટીની જેમ તસ્ખીરની (કાબૂમાં કરવાની) શક્તિ હતી. જ્યાં સુધી એ વીંટી મૌજૂદ રહી ત્યાં સુધી ખિલાફતનો મામલો દરેક રીતે દુરુસ્ત રહ્યો. જ્યારથી એ વીંટી ગાયબ થઈ ત્યારથી ખિલાફતના મામલામાં કાંઈક ખલેલ પેદા થઈ.

حدیث ۲۵۷۹ حَدَّثَنِیْ اَنَسُ ابْنُ مَالِكٍ اَنَّهٗ رَاٰی فِیْ يَدِ رَسُوْلِ اللّٰهِ صَلَّی

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہએ હદીષ વર્ણવી કે **[હદીષ : ૨૫૭૯]**

اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خَاتَمًا مِنْ وَرِقٍ يَوْمًا وَاحِدًا ثُمَّ اَنَّ النَّاسَ اصْطَنَعُوْا

*તેમણે રસૂલુલ્લાહ ﷺના હાથમાં ચાંદીની વીંટી જોઈ દિવસભર,*

الْخَوَاتِمَ مِنْ وَرِقٍ وَلَبِسُوْهَا فَطَرَحَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خَاتَمَهٗ

*પછી લોકોએ ચાંદીની વીંટીઓ બનાવી અને તેને પહેરી તો રસૂલુલ્લાહ ﷺએ*

فَطَرَحَ النَّاسُ خَوَاتِيْمَهُمْ

*પોતાની વીંટી ફેંકી દીધી, પછી લોકોએ પણ વીંટીઓ ફેંકી દીધી."*

**હદીષ : ૨૫૭૯ની સમજૂતી**

જાહેરી રીતે જોતાં હઝરત અનસની આ હદીષ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની હદીષ અને ખુદ હઝરત અનસથી રિવાયત થયેલ હદીષોની વિરૂધ્ધ છે. એટલા માટે કેટલાક લોકોએ એવું કહ્યું કે આ રિવાયતમાં ઈમામ ઝુહરીથી વહેમ થઈ ગયો. તેમણ خاتم من ذهبٍની જગાએ من ورقٍ રિવાયત કરી આપ્યું. ઈમામ કાઝી અયાઝ અને અન્ય શરહકર્તાઓએ એની વિવિધ તાવીલો કરી છે જે અલ્લામા નવવીની શરહે મુસ્લિમ અને ફત્હુલ બારી તથા ઉમ્દતુલ કારી વગેરેમાં વર્ણન થયેલ છે. એની તલ્ખીસ (ટૂંકાણ) બુખારીના હિંદમાં છપાયેલ નુસ્ખાના હાશિયામાં પણ છે, પણ કોઈ તાવીલ બંધબેસતી નથી. સૌમાં ઉણપ છે. હા! એમાંથી એક તાવીલ કાંઈક લગતી છે. શક્ય છે એ લોકોએ પણ પોતાની વીંટીઓમાં "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" કોતરાવ્યું હોય એને હુઝૂરે નાપસંદ કર્યું. જેવું કે અમુક પ્રકરણો પછી હઝરત અનસથી જ રિવાયત થયેલ છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે, "અમે અમારી વીંટી પર "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" કોતરાવ્યું છે, તમારામાંથી કોઈપોતાની વીંટી પર એ નક્શ ન કોતરાવે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## بَابُ فَصِّ الْخَاتَمِ ص ۸۷۲

**પ્રકરણ : "વીંટીના નંગનું વર્ણન" –(૮૭૨)**

حدیث ۲۵۸۰ سَمِعْتُ حُمَيْدًا يُحَدِّثُ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ ની વીંટી ચાંદીની* **[હદીષ : ૨૫૮૦]**

نَبِيَّ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ خَاتَمُهُ مِنْ فِضَّةٍ وَكَانَ فَصُّهُ مِنْهُ،

*હતી અને એનો નંગ પણ ચાંદીનો હતો."*

**પ્રકરણ : "લોખંડની વીંટીનું બયાન" –(૮૭૨)** بَابُ خَاتَمِ الْحَدِيْدِ ص ۸۷۲

**સ્પષ્ટતા :** ઈમામ બુખારીએ આ પ્રકરણ હેઠળ તે હદીષ વર્ણવી છે કે એક ખાતૂન હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી કે હું મને પોતાને હુઝૂરને હેબા કરું છું. હુઝૂરે અક્દસ ﷺએ તે સ્ત્રીને ધ્યાનપૂર્વક જોઈ, પછી નિગાહ મુબારક નીચે કરી લીધી અને ખામોશ થઈ ગયા. થોડીક વાર પછી એક સાહબે અર્ઝ કરી કે જો હુઝૂરને આ સ્ત્રીની હાજત ન હોય તો મારી સાથે એના નિકાહ કરી આપો. હુઝૂરે એને પૂછ્યું, તારી પાસે મહેર અદા કરવા માટે કાંઈક છે ? તેમણે અર્ઝ કરી, ના ! હુઝૂરે ફર્માવ્યું, જાવ જુઓ તો ! તે ગયા અને પરત થઈને આવ્યા અને કહ્યું, બખુદા ! મને કાંઈ ન મળ્યું, ફર્માવ્યું, જાવ શોધો ! ભલે લોખંડની વીંટી હોય. (અલ્હદીષ) એનાથી જાહેરી રીતે સમજાય છે કે લોખંડની વીંટી પહેરવી જાઈઝ છે.

એના બારામાં ઈમામ બુખારીનો શો મઝહબ છે એ કાંઈ જાહેર ન થયું. પણ સહીહ એ છે કે લોખંડની વીંટી પહેરવી જાઈઝ નથી. જેમ કે અસ્હાબે સુનને અરબાએ હઝરત બુરીદા رضی اللہ عنہથી રિવાયત કરી છે કે એક સાહબ નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને તેણે પિત્તળની વીંટી પહેરી હતી. ફર્માવ્યું, શું વાત છે હું તારાથી મૂર્તિઓની બૂ પામી રહ્યો છું ! તેમણે એને ફેંકી દીધી. બીજીવાર **લોખંડની અંગૂઠી પહેરીને આવ્યા તો ફર્માવ્યું, શું વાત છે હું તારા ઉપર જહન્નમીઓનું ઘરેણું જોઈ રહ્યો છું ! તો તેમણે એને ફેંકી દીધી.** અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ ચીજની વીંટી બનાવું ? ફર્માવ્યું, ચાંદીની બનાવ અને એક મિષ્કાલથી ઓછાની.

તેમજ ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત કરી કે એમણે સોનાની વીંટી પહેરી. રસૂલુલ્લાહ ﷺએ એને એ રીતે જોયું જાણે એને નાપસંદ કરી છે. તો તેમણે એને ફેંકી દીધી. પછી તેમણે લોખંડની વીંટી પહેરી, તો એમને ફર્માવ્યું, આ અધિક ખબીષ છે ! પછી તેમણે ચાંદીની વીંટી પહેરી. એના પર હુઝૂર ચૂપ રહ્યા.

તેમજ અહમદે પોતાની મુસ્નદમાં અમ્માર બિન અમ્મારથી રિવાયત કરી કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સના હાથમાં સોનાની વીંટી જોઈ તો ફર્માવ્યું, એને ફેંકી દે ! પછી તેમણે લોખંડની બનાવી તો ફર્માવ્યું, એનાથી વધુ બુરી છે ! પછી તેમણે ચાંદીની વીંટી બનાવી તો હુઝૂરે ખામોશી અપનાવી.

આ સર્વનો સાર એ નીકળ્યો કે **પુરૂષોને કેવળ ચાંદીની વીંટીની ઈજાઝત છે, તે પણ એ શરતની સાથે કે એક મિષ્ક઼ાલ એટલે સાડા ચાર માશાથી (૪.૩૭૫ગ્રામ) વજનથી ઓછાની હોય. એ સિવાય અન્ય ધાતુઓની વીંટી જાઈઝ નથી.** સ્ત્રીઓને ચાંદીની વીંટી પણ જાઈઝ છે અને સોનાની પણ જાઈઝ છે, એ સિવાય **અન્ય ધાતુઓની સ્ત્રીઓ માટે પણ જાઈઝ નથી.** મૂળ વાત એ છે કે વીંટી ઘરેણુ છે. પુરૂષોએ કોઈ પણ ધાતુનું ઘરેણુ પહેરવું જાઈઝ નથી, કેવળ એક મિષ્ક઼ાલથી ઓછી ચાંદીની વીંટીની ઈજાઝત છે. એ આ હુકમના કુલપણાથી અપવાદ છે. સ્ત્રીઓએ સોના ચાંદીનું ઘરેણુ (અલંકાર) જાઈઝ છે એટલે એમણે ચાંદીની સાથે સોનાની વીંટી પહેરવી પણ જાઈઝ છે. અને અન્ય ધાતુઓનાં ઘરેણાં સ્ત્રીઓએ પણ પહેરવાં નાજાઈઝ છે જેથી વીંટી પણ નાજાઈઝ છે. પુરૂષોને કેવળ વીંટીની ઈજાઝત છે, એકથી વધુની નહીં. સ્ત્રીઓ માટે કોઈ હદ નથી, પુરૂષો માટે કેવળ એક જ વીંટી જાઈઝ છે જેમાં એક નંગ હોય, એકથી વધુ નંગની હોય તો પુરૂષો માટે જાઈઝ નથી, સ્ત્રીઓ માટે જાઈઝ છે કારણ એ છે કે ઘરેણા હોવાના કારણે અસલ હુકમ એ જ હતો કે પુરૂષોએ વીંટી પહેરવી જાઈઝ ન હોતી, પણ જ્યારે એમને વીંટી પહેરવાની ઈજાઝત આપી તો તે ઈજાઝત એટલામાં જ સીમિત રહેશે જેટલાની ઈજાઝત છે અને તે સીમિત છે એક વીંટીમાં, અને એક નંગની વીંટીમાં. જેથી **એકથી વધુ વીંટીઓ અને એક નંગથી વધુની વીંટી પોતાના અસલના એતબારથી હરામ થશે.**

## بَابُ الْخَاتِمِ فِى الْخِنْصَرِ ٨٧٣

**પ્રકરણ : "વીંટી નાની આંગળીમાં"** –(૮૭૩)

حدیث ۲۵۸۱ حَدَّثَنَا عَبْدُ الْعَزِيْزِ بْنُ صُهَيْبٍ عَنْ اَنَسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ચાંદીની* **[હદીષ : ૨૫૮૧]**

عَنْهُ قَالَ اِصْطَنَعَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خَاتَمًا فَقَالَ اِنَّا

*વીંટી બનાવી અને ફર્માવ્યું, મેં ચાંદીની વીંટી બનાવી છે અને મેં એના પર*

قَدِ اتَّخَذْنَا خَاتَمًا وَّنَقَشْنَا فِيْهِ نَقْشًا فَلَا يَنْقُشَنَّ عَلَيْهِ اَحَدٌ قَالَ

*એક નક઼્શ કોતરેલ છે, કોઈ એ નક઼્શ હરગિઝ ન કોતરાવે. હું એની ચમક*

فَاِنِّىْ لَاَرٰى بَرِيْقَهٗ فِىْ خِنْصِرِهٖ

*હુઝૂરની ટચલી આંગળીમાં જોઈ રહ્યો હતો."*

### હદીષ : ૨૫૮૧ની સમજૂતી

આ રિવાયતમાં કેવળ એ છે કે હુઝૂરે વીંટી બનાવી. પરંતુ એક પ્રકરણ પછી જે હદીષ આવી રહી છે એમાં સ્પષ્ટતા છે કે ચાંદીની વીંટી બનાવી હતી અને એમાં "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" કોતરાવ્યું હતું.

**પ્રકરણ : "સ્ત્રીઓ માટે વીંટી"** –(૮૭૩) بَابُ الْخَاتَمِ لِلنِّسَاءِ ص۸۷۳

**[તઅલીક઼ : ૭૪૭]** ت ۷۴۷ وَكَانَ عَلٰی عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا خَوَاتِیْمُ ذَهَبٍ.

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا સોનાની કેટ કેટલી વીંટીઓ પહેરતાં હતાં."*

**તઅલીક઼ : ૭૪૭ની સમજૂતી** આ તઅલીક઼ને ઈબ્ને સઅદે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. પૂરી તઅલીક઼ આ પ્રમાણે છે : અમ્ર બિન અબી અમ્રએ કહ્યું કે મેં ક઼ાસિમ બિન મુહમ્મદથી પૂછયું તો તેમણે કહ્યું, મેં જોયું છે, બુખુદા ! કે આઈશા رضی اللہ عنہا કુસુમથી રંગેલું કપડુ પહેરતાં હતાં અને સોનાની વીંટીઓ પહેરતાં હતાં.

એનાથી સાબિત થયું કે સ્ત્રીઓએ સોનાની વીંટીઓ પહેરવી જાઈઝ છે, તેમજ એકથી વધુ વીંટીઓ પહેરવી પણ જાઈઝ છે.

**પ્રકરણ : "સ્ત્રીઓની મુશાબેહત (મળતાપણુ) કરવાવાળા પુરૂષો અને પુરૂષોથી મળતાપણુ કરવાવાળી સ્ત્રીઓ"** –(૮૭૪) بَابُ الْمُتَشَبِّهِيْنَ بِالنِّسَاءِ وَالْمُتَشَبِّهَاتِ بِالرِّجَالِ ص۸۷۴

حدیث ۲۵۸۲ **[હદીષ : ૨૫૮૨]** عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ لَعَنَ النَّبِیُّ صَلَّی

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ સ્ત્રીઓની સાથે મળતાપણુ કરવાવાળા*

اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْمُتَشَبِّهِيْنَ مِنَ الرِّجَالِ بِالنِّسَاءِ وَالْمُتَشَبِّهَاتِ مِنَ النِّسَاءِ بِالرِّجَالِ

*પુરૂષો અને પુરૂષોથી મળતાપણુ કરવાવાળી સ્ત્રીઓ પર લઅ્નત ફર્માવી."*

*(અબૂ દાઊદ–લિબાસ, તિર્મિઝી–ઈસ્તીઝાન, ઈબ્ને માજહ–નિકાહ)*

**પ્રકરણ : "એવા લોકોને ઘરોએથી કાઢી મૂક઼વા"** –(૮૭૪) بَابُ إِخْرَاجِهِمْ ص۸۷۴

۲۵۸۳ حدیث عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ لَعَنَ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ઝનાના* **[હદીષ : ૨૫૮૩]**

النَّبِیُّ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْمُخَنَّثِيْنَ مِنَ الرِّجَالِ وَالْمُتَرَجِّلَاتِ

*મર્દો (સ્ત્રી જેવો દેખાવ કરતા) અને મર્દાની (ભાયડાછાપ)*

مِنَ النِّسَاءِ وَقَالَ أَخْرِجُوْهُمْ مِنْ بُيُوْتِكُمْ قَالَ فَأَخْرَجَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

*સ્ત્રીઓ પર લઅનત ફર્માવી, અને ફર્માવ્યું,*

عَلَیْہِ وَسَلَّمَ فُلَانَۃً وَ اَخْرَجَ عُمَرُ فُلَانًا۔

*એમને ઘરોએથી કાઢી મૂકો. અને નબી ﷺ એ ફલાણાને અને હઝરત ઉમરે ફલાણાને કાઢયા."*

*(૨/૧૦૧૦ અલ્મુહારિબીન, અબૂ દાઊદ–અલ્અદબ, તિર્મિઝી–ઈસ્તીઝાન, નિસાઈ–ઉશ્રતુન્નિસાઅ્)*

**હદીષ : ૨૫૮૩ની સમજૂતી** મુરાદ એ છે કે જે લિબાસ તથા શણગારના તરીક઼ા સ્ત્રીઓ સાથે ખાસ છે તેને કોઈ પુરૂષ અપનાવે. એ જ પ્રમાણે જે લિબાસ તથા આદતો તથા રીતો (સ્ટાઈલો, અદાઓ) તથા શણગારના તરીક઼ાઓ પુરૂષો સાથે ખાસ છે તેને કોઈ સ્ત્રી અપનાવે એ હરામ છે. દા.ત. **કોઈ સ્ત્રી પુરૂષો જેવો કુર્તો, લેંગો, શિરવાની (પેન્ટ, જર્સી) પહેરે, ટોપી પહેરે, અમામો બાંધે. અથવા કોઈ પુરૂષ સ્ત્રીનો ખાસ કુર્તો પહેરે અને ઓઢણી ઓઢે, સ્ત્રીઓ જેમ ખભાઓથી નીચે લાંબા લાંબા વાળ રાખે એ હરામ સખત હરામ છે.**

مخنّث **(મુખન્નસ)** : તે છે જેનામાં વાણી વર્તન, હલન ચલન, આદતો તથા સ્ટાઈલોમાં ઝનાનાપન (સ્ત્રીપણુ) હોય, તે ખલ્ક઼ી (કુદરતી રીતે) હોય છે એ માફ છે. અને અમુક પુરૂષો સ્ત્રી જેવા બને છે એ જ **હરામ** છે. જેનામાં કુદરતી રીતે (પેદાઈશી) સ્ત્રીપણુ હોય તેમને હુકમ આપવામાં આવશે કે તેઓ હરકતો તથા વર્તનને બદલવાની કોશિશ કરે.

હુઝૂર ﷺ એ જેને કાઢયો હતો તેનું નામ અલ્જશા હતું. એ એક હબ્શી ગુલામ હતો.

એના બાદ ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એ બિન્તે ગ઼ીલાનવાળી હદીષ નક઼લ કરી છે.

بَابُ قَصِّ الشَّارِبِ ص ۸۷۴

**પ્રકરણ : "મૂંછોને કાપવી"** *–(૮૭૪)*

وَ کَانَ ابْنُ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا یُحْفِیْ شَارِبَہٗ حَتّٰی یُنْظَرَ ۷۴۸ ت

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما પોતાની મૂંછને એટલી બારીક કરાવતા કે ચામડીની* **[તઅલીક઼ : ૭૪૮]**

اِلٰی بَیَاضِ الْجِلْدِ وَ یَاْخُذُ ھٰذَیْنِ یَعْنِیْ بَیْنَ الشَّارِبِ وَ اللِّحْیَۃِ

*સફેદી જોવા મળતી. અને એ બંનેની વચ્ચે, એટલે મૂંછ તથા દાઢીના વાળ પણ કાપતા હતા."*

**તઅલીક઼ : ૭૪૮ની સમજૂતી**

આ તઅલીક઼ને ઈમામ તહાવીએ પાંચ તરીક઼ાઓની સાથે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. જાહેર છે કે بَیْنَ ھٰذَیْنِ થી મુરાદ મૂંછોના બંનેવ છેડાઓ છે જે દાઢીને આવીને મળે છે.

اقول وھوا لمستعان: બહારે શરીઅત ભાગ–૧૬, પેજ–૧૬૭માં છે કે હોઠની નીચેના ભાગની આસપાસના વાળ મૂંડાવવા અથવા ઉખેડવા બિદઅત છે. હવાલો આલમગીરીનો છે. પણ આલમગીરીમાં કેવળ ઉખાડવાને બિદઅત લખ્યું છે મૂંડાવવાનો એમાં ઉલ્લેખ નથી. લગભગ હઝરત સદરુશ્શરીઅહ قدس سرہ એ ઉખાડવા પર મૂંડવાને ક઼યાસ કર્યું છે, અને આ ક઼યાસ એક હદ સુધી સહીહ પણ છે. આ તક઼દીર પર હઝરત

અલ્લામા અયનીનું એ ફર્માવવું કે ''અહીં એ પણ સંભાવના છે કે હોઠની નીચેના ભાગની આસપાસના વાળ મુરાદ હોય''ની કોઈ ગુંજાઈશ નથી. તેમજ بَيْنَ الشَّارِبِ وَاللِّحْيَةِના જાહેર પણ એની સાથે મના કરે છે કે એનાથી હોઠની નીચેના ભાગની આસપાસના વાળ મુરાદ હોય.

حدیث ۲۵۸۴ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. તે નબી ﷺ થી રિવાયત કરે છે કે **[હદીષ : ૨૫૮૪]**

وَسَلَّمَ قَالَ مِنَ الْفِطْرَةِ قَصُّ الشَّارِبِ

ફર્માવ્યું, ફિતરતથી મૂંછનું કાપવું છે.''

**હદીષ : ૨૫૮૪ની સમજૂતી**

સનદમાં છે : عن حنظلة عن فافع قال اصحابنا عن المكى عن ابن عمر رضى الله تعالٰى عنهما એની સ્પષ્ટતામાં શરહકર્તાઓ મુઝતરિબ છે. સૌથી સ્પષ્ટ સ્પષ્ટતા એ છે કે ઈમામ બુખારીએ પ્રથમ એ ઉલ્લેખ કર્યો કે મક્કી બિન ઈબ્રાહીમે હન્ઝલાથી અને તે નાફેઅથી અને તે નબી ﷺ થી રિવાયત કરે છે. એટલે આ સનદમાં ઈરસાલ છે : નાફેઅની હુઝૂરે અક્દસ ﷺ થી મુલાકાત નથી. તેમણે દરમ્યાનના રાવીને છોડી આપ્યા. قال اصحابنાથી એ ફાયદો કરવા ચાહે છે કે અમારા અમુક અસ્હાબે એને મૌસૂલન રિવાયત કરી છે, એટલે قال اصحابنا, قصનો અર્થ રાતમાં કોઈના પગલાનાં નિશાનની પાછળ ચાલવું અને કોઈ બનાવને સંપૂર્ણપણે વર્ણન કરવો છે. તેમજ કોઈ ચીજને આડી (કરવતી) વડે કાપવું છે. એ જ છેલ્લો અર્થ અહીં મુરાદ છે એટલે કે મૂંછને એવી રીતે કાપવામાં આવે જેનો કાંઈક હિસ્સો બાકી રહે, એટલે કે મૂંડવામાં ન આવે.

حدیث ۲۵۸۵ عَنْ سَعِيْدِ بْنِ الْمُسَيَّبِ عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરતાં ફર્માવ્યું કે ફિતરત પાંચ છે, **[હદીષ : ૨૫૮૫]**

رِوَايَةً اَلْفِطْرَةُ خَمْسٌ اَوْ خَمْسٌ مِّنَ الْفِطْرَةِ اَلْخِتَانُ وَالْاِسْتِحْدَادُ

અથવા ફિતરતથી પાંચ ચીજો છે : ખત્ના કરવું, અને ડૂંટી નીચેના વાળ મૂંડવા, બગલના વાળ ઉખાડવા,

وَنَتْفُ الْاِبِطِ وَتَقْلِيْمُ الْاَظْفَارِ وَقَصُّ الشَّارِبِ

અને નખોને કાપવા અને મૂંછને કાતરવી.'' (૨/૯૩૧ એ જ એક હદીષ પછી, કિતાબુલ ઈસ્તીઝાન)

حدیث ۲۵۸۶ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૨૫૮૬]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مِنَ الْفِطْرَةِ حَلْقُ الْعَانَةِ وَتَقْلِيْمُ الْأَظْفَارِ وَقَصُّ الشَّارِبِ

*ફિતરતથી પગોના વાળ મૂંડવું છે અને નખોને કાપવું છે અને મૂંછને કાપવું છે."*

**હદીષ : ૨૫૮૬ની સમજૂતી** فطرة (ફિતરત)થી મુરાદ એ પૂરાણો તરીકો છે જેને અંબિયાએ કિરામે અપનાવ્યો અને જેના પર સર્વ શરીઅતો એકમત છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષમાં પાંચનો ઉલ્લેખ છે અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષમાં ત્રણનો. અને મુસ્લિમ (૧/૧૨૯)માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર رضی اللہ عنہماથી મરવી છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاએ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે દસ ચીજો ફિતરતથી છે : મૂંછ કાપવી, દાઢી વધારવી, મિસ્વાક અને નાકમાં પાણી નાખવું, નખો કપાવવા અને આંગળીઓના સાંધાઓને ધોવા અને બગલના વાળ ઉખાડવા અને પગોના વાળ મૂંડવા અને પાણી વડે ઈસ્તિન્જા કરવો. ઝકરિયાએ કહ્યું કે મુસ્અબે કહ્યું, હું દસમો ભૂલી ગયો પણ એ કે તે કુલ્લી કરવું છે. સંખ્યાનો ભાવાર્થ આધારભૂત નથી એટલા માટે અમુકમાં ઓછી સંખ્યા અધિક સંખ્યાને રદ કરનાર નથી.

મુસ્લિમમાં જ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે તેમણે ફર્માવ્યું કે મૂંછ તથા નખો કાપવાને અને પોતાના વાળ મૂંડવાના માટે આ મર્યાદા નિશ્ચિત કરવામાં આવી છે કે ચાલીસ દિવસથી વધુ ન છોડે. આ હદીષમાં એ છે કે وُقِّتَ لَنَا આ સેગો પણ મરફૂઅ હદીષોના હુકમમાં છે. જેમ કે કોઈ સહાબીનું આવું કહેવું : أُمِرْنَا بِكَذَا અલ્લામા નવવીએ ફર્માવ્યું કે સહીહ મુસ્લિમની સિવાયનામાં છે : وَقَّتَ لَنَا رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم نَسِيْتُ الْعَشَرَةَ પરંતું ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું કે શક્ય છે કે ختان (ખત્તાન) હોય જે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષમાં પાંચ ચીજોના ઉપરાંત વર્ણવેલ છે. અલ્લામા નવવીએ ફર્માવ્યું, એ અધિક બેહતર છે.

حديث ٢٥٨٧ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે ફર્માવ્યું,* **[હદીષ : ૨૫૮૭]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ خَالِفُوا الْمُشْرِكِيْنَ وَفِّرُوا اللِّحٰى وَأَحْفُوا الشَّوَارِبَ وَ

*મુશ્રિકોની વિરૂધ્ધ કરો, દાઢીઓને લાંબી કરો અને મૂંછોને નાની કરાવો. અને*

كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا إِذَا حَجَّ أَوِ اعْتَمَرَ قَبَضَ عَلٰى لِحْيَتِهٖ

***હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما જ્યારે હજ કે ઉમરા કરતા તો પોતાની દાઢીને મુઠ્ઠીમાં લેતા,***

فَمَا فَضَلَ أَخَذَهٗ ـ

***જે એનાથી વધારે હોતી એને કાપતા."*** *(મુસ્લિમ, ખિસાલુલ ફિતરત, પેજ–૧૨૯, તિર્મિઝી, ૨/૧૦૦)*

**હદીષ : ૨૫૮૭ની સમજૂતી** આ હદીષમાં મુશ્રિકોથી મુરાદ મજૂસ (અગ્નિપૂજકો) છે, એટલા માટે કે તેઓ જ દાઢી કાપતા કે મૂંડાવતા હતા. وَفِّرُوْا અને અમુક હદીષમાં وَاعْفُوْا આવેલ છે વાજિબ કાર્યના

માટે. જેથી એ હદીષથી સાબિત થયું કે **દાઢીને વધારવી વાજિબ** છે. હદીષનો ઈત્લાક઼ એનો તકાદો કરે છે કે દાઢી કેટલી પણ મોટી થઈ જાય તદ્દન કાપવામાં ન આવે, પરંતુ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે તે એક મુટ્ઠીથી વધુ દાઢીને કાપતા હતા અને એ مما لا يدرك الا بالسماع છે એટલા માટે મુલ્હક઼ બિલ્મરફૂઅ છે. એટલે કે એના પર આધારિત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺથી સાંભળીને જ એના પર અમલ કર્યો છે. એટલા માટે اعفوا اللحى વાળી હદીષની એનાથી તખ્સિસ (ખાસ કરવું) દુરુસ્ત છે. તો સાર એ નીકળ્યો કે **એક મુટ્ઠી દાઢી રાખવી વાજિબ** છે. એટલા માટે ઈમામ ઈબ્ને ઈલ્હામે ફત્હુલ ક઼દીરમાં ફર્માવ્યું : اما الأخذ منها وهى دون ذلك فلم يجه احدٌ **"દાઢી જો એક મુટ્ઠીથી ઓછી હોય તો એને કાપવાને કોઇએ જાઇઝ નથી કહ્યું."** એના બાદવાળી રિવાયતમાં છે. اِنْهكوا الشَّوَارِبَ એનો અર્થ એ છે કે મૂંછોને ખૂબ જ નાની કરો.

## بَابُ مَا يُذْكَرُ فِي الشَّيْبِ صفحہ ۸۷۵

**પ્રકરણ : "સફેદ વાળના બારામાં શું ઝિક્ર કરવામાં આવે છે." –(૮૭૫)**

حدیث ۲۵۸۸ عَنْ عُثْمَانَ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ مَوْهَبٍ قَالَ اَرْسَلَنِيْ اَهْلِيْ اِلٰى

*"ઉષ્માન ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મવહબે કહ્યું કે મારા ઘરવાળાઓએ ઉમ્મુલ મો'મિનીન* **[હદીષ : ૨૫૮૮]**

اُمِّ سَلَمَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِقَدَحٍ مِّنْ مَاءٍ وَ قَبَضَ

*હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની પાસે એક ચાંદીનો પ્યાલો આપીને મોકલ્યો. ઈસ્રાઈલે પોતાની ત્રણ*

اِسْرَائِيْلُ ثَلٰثَ اَصَابِعَ مِنْ قُصَّةٍ فِيْهِ شَعْرٌ مِنْ شَعْرِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*આંગળીઓ સમેટી લીધી. એ પ્યાલામાં નબી ﷺના બાલોમાંથી એક બાલ મુબારક હતો. જ્યારે કોઈ*

وَسَلَّمَ وَكَانَ اِذَا اَصَابَ الْاِنْسَانَ عَيْنٌ اَوْ شَيْءٌ بَعَثَ اِلَيْهَا مِخْضَبَةً فَاطَّلَعْتُ

*માણસને નજર લાગી જાય અથવા કાંઈ થઈ જાય તો તે ઉમ્મુલ મો'મિનીનને એક પ્યાલો મોકલતો.*

فِي الْجُلْجُلِ فَرَاَيْتُ شَعَرَاتٍ حُمْرًا اھ

*મેં પ્યાલામાં ઝાંકીને જોયું તો અમુક લાલ વાળો જોવા મળ્યા. (એના બાદ જ બે તરીક઼ાથી, ઈબ્ને માજહ–લિબાસ)*

**હદીષ : ૨૫૮૮ની સમજૂતી** ઉષ્માન ઈબ્ને અબ્દુલ્લાહ બિન મવહબ આલે તલ્હાના ગુલામ હતા. اَرْسَلَنِيْ اَهْلِيْમાં અહલથી આલે તલ્હા પણ મુરાદ થઈ શકે છે અને એમનાં પત્ની પણ. وَقَبَضَ اِسْرَائِيْلُ આ હદીષના રાવી ઈસ્રાઈલ બિન યૂનુસે ત્રણ આંગળીઓ વાળીને બતાવ્યું કે એ પ્યાલો ઘણો જ નાનો હતો.

مِنْ قُصَّةٍ આ ક઼દહિનું બયાન છે. ફત્હુલ બારી ઈર્શાદુસ્સારીના મતનમાં. અને હિંદુસ્તાનમાં છપાએલ બુખારીના સર્વ નુસ્ખાઓમાં قُصَّةٍ જ છે. પણ અહીં બનતુ નથી એટલા માટે કે કુસ્સાનો અર્થ પેશાનીના વાળ છે અથવા વાળોના ગુચ્છા. અબૂ ઝયદની રિવાયતમાં مِنْ فِضَّةٍ છે. ઉમ્દતુલ ક઼ારીના મતનમાં એને જ લીધુ છે તેમજ

ફત્હુલ બારીમાં શરહમાં એને જ લીધુ. ઈબ્ને વહીદે કહ્યું, મોટા ભાગના રાવીઓએ એને ''કાફ'' તથા ''સાદ''ની સાથે રિવાયત કરી અને સહીહ મોહક્કિકોની નજીક ''ફા'' અને ''દ્વાદ''ની સાથે છે. અને એ જ હમીદીની જમા બયનસ્સહીહૈન તથા વકીઅની પોતાના મુસન્નફની રિવાયતમાંથી જાહેર છે.

فيه કશ્મીહનીની રિવાયત છે જે સ્પષ્ટ છે અને ઝમીરનો મરજઅ કદહુન (قدحٌ) છે પરંતું બીજી રિવાયતો فيها (ફીહા) છે. એમાં એ શંકા છે કે કદહુન્ પુ.વાચક છે, એની સ્પષ્ટતામાં શરહકર્તાઓએ ફર્માવ્યું કે પ્યાલામાં જ્યારે પાણી હોય તો તેને كاسٌ કહે છે. અને كاسٌ સ્ત્રીવાચક છે, તો અહીં ઝમીરની તાનીષ ''કદહ'' અર્થના કારણે છે, કેમ કે રિવાયતમાં એ સ્પષ્ટતા છે કે એમાં પાણી હતું.

આ રિવાયતથી જાહેર એ થાય છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا અમુક ખાસ લોકોને પોતાનું તે ખાસ પાત્ર અર્પણ કરી દેતાં જેમાં મૂએ મુબારક રાખેલા હતા. જો કે સામાન્યતઃ એ જ તરીકો હતો કે લોકો જરૂરતના સમયે પોતાનું વાસણ હઝરત ઉમ્મુલ મો'મિનીનની ખિદમતમાં મોકલીને તે પાણી મંગાવતા હતા જેમાં મૂએ મુબારક રાખેલા હતા. પરંતુ ઈમામ હુમૈદીની જમા બૈનુસ્સહીહૈનની રિવાયત આ પ્રમાણે છે: ઉષ્માન કહે છે કે મારાં ઘરવાળાઓએ મને ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاની પાસે એક પ્યાલા સાથે મોકલ્યો જેમાં પાણી હતું. તો તે ચાંદીની નાની સરખી પ્યાલી લઈને આવ્યાં જેમાં નબી صلی اللہ علیہ وسلمનો એક બાલ મુબારક હતો. પરંતું બુખારીની ઉપરોક્ત રિવાયતમાં એ અર્થ જાહેરી રીતે દુરુસ્ત નથી થતો. અલ્લાહ બેહતર જાણનાર છે.

અહીં એક શંકા એ છે કે ચાંદીના વાસણમાં ખાવું પીવું હરામ છે, પછી ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ચાંદીનું વાસણ કેવી રીતે વાપરતાં હતાં ?

અલ્લામા ઈબ્ને હજરે એક ખુલાસો એ કર્યો કે, શક્ય છે એ પ્યાલો કોઈ અન્ય ધાતુનો હતો જેના પર ચાંદીની કલઈ કરવામાં આવી હતી. અને બીજો ખુલાસો એ આપ્યો કે શક્ય છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ચાંદીના નાના વાસણમાં ખાવા પીવાને જાઈઝ સમજતાં હોય, જેવું કે ઘણા લોકો જાઈઝ સમજે છે. અલ્લામા અયનીએ આ બીજા ખુલાસાનો સખતથી રદિયો આપ્યો છે અને પહેલીને અગ્રતા આપી છે.

**આ હદીષથી સાબિત થયું કે હઝરાતે અંબિયાએ કિરામ علیہم السلام અને હઝરાતે અવલિયાએ કિરામના મૂએ મુબારકથી બરકત હાંસલ કરવી સહાબાએ કિરામના જમાનાથી રિવાજ છે અને બાલ મુબારકની જેમ અન્ય તબર્રુકોથી પણ દા.ત. લિબાસ વગેરેથી પણ.**

## بَابُ الْجَعْدِ ص ۸۷۵

**પ્રકરણ : ''વાંકળીયા વાળ''** –(૮૭૫)

حدیث ۲۵۸۹ حَدَّثَنَا قَتَادَةُ قَالَ حَدَّثَنَا اَنَسٌ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના ગેસૂએ મુબારક* **[હદીષ : ૨૫૮૯]**

وَسَلَّمَ كَانَ يَضْرِبُ شَعْرُ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْكِبَيْهِ

*આપના ખભાઓ સુધી લટકતા હતા.'' (એના બાદ જ કેટલાય તરીકાઓથી, મુસ્લિમ–ફઝાઈલ)*

## ★ સુન્નત પ્રમાણે વાળો ક્યાં સુધી રાખવા ★

حدیث ۲۵۹۰

عَنْ قَتَادَۃَ سَاَلْتُ اَنَسَ بْنَ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عنہ عَنْ

**[હદીષ : ૨૫૯૦]** "હઝરત કતાદાથી મરવી છે કે મેં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી

شَعْرِ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ فَقَالَ کَانَ شَعْرُ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના બાલના બારામાં સવાલ કર્યો તો તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના મૂએ મુબારક

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ رَجِلًا لَیْسَ بِالسَّبْطِ وَلَا الْجَعْدِ بَیْنَ اُذُنَیْہِ وَعَاتِقَیْہِ

દરમિયાની હતા, ન બિલ્કુલ સીધા હતા ન વાંકળીયા. કાનો તથા ખભાઓની વચ્ચે રહેતા હતા."

(મુસ્લિમ–ફઝાઈલ, તિર્મિઝી શમાઈલ, નિસાઈ–ઝીનત, ઈબ્ને માજહ–લિબાસ)

**હદીષ : ૨૫૯૦ની સમજૂતી** પહેલી હદીષમાં છે કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم ના મૂએ મુબારક ખભાઓ સુધી હતા અને આ રિવાયતમાં છે : કાનો તથા ખભાઓની વચ્ચે હતા. એક રિવાયતમાં છે કે કાનો સુધી હતા. આ સૌમાં ટકરાવ નથી. વિવિધ સમયોએ વિવિધ હાલતમાં હતા. કદી કાનો સુધી રહેતા, કદી ખભાઓ સુધી, કદી બંનેવની વચ્ચે. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત قدس سرہ અર્ઝ કરે છે :–

*ગોશ તક સુનતે થે ફર્યાદ, અબ આયે તા દોશ – કે બનેં ખાના બદોશોં કો સહારે ગેસૂ*

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلم ના હુલિયા મુબારકની વિગતો ★

حدیث ۲۵۹۱

عَنْ قَتَادَۃَ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ کَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

**[હદીષ : ૨૫૯૧]** "હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم ના બંનેવ દસ્ત મુબારક પુર

عَلَیْہِ وَسَلَّمَ ضَخْمَ الْیَدَیْنِ لَمْ اَرَ بَعْدَہٗ مِثْلَہٗ وَکَانَ شَعْرُ النَّبِیِّ

ગોશ્ત હતા. હુઝૂરના પછી હુઝૂર જેવો કોઈને નથી જોયો. અને નબી صلی اللہ علیہ وسلم ના વાળ દરમિયાની હતા

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ رَجِلًا لَا جَعْدٌ وَلَا سَبْطٌ

ન વાંકુળીયા ન બિલકુલ સીધા."

حدیث ۲۵۹۲

عَنْ قَتَادَۃَ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ کَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

**[હદીષ : ૨૫૯૨]** "હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે નબી صلی اللہ علیہ وسلم નુ માથુ મુબારક મોટુ હતું અને

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ضَخْمَ الرَّاْسِ وَالْقَدَمَیْنِ لَمْ اَرَ قَبْلَہٗ وَلَا بَعْدَہٗ مِثْلَہٗ

મુબારક કદમો પુર ગોશ્ત (માંસલ). હુઝૂરના પહેલાં કે હઝૂર બાદ હુઝૂર જેવો મેં કોઈને

وَ كَانَ بَسْطَ الْكَفَّيْنِ

નથી જોયો. હુઝૂરની હથેળીઓ વિશાળ હતી."

حدیث ٢٥٩٣

حَدَّثَنَا قَتَادَةُ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَوْ

"હઝરત અનસ બિન માલિક અથવા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી **[હદીષ : ૨૫૯૩]**

عَنْ رَجُلٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

રિવાયત છે કે નબી ﷺ ના મુબારક કદમો માંસલ હતા અને ચહેરો મુબારક હસીન. મેં હુઝૂર પછી હુઝૂર

عَلَيْهِ وَسَلَّمَ ضَخْمَ الْقَدَمَيْنِ حَسَنَ الْوَجْهِ لَمْ اَرَ بَعْدَهُ مِثْلَهُ (وَفِيْ

જેવો કોઈને નથી જોયો. (અને બીજી રિવાયતમાં) હઝરત અનસથી મરવી છે કે નબી ﷺ ના બંને કદમ

رِوَايَةٍ اُخْرٰى) قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ شَثْنَ الْقَدَمَيْنِ

અને હથેળીઓ માંસલ હતી. (અને એક રિવાયતમાં) હઝરત અનસ અથવા

وَالْكَفَّيْنِ (وَفِيْ رِوَايَةٍ اُخْرٰى) عَنْ اَنَسٍ اَوْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી મરવી છે કે હુઝૂરે અકદસ ﷺ ની

تَعَالٰى عَنْهُمْ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ضَخْمَ الْكَفَّيْنِ وَالْقَدَمَيْنِ

હથેળીઓ અને મુબારક કદમો માંસલ હતાં.

لَمْ اَرَ بَعْدَهُ شَبَهًا لَهُ

હુઝૂરના જેવો કોઈને નથી જોયો."

**હદીષ : ૨૫૯૩ની સમજૂતી** આ હદીષોમાં હુઝૂરે અકદસ ﷺ નો હુલિયા મુબારક (દેખાવ) જે વર્ણન થયેલ છે તે આ પ્રમાણે છે : માથુ મુબારક મોટુ હતું. વાળ ન બિલકુલ સીધા ન વાંકળીયા, મધ્યમ કક્ષાના હતા. બાલ મુબારક કદી કાનો સુધી રહેતા કદી ખભાઓ સુધી કદી બંનેવની વચ્ચે. ચહેરો મુબારક એટલો હસીન હતો કે જેની કોઈ જોડ નથી. હથેળી વિશાળ અને માંસલ હતી. મુબારક કદમો માંસલ હતા.

شثن : એટલે કે આંગળીઓ તથા હથેળીઓ માંસલ હતી. હુઝૂરે અકદસ ﷺ ની હથેળીઓ ગોશતથી ભરેલી હતી, તેમ છતાં અતિશય નરમ હતી. જેમ કે હઝરત અનસથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, મેં કોઈ રેશમી કપડાને પણ હુઝૂર ﷺ ની હથેળીઓથી વધુ નરમ નથી જોયું. અસ્મઈથી નકલ થયેલ છે કે شثن નો અર્થ પુર ગોશ્ત સખ્ત હથેળી છે. અને જ્યારે તેમને આ હદીષ સાંભળાવવામાં આવી કે હદીષમાં હુઝૂરે અકદસ ﷺ ની હથેળીઓ તથા કદમોના બારામાં شثن આવેલ છે, તો તેમણે અહદ કરી લીધો કે હવે પછી કદી હદીષમાં

શબ્દોની તફસીર કરીશ નહીં. ફત્હુલ બારીમાં છે કે شثن નો અર્થ ગોશતથી ભરપુર (માંસલ, ભરાવદાર) ચાહે તે નરમ હોય કે સખ્ત, એના અર્થમાં નરમી કે સખતી આડ બનતી નથી.

## بَابُ التَّلْبِيْدِ صـ ۸۷۶

**પ્રકરણ : "વાળોને ગુંદર વગેરે વડે જમાવવા"** –(૮૭૬)

**۲۵۹۴ حدیث** أَخْبَرَنِي سَالِمُ بْنُ عَبْدِ اللّٰهِ أَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. તેમણે કહ્યું કે મેં હઝરત* **[હદીષ : ૨૫૯૪]**

عَنْهُمَا قَالَ سَمِعْتُ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ يَقُوْلُ مَنْ ضَفَّرَ فَلْيَحْلِقْ وَلَا تَشَبَّهُوْا

*ઉમર رضی اللہ عنہ ને ફર્માવતાં સાંભળ્યા, જે વાળોને ગુંદર વગેરે વડે જમાવે તેણે જાઈએ કે (હજ ઉમરા પછી) માથુ*

بِالتَّلْبِيْدِ وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا يَقُوْلُ لَقَدْ رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ

*મૂંડાવી નાખે. એહરામની હાલતમાં તલબીદ (જમાવેલા)ના જેમ ન રાખે. અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ*

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مُلَبِّدًا ۔

*કહ્યું, મેં એહરામની હાલતમાં રસૂલુલ્લાહ ﷺ ને ગુંદર વડે બાલ જમાવતા જોયા."*

**હદીષ : ૨૫૯૪ની સમજૂતી** અરબવાસીઓ સામાન્યતઃ વાળો રાખતા હતા. એહરામની હાલતમાં વાળો વેર વિખેર થવાનો અંદેશો રહેતો હતો, કેમ કે માથા પર ન અમામો રહેતો હતો ન ટોપી. એટલા માટે એહરામની હાલતમાં ગુંદર વડે વાળોને જમાવી લેતા હતા. સામાન્ય સંજોગોમાં એ **મકરૂહ** છે.

## بَابُ الذَّوَائِبِ صـ ۸۷۷

**પ્રકરણ : "વાળોનું વર્ણન"** –(૮૭૭)

**۲۵۹۵ حدیث** عَنْ سَعِيْدِ بْنِ جُبَيْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا قَالَ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે હું એક રાતે ઉમ્મુલ મોમિનીન હઝરત મૈમૂના* **[હદીષ : ૨૫૯૫]**

بِتُّ لَيْلَةً عِنْدَ مَيْمُوْنَةَ بِنْتِ الْحَارِثِ خَالَتِي وَكَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*બિન્તે હારિષ رضی اللہ عنہا મારાં ખાલા (માસી)ને ત્યાં સૂતો અને એ રાત્રે રસૂલુલ્લાહ ﷺ એમની*

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عِنْدَهَا فِي لَيْلَتِهَا قَالَ فَقَامَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى

*પાસે આવ્યા હતા અને રસૂલુલ્લાહ ﷺ રાતમાં ઉઠીને નમાઝ પઢવા લાગ્યા.*

عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّيْ مِنَ اللَّيْلِ فَقُمْتُ عَنْ يَسَارِهٖ قَالَ فَاَخَذَ

હું હુઝૂર ﷺ ની ડાબી બાજુ ઉભો થઈ ગયો તો હુઝૂરે મારા વાળોને પકડયા અને

بِذُوَابَتِيْ فَجَعَلَنِيْ عَنْ يَمِيْنِهٖ

મને પોતાની જમણી બાજુ કરી દીધો.''

## بَابُ الْقَزَعِ صفحہ ۸۷۷

**પ્રકરણ : ''વાળોને નાના મોટા રાખવા''** –(૮૭૭)

حديث ۲۵۹٦ اَخْبَرَنِيْ عُبَيْدُ اللّٰهِ بْنُ حَفْصٍ اَنَّ عُمَرَ بْنَ نَافِعٍ اَخْبَرَهٗ عَنْ

''હઝરત ઈબ્ને ઉમર ફર્માવતા હતા. મેં રસૂલુલ્લાહ ﷺ ને સાંભળ્યા કે **[હદીષ : ૨૫૯૬]**

نَافِعٍ مَوْلٰى عَبْدِ اللّٰهِ اَنَّهٗ سَمِعَ ابْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَقُوْلُ

ક઼ઝઅથી મના ફર્માવતા હતા. ઓબૈદુલ્લાહએ કહ્યું, મેં પૂછયું ક઼ઝઅ શું છે ? તો ઓબૈદુલ્લાહે

سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَنْهٰى عَنِ الْقَزَعِ قَالَ

અમારી તરફ ઈશારો કર્યો. ફર્માવ્યું, જ્યારે બાળકનું માથુ મૂંડવામાં આવે અને અહીં છોડી દેવામાં આવે.

عُبَيْدُ اللّٰهِ قُلْتُ وَمَا الْقَزَعُ فَاَشَارَ اِلَيْنَا عُبَيْدُ اللّٰهِ قَالَ اِذَا حُلِقَ الصَّبِيُّ

ઓબૈદુલ્લાહે પોતાની પેશાની અને પોતાના માથાના બંનેવ કિનારાઓ તરફ ઈશારો કયો. ઓબેદુલ્લાહને

تُرِكَ هٰهُنَا شَعْرٌ وَّهٰهُنَا وَهٰهُنَا فَاَشَارَ لَنَا عُبَيْدُ اللّٰهِ اِلٰى نَاصِيَتِهٖ

પૂછવામાં આવ્યું, છોકરી તથા છોકરા બરાબર છે ? તો તેમણે કહ્યું, હું નથી જાણતો. તેમણે સબી (નાના બાળક)

وَجَانِبَيْ رَاْسِهٖ قِيْلَ لِعُبَيْدِ اللّٰهِ فَالْجَارِيَةُ وَالْغُلَامُ قَالَ لَا اَدْرِيْ

કહ્યું છે. ઓબેદુલ્લાહે કહ્યું, મેં તેમને બીજીવાર પૂછયું કે કુસ્સહ અને કફ઼ા. બાળક માટે વાંધો

هٰكَذَا قَالَ الصَّبِيُّ قَالَ عُبَيْدُ اللّٰهِ وَعَاوَدْتُهٗ فَقَالَ اَمَّا الْقُصَّةُ وَالْقَفَا

નથી પરંતુ ક઼ઝઅ એ છે કે એની પેશાની પર વાળ છોડી દેવામાં આવે અને

لِلْغُلَامِ فَلَا بَاْسَ بِهِمَا وَلٰكِنَّ الْقَزَعَ اَنْ يُّتْرَكَ بِنَاصِيَتِهٖ شَعْرٌ وَلَيْسَ

તેના માથામાં અન્ય ક્યાંક વાળ ન હોય, અને એ જ પ્રમાણે માથાના વાળ

فِی رَأْسِهٖ غَیْرُہٗ وَکَذٰلِکَ شَقُّ رَاْسِہٖ ھٰذَا اَوْ ھٰذَا اھ

આમ તેમથી મૂંડવું.'' (અહીં મુત્તસિલ, મુસ્લિમ–લિબાસ, અબૂ દાઊદ–તરજ્જુલ, નિસાઈ–ઝીનત, ઈબ્ને માજહ–લિબાસ)

**હદીષ : ૨૫૯૬ની સમજૂતી** કઝઅનો અર્થ એ છે કે માથાના વાળ ક્યાંક ક્યાંકથી મૂંડવામાં આવે, ક્યાંક ક્યાંક છોડી દેવામાં આવે. અને કુસ્સાનો અર્થ એ છે કે કાનપટ્ટીના વાળ રહેવા દેવામાં આવે. અને કફાનો અર્થ છે માથાના પાછલા ભાગના વાળ. કઝઅ મના છે, મકરૂહ છે. બાળકો માટે પણ તથા બાળકીઓ માટે પણ. ''સબી'' બાળક તથા બાળકી બંનેના માટે વપરાય છે. એ ફઈલુનૂના વજન પર છે, જેમાં સ્ત્રી વાચક પુ.વાચક બંનેવ બરાબર છે.

بَابُ تَطِیْبِ الْمَرْأَۃِ بِیَدِھَا زَوْجَھَا صفہ ۸۷۷

**પ્રકરણ : ''પત્નીનું પોતાના પતિને પોતાના હાથો વડે ખુશ્બુ ઘસવુ''** –(૮૭૭)

حدیث ۲۵۹۷ اَخْبَرَنِیْ عَبْدُالرَّحْمٰنِ بْنُ الْقَاسِمِ عَنْ اَبِیْهِ عَنْ عَائِشَۃَ رَضِیَ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ કહ્યું, મેં નબી صلی اللہ علیہ وسلم ને **[હદીષ : ૨૫૯૭]**

اللہُ تَعَالٰی عَنْھَا قَالَتْ طَیَّبْتُ النَّبِیَّ صَلَّی اللہُ عَلَیْهِ وَسَلَّمَ بِیَدَیَّ

એહરામના વખતે પોતાના હાથો વડે ખુશ્બુ લગાડી, અને હુઝૂરને મિનામાં

لِحُرْمِهٖ وَطَیَّبْتُهٗ بِمِنًی قَبْلَ اَنْ یُّفِیْضَ

ખુશ્બુ લગાડી તવાફે ઝિયારતના માટે જતાં પહેલાં. (નિસાઈ–લિબાસ)

**હદીષ : ૨૫૯૭ની સમજૂતી** મતલબ એ છે કે એહરામ બાંધતા પહેલાં પણ ખુશ્બુ લગાડી અને એહરામ ખોલ્યા પછી પણ લગાડી. ૧૦ તારીખે જમરતુલ ઉકબા પર કાંકરી માર્યા બાદ કુર્બાની કરીને એહરામ ખોલવાની ઈજાઝત છે. હવે તે સર્વ ચીજો જે એહરામમાં મના હતી તે હલાલ થઈ ગઈ સિવાય સંભોગના. એ વખતે પણ ખુશ્બુ લગાડવી મુસ્તહબ છે.

بَابُ الطِّیْبِ فِی الرَّاْسِ وَاللِّحْیَۃِ صفہ ۸۷۷

**પ્રકરણ : ''માથુ તથા દાઢીમાં ખુશ્બુ લગાડવી''** –(૮૭૭)

حدیث ۲۵۹۸ عَنْ عَبْدِالرَّحْمٰنِ بْنِ الْاَسْوَدِ عَنْ اَبِیْهِ عَنْ عَائِشَۃَ رَضِیَ اللہُ تَعَالٰی

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે હું નબી صلی اللہ علیہ وسلم ને ખુશ્બુ **[હદીષ : ૨૫૯૮]**

عَنْھَا قَالَتْ کُنْتُ اُطَیِّبُ النَّبِیَّ صَلَّی اللہُ عَلَیْهِ وَسَلَّمَ بِاَطْیَبِ مَا نَجِدُ حَتّٰی اَجِدَ

લગાડતી, સૌથી ઉમદા ખુશ્બુ જે અમારી પાસે મૌજૂદ હોતી, ત્યાં સુધી કે હું ખુશ્બુની ચમક હુઝૂરના

وَبِبَصِ الطِّيْبِ فِيْ رَاسِهٖ وَلِحْيَتِهٖ

માથા તથા દાઢીમાં જોતી." (બાબુ મા યસ્તહિબ્બુ મિનત્તીબ, મુસ્લિમ, નિસાઈ–હજ)

**હદીષ : ૨૫૯૮ની સમજૂતી** પુરૂષે પોતાના માથા તથા પોતાની દાઢીમાં ખુશ્બુ લગાડવી મુસ્તહબ છે, ચહેરા પર લગાડવી મના છે કે એમાં સ્ત્રીઓ સાથે મળતાપણુ છે. સ્ત્રીઓને સર્વ જાઈઝ છે.

بَابُ الطِّيْبِ فِي الرَّاسِ وَاللِّحْيَةِ صفہ ۸۷۸

**પ્રકરણ : "વાળોમાં કાંસકી કરવી"** –(૮૭૭)

حدیث ۲۵۹۹ عَنْ سَهْلِ بْنِ سَعْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَجُلًا اِطَّلَعَ مِنْ

"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે નબી صلی اللہ علیہ وسلم ના ઘરમાં **[હદીષ : ૨૫૯૯]**

حُجْرٍ فِيْ دَارِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَالنَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَحُكُّ رَاسَهٗ

એક કાણામાંથી ઝાંકીને જોયું. અને નબી صلی اللہ علیہ وسلم પોતાનું માથુ વાળ ઝાળવાની લાકડી વડે ખંજવાળી

بِالْمِدْرٰى فَقَالَ لَوْ عَلِمْتُ اَنَّكَ تَنْظُرُ لَطَعَنْتُ بِهَا فِيْ عَيْنِكَ اِنَّمَا جُعِلَ

રહ્યા હતા. ફર્માવ્યું, જો હું જાણતો કે તું જોઈ રહ્યો છે તો આને તારી આંખમાં ભોંકી દેત.

الْاِذْنُ مِنْ قِبَلِ الْاَبْصَارِ

ઈજાઝત લેવાનો હુકમ નજરોથી બચવાના માટે જ છે." (૨/૯૨૨, ઈસ્તીઝાન, ૨/૧૦૨૦ દિયાત)

**હદીષ : ૨૫૯૯ની સમજૂતી** એ બદનસીબ મરવાનનો બાપ હકમ બિન આસ હતો. ફતહે મક્કા પછી તેણે કલમો જરૂર પઢી લીધી હતો, પરંતું એ વારંવાર ગુસ્તાખીમય હરકતો કરતો રહેતો. એકવાર હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ના ચાલવાની નક્લ કરી રહ્યો હતો. તેની આ જ હરકતોને કારણે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ તેને તાઈફ તડીપાર કરી દીધો હતો.

**પ્રકરણ : "ઝરીરાનું બયાન (એટલે મિશ્ર ખુશ્બુનું બયાન)"** بَابُ الذَّرِيْرَةِ صفہ ۸۷۸

حدیث ۲۶۰۰ اَخْبَرَنِيْ عُمَرُ بْنُ عَبْدِ اللّٰهِ بْنِ عُرْوَةَ سَمِعَ عُرْوَةَ وَالْقَاسِمَ

"ઉરવા તથા કાસિમ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરતાં **[હદીષ : ૨૬૦૦]**

يُخْبِرَانِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ طَيَّبْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

ખબર આપે છે કે તેમણે ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને પોતાના હાથ વડે હજ્જતુલ વિદાઅમાં ઝરીરા

عَلَيْهِ وَسَلَّمَ بِيَدَيَّ بِذَرِيْرَةٍ فِيْ حَجَّةِ الْوَدَاعِ لِلْحِلِّ وَالْإِحْرَامِ

ઘસ્યું હિલ (એહરામ બહારની હાલત)ના માટે પણ અને એહરામના માટે પણ."

**હદીષ : ૨૬૦૦ની સમજૂતી** હિંદુસ્તાનથી એક ખુશ્બુદાર લાકડીના પ્રકારની ખુશ્બુ અરબમાં જતી હતી જેને ઘસીને ચારીને બાલ તથા ગરદનમાં છાંટવામાં આવતી હતી એને ઝરીદા કહે છે.

## بَابُ الْوَصْلِ فِي الشَّعْرِ صـ٨٧٨

**પ્રકરણ : "વાળમાં વાળ મિલાવવા"** –(૭૭૮)

حديث ٢٦٠١ حَدَّثَنَا مَنْصُوْرُ بْنُ عَبْدِ الرَّحْمٰنِ حَدَّثَتْنِيْ أُمِّيْ عَنْ أَسْمَاءَ

**[હદીષ : ૨૬૦૧]** "હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہما થી રિવાયત છે કે એક ખાતૂન

بِنْتِ أَبِيْ بَكْرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ امْرَأَةً جَاءَتْ إِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ

રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી કે મેં મારી પુત્રીના નિકાહ કરી આપ્યા. પછી તે

عَلَيْهِ وَسَلَّمَ قَالَتْ إِنِّيْ أَنْكَحْتُ ابْنَتِيْ ثُمَّ أَصَابَهَا شَكْوٰى فَتَمَرَّقَ رَأْسُهَا

બીમાર થઈ ગઈ જેનાથી એના માથાના વાળ ખરી ગયા અને એનો પતિ મને આગ્રહ કરી રહ્યો છે તો શું હું એના

وَزَوْجُهَا يَسْتَحِثُّنِيْ بِهَا أَفَأَصِلُ رَأْسَهَا فَسَبَّ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

માથામાં બીજા વાળ મિલાવું ?! રસૂલુલ્લાહ ﷺ એ તેમને તતડાવ્યાં અને ફર્માવ્યું અલ્લાહે બાલ મિલાવનારી

وَسَلَّمَ الْوَاصِلَةَ وَالْمُسْتَوْصِلَةَ عـه

અને મિલાવવાવાળી પર લઅનત ફર્માવી." (એના બાદ મુત્તસિલ જ, બાબુલ મૌસૂલહ, પેજ–૮૭૯, મુસ્લિમ)

**હદીષ : ૨૬૦૧ની સમજૂતી** આ હદીષનાં રાવિયહ મન્સૂર બિન અબ્દુર્રહમાનનાં વાલિદાનું નામ સફિય્યહ બિન્તે શયબા હજબિય્યહ છે. બાદમાં આ જ હદીષ હઝરત અસ્માથી જ હિશામનાં અહલિયા ફાતિમા બિન્તે અલ્મુન્ઝિર બિન ઝુબૈર બિન અવામથી મરવી છે. આ હદીષ કિતાબુન્નિકાહમાં વર્ણન થઈ ચૂકી છે ત્યાં એના પર વિસ્તારપૂર્વક ચર્ચા થઈ ચૂકી છે.

حديث ٢٦٠٢ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ

**[હદીષ : ૨૬૦૨]** "હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહે

عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَعَنَ اللّٰهُ الْوَاصِلَةَ وَالْمُسْتَوْصِلَةَ وَالْوَاشِمَةَ وَالْمُسْتَوْشِمَةَ

બાલ મિલાવનારી અને મિલાવવાવાળી, ગુંદનારી તથા ગુંદાવનારી પર લઅનત ફર્માવી છે.

قَالَ نَافِعٌ اَلْوَشْمُ فِى اللِّثَةِ

*નાફેઅએ કહ્યું, ગુંદવું મસોડામાં હોય છે." (૨/૮૭૯, ૮૮૦ બાબુલ મૌસૂલા, બાબુલ મુસ્વશિમા, તિર્મિઝી–લિબાસ)*

## بَابُ الْمُسْتَوْشِمَةِ صفحہ ۸۷۹

## પ્રકરણ : "ગુંદવાવાળીનું બયાન" –(૮૭૯)

حدیث ۲۶۰۳ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اُتِىَ عُمَرُ بِامْرَاَةٍ تَشِمُ

**[હદીષ : ૨૬૦૩]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہ ની પાસે એક સ્ત્રી*

فَقَامَ فَقَالَ اَنْشُدُكُمْ بِاللّٰهِ مَنْ سَمِعَ مِنَ النَّبِىِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِى الْوَشْمِ

*લાવવામાં આવી જે વાળ ગુંદાવતી હતી. તો હઝરત ઉમર ઉભા થયા અને ફર્માવ્યું, હું તમને લોકોને અલ્લાહની*

قَالَ اَبُوْهُرَيْرَةَ فَقُمْتُ فَقُلْتُ يَا اَمِيْرَ الْمُؤْمِنِيْنَ اَنَا سَمِعْتُ قَالَ مَا سَمِعْتَ قَالَ

*કસમ આપુ છું, ગુંદવા ગુંદાવવાના બારામાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી કોણે સાંભળ્યું છે? તો હું ઉભો થયો અને મેં*

سَمِعْتُ النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ لَا تَشِمْنَ وَلَا تَسْتَوْشِمْنَ

*કહ્યું, હે અમીરુલ મો'મિનીન! મેં સાંભળ્યું છે. ફર્માવ્યું, શું તેં સાંભળ્યું છે? તો તેમણે કહ્યું, મેં નબી صلی اللہ علیہ وسلم ને*

*કહેતાં સાંભળ્યા છે, ન ખુદ ગુંદવું અને ન બીજાઓ પાસે ગુંદાવવું" (નિસાઈ–ઝીનત)*

## بَابُ التَّصَاوِيْرِ صفحہ ۸۸۰

## પ્રકરણ : "તસ્વીરો (ફોટાઓ)નું વર્ણન" –(૮૮૦)

**સમજૂતી :** કિતાબુલ લિબાસમાં તસ્વીરો તથા દાઢી મૂંછ વધારવા કપાવવા અને વાળને મિલાવવા તથા ગુંદવા ગુંદાવવા પર અમુક શરહ કર્તાઓએ ટીકા કરી છે કે એને લિબાસ સાથે કોઈ સંબંધ નથી. અલ્લામા ઈબ્ને હજર વગેરેએ એ સ્પષ્ટતા કરી છે કે એ સૌનો સરવાળો ઝીનત છે. એના પર અલ્લામા અયનીએ એ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે તસ્વીરોને ઝીનત સાથે સંબંધ નથી.

اقول وهوا لمستعان ઝીનતથી જો શરીરની ઝીનત મુરાદ લેવામાં આવે તો યક઼ીનન !તસ્વીરોને એની સાથે કોઈ સંબંધ નથી, પણ જો ઝીનત (શણગાર, શોભા)ને સામાન્ય રાખવામાં આવે, ચાહે શરીરની હોય ચાહે મકાનની તો તસ્વીરો પણ ઝીનતમાં સામેલ છે, એટલા માટે કે તસ્વીરોને મકાનમાં શોભા માટે લગાડયા કરતા હતા.

તસ્વીર (ફોટો) જીવંત હસ્તીનો ચહેરો બનાવવાનું નામ છે. હરામ જીવતાનો ચહેરો (ચહેરાનો ફોટો) બનાવવાનું નામ છે. એનાથી હરામ હોવાનું કોઈ ફરક઼ નથી પડતો કે તસ્વીર કેવી બનાવવામાં આવી.

એટલા માટે જેવી રીતે હાથ વડે બનાવવામાં આવેલી તસ્વીરો (ફોટો ગ્રાફસ) હરામ છે એ જ રીતે કેમેરા

વગેરે યંત્રથી બનાવેલ તસ્વીરો પણ હરામ છે. એ જ પ્રમાણે ટી.વી. તથા વીડીઓ કેસેટ પણ હરામ છે. એના બારામાં આજકાલ ઉલમા વચ્ચે ઘણી લાંબી ચોડી બહષો ઉઠેલી છે. અમુક હઝરાત એવું કહે છે : આ તસ્વીરો નથી અકસ છે, જેવી રીતે આઈનામાં માણસનું પ્રતિબિંબ (અક્સ) દેખાય છે, એટલા માટે એ જાઈઝ છે. હું પણ શરૂમાં એ જ ફત્વો આપતો હતો. પરંતુ જ્યારે અધિક વિચારણા સંશોધન કર્યું તો એ પરિણામે પહોંચ્યો કે ટીવી તથા વીડીઓ કેસેટ બનાવવી પણ હરામ છે, એટલા માટે કે ટીવી બોક્ષ પર જે કાંઈ જોવા મળે છે એ અક્સ નથી તસ્વીર છે. એના પર સ્પષ્ટ નિર્દેશ એ છે કે જો માણસ આઈના કે પાણી સામેથી હટી જાય તો આઈના તથા પાણી પરથી એની છબી અદ્રશ્ય થઈ જાય છે. જ્યારે કે વીડીઓ કેસેટમાં જેની તસ્વીર હોય છે તે અદ્રશ્ય થઈ જાય બલ્કે મૃત્યુ પામે તો પણ ટીવીના બોક્સ પર તેની છબી જોવા મળે છે. તસ્વીર સમયની મૂળ ઈલ્લત (કારણ) હદીષમાં અલ્લાહ તઆલાના સર્જનની સાથે મળતાપણાને ઠરાવવામાં આવેલ છે. ફર્માવવામાં આવ્યું : یضاھون بخلق اللہ અને ફર્માવવામાં આવ્યું : ذھب یخلق کخلقی અને એ વાત તદ્દન જાહેર છે કે સામાન્ય તસ્વીરો કરતાં ટીવી બોક્સ પર જોવા મળતી તસ્વીરોમાં અલ્લાહ તઆલાની તખ્લીક઼ની સાથે મળતાપણુ અધિક છે. સામાન્ય તસ્વીરો સ્થિર એક હાલતમાં રહે છે, ન બોલતી જોવા મળે છે ન હરતી ફરતી. અને ટીવી બોક્ષની તસ્વીરો જોવામાં એવી જણાય છે કે તે બોલી રહી છે, ચાલી રહી છે, ફરી રહી છે, લાગે છે કે જાણે જીવંત છે. એટલા માટે એમાં અલ્લાહની તખ્લીક઼ (સર્જન)ની સાથે મળતાપણુ અધિક છે. એટલા માટે આમ તસ્વીરોના કરતાં અધિક અંશે હરામ છે.

આજ કાલ નજદીઓએ એ ફત્વો આપી રાખ્યો છે કે હરામ કેવળ પ્રતિમા બનાવવું છે, રહી ગઈ તે તસ્વીરો જે કાગળ કે કપડા પર હોય તે હરામ નથી. તેમનો મઝહબ સ્પષ્ટ હદીષોથી વિરૂધ્ધ છે. હદીષ આવી રહી છે કે હુઝૂરે અક઼દસ ﷺએ પર્દા પર તસ્વીર જોઈ તો તેને નાપસંદ કર્યું. જાહેર છે કે પર્દા પર પૂતળુ નહીં હોય. વાત એ જ છે જે અમે શરૂમાં લખી કે હુર્મતનું કારણ જાનદારના ચહેરાનો આકાર છે તે જેવો પૂતળામાં જોવા મળે છે તેવો કપડા તથા કાગળમાં પણ જોવા મળે છે.

**પ્રકરણ : ''ક઼યામતના દિવસે તસ્વીર બનાવવાવાળાઓને અઝાબ''** *–(૮૮૦)*

بَابُ عَذَابِ الْمُصَوِّرِيْنَ يَوْمَ الْقِيٰمَةِ صفحہ ۸۸۰

حدیث ۲۶۰۴

عَنْ مُسْلِمٍ قَالَ كُنَّا مَعَ مَسْرُوْقٍ فِيْ دَارِ يَسَارِ بْنِ نُمَيْرٍ فَرَاٰی

*''મુસ્લિમથી રિવાયત છે કે અમે મસ્રૂક઼ની સાથે યસાર બિન નુમેરના ઘરમાં હતા તો* **[હદીષ : ૨૬૦૪]**

فِيْ صُفَّتِهٖ تَمَاثِيْلَ فَقَالَ سَمِعْتُ عَبْدَ اللّٰهِ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*મસ્રૂક઼ે એક ચબૂતરા પર કેટલાક ફોટાઓ જોયા. તો કહ્યું, મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી સાંભળ્યું છે,*

عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اِنَّ اَشَدَّ النَّاسِ عَذَابًا عِنْدَ اللّٰهِ الْمُصَوِّرُوْنَ

*તેમણે કહ્યું મેં નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે* ***લોકોમાં અલ્લાહ તઆલાની નજીક સૌથી સખત અઝાબ તસ્વીર બનાવનારાઓ પર થશે.*** *(મુસ્લિમ–લિબાસ, નિસાઈ–ઝીનત)*

**હદીષ : ૨૬૦૪ની સમજૂતી** એક કૌલ એ છે કે સૂરત અને તિમ્ષાલ (છબી)માં કોઈ ફરક નથી. અને અલ્લામા અયનીએ ફર્માવ્યું, સહીહ એ છે કે એ બંનેવમાં ફર્ક છે. સૂરત : પ્રાણીની તસ્વીર ને કહે છે અને તિમ્ષાલ આમ (સામાન્ય) છે, જાનદારની હોય કે ગૈર જાનદારની. અને એ જે કહેવામાં આવ્યું તિમ્ષાલ (તસ્વીર) પૂતળાને કહે છે અને એન સૂરત કપડા અથવા દીવાલના નકશને. એને قِيل થી વર્ણન કર્યું જે ઝોઅફની દલીલ છે.

اقول وهوا لمستعان : હદીષ હમણા વર્ણન થઈ કે તિમ્ષાલ (છબી) તથા સૂરત એક જ છે. એટલા માટે કે હદીષમાં એ છે કે ચબૂતરા પર તમાષીલ (છબીઓ) હતી. એના હરામ હોવા પર હુઝૂરે અકદસ ﷺના આ ઈર્શાદથી દલીલ લાવ્યા કે ફર્માવ્યું, "સૌથી સખત અઝાબ તસ્વીર બનાવનારાઓ પર થશે." જો એ બંનેવમાં મળતાપણુ હોત તો આ દલીલ સહીહ ન હોત. પછી એના બાદ વર્ણન છે, ઉમ્મુલ મો'મિનીન ફર્માવે છે : وقد سترتُ بقرام لی علی سهوة لی فیه لی تماثیلُ "મેં રોશનદાન પર એક પર્દો ટીંગાડયો હતો જેમાં તસ્વીરો હતી." જાહેર છે કે કપડા પર પૂતળાં નથી હોતાં, એના પર તે જ તસ્વીર હશે જે દીવાલ તથા કપડા પર બનાવવામાં આવે છે.

حدیث ۲۶۰۵ عَنْ نَافِعٍ عَنْ أَبِي عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَخْبَرَهُ

**[હદીષ : ૨૬૦૫]** *"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ*

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ الَّذِيْنَ يَصْنَعُوْنَ هٰذِهِ

*ફર્માવ્યું, જે લોકો આ સૂરતો (ફોટા) બનાવે છે, કયામતના દિવસે અઝાબ આપવામાં*

الصُّوَرَ يُعَذَّبُوْنَ يَوْمَ الْقِيٰمَةِ يُقَالُ لَهُمْ اَحْيُوْا مَا خَلَقْتُمْ

*આવશે. તેમને કહેવામાં આવશે જે તમે બનાવ્યું છે એમાં જાન મૂકો." (૨/૧૧૨૮ અત્તૌહીદ, મુસ્લિમ)*

## بَابُ نَقْضِ الصُّوَرِ صـ۸۸۰

**પ્રકરણ : "તસ્વીરોને મિટાવવી"** –(૮૮૦)

حدیث ۲۶۰۶ عَنْ عِمْرَانَ بْنِ حِطَّانَ اَنَّ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا حَدَّثَتْهُ

**[હદીષ : ૨૬૦૬]** *"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ હદીષ વર્ણન કરી કે*

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَمْ يَكُنْ يَتْرُكُ فِيْ بَيْتِهٖ شَيْئًا فِيْهِ

*નબી ﷺ ઘરમાં જે પણ તસ્વીર*

تَصَالِيْبُ اِلَّا نَقَضَهٗ

*જોતા મિટાવી દેતા." (અબૂ દાઊદ–લિબાસ, નિસાઈ–ઝીનત)*

**હદીષ : ૨૬૦૬ની સમજૂતી** تَصَالِيْب - تَصْلِيْب નું બહુવચન છે. એનાથી મુરાદ મુત્લક઼ (કોઈ પણ) તસ્વીરો છે. બલ્કે કશ્મીહિનીની રિવાયતમાં "તસ઼ાલીબ"ને બદલે "તસાવીર" છે. અને અલ્લામા કિર્માની એ ફર્માવ્યું કે એનાથી મુરાદ નક઼શો નિગાર છે જે સલીબની જેમ હોય એ પણ હરામ છે. એટલા માટે કે ક્રોસને ઈસાઈ પૂજે છે.

ડોક્ટર લોકો પોતાના દવાખાના માટે બોર્ડમાં ક્રોસ (+)નું નિશાન બનાવી રહ્યા છે, એ જાઈઝ નથી.

### ★ ડોક્ટરના બોર્ડ પર ક્રોસની નિશાની ક્યાંથી જન્મી ? ★

દવાખાનાના બોર્ડ પર ક્રોસ બનાવવાની શરૂઆત એ રીતે થઈ કે યૂરોપે પ્રથમ વિશ્વ યુધ્ધના જમાનામાં ઝખ્મીઓની મદદ તથા ઈલાજ વગેરેના માટે એક અંજુમન સ્થાપી હતી જેનું નામ સલીબ અહમર હતું જેનું ટ્રેડમાર્ક સલીબ (ક્રોસ) જ હતું. એનાથી શીખીને યૂરોપના ડોક્ટરોએ પણ પોતાના દવાખાનાના બોર્ડ પર ક્રોસ બનાવવાનું શરૂ કરી આપ્યું. તે જ હિંદુસ્તાનમાં રિવાજ પામી ગયું. મુસલમાન ડોક્ટરોએ એનાથી બચવું જોઈએ. એની સૌથી મોટી ખરાબી એ છે કે ક્રોસનું નિશાન ઈસાઈઓના અક઼ીદાનું સમર્થન છે કે હઝરત ઈસા علیہ السلام ને યહૂદીઓએ ફાંસી આપી હતી, અને એ અક઼ીદો કુર્આન મજીદની રદ છે ! ઈર્શાદ છે : وَمَا قَتَلُوْهُ وَمَا صَلَبُوْهُ وَ "ન તો યહૂદીઓએ એમને ક઼ત્લ કર્યા અને ન તો ફાંસી આપી, બલ્કે એમના માટે હઝરત ઈસાને મળતો એક શખ્સ બનાવવામાં આવ્યો."

તદ્ ઉપરાંત ઈસાઈ ક્રોસની પૂજા કરે છે તો એની હૈસિયત મૂર્તિની થઈ ગઈ. એને રાખવું એવું જ છે જેવી રીતે કોઈ મૂર્તિને રાખવું.

حدیث ۲۶۰۷ حَدَّثَنَا اَبُوْ زُرْعَةَ قَالَ دَخَلْتُ مَعَ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللهُ

*"અબૂ ઝરઆએ કહ્યું કે હું હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની સાથે મદીનામાં એક ઘરની* **[હદીષ : ૨૬૦૭]**

تَعَالٰى عَنْهُ دَارًا بِالْمَدِيْنَةِ فَرَاٰى اَعْلَاهَا مُصَوِّرًا يُصَوِّرُ قَالَ سَمِعْتُ

*અંદર ગયો. તો તેમણે એના ઉપર એક તસ્વીરકારને તસ્વીર બનાવતાં જોયો. તો તેમણે કહ્યું,*

رَسُوْلَ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ وَمَنْ اَظْلَمُ مِمَّنْ ذَهَبَ

*મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને એવું ફર્માવતાં સાંભળ્યા (કે અલ્લાહ તઆલા ફર્માવશે) એનાથી વધીને જાલિમ કોણ*

يَخْلُقُ كَخَلْقِىْ فَلْيَخْلُقُوْا حَبَّةً وَلْيَخْلُقُوْا ذَرَّةً ثُمَّ دَعَا بِتَوْرٍ مِّنْ مَّاءٍ

*જે મારી તખ્લીક઼ (સર્જન) ના જેમ સર્જન કરે છે. એ લોકો કોઈ દાણો પેદા કરી લે અથવા કોઈ રજકણ પેદા*

فَغَسَلَ يَدَيْهِ حَتّٰى بَلَغَ اِبْطَهٗ فَقُلْتُ يَا اَبَا هُرَيْرَةَ اَشَيْئٌ سَمِعْتَ مِنْ

*કરી લે. પછી એના બાદ હઝરત અબૂ હુરૈરહએ થાળીમાં પાણી મંગાવ્યું અને પોતાના હાથોને ધોયા, ત્યાં*

رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ مُنْتَھَی الْحِلْیَۃِ لَہٗ

સુધી કે બગલ સુધી ધોયા. મેં એમને કહ્યું, કે અબૂ હુરૈરહ ! શું એવી વાત છે જે આપે રસૂલુલ્લાહ ﷺ થી સાંભળી છે ? તેમણે કહ્યું, હું ઘરેણુ પહેરવાની અંતિમ હદ સુધી ધોઉં છું.''

(૨/૧૧૨૮ અત્તૌહીદ, બાબુ વલ્લાહુ ખલક઼કુમ વમા તઅ્‌મલૂન)

**પ્રકરણ :** –(૮૮૧) صـ ۸۸۱ بَابٌ

حدیث ۲۶۰۸

یُحَدِّثُ قَتَادَۃُ قَالَ کُنْتُ عِنْدَ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا

''ક઼તાદા હદીષ વર્ણન કરે છે કે હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની પાસે હાજર હતો **[હદીષ : ૨૬૦૮]**

وَھُمْ یَسْئَلُوْنَہٗ وَلَا یَذْکُرُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ حَتّٰی سُئِلَ فَقَالَ

અને લોકો એમને સવાલો કરી રહ્યા હતા અને નબી ﷺ નું નામ ન લેતા હતા. ત્યાં સુધી કે એમને સવાલ

سَمِعْتُ مُحَمَّدًا صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ مَنْ صَوَّرَ صُوْرَۃً فِی الدُّنْیَا

કરવામાં આવ્યો, તેમણે ફર્માવ્યું, મેં હઝરત મુહમ્મદ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા, **જે દુનિયામાં કોઈ**

کُلِّفَ یَوْمَ الْقِیٰمَۃِ اَنْ یَّنْفُخَ فِیْھَا الرُّوْحَ وَلَیْسَ بِنَافِخٍ

**તસ્વીર બનાવશે ક઼યામતના દિવસે તેને તકલીફ આપવામાં આવશે કે એમાં રૂહ ફૂંકે અને ફૂંકી શકશે નહીં.''** (મુસ્લિમ તસાવીર, ૨/૨૦૨)

## હદીષ : ૨૬૦૮ની સમજૂતી

મુસ્લિમમાં પૂરી તફસીલ આ પ્રમાણે છે. નઝર બિન અનસ બિન માલિકે કહ્યું, હું ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની પાસે બેઠો હતો. તે ફત્વા આપતા હતા અને એવું ન કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું. ત્યાં સુધી કે મને એક શખ્સે પૂછયું અને કહ્યું, હું આ તસ્વીરો બનાવું છું. ઈબ્ને અબ્બાસે મને કહ્યું, મારી પાસે આવ ! હું નજીક થયો તો હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું.

સઈદ બિન અબુલ હસનની રિવાયતમાં છે કે ફર્માવ્યું, **દરેક તસ્વીર (ફોટો) બનાવનાર જહન્નમમાં હશે. એણે જેટલી પણ તસ્વીરો બનાવી હશે સૌના બદલામાં એક જાન બનાવી દેવામાં આવશે જે એને જહન્નમમાં અઝાબ આપશે.**

**પ્રકરણ : "ચોપગાના માલિકનું પોતાની સામે બીજાને બેસાડવું." –(૮૮૨)**

بَابُ حَمْلِ صَاحِبِ الدَّابَّةِ غَيْرَهُ بَيْنَ يَدَيْهِ۔ صـ ۸۸۲

ت ۷۴۹ وَقَالَ بَعْضُهُمْ صَاحِبُ الدَّابَّةِ اَحَقُّ بِصَدْرِ الدَّابَّةِ اِلَّا

"અને એમના અમુકે (આમિર શઅબીએ) કહ્યું કે ચોપગાનો માલિક ચોપગાની **[તઅલીક઼ : ૭૪૯]**

اَنْ يَّاذَنَ لَهُ

આગળ બેસવાનો અધિક હક઼દાર છે, પણ એ કે કોઈ અન્યને ઈજાઝત આપે."

حدیث ۲۶۰۹ حَدَّثَنَا اَيُّوْبُ ذُكِرَ الْاَشَرُّ الثَّلٰثَةِ عِنْدَ عِكْرِمَةَ فَقَالَ قَالَ

"ઐયૂબે હદીષ વર્ણવી કે અકરમાની પાસે એ ઉલ્લેખ થયો કે ત્રણેવમાં કોણ વધારે **[હદીષ : ૨૬૦૯]**

ابْنُ عَبَّاسٍ اَتٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَقَدْ حَمَلَ قُثَمَ

બુરુ છે ? તો તેમણે કહ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને

بَيْنَ يَدَيْهِ وَالْفَضْلَ خَلْفَهُ اَوْ قُثَمَ خَلْفَهُ وَالْفَضْلَ بَيْنَ يَدَيْهِ فَاَيُّهُمْ

કુષમને પોતાની આગળ અને ફઝ્લને પોતાની પાછળ અથવા કુષમને પાછળ અને ફઝ્લને પોતાની આગળ

اَشَرُّ اَوْ اَيُّهُمْ اَخْيَرُ۔

બેસાડયા હતા. તો બતાવો એમાં કોણ અધિક બુરુ છે અને એમાં કોણ અધિક બેહતર છે."

**હદીષ : ૨૬૦૯ની સમજૂતી**

એક હદીષમાં ત્રણ માણસોને એક ચોપગા પર બેસાડવાની મનાઈ આવેલી છે. એના અનુસંધાનમાં અકરમાની મજલિસમાં સવાલ થયો કે જો એક જાનવર પર ત્રણ બેઠેલા હોય તો કોણ સૌથી વધુ બુરો છે ? જવાબનો સાર એ કે કોઈ બુરો નથી. જાનવરમાં શક્તિ હોય તો ત્રણ માણસો સવાર થઈ શકે છે. અને મનાઈની સ્થિતિ એ છે કે જાનવરમાં એટલી શક્તિ ન હોય.

**પ્રકરણ : – (૮૮૨)**

بَابٌ صـ ۸۸۲

حدیث ۲۶۱۰ حَدَّثَنَا اَنَسُ بْنُ مَالِكٍ عَنْ مُعَاذِ بْنِ جَبَلٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત અનસ બિન માલિકે હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہما થી રિવાયત કરતાં **[હદીષ : ૨૬૧૦]**

عَنْهُمَا قَالَ بَيْنَا اَنَا رَدِيْفُ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَيْسَ بَيْنِيْ

હદીષ વર્ણવી. તેમણે કહ્યું, હું નબી ﷺ ની સાથે પાછળ બેઠેલો હતો. મારા અને હુઝૂરની વચ્ચે કેવળ કાઠલાનો

وَبَيْنَهُ اِلَّا اٰخِرَةُ الرَّحْلِ فَقَالَ يَا مُعَاذُ قُلْتُ لَبَّيْكَ رَسُوْلَ اللّٰهِ وَسَعْدَيْكَ

પાછલો ભાગ હતો. તો હુઝૂરે મને ફર્માવ્યું, હે મઆઝ! મેં અર્ઝ કરી, હાજર છું યા રસૂલુલ્લાહ! અને હાજર છું.

ثُمَّ سَارَ سَاعَةً ثُمَّ قَالَ يَا مُعَاذُ قُلْتُ لَبَّيْكَ رَسُوْلَ اللّٰهِ وَسَعْدَيْكَ ثُمَّ سَارَ

પછી હુઝૂર થોડીવાર ચાલ્યા પછી ફરી ફર્માવ્યું, હે મઆઝ! મેં કહ્યું, હાજર છું યા રસૂલુલ્લાહ! હાજર છું. પછી

سَاعَةً ثُمَّ قَالَ يَا مُعَاذُ بْنَ جَبَلٍ قُلْتُ لَبَّيْكَ رَسُوْلَ اللّٰهِ وَسَعْدَيْكَ قَالَ

થોડે દૂર અધિક ચાલ્યા અને ફર્માવ્યું, હે મઆઝ બિન જબલ! મેં અર્ઝ કરી, હાજર છું યા રસૂલુલ્લાહ! હાજર છું.

هَلْ تَدْرِيْ مَا حَقُّ اللّٰهِ عَلٰى عِبَادِهٖ قُلْتُ اللّٰهُ وَرَسُوْلُهٗ اَعْلَمُ قَالَ حَقُّ

ફર્માવ્યું, તમે જાણો છો અલ્લાહનો હક્ક઼ બંદાઓ પર શું છે? મેં અર્ઝ કરી, **અલ્લાહ તથા રસૂલ સારી રીતે**

اللّٰهِ عَلٰى عِبَادِهٖ اَنْ يَّعْبُدُوْهُ وَلَا يُشْرِكُوْا بِهٖ شَيْئًا ثُمَّ سَارَ سَاعَةً ثُمَّ قَالَ

**જાણે છે.** ફર્માવ્યું, અલ્લાહનો બંદાઓ પર હક્ક઼ એ છે કે તેની ઈબાદત કરે અને તેની સાથે કોઈને શરીક ન કરે.

يَا مُعَاذُ بْنَ جَبَلٍ قُلْتُ لَبَّيْكَ رَسُوْلَ اللّٰهِ وَسَعْدَيْكَ قَالَ هَلْ تَدْرِيْ مَا

પછી થોડીવાર ચાલ્યા અને ફર્માવ્યું, હે મઆઝ બિન જબલ! મેં અર્ઝ કરી, હાજર છું યા રસૂલુલ્લાહ! હાજર છું.

حَقُّ الْعِبَادِ عَلَى اللّٰهِ اِذَا فَعَلُوْهُ قُلْتُ اللّٰهُ وَرَسُوْلُهٗ اَعْلَمُ قَالَ حَقُّ الْعِبَادِ

ફર્માવ્યું, તમે જાણો છો! જ્યારે બંદો એ કરી ચૂકે તો બંદાનો હક્ક઼ અલ્લાહ પર શું છે? મેં અર્ઝ કરી, **અલ્લાહ**

عَلَى اللّٰهِ اَنْ لَّا يُعَذِّبَهُمْ ـ

**તથા રસૂલ સારી રીતે જાણે છે.** ફર્માવ્યું, હવે બંદાઓનો હક્ક઼ અલ્લાહ પર એ છે કે તેમને અઝાબ ન આપે."

(૨/૯૨૨ રિફ઼ાક઼, ઈસ્તીઝાન ૨/૯૨૭, મુસ્લિમ–ઈમાન, નિસાઈ–અમરુલ યૌમિ વલ્લૈલ)

## હદીષ : ૨૬૧૦ની સમજૂતી

હક્ક઼નો અર્થ એ થાય છે જે કોઈના માટે સાબિત તથા વાજિબ હોય અને અલ્લાહ તઆલા પર કાંઈ વાજિબ નથી. આ હદીષમાં જે ફર્માવવામાં આવ્યું કે બંદાઓનો અલ્લાહ પર શું હક્ક઼ છે એનાથી મુરાદ એ છે કે જયારે અલ્લાહ તઆલાએ વાયદો કરી લીધો તો તેનો વાયદો સાચો છે, જેથી અલ્લાહ તઆલા બંદાને એ જરૂર અતા કરશે. અથવા મુશાકિલત (એકરૂપતા) છે, પહેલાં ફર્માવવામાં આવ્યું હતું ماحق الله على العباد એની મુશાકિલતમાં ફર્માવ્યું : ماحق العباد على الله

بسم الله الرحمن الرحیم

# کتاب الادب ص ۸۸۲

## (કિતાબુલ્ અદબ ) "અદબ વિશે પ્રકરણ'' -(૮૮૨)

باب من احق الناس بحسن الصحبة ص ۸۸۲

પ્રકરણ : "સારા વર્તાવનો સૌ લોકો કરતાં કોણ અધિક પાત્ર છે ?" -(૮૮૨)

حدیث ۲۶۱۱ عن ابی زرعة عن ابی هریرة رضی الله تعالیٰ عنه قال جاء رجل

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક સાહબ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની **[હદીષ : ૨૬૧૧]**

الی رسول الله صلی الله تعالیٰ علیه وسلم فقال یا رسول الله من احق بحسن

ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! મારા સારા વર્તાવનો સૌથી વિશેષ મુસ્તહિક્ કોણ છે ?

صحابتی قال امك قال ثم من قال امك قال ثم من قال امك قال

ફર્માવ્યું, તારી મા. પૂછયું, પછી કોણ ? ફર્માવ્યું, તારી મા. તેણે પૂછયું, પછી કોણ ? ફર્માવ્યું, તારી મા. તેણે કહ્યું,

ثم من قال ثم ابوك

પછી કોણ ? ફર્માવ્યું, તારો બાપ. (મુસ્લિમ-અદબ, ઈબ્ને માજહ-વસાયા)

### હદીષ : ૨૬૧૧ની સમજૂતી

ઈમામ બુખારીએ બાદમાં કહ્યું, قال ابن شبرمة وحیی بن ایوب الخ એમાં ઈબ્ને શબરમાથી મુરાદ અબ્દુલ્લાહ બિન શબરમા કૂફાના ક઼ાઝી છે જે અમ્મારા બિન ક઼અક઼ાઅના કાકા છે. મુરાદ એ છે કે આ હદીષને અબ્દુલ્લાહ બિન શબરમા અને યહયા બિન ઐયૂબ બંનેવે પણ અબૂ ઝરઆથી રિવાયત કરી છે.

## بَابُ لَا يَسُبُّ الرَّجُلُ وَالِدَهٗ صـ ۸۸۳

**પ્રકરણ : "કોઈ પોતાના બાપને બુરો ન કહે"** *–(૮૮૩)*

حدیث ۲٦١٢ عَنْ حُمَيْدِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو قَالَ قَالَ النَّبِيُّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રએ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું,* **કબીરા ગુનાહોમાં** **[હદીષ : ૨૬૧૨]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ مِنْ اَكْبَرِ الْكَبَائِرِ اَنْ يَّلْعَنَ الرَّجُلُ وَالِدَيْهِ قِيْلَ يَا رَسُوْلَ اللّٰهِ

***સૌથી મોટો એ છે કે કોઈ પોતાનાં માબાપ પર લઅનત કરે.*** *અર્ઝ કરવામાં આવી, યા રસૂલુલ્લાહ !*

وَكَيْفَ يَلْعَنُ الرَّجُلُ وَالِدَيْهِ قَالَ يَسُبُّ اَبَا الرَّجُلِ فَيَسُبُّ اَبَاهُ وَيَسُبُّ اُمَّهٗ فَيَسُبُّ اُمَّهٗ

*કોઈ પોતાનાં માબાપ પર કેવી રીતે લઅનત કરશે ?! ફર્માવ્યું કે કોઈ કોઈના બાપને બુરો કહે તો તે તેના બાપને બુરો કહેશે, કોઈ કોઈની માને બુરી કહે અને તે તેની માને બુરી કહે."*

*(મુસ્લિમ–ઈમાન, અબૂ દાઊદ–અદબ, તિર્મિઝી–બર્ર)*

## بَابُ اِثْمِ الْقَاطِعِ صـ ۸۸۵

**પ્રકરણ : "સગાઈ કાપનારનો ગુનોહ"** *–(૮૮૫)*

حدیث ۲٦١٣ اَنَّ مُحَمَّدَ بْنَ جُبَيْرِ بْنِ مُطْعِمٍ قَالَ اِنَّ جُبَيْرَ بْنَ مُطْعِمٍ اَخْبَرَهٗ

*"જુબૈર બિન મુત્ઈમ رضی اللہ عنہ ખબર આપી કે તેમણે ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે,* **[હદીષ : ૨૬૧૩]**

اَنَّهٗ سَمِعَ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ لَا يَدْخُلُ الْجَنَّةَ قَاطِعٌ ۔

*જન્નતમાં રિશ્તો કટ કરનાર દાખલ થશે નહીં."*

## بَابُ مَنْ بُسِطَ لَهٗ فِي الرِّزْقِ لِصِلَةِ الرَّحِمِ صـ ۸۸۵

**પ્રકરણ : "સિલએ રહમ (સગા સાથે સદ્‌વર્તાવ)ના કારણે જેની રોજીમાં વૃદ્ધિ કરવામાં આવી."** *–(૮૮૫)*

حدیث ۲٦١٤ عَنْ سَعِيْدِ بْنِ اَبِيْ سَعِيْدٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને* **[હદીષ : ૨૬૧૪]**

قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنْ سَرَّهٗ اَنْ

*ફર્માવતાં સાંભળ્યા, જેને એ વાત પસંદ હોય કે તેની રોજીમાં વિશાળતા આપવામાં આવે અને તેની ઉમર*

يُّبْسَطَ لَهٗ فِيْ رِزْقِهٖ وَاَنْ يُّنْسَاءَ لَهٗ فِيْ اَثَرِهٖ فَلْيَصِلْ رَحِمَهٗ

લાંબી કરવામાં આવે તો તે સિલએ રહમી (સગાં સાથે સદ્‌વર્તાવ) કરે."

حدیث ۲۶۱۵ عَنْ حُمَيْدِ بْنِ عَبْدِالرَّحْمٰنِ عَنْ عَبْدِاللّٰهِ بْنِ عَمْرٍو قَالَ قَالَ النَّبِيُّ

"અનસ બિન માલિક رضی اللہ عنہ એ એ ખબર આપી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **[હદીષ : ૨૬૧૫]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ اَحَبَّ اَنْ يُّبْسَطَ لَهٗ فِيْ رِزْقِهٖ وَيُنْسَأَ لَهٗ

**જેને એ પસંદ હોય કે તેની રોજીમાં વૃધ્ધિ કરવામાં આવે અને તેની ઉમરને**

فِيْ اَثَرِهٖ فَلْيَصِلْ رَحِمَهٗ

**વધારવામાં આવે તો તે સગાં સાથે સદવર્તાવ કરે."** (મુસ્લિમ–અદબ)

**હદીષ : ૨૬૧૫ની સમજૂતી** اَنْ يُّنْسَاءَ એનો માદો نَسَاء છે જેનો અર્થ મોડુ કરવું છે. اثر નો અર્થ પાછળ છે, મુરાદ એની મૌત છે, એટલા માટે કે તે ઉમરના અંતમાં હોય છે.

**પ્રકરણ : "જે સિલએ રહમી (સગાં સાથે સદ્‌વર્તાવ) કરે અલ્લાહ તઆલા તેના પર ખાસ કરમ ફર્માવે છે"** –(૮૮૫)

بَابُ مَنْ وَصَلَ وَصَلَهُ اللّٰهُ صفحہ ۸۸۵

حدیث ۲۶۱۶ عَنْ اَبِيْ صَالِحٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે ફર્માવ્યું رَحِمٌ (સગાઈ) **[હદીષ : ૨૬૧૬]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَلرَّحِمُ شِجْنَةٌ مِّنَ الرَّحْمٰنِ فَقَالَ اللّٰهُ

રહમાનથી નીકળેલ છે. અલ્લાહે ફર્માવ્યું, જે તને મિલાવશે હું તેને મિલાવીશ,

مَنْ وَّصَلَكِ وَصَلْتُهٗ وَمَنْ قَطَعَكِ قَطَعْتُهٗ

જે તને કાપશે હું તેને કાપીશ." (મુસ્લિમ–અદબ)

حدیث ۲۶۱۷ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ **[હદીષ : ૨૬૧૭]**

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, રિશ્તો (સગાઈ) એક શાખ

وَسَلَّمَ قَالَ الرَّحِمُ شِجْنَةٌ فَمَنْ وَّصَلَهَا وَصَلْتُهٗ وَمَنْ قَطَعَهَا قَطَعْتُهٗ

***છે, જે એને જોડશે અલ્લાહ એના પર ખાસ ઈનામ ફર્માવશે અને જે કાપશે અલ્લાહ તેને કાપશે."***

**હદીષ : ૨૬૧૭ની સમજૂતી** شِجْنَةٌએમાં શીનને કસ્રા પણ અને ઝમ્મહ પણ અને ફતહ પણ છે એનો અર્થ છે ઝાડનાં મૂળો જે આપસમાં ગુથાએલાં છે. મુરાદ એ છે કે એનો માદ્દો એ જ છે જે રહમાનનો છે. અબૂ દાઊદ, તિર્મિઝીમાં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہથી મરવી છે. તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને કહેતાં સાંભળ્યા (રબ ફર્માવે છે) હું અલ્લાહ છું, હું રહમાન છું. રહિમ (સગાઈ)ને મેં પેદા કરી અને એને મેં મારા નામથી સાથે મુશ્તક઼ (માંથી કાઢવું) કર્યો. જે એને મિલાવશે હું તેને મિલાવીશ, જે એને કાપશે એને કાપીશ.

## بَابُ يَبُلُّ الرَّحِمَ بِبَلَالِهَا ۸۸۶

**પ્રકરણ : "રિશ્તાને તેની તરીની સાથે તર રાખવામાં આવે" –(૮૮૬)**

حدیث ۲۶۱۸

عَنْ قَيْسِ بْنِ أَبِي حَازِمٍ أَنَّ عَمْرَو بْنَ الْعَاصِ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ جِهَارًا غَيْرَ سِرٍّ يَقُولُ إِنَّ آلَ أَبِي — قَالَ عَمْرٌو فِي كِتَابِ مُحَمَّدِ بْنِ جَعْفَرٍ بَيَاضٌ — لَيْسُوا بِأَوْلِيَائِي إِنَّمَا وَلِيِّيَ اللّٰهُ وَصَالِحُ الْمُؤْمِنِينَ — زَادَ عَنْبَسَةُ ابْنُ عَبْدِ الْوَاحِدِ عَنْ بَيَانٍ عَنْ قَيْسٍ عَنْ عَمْرِو بْنِ الْعَاصِ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ وَلٰكِنْ لَهُمْ رَحِمٌ أَبُلُّهَا بِبَلَالِهَا — قَالَ أَبُو عَبْدِ اللّٰهِ كَذَا وَقَعَ وَبِبَلَالِهَا أَجْوَدُ وَأَصَحُّ وَبِبَلَائِهَا لَا أَعْرِفُ لَهُ وَجْهًا ـ

**[હદીષ : ૨૬૧૮]** *"હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ એ કહ્યું કે મેં નબી صلی اللہ علیہ وسلمથી છુપી રીતે નહીં ખુલે આમ સાંભળ્યું. ફર્માવતા હતા, આલે અબી અમ્ર બિન અબ્બાસે કહ્યું, મુહમ્મદ બિન જઅફરની કિતાબમાં અહીં બયાઝ (بیاض) છે, મારા અવલિયા (વલીઓ) નથી. મારો વાલી કેવળ અલ્લાહ છે અને નેક મો'મિન. અંબસહના તરીક઼ાથી જે રિવાયત છે એમાં એ છે કે હઝરત અમ્ર બિન આસે કહ્યું કે મેં નબી صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું, પરંતું એમની સાથે રિશ્તેદારી છે જેને હું એની બલાથી તર રાખીશ. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, આ રિવાયતમાં એવું જ છે, પણ 'બિબલાઈહા'ની જગાએ 'બિબલાલિહા' વધુ ઉમદા તથા વધુ સહીહ છે. અને 'બિલાઈહા' દુરુસ્ત હોવાનું કોઈ કારણ હું નથી જાણતો. (તિર્મિઝી–તફ્સીર, નિસાઈ–વસાયા)*

**હદીષ : ૨૬૧૮ની સમજૂતી** આ હદીષમાં إِنَّ آلَ أَبِي પછી મુહમ્મદ બિન જઅફરની કિતાબમાં જગા છૂટેલી છે. એટલે એ કોણ લોકો છે એ વર્ણન કરેલ નથી. હઝરત ઈમામ ક઼ાઝી અયાઝે ફર્માવ્યું કે એનાથી મુરાદ હકમ બિન આસ છે. ક઼સ્તલાનીમાં છે કે દુમ્યાતીએ પોતાના હાશિયામાં લખ્યું કે મુરાદ આલે અબુલ આસ બિન ઉમૈયા છે. અને હઝરત મુહયુદ્દીન ઈબ્ને અરબીની કિતાબ સિરાજુલ મુરીદીનમાં છે કે મુરાદ આલે અબૂ તાલિબ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

પરંતું આલે અબૂ તાલિબનું મુરાદ હોવું જાહેર નથી, એટલા માટે કે અબૂ તાલિબની ઔલાદમાં હઝરત અલી તથા હઝરત જઅફર સાબિકીને અવ્વલીનમાંથી છે, કેવળ અકીલે ઈસ્લામ લાવવામાં મોડુ કર્યુ.

كذا وقع એટલે અંબસહની રિવાયતમાં 'બિબલાલિહા'ની જગાએ 'બિબલાઈહા' છે. ઈમામ બુખારીએ ફર્માવ્યું કે અહીં 'બિબલાઈહા'નો કોઈ અર્થ મારી સમજમાં ન આવ્યો, અને અહીં 'બિબલાલિહા' અધિક ઉમદા અને અધિક સહીહ છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે 'બિબલાઈહા'નો અર્થ પણ દુરુસ્ત થઈ શકે છે. 'બલા'નો અર્થ મઅરૂફ એટલે સારી ચીજ તથા નેઅમત પણ છે. મુરાદ એ છે કે હું સગાઈની અચ્છાઈ અને તેની નેઅમતથી તરી હાંસલ કરું છું. અને ابلّ ببلا لها નો મતલબ એ છે કે હું રિશ્તાનો લેહાઝ કરું છું.

## باب ليس الواصل بالمكافي صـ ٨٨٦

**પ્રકરણ : "સિલએ રહમી (સગાંથી સદ્વર્તાવ) કરનાર બદલો આપનાર નથી"** –(૮૮૬)

حديث ٢٦١٩ عن عبد الله بن عمرو رضي الله تعالى عنهما عن النبي صلى الله

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضي الله عنهما નબી ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું,* **[હદીષ : ૨૬૧૯]**

تعالى عليه وسلم قال ليس الواصل بالمكافي ولكن الواصل الذي إذا

*રિશ્તો જોડનારો બદલો આપનાર નથી. રિશ્તો જોડનારો તે છે કે જ્યારે તેનો*

قطعت رحمه وصلها

*રિશ્તો કાપવામાં આવે તો તે જોડે." (અબૂ દાઊદ–ઝકાત, તિર્મિઝી–બર્ર)*

**હદીષ : ૨૬૧૯ની સમજૂતી**

આ હદીષને ઈમામ બુખારી رحمة الله عليه એ અઅમશ અને હસને ઈબ્ને અમ્ર અને ફિતર, ત્રણ રાવીઓના થકી ઈમામ મુજાહિદથી રિવાયત કરી છે, અને ત્રણેવથી સુફયાન ષૌરી રિવાયત કરે છે. સુફયાન ષૌરીએ કહ્યું કે અઅમશે એને મરફુઅન નથી રિવાયત કરી, હા ! હસન અને ફિતરે મરફુઅન રિવાયત કરી છે.

## باب رحمة الولد وتقبيله ومعانقته صـ ٨٨٦

**પ્રકરણ : "બાળક પર મહેરબાની કરવી અને એને ચૂમવું અને તેને ગળે લગાડવું"** –(૮૮૬)

حديث ٢٦٢٠ ان عروة بن الزبير أخبره ان عائشة زوج النبي صلى الله

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા નબી ﷺના અહલિયાએ ફર્માવ્યું, એક સ્ત્રી* **[હદીષ : ૨૬૨૦]**

عليه وسلم حدثته قالت جاءتني امرأة معها ابنتان تسألني فلم

*મારી પાસે માગવા માટે આવી. તેની સાથે બે છોકરીઓ હતી. તેણે મારી પાસે એક ખજૂર સિવાય કાંઈ ન*

تَجِدُ عِنْدِیْ غَیْرَ تَمْرَۃٍ وَّاحِدَۃٍ فَاَعْطَیْتُھَا فَقَسَمَتْھَا بَیْنَ اِبْنَتَیْھَا

મેળવ્યું, એ ખજૂર મેં તેને આપી દીધું. તેણે એ ખજૂર પોતાની બંનેવ પુત્રીઓ વચ્ચે વહેંચી આપ્યું. પછી ઉઠી

ثُمَّ قَامَتْ فَخَرَجَتْ فَدَخَلَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

અને ચાલી ગઈ. ત્યારબાદ નબી ﷺ તશરીફ લાવ્યા તો મેં હુઝૂરને આ કિસ્સો વર્ણવ્યો, તો ફર્માવ્યું, જે આ

فَحَدَّثْتُہٗ فَقَالَ مَنْ بُلِیَ مِنْ ھٰذِہِ الْبَنَاتِ شَیْئًا فَاَحْسَنَ اِلَیْھِنَّ

પુત્રીઓના મામલામાં કાંઈ પણ અજમાવવામાં આવે અને તે તેણીઓ સાથે ભલાઈ કરે તો તે **પુત્રીઓ એના**

کُنَّ لَہٗ سِتْرًا مِّنَ النَّارِ

**માટે આગથી પર્દો બની જશે."** *(મુસ્લિમ–અદબ, તિર્મિઝી–બર્ર)*

**હદીષ : ૨૬૨૦ની સમજૂતી** એના જેમ જ લગભગ મુસ્લિમમાં અરાક બિન માલિકની રિવાયત હઝરત ઉમ્મુલ મો'મિનીનથી જ આ પ્રમાણે છે કે એક મિસ્કીન સ્ત્રી બે બાળકોને લઈને મારી પાસે આવી. મેં તેને ત્રણ ખજૂરો આપી. તેણે એક એક ખજૂર દરેક બાળકીને આપી દીધી અને તે એક ખજૂર પોતાના મોઢા સુધી લઈ ગઈ કે ખાય, પણ તેણીએ તેના બે ટુકડા કરીને બાળકોને આપી દીધી. તેણીની આ હાલતે મને આશ્ચર્યમાં નાખી.

શક્ય છે આ બે બનાવો અલગ અલગ હોય.

حدیث ۲۶۲۱ حَدَّثَنَا اَبُوْ سَلَمَۃَ بْنُ عَبْدِ الرَّحْمٰنِ اَنَّ اَبَا ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ

**[હદીષ : ૨૬૨૧]** "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ હસન બિન અલીને

عَنْہُ قَالَ قَبَّلَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الْحَسَنَ بْنَ

બોસો આપ્યો અને ત્યાં અક્રઅ બિન હાબિસ તમીમી બેઠેલા હતા. અક્રઅ બિન હાબિસે કહ્યું,

عَلِیٍّ وَعِنْدَہُ الْاَقْرَعُ بْنُ حَابِسٍ التَّمِیْمِیُّ جَالِسٌ فَقَالَ الْاَقْرَعُ بْنُ

મારા દસ પુત્રો છે, મેં એમનામાંથી કોઈને બોસો નથી આપ્યો. આ સાંભળીને

حَابِسٍ اِنَّ لِیْ عَشَرَۃً مِّنَ الْوَلَدِ مَا قَبَّلْتُ مِنْھُمْ اَحَدًا فَنَظَرَ اِلَیْہِ

રસૂલુલ્લાહ ﷺ એ તેમને જોયા અને ફર્માવ્યું, જે રહમ નથી કરતા

رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ثُمَّ قَالَ مَنْ لَّا یَرْحَمُ لَا یُرْحَمُ

તેમના પર રહમ કરવામાં નથી આવતી."

٢٦٢٢
حدیث
عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ جَاءَ

[હદીષ : ૨૬૨૨] "ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે એક

أَعْرَابِيٌّ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ تُقَبِّلُوْنَ الصِّبْيَانَ

અઅરાબી (ગામડાવાસી) નબી ﷺ ની ખિદમતમાં આવ્યા અને તેમણે કહ્યું, તમે લોકો બાળકોનો બોસો લો

فَمَا نُقَبِّلُهُمْ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَوَ أَمْلِكُ لَكَ

છો અને અમે બોસો નથી લેતા (ચૂમતા નથી). એના પર નબી ﷺ એ ફર્માવ્યું, હું શું કરું

إِذْ انْزَعَ اللّٰهُ مِنْ قَلْبِكَ الرَّحْمَةَ

જ્યારે અલ્લાહે તારા દિલથી રહમ કાઢી લીધી છે !"

**હદીષ : ૨૬૨૨ની સમજૂતી** શરહકર્તાઓએ ફર્માવ્યું કે શક્ય છે કે એ અક્‌રઅ બિન હાબિસ હોય અને શક્ય છે કે એ ક઼ૈસ બિન આસિમ તમીમી હોય. અલ્લામા અયનીએ ફર્માવ્યું, શક્ય છે એ ઓયૈના બિન હસ્‌ન ફઝારી હોય, એટલા માટે કે એમનો બનાવ નામના ખુલાસા સાથે વર્ણન થયેલો છે.

٢٦٢٣
حدیث
حَدَّثَنِيْ زَيْدُ بْنُ أَسْلَمَ عَنْ أَبِيْهِ عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ

[હદીષ : ૨૬૨૩] "હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ ની

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَدِمَ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِسَبْيٍ

ખિદમતમાં કેટલાક કેદી આવ્યા. કેદીઓમાંથી એક સ્ત્રીનું દૂધ ઉતરીને ટપકવા લાગ્યું. તે

فَإِذَا امْرَأَةٌ مِنَ السَّبْيِ قَدْ تَحْلُبُ ثَدْيُهَا بِسَقْيٍ إِذَا وَجَدَتْ صَبِيًّا

કેદીઓમાંથી જે બાળકને પામતી તેને લઈ લેતી અને પોતાના પેટ સાથે ચિપકાવતી અને તેને દૂધ

فِي السَّبْيِ أَخَذَتْهُ فَأَلْصَقَتْهُ بِبَطْنِهَا وَأَرْضَعَتْهُ فَقَالَ لَنَا النَّبِيُّ

પીવડાવતી. એ જોઈને અમને નબી ﷺ એ ફર્માવ્યું, બતાવો શું આ પોતાના

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَتُرَوْنَ هٰذِهٖ طَارِحَةً وَلَدَهَا فِي النَّارِ

બાળકને આગમાં નાખશે ? અમે અર્ઝ કરી, નહીં ! એ પોતાના બાળકને આગથી બચાવશે.

قُلْنَا لَا وَهِيَ تَقْدِرُ عَلٰى أَنْ لَّا تَطْرَحَهُ فَقَالَ اللّٰهُ أَرْحَمُ بِعِبَادِهٖ مِنْ

હવે હુઝૂરે ફર્માવ્યું, એ પોતાનાં બાળકો પર જેટલી મહેરબાન છે

هٰذِهٖ بِوَلَدِهَا

*એનાથી કેટલોય અધિક અલ્લાહ તઆલા બંદાઓ પર મહેરબાન છે." (મુસ્લિમ–તૌબા)*

**પ્રકરણ : –(૮૮૬)** بَاب ص۸۸۶

۲۶۲۴ حدیث أَخْبَرَنَا سَعِيْدُ بْنُ الْمُسَيَّبِ أَنَّ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

**[હદીષ : ૨૬૨૪]** *"બેશક! અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યું કે*

عَنْهُ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ جَعَلَ اللّٰهُ

*અલ્લાહ તઆલાએ રહમતને સો ભાગમાં વહેંચી, ૯૯ ભાગો પોતાની*

الرَّحْمَةَ فِيْ مِائَةِ جُزْءٍ فَأَمْسَكَ عِنْدَهٗ تِسْعَةً وَّتِسْعِيْنَ جُزْءًا وَّأَنْزَلَ فِي

*પાસે રાખ્યા અને જમીનમાં એક ભાગને ઉતાર્યો. એ ભાગ વડે મખ્લૂક*

الْأَرْضِ جُزْءًا وَّاحِدًا فَمِنْ ذٰلِكَ الْجُزْءِ يَتَرَاحَمُ الْخَلْقُ حَتّٰى تَرْفَعَ

*એક બીજા પર મહેરબાની કરે છે, ત્યાં સુધી કે ઘોડી પોતાના બાળકથી પોતાનો*

الْفَرَسُ حَافِرَهَا عَنْ وَّلَدِهَا خَشْيَةَ أَنْ تُصِيْبَهٗ ۔

*પગ ઉઠાવેલો રાખે છે એ ડરથી કે ક્યાંક તેને કચડી ન કાઢે." (મુસ્લિમ)*

**હદીષ : ૨૬૨૪ની સમજૂતી**

'રહમત' અલ્લાહ عزوجل ની સિફત છે, અને અલ્લાહ તઆલાની દરેક સિફત અસીમ છે પછી એવું કહેવું કેવી રીતે સહીહ છે કે 'રહમત'ના સો ભાગ કર્યા. જવાબ એ છે કે એનાથી હદ બાંધવી કે માત્રા નક્કી કરવાનો હેતુ નથી. સામેવાળાને સમજાવવા માટે એક ઉદાહરણ છે. હેતુ એ છે કે મખ્લૂકાતમાં જે રહમત છે એ થોડીક છે એની સરખામણીમાં જે અલ્લાહની પાસે છે.

بَابُ رَحْمَةِ النَّاسِ وَالْبَهَائِمِ ص۸۸۸

**પ્રકરણ : "લોકો તથા ચોપગાં પર મહેરબાની કરવી" –(૮૮૮)**

۲۶۲۵ حدیث أَخْبَرَنِيْ أَبُوْ سَلَمَةَ بْنُ عَبْدِ الرَّحْمٰنِ أَنَّ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ

**[હદીષ : ૨૬૨૫]** *"અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નમાઝમાં ઉભા થયા અને અમે*

تَعَالٰى عَنْهُ قَالَ قَامَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِيْ صَلٰوةٍ وَّقُمْنَا مَعَهٗ فَقَالَ

*પણ હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે ઉભા થયા તો એક અઅરાબીએ કહ્યું અને તે પણ નમાઝમાં હતા, હે અલ્લાહ!*

أَعْرَابِيٌّ وَهُوَ فِي الصَّلٰوةِ اَللّٰهُمَّ ارْحَمْنِيْ وَمُحَمَّدًا وَلَا تَرْحَمْ مَعَنَا أَحَدًا فَلَمَّا

*મારા પર અને મારા મુહમ્મદ પર રહમ ફર્માવ અને અમારી સાથે કોઈના પર રહમ ન ફર્માવ.*

سَلَّمَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لِلْأَعْرَابِيِّ لَقَدْ حَجَّرْتَ وَاسِعًا يُرِيْدُ رَحْمَةَ اللّٰهِ.

*જ્યારે નબી ﷺ એ સલામ ફેરવી તો અઅરાબીને કહ્યું, તમે ભરપુર (વિશાળતાવાળી)*

*ચીજમાં પથ્થર ભરી દીધા. (હુઝૂરની મુરાદ અલ્લાહની રહમતથી હતી)''*

**હદીષ : ૨૬૨૫ની સમજૂતી** આ અઅરાબી ઝુલ્ખવૈસરા યમાની હતા જેમણે મસ્જિદમાં પેશાબ કર્યો હતો જેવું કે ઈબ્ને માજહમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે એક અઅરાબી મસ્જિદમાં આવ્યા અને કહ્યું, હે અલ્લાહ મને અને મુહમ્મદને બખ્શ, અને અમારી સાથે કોઈને ન બખ્શ. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તેં એક વિશાળતાવાળી ચીજને સાંકડી કરી નાખી. પછી તે અઅરાબી મસ્જિદના ખૂણામાં ગયા અને ત્યાં પેશાબ કરી દીધો.

٢٦٢٦ حديث سَمِعْتُ النُّعْمَانَ بْنَ بَشِيْرٍ يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

*''નોઅમાન બિન બશીર رضی اللہ عنہ ને ફર્માવતાં સાંભળ્યા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૬૨૬]**

تَرَى الْمُؤْمِنِيْنَ فِيْ تَرَاحُمِهِمْ وَتَوَادِّهِمْ وَتَعَاطُفِهِمْ كَمَثَلِ الْجَسَدِ إِذَا اشْتَكَى

*તમે મો'મિનોને આપસમાં મહેરબાની અને મહોબ્બત તથા શફ્કત (હેત)માં શરીરના જેમ જોશો,*

عُضْوًا تَدَاعَى لَهُ سَائِرُ جَسَدِهِ بِالسَّهَرِ وَالْحُمَّى

*જ્યારે કોઈ અંગને તકલીફ થાય છે તો તેનું પૂરું શરીર અનિદ્રા તથા તાવને નોતરે છે.'' (મુસ્લિમ–અદબ)*

٢٦٢٧ حديث سَمِعْتُ جَرِيْرَ بْنَ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

*''જરીર બિન અબ્દુલ્લાહથી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે* **[હદીષ : ૨૬૨૭]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ لَا يَرْحَمُ لَا يُرْحَمُ

*જે રહમ (દયા, કૃપા) કરશે નહીં, રહમ કરવામાં આવશે નહીં.'' (કિતાબુત્તૌહીદ, કુલ ઉદઉલ્લાહ, પેજ–૧૦૯૭)*

**હદીષ : ૨૬૨૭ની સમજૂતી**

અબૂ દાઊદ અને તિર્મિઝીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી આ પ્રમાણે રિવાયત છે : اَلرَّاحِمُوْنَ يَرْحَمُهُمُ الرَّحْمٰنُ يَرْحَمُ مَنْ فِي الْأَرْضِ يَرْحَمُكُمْ مَنْ فِي السَّمَاءِ ''રહમ કરવાવાળાઓ પર રહમાન રહમ ફર્માવશે. એના પર રહમ કરો જે જમીનમાં છે, તમારા પર તે રહમ ફર્માવશે જે આસ્માનમાં છે.''

باب الوصاية بالجار وقول الله واعبدوا الله ولا تشركوا به شيئا وبالوالدين احسانا صفحہ ۸۸۹

**પ્રકરણ : "પડોશી સાથે સદ્‌વર્તાવની વસિયત, અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન: અને અલ્લાહની ઈબાદત કરો અને અલ્લાહની સાથે કોઈને શરીક ન કરો અને માબાપની સાથે ભલાઈ કરો."** –(પેજ: ૮૮૯)

حدیث ۲۶۲۸ عن عمرة عن عائشة رضی الله تعالی عنها عن النبی صلی

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત છે કે* **[હદીષ : ૨૬૨૮]**

الله علیه وسلم قال مازال جبریل یوصینی بالجار حتی ظننت

*નબી ﷺ એ ફર્માવ્યું, જિબ્રઈલ પડોસીના બારામાં મને સતત હુકમ આપી રહ્યા હતા,*

انه سیورثه

*ત્યાં સુધી કે મેં ગુમાન કર્યું કે તે એમને વારસ ઠરાવશે." (મુસ્લિમ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ–અદબ)*

**હદીષ : ૨૬૨૮ની સમજૂતી**

પડોસી કોણ છે એને દરેક શખ્સ પોતાના ઉર્ફ તથા વહેવારથી સમજે છે. તેમ છતાં પણ બુઝુર્ગોએ અમુક હદ વર્ણવી છે. હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવ્યું, પડોસી તે છે જે પુકાર (બૂમ) સાંભળે. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا તથા ઈમામ અવઝાઈએ ફર્માવ્યું કે દરેક બાજુએથી ૪૦ ઘર પડોસ છે. અને એક ક઼ૌલ એ છે કે પડોસી એકબીજાની સાથે સારો વહેવાર કરે, નુકસાન દૂર કરે અને ભલુ ચાહે. પડોસીઓમાં મુસલમાન તથા કાફિર, સાલેહ તથા ફાસિક઼ અને દોસ્ત કે દુશ્મન, અજનબી કે વતની સૌ સામેલ છે.

باب اثم من لا یامن جاره بوائقه یوبقهن یهلکهن موبقا مهلکا۔ صفحہ ۸۸۹

**પ્રકરણ : "એનો ગુનોહ જેના નુકસાનથી પડોસી મેહફૂઝ ન રહે"** –(૮૮૯)

حدیث ۲۶۲۹ عن سعید عن ابی شریح ان النبی صلی الله تعالے

*"હઝરત અબૂ શુરેહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૬૨૯]**

علیه وسلم قال والله لا یؤمن والله لا یؤمن والله لا یؤمن قیل ومن

***બખુદા ! તે મો'મિન નથી ! બખુદા તે મો'મિન નથી ! બખુદા તે મો'મિન નથી ! અર્ઝ***

يَارَسُوْلَ اللّٰهِ قَالَ الَّذِيْ لَا يَامَنُ جَارُهٗ بَوَائِقَهٗ

*કરી, કોણ યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, તે જેના નુકસાન (તકલીફ)થી તેનો પડોસી મેહફૂઝ ન રહે."*

## હદીષ : ર૬ર૯ની સમજૂતી

**અબૂ શુરૈહ** رضی اللہ عنہ : એમનું નામ મશહૂર એ છે કે ખુવૈલદ હતું. એક ક઼ૌલ એ છે કે અમ્ર હતું, એક ક઼ૌલ એ છે કે હાની હતું, અને એક ક઼ૌલ એ છે કે કઅબ હતું. لایمون થી મુરાદ એ છે કે એનું ઈમાન કામિલ નથી. بوائق બહુવચન છે بائقة નું. એનો માદો بَوْقٌ છે. જેનો અર્થ બર્બાદી છે, મુરાદ છે નુકસાન. આ જ હદીષ હુમેદ બિન અસ્વદ, ઉષ્માન બિન ઉમર, અબૂ બક્ર બિન અયાશ અને શોઐબ બિન ઈસ્હાક઼ે ઈબ્ને અબી ઝઈબની રિવાયતથી, મુક઼બરીના વાસ્તાથી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. એનો સાર એ નીકળ્યો કે સઈદ મુક઼બરીએ આ હદીષ બે સહાબીઓથી રિવાયત કરી છે, હઝરત અબૂ શુરૈહથી અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે અબૂ શુરૈહવાળી રિવાયત અધિક સહીહ છે.

**પ્રકરણ : "જે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે તે પોતાના પડોસીને તકલીફ ન આપે."** *–(૮૮૯)*

بَابُ اِثْمِ مَنْ لَا يَامَنُ جَارُهٗ بَوَائِقَهٗ يُوْبِقْهُنَّ يُهْلِكْهُنَّ مَوْبِقًا مَهْلِكًا۔ صفحہ ۸۸۹

حدیث ۲۶۳۰ عَنْ اَبِيْ صَالِحٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ર૬૩૦]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ

*જે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે તે પોતાના મહેમાનની તાઝીમ કરે, અને જે*

فَلْيُكْرِمْ ضَيْفَهٗ وَمَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ فَلَا يُؤْذِ جَارَهٗ وَمَنْ

*અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે તે પોતાના પડોશીને તકલીફ ન આપે, અને જે*

كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ فَلْيَقُلْ خَيْرًا اَوْ لِيَصْمُتْ ۔ ۱

*અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે તે સારી વાત કહે અથવા ચૂપ રહે."*

*(મુસ્લિમ–ઈમાન, ઈબ્ને માજહ–ફિતન, બુખારી ર/૯૦૫ બાબુ ઈકરામિદ્દ્‌દયફ, ર/૯૫૯ અર્રિક઼ાક઼, બાબુ હિફઝુલ્લિસાન)*

حدیث ۲۶۳۱ عَنْ اَبِیْ شُرَیْحِ نِ الْعَدَوِیِّ قَالَ سَمِعَتْ اُذُنَایَ وَ اَبْصَرَتْ

''હઝરત અબૂ શુરૈહ અદવી رضی اللہ عنہ થી રિવાયત છે કે મારા બંનેવ કાનોએ સાંભળ્યું **[હદીષ : ૨૬૩૧]**

عَیْنَایَ حِیْنَ تَکَلَّمَ النَّبِیُّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ فَقَالَ مَنْ کَانَ یُؤْمِنُ بِاللّٰهِ وَالْیَوْمِ

અને મારી બંનેવ આંખોએ જોયું. હુઝૂરે જ્યારે એવું ફર્માવ્યું અને જે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન

الْاٰخِرِ فَلْیُکْرِمْ جَارَهٗ وَمَنْ کَانَ یُؤْمِنُ بِاللّٰهِ وَالْیَوْمِ الْاٰخِرِ فَلْیُکْرِمْ ضَیْفَهٗ

લાવે તે પોતાના પડોસીની ઈજ્જત કરે અને જે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે, તે પોતાના

جَائِزَتَهٗ قَالَ وَمَا جَائِزَتُهٗ یَا رَسُوْلَ اللّٰهِ قَالَ یَوْمٌ وَلَیْلَةٌ وَالضِّیَافَةُ

મહેમાનની દસ્તૂર પ્રમાણે ઈજ્જત કરે. પૂછયું, અને એનો દસ્તૂર શું છે યા રસૂલુલ્લાહ !? ફર્માવ્યું, એક દિવસ

ثَلٰثَةُ اَیَّامٍ فَمَا کَانَ وَرَاءَ ذٰلِكَ فَهُوَ صَدَقَةٌ عَلَیْهِ وَمَنْ کَانَ یُؤْمِنُ

અને એક રાત. અને મહેમાનદારી ત્રણ દિવસ છે, અને જે એના સિવાય હોય તે એના ઉપર સદકો છે. અને જે

بِاللّٰهِ وَالْیَوْمِ الْاٰخِرِ فَلْیَقُلْ خَیْرًا اَوْ لِیَصْمُتْ

અલ્લાહ અને પાછલા દિવસો પર ઈમાન લાવે તે સારી વાત કહે અથવા ચૂપ રહે.''

(૨/૯૦૫,૯૦૬ બાબુ ઈકરામુદ્દયફ, ૨/૯૫૯ કિતાબુર્રિકાક, બાબુ હિફઝુલ્ લિસાન, મુસ્લિમ–અહકામ, અબૂ દાઊદ–અત્ઈમ્મહ, તિર્મિઝી–બિર્ર, નિસાઈ–રિકાક, ઈબ્ને માજહ–અદબ)

**હદીષ : ૨૬૩૧ની સમજૂતી**

جائزہ નો અર્થ 'અતા' છે. બખ્શિશ, સખાવત. એ જવાઝથી નીકળેલ છે. અહીં મુરાદ એ છે કે એક દિવસ અને એક રાત તેને સારામાં સારુ ખાવા આપે, અને યથાશક્તિ તેને રાહત પહોંચાડે.

## بَابُ کُلُّ مَعْرُوْفٍ صَدَقَةٌ ص۸۹۰

**પ્રકરણ : ''દરેક નેકી સદકો છે''** –(૮૯૦)

حدیث ۲۶۳۲ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ عَلَیْهِ

''હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **[હદીષ : ૨૬૩૨]**

وَسَلَّمَ قَالَ کُلُّ مَعْرُوْفٍ صَدَقَةٌ۔

સારી દરેક ચીજ સદકો છે, એટલે સવાબનું કામ છે.''

**પ્રકરણ : "નબી ﷺ ફુહશગો (બિભત્સ ભાષાવાળા) ન હતા."** –(૮૯૧)

بَابُ لَمْ يَكُنِ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَاحِشًا وَلَا مُتَفَحِّشًا صـ٨٩١

حدیث ۲۶۳۳ عَنْ هِلَالِ بْنِ اُسَامَةَ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*"હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે કહ્યું કે નબી ﷺ ન બદગો* **[હદીષ : ૨૬૩૩]**

قَالَ لَمْ يَكُنِ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ سَبَّابًا وَّلَا فَاحِشًا وَّلَا لَعَّانًا كَانَ

*હતા, ન ફુહશ ગો (ન બુરી વાણીવાળા ન બિભત્સવાણીવાળા) હતા અને ન લઅનત કરનારા.*

يَقُوْلُ لِاَحَدِنَا عِنْدَ الْمَعْتَبَةِ مَالَهٗ تَرِبَ جَبِيْنُهٗ

*નારાઝગીના સમયે અમને કહેતા, એને શું થઈ ગયુ છે ! એની પેશાની ધૂળમાં ખરડાય !"*

*(બાબુ માયન્હા અનિસ્સબ્બાબિ વલ્લઅન, પેજ–૮૯૩)*

**હદીષ : ૨૬૩૩ની સમજૂતી** سَبَّاب (સબ્બાબ) ફહહાશ તથા લઅ્આન (બિભત્સવાણી તથા લઅનત કરવું) (મુબાલિગોનો સેગો) અતિશયોક્તિ વાચક છે અને મુબાલિગાની નફી (નકાર)થી અસલ વસ્ફ (ગુણ)ની નફી નથી થતી. તો એનાથી લાઝિમ ઠરે છે કે બહુ વધારે નહીં તો કાંઈક એ ગુણો સાથે જોડાયેલા હતા. જવાબ એ છે કે અરબવાસીઓ કદી કદી નફી (નકાર)ના મોક઼ા પર અતિશયોક્તિવાચક શબ્દનો ઉપયોગ કરે છે અને એમનો આશય અસલ ગુણનો નકાર હોય છે. કુર્આન મજીદમાં છે : وَمَارَبُّكَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ "તમારો પરવરદિગાર કત્અન જુલ્મ કરનાર નથી," અમે જે નુસ્ખો લીધો છે એમાં فَاحِشًا છે, પરંતુ બીજા નુસ્ખામા فَحَّاشًا છે.

حدیث ۲۶۳۴ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ رَجُلًا اِسْتَاذَنَ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે એક શખ્સે* **[હદીષ : ૨૬૩૪]**

عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا رَاٰهُ قَالَ بِئْسَ اَخُو الْعَشِيْرَةِ وَبِئْسَ ابْنُ

*નબી ﷺ ની પાસે આવવાની ઈજાઝત માગી તો હુઝૂરે ફર્માવ્યું, કબીલાના બુરા ભાઈ અને કબીલાના બુરા*

الْعَشِيْرَةِ فَلَمَّا جَلَسَ تَطَلَّقَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِيْ وَجْهِهٖ وَانْبَسَطَ

*પુત્ર ! અને તે જ્યારે આવીને બેઠો તો નબી ﷺ સારા વહેવાર અને ખુશ ચહેરે વર્તયા. જ્યારે તે ચાલ્યો ગયો*

اِلَيْهِ فَلَمَّا انْطَلَقَ الرَّجُلُ قَالَتْ لَهٗ عَائِشَةُ يَا رَسُوْلَ اللّٰهِ حِيْنَ رَاَيْتَ

*તો હઝરત આઈશા رضی اللہ عنہا એ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! જ્યારે આપે એને જોયો હતો તો તેના બારામાં આવું*

الرَّجُلِ قُلْتَ لَهُ كَذَا وَكَذَا ثُمَّ تَطَلَّقْتَ فِي وَجْهِهِ وَانْبَسَطْتَ إِلَيْهِ فَقَالَ

ફર્માવ્યું હતું પછી હુઝૂર સારા વહેવાર તથા ખુશ ચહેરે એની મળ્યા ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે આઈશા !

رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَا عَائِشَةُ مَتَى عَاهَدْتِنِي فَحَّاشًا إِنَّ شَرَّ

તેં ક્યારે મને ખરાબ વાણીવાળો પામ્યો છે ? બેશક ! ક્યામતના દિવસે સૌથી બુરી જગાએ અલ્લાહ તઆલાની

النَّاسِ عِنْدَ اللّٰهِ مَنْزِلَةً يَوْمَ الْقِيٰمَةِ مَنْ تَرَكَهُ النَّاسُ اِتِّقَاءَ شَرِّهٖ

નજીક તે હશે જેને લોકો તેની બુરાઈથી બચવાને માટે છોડી આપે."

(૨/૮૯૪, ૨/૯૦૫ બાબુલ મદારાત મઅન્નાસ, મુસ્લિમ, અબૂ દાઊદ–અદબ, તિર્મિઝી–બિર)

**હદીષ : ૨૬૩૪ની સમજૂતી** આ શખ્સ ઓયૈના બિન હસન બિન હુઝૈફા બદરુલ ફઝારી હતો. તેને અહમકુલ મુતાઅ (એવો મૂર્ખ જેની કોઈ તાબેદારી કરે) પણ કહેતા હતા. અથવા મખરમા ઈબ્ને નુફલ હતો. રાજેહ પ્રથમ કૌલ છે. હુઝૂરે અકદસ ﷺએ જે એના બારામાં ફર્માવ્યું : بِئْسَ اَخُو الْعَشِيْرَةِ وَ بِئْسَ ابْنُ الْعَشِيْرَةِ એ ગયબની ખબર છે. હુઝૂરે અકદસ ﷺના વિસાલ પછી ઓયૈના મુર્તદ થઈ ગયો હતો. પછી ગિરફતાર કરીને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની બારગાહમાં પેશ કરવામાં આવ્યો હતો.

**પીઠ પાછળ કોઈને બુરો કહેવો ગીબત છે, પરંતું જો કોઈ ફિત્નાખોર બદમાશ તથા જાલિમ કે બદકારના જુલ્મ તથા બદકારીને વર્ણન કરવામાં આવે તો એ ગીબત નથી.** હદીષમાં છે : **اذكروا الفاسق بما فيه متى يحذره الناس ફાસિકના ફિસ્ક (ખરાબી)ને બયાન કરો ! જો નહીં બયાન કરો તો લોકો એનાથી કેવી રીતે બચશે ?!**

**પ્રકરણ : "સારી આદત તથા સખાવત, અને કંજૂસાઈનું નાપસંદ હોવું"** –(૮૯૧)

بَابُ حُسْنِ الْخُلُقِ وَالسَّخَاءِ وَمَا يُكْرَهُ مِنَ الْبُخْلِ ص ۸۹۱

حدیث ۲۶۳۵ عَنِ ابْنِ الْمُنْكَدِرِ سَمِعْتُ جَابِرًا رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُولُ

"હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવતા હતા કે નબી ﷺથી જ્યારે પણ કોઈ ચીજનો **[હદીષ : ૨૬૩૫]**

مَا سُئِلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ شَيْءٍ قَطُّ فَقَالَ لَا

સવાલ કરવામાં આવ્યો તો ના કદી નથી ફર્માવ્યું." (મુસ્લિમ–ફઝાઈલ, તિર્મિઝી–શમાઈલ)

**હદીષ : ૨૬૩૫ની સમજૂતી** મુરાદ એ છે કે હુઝૂરે અકદસ ﷺથી દુનિયાના માલમાંથી કાંઈ તલબ કરવામાં આવ્યું તો કદી એવું નથી ફર્માવ્યું કે આપીશ નહીં. આપવું મંઝૂર હોતુ તો અતા કરી આપતા, આપવું મંઝૂર ન હોતુ તો ખામોશ રહેતા અને ચહેરો મુબારક ફેરવી લેતા. જેમ કે તિબ્રાનીએ મોઅજમમાં અને ખરાઈતીએ મકારિમે અખ્લાકમાં હઝરત અલીથી રિવાયત કરી છે.

ફિરઝદિકે અર્ઝ કરી : ماقال لَا قَطُّ اِلَّافِی تَشَھُّدِہٖ۔لو لا التشھد کانت لَائُہٗ نَعَم "હુઝૂરે તશહહૂદ સિવાય કદી "લા" નથી કહ્યું, જો તશહહૂદ (અત્તહિય્યાત)નો હુઝૂરનું "લા", "નઅમ" હોત. જો કદી મજબૂરીના કારણે સાઈલને પરત કરવાનો હોતો તો ઘણી જ ખૂબ સૂરતીની સાથે પરત કરતા. દા.ત. ગઝવએ તબૂકના મોક઼ા પર અશ્અરીય્યીનનું પ્રતિનિધિમંડળ આવ્યું અને સવારી માગી તો ફર્માવ્યું : لَا اَجِد ما احملکم મારી પાસે તમારી સવારી માટે કાંઈ મૌજૂદ નથી.

حدیث ۲۶۳۶ [હદીષ : ૨૬૩૬]

اَخْبَرَنِی حُمَیْدُ بْنُ عَبْدِ الرَّحْمٰنِ اَنَّ اَبَاھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, સમય નજીક થઈ જશે અને ઈલ્મ ઘટાડી

قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ یَتَقَارَبُ الزَّمَانُ وَیُنْقَصُ الْعِلْمُ

દેવામાં આવશે અને લાલચ દિલોમાં નાખી દેવામાં આવશે, અને ખૂબ ક઼ત્લ થશે. લોકોએ કહ્યું, હે અબૂ હુરૈરહ

وَیُلْقَی الشُّحُّ وَیَکْثُرُ الْھَرَجُ قَالُوْا وَمَا الْھَرَجُ قَالَ اَلْقَتْلُ اَلْقَتْلُ

"હરજ" શું છે? ફર્માવ્યું, ક઼ત્લ! ક઼ત્લ!" (ફ઼િતન, બાબે ઝહૂરૂલ ફ઼િતન, પેજ-૧૦૪૬, મુસ્લિમ-ક઼દર, અબૂ દાઊદ-ફ઼િતન)

**હદીષ : ૨૬૩૬ની સમજૂતી**

یَتَقَارَبُ الزَّمَانُથી મુરાદ એ છે કે સમય ગુજરી જવાનો એહસાસ નહીં થાય. દિવસ એવી રીતે પસાર થઈ જશે કે મહસૂસ થશે કે દિવસ નાનો થઈ ગયો છે. હિંદુસ્તાનની આવૃત્તિમાં یُنْقَصُ الْعِلْمُ છે, એ કશ્મીહિનીની રિવાયત છે અને એ જ મશહૂર છે. અને બીજી રિવાયતોમાં یُنْقَصُ الْعِلْمُ છે.

حدیث ۲۶۳۷

حَدَّثَنَا اَنَسٌ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ خَدَمْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْہِ

"હઝરત અનસ رضی اللہ عنہ એ વર્ણન કર્યું કે મેં નબી صلی اللہ علیہ وسلم ની દસ સાલ ખિદમત કરી, તો [હદીષ : ૨૬૩૭]

وَسَلَّمَ عَشْرَ سِنِیْنَ فَمَا قَالَ لِیْ اُفٍّ وَّلَا لِمَ صَنَعْتَ وَلَا اَلَّا صَنَعْتَ

ન કદી મને ઉફ કહ્યું અને ન એ ફર્માવ્યું કે કેમ કર્યું, અને ન એ ફર્માવ્યું કે કેમ ન કર્યું."

**હદીષ : ૨૬૩૭ની સમજૂતી**

મુસ્લિમમાં છે કે મેં હુઝૂરની નવ વરસ ખિદમત કરી. વાત એ છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمના મદીના તશરીફ લાવ્યા પછી કેટલાક મહિનાઓ પછી હઝરત અનસ رضی اللہ عنہએ હુઝૂરની ખિદમત નવ સાલ અમુક મહિના સુધી કરી છે. કસરને છોડીને વર્ણન કર્યું તો નવ સાલ કહ્યું અને કસરને જોડી આપ્યું તો દસ સાલ કહ્યું.

بَابُ مَا يُكْرَهُ مِنَ النَّمِيمَةِ وَقَوْلِهٖ هَمَّازٍ مَّشَّاءٍ بِنَمِيمٍ وَيْلٌ لِّكُلِّ هُمَزَةٍ لُّمَزَةٍ يَهْمِزُ وَيَلْمِزُ وَيَعِيبُ
صـ ٨٩٥

પ્રકરણ : "અને કઈ ગીબત નપસંદ છે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન: ઘણો જ ટોણા મારનાર, ઘણો જ આમ તેમની ઠોકનાર, ખરાબી છે એના માટે જે લોકોના મોઢા પર અયબ કરે, પીઠ પાછળ બુરાઈ કરે. ઈમામ બુખારીએ ફર્માવ્યું : يَهْمِزُ નો અર્થ બુરાઈ કરે અને અયબ લગાડે."
–(૮૯૫)

**સ્પષ્ટતા :** هَمَّازٍ، هَمْزٌથી ઈસ્મે મુબાલેગા છે. એનો અર્થ પીઠ પાછળ ગીબત કરવી, ટીકા કરવી તથા નુકતાચીની કરવી છે. همزة એનાથી فُعَلَةٌના વજન પર ઈસ્મે મુબાલેગા છે. અને એ પ્રમાણે لُمَزَة પણ. مَشَّاءٍ-مَاشٍનો ઈસ્મે મુબાલિગા છે. ઈમામ બુખારીએ ફાયદો એ કર્યો કે يَهْمِزُ તથા يَلْمِزُ બંનેવ સમાનાર્થી છે. પરંતુ અમુક લોકોએ ફર્માવ્યું કે همزٌ منه પણ બુરાઈ કરવાના અર્થમાં છે. لَمْزٌ પીઠ પાછળ બુરાઈ કરવી.

આ પ્રકરણ રચવાથી ઈમામ બુખારીનો હેતુ એ છે કે ગીબત મુત્‌લન મના નથી. કાફિરો, મુનાફિક઼ો, જાલિમો, ફસાદીઓના અયબો બયાન કરવામાં આવશે. જેમ કે સૂરએ ક઼લમમાં વલીદ બિન મુગીરહના દસ અયબો ગણાવવામાં આવ્યા, અને એ જ પ્રમાણે સૂરએ હુમઝહ્‌માં મક્કાના કાફિરોમાં જે બદમાશ હતા તેમના અયબો વર્ણન કરવામાં આવ્યા. જેમ કે જાસૂસી હરામ છે પણ કાફિરોના શહેરોમાં જાસૂસો મોકલીને તેમના હાલાત જાણવા જેહાદના સ્થાને છે.

حديث ٢٦٣٨
**[હદીષ : ૨૬૩૮]**

عَنْ هَمَّامٍ كُنَّا مَعَ حُذَيْفَةَ فَقِيلَ لَهُ اِنَّ رَجُلًا يَرْفَعُ الْحَدِيثَ اِلٰى

*"હમ્મામથી રિવાયત છે કે અમે હઝરત હુઝૈફાની સાથે હતા. તેમને કહેવામાં આવ્યું કે એક શખ્સ હઝરત*

عُثْمَانَ فَقَالَ لَهُ حُذَيْفَةُ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ لَا يَدْخُلُ

*ઉષ્માન સુધી વાત પહોંચાડે છે. તો એનાથી હુઝૈફાએ કહ્યું, મેં નબી ﷺ થી સાંભળ્યું છે ફર્માવતા હતા,*

اَلْجَنَّةَ قَتَّاتٌ

*જન્નતમાં ચુગલખોર દાખલ થશે નહીં." (મુસ્લિમ–ઈમાન, અબૂ દાઊદ–અદબ, તિર્મિઝી–બિર્ર, નિસાઈ–તફસીર)*

**હદીષ : ૨૬૩૮ની સમજૂતી**

સુલ્તાનને એની ઈજાઝત છે કે અમુક માણસો નિશ્ચિત કરેલા રહે કે લોકો સુલ્તાનના બારામાં તેની હુકૂમતના બારામાં જે ટીકા કરતા હોય તે સુલ્તાન સુધી પહોંચાડે અને સુધારણાની નિય્યતે આવી વાતો પણ પહોંચાડવી હરામ નથી. જેમ કે બદગુમાની હરામ છે. ફર્માવવામાં આવ્યું : اياكم والظنّ فان الظنّ أكذب الحديث "બદગુમાનીથી બચો એટલા માટે કે બદગુમાની સૌથી વિશેષ જૂઠી વાત છે." તેમ છતાં હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું : ان من الحزم لسوء الظن "બદગુમાની શાણપણમાંથી છે."

| | |
|---|---|
| **પ્રકરણ : "એકબીજાથી ઈર્ષા કરવી, એકબીજાથી પીઠ ફેરવવી મના છે. અને અલ્લાહ તઆલાનો ઈર્શાદ : ઈર્ષાળુની બુરાઈથી જ્યારે હસદ કરે, પનાહ માગું છું"** –(૮૯૬) | بَابُ مَا يُنْهٰى عَنِ التَّحَاسُدِ وَالتَّدَابُرِ وَقَوْلِهٖ وَمِنْ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ. ص ۸۹۶ |

حديث ٢٦٣٩ عَنْ هَمَّامِ بْنِ مُنَبِّهٍ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ

*"હઝરત અબૂ હુરૈરહ* رضی اللہ عنہ *નબી* ﷺ *થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, અને ગુમાનથી* **[હદીષ : ૨૬૩૯]**

النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِيَّاكُمْ وَالظَّنَّ فَاِنَّ الظَّنَّ اَكْذَبُ

*બચો, એટલા માટે કે ગુમાન સૌથી વિશેષ જૂઠી વાત છે. અને કોઈની પાછળ ન પડો, કોઈની જાસૂસી ન કરો.*

الْحَدِيْثِ وَلَا تَحَسَّسُوْا وَلَا تَجَسَّسُوْا وَلَا تَحَاسَدُوْا وَلَا تَبَاغَضُوْا وَلَا

*અને એકબીજા પર હસદ ન કરો, એકબીજાથી કીનો ન રાખો, એકબીજાને પીઠ ન બતાવો, અને અલ્લાહના*

تَدَابَرُوْا وَكُوْنُوْا عِبَادَ اللّٰهِ اِخْوَانًا ع

*બંદાઓ ! એક બીજાના ભાઈ ભાઈ બનીને રહો." (૨/૮૯૬ બાબુ કૌલુહૂ : يا ايها الّذين اٰمنوا اجتنبوا كثيرا من الظّنّ)*

حديث ٢٦٤٠ عَنِ الزُّهْرِىِّ قَالَ حَدَّثَنِىْ اَنَسُ بْنُ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*"હઝરત અનસ બિન માલિક* رضی اللہ عنہ *એ હદીષ વર્ણવી કે* ***રસૂલુલ્લાહ*** ﷺ ***એ*** **[હદીષ : ૨૬૪૦]**

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تَبَاغَضُوْا وَلَا تَحَاسَدُوْا وَلَا

***ફર્માવ્યું, એકબીજાથી મેલ (કીનો) ન રાખો, એકબીજાથી હસદ ન કરો, એકબીજાને પીઠ***

تَدَابَرُوْا وَكُوْنُوْا عِبَادَ اللّٰهِ اِخْوَانًا وَلَا يَحِلُّ لِمُسْلِمٍ اَنْ يَّهْجُرَ اَخَاهُ

***ન બતાવો. અને અલ્લાહના બંદા ! ભાઈ ભાઈ બનીને રહો. કોઈ મુસલમાનને હલાલ નથી કે***

فَوْقَ ثَلٰثَةِ اَيَّامٍ

***પોતાના ભાઈને ત્રણ દિવસથી વધુ છોડી આપે."*** *(બાબુલ હિજરત, પેજ–૮૯૭)*

**હદીષ : ૨૬૪૦ની સમજૂતી**

હદીષથી જાણવા મળે છે કે ઝન (ગુમાન)નો હુકમ મુત્લક્ન (કોઈ અપવાદ વિના) મના છે. અને આયતે કરીમાથી માલૂમ પડે છે કે ગુમાન મુત્લક્ન હરામ નથી. બંનેનો સાર એ છે કે ગુમાનના કારણે કોઈ શરીઅતનો હુકમ લગાડવું જાઈઝ નથી જ્યાં સુધી શરઈ ષબૂત ન મળે. પરંતું જ્યારે સાવધાનીના સ્થાને જ્યારે કોઈ મજબૂત નિર્દેશ (ઈશારા)થી કોઈ ગુમાન હોય તો તેના પ્રમાણે સાવધાની કરવી બુધ્ધિનું કામ છે.

## بَابُ مَا يَكُوْنُ فِي الظَّنِّ صفحہ ۸۹۶

**પ્રકરણ : "અને કયુ ગુમાન દુરુસ્ત છે."** –(૮૯૬)

પ્રકરણના ટાઈટલમાં અહીં વિવિધ નુસ્ખાઓ છે. હિંદુસ્તાનની આવૃત્તિમાં ما يكون છે. અને અબૂઝર તથા નસફીમાં ما يجوزمن الظن છે. અને ક઼ાબૂસી તથા જુર્જાનીની રિવાયતમાં ما يكره من الظن છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે હદીષની વર્ણન શૈલીને જોતાં અધિક મુનાસિબ અબૂઝરની રિવાયત છે.

حدیث ۲۶۴۱ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ قَالَ النَّبِيُّ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તેમણે કહ્યું કે* **[હદીષ : ૨૬૪૧]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا أَظُنُّ فُلَانًا وَفُلَانًا يَعْرِفَانِ مِنْ دِيْنِنَا

*નબી ﷺ એ ફર્માવ્યું, મને યક઼ીન નથી કે ફલાણો તથા ફલાણો આપણા દીનને કાંઈ સમજે છે.*

شَيْئًا ـــــ وَقَالَ اللَّيْثُ كَانَ رَجُلَيْنِ مِنَ الْمُنَافِقِيْنَ

*લયષે કહ્યું કે એ બંનેવ મુનાફિક઼ોમાંથી છે."*

**હદીષ : ૨૬૪૧ની સમજૂતી** પ્રકરણનો વિષય છે, કયુ ગુમાન જાઈઝ છે ? અને હદીષમાં ما أظن નફી (નકારમાં) છે. શરહકર્તાઓએ ફર્માવ્યું કે આ સેગો જાહેરમાં નફીનો છે પરંતુ ઉર્ફમાં સાબિતીના માટે બોલવામાં આવે છે. જેમ કે કોઈએ કહ્યું, હું ગુમાન નથી કરતો કે ઝયદ ઘરમાં હશે. એનાથી એ જ સમજમાં આવે છે કે તે કહેવા એવું ચાહે છે કે મારું ગુમાન એ છે કે તે ઘરમાં છે. તૌઝીહમાં છે કે ઝન (ગુમાન) અહીં યક઼ીનના અર્થમાં છે એટલા માટે કે હુઝૂરે અક઼દસ ﷺ અલ્લાહ તઆલાના બતાવવાથી સર્વ મુનાફિક઼ોને ઓળખતા હતા. તો આવી સ્થિતિમાં પ્રકરણ સાબિત થશે નહીં કે હદીષમાં ઝન યક઼ીનના અર્થમાં છે. અને પ્રકરણમાં ઝન (ગુમાન) પોતાના હક઼ીક઼ી અર્થમાં છે. લગભગ ઝન શબ્દ આવવાને ઈમામ બુખારીએ દલીલ બનાવ્યો હોય. અથવા તેમનું ગુમાન એ રહ્યું હોય કે આ ઈર્શાદ પહેલાંનો છે જ્યારે કે મુનાફિક઼ોનાં નામ હુઝૂર ﷺને બતાવવામાં આવ્યાં ન હતાં.

**પ્રકરણ :"મો'મિનની પોતાની પર્દાપોશી"** –(૮૯૬) بَابُ سَتْرِ الْمُؤْمِنِ عَلٰى نَفْسِهٖ صفحہ ۸۹۶

حدیث ۲۶۴۲ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ قَالَ النَّبِيُّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા,* **[હદીષ : ૨૬૪૨]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا أَظُنُّ فُلَانًا وَفُلَانًا يَعْرِفَانِ مِنْ دِيْنِنَا

***મારી ઉમ્મતની દરેક વ્યક્તિને માફ કરી દેવામાં આવશે, પણ તે લોકોને***

شَيْئًا ـــــ وَقَالَ اللَّيْثُ كَانَ رَجُلَيْنِ مِنَ الْمُنَافِقِيْنَ،

**જેઓ એલાનિયા (જાહેરમાં) ગુનાહ કરે છે.** *અને બેબાકી એ છે કે રાતમાં એક શખ્સ કોઈ કામ કરે છે,*

وَقَدْ سَتَرَهُ اللّٰهُ فَيَقُوْلُ يَا فُلَانُ عَمِلْتُ الْبَارِحَةَ كَذَا وَكَذَا وَقَدْ بَاتَ

*પછી સવારમાં કહે છે. જ્યારે કે અલ્લાહે એના પર પર્દો નાખેલ હતો. હે ફલાણા ! મેં ગઈ રાત્રે આવું અને*

يَسْتُرُهُ رَبُّهُ وَيُصْبِحُ يَكْشِفُ سِتْرَ اللّٰهِ عَلَيْهِ

*આવું કર્યું છે. રાતે એના રબે પર્દો નાખ્યો અને તે સવારે અલ્લાહના પર્દાને ખોલી રહ્યો છે."*

**હદીષ : ૨૬૪૨ની સમજૂતી**

ગુનાહમાં પડવું દરેક હાલતમાં ગુનોહ છે પણ એનું એલાન કરવું પણ ગુનોહ છે, બલ્કે ગુનાહમાં પડવાથી મોટો ગુનોહ છે, એ ગુનોહનો પ્રચાર પણ છે અને નીડર થવું પણ છે.

## بَابُ الْهِجْرَةِ ص ٨٩٧

**પ્રકરણ : "મુસલમાનથી સંબંધ કટ કરવો"** *–(૮૯૭)*

حديث ٢٦٤٣ عَنْ اَبِیْ اَيُّوْبَ الْاَنْصَارِيِّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અબૂ ઐયૂબ અન્સારી* رضی اللہ عنہ *થી રિવાયત છે કે રસૂલુલ્લાહ* صلی اللہ علیہ وسلم *એ* **[હદીષ : ૨૬૪૩]**

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَحِلُّ لِرَجُلٍ اَنْ يَّهْجُرَ اَخَاهُ فَوْقَ

*ફર્માવ્યું કે કોઈ મુસલમાનને હલાલ નથી કે પોતાના ભાઈને ત્રણ દિવસથી વધુ છોડેલ રહે. બંનેવ મુલાક઼ાત કરે*

ثَلٰثِ لَيَالٍ فَيَلْتَقِيَانِ فَيُعْرِضُ هٰذَا وَيُعْرِضُ هٰذَا وَخَيْرُهُمَا الَّذِیْ يَبْدَأُ بِالسَّلَامِ ع

*તો આ મોં ફેરવી લે તે મોં ફેરવી લે. અને એ બંનેમાં બેહતર તે છે જે પ્રથમ સલામ કરે."*

*(૨/૯૨૧, અલ ઈસ્તીઝાન, બાબુસ્સલામુ લિલ મઅ્રિફહ, મુસ્લિમ–ઈસ્તીઝાન, અબૂ દાઊદ–ઈસ્તીઝાન, તિર્મિઝી–બિર્ર)*

**હદીષ : ૨૬૪૩ની સમજૂતી**

એનાથી મુરાદ એ છે કે કોઈ દુનિયવી વાત પર આપસમાં મનદુ:ખ થઈ ગયું હોય, પણ જો કોઈ દીની મામલામાં મનદુ:ખ થઈ ગયું હોય તો જ્યાં સુધી ઈસ્લાહ ન થઈ જાય મેલ કરવો જાઈઝ નથી.

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : કે અલ્લાહથી ડરો અને સાચાઓની સાથે થઈ જાવ. અને જે જૂઠથી મના કરવામાં આવ્યો."**

بَابُ قَوْلِ اللّٰهِ اِتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ وَمَا يُنْهٰى عَنِ الْكَذِبِ ص ٩٠٠

حديث ٢٦٤٤ عَنْ اَبِىْ وَائِلٍ عَنْ عَبْدِ اللّٰهِ عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૬૪૪]**

قَالَ اِنَّ الصِّدْقَ يَهْدِىْ اِلَى الْبِرِّ وَاِنَّ الْبِرَّ يَهْدِىْ اِلَى الْجَنَّةِ وَاِنَّ الرَّجُلَ

*સત્ય નેકી સુધી પહોંચાડે છે અને નેકી જન્નત સુધી લઈ જાય છે. એક શખ્સ સાચુ બોલતો રહે છે, ત્યાં સુધી કે*

لَيَصْدُقُ حَتّٰى يَكُوْنَ صِدِّيْقًا وَاِنَّ الْكَذِبَ يَهْدِىْ اِلَى الْفُجُوْرِ وَاِنَّ

*સિદ્દીક થઈ જાય છે. અને જૂઠ બદકારી સુધી પહોંચાડે છે, બદકારી જહન્નમ સુધી લઈ જાય છે. અને એક શખ્સ*

الْفُجُوْرَ يَهْدِىْ اِلَى النَّارِ وَاِنَّ الرَّجُلَ لَيَكْذِبُ حَتّٰى يُكْتَبَ عِنْدَ اللّٰهِ كَذَّابًا

*જૂઠુ બોલતો રહે છે ત્યાં સુધી કે અલ્લાહ તઆલાને ત્યાં 'કઝ્ઝાબ' લખી દેવામાં આવે છે."*

**પ્રકરણ : "સબ્ર અને તકલીફનું વર્ણન. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : સબ્ર કરવાવાળા પોતાનો બદલો હિસાબ વિના પૂરો પામશે."** *–(૯૦૧)*

بَابُ الصَّبْرِ وَالْاَذٰى وَقَوْلِ اللّٰهِ اِنَّمَا يُوَفَّى الصّٰبِرُوْنَ اَجْرَهُمْ بِغَيْرِ حِسَابٍ ص ٩٠١

حديث ٢٦٤٥ عَنْ اَبِىْ مُوْسٰى رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૬૪૫]**

وَسَلَّمَ قَالَ لَيْسَ اَحَدٌ اَوْ لَيْسَ شَيْءٌ اَصْبَرَ عَلٰى اَذًى سَمِعَهُ مِنَ اللّٰهِ

*અલ્લાહ તઆલાથી વધુ તકલીફ પર સબ્ર કરનાર કોઈ નથી. લોકો અલ્લાહ તઆલા માટે ઔલાદનો દાવો કરે છે*

اِنَّهُمْ لَيَدْعُوْنَ لَهٗ وَلَدًا وَاِنَّهٗ يُعَافِيْهِمْ وَيَرْزُقُهُمْ

*છતાં અલ્લાહ તેમને સલામતી આપે છે અને રોજી આપે છે." (૨/૧૦૯૭ અત્તૌહીદ, મુસ્લિમ–તૌબા, નિસાઈ–નુઊત)*

**પ્રકરણ : "જે લોકોની સામે ગુસ્સો ન કરે"** -(૯૦૧)

بَابُ مَنْ لَمْ يُوَاجِهِ النَّاسَ بِالْعِتَابِ صفہ ٩٠١

حدیث ٢٦٤٦ عَنْ مَسْرُوْقٍ قَالَ قَالَتْ عَائِشَةُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا صَنَعَ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે નબી ﷺ એ કાંઈક કર્યું* **[હદીષ : ૨૬૪૬]**

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ شَيْئًا فَرَخَّصَ فِيْهِ فَتَنَزَّهَ عَنْهُ قَوْمٌ فَبَلَغَ

*જેમાં રુખસદ (છૂટ) પર અમલ કર્યો. કેટલાક લોકો એનાથી અલગ રહ્યા.*

ذٰلِكَ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَخَطَبَ فَحَمِدَ اللّٰهَ ثُمَّ قَالَ مَا

*એ ખબર નબી ﷺ ને પહોંચી તો ખુત્બો આપ્યો, અલ્લાહની હમ્દ કરી, પછી ફર્માવ્યું,*

بَالُ أَقْوَامٍ يَتَنَزَّهُوْنَ عَنِ الشَّيْءِ أَصْنَعُهُ فَوَاللّٰهِ إِنِّيْ لَأَعْلَمُهُمْ بِاللّٰهِ

*કેટલાક લોકોનો શો હાલ છે ! એ ચીજથી બચે છે જેને હું કરું છું ! બખુદા ! હું એ લોકો કરતાં અધિક અલ્લાહને*

وَأَشَدُّهُمْ لَهُ خَشْيَةً

*જાણનાર છું, અને એ સૌથી અધિક અલ્લાહથી ડરનારો છું."*

*(૨/૧૦૮૪ અલ્એઅતિસામ, મુસ્લિમ–ફઝાઈલુન્નબી ﷺ, નિસાઈ–અલ્યૌમવલ્લૈલહ)*

**હદીષ : ૨૬૪૬ની સમજૂતી** જાહેર છે કે જે કામ નબી ﷺ કરે એના જાઈઝ હોવામાં શું શંકા ?! તેમ છતાં કેટલાક લોકો જેઓ અલગ રહ્યા તેમણે કદાચ એ પ્રદર્શિત કરવા ચાહ્યું કે અમને અલ્લાહની મઅરેફત અધિક છે, અમે અલ્લાહથી વધુ ડરનારા છીએ ! એટલા માટે હુઝૂરે અક્દસ ﷺને જલાલ આવ્યો અને એમના પર નારાઝગી દર્શાવી.

જો કોઈ શખ્સ હુઝૂર ﷺને અંગત રીતે તક્લીફ પહોંચાડતો તો સબ્ર કરતા, જેવું કે વર્ણન થઈ ચૂક્યું કે એક અઅરાબીએ હુઝૂરે અક્દસ ﷺની ચાદર પકડીને ખેંચી એટલા જોરથી કે ચાદરનું નિશાન ગળા મુબારક પર પડી ગયું. પણ હુઝૂરે સબ્ર કરી. પરંતુ જ્યારે એવી કોઈ વાત બની જેનો સંબંધ દીનથી હોતો તો જરૂર ગુસ્સો પ્રદર્શિત કરતા અને ચેતવણી આપતા.

**પ્રકરણ : "જેણે કોઈને વિના તાવીલે કાફિર કહ્યો તો તે તેવો જ છે જેવો કે કહ્યો."** -(૯૦૧)

بَابُ مَنْ أَكْفَرَ أَخَاهُ بِغَيْرِ تَأْوِيْلٍ فَهُوَ كَمَا قَالَ. صفہ ٩٠١

**સ્પષ્ટતા :** એટલે કે કોઈ વ્યક્તિ કોઈ અહલે કિબ્લાને એના વિના કે એનાથી કોઈ કુફ્ર બહાર પડે જેમાં કુફ્રનું પાસુ હોય, કાફિર કહે. તો તે ખુદ કાફિર છે. પરંતુ જો કોઈ ઈસ્લામના દાવેદારથી કોઈ કુફ્ર થઈ જાય અથવા એવી વાત બની જાય જેનાથી કુફ્ર જાહેર થતું હોય તો કહેનાર કાફિર ન થશે. પ્રથમ સ્થિતિમાં જો કાફિર કહેશે તો, અને બીજી સ્થિતિમાં કાફિર ન કહેશે તો તે ખુદ કાફિર થઈ જશે. અલ્બત્ત એમાં એક ખુલાસો છે કે કદી

કદી અભણ લોકો ગાળ રૂપે કાફિર કહે છે, આ સ્થિતિમાં કાફિર થશે નહીં. અલ્બત્ત તઅઝીરના પાત્ર ઠરશે. હા! જો તેને કાફિર યક઼ીન કરીને કહેશે તો જરૂર કાફિર થઈ જશે.

حدیث ۲٦۴۷ عَنْ اَبِیْ سَلَمَةَ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે **[હદીષ : ૨૬૪૭]**

رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِذَا قَالَ الرَّجُلُ لِاَخِیْهِ

કોઈ શખ્સ પોતાના ભાઈને કહે, હે કાફિર ! તો એ

یَا کَافِرُ فَقَدْ بَاءَ بِهٖ اَحَدُهُمَا (وَعَنْ عَبْدِاللّٰهِ بْنِ عُمَرَ مِثْلَهٗ)

બંનેમાંથી એક પર પલટશે.'' (મુસ્લિમ–ઈમાન, તિર્મિઝી–ઈમાન, મોઅત્તા ઈમામ માલિક–કલામ, મુસ્નદે અહમદ, ભાગ–૨)

**હદીષ : ૨૬૪૭ની સમજૂતી** એટલે કે જેને કાફિર કહ્યો તે ખરેખર કાફિર છે તો તેણે બરાબર કહ્યું. પરંતું જો તે હક઼ીક઼તમાં કાફિર નથી તો કહેનાર ખુદ કાફિર થઈ જશે. અલ્લામા તયબીએ ફર્માવ્યું કે આ હદીષ મુશ્કેલ હદીષમાંથી છે. અને હક઼ીક઼ત પણ એ જ છે. એનું એક પાસુ એ છે કે જેને કાફિર કહ્યો તેનાથી કોઈ કુફ્ર બહાર ન પડયું ત્યારે તો નિશ્ચિત છે કે કહેનાર કાફિર છે. બીજુ પાસુ એ છે કે જેને કાફિર કહ્યો તેનાથી એ પ્રમાણેનું કુફ્ર બહાર પડયું જેમાં કોઈ તાવીલ (અર્થઘટન)નો અવકાશ નથી, ન નજીકની તાવીલનો ન દૂરની તાવીલનો અને કુફ્રનું બહાર પડવું એનાથી ક઼તઈ રીતે સાબિત થાય જેમાં કોઈ શંકા ન હોય, અને ક઼ાઈલ થકી એ કુફ્રથી તૌબા મશહૂર ન હોય, આ સંજોગોમાં જેને કાફિર કહ્યો તે યક઼ીનન કાફિર છે. શંકા એ સ્થિતિમાં છે કે જેને કાફિર કહ્યો તેનાથી કુફ્ર બહાર પડયું પણ એમાં તાવીલે બઈદની શક્યતા છે અથવા એમાં કોઈ સંભાવના છે. દા.ત. એ કુફ્રનું બહાર પડવું એનાથી ક઼તઈ તૌર પર સાબિત નથી, એમાં કાંઈક શંકા છે, અથવા કુફ્ર કરનારની તૌબા મશહૂર છે પણ એટલી હદે નહીં કે એમાં કોઈ શંકા ન હોય. એવા શખ્સને જો કોઈએ કાફિર કહ્યો તો ન કહેનાર કાફિર ન તે જેને કાફિર કહેવામાં આવ્યો. એનું દૃષ્ટાંત હઝરત હાતિમ બિન બલ્તઆ رضی اللہ عنہ નો બનાવ છે, કે તેમણે મક્કા પર હુમ્લાની ખબર છુપી રીતે મક્કાવાળાઓને કરવાનુ ઈચ્છયું હતું. એક મુસ્લિમ મો'મિનથી એ અસંભવ હતું કે આવી મહત્વની ખબર હુઝૂર ﷺ ની મરજી વિરૂધ્ધ મક્કાવાળાઓને કરવામાં આવતી. એની જાહેરી સ્થિતિ જોઈને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ એમને મુનાફિક઼ કહ્યા. પરંતું તે મુસ્લિમ મો'મિન હતા. નિફાક઼ કે કુફ્રના કારણે એવું કર્યું ન હતું, બલ્કે પોતાનાં બાળકોની મહોબ્બતમાં એવું કર્યું. તો ન તે મુનાફિક઼ થયા અને ન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما.

એનું બીજી દૃષ્ટાંત આ જમાનામાં એ છે કે એક વાઈઝે પોતાની તક઼રીરમાં કહ્યું કે ક઼યામતના દિવસે અન્ય લોકો અલ્લાહ તઆલાને ત્યાં હિસાબ આપવા જશે અને મહબૂબાને બારગાહ હિસાબ લેવા જશે. આ પ્રશ્ન એક ઘણા જ મહાન મુફ્તી સાહબને ત્યાં રજૂ થયો, જે ખરેખર મુફ્તી હતા. પૂરી જમાઅત તેમને વિશ્વાસુ મુફ્તી માને છે, તેમણે ફત્વો આપ્યો કે એ વાઈઝ કાફિર થઈ ગયો. પછી એ જ પ્રશ્ન મારી પાસે આવ્યો. મેં જવાબ લખ્યો કે ક઼ાઈલ કાફિર નથી. આમ ઉર્ફમાં હિસાબ લેવાનો એક મતલબ હોય છે મજૂરી વસૂલ કરવી. મજૂર બોલે છે હિસાબ લેવા જઈ રહ્યો છું. બોલે છે કે મને પૂરો હિસાબ મળી ગયો. એની રોશનીમાં આ તાવીલ શક્ય છે કે

કાઈલની મુરાદ એ છે કે રબની બારગાહના મહબૂબો કયામતના દિવસે અલ્લાહની બારગાહમાં પોતાના સારા અમલોનો બદલો હાંસલ કરવા જશે. અહીં ન કાઈલ કાફિર ન આગલા મુફતી કાફિર. આવા પ્રકારની વાતોને લઈને આજકાલ સુલેહકુલ્લી દેવબંદીઓને કાફિર કહેવાથી પણ બચે છે. પરંતું એ એમનો ધોકો છે કે કુફ્રી વાણી એવી છે કે જે કુફ્રી અર્થમાં નિશ્ચિત છે, એની કોઈ તાવીલ નજીક તો નજીક, દૂર પણ નથી જે આ કુફ્રી કલામથી બચાવી શકે, એવી સ્થિતિમાં કતઈ તકફીર (કાફિર કહેવું) થશે. દેવબંદીઓના તે કુફ્રી શબ્દો જેના કારણે "હુસ્સામુલ હરમૈન"માં તેમની તકફીર કરવામાં આવી (તેમને કાફિર ઠરાવવામાં આવ્યા) એ એવા જ છે તે કુફ્રી અર્થમાં નિશ્ચિત છે. એમની કોઈ એવી તાવીલ નથી જે એમને કુફ્રથી બચાવી શકે. લગભગ એક સદીથી તેમની તકફીર થઈ રહી છે. કાઈલોની (કુફ્રવાણી લખનારાઓની) હયાતમાં પણ તેમને કાફિર કહેવામાં આવ્યા, પણ કાઈલો પણ એ કુફ્રી શબ્દોનો કોઈ એવો અર્થ ન બતાવી શક્યા જે કુફ્ર ન હોય. અને જે અર્થો બતાવ્યા છે તે એ લખાણોના અર્થ નથી, તે એ શબ્દોની હેર ફેર તથા તબદીલી છે. જેનું વિગતવાર વર્ણન મેં "મુન્સિફાના જાઈઝા"માં કરી આપ્યું છે વાંચકો એને જરૂરથી વાંચે.

**પ્રકરણ : "જે શખ્સ એને કાફિર કહેવાનું જાઈઝ નથી જાણતો જેણે તાવીલના આધાર પર અથવા અજાણતામાં કાંઈ કહ્યું"** –(૯૦૧)

بَابُ مَنْ لَمْ يَرَ إِكْفَارَ مَنْ قَالَ مُتَأَوِّلًا أَوْ جَاهِلًا ۔ صفہ ۹۰۱

حدیث ۲۶۴۸ عَنْ ابْنِ عُمَرَ أَنَّهُ أَدْرَكَ عُمَرَ بْنَ الْخَطَّابِ فِي رَكْبٍ وَهُوَ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ ને* **[હદીષ : ૨૬૪૮]**

يَحْلِفُ بِأَبِيهِ فَنَادَاهُمْ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَلَا إِنَّ اللّٰهَ يَنْهَاكُمْ

*કેટલાક સવારોમાં જોયા અને તે પોતાના બાપની કસમ ખાય રહ્યા હતા. તેમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ પુકાર્યા,*

أَنْ تَحْلِفُوا بِآبَائِكُمْ فَمَنْ كَانَ حَالِفًا فَلْيَحْلِفْ بِاللّٰهِ وَإِلَّا فَلْيَصْمُتْ ع

*સાંભળો ! બેશક ! અલ્લાહ તમને મના કરે છે કે પોતાના બાપદાદાની કસમ ખાવ. હવે જે કસમ ખાય તો તે અલ્લાહની કસમ ખાય અથવા ચૂપ રહે." (મુસ્લિમ–નુઝૂર)*

## હદીષ : ૨૬૪૮ની સમજૂતી

કેમ કે એ વખતે બાપદાદાની કસમ ખાવાની મનાઈ થઈ ન હતી અથવા થઈ હતી પણ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને એની જાણ ન હતી એટલા માટે તે મઅઝૂર હતા. આ હુકમ ઈસ્લામના શરૂનો હતો, હવે દારૂલ ઈસ્લામમાં અજાણ હોવું ઉઝર ગણાશે નહીં.

باب الحذر من الغضب لقوله تعالى والذين يجتنبون كبائر الاثم والفواحش واذا ما غضبوا هم يغفرون الذين ينفقون في السراء والضراء والكاظمين الغيظ والعافين عن الناس والله يحب المحسنين. ص ۹۰۳

પ્રકરણ : "ગુસ્સાથી બચવું, અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે : અને તે લોકો જેઓ ગુનાહે કબીરા અને બેહયાઈઓથી બચે છે અને જ્યારે ગુસ્સે થાય છે તો માફ કરી આપે છે. તે લોકો જેઓ છૂટછાટમાં તેમજ સંકડામણમાં ખર્ચ કરે અને ગુસ્સો પી જાય છે અને લોકોને માફ કરી આપે છે. અને અલ્લાહ એહસાન કરનાઓને દોસ્ત રાખે છે." –(૯૦૩)

حدیث ۲۶۴۹ عن سعيد بن المسيب عن ابي هريرة رضى الله تعالى

**[હદીષ : ૨૬૪૯]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,*

عنه ان رسول الله صلى الله تعالى عليه وسلم قال ليس الشديد

*પછાડવાથી કોઈ શક્તિમાન નથી થતો, શક્તિમાન તે છે જે*

بالصرعة انما الشديد الذى يملك نفسه عند الغضب ع

*ગુસ્સાના સમયે પોતાને કાબૂમાં રાખે." (મુસ્લિમ–અદબ)*

حدیث ۲۶۵۰ عن ابى صالح عن ابي هريرة رضى الله تعالى عنه ان رجلا

**[હદીષ : ૨૬૫૦]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, એક શખ્સે નબી صلی اللہ علیہ وسلم ને અર્ઝ કરી,*

قال للنبى صلى الله تعالى عليه وسلم اوصنى قال لا تغضب فردد

*મને વસિયત કરો. ફર્માવ્યું, ગુસ્સો ન કર ! તેણે વારંવાર દોહરાવ્યું,*

مرارا قال لا تغضب عه

*ફર્માવ્યું, ગુસ્સો ન કર !" (તિર્મિઝી–બિર)*

## હદીષ : ૨૬૫૦ની સમજૂતી

લગભગ એ સાહબ ખૂબ જ ગુસ્સાવાળા હતા એટલા માટે એમને એની વસિયત કરી. મતલબ એ છે કે વિના કારણે ગુસ્સો ન કરો. એનાથી તંદુરસ્તી પર પણ અસર પડે છે અને દિમાગ પર પણ. ગુસ્સામાં કદી કદી ઘણા ગલત કામો થઈ જાય છે. પરંતુ કોઈ સબબ પર ગુસ્સો ફિતરી (સ્વભાવિક) ચીજ છે, એને કોણ રોકી શકે છે.

## بَابُ الْحَيَاءِ صفہ ۹۰۳

**પ્રકરણ : "હયાનું વર્ણન" –(૯૦૩)**

૨૬૫૧ حدیث عَنْ اَبِی السَّوَّارِ الْعَدَوِیْ قَالَ سَمِعْتُ عِمْرَانَ بْنَ حُصَيْنٍ رَضِیَ

*"ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હયા ભલાઈ જ લાવે છે.* **[હદીષ : ૨૬૫૧]**

اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْحَيَاءُ لَا يَاتِیْ

*તો બશીર બિન કઅબે કહ્યું, હિકમતમાં લખેલુ છે કે હયાથી વકાર (પ્રતિષ્ઠા) છે અને*

اِلَّا بِخَيْرٍ فَقَالَ بُشَيْرُ بْنُ كَعْبٍ مَكْتُوْبٌ فِی الْحِكْمَةِ اِنَّ مِنَ الْحَيَاءِ

*હયાથી સકીના છે. તો તેમને ઈમરાનને કહ્યું, હું તમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની*

وَقَارًا وَاِنَّ مِنَ الْحَيَاءِ سَكِيْنَةً فَقَالَ لَهٗ عِمْرَانُ اُحَدِّثُكَ عَنْ رَسُوْلِ

*હદીષ વર્ણવું છું અને તું*

اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَتُحَدِّثُنِیْ عَنْ صَحِيْفَتِكَ

*તારા સહીફાની વાત સાંભળાવે છે !"*

**હદીષ : ૨૬૫૧ની સમજૂતી** બુશૈર ઈબ્ને કઅબ તાબઈ છે. હઝરત ઈમરાનના નારાજ થવાનું કારણ એ હતું કે **એક મુસલમાનના માટે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો ઈર્શાદ પૂરતો છે, એના પછી કોઈ સહીફો કે કિતાબ જોવાની જરૂરત નથી.** પરંતું અલ્લામા ઈબ્ને હજરે અબૂ કતાદા અદવીની જે રિવાયત કરી એના આખરમાં આ પ્રમાણે છે : وفيه ضعفٌ અને હયામાં કમજોરી છે. જાહેર છે કે જ્યારે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે હયા ભલાઈ જ લાવે છે, હવે એની સરખામણીમાં એવું કહેવું કે હયામાં કમજોરી છે, એ યકીનન ! ગુસ્સો લાવનારી વાત છે.

## بَابُ الْاِنْبِسَاطِ اِلَى النَّاسِ صفہ ۹۰۵

**પ્રકરણ : "લોકોની સાથે હસ્તે મુખે મળવું" –(૯૦૫)**

ت ۷۵۰ وَقَالَ ابْنُ مَسْعُوْدٍ خَالِطِ النَّاسَ وَدِيْنَكَ لَا تَكْلِمَنَّهٗ

*"અને ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું,* ***લોકો સાથે હળો મળો અને પોતાના*** **[તઅલીક : ૭૫૦]**

وَالدُّعَابَةِ مَعَ الْاَهْلِ

***દીનને બચાવીને રહો અને લોકો સાથે હસીખુશીનો વર્તાવ કરો."***

٢٦٥٢ حدیث حَدَّثَنَا اَبُو التَّيَّاحِ قَالَ سَمِعْتُ اَنَسَ بْنَ مَالِكٍ يَقُوْلُ اِنْ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહેતા હતા કે નબી ﷺ અમારી સાથે મલતા* **[હદીષ : ૨૬૫૨]**

كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَيُخَالِطُنَا حَتّٰى يَقُوْلَ لِاَخٍ لِّىْ

*જુલતા હતા, ત્યાં સુધી કે મારા એક નાના ભાઈને કહેતા યા અબા ઉમૈર નુગ઼ૈર !*

صَغِيْرٍ يَا اَبَا عُمَيْرٍ مَا فَعَلَ النُّغَيْرُ

*શું થયું !"*

*(૨/૯૧૫ બાબુલ કુન્નિયતિ લિસ્સબી, મુસ્લિમ–સલાત, ઈસ્તીઝાન ફઝાઈલુન્નબી ﷺ, તિર્મિઝી–સલાત, બિર્ર, નિસાઈ–અલ્યૌમ વલ્લૈલ, ઈબ્ને માજહ–અદબ)*

## હદીષ : ૨૬૫૩ની સમજૂતી

ઉમૈર અમ્રની તસ્ગીર (તુંકારાત્મક) છે. એ હઝરત અબૂ તલ્હા અન્સારીના સાહબઝાદા હતા. એમનું નામ ઝયદ બિન સહલ હતું. તેમનાં વાલિદા ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا હતાં. એ હઝરત અનસના અખ્યાફી ભાઈ (મા એક બાપ અલગ) હતા. અને હુઝૂરે અક્દસ ﷺના જમાનામાં ઈન્તેકાલ કરી ગયા. હુઝૂરે અક્દસ ﷺ તેમની સાથે હંસી મઝાકથી વાતો કરતા હતા. તેમણે એક નાની ચકલી જેને નુગ઼ૈર કહે છે પાળી રાખી હતી એના વિશે એમને પૂછતા, હે અબા ઉમૈર ! નુગ઼ૈરનું શું થયું ?! નુગ઼ૈર નગ઼રુનની તસ્ગીર છે, જેની ચાંચ લાલ હોય છે અને અવાજ ઘણો સારો હોય છે. આ હદીષથી સાબિત થયું કે નાના બાળકોની કુન્નિયત રાખવી જાઈઝ છે. તેમજ મદીના તયબહના હરમનો એ હુકમ નથી જે મક્કા મોઅઝ્ઝમાનો છે, મદીના તયબહનાં **જંગલી જાનવરોને પકડવાં અને પાળવાં જાઈઝ છે.**

**ચેતવણી :** કેટલાક લોકોએ આ હદીષ પર એવું કહ્યું કે મુહદ્દિષો અમુક એવી રિવાયતોને પણ વર્ણવે છે જ્યાં ખાસ કોઈ ફાયદો નથી હોતો. જેમ કે આ હદીષ છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે અમુક ઉલમાએ આ હદીષથી ૬૦ મસાઈલ કાઢયા છે. ફત્હુલ બારીમાં સૌને વર્ણવ્યા અને પોતાના તરફથી પણ વધારો કર્યો.

٢٦٥٣ حدیث عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كُنْتُ اَلْعَبُ بِالْبَنَاتِ عِنْدَ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું, હું રસૂલુલ્લાહ ﷺની પાસે* **[હદીષ : ૨૬૫૩]**

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَكَانَ لِىْ صَوَاحِبُ يَلْعَبْنَ مَعِىْ وَكَانَ رَسُوْلُ

*ઢીંગલીઓ વડે રમતી અને મારી કેટલીક સહેલીઓ હતી જે મારી સાથે રમતી હતી. અને રસૂલુલ્લાહ ﷺ*

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا دَخَلَ يَتَقَمَّعْنَ مِنْهُ فَيُسَرِّبُهُنَّ اِلَىَّ فَيَلْعَبْنَ مَعِىْ

*જ્યારે અંદર આવતા તો તે સંતાય જતી. (અને જ્યારે હુઝૂર બહાર તશરીફ લઈ જતા) હુઝૂર એમને મારી પાસે મોકલી આપતા તો તેઓ મારી સાથે રમતી." (મુસ્લિમ–ફઝાઈલ)*

**હદીષ : ૨૬૫૪ની સમજૂતી** اللعب بالبنات અહીં બનાતથી મુરાદ નાની નાની બાળકીઓની તસ્વીરો છે જેની સાથે બાળકો રમે છે. અને એની પણ સંભાવના છે કે બનાત પોતાના હક઼ીક઼ી અર્થમાં હોય અને મુરાદ નાની બાળકીઓ હોય.

## بَابُ الْمُدَارَاةِ مَعَ النَّاسِ ص ٩٠٥

**પ્રકરણ : "લોકોની સાથે નમ્રતા કરવી"** –(૯૦૫)

ت ٧٥١ وَيُذْكَرُ عَنْ أَبِي الدَّرْدَاءِ إِنَّا لَنَكْشِرُ فِي وُجُوهِ أَقْوَامٍ وَإِنَّ

*"હઝ઼રત અબૂ દર્દાથી રિવાયત કરતાં વર્ણવવામાં આવે છે કે તેમણે ફર્માવ્યું કે અમે* **[તઅલીક઼ : ૭૫૧]**

قُلُوبَنَا لَتَلْعَنُهُمْ

*ઘણા લોકોને જોઈને સ્મિત કરીએ છીએ અને અમારાં દિલ તેમના પર લઅનત કરે છે."*

## بَابُ لَا يُلْدَغُ الْمُؤْمِنُ مِنْ جُحْرٍ مَرَّتَيْنِ ص ٩٠٥

**પ્રકરણ : "મો'મિન એક કાણેથી કદી બે વાર નથી ડસવામાં આવતો"** –(૯૦૫)

ت ٧٥٢ وَقَالَ مُعَاوِيَةُ لَا حِلْمَ إِلَّا عَنْ تَجْرِبَةٍ

*"અને મુઆવિયહએ કહ્યું, બર્બાદી નહીં પણ અનુભવ છે."* **[તઅલીક઼ : ૭૫૨]**

حديث ٢٦٥٤ عَنِ ابْنِ الْمُسَيَّبِ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ عَنِ

*"હઝ઼રત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મો'મિન* **[હદીષ : ૨૬૫૪]**

النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ لَا يُلْدَغُ الْمُؤْمِنُ مِنْ جُحْرٍ وَاحِدٍ مَرَّتَيْنِ .

*એક દર (કાણા)થી બે વાર નથી ડસવામાં આવતો."*

بَابُ مَا يَجُوزُ مِنَ الشِّعْرِ وَالرَّجَزِ وَالْحُدَاءِ وَمَا يُكْرَهُ مِنْهُ وَقَوْلِهِ تَعَالَىٰ. وَالشُّعَرَاءُ يَتَّبِعُهُمُ الْغَاوُونَ أَلَمْ تَرَ أَنَّهُمْ فِي كُلِّ وَادٍ يَهِيمُونَ ○ وَأَنَّهُمْ يَقُولُونَ مَا لَا يَفْعَلُونَ ○ إِلَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ وَذَكَرُوا اللّٰهَ كَثِيرًا وَانْتَصَرُوا مِنْ بَعْدِ مَا ظُلِمُوا وَسَيَعْلَمُ الَّذِينَ ظَلَمُوا أَيَّ مُنْقَلَبٍ يَنْقَلِبُونَ ص ٩٠٥

**પ્રકરણ : "શિઅ્ર તથા રજઝ તથા હદીમાં શું જાઈઝ અને શું મકરૂહ છે ? અને અલ્લાહ તઆલાના ઈર્શાદની સ્પષ્ટતા : અને શાઈરોની પયરવી (અનુસરણ) ગુમરાહ લોકો કરે છે. શું તમે ન જોયું કે તેઓ દરેક નાળામાં સરગર્દાં (મસ્ત થઈને) ફરે છે, અને તે કહે છે જે નથી કરતા, પણ તે જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામ કર્યાં અને ખૂબ જ પ્રમાણમાં અલ્લાહની યાદ કરી. અને બદલો**

**લીધો એના પછી કે એમના પર જુલ્મ થયો.**
**અને હવે જવા ચાહે છે જાલિમ કે કયા પાસા**
**પર પલટો ખાશે.** *–(૯૦૭)*

**સ્પષ્ટતા :** શેઅર તે કલામ છે જે ઈરાદાપૂર્વક પ્રાસવાળુ (મૌઝૂં) તથા મુકફ્ફા (અંતમાં સમાન શબ્દોવાળુ) કરવામાં આવ્યું હોય અને રજ્ઝ શેઅરના એક ખાસ પ્રકારને કહે છે જેમાં શાઈર પોતાનાં તથા પોતાના બાપદાદાનાં કારનામાઓનો ગર્વભેર વર્ણન કરે અથવા પોતાની અઝમત જાહેર કરે.

حُدی (હુદા) ઊંટને ચલાવવા માટે જે ગીત ગાવામાં આવે. સૌ પ્રથમ હદી ગુઝર બિન નઝાર બિન મુઅદ બિન અદનાનના ગુલામે કહેલું. વાત એ બની કે એકવાર મુઝરનાં ઊંટ ચાલવામાં સુસ્તી કરવા લાગ્યાં. એવામાં આ ગુલામ ઊંટોમાં હતો અને એણે કાંઈ ઉણપ કરી તો મુઝરે તેના હાથમાં માર્યું. તે તકલીફમાં કહેવા લાગ્યો يَا يَدَ يَاهُ يَا يَدَ يَاهُ (યા યાદ યાહુ. યદ યાહુ) તેનો અવાજ ઘણો જ સારો હતો. એને સાંભળીને ઊંટ ઝડપથી ચાલવા લાગ્યાં. અહીંથી હદીની શરૂઆત થઈ.

શેઅર સારા પણ હોય છે ખરાબ પણ હોય છે, જો શેઅરમાં કુફ્રિયા ફિસ્કિયા વિષય હોય અથવા મુસલમાનની હિજ્જુ (હલકો પાડવું) હોય તો તે **હરામ** છે. પરંતુ હમ્દ તથા નઅત હોય, મુસલમાનોની તારીફ હોય અથવા સારા કામ માટે પ્રોત્સાહન હોય તો સારા છે.

ت ٧٥٣ وَقَالَ ابْنُ عَبَّاسٍ فِيْ كُلِّ وَادٍ يَهِيْمُوْنَ فِيْ كُلِّ لَغْوٍ يَخُوْضُوْنَ

*"દરેક વાદીમા સરગર્દા ફરે છે. (એટલે નિરર્થક કામોમાં મશ્ગૂલ રહે છે)"* **[તઅલીક઼ : ૭૫૩]**

حديث ٢٦٥٥ **[હદીષ : ૨૬૫૫]** اَنَّ عَبْدَ الرَّحْمٰنِ بْنَ الْاَسْوَدِ بْنِ عَبْدِ يَغُوْثَ اَخْبَرَهُ اَنَّ اُبَيَّ

*"અબ્દુર્રહમાન ઈબ્ને અસ્વદ ઈબ્ને અબ્દે યગૂષએ ખબર આપી કે ઉબય બિન કઅબ رضی اللہ عنہ એ*

بْنَ كَعْبٍ اَخْبَرَهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ مِنَ الشِّعْرِ حِكْمَةً

*ખબર આપી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! અમુક શેઅર હિકમત છે."*

## હદીષ : ૨૬૫૫ની સમજૂતી

હિકમતનો અર્થ દાનાઈ તથા શાણપણ (બુધ્ધિશાળીપણુ) છે. મુરાદ એ છે કે અમુક શેઅરો હક઼ીક઼તમાં સાચા હોય છે અને એમાં શાણપણની વાત હોય છે. એવા શેઅરો જેમનામાં જાહિલિયતની વાતો હોય તે પઢવા મના છે. પરંતુ કુર્આન તથા હદીષના લુગાત જાણવા માટે એને પઢવા, યાદ રાખવા મુસ્તહસન છે. વિવિધ સહાબાએ કિરામથી મરવી છે કે જાહિલિયતના જમાનાના શેઅરો પઢતા હતા, સાંભળતા હતા, એ સૌનો આધાર આ જ છે. સારાંશ કે એવા શેઅરો જેમાં હમ્દ તથા નઅત હોય સહાબાએ કિરામ અથવા ઉલમાએ કિરામ અથવા અવલિયા અલ્લાહની પ્રશંસા હોય, દીની વાતો પ્રતિ આર્કષણ હોય એને કહેવું પણ જાઈઝ અને સાંભળવું પણ જાઈઝ છે, પઢવું પણ જાઈઝ છે. અને જે શેઅરોમાં ફિસ્ક઼ હોય, કુફ્ર હોય, બેહયાઈ હોય, **જે વાસનાની ભાવનાને ઉશ્કેરનારા હોય તેને કહેવું પણ હરામ, પઢવું પણ હરામ, સાંભળવું પણ હરામ છે.** (જેમ કે હાલના ફિલ્મી ગીતો, ગઝલો વગેરે)

٢٦٥٦ حديث عَنْ اَبِي قِلَابَةَ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ પોતાની અમુક **[હદીષ : ૨૬૫૬]**

اَتَى النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى بَعْضِ نِسَائِهِ وَمَعَهُنَّ اُمُّ سُلَيْمٍ فَقَالَ

પત્નીઓની પાસે તશરીફ લાવ્યા અને તેમની સાથે ઉમ્મે સુલેમ પણ હતાં. તો ફર્માવ્યું,

وَيْحَكَ يَا اَنْجَشَةُ رُوَيْدَكَ سَوْقَكَ بِالْقَوَارِيْرِ قَالَ اَبُوْقِلَابَةَ فَتَكَلَّمَ

ખરાબી થાય તારા માટે હે અન્જશા ! શીશીઓને હાંકવાનું છોડી આપ !

النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِكَلِمَةٍ لَوْ تَكَلَّمَ بَعْضُكُمْ لَعِبْتُمُوْهَا قَوْلَهُ

અબૂ કલાબાએ કહ્યું, નબી ﷺ એ એવી વાત કહી કે જો તમારામાંનો કોઈ કહેત તો એને

سَوْقَكَ بِالْقَوَارِيْرِ

તમે લોકો અયબ સમજતી. એટલે હુઝૂરનું એ ફર્માવવું "શીશીઓને ચલાવવાનું."

(મુસ્લિમ–ફઝાઈલ, નિસાઈ–અલ્યૌમ વલિલ્લૈલ, કિતાબુલ અદબ, ૨/૯૧૫, ૨/૯૧૭ બે તરીકાથી બલ્કે ત્રણ તરીકાથી)

**હદીષ : ૨૬૫૬ની સમજૂતી** આ બનાવ ખૈબરનો છે. હુઝૂરે અકદસ ﷺના એક હબ્શી ગુલામ હતા જેમનું નામ અન્જશા હતું. તે ખૂબ જ મધૂર અવાજવાળા હતા અને હદી પઢી રહ્યા હતા જેની અસરથી ઊંટ મસ્ત થઈને તેજીથી ચાલી રહ્યાં હતાં. એના પર હુઝૂર ﷺએ ફર્માવ્યું. એના બે અર્થ થઈ શકે છે કે ઊંટ ખૂબ જ ઝડપભેર ચાલી રહ્યાં છે. સ્ત્રીઓ નાઝુક શરીરની હોય છે એટલા માટે હદી બંધ કરો. બીજો મતલબ એ પણ થઈ શકે છે કે તમારો અવાજ ઘણો મીઠો છે તો યોગ્ય નથી કે સ્ત્રીઓ સાંભળે.

بَابُ مَا يُكْرَهُ اَنْ يَكُوْنَ الْغَالِبُ عَلَى الْاِنْسَانِ الشِّعْرُ حَتّٰى يَصُدَّهُ عَنْ ذِكْرِ اللّٰهِ وَالْعِلْمِ وَالْقُرْاٰنِ صـ ٩٠٩

**પ્રકરણ : "મકરૂહ એ છે કે ઈન્સાન પર શેઅર ગાલિબ થઈ જાય ત્યાં સુધી કે તેને અલ્લાહના ઝિક્ર તથા ઈલ્મ તથા કુર્આનથી રોકી દે"** *–(૯૦૯)*

**સમજૂતી** : અહીં શેઅરથી મુરાદ એ અશઆર છે જે અલ્લાહના ઝિક્ર અને દીની વાતોથી ખાલી હોય.

٢٦٥٧ حديث عَنْ سَالِمٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, **તમારામાંથી કોઈનું** **[હદીષ : ૨૬૫૭]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَاَنْ يَمْتَلِئَ جَوْفُ اَحَدِكُمْ قَيْحًا خَيْرٌ لَّهُ مِنْ اَنْ يَمْتَلِئَ شِعْرًا

**પેટ પરૂથી ભરાય એ બેહતર છે એના કરતાં કે શેઅરથી ભરાય."**

٢٦٥٨ حديث عَنْ اَبِي هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ لَاَنْ يَّمْتَلِئَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે **[હદીષ : ૨૬૫૮]**

جَوْفُ الرَّجُلِ قَيْحًا حَتّٰى يَرِيَهُ خَيْرٌ مِنْ اَنْ يَّمْتَلِئَ شِعْرًا

***કોઈ શખ્સનું પેટ પરૂથી ભરાય જાય ત્યાં સુધી કે તેને બીમાર કરી નાખે,***

***એ એના માટે બેહતર છે કે એ શેઅરથી ભરાય."***

**હદીષ : ૨૬૫૮ની સમજૂતી**

એનાથી મુરાદ એવા શેઅરો છે જે વાહિયાત ખરાબીઓ પર આધારિત હોય. અથવા પછી એમાં એવું વ્યસ્ત થઈ જવું મુરાદ છે કે અલ્લાહના ઝિક્ર અને દીની વાતોથી સંબંધ બાકી ન રહે.

**પ્રકરણ : "અલ્લાહ તઆલાથી મહોબ્બતની નિશાની અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે : જો તમે અલ્લાહથી મહોબ્બત કરો છો તો મારી ફર્માબરદારી કરો, અલ્લાહ તમારાથી મહોબ્બત કરશે."** –(૯૧૧)

بَابُ عَلَامَةِ الْحُبِّ فِي اللهِ بِقَوْلِهِ تَعَالٰى اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللهُ۔ صـ ٩١١

٢٦٥٩ حديث قَالَ عَبْدُ اللهِ بْنُ مَسْعُوْدٍ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ جَاءَ رَجُلٌ اِلٰى

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ કહ્યું કે એક શખ્સ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની **[હદીષ : ૨૬૫૯]**

رَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَا رَسُوْلَ اللهِ كَيْفَ تَقُوْلُ فِيْ رَجُلٍ اَحَبَّ

*ખિદમતમાં હાજર થયો અને કહ્યું કે એક શખ્સ એક કૌમથી મહોબ્બત કરે છે પરંતુ એનાથી મુલાકાત*

قَوْمًا وَلَمَّا يَلْحَقْ بِهِمْ فَقَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْمَرْءُ مَعَ مَنْ اَحَبَّ

*નથી કરી શકતો. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* ***માણસનો હશ્ર એની સાથે***

***થશે જેનાથી તે મહોબ્બત કરે છે."*** *(એનાથી મુત્તસિલ ત્રણ તરીક઼ાથી)*

**હદીષ : ૨૬૫૯ની સમજૂતી**

અહીં ત્રણ સંભાવનાઓ છે : એક એ કે બંદો અલ્લાહથી મહોબ્બત કરે. બંદો મોહિબ્બ હોય અલ્લાહ મહબૂબ. બીજી એ કે અલ્લાહ ﷻ કોઈ બંદાથી મહોબ્બત કરે, અલ્લાહ મોહિબ્બ હોય, બંદો મહબૂબ. ત્રીજી એ કે કોઈ શખ્સ કોઈ દીની પેશવા અથવા દીનદાર શખ્સથી દીનના કારણે મહોબ્બત કરે જેમાં રિયા તથા સુમ્અહ તથા દુનિયવી હેતુની ખરાબી ન હોય. હદીષમાં ત્રણેવ સ્થિતિઓનો સમાવેશ થાય છે.

## بَابُ لَا يَقُلْ خَبُثَتْ نَفْسِي ٩١٣

**પ્રકરણ : "કોઈ એવું ન કહે કે خَبُثَتْ نَفْسِي" –(૯૧૩)**

حديث ٢٦٦٠ عَنْ هِشَامٍ عَنْ اَبِيهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهَا عَنِ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી* **[હદીષ : ૨૬૬૦]**

النَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَقُولَنَّ اَحَدُكُمْ خَبُثَتْ نَفْسِي

*રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, કોઈ એવું ન કહે કે*

وَلٰكِنْ لِيَقُلْ لَقِسَتْ نَفْسِي رُوِيَ عَنْ سَهْلٍ مِثْلُهُ

*خَبُثَتْ نَفْسِي પરંતુ કહે لَقِسَتْ نَفْسِي.*

### હદીષ : ૨૬૬૦ની સમજૂતી

જ્યારે માણસ કોઈ કારણે સુસ્ત આળસુ થઈ જાય છે અને કોઈ કામ કરવાનો તેનો જીવ નથી ચાલતો અને તેને કાંઈ સારુ નથી લાગતુ, ત્યારે અરબવાસી બોલતા હતા خَبُثَتْ نَفْسِي. હુઝૂર صلی اللہ علیہ وسلمએ એનાથી મના ફર્માવ્યું. એટલા માટે કે 'ખબીષ' અધિકતર બાતિલ અક઼ીદાઓ, જૂઠી વાત, બુરાં કાર્યો, હરામ لَقِسَتْ نَفْسِي અને આ મનાઈ તન્ઝીહીના માટે છે એટલા માટે કે ખુદ હુઝૂર صلی اللہ علیہ وسلمએ એ શખ્સના બારામાં જે ફજરની નમાઝના માટે ન ઉઠે, ફર્માવ્યું : أَصْبَحَ خَبِيثُ النَّفْسِ كَسلَانَ તર્જુમો : "ખબીષ નફસવાળા આળસુ ઉઠ !"

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّمَا الْكَرْمُ قَلْبُ الْمُؤْمِنِ.

**પ્રકરણ : "નબી صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ છે : કરમ મો'મિનનું દિલ છે"** *–(૯૧૩)*

**સમજૂતી :** એના પહેલાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષ વર્ણન થઈ ચૂકી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે દ્રાક્ષના ઝાડને કરમ ન કહો. પછી એનાથી જ બીજી હદીષ આવી રહી છે કે કરમ મો'મિનનું દિલ છે. મનાઈનું કારણ એ છે કે અરબવાસીઓ દ્રાક્ષની વેલને પણ કરમ કહેતા હતા અને દ્રાક્ષથી જે શરાબ તૈયાર કરવામાં આવે છે એને પણ કરમ કહેતા હતા. એટલા માટે કે તે સખાવત તથા કરમ માટે ઉત્તેજીત કરે છે. શારેઅએ દ્રાક્ષની વેલને કરમ કહેવાથી એટલા માટે મના કર્યું કે એનાથી શરાબની યાદ આવી જશે અને એનો શોખ લોકોના દિલમાં પેદા થઈ જશે. ફર્માવ્યું કે મો'મિનનું દિલ સૌથી વિશેષ એનું મુસ્તહિક઼ છે કે એને કરમ કહેવામાં આવે, એટલા માટે કે તે કરમ, સખાવત, તક઼વા, નૂર અને હિદાયતનું ઉગમ સ્થાન છે.

وَقَدْ قَالَ اِنَّمَا الْمُفْلِسُ الَّذِي يُفْلِسُ يَوْمَ الْقِيٰمَةِ كَقَوْلِهِ اِنَّمَا الصُّرَعَةُ الَّذِي يَمْلِكُ نَفْسَهُ عِنْدَ الْغَضَبِ.

"અને ફર્માવ્યું મુફલિસ તે છે જે ક઼યામતના દિવસે ખાલી હાથે રહે. અને જેમ કે હુઝૂરનો ઈર્શાદ છે : પહેલવાન તે છે જે ગુસ્સાના સમયે પોતાના નફસનો માલિક હોય."

كَقَوْلِهٖ لَا مَلِكَ اِلَّا اللّٰهُ فَوَصَفَهٗ بِانْتِهَاءِ الْمُلْكِ ثُمَّ ذَكَرَ الْمُلُوْكَ اَيْضًا

*''અને જેવો કે હુઝૂરનો ઈર્શાદ : અલ્લાહ સિવાય કોઈ બાદશાહ નથી, તો અલ્લાહનો આ વસ્ફ કર્યો કે મુલ્કનો*

فَقَالَ اِنَّ الْمُلُوْكَ اِذَا دَخَلُوْا قَرْيَةً اَفْسَدُوْهَا

*અંત એના સુધી છે. પછી મુલ્કોનું વર્ણન પણ કર્યું પછી ફર્માવ્યું કે બાદશાહ જ્યારે કોઈ વસ્તીમાં દાખલ થાય છે તો તેને બર્બાદ કરી આપે છે.''*

ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે એ જે ફર્માવ્યું કે કરમ કેવળ મો'મિનનું દિલ છે એ على سبيل الاِدّعا છે એટલે કે હક઼ીક઼તમાં મો'મિનનું દિલ જ કરમ કહેવડાવાને પાત્ર છે. જેમ કે હક઼ીક઼ી બાદશાહ અલ્લાહ ﷻ છે અને મજાઝન્ અન્ય પર પણ બોલાય છે. અને મનાઈ પણ તન્ઝીહી છે.

٢٦٦١ حديث عَنْ سَعِيْدِ بْنِ الْمُسَيَّبِ عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૬૬૧]**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ وَيَقُوْلُوْنَ الْكَرْمُ اِنَّمَا الْكَرْمُ قَلْبُ الْمُؤْمِنِ

*લોકો દ્રાક્ષને કરમ કહે છે, કરમ કેવળ મો'મિનનું દિલ છે.''*

بَابُ اَحَبِّ الْاَسْمَاءِ اِلَى اللّٰهِ عَزَّ وَجَلَّ وَقَوْلِ الرَّجُلِ لِصَاحِبِهٖ يَا بُنَیَّ صـ ٩١٤

**પ્રકરણ : ''અલ્લાહ તઆલાને કયુ નામ સૌથી વધુ પસંદ છે ? અને કોઈનું પોતાના સાથીને કહેવું, હે બેટા !''** *–(૯૧૪)*

٢٦٦٢ حديث عَنْ جَابِرٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ وُلِدَ لِرَجُلٍ مِّنَّا غُلَامٌ فَسَمَّاهُ

*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે અમારામાંથી એક શખ્સને ત્યાં પુત્ર જન્મ* **[હદીષ : ૨૬૬૨]**

الْقَاسِمَ فَقُلْنَا لَا نُكْنِيْكَ اَبَا الْقَاسِمِ وَلَا كَرَامَةً فَاُخْبِرَ النَّبِیُّ صَلَّى اللّٰهُ تَعَالٰی

*થયો તો એણે એનું નામ ક઼ાસિમ રાખ્યું. અમે કહ્યું કે અમે તારી કુન્નિયત અબુલ ક઼ાસિમ રાખીશું નહીં,*

عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ سَمِّ ابْنَكَ عَبْدَ الرَّحْمٰنِ

*અને એ ઈજ્જત તમને નહીં આપીએ. તો નબી ﷺ ને ખબર કરવામાં આવી. ફર્માવ્યું, તારા પુત્રનું નામ અબ્દુર્રહમાન રાખ.'' (૨/૯૧૪, બાબુ ક઼ૌલિન્નબી સમ્મુબિઈસ્મી, બે તરીક઼ાથી મુસ્લિમ–ઈસ્તીઝાન)*

**હદીષ : ૨૬૬૨ની સમજૂતી** પ્રકરણના હેઠળ જે હદીષ વર્ણવી છે એનાથી પ્રકરણની સાબિતી નથી થતી. અલ્બત્ત મુસ્લિમમાં રિવાયત છે કે ફર્માવ્યું, અલ્લાહ તઆલાને આ નામ અધિક પસંદ છે. અબ્દુલ્લાહ,

અબ્દુર્રહમાન. એ હદીષને આ હદીષ જોડે મિલાવવામાં આવે તો કોઈક રીતે કાંઈક મુનાસિબત પેદા થઈ જશે. દા.ત. એવું કહેવામાં આવે કે હુઝૂરે અક્દસ ﷺએ તેમનું નામ અબ્દુલ્લાહ રાખ્યું. અને અબ્દુર્રહમાન તે નામોમાંથી છે જે અલ્લાહ તઆલાને સૌથી વધુ પસંદ છે.

કુર્આન મજીદમાં શબ્દ ''અબ્દ''ની અસ્માએ હુસ્નામાંથી કેવળ બેની તરફ નિસ્બત છે, અલ્લાહની તરફ અને રહમાનની તરફ, અને ફર્માવ્યું : وأنه لما قام عبد الله يدعوة અને ફર્માવ્યું : وَعِبَادُ الرَّحْمٰنِ એના જ હુકમમાં તે સર્વ નામો છે જે અબ્દની નિસ્બત અસ્માઉલ હુસ્નાની તરફ હોય. પરંતું પ્રકરણના બીજા ભાગથી આ હદીષને કોઈ નિસ્બત નથી

## بَابُ اِسْمِ الْحَزْنِ ص ۹۱۴

**પ્રકરણ : ''હ્ઝ્ન નામ રાખવાનું બયાન''** –(૯૧૪)

حدیث ۲۶۶۳ عَنِ ابْنِ الْمُسَيَّبِ عَنْ اَبِيْهِ اَنَّ اَبَاهُ جَاءَ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*''હઝરત સઈદ ઈબ્ને મુસૈયબ પોતાના પિતાથી રિવાયત કરે છે કે તેમના પિતા* **[હદીષ : ૨૬૬૩]**

وَسَلَّمَ وَقَالَ مَا اسْمُكَ قَالَ حَزْنٌ قَالَ اَنْتَ سَهْلٌ قَالَ لَا اُغَيِّرُ اِسْمًا

*(એટલે મુસૈયબના બાપ) હઝ્ન નબી ﷺની ખિદમતમાં હાજર થયા. હુઝૂરે પૂછયું, તમારું*

سَمَّانِيْهِ اَبِيْ قَالَ ابْنُ الْمُسَيَّبِ فَمَا زَالَتِ الْحُزُوْنَةُ فِيْنَا بَعْدُ

*નામ શું છે ? તેમણે કહ્યું, હ્ઝ્ન. ફર્માવ્યું, તું સહલ છે. તેમણે કહ્યું, તે નામ બદલીશ નહીં જે મારા બાપે રાખ્યું છે. મુસૈયબે કહ્યું ત્યારબાદ અમારામાં 'હઝૂના' હમેશાં રહી.''*

**હદીષ : ૨૬૬૩ની સમજૂતી** સઈદ ઈબ્ને મુસૈયબ તાબઈનમાંથી છે. લગભગ ચાલીસ સહાબીઓ થકી હદીષો રિવાયત કરે છે. હઝરત ફારૂકે આ'ઝમની ખિલાફતના બીજા વરસે પેદા થયા અને હિ.સ. ૯૪ માં વિસાલ ફર્માવ્યું. એમના પિતા મુસૈયબ સહાબી છે અને અસ્હાબે શજરામાંથી છે અને તેમના પિતા હ્ઝ્ન કુરૈશી સહાબી છે. એ મુહાજિરોમાંથી છે. કુરૈશના રઈસોમાંથી છે.

حزونة (હુઝૂના) : હ્ઝ્ન કહે છે પથરીલી સખત જમીન. હઝરત સઈદ બિન મુસૈયબના કૌલમાં حَزْنٌ હ્ઝૂનૂનથી મુરાદ સખ્તી છે એટલે ટેઢો સ્વભાવ. હુઝૂરે અક્દસ ﷺનું આ નામ બદલવું ઈસ્તિહબાબન્ (મુસ્તહબ રૂપે) હતું. અને તફાઉલ (ફાલ કાઢવા) રૂપે કોઈનું નામ રાખવામાં શાબ્દિક અર્થ સાથે નિસ્બતનો લેહાઝ નથી હોતો. અને આ બનાવમાં હુઝૂરે અક્દસ ﷺની વાત ન માનવાની અસર પડી.

**પ્રકરણ :''કોઈ નામ પહેલાં કરતાં સારા નામથી બદલવું''** –(૯૧૪) بَابُ تَحْوِيْلِ الْاِسْمِ اِلَى اِسْمٍ هُوَ اَحْسَنُ مِنْهُ . ص ۹۱۴

**સ્પષ્ટતા** : એટલે કે કોઈ નામ નાપસંદીદા હોય અથવા અર્થ વિનાનું તો બદલીને કોઈ સારુ નામ તેનું

રાખવામાં આવે. નબી ﷺની આદતે કરીમા હતી કે જ્યારે કોઈનું બુરુ નામ સાંભળતા તો બદલીને એનાથી સારું નામ રાખી દેતા. અને ફર્માવ્યું, તમે લોકો કયામતના દિવસે પોતાના તથા પોતાના બાપના નામની સાથે પોકારવામાં આવશો, જેથી તમારા નામો સારાં રાખો. તિબરીએ કહ્યું, કોઈને યોગ્ય નથી કે એવું નામ રાખે કે એનો અર્થ બુરો હોય. અને ન એવું નામ રાખે જેનાથી મોટાઈ અને પ્રશંસા નીકળતી હોય.

حدیث ٢٦٦٤ عَنْ سَهْلٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ أُتِيَ بِالْمُنْذِرِ بْنِ أَبِي أُسَيْدٍ

*"હઝરત સહલ رضی اللہ عنہથી રિવાયત છે કે મુન્ઝર બિન અબી ઉસૈદ જ્યારે પેદા થયા તો* **[હદીષ : ૨૬૬૪]**

إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حِينَ وُلِدَ فَوَضَعَهُ عَلَى فَخِذِهِ وَأَبُو أُسَيْدٍ

*નબી ﷺની ખિદમતમાં તેમને લાવવામાં આવ્યા. લાવનારાએ તેમને હુઝૂરની જાંગ પર રાખ્યા, અને અબૂ*

جَالِسٌ فَلَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِشَيْءٍ بَيْنَ يَدَيْهِ فَأَمَرَ أَبُو أُسَيْدٍ

*ઉસૈદ બેઠા હતા. સામેની કોઈ ચીજમાં નબી ﷺ મશ્ગૂલ થઈ ગયા તો અબૂ ઉસૈદે પોતાના પુત્રના બારામાં*

بِابْنِهِ فَاحْتُمِلَ مِنْ فَخِذِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَاسْتَفَاقَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

*હુકમ આપ્યો અને તે નબી ﷺની જાંગ પરથી ઉઠાવી લેવામાં આવ્યા. નબી ﷺ જ્યારે પોતાની*

عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَيْنَ الصَّبِيُّ فَقَالَ أَبُو أُسَيْدٍ

*મશગૂલિયતથી પરવાર્યા તો પૂછયું, બાળક ક્યાં છે ? અબૂ ઉસૈદે કહ્યું કે તેને ઉઠાવી લીધો યા રસૂલુલ્લાહ !*

أَقْلَبْنَاهُ يَا رَسُولَ اللّٰهِ قَالَ مَا اسْمُهُ قَالَ فُلَانٌ قَالَ وَلٰكِنِ اسْمُهُ مُنْذِرٌ

*પૂછયું, તેનું શું નામ છે ? તેમણે કહ્યું, ફલાણ. ફર્માવ્યું, પરંતું એનુ નામ મુન્ઝિર છે. તો એ દિવસે હુઝૂરે એમનું*

فَسَمَّاهُ يَوْمَئِذٍ الْمُنْذِرَ

*નામ મુન્ઝિર રાખ્યું." (મુસ્લિમ–અદબ)*

## હદીષ : ૨૬૬૪ની સમજૂતી

એ ન જાણી શકાયું કે એમના બાપે એમનું નામ શું રાખ્યું હતું. જાહેર છે કે કોઈ સારુ નામ નહીં રહ્યું હોય, એટલા માટે હુઝૂરે બદલીને મુન્ઝિર રાખ્યું. હુઝૂર ﷺએ તેમનું નામ મુન્ઝિર એટલા માટે રાખ્યું હતું કે એ જ કબીલાના મુન્ઝિર બિન અમ્ર સહલ બિન સઅદ સાઅદી ખઝરજી એક મશહૂર સહાબી હતા.

حدیث ٢٦٦٥ عَنْ أَبِي رَافِعٍ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ زَيْنَبَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે ઝયનબનું નામ બર્રા હતું તો કહેવામાં* **[હદીષ : ૨૬૬૫]**

كَانَ اِسْمُهَا بَرَّةَ وَقِيْلَ تُزَكِّيْ نَفْسَهَا فَسَمَّاهَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*આવ્યું કે તેણી પોતે પોતાને સુથરી જતાવી (દર્શાવી) રહી છે. તો રસૂલુલ્લાહ ﷺ એ*

وَسَلَّمَ زَيْنَبَ

*તેમનું નામ ઝયનબ રાખ્યું." (મુસ્લિમ–ઈસ્તીઝાન, ઈબ્ને માજહ–અદબ)*

**હદીષ : ૨૬૬૫ની સમજૂતી** આ ઝયનબ ક્યાં તો ઉમ્મુલ મો'મિનીન બિન્તે જહશ હતાં અથવા ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની સાહબઝાદી હુઝૂરે અક્દસ ﷺ નાં રબીબા (સોતેલી પુત્રી) ઝયનબ બિન્તે અબૂ સલ્મા હતાં. બર્રાનો અર્થ છે નેક. તો પોતાનું નામ લઈને તે નામવાળો ગર્વભેર કરી શકે છે કે હું નેક છું, મારું નામ જ બુર્રા છે.

## بَابُ مَنْ سَمَّى بِاَسْمَاءِ الْاَنْبِيَاءِ ص ۹۱۴

**પ્રકરણ : "જેણે અંબિયાના નામ પર નામ રાખ્યું"** –(૯૧૪)

۲۶۶۶ حدیث حَدَّثَنَا اِسْمَاعِيْلُ قُلْتُ لِابْنِ اَبِيْ اَوْفٰى رَاَيْتَ اِبْرَاهِيْمَ

*"ઈસ્માઈલે કહ્યું, મેં ઈબ્ને અબી અવફા رضی اللہ عنہ ને પૂછયું, શું આપે નબી ﷺ ના* **[હદીષ : ૨૬૬૬]**

بْنَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَاتَ صَغِيْرًا وَلَوْ قُضِيَ اَنْ يَّكُوْنَ

*સાહબઝાદા ઈબ્રાહીમને જોયા હતા. ફર્માવ્યું, તેમનો બાળપણમાં જે વિસાલ થઈ ગયો. જો નબી ﷺ પછી*

بَعْدَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَبِيٌّ عَاشَ اِبْنُهُ وَلٰكِنْ لَا نَبِيَّ بَعْدَهُ

*નબી થવું મુકદ્દર હોત તો એમના સાહબઝાદા જીવંત રહેતા, પરંતુ હુઝૂરના બાદ કોઈ નબી નથી."*

حدیث ۲۶۶۷ **[હદીષ : ૨૬૬૭]** عَنْ عَدِيِّ بْنِ ثَابِتٍ قَالَ سَمِعْتُ الْبَرَاءَ قَالَ لَمَّا مَاتَ

*"અદી ઈબ્ને ષાબિતથી રિવાયત છે કે બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ એ કહ્યું કે જ્યારે ઈબ્રાહીમ رضی اللہ عنہ નો*

اِبْرَاهِيْمُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ لَهٗ مُرْضِعًا فِي الْجَنَّةِ.

*વિસાલ થયો તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જન્નતમાં એના માટે એક દાયા છે જે એમને દૂધ પીવડાવશે."*

**હદીષ : ૨૬૬૭ની સમજૂતી** હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ નો સોળ મહિના કે અઢાર મહિનાની ઉમરમાં ઈન્તેકાલ થયો હતો. બલ્કે એક રિવાયત એ છે કે કેવળ ૧૭ દિવસ જીવતા રહ્યા. હદીષનો અર્થ એ છે કે, એ કેમ કે દૂધ પીવાના દિવસોમાં ઈન્તેકાલ પામ્યા હતા એટલા માટે જન્નતમાં એમના માટે એક દાયા છે જે રઝાઅત (દૂધ પીવાની) મુદ્દત પૂરી થતા સુધી તેમને દૂધ પીવડાવશે. હદીષને પ્રકરણ સાથે નિસ્બત એ છે કે હુઝૂરે અક્દસ ﷺ એ પોતાના સાહબઝાદાનું નામ ઈબ્રાહીમના નામ પર રાખ્યું.

**પ્રકરણ : "અલ્લાહ તઆલાને સૌથી નાપસંદ નામ" –(૯૧૬)**

**بَابُ اَبْغَضِ الْاَسْمَاءِ اِلَى اللّٰهِ تَبَارَكَ وَتَعَالٰى ص ۹۱۶**

**حديث ۲۶۶۸** عَنِ الْاَعْرَجِ عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ **[હદીષ : ૨૬૬૮]**

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ક઼યામતના દિવસે*

وَسَلَّمَ اَخْنَى الْاَسْمَاءِ يَوْمَ الْقِيٰمَةِ عِنْدَ اللّٰهِ رَجُلٌ تَسَمّٰى مَلِكَ الْاَمْلَاكِ .

*તમામ નામોમાં સૌથી વધુ ઝલીલ એ શખ્સનું નામ છે જેણે પોતાનું નામ શહનશાહ રાખ્યું."*

**હદીષ : ૨૬૬૮ની સમજૂતી** બીજી રિવાયત અખ્નઅ છે તેનો અર્થ પણ છે, સૌથી વિશેષ ઝલીલ (બેઈજ્જત). સુફિયાને મલિકુલ અમ્લાક઼નો તર્જુમો શહનશાહ કર્યો છે, જ્યારે કે હોવો જોઈએ શાહેશાહાં, ગુલિસ્તાં બોસ્તાંની જેમ. એમાં ઈઝાફતે મક઼લૂબી હોય.

**بَابُ الْحَمْدِ لِلْعَاطِسِ ص ۹۱۹**

**પ્રકરણ : "છીંકવાવાળાએ હમ્દ કરવું" –(૯૧૯)**

**حديث ۲۶۶۹** حَدَّثَنَا سُلَيْمَانُ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે બે સાહબોને નબી صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં છીંક* **[હદીષ : ૨૬૬૯]**

عَطَسَ رَجُلَانِ عِنْدَ النَّبِىِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَشَمَّتَ اَحَدَهُمَا وَلَمْ يُشَمِّتِ

*આવી, એમાંથી એક સાહબે દુઆએ ખૈર કરી અને બીજાએ ન કરી. હઝૂરને અર્ઝ કરવામાં આવી તો હુઝૂરે*

الْاٰخَرَ فَقِيْلَ لَهٗ فَقَالَ هٰذَا حَمِدَ اللّٰهَ وَهٰذَا لَمْ يَحْمَدْ

*ફર્માવ્યું, તેણે અલ્લાહની હમ્દ કરી અને તેણે ન કરી."*

*(૨/૯૧૯ બાબ بَابُ لَا يُشَمِّتُ الْعَاطِسُ اِذَا لَمْ يَحْمَدِ اللّٰهَ, મુસ્લિમ–આખર સુધી, અબૂ દાઊદ–અદબ, તિર્મિઝી–ઈસ્તીઝાન, નિસાઈ–યૌમિ વલ્લૈલ, ઈબ્ને માજહ–અદબ)*

**હદીષ : ૨૬૬૯ની સમજૂતી**

આ બંનેવ સાહબો આમિર બિન તુફૈલ અને તેમના ભત્રીજા હતા. જેવું કે તિબ્રાનીએ સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ થી રિવાયત કરી છે. تشميت નો મતલબ ઉર્ફમાં છીંકવાવાળાના જવાબમાં **'યર્હમુકલ્લાહ'** કહેવું છે. પણ અહીં મુત્લક઼ન દુઆએ ખૈરના અર્થમાં છે. છીંક તંદુરસ્તી માટેની છ જરૂરતોમાંની એક છે. છીંક આવવાથી ખરાબ લીંટ બહાર નીકળી જાય છે એટલા માટે છીંક ખાનરને 'અલ્હ઼મ્દુલિલ્લાહ' કહેવાનો હુકમ છે.

**પ્રકરણ : "છીંક પસંદીદા છે અને બગાસુ નાપસંદીદા" –(૯૧૯)**

بَابُ مَا يُسْتَحَبُّ مِنَ الْعُطَاسِ وَمَا يُكْرَهُ مِنَ التَّثَاؤُبِ ص ۹۱۹

حدیث ۲۶۷۰ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

**[હદીષ : ૨૬૭૦]** "હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે અલ્લાહ તઆલા

قَالَ إِنَّ اللّٰهَ يُحِبُّ الْعُطَاسَ وَيَكْرَهُ التَّثَاؤُبَ فَإِذَا عَطَسَ فَحَمِدَ اللّٰهَ فَحَقٌّ

છીંકને પસંદ કરે છે અને બગાસાને નાપસંદ કરે છે. જ્યારે કોઈ છીંકે અને અલ્લાહની હમ્દ કરે તો દરેક

عَلَىٰ كُلِّ مُسْلِمٍ سَمِعَهُ أَنْ يُشَمِّتَهُ وَأَمَّا التَّثَاؤُبُ فَإِنَّمَا هُوَ مِنَ الشَّيْطَانِ

સાંભળનાર મુસલમાન પર વાજિબ છે કે તેને જવાબ આપે. પરંતું બગાસુ તો એ શૈતાનની તરફથી છે, શક્ય

فَلْيَرُدَّهُ مَا اسْتَطَاعَ فَإِذَا قَالَ هَاءْ ضَحِكَ مِنْهُ الشَّيْطَانُ .

હોય ત્યાં સુધી તેને રોકે. બગાસુ ખાનાર જ્યારે "હાઅ્" કરે છે તો શૈતાન એનાથી હસે છે."

**પ્રકરણ : "જ્યારે કોઈ છીંકે તો કેવી રીતે જવાબ આપવામાં આવે" –(૯૧૯)**

بَابُ إِذَا عَطَسَ كَيْفَ يُشَمَّتُ ص ۹۱۹

حدیث ۲۶۷۱ عَنْ أَبِي صَالِحٍ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ عَنِ النَّبِيِّ

**[હદીષ : ૨૬૭૧]** "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે કોઈ

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا عَطَسَ أَحَدُكُمْ فَلْيَقُلِ الْحَمْدُ لِلّٰهِ وَلْيَقُلْ لَهُ أَخُوهُ

છીંકે તો કહે, اَلْحَمْدُ لِلّٰهِ 'અલ્હમ્દુલિલ્લાહ !" અને તેનો ભાઈ તથા સાથી કહે, يَرْحَمُكَ اللّٰهُ 'યર્હમુકલ્લાહ !"

أَوْ صَاحِبُهُ يَرْحَمُكَ اللّٰهُ فَإِذَا قَالَ لَهُ يَرْحَمُكَ اللّٰهُ فَلْيَقُلْ يَهْدِيكُمُ اللّٰهُ وَيُصْلِحُ بَالَكُمْ شَأْنَكُمْ

અને જ્યારે તે "યર્હમુકલ્લાહ" કહે તો છીંકનાર કહે : يَهْدِيْكُمُ اللّٰهُ وَيُصْلِحُ بَالَكُمْ

"યહ્દી કુમુલ્લાહુ વયુસ્લિહ્ બાલકુમ." 'બાલ.'નો અર્થ શાન અને હાલાત છે."

بسم الله الرحمن الرحيم

# كتاب الاستيذان ص ۹۱۹

## (કિતાબુલ ઈસ્તીઝાન) "ઈજાઝત વિશે પ્રકરણ" –(૯૧૯)

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالیٰ يَآ اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ

હે ઈમાનવાળાઓ ! પોતાના ઘરોનાં સિવાય અન્ય ઘરોમાં ન જાવ જ્યાં સુધી ઈજાઝત ન લઈ લો અને

بُيُوْتِكُمْ حَتّٰى تَسْتَاْنِسُوْا وَتُسَلِّمُوْا عَلٰٓى اَهْلِهَا ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ لَعَلَّكُمْ

તેમાં રહેનારોઓને સલામ ન કરી લો. એ તમારા માટે બેહતર છે કે તમે ધ્યાન કરો. પછી જો તમે

تَذَكَّرُوْنَ فَاِنْ لَّمْ تَجِدُوْا فِيْهَآ اَحَدًا فَلَا تَدْخُلُوْهَا حَتّٰى يُؤْذَنَ

કોઈને ન પામો તો પણ માલિકોની ઈજાઝત વિના એમાં ન જાવ. અને જો તમને કહેવામાં આવે, પાછા

لَكُمْ وَاِنْ قِيْلَ لَكُمُ ارْجِعُوْا فَارْجِعُوْا هُوَ اَزْكٰى لَكُمْ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ

જાવ ! તો પાછા વળો. એ તમારા માટે બેહતર ખૂબ જ સુથરૂ છે. અલ્લાહ તમારાં કામોને જાણે છે. એમાં

عَلِيْمٌ ٥ لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ مَسْكُوْنَةٍ فِيْهَا

તમારા પર કાંઈ ગુનોહ નથી કે તે ઘરોમાં જાવ જે ખાસ કોઈનાં રહેઠાણ નથી અને એમાં વર્તવાનો

مَتَاعٌ لَّكُمْ وَاللّٰهُ يَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا تَكْتُمُوْنَ ٥ (نور ۲۹-۲۷)

તમને અધિકાર છે. અને અલ્લાહ જાણે છે જે તમે જાહેર કરો છો અને જે કાંઈ તમે છુપાવો છો. *(નૂર, ૨૭ થી ૨૯)*

**સ્પષ્ટતા :** حَتیٰ تَسْتَأْ نِسُوْا એટલે તેમનાથી રજા માગી લો. ઉબય, ઈબ્ને અબ્બાસ અને અઅમશની ક઼િરાઅત تَسْتَا نِسُوْا જ છે. અને આયતમાં તક઼દીમ તથા તાખીર છે. એવું હોવું જોઈએ કે تسلموا علیٰ اهلها وتستانِسُوا સલામ બાદ ઘરમાં જવા માટે બેહતર એ છે કે સ્પષ્ટપણે રજા માંગવામાં આવે, પરંતું ખોંખારો ખાય લેવો તથા એવો કોઈ અમલ કરવો જેનાથી ઘરવાળાં સમજી જાય કે સલામ કરનાર અંદર આવી રહ્યો છે ઈસ્તીઝાનના સ્થાને છે. ઈબ્ને અબી હાતિમે ઝઈફ સનદ સાથે હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે મેં અર્ઝ કરી, યા

રસૂલલ્લાહ ! ﷺ આ સલામ છે, ઈસ્તીનાસ શું છે ? ફર્માવ્યું કે માણસ તસ્બીહ પઢી લે, તકબીર પઢી લે, ખોંખારો ખાય લે. તિબરીએ ક઼તાદાના તરીક઼ાથી રિવાયત કરી કે ઈસ્તીઝાન ત્રણ વાર છે, પ્રથમ એટલા માટે કે જેથી સાંભળે. બીજી એટલા માટે કે તૈયાર થઈ જાય, ત્રીજુ એટલા માટે કે ચાહે તો ઈજાઝત આપે ચાહે તો પરત કરી દે.

بیوتا غیلو مسکونة થી મુરાદ એવાં મકાનો છે જે ખાલી પડી રહેતાં હોય. એમાં ઈજાઝત છે જેનો જીવ ચાહે એમાં રોકાય.

### ★ તેણીઓથી તમારી નજરો ફેરવી લો ★

ت ۷۵۴ وَقَالَ سَعِيْدُ بْنُ اَبِى الْحَسَنِ لِلْحَسَنِ اِنَّ نِسَاءَ الْعَجَمِ يَكْشِفْنَ

*"સઈદ બિન અબુલ હસને ઈમામ હસન બસરીને કહ્યું કે* **અજમ** **[તઅલીક઼ : ૭૫૪]**

صُدُوْرَهُنَّ وَرُءُوْسَهُنَّ قَالَ اِصْرِفْ بَصَرَكَ وَقَوْلُ اللّٰهِ عَزَّ وَجَلَّ قُلْ

***(અરબ સિવાય) ની સ્ત્રીઓ પોતાની છાતીઓ તથા માથાંઓ ખોલેલી રહે છે. ફર્માવ્યું,***

لِلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ قَالَ قَتَادَةُ عَمَّنْ

***પોતાની નજરને તેમનાથી ફેરવી લે.*** *અને અલ્લાહ તઆલાના ઈર્શાદનું બયાન : "મો'મિનોને*

لَا تَحِلُّ لَهُمْ وَقُلْ لِلْمُؤْمِنَاتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ

*ફર્માવી દો પોતાની નજરોને નીચે રાખે અને શર્મગાહોની હિફાઝત કરે." ક઼તાદાએ કહ્યું, એટલે એ*

خَائِنَةَ الْاَعْيُنِ النَّظَرُ اِلٰى مَا نُهِىَ عَنْهُ .

*લોકોથી જે એમના માટે હલાલ નથી. અને અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :* ***"મો'મિન સ્ત્રીઓને***

***ફર્માવી દો પોતાની નજરો નીચી રાખે અને પોતાનાં ગુપ્તાંગોની હિફાઝત કરે."***
*خَائِنَةَ الْاَعْيُنِ થી મુરાદ એવી ચીજ જોવું છે જેને જોવું મના કરવામાં આવ્યું."*

## તઅલીક઼ : ૭૫૪ની સમજૂતી

### ★ અલ્લાહ જાણે છે ચોરી છુપીની નજર ★

આ સઈદ બિન અબુલ હસન હઝરત ઈમામ હસન બસરીના ભાઈ છે.

**સ્પષ્ટતા :** ઈર્શાદ છે : يَعْلَمُ خَائِنَةَ الْاَعْيُنِ **"અલ્લાહ જાણે છે ચોરી છુપીની નજર".** *(મો'મિન-૧૯)* ઈબ્ને અબી હાતિમે હઝરત ઈબ્ને અબ્બાસના તરીક઼ાથી રિવાયત કરી કે "આ તે શખ્સ છે જે કોઈ ખૂબસૂરત સ્ત્રીની તરફ જુએ છે અને જ્યારે એવું મેહસૂસ કરે છે કે કોઈ અમને જોઈ રહ્યું છે તો નજર નીચી કરી લે છે. અલ્લાહ જાણે છે કે એની ઈચ્છા એ છે કે તેને શક્તિ મળી જાય તો ઝિના કરે.

### ★ નાબાલિગાનાં એ અંગો પ્રતિ જોવું નાજાઈઝ ★

૭૫૫ ત وَقَالَ الزُّهْرِیُّ فِی النَّظَرِ اِلَی الَّتِیْ لَمْ تَحِضْ مِنَ النِّسَاءِ لَا یَصْلُحُ

[તઅલીક઼ : ૭૫૫] "ઈમામ ઝુહરીએ ફ઼ર્માવ્યું કે નાબાલિગ બાળકીઓનાં પણ એવાં અંગોને

اَلنَّظَرُ اِلٰی شَیْءٍ مِنْهُنَّ مِمَّنْ یُشْتَهٰی النَّظَرُ اِلَیْهِ وَاِنْ کَانَ صَغِیْرَۃً ۔

જોવું દુરુસ્ત નથી જેને જોવાની ઈચ્છા હોય, ભલે તે નાની હોય."

**તઅલીક઼ : ૭૫૫ની સમજૂતી** ★ પુરૂષ અજનબી બાળકીને ગુસ્લ ન આપે ★

એટલા માટે ઈબ્ને ક઼ાસિમે કહ્યું કે પુરૂષને એ જાઈઝ નથી કે નાની અજનબી બાળકીને ગુસ્લ આપે.

૭૫૬ ત وَکَرِهَ عَطَاءٌ النَّظَرَ اِلَی الْجَوَارِیْ الَّتِیْ یُبَعْنَ بِمَکَّةَ اِلَّا اَنْ

[તઅલીક઼ : ૭૫૬] "અને ઈમામ અતાએ તે લોંડીઓને મકરૂહ જાણી જે મક્કા વેચવામાં

تُرِیْدَ اَنْ یَّشْتَرِیَ ۔

આવતી હોય, પણ એને એમને ખરીદવાનો ઈરાદો ધરાવતો હોય."

**પ્રકરણ : "થોડા લોકો વધારે લોકોને સલામ કરે"** –(૯૨૧)

بَابُ تَسْلِیْمِ الْقَلِیْلِ عَلَی الْکَثِیْرِ ص۹۲۱

۲٦٧٢ حدیث عَنْ هَمَّامِ بْنِ مُنَبِّهٍ عَنْ اَبِیْ هُرَیْرَۃَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ

[હદીષ : ૨૬૭૨] "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફ઼ર્માવ્યું,

النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ یُسَلِّمُ الصَّغِیْرُ عَلَی الْکَبِیْرِ وَالْمَارُّ

નાના મોટા લોકોને સલામ કરે. અને ચાલનારો બેઠેલાને,

عَلَی الْقَاعِدِ وَالْقَلِیْلُ عَلَی الْکَثِیْرِ ع

અને થોડા લોકો વધારે લોકોને." (તિર્મિઝી–ઈસ્તીઝાન)

**પ્રકરણ : "સવાર પગપાળાને સલામ કરે"** –(૯૨૧)

بَابُ یُسَلِّمُ الرَّاکِبُ عَلَی الْمَاشِیْ ص۹۲۱

۲٦٧٣ حدیث اِنَّهٗ سَمِعَ ثَابِتًا مَوْلٰی عَبْدِ الرَّحْمٰنِ بْنِ زَیْدٍ اَنَّهٗ سَمِعَ اَبَا

[હદીષ : ૨૬૭૩] "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફ઼ર્માવ્યું,

هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُولُ قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*સવાર પગપાળાને સલામ કરે અને ચાલવાવાળા બેઠેલાઓને*

عَلَيْهِ وَسَلَّمَ يُسَلِّمُ الرَّاكِبُ عَلَى الْمَاشِي وَالْمَاشِي عَلَى الْقَاعِدِ وَالْقَلِيلُ عَلَى الْكَثِيرِ ۔

*અને થોડા લોકો વધારાને.''*

**પ્રકરણ : ''ઈસ્તીઝાન જોવાથી બચવાના કારણે છે''** *–(૯૨૨)*

بَابُ الْاِسْتِئْذَانِ مِنْ اَجْلِ الْبَصَرِ ص ۹۲۲

**★ એક શખ્સે નબી ﷺના હુજરાના કાંણામાંથી ઝાંકયું ! ★**

حدیث ۲۶۷۴

عَنْ عُبَيْدِ اللّٰهِ بْنِ اَبِي بَكْرٍ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

**[હદીષ : ૨૬૭૪]** *'હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે નબી ﷺના*

عَنْهُ اَنَّ رَجُلًا اِطَّلَعَ مِنْ بَعْضِ حُجَرِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَامَ

*હુજરાના કાણામાંથી ઝાંકયું તો નબી ﷺ તેની પાસે તીરની એક અણી અથવા કેટલીયે અણીઓ લઈને*

اِلَيْهِ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِمِشْقَصٍ اَوْ بِمَشَاقِصَ فَكَاَنِّي

*આવ્યા. જાણે હું જોઈ રહ્યો છું કે એ શખ્સને ભોંકી દેશે.''*

اَنْظُرُ اِلَيْهِ يَخْتِلُ الرَّجُلَ لِيَطْعَنَهُ ۔ ع

*(૨/૧૦૧૭,૧૦૨૦–દિયાત, મુસ્લિમ–ઈસ્તીઝાન, અબૂ દાઊદ–અદબ)*

**હદીષ : ૨૬૭૪ની સમજૂતી**

**★ મરવાનનો બાપ કેવો હતો ? ★**

એ શખ્સ **હકમ બિન અબુલ આસ મરવાનનો બાપ** હતો. એ શખ્સ જો કે ફતહે મક્કાના મોક઼ા પર કલમો પઢી ચૂકયો હતો, પણ તેની હરકતો એવી હતી જેનાથી અંદાઝો થતો હતો કે એ ખરેખર મુસલમાન નથી થયો. એ હુઝૂર ﷺની નક઼લો ઉતારતો હતો જેથી હુઝૂર ﷺએ તેને તડીપાર કરી તાઈફ મોકલી દીધો. એક ક઼ૌલ એ છે કે ઝાંકવાવાળાનું નામ સઅદ હતું, નિસ્બત વિના.

**પ્રકરણ : ''શર્મગાહ સિવાય અન્ય અંગોનો ઝિના''** *–(૯૨૨)*

بَابُ زِنَى الْجَوَارِحِ دُونَ الْفَرْجِ ص ۹۲۲

حدیث ۲۶۷۵

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ مَا رَاَيْتُ شَيْئًا

**[હદીષ : ૨૬૭૫]** *''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ*

اَشْبَہَ بِاللَّمَمِ مِمَّا قَالَ اَبُوْھُرَیْرَۃَ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

નબી ﷺ થી રિવાયત કરતાં لَمَم નો જે અર્થ બતાવ્યો છે એનાથી બેહતર અન્ય હું કાંઈ નથી જાણતો.

وَسَلَّمَ قَالَ اِنَّ اللّٰہَ کَتَبَ عَلٰی ابْنِ اٰدَمَ حَظَّہٗ مِنَ الزِّنٰی اَدْرَكَ ذَالِكَ

ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ આદમની ઔલાદ પર તેના ઝિનાનો હિસ્સો લખી આપ્યો છે, તેને તે જરૂર

لَا مُحَالَۃَ فَزِنَی الْعَیْنِ النَّظْرُ وَزِنَی اللِّسَانِ النُّطْقُ وَالنَّفْسُ تَمَنّٰی

પામશે. **આંખનો ઝિના જોવું છે,** અને **જીભનો ઝિના બોલવું** છે અને નફસ (જીવ) ઈચ્છા કરે છે

وَتَشْتَھِیْ وَالْفَرْجُ یُصَدِّقُ ذَالِكَ وَیُکَذِّبُہٗ ع

અને ખ્વાહિશ કરે છે અને શર્મગાહ તેનું સમર્થન કરે છે અથવા જૂઠલાવે છે." (૨/૯૭૮ અલ્કદર)

**હદીષ : ૨૬૭૫ની સમજૂતી**

**★ આંખનો ઝિના જોવું છે ★**

ઈર્શાદ છે : اَلَّذِیْنَ یَجْتَنِبُوْنَ کَبَائِرَ الْاِثْمِ وَالْفَوَاحِشَ اِلَّا اللَّمَمَ "તેઓ જે મોટા ગુનાહો અને બેહયાઈઓથી બચે છે પણ એટલા કે ગુનાહની પાસે ગયા અને રોકાય ગયા" આ આયતે કરીમામાં لَمَم થી શું મુરાદ છે, એની તફસીરમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે સૌથી ઉમદા તે છે જે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી છે. એટલે **અજનબી સ્ત્રીને બુરી નજરથી જોવું** અને **બુરી વાતો કરવી.** અમુક ઉલમાએ ફર્માવ્યું કે **એનાથી મુરાદ ગુનાહે સગીરા** છે. બદનઝર અને **હરામ વાત** કરવાને **ઝિના કહેવું એ મજાઝન્** છે. એના એતબારથી આ સૌ ઝિનાના સબબો છે. એક જાહિલ શાયરે કહ્યું છે. نَظْرَۃٌ فَتَبَسُّمٌ فَسَلَامٌ فَکَلَامٌ فَمَوْعِدَۃٌ ثُمَّ اللِّقَاءُ દેખના હે, ફિર મુસ્કુરાના હે, ફિર સલામ કરના હે, ફિર બાત કરના હે, ફિર વાદા લેના હે, ફિર મુલાક઼ાત કરના હે.

હઝરત મુલ્લા જામી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ફર્માવે છે : چوں بوید بوئے گل خواہد کہ بیند چوں بیند روئے گل خواہد کہ چیند

જ્યારે ફૂલની ખુશ્બુ સૂંઘે છે તો જોવાની ઈચ્છા કરે છે. અને જ્યારે ફૂલ જોઈ લે છે તો તેને તોડવાની ઈચ્છા કરે છે.

**★ બોલાવવામાં આવવું જ રજા છે ★**

**પ્રકરણ : "જ્યારે કોઈને બોલાવવામાં આવે અને તે આવે તો શું ઈજાઝત લે ?**–(૯૨૩)

بَابُ اِذَا دُعِیَ الرَّجُلُ فَجَاءَ ھَلْ یَسْتَاْذِنُ صـ ۹۲۳

૭૫૭ ت وَقَالَ سَعِیْدٌ عَنْ قَتَادَۃَ عَنْ اَبِیْ رَافِعٍ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ عَنِ

**[તઅલીક઼ : ૭૫૭]**

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે

النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ قَالَ ھُوَ اِذْنُہٗ .

હુઝૂરે ફર્માવ્યું, એ ઈજાઝત છે."

**તઅલીક઼ : ૭૫૭ની સમજૂતી**

એટલે કે તેણે નવેસરથી રજા લેવાની જરૂરત નથી. તેને બોલાવવામાં આવવું જ રજા છે.

۲۶۷۶ حدیث

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ دَخَلْتُ مَعَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે કહ્યું કે હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની* **[હદીષ : ૨૬૭૬]**

رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ فَوَجَدَ لَبَنًا فِیْ قَدَحٍ فَقَالَ یَا اَبَا

*સાથે અંદર દાખલ થયો તો પ્યાલામાં દૂધ જોયું. ફર્માવ્યું, હે અબૂ હિર્ર ! સૂફ્ફાવાળાઓ પાસે જાવ અને તેમને*

هِرٍّ اِلْحَقْ اَهْلَ الصُّفَّةِ فَادْعُهُمْ اِلَیَّ فَاَتَیْتُهُمْ فَدَعَوْتُهُمْ

*મારી પાસે બોલાવો. હું ગયો. મેં તેમને બોલાવ્યા. એ લોકો આવ્યા અને ઈજાઝત માગી. હુઝૂરે તેમને*

فَاَقْبَلُوْا فَاسْتَاْذَنُوْا فَاُذِنَ لَهُمْ فَدَخَلُوْا .

*ઈજાઝત આપી ત્યારે અંદર દાખલ થયા."*

**હદીષ : ૨૬૭૬ની સમજૂતી**

**★ બોલાવવામાં આવેલા મોડા આવે તો ★**

તઅલીક઼થી એ સમજમાં આવે છે કે જ્યારે કોઈને બોલાવ્યો અને તે આવ્યો તો ઈજાઝતની જરૂરત નથી, બોલાવવું જ રજા છે. અને હદીષમાં આ પ્રમાણે છે કે અસ્હાબે સુફ્ફા આવ્યા તો તેમણે રજા માગી પછી રજા મળતાં બાદમાં અંદર આવ્યા. **મળતાપણુ** : મળતાપણુ એ છે કે જેમને બોલાવવામાં આવ્યા તેઓ જો ક઼ાસિદની સાથે તરત જ આવે તો રજા લેવાની જરૂર નથી. પરંતુ જો એ લોકો થોડીવાર પછી આવે તો એમણે રજા લેવી પડશે.

**પ્રકરણ : "બાળકોને સલામ કરવી"** *–(૯૩૩)*

بَابُ التَّسْلِیْمِ عَلَی الصِّبْیَانِ ۹۲۳

۲۶۷۷ حدیث

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّهٗ مَرَّ عَلٰی صِبْیَانٍ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે તે* **કેટલાંક બાળકો પાસેથી** **[હદીષ : ૨૬૭૭]**

فَسَلَّمَ عَلَیْهِمْ وَقَالَ وَكَانَ النَّبِیُّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ یَفْعَلُهٗ ع

***પસાર થયા અને બાળકોને સલામ કરી,** અને ફર્માવ્યું કે **નબી** صلی اللہ علیہ وسلم*

***આવું કરતા હતા."** (મુસ્લિમ–ઈસ્તીઝાન, તિર્મિઝી–ઈસ્તીઝાન, નિસાઈ–અલ્યૌમુ વલિલ્લૈન)*

**પ્રકરણ : "જ્યારે કોઈએ પૂછ્યું, કોણ છે ? તો બીજાએ કહ્યું, હું !"** *–(૯૨૩)*

بَابُ اِذَا قَالَ مَنْ ذَا فَقَالَ اَنَا ۹۲۳

٢٦٧٨ حديث عَنْ مُحَمَّدِ بْنِ الْمُنْكَدِرِ قَالَ سَمِعْتُ جَابِرًا يَقُولُ أَتَيْتُ

"હઝરત જાબિર رضی اللہ عنہ કહેતા હતા કે મારા પિતા પર કરજ હતું, એના બારામાં [હદીષ : ૨૬૭૮]

النَّبِيَّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فِي دَيْنٍ كَانَ عَلَى أَبِي فَدَقَقْتُ الْبَابَ فَقَالَ

હું નબી ﷺ ની ખિદમતમાં હાજર થયો અને દરવાજો ઠોકયો. તો હુઝૂરે પૂછયું, કોણ છે ? આ સાંભળીને મેં

مَنْ ذَا فَقُلْتُ أَنَا فَقَالَ أَنَا أَنَا كَأَنَّهُ كَرِهَهَا ع

કહ્યું, હું છું ! તો હુઝૂરે ફર્માવ્યું કે હું તો હું પણ છું ! એટલે હુઝૂરે એને નાપસંદ જાણ્યું."

(મુસ્લિમ,તિર્મિઝી–ઈસ્તીઝાન, નિસાઈ–અલ્યૌમુ વલિલ્લૈલ, ઈબ્ને માજહ–અદબ)

## હદીષ : ૨૬૭૮ની સમજૂતી

મતલબ એ છે કે **જ્યારે કોઈ એ પૂછે કે તમે કોણ છો ? તો નામ બતાવવું જોઈએ. એવું કહેવું કે "હું" તો એ નિરર્થક છે.**

بَابُ مَنْ لَمْ يُسَلِّمْ عَلَى مَنِ اقْتَرَفَ ذَنْبًا وَلَمْ يَرُدَّ سَلَامَهُ حَتَّى تَتَبَيَّنَ تَوْبَتُهُ وَإِلَى مَتَى تَتَبَيَّنُ تَوْبَةُ الْعَاصِي ص ٩٢٥

**પ્રકરણ : "જે ગુનાહમાં પડી જાય તેને કોઈ સલામ ન કરે અને તેના સલામનો જવાબ ન આપે, ત્યાં સુધી કે તેની તૌબા જાહેર થઈ જાય. અને ગુનેહગારની તૌબા ક્યારે જાહેર થશે ?"**

### ★ તૌબા સ્વીકારને પાત્ર કેટલા સમયમાં ગણાશે ? ★

**સ્પષ્ટતા** : જમહૂરનો મઝહબ એ જ છે કે કાફિર, બદ મઝહબ, ફાસિક઼ને સલામ ન કરે. ઈમામ નવવીએ ફર્માવ્યું, પરંતું જો સલામ ન કરવાથી કોઈ દીની તથા દુનિયવી નુકસાનનો અંદેશો હોય તો ઈજાઝત છે. અને **જો કોઈ ગુનેહગાર તૌબા કરે તો એની તૌબા ત્યાં સુધી સ્વીકાર પાત્ર થશે નહીં જ્યાં સુધી એટલી મુદ્દત ન ગુજરે કે નિર્દેશો પરથી ઈત્મિનાન કરી લેવામાં આવે કે હવે તેણે એ ગુનોહ છોડી આપ્યો છે.** મૂળ મઝહબ એ છે કે એના માટે કોઈ હદ નથી પણ **અમુક લોકોને કહ્યું કે એની માત્રા એક વરસ** છે. અને એક ક઼ૌલ એ છે કે પચાસ દિવસ છે જેમ કે હઝરત ક઼અબના ક઼િસ્સામાં છે. પરંતું હઝરત કઅબ رضی اللہ عنہ ના ક઼િસ્સાને આની સાથે કોઈ સંબંધ નથી. કેમ કે હુઝૂરે અક઼દસ ﷺ એ અહદ કર્યો હતો કે જ્યાં સુધી અલ્લાહ તઆલા ઈજાઝત નહીં આપે એમની સાથે વાત કરીશ નહીં. સહીહ એ છે કે **એ ગુનેહગાર અને ગુનાહ તથા માહોલના એતબારથી વિવિધ થશે.** દર વર્ષે એ ક઼િસ્સો બને છે કે **દાઢી મૂંડાવનારા તથા કતરાવીને ટૂંકી કરવાવાળા (હાફિઝો) તરાવીહ પઢાવવાના માટે દાઢી મૂંડાવવા તથા ક઼તરાવવાથી તૌબા કરી લે છે અને પછી રમઝાન બાદ અગાઉની જેમ દાઢી મૂંડાવે છે અથવા ઓછી રાખે છે એવા લોકોના માટે સાલભરથી ઓછી માત્રા નિશ્ચિત કરવી બેકાર છે.**

وَقَالَ عَبْدُ اللّٰهِ بْنُ عَمْرٍو رَضِیَ اللّٰهُ عَنْهُمَا وَلَا تُسَلِّمُوْا عَلٰی شَرَبَةِ الْخَمْرِ — ت ۷۵۸

**[તઅલીક઼ : ૭૫૮]** *'અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما એ કહ્યું કે શરાબ પીનારાઓને સલામ ન કરો."*

**પ્રકરણ : "ઝિમ્મીને સલામનો જવાબ કઈ રીતે આપવામાં આવે ?"** –*(૯૨૫)*

بَابُ کَیْفَ یُرَدُّ عَلٰی اَهْلِ الذِّمَّةِ السَّلَامُ. صفہ ۹۲۵

حدیث ۲۶۷۹ — عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِذَا سَلَّمَ عَلَیْکُمُ الْیَهُوْدُ فَاِنَّمَا یَقُوْلُ اَحَدُهُمْ السَّامُ عَلَیْكَ فَقُلْ وَعَلَیْكَ عہ

**[હદીષ : ૨૬૭૯]** *"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે યહૂદી તમને સલામ કરે અને કહે અસ્સામુ અલૈક તો તમે કહો, વઅલૈક." (૨/૧૦૨૪ અલ્મુર્તદ્દીન)*

حدیث ۲۶۸۰ — حَدَّثَنَا اَنَسُ بْنُ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اِذَا سَلَّمَ عَلَیْکُمْ اَهْلُ الْکِتَابِ فَقُوْلُوْا وَعَلَیْکُمْ عہ

**[હદીષ : ૨૬૮૦]** *"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂરે ફર્માવ્યું કે જ્યારે અહલે કિતાબ તમને સલામ કરે તો તમે પણ કહો,* ***વઅલૈક.*** *" (૨/૧૦૨૩, અલ્મુર્તદ્દીન)*

**હદીષ : ૨૬૮૦ની સમજૂતી** કિતાબુલ મુર્તદ્દીનમાં પૂરી વિગત આ પ્રમાણે છે : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہما કહે છે કે એક યહૂદી રસૂલુલ્લાહ ﷺની પાસેથી પસાર થયો અને તેણે કહ્યું, અસ્સામુ અલૈક, તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, વઅલૈક. રસૂલુલ્લાહે ફર્માવ્યું, શું તમે લોકો જાણો છો એ શું કહે છે ?! તેણે "અસ્સામુ અલૈક" કહ્યું. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું આપણે એનાથી સંબંધ કટ ન કરી લઈએ ? ફર્માવ્યું, નહીં ! **જ્યારે એ તમને સલામ કહે તો કહો, વઅલૈક.**

"સામ"નો અર્થ મૌત છે. અને જ્યારે "અસ્સામુ અલૈકુમ"ના જવાબમાં "વઅલૈક" કહ્યું, તો વાત બરાબર થઈ ગઈ.

**પ્રકરણ : "મુસાફ઼ાનું બયાન"** –*(૯૨૬)*

بَابُ الْمُصَافَحَةِ ص ۹۲۶

**સ્પષ્ટતા : "મુસાફ઼ા"** બાબે મફ઼ાઅલતથી છે. એનો મતલબ એ થાય છે કે **હથેળીને હથેળીથી મિલાવવામાં આવે** અને **એકબીજાના ચહેરા પર નજર કરવામાં આવે.**

٢٦٨١ حدیث
عَنْ قَتَادَةَ قُلْتُ لِاَنَسٍ اَكَانَتِ الْمُصَافَحَةُ فِىْ اَصْحَابِ النَّبِىِّ

*"ક઼તાદાએ કહ્યું, મેં અનસ رضی اللہ عنہ ને કહ્યું, શું મુસાફો સહાબાએ* **[હદીષ : ૨૬૮૧]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ نَعَمْ .

*કિરામમાં હતો ? તેમણે કહ્યું, હા !"*

**હદીષ : ૨૬૮૧ની સમજૂતી**

**મુસાફો સુન્નત છે.** હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું. **જે મુસલમાન મળે અને મુસાફો કરી લે તો એમની મગફેરત થઈ જશે.**

٢٦٨٢ حدیث
حَدَّثَنِىْ اَبُوْ عُقَيْلٍ زُهْرَةُ بْنُ مَعْبَدٍ سَمِعَ جَدَّهٗ عَبْدَ اللّٰهِ بْنَ هِشَامٍ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હિશામ رضی اللہ عنہ એ કહ્યું, અમે નબી ﷺ ની સાથે હતા* **[હદીષ : ૨૬૮૨]**

رَضِىَ اللّٰهُ عَنْهُ قَالَ كُنَّا مَعَ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ اٰخِذٌ بِيَدِ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*અને તેઓ ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ નો હાથ પકડેલ હતા."*

**પ્રકરણ : "મુસાફામાં બંનેવ હાથોને પકડવું"** *–(૯૨૬)*

بَابُ الْاَخْذِ بِالْيَدَيْنِ ص ٩٢٦

٧٥٩ ت وَصَافَحَ حَمَّادُ بْنُ زَيْدٍ اِبْنَ الْمُبَارَكِ بِيَدَيْهِ

*"અને હમ્માદ બિન ઝયદે ઈબ્ને મુબારકથી બંનેવ હાથો વડે મુસાફો કર્યો.* **[તઅલીક઼ : ૭૫૯]**

**તઅલીક઼ : ૭૫૯ની સમજૂતી** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના મશહૂર શાગિર્દ છે. હિ.સ. ૧૮૧માં એમનો વિસાલ થયો જ્યારે ગઝવાથી પરત આવી રહ્યા હતા. એમનું બંને હાથો વડે મુસાફો કરવું એની દલીલ છે કે **મુસાફામાં સુન્નત એ જ છે કે બંને હાથ વડે કરવામાં આવે.** અને એ જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની હદીષનો ફાયદો છે કે તેમણે ફર્માવ્યું : كَفِّىْ بَيْنَ كَفَّيْهِ મારી હથેળી હુઝૂરની બંનેવ હથેળીઓની વચ્ચે હતી. જ્યારે કોઈની સાથે મુસાફો કરવામાં આવે તો દરેકની એક હથેળી બીજાની બંને હથેળીઓની વચ્ચે હોય.

**★ મજલિસમાં જગા આપવા વિશે ★**

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : જ્યારે તમને કહેવામાં આવે મજલિસોમાં જગા આપો તો જગા આપો, અલ્લાહ તમને જગા આપશે."** *–(૯૨૭)*

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى اِذَا قِيْلَ لَكُمْ تَفَسَّحُوْا فِى الْمَجٰلِسِ فَافْسَحُوْا يَفْسَحِ اللّٰهُ لَكُمْ. ص ٩٢٧

**સ્પષ્ટતા** : આ આયતનો શાને નુઝૂલ એ છે કે એકવાર જુમ્આના દિવસે બદરવાળા, મુહાજિરો તથા અન્સાર આવ્યા અને તેમને મજલિસમાં જગા ન મળી, તો નબી ﷺએ કેટલાક એવા લોકોને જેઓ બાદમાં ઈમાન લાવ્યા હતા ઉભા કરી દીધા અને મુહાજિરો તથા અન્સારને ત્યાં બેસાડયા. એ એમને અઘરુ લાગ્યું. મુનાફિક઼ોએ એના પર નુક્તાચીની કરી, એના પર આયતે કરીમા નાઝિલ થઈ. (રવાહુ ઈબ્ને અબી હાતિમ અન મક઼ાતિલ) એનો અર્થ એ જ છે કે જ્યારે લોકો મજલિસમાં આવે અને મજલિસ ભરાય ચૂકી હોય તો જ્યાં સુધી શક્ય હોય લોકો સમેટાઈ જાય અને આવનારાઓને જગા આપે. અને જો મજલિસના અમીર કોઈ મસ્લેહતના કારણે અમુક લોકોને ઉઠાડે તો તેમણે ઉઠી જવું જોઈએ. ખાસ કરીને જ્યારે આવનારા દીની મોઅઝ્ઝઝ્ (માનપાત્ર) હોય.

٢٦٨٣ حدیث عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ એનાથી મના ફર્માવ્યું કે* **[હદીષ : ૨૬૮૩]**

وَسَلَّمَ اَنَّہٗ نَھٰی اَنْ یُّقَامَ الرَّجُلُ مِنْ مَّجْلِسِہٖ ثُمَّ یَجْلِسُ فِیْہِ اٰخَرُ وَلٰکِنْ تَفَسَّحُوْا

*કોઈને એની જગાએથી ઉઠાડવામાં આવે પછી ત્યાં કોઈ બીજો બેસે. હા ! સમટોઈને જગા આપી દો.*

وَتَوَسَّعُوْا وَکَانَ ابْنُ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا یَکْرَہُ اَنْ یَّقُوْمَ الرَّجُلُ

*અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ નાપસંદ કરતા હતા કે કોઈ શખ્સ પોતાની જગાએથી ઉઠે*

مِنْ مَّکَانِہٖ ثُمَّ یَجْلِسُ مَکَانَہٗ .

*અને ત્યાં કોઈ બીજો બેસે.''*

**પ્રકરણ : ''હાથ વડે ઈહ્તિબાનું વર્ણન એટલે કુર્ફસાઅ્''** –*(૯૨૮)*

بَابُ الْاِحْتِبَاءِ بِالْیَدِ وَھُوَ الْقُرْفُصَاءُ. ص ٩٢٨

اِحـتِبَاء :-

اِحتِبَاء (ઈહ્તિબાઅ્) : એ રીતે બેસવું કે સીટ જમીન પર હોય અને ગુઠણો ઉભા હોય, જાંગ પેટ સાથે મળેલી હોય અને હાથો વડે પિંડલીઓ સાથે વર્તુળ બનાવી લેવામાં આવે.

٢٦٨٤ حدیث عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ رَاَیْتُ

*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને કા'બાના* **[હદીષ : ૨૬૮૪]**

رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِفِنَاءِ الْکَعْبَۃِ مُحْتَبِیًا بِیَدِہٖ ھٰکَذَا

*સહેનમાં પોતાના હાથ વડે ઈહ્તિબાઅ્ કરેલ સ્થિતિમાં આ પ્રમાણે જોયા.''*

પ્રકરણ : "જે કોઈની સાથે મુલાકાતના માટે ગયો અને ત્યાં કૈલૂલા કરી." –(૯૨૯)

بَابُ مَنْ زَارَ قَوْمًا فَقَالَ عِنْدَهُمْ
ص ۹۲۹

★ ઉમ્મે સુલૈમ પસીના મુબારકને ભેગો કરતાં ★

حدیث ۲٦٨٥ عَنْ ثُمَامَةَ أَنَّ أُمَّ سُلَيْمٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهَا كَانَتْ تَبْسُطُ

'ષુમામાથી મરવી છે કે ઉમ્મે સુલૈમ નબી ﷺના માટે ચામડાનું ફર્શ બિછાવતાં. **[હદીષ : ૨૬૮૫]**

لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ نِطَعًا فَيَقِيلُ عِنْدَهَا عَلَىٰ ذَالِكَ النِّطَعِ

હુઝૂર તેમને ત્યાં એ ફર્શ પર કૈલૂલા કરતા. અને **જ્યારે નબી ﷺ ઉભા થઈ જતા તો હુઝૂરના પસીના**

فَإِذَا قَامَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ أَخَذَتْ مِنْ عَرَقِهِ وَ

**તથા વાળને લેતાં અને એક શીશીમાં એકત્ર કરતાં, પછી તેને ભેગુ કરતાં ખુશ્બુમાં.** જ્યારે

شَعْرِهِ فَجَمَعَتْهُ فِي قَارُورَةٍ ثُمَّ جَمَعَتْهُ فِي سُكٍّ قَالَ فَلَمَّا حَضَرَ

હઝરત અનસ બિન માલિકની વફાતનો સમય નજીક આવ્યો તો તેમણે મને વસિયત કરી કે એમના હનૂતમાં

أَنَسَ بْنَ مَالِكٍ الْوَفَاةُ أَوْصَىٰ إِلَيَّ أَنْ يُجْعَلَ فِي حَنُوطِهِ مِنْ ذَالِكَ

આ ખુશ્બુને મિલાવવામાં આવે. તો એમના હનૂત (મુર્દાને લગાડાતી ખુશ્બુ)માં

السُّكِّ قَالَ فَجُعِلَ فِي حَنُوطِهِ

એ ખુશ્બુ મિલાવવામાં આવી."

## હદીષ : ૨૬૮૫ની સમજૂતી

દાઊદીએ કહ્યું, ઉમ્મે સુલૈમ અને ઉમ્મે હરામ રસૂલુલ્લાહ ﷺનાં રઝાઈ (દૂધના સંબંધથી) માસી હતાં. અને ઈબ્ને વહબે કહ્યું કે ઉમ્મે હરામ રસૂલુલ્લાહ ﷺનાં માસી હતાં. એ રિશ્તાના કારણે હુઝૂરે અક્દસ ﷺ ઉમ્મે હરામ તથા ઉમ્મે સલમાના ઘરે તશરીફ લઈ જતા અને ત્યાં કૈલૂલા કરતા.

سُكٌّ એક પ્રકારની ખુશ્બુ જે અમુક ખુશ્બુઓને મિલાવીને બનાવવામાં આવે છે.

حَنُوط ખાસ એને ખુશ્બુ કહે છે કફન તથા મુડદાને લગાડવવા માટે તૈયાર કરવામાં આવે છે જેમાં કપૂર તથા સંદલ હોય છે.

**પ્રકરણ : ''ચત્તાપાટ સૂવું.''** –(૯૩૦)

بَابُ الْاِسْتِلْقَاءِ ص ۹۳۰

حدیث ۲۶۸۶ اَخْبَرَنَا عَبَّادُ بْنُ تَمِيْمٍ عَنْ عَمِّهٖ رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ

**[હદીષ : ૨૬૮૬]** *''અબ્બાદ બિન તમીમ પોતાના કાકાથી રિવાયત કરે છે કે*

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمَسْجِدِ مُسْتَلْقِيًا وَاضِعًا اِحْدٰى رِجْلَيْهِ

*મેં રસૂલુલ્લાહ ﷺ ને મસ્જિદમાં ચત્તા સૂતેલા જોયા,*

عَلَى الْاُخْرٰى.

*એક પગને બીજા પગ પર રાખેલ હતા.''*

**હદીષ : ૨૬૮૬ની સમજૂતી**

મસ્જિદમાં એ'તેકાફ વિનાનાએ આડા પડવું, સૂવું મના છે. આ એના પર આધારિત છે કે શક્ય છે હુઝૂરે અક્દસ ﷺ જ્યારે મસ્જિદમાં જતા હોય તો એ'તેકાફની નિય્યત કરી લેતા હોય. કિતાબુલ્લિબાસમાં يضطجع છે, એનાથી મુરાદ ચત્તા સૂવુ છે. એટલા માટે કે અહીં પણ એ સ્પષ્ટ છે કે એક પગ બીજા પગ પર રાખેલ હતા. એ ત્યારે દુરુસ્ત થશે જ્યારે કે માણસ ચત્તાપાટ સૂતો હોય.

**પ્રકરણ : ''ત્રીજાની હાજરીમાં બે શખ્સો કાનાફૂસી (કાનમાં વાત) ન કરે. અને અલ્લાહનો ઈર્શાદ : હે ઈમાનવાળાઓ ! જ્યારે કાનાફૂસી કરો તો ગુનાહ અને નાફર્માની અને રસૂલુલ્લાહની નાફર્માની પર કાનાફૂસી ન કરો. નેકી અને તક્વા પર કાનાફૂસી કરો. (الٰی اَنْ قال) અને અલ્લાહ પર જ મો'મિન ભરોસો કરે છે. અને અલ્લાહ તઆલાનો ઈર્શાદ : હે ઈમાનવાળાઓ ! જ્યારે રસૂલ સાથે કાનમાં વાત કરો તો કાનમાં વાત કરતાં પહેલાં નઝર પેશ કરો, એ તમારા માટે બેહતર છે અને અધિક પાક કરનાર છે. પછી જો કાંઈ ન પામો તો બેશક ! અલ્લાહ બખ્શનાર રહમ ફર્માવનાર છે. (الٰی قوله) અને અલ્લાહને તમારાં કામોની ખબર રાખે છે.''** –*મુજાદિલા, આ. ૯ થી ૧૧. (૯૩૦)*

بَابُ لَا يَتَنَاجَى اثْنَانِ دُوْنَ الثَّالِثِ ــــــ وَقَوْلِهٖ تَعَالٰى يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اِذَا تَنَاجَيْتُمْ فَلَا تَتَنَاجَوْا بِالْاِثْمِ وَالْعُدْوَانِ اِلٰى قَوْلِهٖ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ وَقَوْلِهٖ يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اِذَا نَاجَيْتُمُ الرَّسُوْلَ فَقَدِّمُوْا بَيْنَ يَدَيْ نَجْوٰكُمْ صَدَقَةً اِلٰى قَوْلِهٖ وَاللّٰهُ خَبِيْرٌ بِمَا تَعْمَلُوْنَ ص ۹۳۰

(مجادلہ آیت ۹ تا ۱۱)

**સ્પષ્ટતા :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે લોકોએ રસૂલુલ્લાહ ﷺ થી સવાલોની અધિકતા કરી આપી જે હુઝૂરને ભારે લાગ્યું. સવાલોની અધિકતાને ખત્મ કરવા માટે એઓને હુકમ આપવામાં આવ્યો કે સરગોશી (કાનમાં વાતચીત) પહેલાં કાંઈ નઝર (ભેટ) પેશ કરો. તો એ વાત સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین

પર ભારે ગુજરી. પછી એ હુકમ મન્સૂખ થઈ ગયો. મકાતિબ બિન હિ઼બ્બાને કહ્યું, આ હુકમ દસ દિવસ સુધી રહ્યો પછી મન્સૂખ થઈ ગયો. અને કલ્બીથી રિવાયત છે કે પછી થોડીવાર રહ્યો એ અરસામાં કેવળ હઝરત અલી رضی اللہ عنہ એ દીનાર નઝર કરીને સરગોશી (ધીમે વાતચીત) કરી હતી. આ હુકમનો નાસિખ એના બાદનો ઈર્શાદ છે કે ફર્માવ્યું : فَاِنۡ لَمۡ تَجِدُوۡا فَاِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ પછી જો કાંઈ ન પામો તો અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.

**પ્રકરણ : "રાઝને સલામત રાખશો"** –(૯૩૧)

بَابُ حِفۡظِ السِّرِ ص ۹۳۱

حدیث ۲۶۸۷ سَمِعۡتُ اَنَسَ بۡنَ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنۡهُ قَالَ اَسَرَّ اِلَیَّ

*"અનસ બિન માલિક رضی اللہ عنہ એ કહ્યું કે હુઝૂરે મને એક રાઝની વાત કહી,* **[હદીષ : ૨૬૮૭]**

النَّبِیُّ صَلَّی اللّٰهُ عَلَیۡهِ وَسَلَّمَ سِرًّا فَمَا اَخۡبَرۡتُ بِهٖ اَحَدًا بَعۡدَهٗ وَ لَقَدۡ

*તો મેં હુઝૂર પછી કોઈને નથી બતાવી. મને ઉમ્મે સુલૈમે પણ પૂછયું*

سَأَلَتۡنِیۡ اُمُّ سُلَیۡمٍ فَمَا اَخۡبَرۡتُهَا بِهٖ ۔

*તો તેમને પણ ન બતાવી."*

**પ્રકરણ : "જ્યારે ત્રણથી વધુ હોવ તો એમાંથી કોઈની સાથે રાઝદારીની વાત કરવી અને કાનમાં કહેવામાં વાંધો નથી."** –(૯૩૧)

بَابُ اِذَا كَانُوۡا اَكۡثَرَ مِنۡ ثَلٰثَةٍ فَلَا بَاسَ بِالۡمُسَارَّةِ وَالۡمُنَاجَاتِ ص ۹۳۱

**★ ત્રણ જણ હોય તો બે જણ કાનાફુસી ન કરે ★**

حدیث ۲۶۸۸ عَنۡ عَبۡدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنۡهُ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ عَلَیۡهِ وَسَلَّمَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ* **[હદીષ : ૨૬૮૮]**

اِذَا كُنۡتُمۡ ثَلٰثَةً فَلَا يَتَنَاجٰی رَجُلَانِ دُوۡنَ الۡاٰخَرِ حَتّٰی تَخۡتَلِطُوۡا بِالنَّاسِ

*ફર્માવ્યું, જ્યારે તમે ત્રણ હોવ તો બે માણસો આપસમાં કાનાફુસી ન કરે, ત્રીજાને છોડીને,*

اَجۡلِ اَنۡ يُّحۡزِنَهٗ

*ત્યાં સુધી કે એ લોકો અન્ય લોકો સાથે મળી જાય. એટલા માટે કે એ વાત એને ગમગીન કરશે."*

**હદીષ : ૨૬૮૮ની સમજૂતી** ત્રણ માણસોની હાજરીમાં બે માણસો જ્યારે આપસમાં કાનામાં વાત કરશે તો ત્રીજાને બે વાતોમાંથી એકનો જરૂર એહસાસ થશે, ક્યાં તો વિચારશે કે તેઓ મને તુચ્છ સમજી રહ્યા છે અથવા મારી વિરુધ્ધ કોઈ વાત કરી રહ્યા છે. અને જ્યારે ત્રણથી વધારે લોકો હશે તો એની શંકા ન રહેશે.

**પ્રકરણ : "સૂતી વખતે ઘરમાં આગ ન છોડવામાં આવે." –(૯૩૧)**

بَابُ لَا تُتْرَكُ النَّارُ فِي الْبَيْتِ عِنْدَ النَّوْمِ ص ۹۳۱

حدیث ۲۶۸۹ عَنْ سَالِمٍ عَنْ اَبِيْهِ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ

**[હદીષ : ૨૬૮૯]** *"સાલિક પોતાના પિતાથી રિવાયત કરે છે કે નબી ﷺ એ ફર્માવ્યું,*

لَا تَتْرُكُوا النَّارَ فِيْ بُيُوْتِكُمْ حِيْنَ تَنَامُوْنَ

*સૂતી વખતે તમારાં ઘરોમાં આગ ન છોડો."*

**★ આ આગ તમારી દુશ્મન છે ! ★**

حدیث ۲۶۹۰ عَنْ اَبِيْ مُوْسٰى رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ احْتَرَقَ بَيْتٌ بِالْمَدِيْنَةِ

**[હદીષ : ૨૬૯૦]** *"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે મદીનામાં એક ઘર*

عَلٰى اَهْلِهٖ مِنَ اللَّيْلِ فَحُدِّثَ بِشَانِهِمُ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ

*રાતના સમયે પોતાના બીવી બચ્ચાં સહિત સળગી ગયું. નબી ﷺ ને એનો હાલ વર્ણન કરવામાં આવ્યો,*

اِنَّ هٰذِهِ النَّارَ اِنَّمَا هِيَ عَدُوٌّ لَّكُمْ فَاِذَا نِمْتُمْ فَاَطْفِئُوْهَا عَنْكُمْ

*તો ફર્માવ્યું, આ આગ તમારી દુશ્મન છે, જ્યારે સૂઓ તો એને ઓલવી નાખો."*

**પ્રકરણ : "મોટા થયા પછી ખત્ના કરવી અને બગલના વાળ ઉખાડવા." –(૯૩૧)**

بَابُ الْخِتَانِ بَعْدَ مَا كَبُرَ وَ نَتْفِ الْاِبِطِ ص ۹۳۱

**સ્પષ્ટતા** : ખત્ના કરવાનો સમયગાળો બાલિગ (પુખ્ત) થતાની પહેલાં પહેલાં છે, ત્યાર બાદ **કેવળ પત્ની જ ખત્ના કરી શકે છે અથવા તે શખ્સ પોતે પોતાના હાથ વડે કરે.** જેમ કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام એ ૮૦ વરસની ઉમર પછી પોતાનો ખત્ના કર્યો હતો. અને **જો બાલિગ થયા બાદ ન તે પોતે ખત્ના કરી શકે અને ન તેની પત્ની કરી શકે તો માફ છે.**

حدیث ۲۶۹۱ عَنْ سَعِيْدِ بْنِ جُبَيْرٍ قَالَ سُئِلَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

**[હદીષ : ૨૬૯૧]** *"હઝરત સઈદ બિન જુબૈરથી રિવાયત છે કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી*

عَنْهُ مِثْلُ مَنْ اَنْتَ حِيْنَ قُبِضَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَنَا يَوْمَئِذٍ

*પૂછવામાં આવ્યું કે કેટલી ઉમરના હતા જ્યારે હુઝૂરનો વિસાલ થયો. તેમણે કહ્યું, હું એ દિવસે ખત્ના કરેલ*

عَنْهُ مِثْلُ مَنْ اَنْتَ حِيْنَ قُبِضَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَنَا يَوْمَئِذٍ

*હતો અને કહ્યું કે અરબની આદત હતી કે જ્યાં સુધી છોકરો બાલિગ ન થઈ જાય, ખત્ના કરતા ન હતા."*

## હદીષ : ૨૬૯૧ની સમજૂતી

હુઝૂરે અક્દસ ﷺના વિસાલના સમયે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماની ઉમર શું હતી ? એમાં ત્રણ ક઼ૌલ છે : ૧૦ વરસ, ૧૩ વરસ, ૧૫ વરસ. સહીહ અને રાજેહ એ છે કે તે વખતે તેમની ઉમર ૧૩ વરસની હતી. એટલા માટે કે સહીહ એ છે કે તેમનો જન્મ તે સમયે થયો જ્યારે મક્કાના જાલિમોએ હુઝૂરે અક્દસ ﷺને શિઅ્બે અબી તાલિબમાં ઘેરી રાખ્યા હતા. આ બનાવ હિજરતથી ત્રણ વરસ પહેલાં બન્યો હતો. શક્ય છે કે એ સમયે બાલિગ થઈ ગયા હોય. ૧૩ વરસની ઉમરમાં છોકરો બાલિગ થઈ શકે છે. મશ્હૂર હદીષ છે કે હજ્જતુલ વિદાઅના મોક઼ા પર હુઝૂર ﷺ નમાઝ પઢી રહ્યા હતા અને એ ગધેડી પર સવાર થઈને તશરીફ લાવ્યા. ગધેડીને ચરવાના માટે છોડી મૂકી. ફર્માવે છે : وَقَدْ نَاهَزْتُ الْاِحْتِلَامَ અને હું બાલિગ થવાની નિકટ હતો.

## બાબ : પ્રકરણ : "ઈમારત બનાવવાના બારામાં શું આવ્યું છે ?" –(૯૩૨)

بَابُ مَا جَاءَ فِي الْبِنَاءِ ص٩٣٢

حديث ٢٦٩٢ عَنْ سَعِيْدٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ رَاَيْتُنِيْ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે કહ્યું, મેં મને પોતાને* **[હદીષ : ૨૬૯૨]**

مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَنَيْتُ بِيَدِيْ بَيْتًا يُكِنُّنِيْ مِنَ الْمَطَرِ

*નબી ﷺની સાથે જોયો કે મેં પોતાના હાથ વડે એક ઘર બનાવ્યું જે મને વરસાદથી બચાવે છે*

وَيُظِلُّنِيْ مِنَ الشَّمْسِ مَا اَعَانَنِيْ عَلَيْهِ اَحَدٌ مِنْ خَلْقِ اللّٰهِ .

*અને તડકાથી છાંયડો આપે છે જેના પર અલ્લાહની મખ્લૂક઼માં કોઈએ મારી મદદ ન કરી."*

حديث ٢٦٩٣ قَالَ عَمْرٌو قَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا وَاللّٰهِ مَا وَضَعْتُ

*"અને ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺના વિસાલ પછી બખુદા મેં એક* **[હદીષ : ૨૬૯૩]**

لَبِنَةً عَلٰى لَبِنَةٍ وَلَا غَرَسْتُ نَخْلَةً مُنْذُ قُبِضَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*ઈંટ કોઈ ઈંટ પર નથી રાખી અને ન કોઈ ઝાડ ખજૂરનું વાવ્યું. સૂફયાને કહ્યું, મેં આને એમના અમુક*

عَلَيْهِ وَسَلَّمَ قَالَ سُفْيٰنُ فَذَكَرْتُهُ لِبَعْضِ اَهْلِهٖ فَقَالَ وَاللّٰهِ لَقَدْ بَنٰى

*ઘરવાળાને વર્ણવી, તો તેમણે કહ્યું, બખુદા ! એમણે બનાવ્યું ? સૂફયાને કહ્યું, મેં કહ્યું,*

قَالَ سُفْيٰنُ قُلْتُ فَلَعَلَّهٗ قَالَ قَبْلَ اَنْ يَّبْنِىَ

*કદાચ આ વાત તેમણે ઈમારત બનાવતાં પહેલાં કહી હોય."*

## હદીષ : ૨૯૯૩ની સમજૂતી

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ હુઝૂરે અક્દસ ﷺના વિસાલ બાદ જરૂરત પર ઘર બનાવ્યું હતું, છતાં એવું ફર્માવ્યું કે મેં હુઝૂર ﷺના વિસાલ પછી ઈંટ પર ઈંટ નથી રાખી અને કોઈ ઝાડ નથી લગાડયું. એનો ખુલાસો સુફયાન ઈબ્ને ઓયૈનાએ એ આપ્યો કે એક અરસા સુધી ન બનાવ્યું, પરંતુ જયારે જરૂરત પડી ત્યારે બનાવ્યું. બંનેવમાં વિરોધાભાસ નથી. જયારે એ ફર્માવ્યું હતું ત્યાં સુધી કોઈ ઈમારત બનાવી ન હતી. પહેલાંની ઈમારત પૂરતી હતી, એમાં રહેતા હતા. પણ બાદમાં જયારે જરૂરત મેહસૂસ થઈ તો બનાવી.

بسم الله الرحمن الرحيم

# كتاب الدعوات ٩٣٢

## (કિતાબુદ્અવાત) "દા'વત વિશે પ્રકરણ"–(૯૩૨)

**સ્પષ્ટતા :** દઅવાત, દા'વતનું બહુવચન છે, જે મસ્દર છે. એનો અર્થ સવાલ કરવું છે. دعاءમાં અલિફ વધારે છે એનો લામ કલ્મએ વાવ હતો એને હમ્ઝાથી બદલી દીધો. એનો અર્થ પોકારવું પણ છે.

باب قول الله تعالى ادعوني استجب لكم ان الذين يستكبرون عن عبادتي سيدخلون جهنم داخرين (مومن ٦٠) ٩٣٢

**પ્રકરણ : "મારાથી દુઆ કરો હું ક઼બૂલ કરીશ. બેશક ! તે જે મારી ઈબાદતથી ઊંચે ખેંચે છે, નજીકમાં જ જહન્નમમાં જશે બેઈજ્જત થઈને."**

*–(૯૩૨) –સૂરએ મો'મિન, આ. ૬૦*

અને જેમ કે હદીષ છે : لِكُلِّ نَبِيٍّ دَعْوَةٌ مُسْتَجَابَةٌ "અને દરેક નબીના માટે એક દુઆ છે જે ક઼બૂલ થશે."

**સ્પષ્ટતા :** આ આયતોથી સાબિત થયું કે દુઆ માગવી જાઈઝ છે બલ્કે દુઆ માગવાથી દૂર રહેવું નાપસંદીદા છે. તેમજ દુઆ માગવાના બારામાં અધિક પ્રમાણમાં હદીષ છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે :– ليس شئ اكرم على الله من الدعاء **"દુઆથી વધીને અલ્લાહ તઆલાની નજીક કોઈ ચીજ ઈજ્જતવાળી નથી."** *(તિર્મિઝી, ઈબ્ને માજહ, હાકિમ)*

### ★ દુઆ ન કરનારથી રબ નારાજ થાય છે ★

તેમજ એમનાથી મરવી છે : مَنْ لَمْ يَسْئَلِ اللهَ يَغْضِبْ عَلَيْهِ "જે અલ્લાહથી સવાલ ન કરે અલ્લાહ એનાથી નારાજ થઈ જાય છે." *(ઈમામ અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

તેમજ ઈમામ તિર્મિઝીએ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

سلوا الله من فضله فان الله يحب ان يسئل۔

"અલ્લાહથી તેના ફઝ્લનો સવાલ કરો, બેશક ! અલ્લાહ પસંદ કરે છે એને સવાલ કરવામાં આવે."

### ★ દુઆ કરવી ઈબાદત છે ★

તિબ્રાનીએ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે ફર્માવ્યું :–

ان الله يحبّ الملحّلين فى الدعاء "બેશક ! અલ્લાહ તઆલા દુઆમાં ગદ ગદ થનારાઓને દોસ્ત રાખે છે."

ત્યાં સુધી ફર્માવ્યું : الدعاء هو العبادة એટલે **દુઆ કરવી ઈબાદત છે.** અને એક રિવાયતમાં ફર્માવ્યું : الدُّعَاءُ مُخُّ الْعِبَادَةِ **"દુઆ ઈબાદતનું મગજ છે."**

بَابُ وَ لِكُلِّ نَبِيٍّ دَعْوَةٌ مُسْتَجَابَةٌ ـ ص ٩٣٢

**પ્રકરણ : "દરેક નબીના માટે એક દુઆ છે જે કૃબૂલ થશે."** –(૯૩૨)

حديث ٢٦٩٤

عَنِ الْاَعْرَجِ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૬૯૪]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لِكُلِّ نَبِيٍّ دَعْوَةٌ يَدْعُوْبِهَا وَ اُرِيْدُ

*દરેક નબીના માટે એક દુઆ છે જેને તે કરશે, અને હું ચાહું છું કે મારી દુઆ મહેફૂઝ રાખું*

اَنْ اَخْتَبِئَ دَعْوَتِىْ شَفَاعَةً لِاُمَّتِىْ فِى الْاٰخِرَةِ ـ

*આખેરતમાં મારી ઉમ્મતની શફાઅતના માટે." (૨/૧૧૧૩ અત્તૌહીદ)*

**★ હુઝૂરે પોતાની દુઆ કૃયામતના માટે મેહફૂઝ રાખી ★**

حديث ٢٦٩٥

سَمِعْتُ اَبِىْ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે તેમણે* **[હદીષ : ૨૬૯૫]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ كُلُّ نَبِيٍّ سَأَلَ سُؤْلًا اَوْ قَالَ لِكُلِّ نَبِيٍّ دَعْوَةٌ

*ફર્માવ્યું કે દરેક નબીએ એક સવાલ કર્યો. અથવા ફર્માવ્યું, દરેક નબીની એક દુઆ છે જેને એણે કરી*

قَدْ دَعَا بِهَا فَاسْتُجِيْبَ فَجَعَلْتُ دَعْوَتِىْ شَفَاعَةً لِاُمَّتِىْ يَوْمَ الْقِيٰمَةِ ـ

*તે કૃબૂલ થઈ. અને મેં મારી દુઆ કૃયામતના દિવસે મારી ઉમ્મતની શફાઅતના માટે મહેફૂઝ કરી લીધી છે."*

## હદીષ : ૨૬૯૫ની સમજૂતી

આ હદીષના જાહેર પરથી જણાય છે કે દરેક નબીની એક દુઆ એવી છે જે કૃબૂલ થશે. જેનો જાહેરી મતલબ એ છે કે બાકીની દુઆઓ કૃબૂલ થશે કે નહીં. આ વિચારવાનો મકૃામ છે જ્યારે કે અંબિયાએ કિરામની સર્વ દુઆઓ જરૂર કૃબૂલ થાય છે. તેના ખુલાસામાં ઉલમાએ ફર્માવ્યું, એનાથી કોઈ ખાસ મહત્વની દુઆ છે જે તરત જ વિના વિલંબે જેવી દુઆ માગશે તેવી કૃબૂલ થશે. બાકીની દુઆઓ પણ કૃબૂલ થશે પણ એમના કૃબૂલ થવા માટે અમુક મુદત જરૂરી હશે. અથવા એના કૃબૂલ થવાની પદ્ધતિ જૂદી હશે.

باب أفضل الإستغفار وقوله
واستغفروا ربكم إنه كان غفارا
يرسل السماء عليكم مدرارا ويمددكم
بأموال وبنين ويجعل لكم جنات
ويجعل لكم أنهارا۔
وقوله والذين إذا فعلوا
فاحشة أو ظلموا أنفسهم
ذكروا الله فاستغفروا لذنوبهم.
ص ۹۳۲

**પ્રકરણ : "અફઝલુલ ઈસ્તગ઼ફાર અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને પોતાના રબથી મગફિરત ચાહો, બેશક ! તે ઘણો બખ્શનાર છે. તમારા પર ધમધોકાર વરસાદ વરસાવશે. અને માલ તથા પુત્રો વડે તમારી મદદ કરશે, અને તમારા માટે બાગ બનાવી આપશે અને તમારા માટે નહેરો બનાવશે. ..........અને તે લોકો જ્યારે કોઈ બેહયાઈમાં સપડાય જાય અથવા પોતાની જાનો પર જુલ્મ કરે પછી અલ્લાહને યાદ કરે અને પોતાના ગુનાહોથી માફી ચાહે."** –(૯૩૨)

**★ ઈસ્તિગફારની ત્રણ ફઝીલતો ★**

**સ્પષ્ટતા :** આ આયતથી ઈસ્તિગફારની ત્રણ ફઝીલતો જાહેર થઈ : (૧) એ કે જો વરસાદ બંધ હોય તો વરસાદ થશે. (૨) માલ તથા ઔલાદમાં બરકત થશે. (૩) ખેતી ઉમદા પાકશે.

**ચેતવણી :** ઈમામ બુખારી સૂરએ નૂહની આયતની શરૂઆતમાં "વાવ" લાવ્યા છે જ્યારે કે "વાવ" નથી. આ આયત આ પ્રમાણે : فَقُلْتُ اسْتَغْفِرُوْا

**★ સૈયદુલ ઈસ્તિગફાર અને તેની ફઝીલત ★**

حدیث ۲۶۹۶ حَدَّثَنِيْ شَدَّادُ بْنُ أَوْسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*"શદ્દાદ બિન અવસ رضی اللہ عنہ એ હદીષ વર્ણવી કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૬૯૬]**

قَالَ سَيِّدُ الْإِسْتِغْفَارِ أَنْ يَقُوْلَ الْعَبْدُ اَللّٰهُمَّ أَنْتَ رَبِّيْ لَآ إِلٰهَ إِلَّآ أَنْتَ

*સૈયદુલ ઈસ્તિગ઼ફાર એ છે કે બંદો કહે, હે અલ્લાહ ! તું મારો પરવરદિગાર છે, તારા સિવાય કોઈ મઅબૂદ*

خَلَقْتَنِيْ وَأَنَا عَبْدُكَ وَأَنَا عَلٰى عَهْدِكَ وَوَعْدِكَ مَا اسْتَطَعْتُ أَعُوْذُبِكَ

*નથી, તેં મને પેદા કર્યો અને હું તારો બંદો છું, અને હું તારા અહદ (વચન) અને વાયદા પર યથાશક્તિ છું.*

مِنْ شَرِّ مَا صَنَعْتُ أَبُوْءُ لَكَ بِنِعْمَتِكَ عَلَيَّ وَأَبُوْءُ لَكَ بِذَنْبِيْ فَاغْفِرْ لِيْ

*અને જે બુરાઈ મેં કરી છે એનાથી તારી પનાહ માગું છું. હું સ્વીકાર કરું છું કે તારી નેઅમત મારા પર છે,*

فَإِنَّهٗ لَا يَغْفِرُ الذُّنُوْبَ إِلَّآ أَنْتَ — قَالَ وَمَنْ قَالَهَا مِنَ النَّهَارِ مُوْقِنًا

*અને હું મારા ગુનાહોનો સ્વીકાર કરું છું તો મને બખ્શી આપ ! એટલા માટે કે તારા સિવાય કોઈ ગુનાહ*

بِهَا فَمَاتَ مِنْ يَوْمِهٖ قَبْلَ اَنْ يُمْسِيَ فَهُوَ مِنْ اَهْلِ الْجَنَّةِ وَمَنْ قَالَهَا

*બખ્શશે નહીં. જેણે આને એના પર યકીન રાખીને દિવસમાં કહ્યું અને એ દિવસે રાત થતા પહેલાં મૃત્યુ*

مِنَ اللَّيْلِ وَهُوَ مُوْقِنٌ بِهَا فَمَاتَ قَبْلَ اَنْ يُصْبِحَ فَهُوَ مِنْ اَهْلِ الْجَنَّةِ ـ ع

*પામ્યો તો તે જન્નતીઓમાંથી છે. અને જેણે એને રાતમાં કહ્યું એના પર યકીન રાખીને તે સવાર પહેલાં મરી ગયો તો તે જન્નતવાળાઓમાંથી છે." (૨/૯૩૬ બાબુ માયકૂલ ઈઝા અસ્બહ)*

## بَابُ اِسْتِغْفَارِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِي الْيَوْمِ وَاللَّيْلَةِ. ص ۹۳۳

## પ્રકરણ : "નબી ﷺનું દિવસ રાતમાં ઈસ્તિગ઼ફાર કરવું" –(૯૩૩)

حدیث ۲۶۹۷ اَخْبَرَنِيْ اَبُوْ سَلَمَةَ بْنُ عَبْدِ الرَّحْمٰنِ قَالَ قَالَ اَبُوْ هُرَيْرَةَ

**[હદીષ : ૨૬૯૭]** *"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં*

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ

*સાંભળ્યું છે કે **બખુદા ! હું અલ્લાહથી ઈસ્તિગ઼ફાર અને તૌબા કરું છું***

وَاللّٰهِ اِنِّيْ لَاَسْتَغْفِرُ اللّٰهَ وَاَتُوْبُ اِلَيْهِ فِي الْيَوْمِ اَكْثَرَ مِنْ سَبْعِيْنَ مَرَّةً.

***દરરોજ ૭૦ મર્તબાથી પણ વધુ."***

**હદીષ : ૨૬૯૭ની સમજૂતી** એના પર ઉમ્મતનો ઈજમાઅ છે કે **અંબિયાએ કિરામ ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺ ગુનાહોથી મઅસૂમ છે.** પછી ઈસ્તિગ઼ફાર તથા તૌબાનો શો અર્થ ? ઉલમાએ એના વિવિધ ખુલાસાઓ આપ્યા છે : (૧) એ કે તવાઝોઅન્ (આજીજીના રૂપે) ઈસ્તિગ઼ફાર કરતા હતા. (૨) ઉમ્મતની TFç LDGFDFß[. ÂTUÒZ SZTFCTFPs#f IB, FQp, FYLs$f V[S[Ch Z[V SN; ﷺ દરેક પળે તરક્કી પર છે. ઈર્શાદ છે : وَلَلْاٰخرة خيرلك من الأولىٰ જ્યારે ઊંચા દરજા પર પહોંચતા અને નીચા દરજા પર નજર જતી તો એનાથી ઈસ્તિગ઼ફાર કરતા. જેમ કે કહેવામાં આવ્યું છે : حسناتُ الأبرار سئياتُ المقربين. (૫) એ કે ઉમ્મતના માટે ઈસ્તિગ઼ફાર કરતા. આ હદીષમાં એ છે કે ૭૦ વાર કરતાં વધુ ઈસ્તિગ઼ફાર કરું છું. જાહેર એ છે કે મુબાલિગા (અતિશયતા)ના માટે છે, ૭૦ ખાસ નથી, જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની બીજી રિવાયત છે કે ફર્માવ્યું કે હું અલ્લાહથી દરરોજ સો વાર ઈસ્તિગ઼ફાર કરું છું.

۷۶۰ ت قَالَ قَتَادَةُ- تُوْبُوْا اِلَى اللهِ تَوْبَةً نَصُوْحًا اَلصَّادِقَةُ النَّاصِحَةُ.

*''ક઼તાદાએ કહ્યું કે ''નસૂહ઼ા''થી મુરાદ સાચી તૌબા છે.''* **[તઅલીક઼ : ૭૬૦]**

★ **તૌબાનો પાયો બે ચીજો પર** ★ તૌબા મસ્દર છે તો શાબ્દિક અર્થ પલટવું છે. જેમ કે હદીષમાં છે : ثُبوں تائبوں અને શરીઅતમાં તૌબા ગુનાહ છોડવાના અર્થમાં છે. **તૌબાનો પાયો બે ચીજો પર છે : પાછલા ગુનાહો પર શર્મિંદગી અને ભવિષ્યમાં ગુનાહ ન કરવાનો પાકો નિશ્ચય.**

**★ મો'મિન પોતાના ગુનાહને કેવો જુએ છે ? ★**

حديث ۲۶۹۸ عَنِ الْحَارِثِ بْنِ سُوَيْدٍ قَالَ حَدَّثَنَا عَبْدُ اللهِ بْنُ مَسْعُوْدٍ

*''હારિષ બિન સુવૈદે કહ્યું, અમને અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ બે હદીષો વર્ણવી,* **[હદીષ : ૨૬૯૮]**

حَدِيْثَيْنِ اَحَدُهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ وَالْآخَرُ عَنْ نَفْسِهٖ

*એમાંથી એક નબી ﷺ થી અને બીજી પોતાના તરફથી. કહ્યું,* ***મો'મિન પોતાના ગુનાહને એવો જાણે છે***

قَالَ اِنَّ الْمُؤْمِنَ يَرَى ذُنُوْبَهٗ كَاَنَّهٗ قَاعِدٌ تَحْتَ جَبَلٍ يَخَافُ اَنْ

***કે જાણે તે પહાડની નીચે બેઠો છે. ડરે છે કે તે એના પર ગબડી પડશે. અને બદ્કાર***

يَّقَعَ عَلَيْهِ وَاِنَّ الْفَاجِرَ يَرَى ذُنُوْبَهٗ كَذُبَابٍ مَرَّ عَلٰى اَنْفِهٖ فَقَالَ

***પોતાના ગુનાહને એવો જાણે છે જેમ કે માખી તેના નાક પાસે થઈને પસાર થઈ તો આ રીતે***

بِهٖ هٰكَذَا قَالَ اَبُوْ شِهَابٍ بِيَدِهٖ فَوْقَ اَنْفِهٖ ثُمَّ قَالَ اللهُ اَفْرَحُ

***હાંકી દીધી.*** *અબૂ શિહાબે પોતાના હાથ વડે નાક પર ઈશારો કર્યો. પછી કહ્યું, બેશક ! અલ્લાહ બંદાની*

بِتَوْبَةِ الْعَبْدِ مِنْ رَجُلٍ نَزَلَ مَنْزِلًا وَبِهٖ مَهْلَكَةٌ وَمَعَهٗ رَاحِلَتُهٗ

*તૌબાથી એ શખ્સ કરતાં અધિક ખુશ થાય છે જે કોઈ જગાએ ઉતર્યો જ્યાં ખતરો હતો. અને એની સાથે એની*

عَلَيْهَا طَعَامُهٗ وَشَرَابُهٗ فَوَضَعَ رَاْسَهٗ فَنَامَ نَوْمَةً فَاسْتَيْقَظَ وَقَدْ

*સવારી હતી જેના પર એનું ખાવા તથા પીવા હતું. તેણે પોતાના માથાને રાખ્યું અને સૂઈ ગયો. અને જ્યારે*

ذَهَبَتْ رَاحِلَتُهٗ حَتّٰى اِذَا اشْتَدَّ عَلَيْهِ الْحَرُّ وَالْعَطَشُ اَوْ مَا شَاءَ اللهُ

*જાગ્યો તો તેની સવારી જઈ ચૂકી હતી. અને જ્યારે ગરમી તથા તરસ અને જ્યારે ચાહ્યું એના પર અધિક થયું,*

قَالَ أَرْجِعُ إِلَىٰ مَكَانِي فَرَجَعَ فَنَامَ نَوْمَةً ثُمَّ رَفَعَ رَأْسَهُ فَإِذَا رَاحِلَتُهُ عِنْدَهُ.

*તો તેણે કહ્યું કે હું મારી પહેલી જગાએ પરત થાઉં અને પરત થયો પછી સૂઈ ગયો.*

*પોતાના માથાને ઉઠાવ્યું તો જોયું કે એની સવારી એની પાસે છે.''*

**★ તૌબા કરનારનું એક ઉત્તમ દષ્ટાંત ★**

حدیث ٢٦٩٩ حَدَّثَنَا قَتَادَةُ عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ قَالَ قَالَ

*''હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે* **[હદીષ : ૨૬૯૯]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَللّٰهُ أَفْرَحُ بِتَوْبَةِ عَبْدِهٖ مِنْ أَحَدِكُمْ

*અલ્લાહ પોતાના બંદાની તૌબા પર એ શખ્સ કરતાં અધિક ખુશ થાય છે જેણે એકાએક પોતાનુ*

سَقَطَ عَلَىٰ بَعِيْرِهٖ وَ أَضَلَّهُ أَرْضِ فَلَاةٍ ۔

*(ગુમ થયેલ) ઊંટ મેળવી લીધું, જ્યારે કે એણે એને ઉજ્જડ મેદાનમાં ગાયબ કરી દીધું હતું.''*

## હદીષ : ૨૬૯૯ની સમજૂતી

''ફરહ''નો અર્થ ખુશ થવું છે અને ખુશીના માટે તબદીલી જરૂરી છે. અને અલ્લાહ તઆલા દરેક એવી સિફતથી પાક છે જે બદલાવનો તક઼ાદો કરે. અહીં એનો લાઝિમ અર્થ મુરાદ છે. જ્યારે કોઈ શખ્સ કોઈનાથી ખુશ થાય છે તો તેની ગલતીઓને માફ કરી આપે છે અને તેના પર ઈનામ તથા ઈકરામ કરે છે. અહીં મુરાદ એ જ છે કે અલ્લાહ ﷻ એના ગુનાહોને માફ કરી દે છે અને એના પર ઈનામો ઈકરામ કરે છે. અને મુસ્લિમ શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہની હદીષમાં છે કે તેનું ઊંટ તેનાથી ભાગી ગયું અને એના પર એનું ખાવા હતું તથા પાણી હતું. અને તે એનાથી નિરાશ થઈ ગયો અને એક ઝાડની પાસે આવ્યો અને તેના છાયડામાં સૂઈ ગયો. એટલામાં જોયું કે એનું ઊંટ એની સામે ઉભેલું છે. તેની લગામને પકડી પછી ખુશીના આવેશમાં કહ્યું, હે અલ્લાહ ! તું મારો બંદો છે અને હું તારો રબ છું ! ખુશીના અતિરકમાં ભૂલ કરી બેઠો.

**પ્રકરણ : ''સૂતી વખતે શું કહે ?''** *–(૯૩૪)* بَابُ مَا يَقُوْلُ إِذَا نَامَ ص ٩٣٤

حدیث ٢٧٠٠ عَنْ رِبْعِيِّ بْنِ حِرَاشٍ عَنْ حُذَيْفَةَ الْيَمَانِ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ

*''હુઝૈફા ઈબ્ને યમાન رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ બિસ્તર પર જતા તો પઢતા :* **[હદીષ : ૨૭૦૦]**

عَنْهُ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَوَىٰ إِلَىٰ فِرَاشِهٖ

*હે અલ્લાહ ! તારા નામની સાથે મરુ છું અને જીવીશ. અને જ્યારે સૂઈને બિસ્તરથી ઉઠતા તો પઢતા : એ*

قَالَ بِاسْمِكَ أَمُوتُ وَ أَحْيٰى وَإِذَا قَامَ قَالَ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ

*અલ્લાહના માટે હમ્દ છે જેણે અમને જીવંત કર્યા મૌત આપ્યા પછી, અને કબ્રથી ઉઠીને એની જ તરફ*

أَحْيَانَا بَعْدَ مَا أَمَاتَنَا وَإِلَيْهِ النُّشُوْرُ ع

*જવાનું છે." (૨/૯૩૪ વદઉલ યદિ તહ્ત ખદ્દિલ યુમ્ના, ૨/૯૩૬ બાબુ માયકૂલુ ઈઝા અસ્બહ, ૨/૧૧૦૦ તૌહીદ)*

**હદીષ : ૨૭૦૦ની સમજૂતી** અહીં મૌત સૂવા પ્રતિ નિર્દેશ છે, જીવંત કરવું જાગવાથી છે. મૌત તથા નૌમમાં (ઊંઘમાં) મળતાપણુ એ છે કે મૌત નામ છે શરીર તથા રૂહના સંબંધને કટ થવાનું અને આ કટ થવું ક્યારેક કેવળ જાહેરી હોય છે, એનું નામ નૌમ છે, અને કદીક જાહેરી તથા બાતિની બંને રીતે હોય છે એનું નામ મૌત છે. જિંદગીની જરૂરતોમાં જોવું, સાંભળવું, સમજવું છે. સૂવાની હાલતમાં એ સૌ કટ થઈ જાય છે, જેવી રીતે કે મૌતથી થાય છે. એટલા માટે નૌમને મૌતથી સરખાવ્યું. એના પછી એના જેવી અબૂ ઝર رضی اللہ عنہથી પણ હદીષ મરવી છે. એના બાદ એ હદીષમાં આટલુ વધારે છે કે નબી ﷺ જયારે રાતમાં સૂવા ચાહતા તો પોતાનો હાથ પોતાના જમણા ચહેરાની નીચે રાખતા.

**પ્રકરણ : –(૯૩૫)** ۹۳۵ بَابٌ

**★ સૂતી વખતે શું કરે ? ★**

حدیث ۲۷۰۱ عَنْ سَعِيْدِ بْنِ أَبِىْ سَعِيْدِ الْمَقْبُرِىْ عَنْ أَبِيْهِ عَنْ أَبِىْ هُرَيْرَةَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે* **[હદીષ : ૨૭૦૧]**

رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَوَى أَحَدُكُمْ

*પાથરણા પર જાવ તો તમારા પાથરણાને આંત્રિક ઈજારથી ખંખેરી લો. એટલા માટે કે તે નથી જાણતો કે એના*

إِلٰى فِرَاشِهِ فَلْيَنْفُضْ فِرَاشَهُ بِدَاخِلَةِ إِزَارِهِ فَإِنَّهُ لَا يَدْرِىْ مَا خَلَفَهُ عَلَيْهِ

*પાછળ એના પર શું આવ્યું છે. પછી કહે, હે મારા રબ તારા નામથી મેં મારા પાસાને રાખ્યું, અને તારા*

ثُمَّ يَقُوْلُ بِاسْمِكَ رَبِّىْ وَضَعْتُ جَنْبِىْ وَبِكَ أَرْفَعُهُ إِنْ أَمْسَكْتَ نَفْسِىْ

*નામની સાથે જ ઉઠાવીશ. જો તું મારી જાનને રોકી લે તો એના પર રહમ ફર્માવજે, અને જો એને છોડે તો તેની*

فَارْحَمْهَا وَإِنْ أَرْسَلْتَهَا فَاحْفَظْهَا بِمَا تَحْفَظُ بِهِ الصَّالِحِيْنَ ع

*હિફાઝત કરજે એ ચીજની સાથે જેનાથી પોતાના નેક બંદાઓની હિફાઝત કરે છે."*

*(૨/૧૦૯૯ કિતાબુત્તૌહીદ, મુસ્લિમ–દઅવાત, અબૂ દાઊદ–અદબ, નિસાઈ–અલ્યૌમ વ લિલ્લૈલ)*

## હદીષ : ૨૭૦૧ની સમજૂતી

આ હદીષનો સાર એ છે કે **સૂતા પહેલાં બિસ્તરને ખંખેરી લેવું જોઈએ, અને હાથને બદલે કોઈ કપડા વડે ઝાપટી લેવું જોઈએ. શક્ય છે કે બિસ્તર પર ધૂળ કચરુ કે કીડા, મકોડા, વીછી વગેરે હોય.** પણ હદીષમાં આંત્રિક ઈજારની જે શરત છે તેની હિકમત સમજમાં ન આવી, અને ન કેવળ મને જ બલ્કે અલ્લામા કુર્તબીએ પણ એ જ કહ્યું, ત્યાં સુધી કે અલ્લામા ઈબ્ને હજરે પણ છેવટમાં એ જ લખ્યું. એટલા માટે આ ખાદિમની નજરમાં કિતાબુત્તૌહીદની રિવાયત "બસનફતુ ષૌબહ" સહીહ છે. એટલે કપડાના છેડા વડે ઝાપટે. અલ્બત્ત ત્યાં અધિક એ છે કે ત્રણવાર ઝાપટે.

**પ્રકરણ : "નમાઝોમાં દુઆનું બયાન"** –*(૯૩૬)* بَابُ الدُّعَاءِ فِي الصَّلٰوةِ ص٩٣٦

حدیث ۲۷۰۲ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا وَلَا تَجْهَرْ بِصَلٰوتِكَ وَلَا

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે આયતે કરીમા* **[હદીષ : ૨૭૦૨]**

وَلَا تُخَافِتْ بِهَا اُنْزِلَتْ فِي الدُّعَاءِ ۔

*તથા પોતાની નમાઝ ન બહુ જ અવાજથી પઢો ન બિલકુલ આહિસ્તા. દુઆના બારામાં નાઝિલ થઈ."*

## હદીષ : ૨૭૦૨ની સમજૂતી

આ હદીષ પ્રકરણ પ્રમાણે ત્યારે થશે જ્યારે દુઆથી મુરાદ તે દુઆ લેવામાં આવે જે નમાઝમાં પઢવામાં આવે છે. પરંતુ પછી શંકા એ થશે કે નમાઝમાં જે દુઆ પઢવામાં આવે છે તે મુત્લક્ન દરેક નમાઝમાં આહિસ્તા પઢવામાં આવે છે તો નિસ્બત બાકી નહીં રહે. એટલા માટે દુઆથી મુરાદ આમ દુઆ છે, ચાહે નમાઝમાં પઢવામાં આવે કે નમાઝ બહાર.

કિતાબુત્તફસીરમાં વર્ણન થઈ ચૂક્યુ કે એ આયતે કરીમા ખાસ નમાઝના બારામાં નાઝિલ થઈ અને એ જ રાજેહ છે. એટલા માટે "કન્ઝુલ ઈમાન"માં સલાતનો તર્જુમો નમાઝ જ છે.

**પ્રકરણ : "નમાઝ પછીની દુઆ"** –*(૯૩૭)* بَابُ الدُّعَاءِ بَعْدَ الصَّلٰوةِ ص٩٣٧

حدیث ۲۷۰۳ عَنْ اَبِي صَالِحٍ عَنْ اَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالُوْا يَا

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !* **[હદીષ : ૨૭૦૩]**

رَسُوْلَ اللّٰهِ ذَهَبَ اَهْلُ الدُّثُوْرِ بِالدَّرَجَاتِ وَالنَّعِيْمِ الْمُقِيْمِ قَالَ

*માલદારો દરજાઓ તથા નેકીઓમાં અગ્રતા લઈ ગયા. પૂછયું, કેવી રીતે ? લોકોએ અર્ઝ કરી કે તે લોકો પણ*

كَيْفَ ذَاكَ قَالُوْا صَلُّوْا كَمَا صَلَّيْنَا وَجَاهَدُوْا كَمَا جَاهَدْنَا وَاَنْفَقُوْا

*નમાઝ પઢે જેવી રીતે અમે લોકો પઢીએ છીએ, અને જેહાદ કરે છે જેવી રીતે અમે લોકો જેહાદ કરીએ છીએ.*

مِنْ فُضُولِ اَمْوَالِهِمْ وَلَيْسَتْ لَنَا اَمْوَالٌ قَالَ اَفَلَا اُخْبِرُكُمْ بِاَمْرٍ تُدْرِ

*અને પોતાના વધારાના માલ વડે ખર્ચ કરે છે અને અમારી પાસે માલ નથી. ફર્માવ્યું, શું હું તમને એવી વાત*

كُوْنَ مَنْ كَانَ قَبْلَكُمْ وَتَسْبِقُوْنَ مَنْ جَاءَ بَعْدَكُمْ وَلَا يَاْتِي اَحَدٌ بِمِثْلِ مَا جِئْتُمْ

*ન બતાવું જેનાથી તમે લોકો તમારાથી પહેલાવાળાઓ સુધી પહોંચી જાવ અને તમારાથી બાદવાળાઓથી*

اِلَّا مَنْ جَاءَ بِمِثْلِهِ تُسَبِّحُوْنَ فِيْ دُبُرِ كُلِّ صَلٰوةٍ عَشْرًا وَتَحْمَدُوْنَ عَشْرًا وَتُكَبِّرُوْنَ عَشْرًا

*આગળ થઈ જાવ ! જે તમારા જેમ ન કરી શકે. હા ! જે એના જેમ કરી શકે એની વાત જુદી છે. દરેક નમાઝ બાદ દસ વખત "તસ્બીહ" (સુબ્હાનલ્લાહ) પઢો, દસ વાર "અલ્હમ્દુલિલ્લાહ" પઢો અને દસવાર "તકબીર" (અલ્લાહુ અકબર) કહો.*

**હદીષ : ૨૭૦૩ની સમજૂતી** ★ **દરેક નમાઝ બાદની તસ્બીહ** ★

આ જ વિષયની એક હદીષ કિતાબુસ્સલાતમાં વર્ણન થઈ ચૂકી છે, પણ એમાં એ છે કે દરેક નમાઝ પછી ૩૩ વાર તસ્બીહ, ૩૩ વાર તહમીદ, અને ૩૩ વાર તકબીર. (અનુક્રમે સુબ્હાનલ્લાહ, અલ્હમ્દુલિલ્લાહ, અલ્લાહુ અકબર) બંનેવમાં ટકરાવ નથી. પહેલામાં એ કે ત્યાં આ'લા દરજાઓની સાથે શરતી છે અને અહીં અમલોમાં કેવળ નમાઝ તથા જેહાદનો ઉલ્લેખ છે, અને ત્યાં રોઝા, હજ્જ વગેરેનો ઝિક્ર છે. અને સહીહ વાત એ છે કે વારંવાર દર્શાવવામાં આવ્યું કે સંખ્યાનો ભાવાર્થ મોઅતબર નથી.

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى وَصَلِّ عَلَيْهِمْ وَمَنْ خَصَّ اَخَاهُ بِالدُّعَاءِ دُوْنَ نَفْسِهٖ. صـ ۹۳۷

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને એમના હક્કમાં દુઆએ ખૈર કરો. અને જેણે પોતાના ભાઈને દુઆની સાથે ખાસ કર્યો, પોતાના માટે ન કર્યો."** –(૯૩૭)

حدیث ۲۷۰۴ عَنْ قَتَادَةَ قَالَ سَمِعْتُ اَنَسًا قَالَ قَالَتْ اُمُّ سُلَيْمٍ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું, ઉમ્મે સુલૈમે નબી صلی اللہ علیہ وسلم થી અર્ઝ કરી, અનસ આપનો* **[હદીષ : ૨૭૦૪]**

عَلَيْهِ وَسَلَّمَ اَنَسٌ خَادِمُكَ قَالَ اَللّٰهُمَّ اَكْثِرْ مَالَهُ وَوَلَدَهُ وَبَارِكْ لَهُ فِيْمَا اَعْطَيْتَهُ

*ખાદિમ છે. હુઝૂરે દુઆ ફર્માવી, હે અલ્લાહ ! એના માલ તથા ઔલાદને વધારી આપ અને એને જે આપ્યું છે એમાં બરકત અતા ફર્માવ." (૨/૯૩૯ બાબુ દઅવતિન્નબી صلی اللہ علیہ وسلم, ૨/૯૪૪ બાબુદુઆ બિકષરતિલ માલ વ કષ્રતિલ વલદ)*

**હદીષ : ૨૭૦૪ની સમજૂતી** ★ **હઝરત અનસ માટે થયેલ દુઆની બરકત** ★

આ દુઆની બરકત એ થઈ કે તેમને પુષ્કળ માલ મળ્યો. બસરામાં એમનો એક બાગ હતો જે વરસમાં બે વાર ફળ આપતો. એમાં એક ફૂલ હતું જેનાથી મુશ્કની ખુશ્બુ આવી. અને ઔલાદ એટલા પ્રમાણમાં વધી કે

તેમની ૧૨૦ ઔલાદ થઈ જે સૌ પુત્રો હતા. કેવળ બે પુત્રીઓ હતી, હફ્સા તથા ઉમ્મે અમ્ર. કા'બાનો તવાફ કરતા તો તેમની સાથે ૭૦ થી વધુ તેમની ઔલાદ હોતી. અને તેમની ઉમર એક રિવાયત પ્રમાણે ૧૧૯ વર્ષની થઈ, એક રિવાયત પ્રમાણે ૧૨૦ એક રિવાયત પ્રમાણે ૧૦૭, એક રિવાયત પ્રમાણે ૧૦૩ વરસની થઈ.

**પ્રકરણ : "અને દુઆમાં સજ્અ (પ્રાસબંદી) મકરૂહ છે."** *–(૯૩૮)*

بَابُ مَا يُكْرَهُ مِنَ السَّجْعِ مِنَ الدُّعَاءِ ص ۹۳۸

**સ્પષ્ટતા** : દુઆનો આધાર ખુશૂઅ તથા ખુઝૂઅ અને હુઝૂરે કલ્બ (દિલની તલ્લીનતા) પર છે. અને જ્યારે માણસ કાફિયાબંદીની ફિકરમાં રહેશે તો હુઝૂરે કલ્બ જતુ રહેશે. એટલા માટે દુઆમાં કાફિયાબંદીથી (કડીઓના પ્રાસ બેસાડવાથી) મના કરવામાં આવ્યું **પણ જો દુઆમાં બિલા તકલ્લુફ (આપોઆપ) પ્રાસબંદીની વાત આવી જાય તો કાંઈ વાંધો નથી.** હદીષોમાં ખૂબ જ પ્રમાણમાં એવી દુઆઓ આવી છે.

## ★ આ કુર્આનથી લોકોને ઉકતાવો નહીં ★

حدیث ۲۷۰۵ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ

*"હઝરત ઈબ્ને અબ્બાસ* رضی اللہ عنہما *થી રિવાયત છે. તેમણે ફર્માવ્યું, લોકોને દરેક* **[હદીષ : ૨૭૦૫]**

حَدِّثِ النَّاسَ كُلَّ جُمُعَةٍ مَرَّةً فَإِنْ أَبَيْتَ فَمَرَّتَيْنِ فَإِنْ أَكْثَرْتَ فَثَلٰثَ

*અઠવાડિયે એકવાર હદીષ વર્ણન કરો અને જો ન માને તો બે વાર. અને અધિક વર્ણન કરવા ચાહો તો ત્રણ*

مَرَّاتٍ وَلَا تُمِلَّ النَّاسَ هٰذَا الْقُرْاٰنَ وَلَا أُلْفِيَنَّكَ تَأْتِي الْقَوْمَ وَهُمْ فِي

*વાર. આ કુર્આનથી લોકોને ઉકતાવો નહીં, અને હું તમને એ હાલમાં ન પામુ કે કૌમની પાસે આવો અને તે*

حَدِيثٍ مِنْ حَدِيثِهِمْ فَتَقُصُّ فَتَقْطَعُ عَلَيْهِمْ حَدِيثَهُمْ فَتُمِلُّهُمْ وَلٰكِنْ

*લોકો પોતાની વાતોમાં મશગૂલ હોય ત્યારે એમની પાસે વઅઝ કહેવા લાગો અને તેમની વાત કાપી નાખો*

أَنْصِتْ فَإِنْ أَمَرُوكَ فَحَدِّثْهُمْ وَهُمْ يَشْتَهُونَهُ وَانْظُرِ السَّجْعَ مِنَ الدُّعَاءِ

*જેનાથી તેમને રંજ થાય. હા ! ચૂપ રહો, એ લોકો તમને કહે તો હદીષ વર્ણન કરો, એટલીવાર સુધી કે તેમને*

فَاجْتَنِبْهُ فَإِنِّي عَهِدْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَصْحَابَهُ لَا يَفْعَلُونَ

*ખ્વાહિશ રહે અને દુઆમાં કાફિયાબંદીથી બચો એટલા માટે કે મેં રસૂલુલ્લાહ* صلی اللہ علیہ وسلم *અને*

إِلَّا ذٰلِكَ.

*સહાબાને એ હાલમાં પામ્યા છે કે તે લોકો એવું કરતા ન હતા."*

## હદીષ : ૨૭૦૫ની સમજૂતી

**વાઈઝની તથા મુક઼ર્રિરો માટે આ હદીષ એક બેહતરીન હિદાયત છે કે વઅઝ તથા તક઼રીર કરતી વખતે એનો લેહાઝ રાખે, એટલી લાંબી તક઼રીર ન કરે કે લોકો ઉકતાઈ (કંટાળી) જાય.** અમુક મુક઼ર્રિરોની આદત છે કે તેઓ એની તદ્દન પરવા નથી કરતા કે હાજરજનો સાંભળવા માગે છે કે નહીં, તેઓ બોલતા જ જાય છે ત્યાં સુધી કે મજમો સૂઈ રહ્યો હોય છે ! અને તક઼રીર ચાલુ રહે છે. મૂળ વાત એ છે કે હવે તક઼રીર એક ધંધો બનીને રહી ગઈ છે અને ધંધાના હિસાબથી દરેક મુક઼ર્રિર વધુથી વધુ બોલીને લોકોને એવું બતાવવા ચાહે છે કે હું ઘણો જ મોટો મુક઼ર્રિર છું. વળી એક ખરાબી જલસાવાળાઓના શોખથી એ પેદા થઈ ગઈ કે જલસાવાળાઓની ખ્વાહિશ હોય છે કે જલસો રાતભર ચાલે, એના માટે મુક઼ર્રિરો નક્કી થતા હોય છે. હા ! એનાથી કોઈ લેવા દેવા નહીં કે મજમો સાંભળવા ચાહે છે કે નહીં ? સૂઈ રહ્યો છે કે જાગી રહ્યો છે ! તેમણે ગમે તેમ આખી રાત પસાર કરવાની છે.

**પ્રકરણ : "ક઼તઈ તૌર પર (જરૂરથી) સવાલ કરો એટલા માટે કે અલ્લાહને કોઈ મજબૂર કરનાર નથી."**

بَابُ لِيَعْزِمِ الْمَسْئَلَةَ فَاِنَّهٗ لَا مُكْرِهَ لَهٗ . ص ۹۳۸

حدیث ۲۷۰۶

عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફ઼ર્માવ્યું,* **[હદીષ : ૨૭૦૬]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا دَعَا اَحَدُکُمْ فَلْیَعْزِمِ الْمَسْئَلَةَ وَلَا یَقُوْلَنَّ اَللّٰھُمَّ اِنْ

*જ્યારે કોઈ દુઆ કરે તો ક઼તઈ તૌર પર સવાલ કરે, અને એવું ન કહે કે હે અલ્લાહ ! તું ચાહે તો મને આપ.*

شِئْتَ فَاَعْطِنِیْ فَاِنَّہٗ لَا مُسْتَکْرِہَ لَہٗ ؏

*એટલા માટે કે અલ્લાહ પર કોઈ જબરદસ્તી કરનાર નથી."*

*(૨/૧૧૧૨ અત્તૌહીદ, બાબુલ મશિય્યત વલ્ઈરાદહ, મુસ્લિમ–દઅવાત, નિસાઈ–અલ્યૌમ વલ્લૈલ)*

حدیث ۲۷۰۷

عَنْ اَبِیْ ھُرَیْرَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફ઼ર્માવ્યું કે કોઈ* **[હદીષ : ૨૭૦૭]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ لَا یَقُوْلَنَّ اَحَدُکُمْ اَللّٰھُمَّ اغْفِرْ لِیْ اِنْ شِئْتَ اَللّٰھُمَّ ارْحَمْنِیْ

*એવું ન કહે, હે અલ્લાહ ! મને બખ્શી દે જો તું ચાહે, મારા પર રહમ કર જો તું ચાહે. ક઼તઈ સવાલ કરે, એટલા*

اِنْ شِئْتَ لِیَعْزِمِ الْمَسْئَلَةَ فَاِنَّہٗ لَا مُکْرِہَ لَہٗ ؏

*માટે કે અલ્લાહ તઆલાને કોઈ મજબૂર કરનાર નથી." (૨/૧૧૧૪ અત્તૌહીદ, બાબુલ મશીઅહ વલ્ઈરાદહ)*

## હદીષ : ૨૭૦૭ની સમજૂતી

દુઆમાં એવું કહેવાથી કે તું ચાહે તો આપ, એ બેપરવાઈ છે, અને દુઆનો પાયો જરૂરત તથા ઝિલ્લત છે. એટલા માટે જે દુઆ કરવી હોય તો બેપરવાઈ ન કરે, બલ્કે માગવાનુ છે. કતઈ તૌર (પૂરેપૂરી રીતે યકીની તૌર) પર માગે.

بَابُ يُسْتَجَابُ الْعَبْدُ مَا لَمْ يَعْجَلْ ص ٩٣٨

**પ્રકરણ : "બંદાની દુઆ કબૂલ થાય છે જ્યાં સુધી જલ્દી ન કરે."** –(૯૩૮)

٢٧٠٨ حديث

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى

**[હદીષ : ૨૭૦૮]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ يُسْتَجَابُ لِأَحَدِكُمْ مَا لَمْ يَعْجَلْ

*તમારી દુઆ કબૂલ કરવામાં આવશે જ્યાં સુધી જલ્દી ન કરે. કહે,*

يَقُوْلُ دَعَوْتُ فَلَمْ يُسْتَجَبْ لِي.

*મેં દુઆ કરી હતી તો કબૂલ ન થઈ."*

بَابُ الدُّعَاءِ عِنْدَ الْكَرْبِ ص ٩٣٩

**પ્રકરણ : "બેચૈનીના સમયની દુઆ"** –(૯૩૯)

٢٧٠٩ حديث

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

**[હદીષ : ૨૭૦૯]** *"ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ બેચૈનીના સમયે આ દુઆ*

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَقُوْلَنَّ أَحَدُكُمْ اَللّٰهُمَّ اغْفِرْ لِي إِنْ شِئْتَ اَللّٰهُمَّ ارْحَمْنِي

*પઢતા : અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, જે અઝમતવાળો છે, હિલ્મવાળો છે. અલ્લાહ સિવાય કોઈ*

إِنْ شِئْتَ لِيَعْزِمِ الْمَسْئَلَةَ فَإِنَّهُ لَا مُكْرِهَ لَهُ عـــه

*મઅબૂદ નથી જે અઝમતવાળો છે, હિલ્મવાળો છે. અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી જે આસ્માનો*

*જમીનોનો રબ છે અને અઝમતવાળા અર્શનો રબ છે."*

## હદીષ : ૨૭૦૯ની સમજૂતી

એના બાદ જોડે જ આ હદીષ થોડા વધારા તથા ફેરફાર સાથે આ મુજબ છે, વચ્ચે છે : "લાઈલાહ ઈલ્લલ્લાહુ રબ્બુલ અર્શિલ અઝીમ" અને છેવટમાં "રબ્બુલ અર્શિલ અઝીમ"ને બદલે "રબ્બુલ અર્શિલ કરીમ" અને "અલ્અર્દ"ની સાથે રબની તકરાર (બોલવું) છે.

**પ્રકરણ : "બલાની તકલીફથી પનાહ માગો" –(૯૩૯)** باب التعوذ من جهد البلاء ص ۹۳۹

حدیث ۲۷۱۰ عن ابی ھریرۃ رضی اللہ تعالٰی عنہ قال کان رسول اللہ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પનાહ* **[હદીષ : ૨૭૧૦]**

صلی اللہ علیہ وسلم یتعوذ من جھد البلاء ودرک الشقاء و

*માગતા બલાની તકલીફ અને બદ્દબખ્તી અને બુરી કઝાથી, અને દુશ્મનોના ખુશ થવાથી. સુફયાને કહ્યું.*

وسوء القضاء وشماتۃ الاعداء قال سفیان الحدیث ثلث

*હદીષમાં ત્રણ વાતો છે, એક મેં વધારી છે, હું નથી જાણતો એમનામાંથી કઈ છે."*

زدت انا واحدۃ لا ادری ایتھن ھی ؎

*(૨/૯૭૯ કિતાબુલ કદર, મુસ્લિમ–દઅવાત, નિસાઈ–ઈસ્તિઆઝા)*

## હદીષ : ૨૭૧૦ની સમજૂતી

جھد જીમના ફતહા અને ઝમ્માની સાથે મુસીબત, તકલીફ. એનાથી મુરાદ એ છે કે કોઈ એવી મોટી બલા ન નાઝિલ થાય જેને હું પોતે દફેઅ ન કરી શકું. એક રિવાયતમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہને પૂછવામાં આવ્યું, જહદે બલા શું છે ? ફર્માવ્યું, માલની કમી અને ઔલાદની અધિક્તા. કઝા–અલ્લાહનો ફેંસલો. તે જો કે સારો (હસન) છે. તે સૂઈ નથી શક્તો એટલા માટે કઝાથી અહીં મુરાદ ઈસ્મે મફઉલ છે, એટલે મુકઝા એટલે જે ચીજનો હુકમ થયો એ બંદાના હક્કમાં સારી પણ હોય શકે છે બુરી પણ હોય શકે છે.

قال سفیان : એના પર ઘણી મોટી શંકા એ છે કે હઝરત સુફયાન ઈબ્ને ઓયૈનાને હક્ક ક્યાંથી હાંસલ થઈ ગયો કે તેમણે હદીષમાં એકનો વધારી કરી આપ્યો ?! અલ્લામા કિર્માનીએ એમના તરફથી એ સફાઈ આપી કે એ ત્રણ વાતો શું હતી એમાંથી કોઈ એકના બારામાં શક થઈ ગયો કે હુઝૂરે આ ફર્માવ્યું હતું કે આ ફર્માવ્યું હતું. દા.ત. એમને શંકા થઈ ગઈ કે سوء القضاء سو ફર્માવ્યું હતું કે شماتۃ الاعداء. તો રિવાયતમાં બંનેને વર્ણવી આપ્યાં. કિતાબુલ કદરમાં મુસદદના તરીકાથી આ ચારેવ વાતો મરફૂઅ રૂપે વર્ણન થઈ છે, અને સુફયાનના શકનો ત્યાં ઉલ્લેખ નથી. એક રિવાયતમાં એ પણ છે કે સુફયાને કહ્યું કે મને શકે છે કે મેં એક અધિક કરી આપેલ છે.

## ★ હુઝૂર ﷺની દુઆ ★

બાબુ કૌલિન્નબીય્યિ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મન આઝૈતુહુ ફજ્અલ્હુ લહુ ઝકાતન વ રહમતન

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ اٰذَيْتُهُ فَاجْعَلْهُ لَهُ زَكٰوةً وَّرَحْمَةً ص ۹۴۱

**પ્રકરણ : "નબી ﷺનો ઈર્શાદ : હું કોઈને ઈજા આપુ તો તેને તેના ગુનાહોની પાકી બનાવી આપ અને રહ્‌મત કરી દે."** –(૯૪૧)

حدیث ۲۷۱۱ اَخْبَرَنِیْ سَعِیْدُ بْنُ الْمُسَیَّبِ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે નબી ﷺને એવું ફર્માવતા* **[હદીષ : ૨૭૧૧]**

تَعَالٰی عَنْهُ اِنَّهٗ سَمِعَ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ یَقُوْلُ اَللّٰهُمَّ فَاَیُّمَا

*સાંભળ્યા, હે અલ્લાહ ! જે મુસલમાનને હું બુરુ કહું તેને તેના માટે ક઼યામતના દિવસે*

مُؤْمِنٍ سَبَبْتُهٗ فَاجْعَلْ ذٰلِكَ لَهٗ قُرْبَةً اِلَیْكَ یَوْمَ الْقِیٰمَةِ عله

*પોતાના તરફથી કુર્બત બનાવી દે." (મુસ્લિમ–અદબ)*

**હદીષ : ૨૭૧૧ની સમજૂતી** શરહકર્તાઓએ અહીં ખાસ કર્યું છે કે ફઝીલત તેના માટે છે જેને વિના કારણે સખત શબ્દો કહ્યા હોય. એની દલીલ મુસ્લિમની આ રિવાયત છે જે હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે ફર્માવ્યું, હું મારી ઉમ્મતમાંથી કોઈની વિરુદ્ધ દુઆ કરું અને તે એને પાત્ર નથી, તો એને એના માટે પાકી, સુથરાઈ તથા કુર્બત કરી આપ, અને તારી બારગાહમાં ક઼યામતના દિવસે કુર્બત (નઝદીકી)નો ઝરીઓ બનાવી દે. પરંતુ આ ખાસ કરવાની કોઈ જરૂર નથી. રહ્‌મતે આલમ ﷺનો હેતુ એ છે કે કોઈએ કોઈ ખતા કરી અને મેં તેને ધમકાવી કાઢયો તો એની ખતા માફ ફર્માવ. અને આમાં કાંઈ વાંધો નથી.

بَابُ التَّعَوُّذِ مِنَ الْفِتَنِ ص ۹۴۱

**પ્રકરણ : "ફિત્નાઓથી પનાહ માગવી"** –(૯૪૧)

حدیث ۲۷۱۲ عَنْ قَتَادَةَ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ سَئَلُوْا رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે લોકોએ હુઝૂરથી સવાલ કરવાના શરૂ કર્યા,* **[હદીષ : ૨૭૧૨]**

صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ حَتّٰی اَحْفَوْهُ الْمَسْئَلَةَ فَغَضِبَ فَصَعِدَ الْمِنْبَرَ

*ત્યાં સુધી કે સવાલોની ભરમાર કરી દીધી જેના કારણે હુઝૂર ગઝબનાક થઈ ગયા અને મિમ્બર પર ચઢી ગયા*

فَقَالَ لَا تَسْئَلُوْنِیْ الْیَوْمَ عَنْ شَیْءٍ اِلَّا بَیَّنْتُهٗ لَكُمْ فَجَعَلْتُ اَنْظُرُ یَمِیْنًا

*અને ફર્માવ્યું, આજે જે ચીજના બારામાં પણ તમે પૂછશો હું એને તમારા માટે વર્ણન કરીશ. હું જમણે ડાબે*

وَشِمَالًا فَإِذَا كُلُّ رَجُلٍ لَافٌّ رَأْسَهُ فِي ثَوْبِهِ يَبْكِي فَإِذَا رَجُلٌ كَانَ إِذَا

*જોવા લાગ્યો તો દરેક શખ્સનો હાલ એ હતો કે પોતાના માથાને કપડામાં લપેટીને રડી રહ્યો હતો. એક સાહબ*

لَاحَى الرِّجَالَ يُدْعَى لِغَيْرِ أَبِيهِ فَقَالَ يَا رَسُولَ اللَّهِ مَنْ أَبِي قَالَ حُذَافَةُ

*હતા. જ્યારે લોકોથી ઝઘડો કરતા તો તેમને તેમના બાપના સિવાયનાની તરફ નિસ્બત કરીને પોકારવામાં*

ثُمَّ أَنْشَأَ عُمَرُ فَقَالَ رَضِينَا بِاللَّهِ رَبًّا وَبِالْإِسْلَامِ دِينًا وَبِمُحَمَّدٍ رَسُولًا

*આવતા. તેમણે પૂછયું, યા રસૂલલ્લાહ ! મારો બાપ કોણ છે ? ફર્માવ્યું, હુઝાફા ! પછી હઝરત ઉમર*

نَعُوذُ بِاللَّهِ مِنَ الْفِتَنِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا رَأَيْتُ فِي

*એવું કહેવા લાગ્યા, હું એના પર રાજી છું કે અલ્લાહ રબ છે અને ઈસ્લામ દીન છે અને મુહમ્મદ ﷺ રસૂલ છે.*

الْخَيْرِ وَالشَّرِّ كَالْيَوْمِ قَطُّ إِنَّهُ صُوِّرَتْ لِي الْجَنَّةُ وَالنَّارُ حَتَّى رَأَيْتُهُمَا

*અમે અલ્લાહની પનાહ માગીએ છીએ ફિત્નાઓથી. હવે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આજના દિવસ જેવો ખૈર તથા શર (બુરો) મેં કદી નથી જોયો.* ***જન્નત તથા દોઝખ મારી સામે પેશ કરવામાં આવી, ત્યાં સુધી કે મેં એ બંનેવને દીવાલની પાછળ જોયી.*** *આ હદીષ વખતે કતાદા આ આયતે કરીમાની તિલાવત કરતા હતા, હે ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો જે તમારા પર જાહેર કરવામાં આવે તો તમને બુરી લાગે."*

## હદીષ : ૨૭૧૨ની સમજૂતી

### ★ જ્યારે લોકોએ સવાલોની ભરમાર કરી દીધી તો ! ★

આ હદીષ ટૂંકમાં કિતાબુલ ઈલ્મમાં વર્ણન થઈ ચૂકી છે. અહીં પૂરી વિગતની સાથે હતી. એ સાહબ જેમણે પૂછયું હતું એમનું નામ અબ્દુલ્લાહ હતું. વિના જરૂરત સવાલ મના છે, અલબત્ત જરૂરતના વખતે વાજિબ છે. શક્ય છે અહીં હુઝૂર ﷺથી લોકોએ બિન જરૂરી સવાલોની બૌછાર કરી દીધી હોય એટલા માટે જલાલ આવી ગયો. એની પણ સંભાવના છે કે એ સવાલો દુનિયાવી વાતોથી સંબંધિત હતા. એક હદીષમાં ફર્માવ્યું કે તે માણસ સૌથી વધુ બદ્‌બખ્ત છે કે એક ચીજ હલાલ હતી (ઈબાહતે અસ્લિયા પર) પણ એના સવાલ કરવા પર હરામ કરી દેવામાં આવી. આ આયતથી સાબિત થયું કે અસલ ચીજમાં ઈબાહત (મુબાહ હોવું) છે, એટલે કે જે ચીજોના બારામાં મના ન કરવામાં આવેલ હોય તે મુબાહ છે. આ શરીઅતનો એવો અસ્લે કુલ્લી છે કે એના પર હજારો મસાઈલનો પાયો છે.

**પ્રકરણ : ''અઝાબે ક઼બ્રથી પનાહ માગવી'' –(૯૪૨)**

بَابُ التَّعَوُّذِ مِنْ عَذَابِ الْقَبْرِ ص٩٤٢

حدیث ٢٧١٣

حَدَّثَنَا مُوسَى بْنُ عُقْبَةَ قَالَ سَمِعْتُ أُمَّ خَالِدٍ بِنْتَ خَالِدٍ

**[હદીષ : ૨૭૧૩]** *''મૂસા ઈબ્ને ઉક઼બાએ કહ્યું, મેં ઉમ્મે ખાલિદ બિન્તે ખાલિદથી સાંભળ્યું,*

قَالَ وَلَمْ أَسْمَعْ أَحَدًا سَمِعَ مِنَ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ غَيْرَهَا

*સુફયાન ઈબ્ને ઓયૈનાએ કહ્યું કે એમના સિવાય કોઈનાથી મેં એ નથી સાંભળ્યું કે તેણે નીચે જણાવેલ દુઆ*

قَالَتْ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَتَعَوَّذُ مِنْ عَذَابِ الْقَبْرِ۔

*નબી ﷺથી સાંભળી હોય. ઉમ્મે ખાલિદે કહ્યું, મેં નબી ﷺને અઝાબે ક઼બ્રથી પનાહ માગતાં સાંભળ્યા.''*

## હદીષ : ૨૭૧૩ની સમજૂતી

**ઉમ્મે ખાલિદ બિન્તે ખાલિદ** : ખાલિદ બિન સઈદ બિન આસના સાહબઝાદી છે. તેમનાં માબાપ હિજરત કરીને હબ્શા ગયાં હતાં ત્યાં તેમનો જન્મ થયો હતો. અને જ્યારે એમનાં માબાપ મદીના તયબહ આવ્યાં તો એ પણ મદીના આવ્યાં. હુઝૂરે અક઼દસ ﷺના સમયમાં એ નાનાં હતાં છતાં પણ તેમણે ઘણુ બધુ યાદ રાખ્યું.

قال ولم اسمع એ સુફયાન ઈબ્ને ઓયૈનાનો ક઼ૌલ છે. એમનો મતલબ એ છે કે આ હદીષ મેં ઉમ્મે ખાલિદ સિવાય અન્ય કોઈથી નથી સાંભળી.

**પ્રકરણ : ''ગુનાહ તથા કરજથી પનાહ માગવી'' –(૯૪૨)**

بَابُ التَّعَوُّذِ مِنَ الْمَأْثَمِ وَالْمَغْرَمِ ص٩٤٢

حدیث ٢٧١٤

عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ أَبِيهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى

**[હદીષ : ૨૭૧૪]** *''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ*

عَنْهَا أَنَّ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ اَللّٰهُمَّ إِنِّي

*આ દુઆ પઢતા હતા. હે અલ્લાહ ! હું તારી પનાહ માગુ છું સુસ્તી અને અધિક ઘડપણથી અને ગુનાહ તથા*

أَعُوذُ بِكَ مِنَ الْكَسَلِ وَالْهَرَمِ وَالْمَأْثَمِ وَالْمَغْرَمِ وَمِنْ فِتْنَةِ الْقَبْرِ وَ

*કરજથી, અને ક઼બ્રના ફ઼િત્ના અને ક઼બ્રના અઝાબથી, અને જહન્નમના ફ઼િત્ના અને જહન્નમના અઝાબથી,*

عَذَابِ الْقَبْرِ وَمِنْ فِتْنَةِ النَّارِ وَعَذَابِ النَّارِ وَمِنْ شَرِّ فِتْنَةِ الْغِنَى وَ

*અને માલદારીના ફ઼િત્નાની બુરાઈથી, અને હું તારી પનાહ માગુ છું મોહતાજીના ફ઼િત્નાથી, અને હું તારી*

اَعُوْذُبِكَ مِنْ فِتْنَةِ الْفَقْرِ وَاَعُوْذُبِكَ مِنْ فِتْنَةِ الْمَسِيْحِ الدَّجَّالِ اَللّٰهُمَّ

*પનાહ માગુ છું મસીહ દજ્જાલના ફિત્નાથી. હે અલ્લાહ ! મારા ગુનાહોને બરફ તથા કરાના પાણીથી ધોઈ*

اغْسِلْ عَنِّيْ خَطَايَايَ بِمَاءِ الثَّلْجِ وَالْبَرَدِ وَنَقِّ قَلْبِيْ مِنَ الْخَطَايَا كَمَا نَقَّيْتَ

*આપ, અને મારા દિલને ગુનાહોથી સુથરૂ કરી આપ, જેવી રીતે તેં સફેદ કપડાને મેલથી સાફ કર્યું.*

الثَّوْبَ الْاَبْيَضَ مِنَ الدَّنَسِ وَبَاعِدْ بَيْنِيْ وَبَيْنَ خَطَايَايَ كَمَا بَاعَدْتَ بَيْنَ

*મારામાં અને મારા ગુનાહોમાં એટલી દૂરી કરી આપ*

الْمَشْرِقِ وَالْمَغْرِبِ.

*જેટલી પૂર્વ તથા પશ્ચિમમાં છે."*

## હદીષ : ૨૭૧૪ની સમજૂતી

"ફિત્નાએ કબ્ર"થી મુરાદ નકીરૈનના સવાલ છે, અને "ફિત્નાએ નાર"થી મુરાદ જહન્નમના મુવક્કિલોનાં તે ધૂરકિયાં છે કે તે જહન્નમીઓને પૂછશે : اَلَمْ يَاْتِكُمْ مِنْ نَذِيْرٍ શું તમારી પાસે ડરાવનાર નથી ગયા ?!

مَغْرَمْ થી મુરાદ દરેક તે માલ છે જે કોઈના માથે લાઝિમ હોય, ચાહે કર્ઝ હોય કે ન હોય. જેમ કે દિયત વાજિબ થવું.

હદીષમાં છે, હે અલ્લાહ ! મારા ગુનાહોને બરફ તથા કરાથી ધોઈ નાખ. જ્યારે કોઈ સારી ચીજને ખૂબ સારી રીતે સાફ કરવાનો હેતુ હોય છે તો ગરમ પાણી વડે ધોવામાં આવે છે, ઠંડુ પાણી એટલો મેલ સાફ નથી કરતુ જેટલુ ગરમ પાણી સાફ કરે છે. અલ્લામા અયની વગેરેએ એ સ્પષ્ટતા કરી કે અહીં હેતુ પાકીનો કમાલ છે અને કરા તથા બરફનું પાણી સર્વ પાણીઓ કરતાં વધુ પાક હોય છે. જો ધારો કે તે બંનેવ પર કોઈ નાપાકી પડી પણ જાય તો કેમ કે એ બંનેવ પીગળતાં રહે છે જેથી તરત પાક થઈ જાય છે. આ હદીષમાં આવેલ બાકીના શબ્દોની શરહ વર્ણન થઈ ચૂકી છે.

**પ્રકરણ : "નબી ﷺના આ કૌલનું વર્ણન : હે અલ્લાહ ! મારા માટે બખ્શી આપ જે મેં આગળ કર્યું અને જે મેં બાદમાં કર્યું."** –(૯૪૬)

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَللّٰهُمَّ اغْفِرْ لِيْ مَا قَدَّمْتُ وَمَا اَخَّرْتُ ص ۹۴۶

**સ્પષ્ટતા** : એની સંપૂર્ણ ચર્ચા થઈ ચૂકી કે અંબિયાએ કિરામ, ખાસ કરીને હુઝૂરે અક્દસ ﷺ દરેક ગુનાહથી મઅસૂમ છે. અને તે નુસૂસ જેમાં મગફેરતની તલબનો ઉલ્લેખ છે, એનાથી મુરાદ તે વાતો છે જે શાને નબુવ્વતના કાંઈક મુનાસિબ ન હોય.

حدیث ۲۷۱۵ عَنِ ابْنِ اَبِیْ مُوسٰی عَنْ اَبِیْهِ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ

''હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ આ દુઆ માગ્યા **[હદીષ : ૨૭૧૫]**

انہ کان یدعو بھذا الدعاء رب اغفرلی خطیئتی وجھلی و اسرافی

કરતા હતા, હે રબ બખ્શી આપ મારા લીધે લોકોની ખતાઓ અને નાદાનીને, અને કોઈ પણ મામલામાં

فی امری کلہ وما انت اعلم بہ منی اللھم اغفرلی خطایای

ફુઝૂલખર્ચીને, અને જેને પણ તું જાણે છે. હે અલ્લાહ ! મારા લોકોની ખતાઓ બખ્શી આપ, અને

وعمدی وجھلی و ھزلی وکل ذالک عندی اللھم اغفرلی

ઈરાદાપૂર્વકના ગુનાહોને પણ બખ્શી દે અને નાદાની તથા મઝાકને અને સર્વ કાંઈને. હે અલ્લાહ ! મારા

ما قدمت وما اخرت وما اسررت وما اعلنت انت المقدم

લોકોના સર્વ આગલા પાછલા સર્વ ગુનાહો બખ્શી આપ, જે છુપાવીને કર્યા હોય કે જે એલાનિયા કર્યા હોય.

وانت المؤخر و انت علی کل شیء قدیر ـ ع

તું આગળ કરનારો છે અને તું પાછળ કરનારો છે અને તું દરેક ચીજ પર ક઼ાદિર છે.'' (મુસ્લિમ–દઅવાત)

**હદીષ : ૨૭૧૫ની સમજૂતી** આ હદીષ મુશ્કિલાતે હદીષમાંથી છે, એટલા માટે કે એના પર અહલે સુન્નતની એકમતિ છે કે હુઝૂરે અક઼દસ ﷺથી ઈરાદાપૂર્વક કોઈ ગુનોહ થવું દુરુસ્ત નથી. અને આ દુઆમાં તફસીલ છે : اللھم اغفرلی خطایای وعمدی એનાથી જાહેરી રીતે જોતાં જણાય છે કે હુઝૂરે અક઼દસ ﷺથી ઈરાદાપૂર્વક ગુનો થયો. ઈમામ ક઼ાઝી અયાઝે શિફા શરીફમાં તેના ઘણા ખુલાસાઓ કર્યા છે, એમાંથી એક એ કે **આ દુઆ હુઝૂરે અક઼દસ ﷺની અતિશય કક્ષાની આજીજી તથા ખુશૂઅ હતી.** અને એક ખુલાસો એ પણ છે કે **ઉમ્મતની તા'લીમના માટે છે.** અને એક ખુલાસો એ પણ છે કે **એનાથી મુરાદ ઉમ્મતના ગુનાહ છે.** અને એક ખુલાસો એ પણ છે કે ગુફરાનનો હક઼ીક઼ી અર્થ છુપાવવું છે, હવે અલ્લાહુમ્મગ્ફિર્લીનો તર્જુમો એ થયો કે હે અલ્લાહ મને મહેફૂઝ રાખ.

આ દુઆ હુઝૂર ક્યારે માગ્યા કરતા હતા એના બારામાં મુસ્લિમની રિવાયતમાં છે કે આખર જમાનામાં આ દુઆ માગ્યા કરતા હતા. સલામથી પહેલાં કે સલામથી બાદ એ બારામાં વિવિધ રિવાયતો છે. મુસ્લિમની એક રિવાયતમાં એ સ્પષ્ટતા છે કે તશહ્હુદ તથા સલામની વચ્ચે આ દુઆનો અમુક હિસ્સો પઢતા હતા. અને એની જ એક રિવાયતમાં છે કે સલામ બાદ. શક્ય છે સલામથી પહેલાં પણ પઢતા હોય અને સલામ બાદ પણ. قولہ خطایای એ خطیئۃનું બહુવચન છે. خطیئۃ તે ગુનાહને પણ કહે છે જે ઈરાદાપૂર્વક ઉપસ્થિત થયો અને તેને પણ જે વિના ઈરાદે થાય. આ એ'તબારથી અમદીનો આના પર અત્ફ, અત્ફે ખાસ અલલ્ આમ છે. અને કશ્મીહિની રિવાયતમાં ઈસ્રાઈલ ખતાઈના તરીક઼ાથી જે ચીજ વિના ઈરાદે બહાર પડે. અમદીના તક઼ાબુલના

લેહાઝથી આ રિવાયત યોગ્ય છે. એની સનદમાં અન ઈબ્ને અબી મૂસા છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે એના બાદ જે તરીકો વર્ણન થયો છે એમાં અબૂ બુર્દાની તસ્રીહ છે. એનાથી સમજમાં આવે છે કે આ સનદમાં ઈબ્ને અબૂ મૂસાથી એ જ મુરાદ છે. પણ કલાબાઝીએ કહ્યું કે એ અમ્ર બિન અબૂ મૂસા છે. એનો સાર એ નીકળ્યો કે આ હદીષ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہના ત્રણ સાહબઝાદાઓથી રિવાયત પામી છે. અમ્ર, અબૂ બુર્દા, અબૂ બક્ર.

**પ્રકરણ : "તહલીલની ફઝીલત"** –(૯૪૭) باب فضل التهليل ٩٤٧

**સ્પષ્ટતા** : તહલીલનો અર્થ છે : લાઈલાહ ઈલ્લલ્લાહ પઢવું. જેમ કે ઈસ્તિર્જાઅનો અર્થ છે : اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ પઢવું. અહલે સર્ફ એને ક઼સ્ર કહે છે.

حدیث ٢٧١٦ عَنْ اَبِیْ اِسْحٰقَ عَنْ عَمْرِو بْنِ مَيْمُوْنٍ قَالَ مَنْ قَالَ عَشْرًا

*"ઉમર બિન મૈમૂને કહ્યું, જેણે દસવાર પઢ્યું જાણે તેણે ઈસ્માઈલની* **[હદીષ : ૨૭૧૬]**

كَانَ كَمَنْ اَعْتَقَ رَقَبَةً مِنْ وَلَدِ اِسْمَاعِيْلَ ـ

*ઔલાદમાંથી કોઈ મુસલમાનને આઝાદ કર્યો."*

**હદીષ : ૨૭૧૬ની સમજૂતી**

ઈમામ બુખારીએ રિવાયતમાં ટૂંકાણ અપનાવ્યું પણ મુરાદ એ જ દુઆ છે જે ઉપર હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષમાં વર્ણન થયેલ છે. એમાં એવું હતું કે જે સો વાર પઢશે તો જાણે તેણે ઈસ્માઈલની ઔલાદમાંથી દસને આઝાદ કર્યા. એમાં છે કે દસવાર પઢે તો એક ગુલામ આઝાદ કર્યો, હિસાબ તે જ રહ્યો. ઈમામ મુસ્લિમે સુલૈમાન બિન ઓબૈદુલ્લાહ ગીલાનીથી અને ઈસ્માઈલીએ અલી ઈબ્ને મુસ્લિમ અબૂ આમિરના તરીક઼ાથી મઝકૂર સનદ વડે રિવાયત કરી. જેણે لَآ اله الّاالله وحدهٗ لا شريك له لهُ الْمُلْكُ وَ لهُ الْحَمْدُ وَهُوعلىٰ كُلِّ شَیءٍ قَدِيْرٌ "લા ઈલાહ ઈલ્લલ્લાહુ વહદહુ લા શરીક લહૂ, લહુલ્ મુલ્કુ વલહુલ હમ્દુ વહુવ અલા કુલ્લિ શયઈન ક઼દીર." દસવાર પઢ્યું તો જાણે તેણે ઔલાદે ઈસ્માઈલના ચાર ગુલામ આઝાદ કર્યા. બુખારીમાં رَقَبَةً مِنْ وَلَدِ اِسْمَاعِيْلَ છે જેનો અર્થ થાય છે એક ગુલામ, અને મુસ્લિમની રિવાયતમાં ચાર ગુલામની સ્પષ્ટતા છે. જેથી ખુલાસામાં એવું કહી શકાય છે કે અધિક સંખ્યાથી ઓછી સંખ્યાનો નકાર નથી થતો. قوله قال ابوعبد الله એટલે ઈમામ બુખારીએ કહ્યું કે અબ્દુલ મલિક બિન અમ્રનો ક઼ૌલ સહીહ છે.

**સ્પષ્ટતા** : ઈમામ બુખારીએ વર્ણવેલ હદીષને અહીં આઠ તરીક઼ાથી વર્ણવી છે :–

**પ્રથમ** : અબ્દુલ્લાહ ઈબ્ને મુસ્લિમા, અબ્દુલ મલિક બિન અમ્ર, ઉમર બિન ઝાઈરહ, અબૂ ઈસ્હાક઼ બુસીઈ, અમ્ર બિન મૈમૂન. આ તરીક઼ો મૌકૂફ છે, એટલા માટે કે અમ્ર બિન મૈમૂન તાબઈ છે. **બીજો** : અમ્ર બિન ઝાઈરહ સુધી સનદ મઝકૂર પછી છે, અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ સફર અન શઅબી, રબીઅ ઈબ્ને ખુષૈમ, અમ્ર બિન મૈમૂન, ઈબ્ને અબી લયલા, હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ. આ તરીક઼ો મરફૂઅ છે. **ત્રીજો** : ઈબ્રાહીમ બિન યૂસુફ અન અબીહિ, અબૂ ઈસ્હાક઼, અમ્ર બિન મયમૂન, અબ્દુર્રહમાન બિન અબી લયલા અન અબી ઐયૂબ رضی اللہ عنہ. **ચોથો** : મૂસા, વુહૈબ, દાઊદ, આમિર, અબ્દુર્રહમાન બિન અબી લયલા, હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ.

**પાંચમો** : ઈસ્માઈલ, શઅબી, રબીઅ. **છઠ્ઠો** : આદમ, શઅબા, અબ્દુલ મલિક બિન મૈસરા, હિલાલ બિન યસાર, રબીઅ બિન ખુષૈમ અને અમ્ર બિન મૈમૂન અન ઈબ્ને મસઊદ رضی اللہ عنہ. **સાતમો** : અઅમશ, અને હુસૈન, હિલાલ, રબીઅ અન અબ્દુલ્લાહ رضی اللہ عنہ. આ સનદોને ઈમામ બુખારીએ હદષના અખ્બર્નાં તથા "અન"ના બદલે "કાલ"થી વર્ણન કરી. એ ક્યાં તો એ કારણે છે કે એ હદીષોને ઈમામ બુખારીએ મઝાકેરાના તરીકે સાંભળી છે અથવા એમના સુધી નકલના તરીકાથી પહોંચી છે અથવા મૌકૂફ છે. **આઠમો** : અબૂ મુહમ્મદ હુઝરમી અન અબૂ ઐયૂબ رضی اللہ عنہ. ઈમામ બુખારી એ ફર્માવે છે કે આ સર્વ તરીકાઓમાં સહીહ અબ્દુલ મલિક બિન અમ્રનો તરીકો છે. ફીહિ મા ફીહ.

**પ્રકરણ : "સુબ્હાનલ્લાહ કહેવાની ફઝીલત"** –(૯૪૮)

باب فضل التسبيح ۹۴۸

حدیث ۲۷۱۷ عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૧૭]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ قَالَ سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ فِیْ يَوْمٍ مِّائَةَ مَرَّةٍ حُطَّتْ

*જેણે દિવસમાં સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી સો વાર પઢ્યું તો તેના ગુનાહ મિટાવી દેવામાં આવશે, ભલે*

خَطَايَاهُ وَاِنْ كَانَ مِثْلَ زَبَدِ الْبَحْرِ ع

*સમુદ્રના ફીણના બરાબર હોય." (તિર્મિઝી–દઅવાત, નિસાઈ–અમલુલ્યૌમિ વલ્લૈલહ, ઈબ્ને માજહ–ષવાબુત્તસ્બીહ)*

حدیث ۲۷۱۸ عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બે કલ્મા* **[હદીષ : ૨૭૧૮]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ كَلِمَتَانِ خَفِيْفَتَانِ عَلَی اللِّسَانِ ثَقِيْلَتَانِ فِی الْمِيْزَانِ

*એવા છે જે જીભ પર હલકા છે, મીઝાનમાં ભારે છે, રહ્માનને પ્યારા છે : સુબ્હાનલ્લાહિલ્ અઝીમ*

حَبِيْبَتَانِ اِلَی الرَّحْمٰنِ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ ع

*સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી." (૨/૯૮૮ કિતાબુલ ઐમાન વન્નુઝૂર, ૨/૧૧૨૮ તૌહીદ, મુસ્લિમ–દઅવાત, તિર્મિઝી–દઅવાત, નિસાઈ–અમલુલ યૌમિ–વલ્લૈલહ, ઈબ્ને માજહ–ષવાબુત્તસ્બીહ)*

**હદીષ : ૨૭૧૮ની સમજૂતી**

**★ સુબ્હાન શબ્દની તેહકીક ★**

ઈમામ બુખારીએ આ હદીષને બે જગ્યાએ વર્ણન કરી છે, અને દરેક જગાએ કાંઈક ફેરફાર છે. અહીં સુબ્હાનલ્લાહિલ અઝીમ આગળ છે, અને કિતાબુલ ઐમાન વન્નુઝૂરમાં حَبِيْبَتَانِ اِلَی الرَّحْمٰنِ અંતમાં છે. અને કિતાબુત્તૌહીદમાં આગળ છે. તસ્બીહ કસ્ર છે એનો અર્થ છે સુબ્હાનલ્લાહ કહેવું. સુબ્હાનલ્લાહમાં સુબ્હાન

ફેઅલે મહઝૂફ سُبۡحَانَ اللّٰہِ الۡعَظِیۡمِ નો મફઊલ મુત્લક઼ છે. સમાઅન્ એના ફેઅલને હઝફ કરવું વાજિબ છે. સુબ્હ઼ાન હમેશાં મુઝાફ મુસ્તઅમલ હોય છે, પણ અમુક અરબના કલમાઓમાં ઈઝાફત વિના પણ આવેલ છે. જેમ કે سُبحانہ ثم سبحا نایعودلہ، وقبلنا سبح الجودی والجمد.

અને એક શાઈર કહે છે : اقول لماجائنی فخرہ۔ اسبحان من علقمتہ الفاخر

પહેલા શેઅરમાં સુબ્હ઼ાનન્ તન્વીનની સાથે આવેલ છે. આ એની દલીલ છે કે એ મુન્સરિફ છે. અને બીજા શેઅરમાં તન્વીન વિના, એ એનો નિર્દેશ છે કે ગૈર મુન્સરિફ છે. ગૈર મુન્સરિફ માનવાની સ્થિતિમાં એ ઈલ્મે મસ્દર થશે. એટલા માટે કે એમાં અલિફ, નૂન ઝાઈદ તા નૂન તો છે પણ બીજો સબબ અલમિય્યત સિવાય અન્ય કોઈ શક્ય નથી. પહેલા શેઅરમાં તન્વીનની સાથે આવેલ છે એના ખુલાસામાં એ કહેવામાં આવ્યું કે શાઈરીની જરૂરતના કારણે તન્વીન આવી છે, જેમ કે : اعدذکر نعمان لنا ان ذکرہ۔ ھو المسك ما کر رتہ یتضوعٗ

એ જ પ્રમાણે કેટલાક લોકોએ એવું કહ્યું કે એ મુન્સરિફ છે અને બીજા શેઅરમાં તન્વીન વિના શઝૂઝના તરીક઼ાથી છે. હક઼્ક઼ શું છે અમે અગાઉ તેહક઼ીક઼ની સાથે વર્ણવી ચૂક્યા છે.

وزنِ اعمال અહલે સુન્નત વ જમાઅતની એના પર એકમતિ છે કે ક઼યામતના દિવસે ઈન્સાનોના અમલો તોલવામાં આવશે, પણ મોઅતઝલા ઈન્કાર કરે છે. તે કહે છે કે અમલો અઅ્રાઝ છે અને અઅરાઝને તોલવું શક્ય નથી. પ્રથમ એમાં કોઈ શક઼લ નથી કે તોલવામાં આવે. બીજુ અઅરાઝ ખુદ પોતાનું કોઈ વજૂદ નથી, એ જ્યારે જોવા મળે છે તો તેના સ્થાન પર જોવા મળે છે. સ્થળથી અલગ થઈને તેમને પામવું શક્ય નથી, પછી એ કેવી રીતે તોલવામાં આવશે. પછી એમાં બે ગિરોહ થયા, એક ગિરોહ એવું કહે છે કે એનું તોલવામાં આવવું અશક્ય છે. એક ગિરોહ કહે છે કે એને તોલવું શક્ય છે, પણ હક઼ીક઼તમાં એવું નહીં થાય. ત્રીજુ જો અમલોનું વજન હિસાબ કિતાબ પહેલાં થશે તો હિસાબ કિતાબ બેકાર છે. અને જો હિસાબ કિતાબ પછી થશે તો તોલવું બેકાર.

**મોઅતઝલાને રદિયો** : અહલે સુન્નત ફર્માવે છે કે અમલોનું વજન કુર્આન શરીફની સ્પષ્ટ આયતોથી સાબિત છે. (૧) ઈર્શાદ છે : وَنَضَعُ الۡمَوَا زِیۡنَ الۡقِسۡطَ لِیَوۡمَ الۡقِیٰمَۃِ "અને ક઼યામતના દિવસે અમે મીઝાને અદ્લ ક઼ાયમ કરીશું." *(અંબિયા-૪૭)* અને ફર્માવ્યું : وَالۡوَزۡنُ یَوۡمَئِذِ ان لحقُّ "અને આજના દિવસે વજન હક઼્ક઼ છે." *(અઅ્રાફ-૮)* અને ફર્માવ્યું : فَمَنۡ ثَقُلَتۡ مَوَازِیۡنُہٗ فَاُولٰٓئِکَ ھُمُ الۡمُفۡلِحُوۡنَ "જેનું પલ્લુ ભારે થશે તે જ કામયાબ છે." *(અઅ્રાફ-૮)* અને ફર્માવ્યું : فاما من ثَقُلَتۡ مَوَازِیۡنُہ فَھُوَ فی عیشۃ رَّاضِیَۃٍ "જેનું પલ્લુ ભારે થશે તો તે જ પસંદીદા જિંદગીમાં છે." *(અલ્ક઼ારિઅહ્-૯)* અને ફર્માવ્યું : وَمَنۡ خَفَّتۡ مَوَازِیۡنُہٗ فَاُولٰٓئِکَ الَّذِیۡنَ خَسِرُوۡٓا اَنۡفُسَھُمۡ "અને જે શખ્સનું પલ્લુ હલકુ હોય, આ જ તે લોકો છે જેમણે ખુદ પોતાનું નુકસાન કર્યું." *(અઅ્રાફ-૯, મુઅ્મિનૂન-૧૦૨)* આ આઠ આયતો છે. એ સૌથી સાબિત થાય છે કે ક઼યામતના દિવસે અમલો તોલવામાં આવશે. અને હદીષો આ પ્રકરણમાં એટલી અધિક્તર છે કે એ સૌને ગણવી મુશ્કેલ છે, એમનામાં જ ચર્ચા હેઠળની હદીષ પણ છે. એમાં ફર્માવવામાં આવ્યું : ثقیلتان فی المیزان "આ બંનેવ કલમા મીઝાનમાં ભારે છે." અને એના પર ઈજમાઅ છે કે નસો (આયતો) પોતાના જાહેરી અર્થ પર આધારિત થશે. વિના જરૂરતે જાહેરી અર્થથી વિમુખ થવું ઈલ્હાદ તથા ગુમરાહી છે. રહી ગયું એ કે તે એઅ્રાઝ છે તો કેવી રીતે તોલવામાં આવશે ?! એના અનુસંધાનમાં અહલે સુન્નત ફર્માવે છે કે અલ્લાહ તઆલા એના પર ક઼ાદિર છે કે અઅ્રાઝને તેના સ્થળેથી અલગ કરીને હાજર કરી આપે અને તેમનામાં વજન પેદા કરી આપે. અથવા પછી એવું કહીશું કે આમાલનું વજન હક઼્ક઼ એ છે કે તેમના આમાલનામાના તે દફતર તોલવામાં આવશે જેને કિરામન કાતિબીને લખ્યાં.

## ★ અલ્લાહના ઝિક્રની ફઝીલત ★

ઈમામ અહમદ પોતાની મુસ્નદમાં, તિર્મિઝી પોતાની જામેઅમાં, ઈબ્ને માજહ પોતાની સુનનમાં, ઈબ્ને હ઼બ્બાને પોતાની સહીહ઼માં, હ઼ાકિમે મુસ્તદરકમાં, બયહક઼ીએ પોતાની દલાઈલમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે અલા રૂઊસિલ્ ખલ્ક઼ (સર્વ મખ્લૂક઼ સામે) એક શખ્સને અલગ ઉભો કરશે અને તેનાં ૯૯ દફતરો ફેલાવશે. દરેક દફતર નજરની હદ સુધી લાંબુ હશે. પછી અલ્લાહ તઆલા તે શખ્સને ફર્માવશે, શું આમાંથી કોઈ ચીજનો ઈન્કાર કરે છે ? શું મારા કાતિબીને તમારા પર કોઈ જુલ્મ કર્યો છે ? તે અર્ઝ કરશે, નહીં ! હે પરવરદિગાર ! ત્યારબાદ અલ્લાહ તઆલા ફર્માવશે, તારી એક નેકી અમારી સમક્ષ છે, અને તારા પર જુલ્મ નથી. ત્યાર બાદ અલ્લાહ તઆલા એક કાગળનો ટુકડો કાઢશે જેમાં લખ્યું હશે :– اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ۔ ફર્માવશે, મીઝાન પર જા ! તે કહેશે, હે પરવરદિગાર ! આ દફતરોની સરખામણીમાં આ કાગળનો ટુકડો શું હેસિયત ધરાવે છે ! તો અલ્લાહ તઆલા ફર્માવશે, તારા પર જુલ્મ નહીં કરવામાં આવે. તે સર્વ દફતરો એક પલ્લામાં રાખવામાં આવશે અને તે કાગળનો ટુકડો એક પલ્લામાં. સર્વ દફતરો હલકાં થઈ જશે અને એ કાગળ નો ટુકડો ભારે થઈ જશે. અલ્લાહના નામની સરખામણીમાં કોઈ નથી આવી શકતું. *(ઈર્શાદુસ્સારી, ૧/૪૮૦, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૧૨, ૨૨૨, તિર્મિઝી, ૨/૯૨, બાબુ ઈમાન, ઈબ્ને માજહ–ઝુહદ, પેજ : ૩૨૮)*

હિસાબ તથા કિતાબ અને અમલોના વજનનો હેતુ મખ્લૂક઼ પર હુજ્જત (દલીલ) પૂરી કરવાનો છે. એટલા માટે જો હિસાબ તથા કિતાબ ન પણ થાત અને અલ્લાહ عزوجل પોતાના ઈલ્મના પ્રમાણે જઝા વ સજા આપી દેત તો પણ કોઈ વાંધો ન હતો. પરંતુ અલ્લાહ عزوجل એ જે હિકમત પ્રમાણે હિસાબ તથા કિતાબ રાખ્યો એ હિકમતના અધિક સમર્થન માટે અમલોનું વજન રાખ્યું. એમાં હિકમત એ છે કે જે હિસાબ થયો છે એમાં ન કોઈ જુલ્મ થયો છે ન ગલતી થઈ છે.

**મીઝાનની કૈફિયત** : ક઼યામતના દિવસે આ મીઝાન અર્શની પાસે ક઼ાયમ કરવામાં આવશે. નેકીઓનું પલ્લુ અર્શની જમણી બાજુ હશે, જન્નતની સામે. અને ગુનાહોનું પલ્લુ અર્શની ડાબી બાજુ હશે, જહન્નમની સામે. જેમ કે ઈમામ હકીમ તિર્મિઝીએ નવાદિરુલ ઉસૂલમાં અને ઈમામ અબુલ ક઼ાસિમ લાલકાઈએ પોતાની મુસ્નદમાં વર્ણન કરેલ છે.

હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી મૌક઼ૂફન મરવી છે કે સાહિબે મીઝાન જિબ્રઈલ علیہ السلام હશે. અને બયહક઼ીમાં હઝરત અનસ رضی اللہ عنہ થી મરફુઅન્ મરવી છે કે હઝરત મલકુલ મૌત હશે.

તિબ્રાનીએ જામિઉસ્સગીરમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે હઝરત આદમથી ફર્માવશે, હે આદમ ! મેં તમને મારા અને તમારી ઔલાદના દરમ્યાન હકમ બનાવી આપ્યા છે, મીઝાનની પાસે ઉભા થઈ જાવ અને જુઓ **જેની નેકી બુરાઈઓથી રજ માત્ર પણ વધારે હોય તેના માટે જન્નત છે.**

ઈમામ હાકિમ હઝરત સલ્માન رضی اللہ عنہ થી મરફુઅન રિવાયત કરે છે કે મીઝાનનાં પલ્લાં એટલાં મોટાં છે કે જો એમાં સર્વ આસ્માન તથા જમીન રાખી દેવામાં આવે તે સૌ સમાય જાય.

મશ્હૂર એ છે કે જે મીઝાનનું પલ્લુ ભારે થશે તે ઉપર ઉઠી જશે અને જે હલકુ થશે તે નીચે ઝુકી જશે,

દુનિયાના ત્રાજવાથી ઉલ્ટુ થશે. અલ્લામા ઝરકશીએ અમુક ઉલમાથી એને નક્લ પણ કર્યું. તેમણે દલીલમાં આ આયત પેશ કરી : اِلَیۡہِ یَصۡعَدُ الۡکَلِمُ الطَّیِّبُ "એની જ તરફ પાક કલમા બુલંદ થાય છે." પરંતુ અલ્લામા અહમદ ખતીબે ફર્માવ્યું કે એ અલ્લાહ તઆલાના આ ઈર્શાદથી વિરુદ્ધ છે કે ફર્માવ્યું : فَاَمَّا مَنۡ ثَقُلَتۡ مَوَازِیۡنُہٗ અને આયતે કરીમા اِلَیۡہِ یَصۡعَدُ الۡکَلِمُ الطَّیِّبُથી મુરાદ મક્બૂલ થવું છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**★ વિના હિસાબે જન્નતમાં ! વિના હિસાબે દોઝખમાં ! ★**

કિતાબુત્તૌહીદમાં ઈમામ બુખારીએ આ હદીષ પર જે પ્રકરણ રચ્યું છે તે આ છે : اِنَّ اَعۡمَالَ بَنِی اٰدَمَ وَقَوۡلَهُمۡ یُوۡزَنُ એનાથી જાહેરી રીતે એ સમજમાં આવે છે કે દરેક માણસના અમલો તથા કથનો તોલવામાં આવશે. જ્યારે કે એવું નથી. માણસોના ત્રણ પ્રકાર હશે. પ્રથમ : અમુક લોકો હિસાબ કિતાબ વિના જન્નતમાં જશે. જેમ કે બુખારી તથા મુસ્લિમ વગેરેમાં હદીષ છે કે **પ્રથમ ગિરોહ જે જન્નતમાં દાખલ થશે, જેમની સંખ્યા ૭૦ હજાર હશે, તેમના ચહેરા ચૌદમીના ચાંદની જેમ ચમકતા હશે.** (અલ્હદીષ) **બીજા : તે લોકો હશે જેઓ વિના હિસાબ કિતાબે દોઝખમાં જશે. જેમ કે કાફિરો.** બુખારીમાં છે કે ક્યામતના દિવસે એક મોટો જાડો શખ્સ લાવવામાં આવશે જેની હૈસિયત અલ્લાહ તઆલાની નજીક પિસ્સુ (ચાંચડ)ની પાંખના બરાબર પણ નથી. ચાહો તો તમે લોકો પઢો (અલ્લાહ તઆલાએ ફર્માવ્યું) અમે એના માટે ક્યામતના દિવસે મીઝાન ઉભી નહીં કરીએ. ત્રીજો પ્રકાર : એ લોકો છે જે મો'મિન છે, અને નેકીઓની સાથે બુરાઈઓ પણ કરી છે અને જેમને પ્રથમ ગિરોહમાં શફાઅત નસીબ ન થશે તેમનો હિસાબ કિતાબ પણ થશે, તેમના અમલો તોલવામાં પણ આવશે.

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના ઝિક્રની ફઝીલત"** –*(૯૪૮)*

باب فضل ذکر اللہ (عز وجل) تعالیٰ ص ۹۴۸

حدیث ۲۷۱۹

عَنۡ اَبِیۡ مُوۡسٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૧૯]**

تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ مَثَلُ الَّذِیۡ یَذۡکُرُ رَبَّہٗ وَالَّذِیۡ لَا یَذۡکُرُ مَثَلُ الۡحَیِّ وَالۡمَیِّتِ

*જે પોતાના પરવરદિગારનો ઝિક્ર કરે છે અને જે નથી કરતો એ બંનેવનું દષ્ટાંત ઝિંદા તથા મુર્દાનું છે."*

**★ અલ્લાહના કેટલાક ફરિશ્તા છે જેઓ ઝિક્ર કરનારાઓની શોધમાં રહે છે ★**

حدیث ۲۷۲۰

عَنۡ اَبِیۡ هُرَیۡرَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰہِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે* **[હદીષ : ૨૭૨૦]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ اِنَّ لِلّٰہِ مَلَائِکَةً یَطُوۡفُوۡنَ فِی الطُّرُقِ یَلۡتَمِسُوۡنَ

*અલ્લાહ તઆલાના કેટલાક ફરિશ્તા છે જેઓ રસ્તાઓમાં ઝિક્ર કરવાવાળાઓની તલાશમાં ફરતા રહે છે.*

أَهْلَ الذِّكْرِ فَإِذَا وَجَدُوْا قَوْمًا يَذْكُرُوْنَ اللّٰهَ تَنَادَوْا هَلُمُّوْا إِلٰى حَاجَتِكُمْ

જ્યારે કેટલાક લોકોને અલ્લાહનો ઝિક્ર કરતા જુએ છે તો બીજા ફરિશ્તાઓને અવાજ આપે છે. આવો !

فَيَحُفُّوْنَهُمْ بِأَجْنِحَتِهِمْ إِلَى السَّمَاءِ الدُّنْيَا قَالَ فَيَسْأَلُهُمْ رَبُّهُمْ وَهُوَ أَعْلَمُ

આપણી હાજતની તરફ ! પછી ફરિશ્તાઓ ઝિક્ર કરવાવાળાઓને પોતાની પાંખો વડે ઢાંકી લે છે આસ્માની

مِنْهُمْ مَا يَقُوْلُ عِبَادِيْ قَالَ تَقُوْلُ يُسَبِّحُوْنَكَ وَيُكَبِّرُوْنَكَ وَيَحْمَدُوْنَكَ

દુનિયા સુધી. (પછી તેઓ અલ્લાહ તઆલાની બારગાહમાં હાજર થાય છે) તો તેમનો રબ ફરિશ્તાઓને પૂછે

وَيُمَجِّدُوْنَكَ قَالَ فَيَقُوْلُ هَلْ رَأَوْنِيْ قَالَ فَيَقُوْلُوْنَ لَا وَاللّٰهِ مَا رَأَوْكَ قَالَ

છે, જ્યારે કે ફરિશ્તાઓ કરતાં અધિક જાણે છે, મારા બંદાઓ શું કહેતા હતા ? ફરિશ્તાઓ અર્ઝ કરશે, તારી

فَيَقُوْلُ كَيْفَ لَوْ رَأَوْنِيْ قَالَ يَقُوْلُوْنَ لَوْ رَأَوْكَ كَانُوْا أَشَدَّ لَكَ عِبَادَةً

તસ્બીહ કરતા હતા, અને તારી તકબીર કરતા હતા, અને તારી હમ્દ (પ્રશંસા) કરતા હતા, અને તારી બુઝુર્ગી

وَأَشَدَّ لَكَ تَمْجِيْدًا وَأَكْثَرَ لَكَ تَسْبِيْحًا قَالَ يَقُوْلُ فَمَا يَسْأَلُوْنَ

વર્ણન કરતા હતા. અલ્લાહ તઆલા પૂછશે, શું એ બંદાઓએ મને જોયો છે ? તો અર્ઝ કરશે, નહીં ! બખુદા !

قَالَ يَسْأَلُوْنَكَ الْجَنَّةَ قَالَ يَقُوْلُ وَهَلْ رَأَوْهَا قَالَ يَقُوْلُوْنَ لَا

તેમણે તને નથી જોયો. ફર્માવ્યું, એમનો શો હાલ થશે જો તેઓ મને જોઈ લેશે ? ફરિશ્તા અર્ઝ કરશે, જો તેઓ

وَاللّٰهِ يَا رَبِّ مَا رَأَوْهَا قَالَ يَقُوْلُ فَكَيْفَ لَوْ أَنَّهُمْ رَأَوْهَا قَالَ

તને જોઈ લેશે એથી અધિક તારી ઈબાદત કરશે. અને તારી બુઝુર્ગી વર્ણન કરશે અને તારી તસ્બીહ બયાન

يَقُوْلُوْنَ لَوْ أَنَّهُمْ رَأَوْهَا كَانُوْا أَشَدَّ عَلَيْهَا حِرْصًا وَأَشَدَّ لَهَا طَلَبًا

કરશે. હવે અલ્લાહ તઆલા પૂછશે, શું માગતા હતા ? ફરિશ્તા કહેશે, તારાથી જન્નત માગતા હતા. અલ્લાહ

وَأَعْظَمَ فِيْهَا رَغْبَةً قَالَ فَمِمَّ يَتَعَوَّذُوْنَ قَالَ يَقُوْلُوْنَ مِنَ النَّارِ قَالَ

પૂછશે, શું તેમણે જન્નત જોઈ છે ? ફરિશ્તા અર્ઝ કરશે, વલ્લાહ ! હે પરવરદિગાર ! તેમણે જન્નતને નથી

يَقُوْلُ وَهَلْ رَأَوْهَا قَالَ يَقُوْلُوْنَ لَا وَاللّٰهِ يَا رَبِّ مَا رَأَوْهَا قَالَ يَقُوْلُ

જોઈ. અલ્લાહ તઆલા ફર્માવશે, જો તે લોકો જન્નતને જોઈ લે તો શું હાલ થશે ? ફરિશ્તા અર્ઝ કરશે, જો તેઓ

فَكَيْفَ لَوْ رَاَوْهَا قَالَ فَيَقُوْلُوْنَ لَوْ رَاَوْهَا كَانُوْا اَشَدَّ مِنْهَا فِرَارًا وَاَشَدَّ

*જન્નતને જોઈ લે તો જન્નતનો તેમનો શોખ ઔર વધી જશે અને તેની તલબ વધુ થઈ જશે અને તેનું આકર્ષણ*

لَهَا مَخَافَةً قَالَ فَيَقُوْلُ فَاِنِّيْ اُشْهِدُكُمْ اِنِّيْ قَدْ غَفَرْتُ لَهُمْ قَالَ

*વધી જશે. અલ્લાહ તઆલા ફર્માવશે, અને કઈ ચીજથી પનાહ માગતા હતા. ફરિશ્તા અર્ઝ કરશે, દોઝખથી.*

يَقُوْلُ مَلَكٌ مِنَ الْمَلٰئِكَةِ فِيْهِمْ فُلَانٌ لَيْسَ مِنْهُمْ اِنَّمَا جَاءَ لِحَاجَتِهٖ

*અલ્લાહ તઆલા પૂછશે, શું તેમણે દોઝખને જોઈ છે ? ફરિશ્તા અર્ઝ કરશે, વલ્લાહ ! હે પરવરદિગાર ! તેમણે*

قَالَ هُمُ الْجُلَسَاءُ لَا يَشْقٰى جَلِيْسُهُمْ ع ه

*દોઝખને નથી જોયી. અલ્લાહ તઆલા ફર્માવશે, જો તે લોકો દોઝખને જો લે તો તેમનો શો હાલ થશે ?*

*ફરિશ્તા અર્ઝ કરશે, જો તે લોકો દોઝખ જોઈ લે તો એનાથી ઔર વધુ ભાગશે અને એનાથી અધિક વધુ ડરશે.*

*પછી **અલ્લાહ તઆલા ફર્માવશે, હે ફરિશ્તાઓ ! હું તમને ગવાહ બનાવું છું, મેં તેઓને બખ્શી દીધા.** તે ફરિશ્તાઓમાંથી એક ફરિશ્તો કહેશે, હે રબ ! એમાં એક શખ્સ હતો જે એમનામાંથી ન હતો, પોતાના કોઈ કામના માટે આવ્યો હતો. અલ્લાહ તઆલા ફર્માવશે, એ આપસમાં બેસવાવાળા એવા છે કે **એમની પાસે બેસવાવાળો પણ મેહરૂમ નથી રહેતો.**''*

*(મુસ્લિમ, ભાગ : ૨, ફઝલુલ મજાલિસિઝ્ઝિક્ર, તિર્મિઝી–દઅવાત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૫૨, ૨૫૯, ૩૮૨)*

## હદીષ : ૨૭૨૦ની સમજૂતી

મુસ્લિમની રિવાયતમાં આ છે : ملائكةٌ سَيّارة فُضُلًا અલ્લાહ તઆલાના કેટલાક ફરિશ્તાઓ છે જેઓ સૈર કરે છે જેઓ ફાઝિલ છે, એટલે જે ફરિશ્તાઓ વિવિધ ખિદમતો પર નિયુક્ત છે એનાથી એઓ ફાઝિલ છે. એટલે કે એમના માથે અન્ય કોઈ ખિદમત સુપ્રત નથી, કેવળ એક આ જ ખિદમત એમના જિમ્મે છે.

قوله اهل الذكر એ દરેક ઝિક્રે ખૈરને સમાવે છે, દા.ત. નમાઝ, તિલાવત, હદીષની તા'લીમ, દીની ઈલ્મોની તદરીસ, મુનાઝરો, વઅઝની મજલિસ વગેરે.

هَلُمُّوا બહુવચનની સાથે એ બની તમીમની લુગત પર છે, કેમ કે તે એકવચનના માટે એકવચન અને બહુવચનને માટે બહુવચનનો ઉપયોગ કરે છે. અને હિજાઝવાસીઓ એકવચન બહુવચન هَلُمَّ એક વચનનો સેગો વાપરે છે.

قوله فيسأ لهم એની દલીલ છે કે **સવાલ હમેશાં અજાણતાના કારણે નથી થતો, બલ્કે કદી કદી અમુક મસ્લેહતોની બિના પર સવાલ થાય છે.** અહીં સવાલનો ફાયદો એ છે કે **અલ્લાહ તઆલાને જેવી રીતે પોતાનો ઝિક્ર પસંદ છે એવી રીતે ઝિક્ર કરવાવાળા પણ મહબૂબ છે. અને તેમની ચર્ચા પણ મહબૂબ છે.**

| | |
|---|---|
| **પ્રકરણ : "અલ્લાહ તઆલાનાં એક કમ સો નામ છે" –(૯૪૯)** | **باب لله تعالىٰ مائة اسم غير واحد ۹۴۹** |

**۲۷۲۱ حدیث** عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ لِلّٰهِ تِسْعَةٌ وَّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, **અલ્લાહ તઆલાનાં** **[હદીષ : ૨૭૨૧]**

تِسْعِیْنَ اِسْمًا مِائَةٌ اِلَّا وَاحِدٌ لَا یَحْفَظُهَا اَحَدٌ اِلَّا دَخَلَ الْجَنَّةَ وَهُوَ

**૯૯ નામો છે, એક કમ સો. જે પણ એને યાદ કરી લેશે જન્નતમાં દાખલ થશે.**

وِتْرٌ یُحِبُّ الْوِتْرَ قَالَ اَبُوْعَبْدِ اللّٰهِ مَنْ اَحْصَاهَا مَنْ حَفِظَهَا۔

*અલ્લાહ વિત્ર છે અને વિત્રને પસંદ કરે છે. ઈમામ બુખારીએ ફર્માવ્યું, اَحصَاهَا નો અર્થ حَفِظَهَا છે."*

## હદીષ : ૨૭૨૧ની સમજૂતી

આ હદીષ શુરૂતમાં વર્ણન થઈ ચૂકી છે, ત્યાં જ અમે એના પર વિગતે ચર્ચા કરી લીધી છે. અહીં કેમ કે من احصاها અને શુરૂતમાં છે : لا یحفظها احد અહીં રિવાયતમાં وَهُوَ وِتْرٌ یُحِبُّ الْوِتْرَ વધારે છે એટલા માટે એને લખ્યું. ઈમામ બુખારીએ ફાયદો એ કર્યો કે احصاها થી મુરાદ حفظها જ છે.

| | |
|---|---|
| **પ્રકરણ : "ક્રમે ક્રમે (આંતરે આંતરેથી) નસીહત કરવી." –(૯૪૯)** | **بَابُ الْمَوْعِظَةِ سَاعَةً بَعْدَ سَاعَةٍ ص۹۴۹** |

**۲۷۲۲ حدیث** حَدَّثَنِیْ شَقِیْقٌ قَالَ كُنَّا نَنْتَظِرُ عَبْدَ اللّٰهِ اِذْ جَاءَ یَزِیْدُ بْنُ

"શફીકે કહ્યું, અમે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદનો ઈંતેઝાર કરી રહ્યા હતા કે યઝીદ **[હદીષ : ૨૭૨૨]**

مُعَاوِیَةَ فَقُلْنَا اَلَا تَجْلِسُ قَالَ لَا وَلٰكِنْ اَدْخُلُ فَاُخْرِجُ اِلَیْكُمْ صَاحِبَكُمْ

*બિન મુઆવિયહ્ નખઈ આવ્યા. ક઼ૌમે કહ્યું, આપ બેસશો નહીં ? તો તેમણે કહ્યું, નહીં ! હું અંદર જઈ રહ્યો છું*

وَاِلَّا جِئْتُ اَنَا فَجَلَسْتُ فَخَرَجَ عَبْدُ اللّٰهِ وَهُوَ اٰخِذٌ بِیَدِهٖ فَقَامَ عَلَیْنَا

*જેથી તમારા સાહબને બહાર લાવું, અને જો તે બહાર આવવા પર રાજી ન થયા તો હું એકલો આવીશ અને*

فَقَالَ اَمَا اِنِّیْ اُخْبَرُ بِمَكَانِكُمْ وَلٰكِنَّهٗ یَمْنَعُنِیْ مِنَ الْخُرُوْجِ اِلَیْكُمْ اِنَّ

*બેસીશ. પછી અબ્દુલ્લાહ નીકળ્યા અને તેમણે યઝીદનો હાથ પકડેલો હતો. પછી અમારી સામે ઉભા થયા*

رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ كَانَ یَتَخَوَّلُنَا بِالْمَوْعِظَةِ فِی الْاَیَّامِ

*અને ફર્માવ્યું, મને તમારી હાજરીની ખબર આપવામાં આવી, પરંતુ મને તમારી પાસે આવવાથી રસૂલુલ્લાહ*

*ﷺના એ અમલે રોકી રાખ્યો હતો કે રસૂલુલ્લાહ ﷺ ગેપ રાખીને વઅઝ કરતા હતા, એ અંદેશાથી કે ક્યાંક અમે ઉકતાઈ ન જઈએ."*

## હદીષ : ૨૭૨૨ની સમજૂતી

આ હદીષનો આખરી હિસ્સો કિતાબુલ ઈલ્મમાં વર્ણન થઈ ચૂક્યો છે પણ પ્રારંભિક હિસ્સો ત્યાં ન હતો એટલા માટે અમે બીજીવાર લખ્યો. આ હદીષમાં યઝીદ બિન મુઆવિયહથી મુરાદ યઝીદ પલીદ નથી, યઝીદ નખઈ છે જે મજબૂત અક઼ીદાવાળા તાબઈ મુસલમાન અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہના ખાસ શાગિર્દ હતા. યઝીદ પલીદનું અહીં મુરાદ હોવું એ રીતે બાતિલ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનો વિસાલ હિ.સ. ૩૨માં થઈ ચૂક્યો હતો તે વખતે યઝીદ પલીદ ઘણો જ નાનો બાળક હતો. એટલા માટે કે યઝીદનો જન્મ હિ.સ. ૨૫માં છે. **આ હદીષથી એ વાઈઝીને હિદાયત હાસિલ કરવી જોઈએ જેઓ એ મેહસૂસ કરવા છતાં કે શ્રોતાજનો થાકી ચૂક્યા છે, કંટાળી ચૂક્યા છે પણ છતાં તક઼રીર ખત્મ કરવાનું નામ નથી લેતા.**

**અલ્હમ્દુલિલ્લાહ ! ભાગ : ૮નો તર્જુમો ગુજરાતીમાં સંપૂર્ણ થઈ ગયો.**

**તા. ૨૨-૦૬-૨૦૧૬, બુધવાર, ઈશા બાદ, ૨૩-રમઝાન, હિ.સ. ૧૪૩૭**

## યા ઈલાહી ! રહમ ફર્મા મુસ્તફા કે વાસ્તે !

યા ઈલાહી રહ્‌મ ફર્મા મુસ્તફા કે વાસ્તે યા રસૂલલ્લાહ ! કરમ કિજીએ ખુદા કે વાસ્તે

મુશ્કિલેં હલ કર શહે મુશ્કિલ કુશા કે વાસ્તે કર બલાએં રદ શહીદે કરબલા કે વાસ્તે

સય્યિદે સજ્જાદ કે સદ્‌કે મેં સાજિદ રખ મુઝે ઈલ્મે હક્ક્ દે બાકિરે ઈલ્મે હુદા કે વાસ્તે

સિદ્‌કે સાદિક્ કા તસદુક્ સાદિકુલ ઈસ્લામ કર બે ગઝબ રાઝી હો કાઝિમ ઔર રઝા કે વાસ્તે

બેહરે મઅરૂફો વ સરી મઅરૂફ દે બે ખૂદ સરી જુન્દે હકમેં ગિન જુનૈદે બાસફા કે વાસ્તે

બેહરે શિબ્લી શેરે હક્ક્ દુન્યા કે કુત્તોં સે બચા એક કા રખ અબ્દેવાહિદ બે રિયા કે વાસ્તે

બુલ–ફરહ કા સદ્‌કા કર ગમ કો ફરહ દે હુસ્નો સઅદ બુલ હસન ઔર બુસઈદે સઅદઝા કે વાસ્તે

કાદરી કર કાદરી રખ કાદરીયોં મેં ઉઠા કદરે અબ્દુલ કાદિરે કુદરતનુમા કે વાસ્તે

અહસનલ્લાહુ લહૂ રિઝકન સે દે રિઝકે હસન બન્દએ રઝ્ઝાક તાજુલ અસ્ફિયા કે વાસ્તે

નસ્ર અબીસાલેહ કા સદ્‌કા સાલેહો મન્સૂર રખ દે હયાતે દીં મોહિય્યે જાંફિઝા કે વાસ્તે

તૂરે ઈરફાં ઉલુવો હમ્દ હુસ્નો બહા દે અલી મૂસા હસન અહમદબહા કે વાસ્તે

બેહરે ઈબ્રાહીમ મુઝ પર નારે ગ઼મ ગુલઝાર કર ભીક દે દાતા ભીકારી બાદશાહ કે વાસ્તે

ખાનએ દિલ કો ઝિયા દે રૂએ ઈમાં કો જમાલ શહે ઝિયા મૌલા જમાલુલ ઔલિયા કે વાસ્તે

દે મુહમ્મદ કે લિએ રોઝી કર અહમદ કે લિએ ખ્વાને ફઝલુલ્લાહ સે હિસ્સા ગદા કે વાસ્તે

દીનો દુન્યા કી મુઝે બરકાત દે બરકાત સે ઈશ્કે હક્ક્ દે ઈશ્કીએ ઈશ્ક્ ઈન્તેમા કે વાસ્તે

હુબ્બે અહલે બૈત દે આલે મુહમ્મદ કે લિએ કર શહીદે ઈશ્કે હમ્ઝા પેશ્વા કે વાસ્તે

દિલ કો અચ્છા તન કો સુથરા જાન કો પૂરનૂર કર અચ્છે પ્યારે શમ્સે દીં બદરુલ ઉલા કે વાસ્તે

દો જહાં મેં ખાદિમે આલે રસૂલુલ્લાહ કર હઝરતે આલે રસૂલે મુકતદા કે વાસ્તે

નૂરે જાં વ નૂરે ઈમાં, નૂરે કબ્રો હશ્ર દે બુલ હુસૈને અહમદે નૂરી લિકા કે વાસ્તે

કર અતા અહમદ રઝા એ અહમદે મુરસલ મુઝે મેરે મૌલા હઝરતે અહમદ રઝા કે વાસ્તે

સાયએ જુમ્લા મશાઈખ યા ખુદા હમ પર રહે રહ્‌મ ફર્મા આલે રહમાં મુસ્તફા કે વાસ્તે

હમ કો અબ્દુલ મુસ્તફા કર બેહરે શૈખે મુસ્તફા મુફતીએ આ'ઝમ જનાબે મુસ્તફા કે વાસ્તે

યા ઈલાહી ! ગ઼ૌષે આ'ઝમ કે ગુલામોં મેં કુબૂલ હમ શબીહે ગ઼ૌષે આ'ઝમ કે વાસ્તે

મેરે મૌલા દીને હક્ક્ પર ઈસ્તિકામત કર અતા મુફતીએ આ'ઝમ જનાબે મુસ્તફા કે વાસ્તે

સદ્‌કા ઈન અઅ્યાં કા દે છે અયન ઈઝ ઈલ્મો અમલ અફવો ઈર્ફાં આફિયત ઈસ બેનવા કે વાસ્તે

# લાખોં સલામ

અઝ : આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત
**ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી** رضی اللہ عنہ

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમએ બઝ્મે હિદાયત પે લાખોં સલામ

મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ
ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ

શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ

ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ
ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ

જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં
ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ

દૂરો નઝદીક કે સુનને વાલે વો કાન
કાને લાલે કરામત પે લાખોં સલામ

શબે અસ્રા કે દુલ્હા પે દાયમ દુરૂદ
નૌશએ બઝ્મે જન્નત પે લાખોં સલામ

મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ

હમ ગ઼રીબોં કે આક઼ા પે બેહદ દુરૂદ
હમ ફકીરોંકી સરવત પે લાખોં સલામ

જિસકે માથે શફાઅતકા સહરા રહા
ઉસ જબીને સઆદત પે લાખોં સલામ

જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅ્ત પે લાખોં સલામ

જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી
ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ

જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ

ઉન્કે મૌલાકી ઉન પર કરોળોં દુરૂદ
ઉન્કે અસ્હાબો ઈતરતપે લાખોં સલામ

પારહાએ સહ્ફ ગુન્ચહાએ કુદ્સ
અહ્લે બયતે નબુવ્વતપે લાખોં સલામ

આબે તત્હીરસે જિસમેં પૌદે જમે
ઉસ રિયાઝે નજાબતપે લાખોં સલામ

ખૂને ખૈરુર્રોસુલસે હૈ જિનકા ખમીર
ઉન્કી બેલૌષ તીનતપે લાખોં સલામ

ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા
હજલહ્ આરાએ ઈફ્ફતપે લાખોં સલામ

જિસ્કા આંચલ ન દેખા મહો મહરને
ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ

સૈયદા ઝાહિરા તૈયબા તાહિરા
જાને અહ્મદ કી રાહતપે લાખોં સલામ

હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા
રાકિબે દોશે ઈઝ્ઝતપે લાખોં સલામ

શહદખ્વારે લુઆબે ઝબાને નબી
ચાશનીગીર ઈસ્મતપે લાખોં સલામ

ઉસ શહીદે બલા શાહ ગુલગૂં કબા
બેકસ દસ્તે ગુર્બતપે લાખોં સલામ

દુર્રે દર્જે નજફ મહરે બુર્જે શરફ
રંગ રૂએ શહાદતપે લાખોં સલામ

કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ

મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં **'રઝા'**
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની કિતાબોની યાદી

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email : anjuman2006@hotmail.com

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| જા અલ્ હક્ક *(ભાગ : ૧ થી ૩)* | ૮૦ |
| શાને હબીબુર્રહમાન (અલ્લાહના હબીબની શાન) | ૧૧૦ |
| સ્વપ્નની તાબીર | ૮૦ |
| માહે રમઝાન કૈસે ગુઝારે ? | ૫૦ |
| મૌત તથા કબ્રના હાલાત (શરહુસ્સુદૂર) | ૧૦૦ |
| બુઝુર્ગોના અકીદા | ૧૨૫ |
| **શરહે બુખારી શરીફ** (ભાગ : ૧ થી ૭ ) | ૧૭૦૦ |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૧૦ એક સેટના) | ૪૫૦ |
| ફિકહી પહેલિયાં *(અટપટા દીની સવાલો)* | ૫૦ |
| નમાઝનું મહત્વ અને જરૂરી મસાઈલ | ૨૦ |
| ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગ્રુપના.....દૃષ્ટિએ | ૨૫ |
| સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | ૨૫૦ |
| શીશ મહેલ(મૌદૂદીની રદમાં) | ૫૦ |
| ઝલ્ઝલા (અર્શદુલ કાદરી) | ૫૦ |
| તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં (અર્શદુલ કાદરી) | ૧૦૦ |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦ |
| **મામૂલાતે હરમૈન** / હજ્જ કેવી રીતે કરશો ? / હજ્જ શા માટે કરશો ? / આદાબે મદીના | ૧૦૦ |
| હજ્જ તથા ઝિયારતના મસાઈલ | ૨૫ |
| સુન્નિયતને ઉધઈની જેમ કોતરી રહેલ પરિબળો... | ૦૫ |
| અન્વારુલ હદીષ | ૧૦૦ |
| અહલે સુન્નતના હક્કનો ચમકાર | ૧૦ |
| સજદએ સહ્વના મસાઈલ | ૩૦ |
| તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં | ૨૫ |
| નિકાહ તથા તલાક વિશે | ૩૦ |
| સ્ત્રી અધિકારનો રક્ષક : ઈસ્લામ | ૫૦ |
| વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ | ૪૦ |
| ઈસ્લામની સચ્ચાઈને ઓળખો | ૦૫ |
| સૂફીઈઝમની હકીકત અને તેના પર વાંધા અને જવાબો | ૧૦ |

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| ૭૩માં એક કોણ ? | ૦૫ |
| મસ્જિદોને તમારાં ઘર બનાવી લો ! | ૦૫ |
| અનીસુલ અરવાહ | ૧૦ |
| દલીલુલ આરિફીન | ૧૦ |
| ફવાઈદુસ્સાલિકીન | ૧૦ |
| સ્ત્રીની ઈજ્જતનો જામિન : ઈસ્લામી પર્દો | ૧૦ |
| મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ ? | ૧૦ |
| મોબાઈલની ખબરોથી શરઈ ઈસ્તેફાદા | ૧૦ |
| વહાબી પાછળ નમાઝ ક્યાંય થશે નહીં | ૦૫ |
| રહનુમાએ હક્ક | ૧૦૦ |
| દા'વતે હક્ક | ૫૦ |
| ફયઝાને નિય્યત | ૨૦ |
| મહબ્બતે રસૂલ ﷺનું મહત્વ, સબબો, દષ્ટાંતો.. | ૧૦ |
| મોબાઈલ તથા ઈન્ટરનેટના લાભાલાભ | ૧૦ |
| પયગામાતે નૂરી | ૨૦ |
| મુકાશફતુલ કુલૂબ | ૨૬૦ |
| ગલતફહમી તથા તેની સુધારણા | ૬૦ |
| ઝલઝલા | ૭૦ |
| બરકાતે શરીઅત–ઉર્દૂ, હિન્દી *(મુકમ્મલ)* | ૨૦૦/૨૦૦ |
| **બરકાતે શરીઅત (ગુજરાતી)** | ૩૦૦ |
| ઈસ્લામિયાત–ઉર્દૂ, ગુજરાતી (ભાગ–૧, ૨) | ૧૨૦ |
| બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ (ઉર્દૂ અને હિન્દી) ૨૦૦/૨૦૦ | |
| કાનૂને શરીઅત *(ભાગ–૧, ભાગ–૨)* | ૨૦૦ |
| તોહફાએ નિકાહ | ૪૦ |
| **કન્ઝુલ ઈમાન** (કુર્આન શરીફનો ગુજરાતી તર્જુમો) | ૪૨૫ |
| **અલફી કુર્આન** –કન્ઝુલ ઈમાન(ઉર્દૂ) | ૧૦૦૦ |
| નિકાહ રજીસ્ટર *(ફોર કલરમાંઉ કોપીમાં)* | ૩૦૦ |
| ગૌષિયહ્ તકવીમ *(ફોર કલર લેમિનેટેડ કેલેન્ડર ટાઈપ)* | ૩૦૦ |
| ગૌષિયહ્ તકવીમ *(નમાઝનું ટાઈમ ટેબલ, આર્ટ પેપર પર)* | ૨૫ |

**નોંધ : રૂા. ૫૦૦/– મેમ્બર ફી ભરી વર્ષભર અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા થકી પ્રકાશિત થતી કિતાબો મફત મેળવો !**

નોંધ : કિંમતના રૂા. ૧૦૦ પર ૧૫ રૂા. ટપાલ ખર્ચ મોકલવો

## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા


**GRWB/059/Bharuch/02** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ.
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email ID : **anjuman2006@hotmail.com**


વરસોથી સુન્ની સાહિત્ય ક્ષેત્રે મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅતની અજોડ ખિદમત આપતી આપની આ પ્યારી સંસ્થાએ નાની મોટી કુલ **૩૩૨** કિતાબો ગુજરાતી વાંચકોને વિશ્વભરમાં મોટા ભાગે **મફત** પહોંચાડી છે અને સમયની માંગને અનુરૂપ સચોટ સાહિત્ય કુર્આન, હદીષ, અકવાલથી ભરપૂર દલીલ સભર સાહિત્ય અક઼ીદાની મજબૂતી તથા અમલી ઈસ્લાહ માટે પ્રકાશિત કરવાનું કામ અવિરત ચાલુ છે. અસંખ્ય સુન્નીઓ તેનાથી લાભ મેળવે છે.

- ★ **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાયવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.
- ★ **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો
- ★ આપની **ઝકાત, સદક઼ા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.
- ★ **ચારસો (રૂા. ૫૦૦/–) "વાર્ષિક મેમ્બર"** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.
- ★ કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.
- ★ **ખાસ તો કિતાબો વાંચીને–વંચાવીને તેના** પર **અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

## બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા


C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. **દયાદરા**–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત (ઈન્ડિયા) મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


અલ્હમ્દુલિલ્લાહ ! અહલે સુન્નત વ જમાઅત યા'ને **'મસ્લકે આ'લા હઝરત'**નું આ અજોડ માસિક આઠમા વર્ષમાં પ્રવેશ પામવા તૈયારી કરી રહ્યું છે. પાંચ વરસની કારકિર્દીમાં આ માસિકે અજોડ લોકચાહના મેળવી છે.

**બરકાતે ખ્વાજા માસિક** અટલે...........:–

- ★ અહલે સુન્નત વ જમાઅતનું અનોખુ માસિક !
- ★ મસ્લકે આ'લા હઝરતનું પ્રચારક માસિક !
- ★ ડંકાની ચોટ પર એલાને હક્ક઼ કરતું માસિક !
- ★ ઈસ્લામ તથા સુન્નિયત વિરુધ્ધ ઉઠતા વિરોધ વંટોળનો જડબાતોડ જવાબ આપતુ માસિક !
- ★ સુન્નીઓના આ પ્યારા માસિકના ગ્રાહક બનો તથા બનાવો !

**● લવાજમ ●**

| | |
|---|---|
| **છુટક નકલ** | **રૂા. ૨૦/–** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૨૦૦/–** |
| **વિદેશ માટે** | **રૂા. ૧૫૦૦/–** |
| **પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) ઈન્ડિયા** | **રૂા. ૨૨૦૦/–** |
| **આજીવન (૨૫ વર્ષ માટે) ઈન્ડિયા** | **રૂા. ૫૦૦૦/–** |
| **વિદેશ માટે પેટ્રન** | **રૂા. ૧૨૦૦૦/–** |
| **વિદેશ માટે આજીવન** | **રૂા.૨૦,૦૦૦/–** |


**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦ તા. જિ. : ભરૂચ,
ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
**Email : anjuman2006@hotmail.com**


**www.barkatekhwaja.net**

**જાન્યુઆરી–૨૦૦૪**થી અત્યાર સુધીના **'બરકાતે ખ્વાજા' (માસિક)**ના અંકોમાં વિવિધ ઈલ્મી વાનગીઓની લિજ્જત માણો ! અને તમારા દીન ઈમાનને મજબૂતી બખ્શો ! નેક અમલોવાળા બનો !

**નોંધ :barkatekhwaja** એપ પ્લેસ્ટોરમાં જઈ ટાઈપ કરી ડાઉનલોડ કરો અને ઈલ્મી ખજાનો પામો.